યાકિનીમહત્તરાસૂનુ પૂર્વધરાસન્ન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

નવાંગીટીકાકારશ્રી આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

પંચાશક પ્રકરણ

શબ્દશઃ વિવેચન

ભાગ-૧

પંચાશક-૧, ૨

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

પંચાશક પ્રકરણ

શબ્દશઃ વિવેચન

પંચાશક-૧, ૨ ❖ ભાગ-૧

❋ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❋

યાકિનીમહત્તરાસૂનુ પૂર્વધરાસન્ન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

નવાંગીટીકાકારશ્રી આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

❋ દિવ્યકૃપા ❋

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ

શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,

પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❋ આશીર્વાદદાતા ❋

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ

શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❋ વિવેચનકાર ❋

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલનકર્તા ❋

પંડિત શ્રી મયંકભાઈ રમણિકભાઈ શાહ

❋ પ્રકાશક ❋

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

પંચાશક પ્રકરણ ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૧ ✦ વિ. સં. ૨૦૭૧ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૨૫૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ચિ. રિદ્ધિ પ્રકાશભાઈ શાહ

પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

गीतार्थ गंगा

૧૮૪

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

Visit us online : gitarthganga.wordpress.com

* મુદ્રક *

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

અનુક્રમણિકા

ગાથા	વિષય	પાના નં.
	પ્રથમ શ્રાવકધર્મવિધિ પંચાશક	૧-૨૨૬
૧	શ્રાવકધર્મના કથનની પ્રતિજ્ઞા.	૧-૧૪
૨	શ્રાવક શબ્દનો અર્થ તથા ઉત્કૃષ્ટ શ્રાવકનું સ્વરૂપ.	૧૪-૨૧
૩	સમ્યક્ત્વનું લક્ષણ.	૨૧-૩૩
૪-૬	સમ્યક્ત્વ પ્રાપ્ત થવા છતાં વ્રતપ્રતિપત્તિમાં ભજના.	૩૩-૪૫
૭	શ્રાવકના મૂલવ્રતરૂપે પાંચ અણુવ્રતો, જ્યારે દિશાપરિમાણ આદિ ઉત્તરવ્રત.	૪૫-૪૮
૮	પહેલા સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતનું સ્વરૂપ તથા તેમાં વર્જન કરવા લાયક બે પ્રકારના વધનું સ્વરૂપ.	૪૮-૫૧
૯	સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત ગ્રહણ કરવાની વિધિનું સ્વરૂપ.	૫૧-૬૨
૧૦	સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતના પાંચ અતિચારોનું સ્વરૂપ, ક્યાં સુધી વ્રતમાં અતિચાર ગણાય અને ક્યારથી વ્રતભંગ ગણાય તેનો માપદંડ.	૬૨-૬૯
૧૧-૧૨	બીજા સ્થૂલમૃષાવાદવિરમણવ્રત, મૃષાવાદના પ્રકારો તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ.	૬૯-૭૯
૧૩-૧૪	ત્રીજા સ્થૂલઅદત્તાદાનવિરમણવ્રત તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ.	૮૦-૮૭
૧૫-૧૬	ચોથા સ્વદારાસંતોષ-પરદારાગમનવિરમણવ્રત અંતર્ગત પરદારાગમન-વિરમણવ્રત અને સ્વદારાસંતોષવ્રતનું સ્વરૂપ. મૈથુનના બે પ્રકારો : (૧) વૈક્રિય અને (૨) ઔદારિક. સ્વદારાસંતોષ-પરદારાગમનવિરમણ-વ્રતના પાંચ અતિચારોનું સ્વરૂપ.	૮૭-૯૯
૧૭-૧૮	પાંચમા ઇચ્છાપરિમાણવ્રત - સ્થૂલપરિગ્રહવિરમણવ્રતનું સ્વરૂપ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આધારે ગ્રહણ કરવા લાયક ઇચ્છાપરિમાણમાં તરતમતાનો સંભવ. ઇચ્છાપરિમાણવ્રતના પાંચ અતિચારોનું સ્વરૂપ. નવ પ્રકારના પરિગ્રહોના નામ.	૯૯-૧૦૭
૧૯-૨૦	છઠ્ઠા દિક્પરિમાણવ્રત તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ. ગુણવ્રતની વ્યાખ્યા.	૧૦૮-૧૧૩

ગાથા	વિષય	પાના નં.
૨૧-૨૨	સાતમા ભોગોપભોગવિરમણવ્રત તથા તેના ભોગને આશ્રયી પાંચ તથા કર્મ અર્થાત્ આજીવિકાને આશ્રયી પંદર અતિચારોનું સ્વરૂપ.	૧૧૩-૧૨૪
૨૩-૨૪	આઠમા અનર્થદંડવિરમણવ્રત તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ.	૧૨૪-૧૩૦
૨૫	નવમા સામાયિકવ્રતનું સ્વરૂપ. શિક્ષાવ્રતની વ્યાખ્યા. સામાયિકની વ્યુત્પત્તિ. સામાયિકમાં દ્રવ્યસ્તવ આત્મક જિનપૂજા આદિ ન કરાય તેની યુક્તિ. સામાયિક ગ્રહણ કરવા સંબંધી સામાચારી. ઋદ્ધિસંપન્ન અને ઋદ્ધિરહિત શ્રાવક માટે સામાયિક ગ્રહણ કરવા સંબંધી વિધિના તફાવતનું સ્વરૂપ.	૧૩૦-૧૩૮
૨૬	સામાયિકવ્રતના પાંચ અતિચારોનું સ્વરૂપ. મનોદુષ્પ્રણિધાન નામના અતિચારને ટાળવો બહુ દુષ્કર હોવાથી સામાયિક ગ્રહણ કરવાને બદલે અગ્રહણ જ શ્રેયસ્કર હોવાની શંકાનું સમાધાન. પૌષધશાળામાં એકલા જ સામાયિક કરવી તેવી કોઈકની માન્યતાનું વ્યવહારભાષ્યના ઉદ્ધરણ પૂર્વક નિરાકરણ.	૧૩૯-૧૪૪
૨૭-૨૮	દશમા દેશાવકાસિકવ્રત તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ. દેશાવકાસિકવ્રત દિક્પરિમાણવ્રતના સંક્ષેપ સ્વરૂપ છે.	૧૪૪-૧૪૯
૨૯-૩૦	અગિયારમા પોષધવ્રતનું તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ. પૌષધ કરનારની ઉપધિઓમાં રજોહરણના ઉલ્લેખ સંબંધી શંકાનું સમાધાન.	૧૪૯-૧૫૮
૩૧-૩૨	બારમા અતિથિસંવિભાગવ્રતનું તથા તેના પાંચ અતિચારોનું સ્વરૂપ. અતિથિસંવિભાગવ્રતના પાલન સંબંધી સામાચારીનું વર્ણન. અતિથિની વ્યાખ્યા. શ્રાવક માટે સાધુ જ અતિથિ.	૧૫૮-૧૬૪
૩૩	શ્રાવકના બાર વ્રતોનું અતિચાર રહિતપણે પાલન કરવાનું હોવાથી બાર વ્રતના પચ્ચક્ખાણની જેમ અતિચારોનું પણ પચ્ચક્ખાણ ગ્રહણ કરવા સંબંધી શંકાનું સમાધાન.	૧૬૪-૧૬૬
૩૪	સમ્યક્ત્વમૂલ બારવ્રતના રક્ષણના ઉપાયો આગમ અનુસાર જાણવાની ગ્રંથકારની ભલામણ.	૧૬૬-૧૭૩
૩૫-૩૮	સમ્યક્ત્વ તથા બાર વ્રતોના પરિણામની સ્થિરતાનો ઉપાય. વિરતિના પરિણામથી પતન પામનારના બાહ્ય લિંગ. સ્થિરતા પામેલા વ્રતોનું ફળ.	૧૭૩-૧૮૧

ગાથા	વિષય	પાના નં.
૩૯	અણુવ્રતો તથા ગુણવ્રતો પ્રાયઃ યાવત્કથિક જ્યારે શિક્ષાવ્રતો ઇત્વર-કાલિક.	૧૮૧-૧૮૩
૪૦	સંલેખનાના પ્રતિપાદનનો અવસર હોવા છતાં પ્રસ્તુતમાં અકથનનું પ્રયોજન.	૧૮૩-૧૮૫
૪૧	શ્રાવકને વસવા યોગ્ય સ્થાનોનું સ્વરૂપ.	૧૮૫-૧૮૮
૪૨-૪૪	શ્રાવકના દિવસ સંબંધી કર્તવ્યોનું સ્વરૂપ.	૧૮૮-૨૦૮
૪૫	શ્રાવકના રાત્રી સંબંધી કર્તવ્યોનું સ્વરૂપ.	૨૦૮-૨૧૦
૪૬	અબ્રહ્મથી વિરત થવા માટેના ચિંતનનું સંક્ષિપ્ત સ્વરૂપ.	૨૧૦-૨૧૨
૪૭-૪૯	નિદ્રાના અપગમથી જાગ્રત થયેલા શ્રાવક માટે ચિંતન કરવા યોગ્ય પદાર્થોનું સંક્ષિપ્ત વર્ણન.	૨૧૨-૨૨૪
૫૦	શ્રાવકાચારનું પાલન કરવાથી પ્રાપ્ત ફળનું સ્વરૂપ.	૨૨૪-૨૨૬
	❂ દ્વિતીય દીક્ષાવિધિપ્રકરણ પંચાશક ❂	**૨૨૭-૩૨૬**
૧	દીક્ષાવિધિના કથનની પ્રતિજ્ઞા.	૨૨૭-૨૨૯
૨	દીક્ષાનું સ્વરૂપ.	૨૨૯-૨૩૧
૩	ભાવમુંડનરૂપ દીક્ષા વિશુદ્ધિમાન જીવને ચરમપુદ્ગલપરાવર્તકાળમાં થાય, તે પહેલાં નહીં.	૨૩૧-૨૩૪
૪	દીક્ષાના અધિકારીના ગુણોનું સામાન્યથી વર્ણન.	૨૩૪-૨૩૬
૫-૭	દીક્ષાના અધિકારીના ગુણ અંતર્ગત દીક્ષારાગનું સ્વરૂપ.	૨૩૬-૨૪૧
૮-૧૦	દીક્ષાના અધિકારીના ગુણ અંતર્ગત લોકવિરુદ્ધત્યાગનું સ્વરૂપ.	૨૪૧-૨૪૬
૧૧	દીક્ષાના અધિકારીના ગુણ અંતર્ગત સુંદરગુરુયોગનું સ્વરૂપ.	૨૪૬-૨૪૮
૧૨	દીક્ષાવિધિ અંતર્ગત સમવસરણની રચના માટે તે તે દેવતાઓને તે તે મંત્ર અને મુક્તાશુક્તિમુદ્રાથી આહ્વાન.	૨૪૮-૨૫૦
૧૩	વાયુકુમારદેવોના આહ્વાન નિમિત્તે સમવસરણભૂમિની પ્રમાર્જના તથા મેઘકુમારદેવોના આહ્વાન નિમિત્તે સમવસરણભૂમિમાં સુગંધી જલની વર્ષા.	૨૫૦-૨૫૨

ગાથા	વિષય	પાના નં.
૧૪	ઋતુદેવીઓના આહ્વાન અર્થે સુગંધી પુષ્પોની વૃષ્ટિ અને અગ્નિકુમારદેવોના આહ્વાન નિમિત્તે ધૂપઘટિકાનું વિકુર્વણ.	૨૫૨-૨૫૩
૧૫	વૈમાનિક-જ્યોતિષી-ભવનપતિ દેવોના આહ્વાન પૂર્વક મણિ-કાંચન-રૌપ્યના જેવા વર્ણવાળા સમવસરણના ત્રણ ગઢની રચના.	૨૫૪-૨૫૫
૧૬	વ્યંતરદેવો દ્વારા સમવસરણમાં તોરણ, દેવછંદો, પુષ્કરિણી, ચૈત્યવૃક્ષ, સિંહાસન, છત્રત્રય, ધર્મચક્ર, ધ્વજ આદિની રચના.	૨૫૫-૨૫૭
૧૭	સમવસરણમાં પ્રધાન ચંદનની ઉપર ચતુર્મુખ જિનબિંબોની સ્થાપના.	૨૫૭-૨૫૯
૧૮	સમવસરણના પ્રથમ ગઢમાં જિનપ્રતિમાના પૂર્વ-દક્ષિણ ભાગમાં અનુક્રમે ગણધરો, શ્રેષ્ઠ મુનિઓ અને વૈમાનિક દેવીઓ તથા સાધ્વીઓની પોતપોતાના વર્ણ અનુસાર સ્થાપના.	૨૫૯-૨૬૧
૧૯	સમવસરણના પ્રથમ ગઢમાં જિનપ્રતિમાના પશ્ચિમ-દક્ષિણ ભાગમાં અનુક્રમે ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ દેવીઓની પોતપોતાના વર્ણ અનુસાર સ્થાપના.	૨૬૧-૨૬૨
૨૦	સમવસરણના પ્રથમ ગઢમાં જિનપ્રતિમાના પશ્ચિમ-ઉત્તર ભાગમાં અનુક્રમે ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ દેવોની પોતપોતાના વર્ણ અનુસાર સ્થાપના.	૨૬૨-૨૬૪
૨૧	સમવસરણના પ્રથમ ગઢમાં જિનપ્રતિમાના પૂર્વ-ઉત્તર ભાગમાં અનુક્રમે વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્યસ્ત્રીઓની પોતપોતાના વર્ણ અનુસાર સ્થાપના.	૨૬૪-૨૬૫
૨૨	સમવસરણના બીજા ગઢમાં સર્પ-નકુલ, હરણ-સિંહ આદિ તિર્યંચોની સ્થાપના તથા સમવસરણના ત્રીજા ગઢમાં દેવતાઓના વાહનોની સ્થાપના.	૨૬૫-૨૬૭
૨૩	સમવસરણની સ્થાપના પછીની દીક્ષાવિધિ અંતર્ગત દીક્ષાર્થીનું ભક્તિ-વૈભવને અનુરૂપ દ્રવ્ય-ભાવશુચિ યુક્ત થઈ પ્રશસ્ત તિથિ આદિ શુભ સમયે દીક્ષાસ્થાનમાં આગમન.	૨૬૭-૨૬૯

ગાથા	વિષય	પાના નં.
૨૪	દીક્ષા પ્રાપ્તિ અર્થે આવેલ મુમુક્ષુને ગુરુ દ્વારા જિનેશ્વર દેવના ગુણોનું કથન તથા અન્યતીર્થિક દેવતા આદિને વંદન અકર્તવ્ય તરીકેનું ખ્યાપન. ત્યારબાદ દીક્ષાર્થીને દીક્ષા પૂર્વેના સમવસરણસ્થ જિનબિંબોને પુષ્પોથી વર્ધાપન આદિ અન્ય કર્તવ્યોનું કથન.	૨૬૯-૨૭૧
૨૫	મુમુક્ષુની આંખે પાટા બાંધી તેની પાસે સમવસરણસ્થ જિનબિંબો પર પુષ્પોની વર્ષા કરાવી તે કઈ રીતે થાય છે, તેના દ્વારા ગુરુએ કરવા યોગ્ય નિર્ણયનું સ્વરૂપ.	૨૭૧-૨૭૫
૨૬	દીક્ષાર્થીના નિવેદન વખતે તથા તે વખતે ગુરુ દ્વારા અપાતા પ્રત્યુત્તર વખતે અસ્ખલિત આદિ ગુણો અને સ્ખલિત આદિ દોષોના આધારે ગુરુએ કરવા યોગ્ય નિર્ણયનું સ્વરૂપ.	૨૭૫-૨૭૮
૨૭	જો મુમુક્ષુ દ્વારા કરાયેલ પુષ્પોનો પાત સમવસરણની અંદર થાય તો તેની દીક્ષા કરણીય, પરંતુ જો પુષ્પોનો પાત અંદર ન થાય તો ગુરુ દ્વારા ત્રણ વખત ચતુઃશરણ ગમન, આલોચના આદિ પૂર્વક પ્રયત્ન કરણીય, જો ત્રણ વાર પછી પણ પુષ્પોનો પાત બહાર જ થાય તો દીક્ષાનો પ્રતિષેધ.	૨૭૮-૨૮૧
૨૮	પુષ્પપાત આદિથી દીક્ષાર્થીની યોગ્યતા સ્થાપિત કર્યા પછી સુગુરુ દ્વારા મુમુક્ષુને ગ્રહણ કરાવેલ સમ્યગ્દર્શન આત્મક દીક્ષાપ્રદાનનો આલાવો. દીક્ષાપ્રદાન બાદ સુગુરુ દ્વારા કરાતી દીક્ષિતની પ્રશંસાનું સ્વરૂપ.	૨૮૧-૨૮૫
૨૯	દીક્ષાગ્રહણ બાદ મુમુક્ષુ દ્વારા સુગુરુને કરાતું આત્મનિવેદન.	૨૮૫-૨૮૭.
૩૦	દીક્ષાસ્વીકાર બાદ મુમુક્ષુ વડે કરાતા આત્મનિવેદનનો જો ગુરુ સ્વીકાર ન કરે તો તે નિષ્ફળ હોવાની શંકાનું સમાધાન.	૨૮૭-૨૯૦
૩૧	ઉત્કૃષ્ટ ભાવવિશુદ્ધિ વગર પણ કરાતા આત્મનિવેદનને ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ કહેવામાં યુક્તિ.	૨૯૧-૨૯૩
૩૨	મુમુક્ષુ દ્વારા કરાતા આત્મનિવેદનનો જો ગુરુ સ્વીકાર કરે તો તેમને અધિકરણદોષના સંભવની શંકાનું નિરાકરણ.	૨૯૩-૨૯૬
૩૩	દીક્ષાપ્રદાન બાદ દીક્ષિત પ્રતિ અપાતા ગુરુના ઉપદેશનું સ્વરૂપ.	૨૯૬-૨૯૮
૩૪	મિથ્યાત્વપ્રતિક્રમણ સ્વરૂપ દીક્ષા અને આત્મનિવેદન આદિ કરનાર ગુરુ અને શિષ્યનું સ્વરૂપ.	૨૯૮-૩૦૧

ગાથા	વિષય	પાના નં.
૩૫	યથાવિધિ દીક્ષિત થયેલની પ્રશંસાનું વર્ણન.	૩૦૧-૩૦૪
૩૬	દીક્ષા ગ્રહણ બાદ દીક્ષિતે કરવા લાયક કર્તવ્યનું સ્વરૂપ.	૩૦૪-૩૦૭
૩૭-૪૧	દીક્ષા સફળ છે કે નિષ્ફળ તેના લિંગો. (૧) સમ્યગ્ દીક્ષાગ્રહણ છે તેનું લિંગ - અધિકૃત ગુણોની વૃદ્ધિ. (૨) સાધર્મિકો પ્રતિ પ્રીતિની વૃદ્ધિ. (૩) બોધની વૃદ્ધિ. (૪) ગુરુભક્તિની વૃદ્ધિ.	૩૦૭-૩૧૯
૪૨	જિનદીક્ષા ગ્રહણથી થતા ગુણોનું અનંતર ફળ.	૩૧૯-૩૨૦
૪૩	જિનદીક્ષાનું પરંપર ફળ	૩૨૦-૩૨૩
૪૪	જિનદીક્ષાથી સકૃદ્બંધક-અપુનર્બંધક આદિને થતો કુગ્રહનો વિરહ.	૩૨૩-૩૨૬

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

याकिनीमहत्तरासूनु पूर्वधरासन्न श्रीमद् हरिभद्रसूरीश्वरजी महाराजा विरचित
नवांगीटीकाकारश्री आचार्यदेव श्रीमद् अभयदेवसूरीश्वरजी महाराजा कृत टीका समन्वित

पंचाशक प्रकरण

शब्दशः विवेचन

भाग-१

प्रथम श्रावकधर्मविधि प्रकरण पंचाशक

।। अथ श्रावकधर्मविधिप्रकरणवृत्तिः ।।१।।

टीकाकारश्रीनुं मंगलाचरण :-

ॐ नमो वीतरागाय ।

सद्दृष्टीनां समस्तार्था गोभिर्यस्य प्रकाशिताः ।

तं नत्वा श्रीमहावीरतिग्मरश्मिं तमोऽपहम् ।।१।।

वृद्धवाक्यानुसारेण वृत्तिं वक्ष्ये समासतः ।

पंचाशकाह्वशास्त्रस्य धर्मशास्त्रशिरोमणेः ।।२।।

वीतरागने नमस्कार थाओ. सद्दृष्टिओना=तत्त्वने जोनारी निर्मळ दृष्टिओना, समस्त अर्थो जेमनी वाणीथी प्रकाशित कराया, अंधकारने नाश करनार ते श्री महावीरस्वामीरूप सूर्यने नमस्कार करीने धर्मशास्त्रोमां शिरोमणि एवा पंचाशक नामना शास्त्रनी वृत्तिने वृद्धवाक्यानुसारथी संक्षेपथी हुं कहीश. ।।१-२।।

ભાવાર્થ :-

વીર ભગવાને જગતના પદાર્થોને જોનારી જેટલી નયદૃષ્ટિઓ છે તે દૃષ્ટિઓના બધા અર્થોને પ્રકાશિત કર્યા છે, તેથી ભગવાન જગતમાં અંધકારનો નાશ કરનાર સૂર્ય જેવા છે, માટે તે ભગવાનને નમસ્કાર કરીને ટીકાકારશ્રી પંચાશક શાસ્ત્રની વૃત્તિને સંક્ષેપથી કહેવાની પ્રતિજ્ઞા કરે છે અને તે કથન પણ સ્વમતિથી કરશે નહિ, પરંતુ જ્ઞાનવૃદ્ધ પુરુષોના વચન અનુસાર કરશે એ પ્રકારની પ્રતિજ્ઞા કરે છે.

अवतरणिका :-

इह हि विस्फुरन्निखिलातिशयतेजोधामनि दुःषमाकालविपुलजलदपटलावलुप्यमानमहिमनि नितरामनुपलक्षीभूतपूर्वगतादिबहुतमग्रन्थसार्थतारकानिकरे पारङ्गतगदितागमाम्बरे पटुतमबोधलोचनतया सुगृहीतनामधेयो भगवान् श्रीहरिभद्रसूरिस्तथाविधपुरुषार्थसिद्ध्यर्थिनामपटुदृष्टीनामुन्नमितजिज्ञासा-बुद्धिकन्धराणामैदंयुगीनमानवानामात्मनोपलक्ष्यमाणान् विवक्षितार्थसार्थसाधनसमर्थान् कतिपयप्रवचनार्थ-तारतारकविशेषानुपदिदर्शयिषुः पञ्चाशद्गाथापरिमाणतया पञ्चाशकाभिधानानि प्रकरणानि चिकीर्षुर-भ्यस्तश्रावकधर्मो यतिधर्मयोग्यो भवतीतिन्यायमाश्रित्य श्रावकधर्मप्रकरणं तावदादितो बिभणिषुर्मङ्गल-सम्बन्धाभिधेयप्रयोजनाभिधायिकामिमां गाथामाह—

અવતરણિકાર્થ :-

અહીં=જગતમાં, સ્ફુરાયમાન થતા સમસ્ત અતિશયના તેજના સ્થાનવાળા દુઃષમાકાલને કારણે વિશાળ વાદળાંઓના સમૂહથી લોપ કરાતા મહિમાવાળા અત્યંત અનુપલક્ષીભૂત એવા પૂર્વગત આદિ ઘણા ગ્રંથના સમૂહરૂપી તારાઓનો સમૂહ છે જેમાં એવા પારંગતથી કહેવાયેલા આગમરૂપી આકાશમાં પટુતમ બોધરૂપી લોચનપણાને કારણે સારી રીતે ગ્રહણ કરાયેલા નામવાળા ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, તેવા પ્રકારના પુરુષાર્થની સિદ્ધિના અર્થી=પોતાની શક્તિ અનુસાર સમ્યક્ પ્રયત્ન કરીને હિતપરંપરાની પ્રાપ્તિના અર્થી, અપટુ દૃષ્ટિવાળા=કઈ રીતે હિત કરવું જોઈએ ? તેનો નિર્ણય કરવામાં અસમર્થ દૃષ્ટિવાળા, ઉન્નમિત જિજ્ઞાસારૂપ બુદ્ધિરૂપી કંદરાવાળા=પોતાના પ્રયત્ન દ્વારા હિતની પરંપરાને પ્રાપ્ત કરવા અર્થે તત્ત્વને જાણવા માટે જિજ્ઞાસાથી તત્ત્વનો નિર્ણય કરવામાં તત્પર બુદ્ધિવાળા, વર્તમાનકાળના જીવોને, પોતાના દ્વારા જણાતા=શ્રી હરિભદ્રસૂરિ મહારાજ દ્વારા જણાતા, વિવક્ષિત અર્થના સમૂહને સાધવામાં સમર્થ=સમ્યગ્ યત્ન કરીને હિતની પરંપરાના અર્થી જીવોને જે વિવક્ષિત પ્રયોજન છે તેના સમૂહને સાધવા માટે સમર્થ, કેટલાક પ્રવચનના અર્થરૂપી દેદીપ્યમાન તારાવિશેષોને=ભગવાનના શાસનમાં રહેલા સૂક્ષ્મ પદાર્થવિશેષોને, કહેવાની ઈચ્છાવાળા શ્રીહરિભદ્રસૂરિ મહારાજ પચાસ ગાથાનું પરિમાણ હોવાથી=પચાસ ગાથા પ્રમાણ પ્રકરણ હોવાથી, પંચાશક નામનાં પ્રકરણોને કરવાની ઈચ્છાવાળા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ 'અભ્યસ્ત શ્રાવકધર્મવાળો યતિધર્મયોગ્ય થાય છે' એ ન્યાયને આશ્રયીને આદિથી શ્રાવકધર્મના પ્રકરણને કહેવાની ઈચ્છાવાળા મંગલ, સંબંધ, અભિધેય અને પ્રયોજનને કહેનારી આ ગાથાને કહે છે —

ભાવાર્થ :-

ભગવાનનું આગમ પારંગતથી કહેવાયેલું છે; કેમ કે ભગવાને સાધના કરીને ઘાતિકર્મોનો નાશ કર્યો છે, તેથી સંસારસાગરના પારને પામેલા છે. તેમનાથી કહેવાયેલું આગમરૂપી આકાશ છે, તેમાં પટુદૃષ્ટિવાળા પ. પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ છે. વળી, તે આગમ, જગતમાં સ્ફુરાયમાન થતા તેજવાળા સર્વ પદાર્થો કરતાં અતિ તેજસ્વી છે; કેમ કે જગતના સર્વ પદાર્થોને યથાર્થ પ્રકાશન કરનાર ભગવાનનું આગમ છે, તેથી સૂર્ય-ચંદ્ર આદિના પ્રકાશ કરતાં પણ અધિક પ્રકાશમાન છે, છતાં દુઃષમાકાળના દોષને કારણે દુઃષમાકાળમાં વર્તતા જીવોને જ્ઞાનાવરણીય આદિનાં વિપુલ પડળો જેવાં વાદળાંઓથી લોપ પામતા મહિમાવાળું ભગવાનનું આગમ છે, આથી જ ચૌદપૂર્વધર આદિ અતિશયવાળા મહાત્માઓ વર્તમાનમાં ઉપલબ્ધ થતા નથી. વળી, તે ભગવાનના આગમરૂપી આકાશમાં પૂર્વગત આદિ ઘણું શ્રુત છે તે અત્યારે અત્યંત અનુપલક્ષીભૂત થયેલ છે, તેથી કોઈ પૂર્વધરો વિદ્યમાન નથી તેવા પણ ભગવાનના આગમમાં પટુબુદ્ધિવાળા પ. પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ હોવાથી તેઓએ તત્ત્વના જાણકાર તરીકેનું પોતાનું નામ સાર્થક કર્યું છે. વર્તમાનકાળમાં જે યોગ્ય જીવો પોતાની શક્તિ અનુસાર આત્માનું હિત કરવાના અર્થી હોવા છતાં કઈ રીતે હિત કરવું ? તેનો નિર્ણય કરવામાં અપટુદૃષ્ટિવાળા છે, તેથી યોગ્ય ઉપદેશક પાસેથી તેનો નિર્ણય કરવા માટે જિજ્ઞાસાવાળા થયા છે તેવા યોગ્ય જીવોના ઉપકાર અર્થે પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પોતે શાસ્ત્રના અધ્યયનના બળથી યોગ્ય જીવોને પોતાનું હિત સાધવા સમર્થ જે ઉચિત ઉપાયો જાણે છે તેવા કેટલાક પ્રવચનના અર્થોને બતાવવાની ઇચ્છાવાળા છે અને તેના અર્થે જ તેઓશ્રી પંચાશક નામના પચાસ-પચાસ ગાથાના સમૂહરૂપ પ્રકરણને કરવાની ઇચ્છાવાળા છે. આત્માના હિતની પ્રાપ્તિ યતિધર્મના સેવનથી થાય છે તોપણ શ્રાવકધર્મના અભ્યાસપૂર્વક યત્ન કરવાથી જીવ યતિધર્મને યોગ્ય બને છે. તેથી પ્રથમ યતિધર્મને ન કહેતાં શ્રાવકધર્મને કહેવાની ઇચ્છાવાળા મંગલ આદિને કહેનારી આ ગાથાને કહે છે –

ગાથા :-

नमिऊण वद्धमाणं सावगधम्मं समासओ वोच्छं ।
सम्मत्ताई भावत्थसंगयं सुत्तणीईए ।।१/१।।

છાયા :-

नत्वा वर्धमानं श्रावकधर्मं समासतो वक्ष्ये ।
सम्यक्त्वादि भावार्थसङ्गतं सूत्रनीत्या ।।१/१।।

અન્વયાર્થ :-

वद्धमाणं नमिऊण=વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને, सुत्तणीईए=સૂત્રનીતિથી, सम्मत्ताई भावत्थसंगयं सावगधम्मं=સમ્યક્ત્વાદિ ભાવાર્થસંગત શ્રાવકધર્મને, समासओ=સંક્ષેપથી, वोच्छं=કહીશ. ।।૧/૧।।

ગાથાર્થ :-

વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને સૂત્રનીતિથી સમ્યક્ત્વાદિ ભાવાર્થસંગત શ્રાવકધર્મને સંક્ષેપથી કહીશ. ।।૧/૧।।

ટીકા :-

व्याख्या—णमीत्यादि । तत्र विघ्नविनायकोपशान्तये शिष्यजनप्रवर्तनाय च शिष्टसमयपरिपालनार्थं चेष्टदेवतानमस्काररूपं भावमङ्गलमुपादेयम् । तथा श्रोतृजनप्रवृत्त्यर्थं शिष्टसमयपरिपालनार्थं च सम्बन्धादित्रयं वाच्यम्, तथाहि—इह श्रेयोभूते वस्तुनि प्रवर्तमानानां प्रायो विघ्नः संभवति, श्रेयोभूतत्वादेव । श्रेयोभूतं चेदम्, स्वर्गापवर्गसंसर्गहेतुत्वात्, विघ्नोपहतशक्तेश्च शास्त्रकर्तुश्चिकीर्षितशास्त्रासंसिद्ध्याभिप्रेतपुरुषार्थस्यानिष्पत्तिर्मा भूदिति विघ्नविनायकोपशमनाय मङ्गलमुपादेयम् ।

आह च—

'बहुविग्घाइं सेयाइं तेण कयमंगलोवयारेहिं ।
सत्थे पयट्टियव्वं विज्जाए महानिहीए व्व ।।१२।।' **[विशेषावश्यक०]**

ननु मानसादिनमस्कारतपश्चरणादिना मङ्गलान्तरेणैव विघ्नोपघातसद्भावादिष्टसिद्धिर्भविष्यतीति किमनेन ग्रंथगौरवकारिणा वाचनिकनमस्कारेणेति ? सत्यम्, किं तु श्रोतृप्रवृत्त्यर्थमिदं भविष्यति । तथाहि—यद्यप्युक्तन्यायेन कर्तुरविघ्नेनेष्टसिद्धिः स्यात्तथापि प्रमादवतः शिष्यस्येष्टदेवतानमस्काररूपं मङ्गलं विना प्रकान्तग्रन्थाध्ययनश्रवणादिषु प्रवर्तमानस्य विघ्नसंभवादप्रवृत्तिः स्यात् । मङ्गलवाक्योपन्यासे तु मङ्गलवचनाभिधानपूर्वकं प्रवर्तमानस्य मङ्गलवचनापादितदेवताविषयशुभभावव्यपोहितविघ्नत्वेन शास्त्रे प्रवृत्तिरप्रतिहतप्रसरा स्यात् । तथा देवताविशेषनमस्कारोपादाने सति देवताविशेषगदितागमानुसारीदं शास्त्रमत उपादेयमित्येवंविधबुद्धिनिबन्धनत्वेन शिष्यप्रवृत्त्यर्थमिदं भवतीति ।
आह च—

'मंगलपुव्वपवत्तो पमत्तसीसो वि पारमिह जाइ ।
सत्थिविसेसण्णाणा तु गोरवादिह पयट्टेज्जा ।।१।।' [ ]

ननु मङ्गलविकलानामपि बहुतमशास्त्राणां दृश्यते संसिद्धिः, श्रोतृजनप्रवृत्तिश्चेति । ततः किमनेनानैकान्तिकेन शास्त्रगौरवकारिणा च मङ्गलेनाभिहितेनेति ? सत्यम्, किंतु शिष्टसमयपरिपालनार्थमिदं भविष्यति । तथाहि—शिष्टाः क्वचिदभीष्टे वस्तुनि प्रवर्तमाना इष्टदेवतानमस्कारपूर्वकं प्रायः प्रवर्तन्ते । शिष्टश्चायमप्याचार्य इति शिष्टसमाचारः परिपालितो भवत्विति मङ्गलमभिधेयम् ।

आह च–

'शिष्टाः शिष्टत्वमायान्ति शिष्टमार्गानुपालनात् ।
तल्लङ्घनादशिष्टत्वं तेषां समनुपद्यते ।।१।।' [ ]

तथा सम्बन्धादीनि श्रोतृजनप्रवृत्त्यर्थमभिधेयानि । तथाहि—यदसम्बन्धं, तत्र न प्रवर्तन्ते प्रेक्षावन्तो दशदाडिमादिवाक्य इव । एवं निरभिधेयेऽपि काकदन्तपरीक्षायामिव । एवं निष्प्रयोजनेऽपि कण्टकशाखा-मर्दन इवेति । अतः सम्बन्धादिप्रतिपादनं श्रोतॄणां शास्त्रप्रवृत्त्यङ्गम् ।

ટીકાર્થ :-

तत्र ..... शास्त्रप्रवृत्त्यङ्गम् । 'णमीत्यादि' પ્રતીક છે. ત્યાં=ગ્રંથના પ્રારંભમાં, વિઘ્નના સમૂહના ઉપશમ માટે, શિષ્યજનના પ્રવર્તન માટે અને શિષ્ટના આચારના પરિપાલન માટે ઈષ્ટદેવતાના નમસ્કારરૂપ ભાવમંગલ ઉપાદેય છે અને શ્રોતાજનની પ્રવૃત્તિ માટે અને શિષ્ટના આચારના પાલન માટે સંબંધાદિ ત્રણ વાચ્ય છે=કહેવા જોઈએ. તે આ પ્રમાણે –

અહીં=જગતમાં, શ્રેયોભૂત વસ્તુમાં પ્રવર્તમાન જીવોને પ્રાયઃ વિઘ્ન થાય છે; કેમ કે શ્રેયોભૂતપણું જ છે=શ્રેયોભૂત હોવાને કારણે શ્રેયનાં પ્રતિબંધક કર્મો અવશ્ય પ્રાપ્ત થાય છે અને આ શ્રેયોભૂત જ છે અર્થાત્ પ્રસ્તુત ગ્રંથ મોક્ષમાર્ગને બતાવનાર હોવાથી શ્રેયોભૂત જ છે; કેમ કે સ્વર્ગ-અપવર્ગના સંસર્ગનું હેતુપણું છે=પ્રસ્તુત ગ્રંથથી પ્રવૃત્તિ કરનારને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે, અને વિઘ્નથી ઉપહત શક્તિવાળા શાસ્ત્ર કરનારને=શાસ્ત્રરચનામાં બાધક અંતરંગ જ્ઞાનાવરણીય આદિ કર્મોનાં વિઘ્નોથી ઉપહત શક્તિવાળા શાસ્ત્ર કરનારને, ચિકીર્ષિત શાસ્ત્રની અસંસિદ્ધિ થવાથી=જે ગ્રંથ રચવાની ઈચ્છા કરી છે તે ગ્રંથની રચના જિનવચનથી નિયંત્રિત થઈને સમ્યક્ નિષ્પન્ન થાય તેવા શાસ્ત્રની વિઘ્નને કારણે અસંસિદ્ધિ થવાથી, અભિપ્રેત પુરુષાર્થની અનિષ્પત્તિ ન થાય=જિનવચનાનુસાર ગ્રંથ રચવાનો જે ગ્રંથકારશ્રીનો અભિપ્રેત પુરુષાર્થ છે તેની અનિષ્પત્તિ ન થાય, એથી વિઘ્નના સમૂહના ઉપશમ માટે મંગલ ઉપાદેય છે=કર્તવ્ય છે, અને કહે છે=શ્રેયકાર્ય વિઘ્નભૂત છે માટે શ્રેયભૂત શાસ્ત્રની પ્રવૃત્તિ માટે મંગલ કરવું જોઈએ એ કથનમાં 'आह'થી સાક્ષી બતાવે છે –

"શ્રેયકાર્યો બહુ વિઘ્નોવાળાં છે તે કારણથી કૃતમંગલના ઉપચારોથી શાસ્ત્રમાં યત્ન કરવો જોઈએ, જેમ મહાનિધાન માટે વિદ્યામાં મંગલપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ." **(વિશેષાવશ્યક૦ ગાથા-૧૨)**

'ननु'થી શંકા કરે છે – માનસાદિ નમસ્કાર, તપ અને ચારિત્ર આદિરૂપ મંગલાંતરથી જ વિઘ્નના ઉપઘાતનો સદ્ભાવ હોવાથી ઈષ્ટ સિદ્ધિ થશે એથી ગ્રંથ ગૌરવકારી એવા આ વાચિક નમસ્કારથી શું ? એથી કહે છે – તારી વાત સાચી છે, પરંતુ શ્રોતાની પ્રવૃત્તિ અર્થે=ગ્રંથમાં મંગલાચરણ કરેલું હોય તો શ્રોતાને પણ ઉપસ્થિત થાય કે સત્ શાસ્ત્રનું અધ્યયન મંગલભૂત છે, તેથી વિઘ્નકારી છે, માટે વિઘ્નના નાશ અર્થે માટે પણ ઉપયુક્ત થઈને મંગલ કરવું જોઈએ એ પ્રકારની શ્રોતાની પ્રવૃત્તિ અર્થે

આ=ગ્રંથમાં નિબદ્ધ કરેલું મંગલ, થશે. તે આ પ્રમાણે –

જો કે ઉક્ત ન્યાયથી=માનસાદિ નમસ્કારરૂપ મંગલાંતર કરવાથી વિઘ્ન નાશ થાય છે એ ન્યાયથી, કર્તાને અવિઘ્નથી ઈષ્ટની સિદ્ધિ થાય=ગ્રંથ કરનાર મહાત્માને વિઘ્નરહિત ગ્રંથનું નિર્માણ થાય, તોપણ પ્રમાદવાળા ઈષ્ટદેવતાના નમસ્કારરૂપ મંગલ વગર પ્રકાંત ગ્રંથના અધ્યયનના શ્રવણાદિમાં પ્રવર્તતા શિષ્યને=યોગમાર્ગને કહેનારા પ્રસ્તુત ગ્રંથના અધ્યયનના શ્રવણ-ધારણ આદિમાં પ્રવર્તમાન એવા શિષ્યને, વિઘ્નના સંભવથી=પ્રસ્તુત ગ્રંથથી યથાર્થ બોધની પ્રાપ્તિ આદિ કાર્યમાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મો કૃત વિઘ્નના સંભવથી, અપ્રવૃત્તિ થાય=બાહ્યથી શ્રવણ આદિ ક્રિયા થાય તોપણ પરમાર્થથી અપ્રવૃત્તિ થાય, વળી મંગલ વાક્યના ઉપન્યાસમાં=પ્રસ્તુત ગ્રંથમાં મંગલને કહેનાર વાક્યને નિબદ્ધ કરવામાં, મંગલ વચનના અભિધાનપૂર્વક પ્રવર્તતા એવા શ્રોતાને મંગલ વચન આપાદિત દેવતા વિષયક શુભભાવ વડે વ્યપોહિત વિઘ્નપણું હોવાને કારણે શાસ્ત્રમાં અપ્રતિકૃત પ્રસરવાળી પ્રવૃત્તિ થાય=શાસ્ત્રના યથાર્થ તાત્પર્યના ગ્રહણને અનુકૂળ શ્રોતાની પ્રવૃત્તિ થાય, અને દેવતાવિશેષના નમસ્કારનું ગ્રહણ કરાયે છતે દેવતાવિશેષથી કહેવાયેલા આગમ અનુસારી આ શાસ્ત્ર છે આથી ઉપાદેય છે=શાસ્ત્ર ઉપાદેય છે, આવા પ્રકારની બુદ્ધિના કારણપણાથી શિષ્યની પ્રવૃત્તિ માટે આ થાય છે=ગ્રંથમાં નિબદ્ધ કરાયેલું મંગલ થાય છે, અને કહે છે –

મંગલપૂર્વક પ્રવૃત્ત પ્રમત્ત શિષ્ય પણ અહીં=શાસ્ત્રમાં, પારને પામે છે, શાસ્ત્રવિશેષના જ્ઞાનથી, ગૌરવથી આમાં=ગ્રંથ અધ્યયનમાં, પ્રવર્તન કરવું જોઈએ અર્થાત્ કોઈ શિષ્ય સંયમમાં પ્રમાદવાળા હોય છતાં મંગલપૂર્વક શાસ્ત્રઅધ્યયનમાં પ્રયત્ન કરે તો આ શાસ્ત્ર અત્યંત મંગલરૂપ છે, તેથી તેના તાત્પર્યને જ ગ્રહણ કરવાને અભિમુખ થઈને ભણે તો શાસ્ત્રના પારને પ્રાપ્ત કરે છે, તેથી આ શાસ્ત્રવિશેષ છે, માટે કલ્યાણનું કારણ છે, એવા પ્રકારના જ્ઞાનથી અને શાસ્ત્રોના પદાર્થ પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થાય એ પ્રકારના ગૌરવથી શાસ્ત્રમાં પ્રયત્ન કરવો જોઈએ. ()

'ननु'થી શંકા કરે છે – મંગલ વિકલ પણ ઘણાં શાસ્ત્રોની સંસિદ્ધિ દેખાય છે અને શ્રોતાજનની પ્રવૃત્તિ દેખાય છે=મંગલ વિકલ પણ શ્રોતાજનની પ્રવૃત્તિ દેખાય છે, તેથી આ અનેકાંતિક અને શાસ્ત્રગૌરવકારી એવા કહેવાયેલા મંગલ વડે શું ? અર્થાત્ શાસ્ત્રની વૃદ્ધિને કરનાર એવું કહેવાયેલું મંગલ નિરર્થક છે, એને ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત સાચી છે, પરંતુ શિષ્ટસમયના પરિપાલન માટે આ થશે=શાસ્ત્રમાં નિબદ્ધ કરાયેલું મંગલ થશે. તે આ પ્રમાણે – શિષ્ટો કોઈ અભીષ્ટ વસ્તુમાં પ્રવર્તતા=પોતાને હિતનું કારણ દેખાય તેવી ઉચિત પ્રવૃત્તિમાં પ્રવર્તતા, પ્રાયઃ ઈષ્ટદેવતાના નમસ્કારપૂર્વક પ્રવર્તે છે અને આ પણ આચાર્ય શિષ્ટ છે=પ્રસ્તુત ગ્રંથને કરનારા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પણ શિષ્ટ છે, એથી 'શિષ્ટનો સમાચાર પરિપાલિત થાઓ' એથી મંગલ કહેવું જોઈએ. અને કહે છે= શિષ્ટો ઈષ્ટ દેવતાના નમસ્કાર પૂર્વક પ્રવર્તે છે એમાં સાક્ષીરૂપે કહે છે –

શિષ્ટો શિષ્ટમાર્ગના અનુપાલનથી શિષ્ટત્વને પામે છે, તેના બંધનથી=શિષ્ટના માર્ગના ઉલ્લંઘનથી, તેઓનું અશિષ્ટપણું પ્રાપ્ત થાય છે, ।।૧।। ()

અને સંબંધાદિ શ્રોતાજનની પ્રવૃત્તિ માટે કહેવા જોઈએ. તે આ પ્રમાણે –

જે અનભિહિત સંબંધવાળું શાસ્ત્ર છે ત્યાં=તે શાસ્ત્રમાં, પ્રેક્ષાવાળા પ્રવર્તતા નથી, 'દશ દાડમ છે', ઇત્યાદિ વાક્યની જેમ=કોઈક ગ્રંથમાં કોઈક વક્તવ્યની વચમાં 'દશ દાડમ છે' 'પાંચ વસ્તુ છે' ઇત્યાદિ અસંબદ્ધ વાક્યો આવે તે ગ્રંથમાં વિચારક પ્રવૃત્તિ કરે નહિ એમ જે ગ્રંથનો એકવાક્યતાથી કયા વકતવ્ય સાથે સંબંધ છે તેવું કથન ન કરવામાં આવે તો પ્રસ્તુત ગ્રંથ તેના જેવો અસંબદ્ધ હશે એ પ્રકારની સંભાવનાથી વિચારક પ્રવૃત્તિ કરે નહિ, આ રીતે=અસંબદ્ધ ગ્રંથમાં વિચારક પ્રવૃત્તિ કરે નહિ એ રીતે, કાકદંતની પરીક્ષામાં જેમ વિચારક જીવ પ્રવૃત્તિ કરે નહિ તેમ નિરભિધેય ગ્રંથમાં પણ વિચારક પ્રવૃત્તિ કરે નહિ અર્થાત્ કાગડાને દાંત નથી એથી પરીક્ષાનો વિષય નથી, માટે વિચારક કાકદંતની પરીક્ષામાં પ્રવૃત્તિ કરે નહિ તેમ જે ગ્રંથનું અભિધેય શું છે ? તે કહેવામાં આવેલ ન હોય તો વિચારક પ્રવૃત્તિ કરે નહિ, એ રીતે=નિરભિધેય ગ્રંથમાં વિચારક પ્રવૃત્તિ કરે નહિ એ રીતે, કંટકશાખાના ઉપમર્દનની જેમ નિષ્પ્રયોજનમાં પણ વિચારક જીવ પ્રવૃત્તિ કરે નહિ=કંટકની શાખાના ઉપમર્દનનું કોઈ ફળ નથી અને માત્ર નિરર્થક પ્રવૃત્તિ છે તેમ જે ગ્રંથના અધ્યયનથી કોઈ ફળ મળે નહિ તેવા નિષ્પ્રયોજન ગ્રંથમાં કોઈ વિચારક પ્રવ્રત્તિ કરે નહિ. આથી સંબંધાદિનું પ્રતિપાદન શ્રોતાની શાસ્ત્રમાં પ્રવૃત્તિનું અંગ છે.

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી વિઘ્નના શમન માટે મંગલ કરે છે; કેમ કે સર્વજ્ઞના વચન અનુસાર શાસ્ત્રની રચના કરવી હોય તો સતત સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને તેમના વચન અનુસાર જ ગ્રંથરચના કરવી જોઈએ. પોતાને સર્વજ્ઞના વચનના તાત્પર્યમાં સ્ખલના કરાવે તેવાં જ્ઞાનાવરણીયકર્મ આદિ અંતરંગવિઘ્નો વિદ્યમાન છે, તેથી તે વિઘ્નો સ્ખલના ન કરાવે તેના માટે ઉત્તમપુરુષોને ગ્રંથકારશ્રી નમસ્કાર કરે છે. નમસ્કાર કરવાથી વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ ઉલ્લસિત થાય છે તેથી મંગલભૂત શાસ્ત્રમાં કરાયેલા મંગલને કારણે જિનવચનાનુસાર ગ્રંથરચના કરવાને અનુકૂળ યત્ન ઉલ્લસિત થાય છે. આ ગ્રંથ મંગલભૂત છે માટે સ્ખલના ન થાઓ એ પ્રકારના દૃઢપ્રણિધાન અર્થે શાસ્ત્રની આદિમાં મંગલ કરાયેલ છે.

વળી શાસ્ત્રમાં મંગલને નિબદ્ધ કરવાથી શ્રોતાને પણ બુદ્ધિ ઉત્પન્ન થાય કે આ શાસ્ત્ર અત્યંત મંગલભૂત છે, માટે યથાર્થ ઉપયોગપૂર્વક જો હું યત્ન નહિ કરું તો શાસ્ત્રના પરમાર્થની પ્રાપ્તિ થશે નહિ, માટે મંગલભૂત શાસ્ત્રના યથાર્થ બોધ અર્થે શ્રોતા પણ અધ્યયનના પ્રારંભમાં મંગલ કરે છે, જેથી વીતરાગ પ્રત્યેના વધતા જતા બહુમાનને કારણે પ્રસ્તુત ગ્રંથનું યોજન કરવા માટે વીતરાગના વચનાનુસારી દૃઢ યત્ન થાય, જેથી યથાર્થ બોધના બાધક જ્ઞાનાવરણીય આદિ કર્મ વિઘ્નભૂત થાય નહિ, માટે શ્રોતા પણ ગ્રંથના આરંભમાં મંગલ કરે છે.

વળી કેટલીક વખત કોઈક જીવો મંગલ કર્યા વગર પણ સર્વજ્ઞના વચનાનુસાર માર્ગાનુસારી બુદ્ધિથી શાસ્ત્રરચના કરવામાં પ્રવર્તે તો તે ગ્રંથમાં વિઘ્ન કરનારાં જ્ઞાનાવરણીય આદિ કર્મો ક્ષય થાય છે, તેથી યથાર્થ તાત્પર્યથી ગ્રંથરચના થાય છે.

વળી કોઈ શ્રોતા મંગલ વગર પણ શાસ્ત્રઅધ્યયનમાં પ્રવૃત્તિ કરે અને સર્વજ્ઞના વચનાનુસાર તાત્પર્યને ગ્રહણ કરવામાં ઉપયુક્ત થાય તો યથાર્થ તાત્પર્યના બોધમાં બાધક, વિઘ્નકારી જ્ઞાનાવરણીય આદિ કર્મો પણ વિઘ્ન કરી શકતાં નથી, છતાં બહુલતાએ મંગલ વગર ગ્રંથરચનાની પ્રવૃત્તિમાં કે ગ્રંથ અધ્યયનની પ્રવૃત્તિમાં અંતરંગ જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મ વિઘ્ન કરનારાં બને છે, માટે શિષ્ટપુરુષોનો આચાર છે કે ઇષ્ટ દેવતાના નમસ્કારપૂર્વક પ્રવૃત્તિ કરે, આથી જ શિષ્ટ એવા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પણ શિષ્ટાચારના પાલન માટે ભાવમંગલ કરેલ છે અર્થાત્ ભગવાનના ગુણથી ચિત્ત રંજિત થાય તે પ્રકારે મંગલમાં યત્ન કરેલ છે. અધ્યયન કરનારા શ્રોતાએ પણ ભાવમંગલ કરીને જ અધ્યયનમાં યત્ન કરવો જોઈએ, જેથી જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મોનો તે પ્રકારે ક્ષયોપશમ થાય અને પ્રસ્તુત ગ્રંથમાં કહેવાયેલા શાસ્ત્રીય પદાર્થોનો યથાર્થ બોધ થાય.

વળી શ્રોતાજનને ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવવા અર્થે સંબંધ અને અભિધેય કહેવા જોઈએ, જેથી શ્રોતાને નિર્ણય થાય કે પ્રસ્તુત ગ્રંથ ગુરુપર્વક્રમથી સર્વજ્ઞના વચનાનુપાતી છે અને પ્રસ્તુત ગ્રંથના અભિધેય સાથે વાચ્ય-વાચકભાવથી સુસંબદ્ધ છે, તેથી જે પંચાશકમાં જે અભિધેયને કહેવાની પ્રતિજ્ઞા હશે તે જ અભિધેયને કહેનારા વાચક શબ્દો તે પ્રકરણમાં હશે તેવો નિર્ણય થવાથી પ્રસ્તુત ગ્રંથ સુસંબદ્ધ છે તેવો વિશ્વાસ થાય.

વળી, પ્રસ્તુત ગ્રંથમાં અભિધેય શું છે તે પણ કહેવું જોઈએ, જેમ પ્રથમ પંચાશકમાં કહ્યું કે શ્રાવકધર્મને કહીશ, તેથી શ્રાવકધર્મને જાણવાના અર્થી જીવોની તેને જાણવા માટેની પ્રવૃત્તિ થાય.

વળી ગ્રંથઅધ્યયનનું પ્રયોજન પણ કહેવું જોઈએ, જેથી શ્રોતાને બોધ થાય કે પ્રસ્તુત ગ્રંથમાં કહેલા શ્રાવકધર્મનો બોધ કરીને હું તેમાં યત્ન કરીશ તો ક્રમે કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થશે અને ઉત્તર-ઉત્તરની સર્વવિરતિને સેવીને હું મોક્ષફળને પ્રાપ્ત કરીશ, પરંપરાએ મોક્ષફળમાં પર્યવસાન પામનારો અને સાક્ષાત્ શ્રાવકધર્મની નિષ્પત્તિના પ્રયોજનવાળો પ્રસ્તુત ગ્રંથ છે, આથી સંબંધાદિ ત્રણના પ્રતિપાદન દ્વારા વિચારક શ્રોતાની તે શાસ્ત્રમાં પ્રવૃત્તિ થાય છે.

ટીકા :-

अथासर्वज्ञावीतरागवचनानां व्यभिचारित्वसंभवेन सम्बन्धादिसद्भावनिश्चयाभावान्नेतः प्रेक्षावतां प्रवृत्तिरत्र भविष्यति । या पुनः संशयात्प्रवृत्तिस्तां सम्बन्धादिवचनं विनैव भवन्तीं को निवारयितुं पारयतीति न श्रोतृप्रवृत्त्यङ्गं सम्बन्धादिवचनम्, सत्यम्, किंतु शिष्टसमयपरिपालनार्थं भविष्यति । शास्त्रकारा ह्येवं प्रवर्तमानाः प्रायः प्रेक्ष्यन्ते । येऽपि किल बौद्धाः सर्वथा वचनस्य प्रामाण्यं नाभ्युपगतास्तेऽपि सम्बन्धाद्यभिधानपूर्वकमेव प्रवृत्तास्ततः शिष्टसमयानुपालनार्थमिदमिति । इह संहितादिव्याख्यालक्षणप्रपञ्चोऽन्यतोऽवधारणीयः ।

ટીકાર્થ :-

अथासर्वज्ञ ..... अवधारणीयः । 'अथ'થી શંકા કરે કહે છે — असर्वज्ञ અને अवीतरागના વચનોના

વ્યભિચારિત્વનો સંભવ હોવાથી સંબંધાદિના સદ્ભાવના નિશ્ચયનો અભાવ હોવાથી=પ્રસ્તુત ગ્રંથ સર્વજ્ઞના વચન સાથે સંબદ્ધ છે કે નહિ ઇત્યાદિ નિર્ણયનો અભાવ હોવાથી, આનાથી=સંબંધાદિથી, વિચારકોની પ્રવૃત્તિ આમાં=પ્રસ્તુત ગ્રંથમાં, થશે નહિ, જે વળી સંશયથી=સંબંધાદિના સંશયથી, પ્રવૃત્તિ છે=પ્રસ્તુત ગ્રંથમાં પ્રવૃત્તિ છે, સંબંધાદિ વચન વગર જ થતી એવી તેને=પ્રસ્તુત ગ્રંથમાં થતી એવી પ્રવૃત્તિને, નિવારણ કરવા માટે કોણ સમર્થ છે ? એથી શ્રોતાની પ્રવૃત્તિનું અંગ સંબંધાદિ વચન નથી, આ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે — તારી વાત સાચી છે, પરંતુ શિષ્ટસમયના પરિપાલન માટે થશે=સંબંધાદિનું વચન થશે, હિ=જે કારણથી, આ રીતે=સંબંધાદિના કથનપૂર્વક, શાસ્ત્રકારો પ્રવર્તતા પ્રાયઃ દેખાય છે, જે વળી બૌદ્ધદર્શનવાળા વચનનું પ્રામાણ્ય સર્વથા સ્વીકારતા નથી તેઓ પણ સંબંધાદિના અભિધાનપૂર્વક જ પ્રવૃત્ત છે=ગ્રંથરચનામાં પ્રવૃત્ત છે, તેથી શિષ્ટસમયના અનુપાલન માટે આ છે=સંબંધાદિ ત્રણ છે. અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, સંહિતાદિ વ્યાખ્યાનના લક્ષણનો વિસ્તાર અન્ય ગ્રંથથી જાણવો=કોઈપણ ગ્રંથની વ્યાખ્યા માટે સંહિતાદિ છ અંગો છે તેનો વિસ્તાર લલિતવિસ્તરામાં નમત્થુણં સૂત્રની વ્યાખ્યામાં કરેલ છે તે પ્રમાણે અન્ય ગ્રંથોથી સંહિતાદિનો નિર્ણય પ્રસ્તુત ગ્રંથમાં જાણવો.

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે શ્રોતાજનની પ્રવૃત્તિ માટે સંબંધાદિ ત્રણ ગ્રંથમાં કહેવા જોઈએ, તેથી એ બતાવવામાં આવે કે પ્રસ્તુત ગ્રંથ ગુરુપર્વક્રમથી વીતરાગ સાથે સંબંધવાળો છે અને વાચ્ય-વાચકભાવથી અભિધેય સાથે સંબંધવાળો છે; આમ છતાં ગ્રંથરચના કરનાર અસર્વજ્ઞ અને અવીતરાગ છે. તેથી અજ્ઞાનને કારણે કે અન્ય કોઈ કારણે તેમનાં વચનો વીતરાગના વચન સાથે અસંબદ્ધ પણ પ્રાપ્ત થઈ શકે અને અભિધેયની સાથે પણ સ્ખલનાથી અસંબદ્ધ થઈ શકે, તેથી ગ્રંથમાં સંબંધાદિ બતાવ્યાં હોય તોપણ વિચારકની પ્રવૃત્તિ સંશયથી થાય છે, તેથી કોઈક શંકા કરે છે કે સંબધાદિ કહેવાં નિષ્પ્રયોજન છે, તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે —

શિષ્ટ સમયના પરિપાલન માટે સંબંધાદિ કહેવાં જોઈએ, જેથી શ્રોતાને ઉપસ્થિતિ થાય કે પ્રસ્તુત ગ્રંથ સર્વજ્ઞના વચન સાથે અને અભિધેય સાથે સંબંધવાળો છે, માટે ગ્રંથકારશ્રી સંબંધાદિ બતાવે છે તેવા બોધ અર્થે શિષ્ટ પુરુષો સંબંધાદિનું કથન કરે છે.

વળી બૌદ્ધદર્શનકાર વચનના પ્રામાણ્યને સ્વીકારતા નથી; કેમ કે તેમના મતાનુસાર વચન વાચ્ય-વાચકભાવથી અભિધેય સાથે સંબંધવાળું છે તે કલ્પનામાત્ર છે; જેમ 'ઘટ' એ પ્રકારે બોલાયેલું વચન ઘટ સાથે સંબંધવાળું નથી, પરંતુ ઘટનું રૂપ જ ઘટ સાથે સંબંધવાળું છે, ફક્ત આ વસ્તુને ઘટ કહેવાય એ પ્રકારના સંસ્કારોથી ઘટપદ દ્વારા ઘટરૂપ અર્થની ઉપસ્થિતિ થાય છે તેમ બૌદ્ધદર્શનવાદી માને છે, છતાં શિષ્ટસમયના પરિપાલન માટે બૌદ્ધદર્શનવાદીઓ પણ સંબંધાદિના અભિધાનપૂર્વક જ ગ્રંથમાં પ્રવૃત્તિ કરે છે, માટે શિષ્ટપુરુષોએ સંબંધાદિ ત્રણ અવશ્ય કહેવા જોઈએ.

વળી અધ્યયન કરનારે વ્યાખ્યાનના સંહિતાદિ લક્ષણને જાણીને તે પ્રમાણે ગ્રંથઅધ્યયનમાં યત્ન કરવો જોઈએ, જેથી ગ્રંથના તાત્પર્યનો યથાર્થ બોધ થાય.

ટીકા :-

तत्र नत्वा प्रणम्य, कमित्याह—वर्धमानं स्वकुलसमृद्धिवृद्धिकारकत्वेन पितृभ्यां व्यवस्थापितैवंविधनामकं चरमतीर्थाधिपतिम्, शेषजिनत्यागेन वर्धमानग्रहणं प्रवर्तमानतीर्थाधिपत्वेन परमोपकारित्वात् । ततः किमित्याह—श्रावकाणां वक्ष्यमाणशब्दार्थानां धर्मो दुर्गतिगर्तनिपतज्जन्तुजातधरणप्रवणपरिणामस्तत्पूर्वकमनुष्ठानं च श्रावकधर्मः । धर्मो हि साधुश्रावकसम्बन्धाद्द्विविधो भवति । ततः साधुधर्मव्यवच्छेदार्थं श्रावकशब्देन धर्मो विशेषितः, साधुधर्मो हि प्रकारान्तरेण वक्ष्यते । अतस्तं श्रावकधर्मं वक्ष्य इति सम्बन्धः, अनेन चास्य प्रकरणस्याभिधेयमुक्तम् । ननु पूर्वाचार्यैरेव श्रावकधर्मस्याभिहितत्वात् किं तद्भणनेनेत्याशङ्क्याह—समासतः संक्षेपेण । पूर्वाचार्यैर्हि प्रपञ्चतः उक्तः, अहं तु मन्दमतिसत्त्वानुग्रहार्थं संक्षेपेण तं वक्ष्ये, अनेन च प्रकरणकरणविषयायाः स्वप्रवृत्तेः प्रयोजनमुक्तम् । यतः—'प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते ।' () तथा संक्षिप्तकरणस्य सुखाध्येयत्वादिना विस्तरवद्ग्रन्थत्यागेन श्रोतारोऽत्र प्रवर्तिता भवन्ति । किंभूतं श्रावकधर्ममित्याह—सम्यक्त्वं वक्ष्यमाणलक्षणमादिः=प्रथमं यस्याणुव्रतादेर्धर्मस्य स तथा तं सम्यक्त्वादिम् । इह च प्राकृतशैल्यानुस्वारस्याश्रवणम् । स्वरूपविशेषणं चेदम्, न तु व्यवच्छेदार्थकम्, सर्वस्यापि धर्मस्य सम्यक्त्वादित्वात् । न हि मिथ्यादृशां धर्मो धर्मतां भजते । अथवा प्ररूपणापेक्षया अनु(णु)व्रतादिरपि तद्धर्मः स्यादित्यभिधीयते सम्यक्त्वादिः । ननूमास्वातिवाचकेन समासेन सम्यक्त्वादिश्च श्रावकप्रज्ञप्त्यादावसावुक्तस्ततो नानेन प्रयोजनमित्याशंक्याह—भावस्तत्त्वमैदंपर्यं तेन तद्रूपो वार्थोऽभिधेयो भावार्थस्तेन संगतो युक्तो यः स तथा तं भावार्थसंगतम् । अयमभिप्रायः—पूर्वाचार्यैर्गभीरोक्त्याभिहितानां व्रतातिचारादीनामर्थानां यन्मन्दबुद्धिशिष्यवर्गस्य दुरवसेयमैदंपर्यं तेन संगतं तं भणिष्यामि । एतच्चैदंपर्यमतिचारादिषु यथास्थानं दर्शयिष्यामः, अनेनाप्यत्र ग्रन्थान्तरत्यागेन श्रोतॄणां प्रवृत्तिरापादिता अथवा सम्यक्त्वादिश्चासौ भावार्थसंगतश्चेति कर्मधारयोऽतस्तम् । अथवा सम्यक्त्वादीनां सम्यक्त्वाणुव्रतगुणव्रतप्रभृतीनां यो भावार्थः=परमार्थः । अथवा सम्यक्त्वादयो ये भावाः पदार्थाः शब्दरूपास्तेषां योऽर्थोऽभिधेयस्तेन यः संगतः स तथा तम्, इह च दीर्घत्वमिकारस्य प्राकृतशैल्यैव । अथवा भावार्थसंगतमित्येतत्पदं सम्यक्त्वादिभावार्थसङ्गतमित्येतद्वा वक्ष्य इत्येतस्याः क्रियाया विशेषणत्वेन व्याख्येयम् । ननु श्रोतृजनप्रवर्तकविशेषणकदम्बकोपेतमपीदं प्रकरणमसर्वज्ञेनावीतरागेण च भवता प्रणीयमानमविसंवादार्थिनां न प्रवृत्तिविषयो भविष्यति, असर्वज्ञवचने विसंवादाशङ्कानिवृत्तेरित्याशङ्कमान आह—सूत्रं गणधरादिप्रणीतागमस्तस्य नीतिर्न्यायः सूत्रनीतिस्तया । यदि हि स्वातन्त्र्येण मयाभिधीयेत, तदा व्यभिचारशङ्कया नेदं प्रवृत्तिविषयः स्यात् । अयं चार्थः—श्रोतृप्रवृत्त्यर्थं नमस्कारकरणेन सामान्यत उक्तोऽपि पुनर्विशेषेणोक्त इति न पुनरुक्ततेति । तदेवमस्या गाथाया आदिपादेन मङ्गलमभिहितम्, शेषपादैस्तु सविशेषणमभिधेयं

मुख्यवृत्त्याभिहितम्, तदभिधाने च गौणवृत्त्या प्रयोजनं सम्बन्धश्चोक्तः तथाहि—अस्य द्विविधं प्रयोजनमनन्तरं परंपरं च । पुनरेकैकं कर्तृश्रोत्रपेक्षया द्विधा । तत्र कर्तुरनन्तरप्रयोजनं समासतो विनेयानां श्रावकधर्माधिगमकरणम् परंपरं तु परोपकारद्वारेण कर्मक्षयान्निर्वाणम् । श्रोतॄणां पुनरनन्तरं समासप्रकरणत्वादस्याक्लेशेन श्रावकधर्माधिगमः । परंपरं तु निर्वाणमेवेति । इदं च प्रयोजनाभिधेयाभिधानेन सामर्थ्यादभिहितम् । न हि पुरुषार्थानुपयोगिवस्तुनोऽभिधानाय सन्तः प्रवर्तन्ते, तत्त्वहानिप्रसङ्गात् । तथास्य प्रकरणस्येदं प्रयोजनमिति दर्शयता दर्शित एवास्योपायोपेयभावलक्षणः सम्बन्धः । तथाहि—इदं प्रकरणमुपायो वर्तते, उपायान्तरेण विवक्षिताधिगमकरणादीनामसिद्धेः । अत एवेदमेवाधिगमादिकरणमस्योपेयमिति ।

आह च—

'सम्बन्धः प्रोक्त एव स्यादेतस्यैतत्प्रयोजनम् ।
इत्युक्ते तेन नो वाच्यो भेदेनासौ प्रयोजनात् ।।१।।' [ ]

इति गाथासमासार्थः ।।१।।

टीकार्थ :-

तत्र ..... गाथासमासार्थः ।। त्यां=गाथामां, नमस्कार करीने=प्रणाम करीने, कोने प्रणाम करीने, ? એથી કહે છે — વર્ધમાનસ્વામીને=સ્વકુલની સમૃદ્ધિની વૃદ્ધિના કારકપણાને કારણે માતા-પિતા દ્વારા અપાયેલા આવા પ્રકારના નામવાળા ચરમ તીર્થાધિપતિ વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને એમ અન્વય છે, શેષ જિનના ત્યાગથી વર્ધમાનસ્વામીનું ગ્રહણ વર્તમાન તીર્થાધિપતિપણું હોવાને કારણે પરમ ઉપકારિપણું હોવાથી છે, તેના પછી શું=વર્ધમાનસ્વામીને નમસ્કાર કર્યા પછી શું ? એથી કહે છે — વક્ષ્યમાણ શબ્દાર્થવાળા શ્રાવકોનો ધર્મ છે=પંચાશકમાં વ્યુત્પત્તિથી શ્રાવક શબ્દનો અર્થ બતાવાશે તેવા શબ્દાર્થવાળા શ્રાવકોનો ધર્મ અર્થાત્ દુર્ગતિના ખાડામાં પડતા જીવોના સમૂહને ધારણ કરવામાં સમર્થ એવો પરિણામ અને તત્પૂર્વક અનુષ્ઠાન શ્રાવકોનો ધર્મ છે, हि=જે કારણથી, ધર્મ સાધુ અને શ્રાવકના સંબંધથી બે પ્રકારનો છે, તેથી સાધુધર્મના વ્યવચ્છેદ માટે શ્રાવક શબ્દથી ધર્મ વિશેષિત કરાયો છે, हि=જે કારણથી, સાધુધર્મ પ્રકરણાન્તરથી કહેવાશે=પ્રસ્તુત પંચાશકથી ઉત્તરના પંચાશકથી કહેવાશે, આથી તે શ્રાવકધર્મને હું કહીશ એમ સંબંધ છે અને આના દ્વારા=વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને હું શ્રાવકધર્મને કહીશ એના દ્વારા, આ પ્રકરણનો=પ્રસ્તુત પંચાશકનો, અભિધેય કહેવાયો.

'ननु'થી શંકા કરે છે — પૂર્વાચાર્યો વડે જ શ્રાવકધર્મનું અભિહિતપણું હોવાથી તેના કથનથી=ફરી તેના કથનથી, શું ? એ પ્રકારની શંકા કરીને કહે છે — સમાસથી=સંક્ષેપથી, હું કહીશ, हि=જે કારણથી, પૂર્વાચાર્યો વડે તે=શ્રાવકધર્મ, વિસ્તારથી કહેવાયો છે, વળી હું મંદમતિવાળા જીવોના

અનુગ્રહ માટે સંક્ષેપથી તેને=શ્રાવકધર્મને, કહીશ. અને આના દ્વારા=સંક્ષેપથી હું કહીશ એના દ્વારા, પ્રકરણકરણના વિષયોની સ્વપ્રવૃત્તિનું પ્રયોજન કહેવાયું, જે કારણથી 'પ્રયોજનને અનુદ્દેશીને મંદ પણ પ્રવર્તતો નથી' () અને સંક્ષિપ્ત પ્રકરણનું, સુખપૂર્વક અધ્યેયત્વાદિ હોવાને કારણે=સુખપૂર્વક અધ્યયન થઈ શકે, સુખપૂર્વક અવધારણ થઈ શકે અને સુખપૂર્વક તેનું પ્રવૃત્તિમાં યોજન થઈ શકે તે કારણે, વિસ્તારવાળા ગ્રંથના ત્યાગથી શ્રોતાઓ આમાં=પ્રસ્તુત ગ્રંથમાં, પ્રવર્તન કરાયેલા થાય છે, કેવા પ્રકારના શ્રાવકધર્મને કહેશે ? એથી કહે છે – વક્ષ્યમાણ લક્ષણવાળું સમ્યક્ત્વ છે આદિ=પ્રથમ, જે અણુવ્રતાદિ ધર્મને તે તેવું છે=સમ્યક્ત્વાદિ ધર્મવાળું છે, તે સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મને હું સમાસથી કહીશ એમ અન્વય છે, અને અહીં=સમ્યક્ત્વાદિમાં, પ્રાકૃતશૈલીને કારણે અનુસ્વારનું અશ્રવણ છે અને આ=સમ્યક્ત્વાદિ, સ્વરૂપવિશેષણ છે, પરંતુ વ્યવચ્છેદાર્થક=વ્યવચ્છેદનો અર્થ બતાવનારાં વિશેષણ, નથી, જેમ નીલ ઘટ કહેવાથી અન્ય ઘટનો વ્યવચ્છેદ થાય છે તેમ સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મ કહેવાથી અન્ય શ્રાવકધર્મનો વ્યવચ્છેદ થતો નથી, પરંતુ શ્વેતશંખ એમ કહેવાથી શંખના સ્વરૂપનું જ્ઞાન થાય છે, પરંતુ અન્ય શંખનો વ્યવચ્છેદ થતો નથી, તેમ સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મ કહેવાથી શ્રાવકધર્મના સ્વરૂપનું જ્ઞાન થાય છે, પરંતુ શ્રાવકધર્મના કોઈક ભેદનો વ્યવચ્છેદ થતો નથી. માટે સ્વરૂપવિશેષણ છે; કેમ કે સર્વ પણ ધર્મોનું=શ્રાવકધર્મ કે સાધુધર્મ એમ સર્વ પણ ધર્મોનું, સમ્યક્ત્વાદિપણું છે. હિ=જે કારણથી, મિથ્યાદૃષ્ટિઓનો ધર્મ ધર્મતાને પામતો નથી અથવા પ્રરૂપણાની અપેક્ષાથી અણુવ્રતાદિ પણ તેનો ધર્મ થાય, એથી સમ્યક્ત્વાદિ કહેવાય છે.

ઉમાસ્વાતિ વાચક વડે સમ્યક્ત્વાદિ અને આ શ્રાવકધર્મ શ્રાવકપ્રજ્ઞપ્તિમાં કહેવાયો છે, તેથી આના વડે=પ્રસ્તુત પંચાશક વડે, પ્રયોજન નથી, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ભાવ=તત્ત્વ=ઐદંપર્ય, તેનાથી અથવા તદ્રૂપ અર્થ=અભિધેય ભાવાર્થ છે, તેનાથી સંગત=યુક્ત, જે છે તે તેવું છે=ભાવાર્થસંગત છે, ભાવાર્થસંગત એવા તેને=શ્રાવકધર્મને, સમાસથી હું કહીશ એમ અન્વય છે.

આ અભિપ્રાય છે=ભાવાર્થ સંગત કહેવાનો આ અભિપ્રાય છે – પૂર્વાચાર્યો વડે ગંભીર ઉક્તિને કારણે અભિહિત એવા વ્રત-અતિચાર આદિ અર્થોનું મંદબુદ્ધિ શિષ્યવર્ગને જે દુરવસેય ઐદંપર્ય છે તેનાથી સંગત એવા તેને=શ્રાવકધર્મને, હું કહીશ અને આ ઐદંપર્ય અતિચારાદિમાં યથાસ્થાન અમે બતાવીશું, આનાથી પણ=ભાવાર્થસંગત એ પ્રકારના વિશેષણથી પણ, આમાં=પ્રસ્તુત ગ્રંથમાં, ગ્રન્થાન્તરના ત્યાગથી શ્રોતાની પ્રવૃત્તિ નિષ્પાદન કરાઈ.

અથવા સમ્યક્ત્વાદિવાળો એવો આ ભાવાર્થસંગત એ પ્રમાણે કર્મધારય સમાસ છે, એથી તેને= સમ્યક્ત્વાદિ ભાવાર્થસંગત એવા શ્રાવકધર્મને, હું કહીશ એ પ્રમાણે અન્વય છે.

અથવા સમ્યક્ત્વાદિનો=સમ્યક્ત્વ-અણુવ્રત-ગુણવ્રત વગેરેનો, જે ભાવાર્થ=પરમાર્થ, તેનાથી સંગત એવા શ્રાવકધર્મને હું કહીશ એમ અન્વય છે.

અથવા સમ્યક્ત્વ આદિ જે ભાવો=શબ્દરૂપ પદાર્થો, તેઓનો જે અર્થ અર્થાત્ અભિધેય તેનાથી જે સંગત તે તેવો છે=સમ્યક્ત્વાદિ ભાવાર્થસંગત છે, તેવા શ્રાવકધર્મને હું કહીશ, એમ અન્વય છે અને અહીં=સમ્યક્ત્વાદિ શબ્દમાં, 'ઇ'કારનું દીર્ઘપણું પ્રાકૃતશૈલીથી છે.

અથવા ભાવાર્થસંગત એ પદ 'વક્ષ્યે' એ પ્રકારની ક્રિયાના વિશેષણપણા વડે વ્યાખ્યાન કરવું.

'નનુ'થી શંકા કરે છે – શ્રોતૃજનને પ્રવર્તક વિશેષણના સમૂહથી યુક્ત પણ આ પ્રકરણ અસર્વજ્ઞ અને અવીતરાગ એવા તમારા વડે રચાતું અવિસંવાદના અર્થી જીવોની પ્રવૃત્તિનો વિષય થશે નહિ; કેમ કે અસર્વજ્ઞના વચનમાં વિસંવાદની આશંકાની અનિવૃત્તિ છે એ પ્રકારની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

સૂત્ર=ગણધર આદિ પ્રણીત આગમ, તેની નીતિ=ન્યાય, સૂત્રનીતિ, તેનાથી હું ગ્રંથ કહીશ, એમ અન્વય છે. જો સ્વતંત્રતાથી=સર્વજ્ઞના વચનની પરતંત્રતાને છોડીને સ્વમતિથી, મારા વડે કહેવાય છે તો વ્યભિચારની શંકાથી=આ ગ્રંથ છદ્મસ્થ વડે કહેવાયો છે માટે યથાર્થ અર્થથી વિપરીત યોજનવાળો પણ હોઈ શકે એ પ્રકારના વ્યભિચારની શંકાથી, આ=પ્રસ્તુત ગ્રંથ, પ્રવૃત્તિનો વિષય થાય નહિ= વિચારક શ્રોતાની પ્રવૃત્તિનો વિષય થાય નહિ, (પરંતુ ગ્રંથકારશ્રી સૂત્રનીતિથી પ્રસ્તુત ગ્રંથ કહે છે, માટે સર્વજ્ઞનાં વચન અનુપાતી હોવાથી વિચારકને વ્યભિચારની શંકાનો અવકાશ નથી, માટે પ્રવૃત્તિનો વિષય થશે.)

અને આ અર્થ=સૂત્રનીતિથી હું કહીશ એ અર્થ, શ્રોતાની પ્રવૃત્તિ માટે નમસ્કારકરણ દ્વારા= વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને એ કથન દ્વારા, સામાન્યથી કહેવાયો હોવા છતાં પણ=જે તીર્થંકરને નમસ્કાર કર્યો છે તે તીર્થંકરના વચનાનુસાર આ ગ્રંથ છે તે પ્રમાણે સામાન્યથી કહેવાયેલું થઈ જાય છે તેથી સામાન્યથી કહેવાયેલ હોવા છતાં પણ, ફરી વિશેષથી કહેવાયું છે=હું સર્વજ્ઞના વચનાનુસાર કહીશ એ પ્રમાણે વિશેષથી કહેવાયું છે, એથી પુનરુક્તતા નથી=સૂત્રનીતિથી હું કહીશ એ કથનમાં પુનરુક્તતા નથી.

આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, આ ગાથાના આદિ પદથી મંગલ કહેવાયું, વળી શેષ પાદો વડે મુખ્યવૃત્તિથી વિશેષણ સહિત અભિધેય કહેવાયું=સાક્ષાત્ શબ્દ દ્વારા અભિધેય કહેવાયું, અને તેના અભિધાનમાં=સવિશેષણ એવા અભિધેયના અભિધાનમાં, ગૌણવૃત્તિથી પ્રયોજન અને સંબંધ કહેવાયો=અર્થથી પ્રયોજન અને સંબંધ કહેવાયો, તે આ પ્રમાણે – આનું=પ્રસ્તુત ગ્રંથનું, બે પ્રકારનું પ્રયોજન છે – અનંતર અને પરંપર. વળી એક એક=અનંતર અને પરંપર પ્રયોજન પ્રત્યેક, કર્તા અને શ્રોતાની અપેક્ષાએ બે પ્રકારનું છે, ત્યાં=કર્તા અને શ્રોતાના પ્રયોજનમાં, કર્તાનું અનંતર-પ્રયોજન સંક્ષેપથી યોગ્ય જીવોને શ્રાવકધર્મના બોધનું કારણ છે. વળી, પરંપરપ્રયોજન પરોપકાર દ્વારા કર્મક્ષયથી નિર્વાણ છે, વળી શ્રોતાનું અનંતરપ્રયોજન આનું સમાસ પ્રકરણપણું હોવાથી= પ્રસ્તુત પંચાશકનું સંક્ષેપથી પ્રકરણપણું હોવાથી, અક્લેશથી શ્રાવકધર્મનો બોધ છે, વળી પરંપર-

પ્રયોજન નિર્વાણ જ છે અર્થાત્ શ્રાવકધર્મનો બોધ કરીને શ્રાવકધર્મના સેવન દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય થવાથી સર્વવિરતિના પાલન દ્વારા વીતરાગતાની પ્રાપ્તિથી મોક્ષની પ્રાપ્તિ પરંપર-પ્રયોજન છે અને આ પ્રયોજન અભિધેયના કથન દ્વારા સામર્થ્યથી કહેવાયું=પ્રસ્તુત ગ્રંથનું અભિધેય શ્રાવકધર્મ છે અને તે શ્રાવકધર્મનું પરંપરપ્રયોજન મોક્ષ છે તેનું અભિધેયના કથનથી જ પ્રયોજન પ્રાપ્ત થાય છે. હિ=જે કારણથી, પુરુષાર્થને અનુપયોગી વસ્તુના અભિધાન માટે સંતપુરુષો પ્રવર્તતા નથી; કેમ કે તત્ત્વહાનિનો પ્રસંગ છે=સંતપણાની હાનિનો પ્રસંગ છે. (માટે પુરુષાર્થને ઉપયોગી પ્રસ્તુત ગ્રંથ હોવાથી પ્રસ્તુત ગ્રંથનું પ્રયોજન પરંપરાએ નિર્વાણ છે એ અર્થથી સ્થાપિત થાય છે.) અને આ પ્રકરણનું આ પ્રયોજન છે એ બતાવતા ગ્રંથકારશ્રી વડે આનો=પ્રસ્તુત ગ્રંથનો, ઉપાય-ઉપેયભાવ લક્ષણ સંબંધ બતાવાયો જ છે. તે આ પ્રમાણે –

આ પ્રકરણ ઉપાય છે=શ્રાવકધર્મના અધિગમનો ઉપાય છે; કેમ કે ઉપાયાન્તરથી=પ્રસ્તુત ગ્રંથના અધ્યયનને છોડીને ઉપાયાન્તરથી, વિવક્ષિત અધિગમકરણાદિની અસિદ્ધિ છે=વિવક્ષિત એવા શ્રાવકધર્મના બોધને પ્રાપ્ત કરવો અને બોધને પ્રાપ્ત કરીને શ્રાવકધર્મનું સેવન કરવું અને તેના દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરવો તે સર્વની અસિદ્ધિ છે, આથી જ આનો=પ્રસ્તુત ગ્રંથનો, આ અધિગમાદિકરણ ઉપેય છે=પ્રસ્તુત ગ્રંથના અધ્યયનથી સાધ્ય છે, અને કહે છે=પ્રયોજન કહેવાથી સંબંધ કહેવાયેલો થાય છે તેમાં સાક્ષી આપે છે –

આનું આ પ્રયોજન છે એ પ્રમાણે કહેવાયે છતે=આ ગ્રંથનું આ પ્રયોજન છે એ પ્રમાણે કહેવાયે છતે, સંબંધ કહેવાયેલો જ થાય છે=પ્રસ્તુત ઉપેયનો આ ઉપાય છે એ પ્રકારનો સંબંધ કહેવાયેલો જ થાય છે, તે કારણથી આ= સંબંધ, પ્રયોજનથી ભેદ વડે વાચ્ય નથી. ।।૧।। ()

એ પ્રમાણે ગાથાનો સંક્ષેપ અર્થ છે. ।।૧/૧।।

અવતરણિકા :-

श्रावकधर्मं वक्ष्य इति यदुक्तम्, तत्र श्रावकशब्दार्थनिरूपणार्थमाह–

અવતરણિકાર્થ :-

'શ્રાવકધર્મને હું કહીશ' એ પ્રમાણે જે કહેવાયું છે=પ્રથમ ગાથામાં કહેવાયું છે, ત્યાં=શ્રાવકધર્મ શબ્દમાં, શ્રાવક શબ્દના અર્થના નિરૂપણ માટે કહે છે=શ્રાવક શબ્દનો પારમાર્થિક અર્થ શું છે ? તેને બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

परलोयहियं सम्मं जो जिणवयणं सुणेइ उवउत्तो ।
अइतिव्वकम्मविगमा सुक्कोसो सावगो एत्थ ।।१/२।।

છાયા :-

परलोकहितं सम्यग् यो जिनवचनं शृणोति उपयुक्तः ।
अतितीव्रकर्मविगमात् सोत्कर्षः श्रावकोऽत्र ।।१/२।।

અન્વયાર્થ :-

અઇતિવ્વકમ્મવિગમા=અતિતીવ્રકર્મના વિગમનથી, ઉવઉત્તો જો=ઉપયોગવાળો જે, પરલોયહિયં જિણવયણં= પરલોક માટે હિત એવું જિનવચન, સમ્મં=સમ્યક્, સુણેઇ=સાંભળે છે, સ=તે, એત્થ=અહીં=શ્રાવકધર્મના પ્રકમમાં, ઉક્કોસો સાવગો=ઉત્કૃષ્ટ શ્રાવક છે=મુખ્ય શ્રાવક છે. ।।૧/૨।।

ગાથાર્થ :-

અતિતીવ્રકર્મના વિગમનથી ઉપયોગવાળો જે પરલોક માટે હિત એવું જિનવચન સમ્યક્ સાંભળે છે, તે અહીં ઉત્કૃષ્ટ શ્રાવક છે. ।।૧/૨।।

ટીકા :-

व्याख्या—परलोयेत्यादि । यो जिनवचनं शृणोति स श्रावक इत्येवमिह क्रियाभिसम्बन्धः, तत्र य इति सामान्यनिर्देशः, तेन यः कश्चित्प्राणी, न पुनर्नियतकुलोत्पन्न एव, यथा ब्राह्मणकुलोत्पन्न एव ब्राह्मणो भवतीति, क्रियाविशेषनिबन्धनत्वात् श्रावकत्वस्येति । ननु श्रवणमात्रनिबन्धनं श्रावकत्वमेवं स्यात्तच्च सर्वस्य श्रोत्रेन्द्रियलब्धिमतः संभवति, विशिष्टं च तदिष्यत इत्याशङ्कायामाह—जिनवचनमाप्तागमम्, न पुनर्यत्किञ्चनानाप्तवचनं वा, तस्याप्रमाणतया विवक्षितार्थासाधकत्वेन श्रवणानुचितत्वात् । किंभूतं तदित्याह—परलोको जन्मान्तरं प्रधानं जन्म वा तस्मै हितं पथ्यं परलोकहितम्, जिनवचनाराधनाद्धि परलोकोऽनुकूल एव भवतीति । स्वरूपप्रतिपादनपरं चेदं विशेषणम्, परलोकाहितस्य जिनवचनस्य सर्वथैवाभावेन व्यवच्छेद्याभावात् अथवा यज्जिनवचनमिहलोकहितं निमित्तशास्त्रं ज्योतिषप्राभृत(योनिप्राभृत)प्रभृतिकं तद्व्यवच्छेदार्थमेतद्भविष्यति । यद्यपि ज्योतिषप्राभृतादिकमभिप्रायविशेषतः परलोकहितम्, तथापि तन्मुख्यवृत्त्येहलोकहितमेव । अथाभिप्रायविशेषतोऽपि यत्परलोकहितं तत्परलोकहितमेव, एवं तर्हि सर्वाण्यपि कुशासनानि तथा भवन्तु, किमेकमेव जिनवचनं परलोकहितमित्युच्यते, सर्वेषामपि तेषां विवक्षया परलोकहितत्वेनेष्टत्वात् ।

यदाह—

'जे जत्तिया य हेऊ भवस्स ते चेव तत्तिया मोक्खे ।
गणणाईया लोया दोण्हवि पुण्णा भवे तुल्ला ।।५४।।' **[ओघनिर्युक्ति]**

अतोऽनेन विशेषणेन यत्साक्षात्परलोकहितं साधुश्रावकानुष्ठानगर्भं जिनवचनं तच्छृण्वञ्छ्रावको

भवतीत्यभिहितम् ।

अत एवान्यत्र पूज्यैरेवोक्तम्–

'संपन्नदंसणाई पइदियहं जइजणा सुणेई य ।
सामायारिं परमं जो खलु तं सावयं बिंति ।।१।।' []

कथं शृणोतीत्याह–सम्यगशठतया, प्रत्यनीकादिभावेन शृण्वन्नपि न श्रावको भवतीति भावः । अथवा ननु कपिलादिवचनमपि परलोकहितं भवति, कथमन्यथाऽभिधीयते-'जावंति बंभलोओ चरग-परिव्वायउववाउ' () त्ति । अतस्तत्त्यागेन कथं जिनवचनमेव शृण्वन् श्रावको भवतीत्याशङ्कायामाह–सम्यक् समीचीनमत्यन्तं परलोकहितमिति यावत् । यथा हि जिनवचनं साक्षात्पारंपर्येण वा मोक्षहेतुतया सम्यक् परलोकहितम्, न तथा कपिलादिवचनमिति भावः । शृणोत्याकर्णयति । किंभूतः सन्नित्याह–उपयुक्तो दत्तावधानोऽनुपयुक्तश्रवणं हि नार्थवदत एव तन्निषेधार्थमुक्तम्–

'निद्दाविगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं ।
भत्तिबहुमाणपुव्वं उवउत्तेहिं सुणेयव्वं ।।१००६।।' [पञ्चवस्तु]

एवंविधे श्रवणे हेतुमाह–अथवा ननु व्यवहारेणोपयुक्तोऽशठश्च जिनवचनमभव्योऽपि कस्यांचिदवस्थायां शृणोति, तत्कथमसौ श्रावकः स्यादित्याशंक्याह–अतितीव्रस्यात्युत्कटस्य कर्मणो ज्ञानावरणीयमिथ्यात्वादेर्विगमो विनाशोऽतितीव्रकर्मविगमस्तस्मात् । न हि तीव्रकर्मविगममन्तरेणोक्तविशेषणश्रवणसंभवः । पातनान्तरपक्षे तु उक्तविशेषणवतः शृण्वतोऽप्यतितीव्रकर्मविगम एव विवक्षितश्रावकत्वं भवति ।

यदाह–

'सत्तण्हं पगडीणं अब्भंतरओ उ कोडिकोडीए ।
काऊण सागराणं जइ लहति चउण्हमण्णयरं ।।१।।' []

स इत्यनन्तरोद्दिष्टः । उक्कोसो त्ति उत्कृष्यत इत्युत्कर्ष उत्कृष्टः प्रधानो मुख्यश्रावकव्यपदेशभाजनत्वात्तस्य । यद्वा शुक्लः शुक्लपाक्षिकः अपार्धपुद्गलपरावर्ताभ्यन्तरीभूतसंसार इत्यर्थः, स उक्तस्वरूपश्रावकः शृणोतीति शब्दव्युत्पत्तिविषयीभूतनामा । अत्रैतस्मिन् श्रावकधर्मविचारप्रक्रमेऽन्यत्र पुनर्निर्विशेषणेन श्रवणेन श्रावणेन वा नामादिभेदभिन्नो वा श्रावको भवतीति गाथार्थः ।।१/२।।

ટીકાર્થ :-

यो ..... गाथार्थः ।। 'परलोयेत्यादि' प्रतीक छे. જે જિનવચનને સાંભળે છે તે શ્રાવક છે એ પ્રમાણે અહીં=પ્રસ્તુત ગાથામાં, ક્રિયાનો અભિસંબંધ છે=ક્રિયાપદની સાથે યોજન છે, ત્યાં=ગાથામાં, 'यः' એ

પ્રકારના શબ્દથી સામાન્ય નિર્દેશ છે તેનાથી જે કોઈ પ્રાણી, પરંતુ નિયતકુલમાં ઉત્પન્ન જ નહિ એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે અર્થાત્ વ્યવહારમાં શ્રાવકકુલમાં ઉત્પન્ન થયેલાને શ્રાવક કહેવાય છે તે નહિ, પરંતુ ગમે તે કુલમાં ઉત્પન્ન થયેલો જે જિનવચનને સાંભળે છે તે શ્રાવક છે એમ અન્વય છે, જે પ્રમાણે બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયેલો જ બ્રાહ્મણ છે એ પ્રમાણે નિયતકુલમાં ઉત્પન્ન થયેલો જ શ્રાવક છે એ પ્રમાણે નથી; કેમ કે શ્રાવકનું ક્રિયાવિશેષણનું નિબંધનપણું છે=વિશેષ પ્રકારથી જિનવચનને શ્રવણ કરવાનો ક્રિયાવિશેષ જેમાં હોય એ શ્રાવક છે, એ પ્રકારની વ્યુત્પત્તિ છે.

'ननु'થી શંકા કરે છે – શ્રવણમાત્ર નિબંધન એવું શ્રાવકપણું આ રીતે થાય='श्रृणोति इति श्रावकः' એ પ્રકારની વ્યુત્પત્તિથી થાય, અને તે=શ્રવણમાત્ર, શ્રોત્રેન્દ્રિયની લબ્ધિવાળા સર્વ જીવોને સંભવે છે અને વિશિષ્ટ એવું તે=વિશિષ્ટ એવું શ્રવણ, ઈચ્છાય છે=શ્રાવકપણાના કારણરૂપે ઈચ્છાય છે, એ પ્રકારની આશંકામાં કહે છે –

જિનવચન=આપ્તઆગમ, પરંતુ જે કંઈ નહિ અથવા અનાપ્ત નહિ=અનાપ્ત વચનને સાંભળનારો શ્રાવક નથી; કેમ કે તેનું અપ્રમાણપણું હોવાથી=જિનવચનથી અન્ય વચનનું કે જિનવચનને જ કહેનારા અનાપ્ત પુરુષના વચનનું અપ્રમાણપણું હોવાથી અર્થાત્ મોક્ષને અનુકૂળ ઉચિત તત્ત્વને નહિ બતાવનારપણું હોવાથી, વિવક્ષિત અર્થનું અસાધકપણું હોવાને કારણે=તે શ્રવણથી મોક્ષને અનુકૂળ જે માર્ગની પ્રાપ્તિરૂપ વિવક્ષિત અર્થ તેનું અસાધકપણું હોવાને કારણે, શ્રવણને અનુચિતપણું છે= શ્રવણથી અહિતની પ્રાપ્તિ હોવાને કારણે અશ્રવણ કરવા યોગ્યપણું છે.

કેવા પ્રકારનું તે=જિનવચન, શ્રાવક સાંભળે છે ? એથી કહે છે –

પરલોક=જન્માંતર, અથવા પ્રધાન જન્મ=મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ સુદેવત્વ કે સુમાનુષત્વરૂપ પ્રધાન જન્મ, તેને માટે હિત=પથ્ય, એ પરલોકહિત છે. (તેથી જન્માંતરમાં પ્રધાન જન્મનું કારણ બને એવું જિનવચન જે સાંભળે છે તે શ્રાવક છે, यद् तद् જિનવચન સાંભળે છે તે શ્રાવક નથી, એમ યોજન છે.) हि=જે કારણથી, જિનવચનની આરાધનાથી પરલોક અનુકૂળ જ થાય છે એથી સ્વરૂપ-પ્રતિપાદનપર આ વિશેષણ છે='પરલોકહિત એવું જિનવચન સાંભળે છે' એ કથનમાં પરલોકહિત એ વિશેષણ સ્વરૂપપ્રતિપાદનપર છે; કેમ કે પરલોક માટે અહિત એવા જિનવચનનો સર્વથા અભાવ જ હોવાને કારણે વ્યવચ્છેદનો અભાવ છે અર્થાત્ શ્રોતાની યોગ્યતા અનુસાર કહેવાયેલું સર્વ જિનવચન ઉચિત બોધ કરાવીને પરલોકના હિતને જ કરનાર છે, તેથી પરલોકને અહિત કરનાર કોઈ જિનવચન નથી. માટે પરલોકહિત એ વિશેષણ દ્વારા કોઈ જિનવચનનો વ્યવચ્છેદ થતો નથી, પરંતુ જિનવચનના સ્વરૂપનો જ બોધ થાય છે.

અથવા જે જિનવચન નિમિત્તશાસ્ત્ર, યોનિપ્રાભૃત વગેરે ઈહલોક માટે હિતરૂપ છે તેના વ્યવચ્છેદ માટે આ=પરલોકહિત એ વિશેષણ, થશે અર્થાત્ જે શ્રાવક નિમિત્તશાસ્ત્ર યોનિપ્રાભૃત વગેરે ભણે છે તે શ્રાવક છે એમ નથી, પરંતુ સાધુસામાચારી કે શ્રાવકસામાચારી પોતાના પરલોક માટે હિત છે

એવા જિનવચનને જ સાંભળે છે તે શ્રાવક છે, જો કે યોનિપ્રાભૃતાદિક અભિપ્રાયવિશેષથી=વિશેષ પ્રકારના શાસન પ્રભાવના આદિના કારણે કે ધ્યાનાદિ અર્થે તત્ત્વના ભાવનના અભિપ્રાયવિશેષથી, પરલોકનું હિત છે તોપણ મુખ્યવૃત્તિથી તે=યોનિપ્રાભૃત વગેરે, આ લોકનું હિત જ છે.

'અથ'થી શંકા કરે છે – અભિપ્રાયવિશેષથી પણ જે પરલોકહિત છે તે પરલોકહિત જ છે, તેથી તેને સાંભળનાર શ્રાવક કહી શકાશે. આ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

આ રીતે તો=અભિપ્રાયવિશેષથી પરલોકહિત હોય તેને પરલોકહિત કહેવાય એ રીતે તો, સર્વ પણ કુશાસનો=કુદર્શનો, તે પ્રકારે થાઓ=પરલોકનું હિત થાઓ, કેમ એક જ જિનવચન પરલોકહિત છે એ પ્રમાણે કહેવાય છે ? અર્થાત્ તેમ કહી શકાય નહિ; કેમ કે સર્વ પણ તેઓનું=કુદર્શનોનું, વિવક્ષાથી પરલોકના હિતપણા વડે ઇષ્ટપણું છે, જેને કહે છે=જિનવચન અને અન્ય દર્શનો પણ વિવક્ષાથી પરલોકનું હિત છે એમ જે કહ્યું તેમાં સાક્ષી કહે છે –

જે જેટલા ભવોના હેતુઓ છે તે જ તેટલા મોક્ષમાં હેતુઓ છે, ગણનાતીત લોકપ્રમાણ બન્ને પણ છે=ભવના હેતુ અને મોક્ષના હેતુ છે, બન્ને પણ પૂર્ણ તુલ્ય થાય. ॥૧॥ **(ઓઘનિર્યુક્તિ૦ ગાથા-૫૪)**

આથી=યોનિપ્રાભૃતાદિ અને અન્ય દર્શનનાં વચનો અભિપ્રાયવિશેષથી પરલોક માટે હિત છે સાક્ષાત્ નથી આથી, આ વિશેષણ દ્વારા=જિનવચનનું પરલોકહિત એ વિશેષણ દ્વારા, જે સાક્ષાત્ પરલોક માટે હિત એવું સાધુ કે શ્રાવકના અનુષ્ઠાનગર્ભ જિનવચન છે તેને સાંભળતો શ્રાવક થાય છે એ પ્રમાણે કહેવાયું છે=ગાથાથી કહેવાયું છે, આથી જ=સાધુ કે શ્રાવકધર્મના અનુષ્ઠાનગર્ભ જિનવચનને સાંભળનારો શ્રાવક છે આથી જ, અન્યત્ર પૂજ્ય વડે જ=પૂજ્ય એવા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વડે જ, કહેવાયું છે –

સંપ્રાપ્ત દર્શનાદિવાળો જે યતિજન પાસેથી પરમ સામાચારીને=સાધુધર્મની કે શ્રાવકધર્મની શ્રેષ્ઠ સામાચારીને પ્રતિદિવસ સાંભળે છે તેને શ્રાવક કહે છે. ॥૧॥ **()**

કેવી રીતે સાંભળે છે ? એથી કહે છે –

સમ્યગ્=અશઠપણાથી, પ્રત્યનીકાદિભાવથી સાંભળતો પણ શ્રાવક થતો નથી=ભગવાનના વચનને જાણીને તેના ખંડનના આશયથી જે ભણે તે પ્રત્યનીકભાવથી ભણે છે. 'प्रत्यनीकादि'માં 'आदि'પદથી જે સાંભળવામાત્રથી સાંભળે છે, પરંતુ પ્રકૃત સામાચારીના રહસ્યને સ્પર્શે તે રીતે જે સમ્યગ્ સાંભળતા નથી તે શ્રાવક નથી, તેનું ગ્રહણ છે.

'અથવા'થી અન્ય વિકલ્પ કરે છે=સમ્યક્ શબ્દને ક્રિયાવિશેષણ કરેલું તેને અન્ય રીતે યોજન કરતાં 'અથવા'થી કહે છે –

ત્યાં શંકા કરતાં 'ननु'થી કહે છે – કપિલાદિ વચન પણ પરલોક માટે હિત છે, અન્યથા=કપિલાદિનું વચન પરલોક માટે હિત ન હોય તો, કેમ અન્યથા કહેવાય છે ?

શું કહેવાય છે ? તે બતાવે છે –

"ચરક-પરિવ્રાજકનો ઉપપાત બ્રહ્મલોક સુધી છે" () તે કેમ કહેવાય છે ? (એથી નક્કી થાય છે કે કપિલાદિનું ચરક-પરિવ્રાજકના ઉપપાતને કહેનારું વચન પણ પરલોકનું હિત છે,) આથી તેના ત્યાગથી=કપિલાદિથી કહેવાયેલી ચરક-પરિવ્રાજકની સામાચારીના ત્યાગથી, (જે જિનવચનને સાંભળે છે તે શ્રાવક છે તે બતાવવા માટે કહે છે —) કેવી રીતે જિનવચનને જ સાંભળતો શ્રાવક થાય છે ? એ પ્રકારની આશંકામાં કહે છે — સમ્યક્=સમીચીન=અત્યંત, પરલોકહિતને સાંભળતો શ્રાવક થાય છે, આ પ્રકારના કથનમાં સમ્યક્ શબ્દનું યોજન પરલોકહિતના વિશેષણરૂપ છે, પરંતુ 'શ્રુણોતિ'નું ક્રિયાવિશેષણ નથી,

ચરક પરિવ્રાજકની સામાચારી પરલોકહિત હોવા છતાં સમ્યક્ પરલોકહિત કેમ નથી ? તે બતાવવા અર્થે કહે છે —

હિ=જે કારણથી, જે પ્રમાણે જિનવચન સાક્ષાત્ કે પરંપરાથી મોક્ષનું હેતુપણું હોવાથી સમ્યક્ પરલોકહિત છે તે પ્રમાણે કપિલાદિનું વચન નથી એ પ્રકારનો ભાવ છે. સમ્યગ્ પરલોકહિત એવું જિનવચન સાંભળે છે, કેવા પ્રકારનો છતો શ્રાવક સાંભળે છે ? એને કહે છે — ઉપયુક્ત=અપાયેલા અવધાનવાળો, સાંભળે છે. હિ=જે કારણથી, અનુપયુક્ત શ્રવણ અર્થવાળું નથી=શ્રવણમાત્રની ક્રિયા માત્ર થાય છે, પરંતુ સામાચારીનો સૂક્ષ્મબોધ થતો નથી માટે ઉપયોગ રહિત શ્રવણ નિષ્ફળ છે, આથી જ=અનુપયુક્ત શ્રવણ નિષ્ફળ છે આથી જ, તેના નિષેધ માટે કહેવાયું છે=અનુપયુક્ત શ્રવણના નિષેધ માટે કહેવાયું છે —

"નિદ્રા-વિકથાના પરિવર્જનથી, ગુપ્તિઓથી, બે હાથ જોડવાથી ભક્તિ-બહુમાનપૂર્વક ઉપયુક્ત એવા શ્રોતાએ સાંભળવું જોઈએ. ॥૧॥" (પંચવસ્તુક૦ ગાથા-૧૦૦૬)

આવા પ્રકારના શ્રવણમાં હેતુને કહે છે —

'અથવા'થી અન્ય રીતે શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે —

વ્યવહારથી ઉપયુક્ત અશઠ એવો અભવ્ય પણ કોઈક અવસ્થામાં જિનવચનને સાંભળે છે, તેથી કેવી રીતે આ શ્રાવક થાય ? એ પ્રકારની શંકામાં કહે છે —

અતિતીવ્ર=અતિ ઉત્કટ, એવા જ્ઞાનાવરણીય-મિથ્યાત્વાદિ કર્મનો વિગમ=વિનાશ, અતિતીવ્રકર્મવિગમ છે, તેનાથી સાંભળે છે એમ અન્વય છે.

હિ=જે કારણથી, તીવ્રકર્મના વિગમ વગર ઉક્ત વિશેષણવાળા શ્રવણનો સંભવ નથી=સાધુસામાચારી કે શ્રાવકસામાચારી સમ્યક્ શ્રવણ કરે છે એ રૂપ વિશેષણનો સંભવ નથી અર્થાત્ અભવ્ય કે દુર્ભવ્ય જીવો સાધુસામાચારી કે શ્રાવકસામાચારીને સાંભળતા હોય તોપણ અતિતીવ્ર કર્મનો વિગમ નહિ હોવાથી તેના હાર્દને સ્પર્શે તે પ્રકારે સમ્યક્ સાંભળતા નથી.

વળી પાતનાન્તર પક્ષમાં=સમ્યક્ શબ્દ પરલોકહિતનું વિશેષણ કર્યું એ પક્ષમાં, ઉક્તવિશેષણવાળા જિનવચનને સાંભળતાનું પણ અતિતીવ્રકર્મના વિગમમાં જ વિવક્ષિત શ્રાવકપણું થાય છે=સમ્યક્

પરલોકહિત એમ કહેવાથી કપિલાદિની સામાચારીને છોડીને સમ્યક્ પરલોકહિત એવી જિનવચનમાં કહેવાયેલી સામાચારીને સાંભળતો પણ જીવ અતિતીવ્રકર્મવિગમવાળો હોય તો જ વિવક્ષિત શ્રાવક થાય છે (કેમ કે અતિતીવ્ર કર્મનો વિગમ ન હોય તો વિવક્ષિત સામાચારીના શ્રવણથી પણ સામાચારીના પરમાર્થનો બોધ થતો નથી.) જેને કહે છે –

"સાત પ્રકૃતિઓને અંતઃ કોડાકોડી સાગરોપમ કરીને જો ચારમાંથી અન્યતરને પ્રાપ્ત કરે છે=સમ્યક્ત્વસામાયિક-શ્રુતસામાયિક-દેશવિરતિસામાયિક કે સર્વવિરતિસામાયિકમાંથી અન્યતરને પ્રાપ્ત કરે છે. ।।૧।।" ()

તે=અનન્તરમાં ઉદ્દિષ્ટ એવો જીવ=ગાથાના પૂર્વાર્ધમાં કહેવાયેલો જે જિનવચનને સાંભળે છે તે જીવ, ઉત્કૃષ્ટ શ્રાવક છે એમ અન્વય છે.

ઉત્કૃષ્ટનો અર્થ કરે છે –

ઉત્કર્ષ કરે છે એ ઉત્કર્ષ, ઉત્કૃષ્ટ=પ્રધાન; કેમ કે તેનું મુખ્ય શ્રાવકના વ્યપદેશનું ભાજનપણું છે=જે શ્રાવક પૂર્વમાં કહ્યું એ રીતે સામાચારી સાંભળે છે તે દ્રવ્યશ્રાવક નથી ભાવશ્રાવક છે, તેથી તે મુખ્ય શ્રાવકના વ્યપદેશનું ભાજન છે, અથવા શુક્લ=ગાથામાં રહેલા 'ઉક્કોસ'નો અર્થ શુક્લ છે, તેથી શુક્લપાક્ષિક=અપાર્ધપુદ્ગલપરાવર્ત અભ્યન્તરીભૂત સંસારવાળો=અર્ધપુદ્ગલપરાવર્તકાળથી ન્યૂન સંસારવાળો, શ્રાવક છે. તે ઉક્ત સ્વરૂપવાળો શ્રાવક 'શ્રુણોતિ ઇતિ શ્રાવકઃ' અર્થાત્ સાંભળે છે એ શ્રાવક એ પ્રકારના શબ્દની વ્યુત્પત્તિના વિષયભૂત નામવાળો અહીં=આ શ્રાવકધર્મના વિચારના પ્રક્રમમાં, ગ્રહણ થાય છે, વળી અન્યત્ર=આવા વિશેષણ વગરના શ્રાવકમાં, નિર્વિશેષણ શ્રવણથી અથવા નિર્વિશેષણ શ્રાવણથી અથવા નામાદિ ભેદવાળો શ્રાવક થાય છે એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૨।।

ભાવાર્થ :-

ઉપદેશાદિના નિમિત્તને પામીને કોઈ જીવને સંસાર અત્યંત રૌદ્ર છે તેવો નિર્ણય થયો હોય અને ઉપદેશકાદિ પાસેથી જ્ઞાન થયું હોય કે 'સર્વજ્ઞ, વીતરાગ વડે કહેવાયેલું જે વચન છે તે વચનાનુસાર જેઓ શુદ્ધ સાધ્વાચારને પાળે છે અને તેના પાલન દ્વારા વીતરાગતુલ્ય થવા માટે અપ્રમાદથી યત્ન કરે છે તેઓ સંસારનો ઉચ્છેદ કરીને સંપૂર્ણ સુખમય એવા મોક્ષને પ્રાપ્ત કરે છે' અને તે પ્રકારનું જ્ઞાન થવાને કારણે જેના અતિતીવ્ર કર્મનો વિગમ થયો છે, તેથી મોક્ષના ઉપાયભૂત સાધુધર્મને કહેનારા જિનવચનને સાંભળવા માટે જેઓ અત્યંત તત્પર થયા છે અને સાધુસામાચારી કઈ રીતે મોહનાશનું કારણ છે ?, કઈ રીતે ત્રણ ગુપ્તિઓનું કારણ છે ? ઇત્યાદિ સાધુસામાચારીનું રહસ્ય કોઈ મહાત્મા યથાર્થ બતાવતા હોય તેને સાંભળવા માટે જેઓ અત્યંત તત્પર થયા હોય અને તેને સાંભળીને ભાવસાધુ થવાની ઇચ્છાથી વારંવાર તે સામાચારીને સાંભળીને આત્માને ભાવિત કરતા હોય તે ઉત્કૃષ્ટ શ્રાવક છે અર્થાત્ નામથી શ્રાવક નથી, પરંતુ ભાવથી શ્રાવક છે.

વળી દેશ-કાળની વિષમતાને કારણે તેવી સાધુસામાચારીના રહસ્યને બતાવનારા મહાત્મા સાક્ષાત્ ઉપલબ્ધ ન હોય તોપણ પૂર્વસૂરિઓ દ્વારા સાધુધર્મનું કે શ્રાવકધર્મનું જે વર્ણન કરાયું છે તેના અધ્યયન દ્વારા

તેના પરમાર્થને પ્રાપ્ત કરવા માટે જેઓ સદા ઉદ્યમવાળા છે તેઓ ભાવશ્રાવક છે; કેમ કે તેઓ સંસારના પરિભ્રમણથી શ્રાંત થયેલા છે અને તેના ઉચ્છેદનો ઉપાય વેશમાત્રથી કે આચરણામાત્રથી સાધુધર્મ નથી, પરંતુ તેલપાત્રધારક પુરષની જેમ અપ્રમાદથી સેવાયેલી સાધુસામાચારી જ તેના ઉચ્છેદનો ઉપાય છે, તેથી સંસારના ઉચ્છેદના અર્થી એવા શ્રાવકો પ્રતિદિન સાધુસામાચારીનું શ્રવણ-અધ્યયન કરે છે અને તેનાથી આત્માને અત્યંત ભાવિત કરે છે અને તેવા સાધુધર્મના પાલનની શક્તિના સંચય અર્થે શ્રાવકધર્મનાં વ્રતો છે એમ જાણીને તેના પરમાર્થને જાણવા યત્ન કરે છે તેઓ ભાવશ્રાવક છે; કેમ કે તેઓ શુદ્ધસામાચારીના શ્રવણ અને ભાવનથી સાધુ જેવા નિસંગભાવને પ્રગટ કરવા અર્થે સદા યત્ન કરનારા છે. **॥૧/૨॥**

અવતરણિકા :-

सम्यक्त्वादिश्रावकधर्मं वक्ष्य इत्युक्तम्, तत्र सम्यक्त्वं तावत् स्वरूपतः फलतश्च निरूपयन्नाह—

અવતરણિકાર્થ :-

'સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મને હું કહીશ' એ પ્રમાણે કહેવાયું=ગાથા-૧માં કહેવાયું, ત્યાં=સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મમાં, સમ્યક્ત્વને સ્વરૂપથી અને ફળથી નિરૂપણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

तत्तत्थसद्दहाणं सम्मत्तमसग्गहो ण एयम्मि ।
मिच्छत्तखओवसमा सुस्सूसाइ उ होंति दढं ।।१/३।।

છાયા :-

तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमसद्ग्रहः न एतस्मिन् ।
मिथ्यात्वक्षयोपशमात् शुश्रूषादयस्तु भवन्ति दृढम् ।।१/३।।

અન્વયાર્થ :-

तत्तत्थसद्दहाणं=તત્ત્વાર્થનું શ્રદ્ધાન, सम्मत्तम्=એ સમ્યક્ત્વ છે, एयम्मि=આમાં=સમ્યક્ત્વમાં, मिच्छत्त-खओवसमा=મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી, असग्गहो ण=અસદ્ગ્રહ નથી, उ=વળી, सुस्सूसाइ=શુશ્રૂષાદિ, दढं=દૃઢ, होंति=થાય છે. ।।૧/૩।।

ગાથાર્થ :-

તત્ત્વાર્થનું શ્રદ્ધાન એ સમ્યક્ત્વ છે, આમાં મિથ્યાત્વનો ક્ષયોપશમ હોવાથી અસદ્ગ્રહ નથી, વળી શુશ્રૂષાદિ દૃઢ થાય છે. ।।૧/૩।।

ટીકા :-

व्याख्या—तत्तेत्यादि । तत्त्वार्थानां सर्वविदुपदिष्टतया पारमार्थिकानां जीवादिपदार्थानां श्रद्धानम्

एतदेवमेवेतिप्रत्ययः, तत्त्वेन वा भावतोऽर्थानां श्रद्धानं तत्त्वार्थश्रद्धानम् । तत्किमित्याह—सम्यगिति प्रशंसार्थो निपातः, समञ्चतीति, वा सम्यक्, तद्भावः सम्यक्त्वमित्यस्य स्वरूपमभिहितम् । अथास्यैव दोषविशेषनिवृत्तिरूपं फलमाह—अथवा तत्त्वार्थश्रद्धानं निह्नवानामप्यस्तीति तेषामपि सम्यक्त्वं स्यादित्याशंक्याह—असद्ग्रहः-अशोभनाभिनिवेश आप्तवचनबाधितार्थपक्षपात इत्यर्थः न=नैव, यथोक्त-श्रद्धानविरुद्धत्वात् असद्ग्रहस्य, भवतीति गम्यते, एतस्मिन् अनन्तराभिहितलक्षणे सम्यक्त्वे सति, ततो निह्नवानां कथं तदिति, अथ कस्मादयमिह सति न भवतीत्याह—मिथ्यात्वस्य मिथ्यात्व-मोहनीयकर्मदलिकस्य क्षयेण-उदीर्णस्य विनाशेन सहोपशमो-विपाकोदयापेक्षया विष्कंभितोदयत्वं मिथ्यात्वक्षयोपशमस्तस्माद्धेतोः, उपलक्षणत्वादस्य क्षयादुपशमाच्चेत्यपि द्रष्टव्यम्, मिथ्यात्वोदयो ह्यसद्ग्रहहेतुः, मिथ्यात्वकर्मोदयश्च सम्यक्त्वे सति नास्तीत्यसद्ग्रहाभावोऽत्रेति भावः, के पुनरिह सति गुणा भवन्तीत्याह—शुश्रूषादयो धर्मशास्त्रश्रवणेच्छाप्रभृतयो वक्ष्यमाणाः, तुशब्दः पुनःशब्दार्थः, भवन्ति जायन्ते । मिथ्यात्वक्षयोपशमादेरेव, अनेनापि सम्यक्त्वस्य फलमभिहितम्, ननु मिथ्यात्वोदयेऽपि ते केचन संभवन्तीत्याह—दृढम्=अतिशयेन, यादृशैस्तैः सम्यक्त्वमभिव्यज्यत इति भावः, अतिशायितां च तेषां दर्शयिष्यामः ।

ટીકાર્થ :-

तत्त्वार्थानां ..... दर्शयिष्यामः । 'तत्तेत्यादि' પ્રતીક છે. તત્ત્વાર્થોનું=સર્વવિદ્ વડે ઉપદિષ્ટપણું હોવાને કારણે પારમાર્થિક એવા જીવાદિ પદાર્થોનું, શ્રદ્ધાન='આ આમ જ છે' અર્થાત્ શાસ્ત્રમાં જે જીવાદિ પદાર્થો બતાવ્યા છે અને જે સ્વરૂપે તેનું કથન છે તેનો નિર્ણય કરીને એ એમ જ છે એ પ્રકારનો પ્રત્યય અર્થાત્ નિર્ણય, તત્ત્વાર્થશ્રદ્ધાન છે, અથવા તત્ત્વથી=ભાવથી=પદાર્થના સમ્યગ્ અવલોકનને કારણે સ્વસંવેદનરૂપ પ્રતીતિથી, અર્થોનું=જીવાદિ પદાર્થોનું, શ્રદ્ધાન તત્ત્વાર્થશ્રદ્ધાન છે,

તે શું છે ?=તત્ત્વાર્થશ્રદ્ધાન શું છે ? એથી કહે છે —

'સમ્યગ્' એ પ્રશંસાર્થ નિપાત છે અથવા 'समञ्चति' એ સમ્યક્ છે અર્થાત્ સમ્યગ્ રીતે પ્રાપ્ત કરે છે એ સમ્યક્ છે, તેનો ભાવ=સમ્યક્નો ભાવ, સમ્યક્ત્વ છે, આ પ્રકારે=તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વ છે એ પ્રકારે, આનું=સમ્યક્ત્વનું, સ્વરૂપ કહેવાયું, હવે આના જ=સમ્યક્ત્વના જ, દોષવિશેષના નિવૃત્તિરૂપ ફલને કહે છે —

અથવા=અથવાથી અન્ય પ્રકારે ઉત્થાન કરે છે —

તત્ત્વાર્થશ્રદ્ધાન નિહ્નવોને પણ છે, એથી તેઓને પણ સમ્યક્ત્વ થાય. એ પ્રકારની આશંકા કરીને કહે છે —

અસદ્ગ્રહ=અશોભન અભિનિવેશ=આપ્તવચનથી બાધિત અર્થનો પક્ષપાત, નથી જ, કેમ કે

અસદ્ગ્રહનું યથોક્તશ્રદ્ધાનથી વિરુદ્ધપણું છે, ગાથામાં 'भवति' એ અધ્યાહાર છે=અસદ્ગ્રહ નથી જ એ સ્થાનમાં 'भवति' અધ્યાહાર છે, આ હોતે છતે=અનંતર કહેવાયેલા લક્ષણવાળું સમ્યક્ત્વ હોતે છતે, અસદ્ગ્રહ નથી જ, એમ અન્વય છે, તેથી નિહ્નવોને તે કેવી રીતે હોય ? અર્થાત્ નિહ્નવોને અસદ્ગ્રહ હોવાને કારણે તે અર્થાત્ સમ્યક્ત્વ હોઈ શકે નહિ.

'अथ'થી શંકા કરે છે — કયા કારણથી આ=અસદ્ગ્રહ, આ હોતે છતે=સમ્યક્ત્વ હોતે છતે, થતો નથી ? એથી કહે છે — મિથ્યાત્વના=મિથ્યાત્વમોહનીયકર્મદલિકના, ક્ષયની સાથે અર્થાત્ ઉદીર્ણ એવા કર્મના વિનાશની સાથે, ઉપશમ=વિપાકોદયની અપેક્ષાએ વિષ્કંભિત ઉદયપણું=ફલ આપવાની શક્તિના અવરોધપૂર્વક ઉદયપણું, મિથ્યાત્વનો ક્ષયોપશમ છે, તે હેતુથી સમ્યક્ત્વ હોતે છતે અસદ્ગ્રહ નથી એમ અન્વય છે, આનું=મિથ્યાત્વના ક્ષયોપશમનું, ઉપલક્ષણપણું હોવાથી ક્ષયથી અને ઉપશમથી= મિથ્યાત્વના ક્ષયથી કે મિથ્યાત્વના ઉપશમથી, અસદ્ગ્રહ નથી એ પણ જાણવું, हि=જે કારણથી, મિથ્યાત્વનો ઉદય અસદ્ગ્રહનો હેતુ છે અને સમ્યક્ત્વ હોતે છતે મિથ્યાત્વકર્મનો ઉદય નથી એથી અહીં=સમ્યક્ત્વમાં, અસદ્ગ્રહનો અભાવ છે એ પ્રકારનો ભાવાર્થ છે='મિથ્યાત્વના ક્ષયોપશમથી અસદ્ગ્રહ નથી' એ કથનનો ભાવાર્થ છે.

વળી આ હોતે છતે=સમ્યક્ત્વ હોતે છતે, કયા ગુણો થાય છે ? એને કહે છે — શુશ્રૂષાદિ= વક્ષ્યમાણ એવા ધર્મશાસ્ત્રશ્રવણની ઇચ્છા વગેરે, ગુણો મિથ્યાત્વ ક્ષયોપશમાદિથી જ થાય છે, 'तु' શબ્દ=ગાથામાં રહેલો 'तु' શબ્દ, 'पुनः' શબ્દાર્થવાળો છે, આના વડે પણ=શુશ્રૂષાદિ ગુણો થાય છે એના વડે પણ, સમ્યક્ત્વનું ફલ કહેવાયું.

'ननु'થી શંકા કરે છે — મિથ્યાત્વના ઉદયમાં પણ તે કોઈક=ધર્મશાસ્ત્ર શ્રવણની ઇચ્છા વગેરે કોઈક, સંભવે છે એથી કહે છે —

દૃઢ=અતિશયથી, થાય છે અર્થાત્ જેવા પ્રકારના તેઓ વડે=જેવા પ્રકારના શુશ્રૂષાદિ વડે, સમ્યક્ત્વ અભિવ્યક્ત થાય છે, તેવા પ્રકારના દૃઢ શુશ્રૂષાદિ ગુણો થાય છે એ પ્રકારનો ભાવ છે અને તેઓની અતિશયતાને અમે બતાવીશું=સમ્યક્ત્વકાળમાં થતા શુશ્રૂષાદિ ગુણોની અતિશયતાને અમે આગળ બતાવીશું.

ભાવાર્થ :-

જે જીવોને સર્વજ્ઞના વચનના ઉપદેશથી સંસારની રૌદ્રતાનું જ્ઞાન થયું છે, તેથી સંસારથી નિસ્તારના ઉપાય અર્થે શું પ્રયત્ન કરવો જોઈએ ? તે પ્રકારની તીવ્ર જિજ્ઞાસા થાય અને તેના કારણે સંસારથી નિસ્તાર માટે ઉપયોગી જ્ઞાનરૂપે જીવ-અજીવાદિ સાત તત્ત્વો જે રીતે તત્ત્વાર્થસૂત્રમાં બતાવેલ છે તે રીતે યથાર્થ જ્ઞાન થાય તો તેનો બોધ કર્યા પછી તે જીવને સંસારના કારણીભૂત આશ્રવ અને બંધને અવરોધ કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે અને મોક્ષના કારણીભૂત સંવર અને નિર્જરાને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે, તેથી આશ્રવ અને બંધનું યથાર્થ સ્વરૂપ જાણીને તેનાથી પોતાનું રક્ષણ કરવા સ્વશક્તિ અનુસાર તે યત્ન કરે છે

અને મોક્ષના ઉપાયભૂત સંવર અને નિર્જરાના યથાર્થ સ્વરૂપને જાણીને તેને સેવવા માટે શક્તિ અનુસાર અપ્રમાદથી યત્ન કરે છે. વળી, જીવાદિ પદાર્થોનો બોધ કર્યા પછી તે મહાત્મા સંસારનું રૌદ્ર સ્વરૂપ, આત્માનું અહિત કરનારા આશ્રવ-બંધનું સ્વરૂપ અને આત્માને હિતકારી એવા સંવર-નિર્જરાના સ્વરૂપનું સતત ભાવન કરીને સ્થિર-સ્થિરતર કરે છે. તેનાથી જણાય છે કે તે મહાત્માને જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન યથાર્થ છે અર્થાત્ જે પ્રકારે ભગવાને કહ્યું છે તે પ્રકારે જ પ્રતીત છે તે સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શનની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે –

સમ્યક્ત્વમાં રહેલ સમ્યક્ શબ્દ પ્રશંસા અર્થમાં નિપાત છે અર્થાત્ તે જીવને જે જીવાદિ પદાર્થોનો બોધ થયો છે તે યથાર્થ હોવાથી પ્રશંસાને પાત્ર છે, માટે તે બોધમાં સમ્યક્ત્વ છે એમ કહેવાય છે અથવા સમ્ ઉપસર્ગ પૂર્વક અञ્ચ ધાતુમાંથી 'સમ્યક્' શબ્દ બનેલો છે. તેથી 'समञ्चति' એ સમ્યક્ છે=પદાર્થો જે રીતે સંસ્થિત છે તે રીતે જ તે જાણે છે. તેથી એ પ્રાપ્ત થાય કે આશ્રવ અને બંધ જીવને વિડંબના કરનાર છે તે સ્વરૂપે જ તે જાણે છે. તેથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ જે આશ્રવની પરિણતિ છે તેના કારણે જીવ કર્મ બાંધે છે અને તેના કારણે સંસારના પરિભ્રમણની સર્વ વિડંબના જીવ પ્રાપ્ત કરે છે. આ પદાર્થનો તેને યથાર્થ બોધ વર્તે છે, તેથી જેમ આંખમાં પડેલો કણિયો વિવેકીને ખટકે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને વિવેક પ્રગટેલો હોવાથી મિથ્યાત્વાદિ પાંચ આશ્રવો અને તદ્જન્ય કર્મબંધ સદા ખટકે છે, તેથી સર્વ ઉદ્યમથી તેને દૂર કરવા યત્ન કરે છે. વળી, આત્માના હિતના ઉપાયભૂત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ સંયમ અને નિર્જરાના કારણીભૂત બાર પ્રકારના તપનો યથાર્થ બોધ કરીને તેને સેવવા માટે શક્તિ પ્રગટ થાય તે પ્રકારે સર્વ રીતે ઉદ્યમ કરે તેવી નિર્મળ મતિ હોવાના કારણે તેનામાં સમ્યક્ત્વ છે તેમ નક્કી થાય છે; કેમ કે સમ્યક્ તત્ત્વને યથાર્થ પ્રાપ્ત કરે તે સમ્યક્ત્વ એ 'समञ्चति'નો અર્થ છે.

વળી જે જીવોને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તેઓને ભગવાનના વચનથી વિપરીત અર્થમાં કોઈ પક્ષપાત નથી, પરંતુ સ્પષ્ટ બોધ છે કે અતીન્દ્રિય પદાર્થો સર્વજ્ઞના જ્ઞાનના જ વિષયભૂત છે, તેથી સર્વજ્ઞ વીતરાગે જે પદાર્થો જે રીતે કહ્યા છે તેના પરમાર્થને યુક્તિ અને અનુભવ અનુસાર તે જાણવા યત્ન કરે છે અને કોઈ સ્થાનમાં સ્વમતિથી જિનવચનથી વિપરીત પોતાની રુચિ ન થાય તે પ્રકારે સદા યત્ન કરે છે, તેથી અનાભોગથી પણ કોઈ સ્થાને જિનવચનથી વિપરીત બોધ થયો હોય તોપણ સામગ્રી મળતાં તત્કાલ તે નિવર્તન પામે છે; કેમ કે તે વિપરીતબોધકાળમાં પણ તે પદાર્થમાં તેની રુચિ સ્વમતિ અનુસાર ન હતી, પરંતુ સર્વજ્ઞનું વચન આમ કહે છે તેવો ભ્રમ થવાથી જ તે વચનનો અર્થ તે રીતે કરે છે. તેથી જ્યારે કોઈક રીતે જ્ઞાન થાય કે તે વચન સર્વજ્ઞના વચનાનુસાર નથી ત્યારે સહજ રીતે તેની રુચિ સર્વજ્ઞના વચનાનુસાર પદાર્થ તરફ જ સ્થિર થાય છે, આથી જ અનાભોગથી પણ સર્વજ્ઞના વચનનો વિપરીત અર્થ ન થાય તે પ્રકારે શાસ્ત્રવચનનો નિર્ણય કરવા તે યત્ન કરે છે; કેમ કે સમ્યક્ત્વથી થયેલી નિર્મળ બુદ્ધિ સદા તેને સર્વજ્ઞના વચનના તાત્પર્યને જાણવા માટે જ પ્રેરણા કરે છે; કેમ કે મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમાદિથી થયેલી નિર્મળ મતિ જીવને સદા તત્ત્વને યથાર્થ જોવાને અભિમુખ જ પ્રેરણા કરે છે.

વળી સમ્યક્ત્વ પામ્યા પછી જીવોને સંસાર અત્યંત રૌદ્ર જણાયેલો હોવાથી સંસારના ઉચ્છેદના ઉપાયરૂપ ધર્મશાસ્ત્રોના શ્રવણની ઉત્કટ ઇચ્છા વર્તે છે. તેથી સમ્યક્ત્વ પામ્યા પછી શક્તિ અનુસાર અને સંયોગ અનુસાર દેશવિરતિના આચારો અને સર્વવિરતિના આચારો કઈ રીતે મોહના ઉન્મૂલન દ્વારા સંસારના ઉચ્છેદના કારણ છે ? તેના પરમાર્થને જાણવા માટે અવશ્ય યત્ન કરે છે.

વળી સમ્યક્ત્વ પામ્યા પછી સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ અસંગભાવ છે તેવો સ્થિર નિર્ણય હોવાથી અને અસંગભાવની પ્રાપ્તિનું પ્રબળ કારણ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સ્વરૂપ ચારિત્રધર્મ છે તેવો સ્થિર વિશ્વાસ હોવાથી તેવા ચારિત્રની પ્રાપ્તિના ઉચિત ઉપાયોમાં તે શ્રાવક સદા યત્ન કરે છે, આથી જ તેવા ચારિત્રસંપન્ન સુસાધુને જોઈને અને તેવા ચારિત્ર સેવનની પરાકાષ્ઠાને પામેલા તીર્થંકરોને જોઈને તેમના પ્રત્યે અત્યંત ભક્તિ થાય છે, તેથી સુસાધુની અને તીર્થંકરોની ભક્તિ કરીને પણ તે મહાત્મા સંસારના ઉચ્છેદની શક્તિનો સંચય કરે છે, તે સમ્યક્ત્વની પ્રાપ્તિનું શ્રેષ્ઠ ફળ છે.

ટીકા :-

ननु तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमित्युक्तम्, श्रद्धानं च तथेतिप्रत्ययः, स च मानसोऽभिलाषः, न चायमपर्याप्तकाद्यवस्थायामिष्यते, सम्यक्त्वं तु तस्यामभीष्टम्, षट्षष्टिसागरोपमरूपायाः साद्यपर्यवसितकालरूपायाश्च तस्योत्कृष्टस्थितेः प्रतिपादनादिति कथं नागमविरोधः ? इति, अत्रोच्यते— तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वस्य कार्यम्, सम्यक्त्वं तु मिथ्यात्वक्षयोपशमादिजन्यो रुचिरूप आत्मपरिणामविशेषः, आह च—'से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणीयकम्माणुवेयणोवसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आयपरिणामे पण्णत्ते' [] **अत एवामनस्कानां सिद्धादीनां तदिष्यते, इह च सम्यक्त्वे सत्येव यथोक्तं श्रद्धानं भवति, यथोक्तश्रद्धाने च सति सम्यक्त्वं भवत्येवेति श्रद्धानवतां सम्यक्त्वस्यावश्यंभावित्वोपदर्शनाय कार्ये कारणोपचारं कृत्वा तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमिति ।**

ટીકાર્થ :-

ननु तत्त्वार्थश्रद्धानं.....सम्यक्त्वमिति। 'ननु'થી શંકા કરે છે — તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વ છે એ પ્રમાણે કહેવાયું=ગાથામાં કહેવાયું, અને શ્રદ્ધાન એ 'તે પ્રકારે આ છે' એ પ્રત્યય છે=સર્વજ્ઞે જે પદાર્થો જે સ્વરૂપે બતાવ્યા છે તેનો સંક્ષેપથી કે વિસ્તારથી સ્પષ્ટ બોધ થવાને કારણે જે પ્રમાણે ભગવાને કહ્યા છે તે પ્રકારે પદાર્થો છે એ પ્રકારે સ્પષ્ટ નિર્ણય એ શ્રદ્ધાન છે, અને તે=તેવું શ્રદ્ધાન, માનસનો અભિલાષ છે અર્થાત્ ભગવાને જે પ્રકારે સંસારનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે અને તેના ઉચ્છેદનો ઉપાય અસંગભાવમાં કરાયેલો યત્ન છે એ પ્રકારે બોધ થવાથી હું સંગનો ઉચ્છેદ કરું એ પ્રકારનો માનસ અભિલાષ શ્રદ્ધાન છે, અને આ=માનસ અભિલાષ, અપર્યાપ્ત આદિ અવસ્થામાં=અપર્યાપ્ત અવસ્થામાં અથવા અવિકસિત ગર્ભઅવસ્થામાં કે અત્યંત બાલ્યઅવસ્થામાં, ઈચ્છાતો નથી=સંગનો ઉચ્છેદ કરવા માટે યત્ન કરવો જોઈએ એ પ્રકારનો અભિલાષ અપર્યાપ્તાદિ અવસ્થામાં સંભવતો નથી. વળી

સમ્યક્ત્વ તે અવસ્થામાં ઈષ્ટ છે; કેમ કે ૬૬ સાગરોપમરૂપ અને સાદિઅપર્યવસિતકાલરૂપ તેની ઉત્કૃષ્ટ સ્થિતિનું=સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિનું, પ્રતિપાદન છે એથી કેમ આગમનો વિરોધ ન થાય ? અર્થાત્ ૬૬ સાગરોપમ સતત સમ્યક્ત્વ સ્વીકારવું હોય તો દેવભવથી ચ્યવીને મનુષ્યભવમાં આવનારા મહાત્માને અપર્યાપ્ત અવસ્થામાં પણ સમ્યક્ત્વ છે તેમ માનવું પડે અને અપર્યાપ્ત અવસ્થામાં માનસ અભિલાષરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન સંભવે નહિ માટે સમ્યક્ત્વના લક્ષણ સાથે ૬૬ સાગરોપમ સમ્યક્ત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેનારા આગમનો વિરોધ છે. એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વનું કાર્ય છે અર્થાત્ તે સાક્ષાત્ સમ્યક્ત્વ નથી પરંતુ સમ્યક્ત્વનું કાર્ય છે. વળી સમ્યક્ત્વ મિથ્યાત્વના ક્ષયોપશમ આદિથી જન્ય=ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષયથી જન્ય, રુચિરૂપ આત્મપરિણામવિશેષ છે=આત્માને પોતાના મૂળ સ્વરૂપ તરફ વલણ થાય તેવા પ્રકારના પરિણામરૂપ આત્મપરિણામવિશેષ છે, (માટે અપર્યાપ્ત અવસ્થામાં પણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ કાર્ય નહિ હોવા છતાં આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ છે) અને કહે છે – અને તે સમ્યક્ત્વ પ્રશસ્ત એવા સમ્યક્ત્વમોહનીયકર્મના અનુવેદન, ઉપશમ કે ક્ષયથી ઊઠેલો પ્રશમ-સંવેગાદિ લિંગવાળો શુભ આત્મપરિણામ કહેવાયો છે, **() આથી જ= સમ્યક્ત્વ આત્મપરિણામવિશેષ છે આથી જ, અમનસ્ક એવા સિદ્ધોને તે ઈચ્છાય છે=સમ્યક્ત્વ ઈચ્છાય છે, અને અહીં=સંસારમાં, સમ્યક્ત્વ હોતે છતે જ યથોક્ત શ્રદ્ધાન થાય છે=ગાથામાં કહ્યું તેવું તત્ત્વાર્થશ્રદ્ધાન થાય છે, અને યથોક્ત શ્રદ્ધાન હોતે છતે સમ્યક્ત્વ થાય જ છે=વિદ્યમાન જ છે, એથી શ્રદ્ધાનવાળાને=ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળા જીવોને, સમ્યક્ત્વના અવશ્યંભાવિત્વને બતાવવા માટે કાર્યમાં=સમ્યક્ત્વના કાર્યરૂપ યથોક્ત શ્રદ્ધાનમાં, કારણનો ઉપચાર કરીને=સમ્યક્ત્વરૂપ કારણનો ઉપચાર કરીને, તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વ છે એમ કહેવાયું.**

ભાવાર્થ :-

ગાથામાં કહ્યું કે જીવાદિ પદાર્થોનું યથાર્થ શ્રદ્ધાન સમ્યક્ત્વ છે, તેથી વિચારકને પ્રશ્ન થાય કે તે તત્ત્વાર્થશ્રદ્ધાન શું છે ? તેથી ગ્રંથકારશ્રી સમ્યક્ત્વનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે –

'ભગવાને જે પ્રકારે સંસારનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે, સંસારથી પર સિદ્ધ અવસ્થા જીવની સુંદર અવસ્થા છે તેમ બતાવ્યું છે અને સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય વીતરાગના વચનનું દૃઢ અવલંબન લઈને વીતરાગના વચન અનુસાર સ્વભૂમિકાની ઉચિત ક્રિયાઓ કરવામાં આવે તો તે ક્રિયાના બળથી ક્રમસર અવીતરાગભાવના અનાદિથી સ્થિર થયેલા સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થાય છે અને ક્રમસર વીતરાગતાને આસન્ન-આસન્નતર જીવની પરિણતિ પ્રગટ થાય છે તે પ્રકારનો શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર નિર્ણય.' તે ભગવાનના વચનમાં 'તથા' એ પ્રકારના પ્રત્યયરૂપ સમ્યગ્દર્શન છે. આવો નિર્ણય મનના અભિલાષરૂપ છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર ઉચિત ક્રિયાઓમાં હું અપ્રમાદથી યત્ન કરીને આત્મામાં વર્તતા અવીતરાગ ભાવનો ઉચ્છેદ કરીને વીતરાગ તુલ્ય થાઉં એ પ્રકારના અભિલાષરૂપ છે. આમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે મનવાળા જીવોને મિથ્યાત્વના ક્ષયાદિને કારણે આવો જે વિવેક પ્રગટે છે તે

સમ્યગ્દર્શન છે. અપર્યાપ્ત અવસ્થામાં જીવને આવા પ્રકારના વિવેકવાળો અભિલાષ સંભવી શકે નહિ, જ્યારે આગમમાં સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ ૬૬ સાગરોપમ કહ્યો છે. તેથી ૬૬ સાગરોપમ સુધી અવિચ્છિન્ન સમ્યક્ત્વ સ્વીકારવું હોય તો અનુત્તરવાસી દેવો ચ્યવીને મનુષ્યભવમાં સમ્યક્ત્વ સહિત આવે છે ત્યારે અપર્યાપ્તાદિ અવસ્થામાં પણ તેઓને સમ્યક્ત્વ છે, તેમ માનવું પડે અને અપર્યાપ્ત અવસ્થામાં ભગવાને જે પ્રકારે સંસારના ઉચ્છેદનો ઉપાય બતાવ્યો છે તે તેમ જ છે એવો અભિલાષ સંભવે નહિ. આ પ્રકારના આગમવચનનો સમ્યક્ત્વના લક્ષણ સાથે પ્રાપ્ત થતા વિરોધનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

સમ્યક્ત્વ એ મિથ્યાત્વના ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષયજન્ય રુચિરૂપ આત્મપરિણામવિશેષ છે જ્યારે તત્ત્વાર્થશ્રદ્ધાન એ સમ્યક્ત્વ નથી, પરંતુ સમ્યક્ત્વનું કાર્ય છે. તેથી અપર્યાપ્તાદિ અવસ્થામાં રુચિરૂપ આત્મપરિણામવિશેષ સ્વરૂપ સમ્યક્ત્વ સંભવી શકે છે અને જ્યારે મન પક્વ થાય ત્યારે સમ્યક્ત્વના કાર્યરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન પ્રગટે છે, માટે અપર્યાપ્તાદિ અવસ્થામાં તત્ત્વાર્થશ્રદ્ધાન નથી, પરંતુ સમ્યક્ત્વ છે અને મનુષ્યભવની પક્વ અવસ્થામાં કે દેવભવમાં મન સ્પષ્ટરૂપે વિદ્યમાન હોવાથી સમ્યક્ત્વના કાર્યરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાન પણ પ્રાપ્ત થાય છે. તેથી આગમની સાથે સમ્યક્ત્વના લક્ષણનો વિરોધ નથી; કેમ કે સમ્યક્ત્વના કાર્યમાં સમ્યક્ત્વનો ઉપચાર કરીને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેવાયેલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે મિથ્યાત્વનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવાથી જીવની પોતાના સ્વરૂપ પ્રત્યે રુચિ પ્રગટે છે. જેમ પાણીનો સ્વભાવ સહજ શીતલ છે તેમ આત્માનો મૂળ સ્વભાવ શીતલ છે અને કર્મના ઉદયને કારણે આત્મામાં ઉષ્ણ સ્વભાવ પ્રગટે છે. જેમ અગ્નિના સાંનિધ્યથી પાણી ઉષ્ણ થાય છે તેમ મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી કષાયપરિણત આત્મા શીતસ્વભાવનો ત્યાગ કરીને ઉષ્ણ સ્વભાવવાળો થાય છે. વળી જેમ પાણીને અગ્નિનો સંપર્ક સતત હોય તો પાણી ઠંડું થાય નહિ તેમ અગ્નિતુલ્ય મિથ્યાત્વના ઉદયને કારણે સંસારમાં જીવ કષાયોથી સદા સંતપ્ત છે તેથી તે શીતલ થતો નથી. વળી, જેમ પાણીને અગ્નિનો સંયોગ દૂર થાય તો પાણીનો સ્વભાવ શીતસ્વભાવને અભિમુખ હોવાથી પાણી પરિમિત કાળમાં શીતલ થાય છે તેમ આત્મામાં વિપર્યાસ આધાયક મિથ્યાત્વરૂપી અગ્નિનો સંપર્ક દૂર થાય તો આત્મામાં પોતાના શીતસ્ભાવને પ્રગટ કરવાની રુચિરૂપ આત્મપરિણામવિશેષ પ્રગટે છે, તેથી મિથ્યાત્વ વગરના જીવો ફરી મિથ્યાત્વનો સંપર્ક પ્રાપ્ત ન કરે તો ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમકાળમાં અવશ્ય પોતાનો સહજ શીતસ્વભાવ પ્રાપ્ત કરે છે=કષાય રહિત એવી કેવલજ્ઞાનની અવસ્થાને પ્રાપ્ત કરે છે, અને જ્યાં સુધી શીતસ્વભાવ પ્રગટ નથી થયો ત્યાં સુધી શીતસ્વભાવને પ્રગટ કરવાને અનકૂળ રુચિરૂપ આત્મપરિણામવિશેષ વર્તે છે, તેથી તે સમ્યગ્દૃષ્ટિ જીવો સતત વીતરાગના વચનનું અવલંબન લઈને શીતસ્વભાવને પ્રગટ કરવાના ઉદ્યમવાળા હોય છે અને ગર્ભાવસ્થામાં શીતસ્વભાવને પ્રગટ કરવાને અનુકૂળ રુચિરૂપ પરિણામ વિશેષ વિદ્યમાન હોય છે. જેમ કાગડાના ઈંડાના રસમાં અને મોરના ઈંડાના રસમાં રસ અવસ્થામાં વ્યક્ત ભેદ દેખાય નહિ તોપણ કાગડાના ઈંડાના રસમાં કુત્સિત રૂપવાળા કાગડાની નિષ્પત્તિને અનુકૂળ પરિણામ હોય છે અને મોરના ઈંડાના રસમાં મોરને અનુરૂપ રૂપવાન પક્ષી પ્રગટ કરે તેવો અવ્યક્ત પરિણામ હોય છે, તેમ મિથ્યાદૃષ્ટિ જીવો ગર્ભાવસ્થામાં હોય ત્યારે પણ તેમનામાં મિથ્યાત્વના ઉદયથી કાગડાના ઈંડાના

રસની જેમ કુરૂપ આત્માને વિકસાવે તેવો જ પરિણામ હોય છે અને મિથ્યાત્વના ક્ષયોપશમવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો ગર્ભાવસ્થામાં હોય ત્યારે પણ તેઓનું જીવદળ શુદ્ધ આત્મા તરફ વલણ ઉત્પન્ન કરે તેવા જ રુચિયુક્ત પરિણામથી સંવલિત પરિણતિવાળું હોય છે, તેથી જન્મ્યા પછી મન પક્વ થાય ત્યારે તેઓને પણ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનું કાર્ય પ્રાપ્ત થાય છે.

વળી સમ્યક્ત્વ આત્માના પોતાના સ્વરૂપ પ્રત્યેની રુચિરૂપ પરિણામ છે, આથી જ મન વગરના સિદ્ધના જીવો કે કેવલીના જીવોને પણ મિથ્યાત્વના ક્ષયના કારણે પોતાના સ્વરૂપ પ્રત્યેના વલણનો પરિણામ વિદ્યમાન હોય છે. જેમ અગ્નિના સંપર્ક વગરના શીતભાવને પામેલા પાણીમાં પણ શીતભાવને વહન કરવા પ્રત્યેનો પરિણામ વિદ્યમાન રહે છે, તેમ સિદ્ધના જીવો કે કેવલી પણ કષાયના સંશ્લેષ વગરના શીતસ્વભાવ પ્રત્યેના વલણના પરિણામવાળા હોય છે, માટે તેઓમાં ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ છે.

ટીકા :-

ननु मिथ्यात्वोदयजन्यत्वेनासद्ग्रहस्य सम्यक्त्वे सति तत्क्षयोपशमाद्युक्तोऽसद्ग्रहाभावः, शुश्रूषादिगुणानां तु ज्ञानचारित्रांशरूपत्वेन ज्ञानावरणीयचारित्रमोहनीयवीर्यान्तरायकर्मक्षयोपशमलभ्यत्वान्न युक्तः सम्यक्त्वसद्भावमात्रे तद्भाव इति, अत्रोच्यते—सम्यक्त्वहेतोर्मिथ्यात्वक्षयोपशमस्यावसरे ज्ञानावरणानन्तानुबन्धिकषायलक्षणचारित्रमोहनीयादिकर्मणामपि क्षयोपशमोऽवश्यमेव भवतीतिकृत्वा सम्यक्त्वे सति ते भवन्तीत्यभिधीयते, यथा केवलज्ञानावरणक्षयलभ्यमपि केवलज्ञानं कषायक्षये लभ्यत इत्यभिधीयते, आह च—

'केवलियनाणलंभो नण्णत्थ खए कसायाणं' **[विशेषा०-११८०, आवश्यकनिर्युक्ति-१०४]**,

यथा वा मिथ्यात्वक्षयोपशमलभ्यमपि सम्यक्त्वमनन्तानुबन्धिरूपचारित्रमोहनीयोदये न लभ्यत इत्यभिधीयते । आह च —

'पढमिल्लुयाण उदए नियमा संजोयणाकसायाणं ।
सम्मद्दंसणलंभं भवसिद्धिया वि न लहंति ।।१२२६।।' **[विशेषावश्यक०]**

टीकार्थ :-

ननु मिथ्यात्वोदय ..... न लहंति ।।१।। **'ननु'थी शंका करे छे — असद्ग्रहनुं मिथ्यात्वना उदयथी जन्यपणुं होवाने कारणे सम्यक्त्व थये छते तेना क्षयोपशमने कारणे=मिथ्यात्वमोहनीयना क्षयोपशमने कारणे, असद्ग्रहनो अभाव युक्त छे, वळी शुश्रूषादि गुणोनुं ज्ञान-चारित्रांशरूपपणुं होवाथी=शुश्रूषागुण ज्ञानस्वरूप छे, धर्मराग ज्ञानस्वरूप छे अने वैयावच्चगुण चारित्ररूप छे तेथी शुश्रूषादि गुणोनुं ज्ञान-चारित्रांशरूपपणुं होवाथी, ज्ञानावरणीय, चारित्रमोहनीय अने वीर्यान्तरायकर्मना क्षयोपशमथी लभ्यपणुं होवाने कारणे सम्यक्त्वना सद्भावमात्रमां तेनो भाव=शुश्रूषादि त्रणेनो भाव, युक्त**

નથી=તેનો સદ્‌ભાવ સંગત નથી, તે પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

સમ્યક્ત્વના હેતુ એવા મિથ્યાત્વના ક્ષયોપશમના અવસરમાં જ્ઞાનાવરણ, અનંતાનુબંધીકષાય સ્વરૂપ ચારિત્રમોહનીય આદિ કર્મોનો પણ ક્ષયોપશમ અવશ્ય જ થાય છે. એથી કરીને સમ્યક્ત્વ થયે છતે તે=શુશ્રૂષાદિ, થાય છે એ પ્રમાણે કહેવાય છે, જે પ્રમાણે કેવલજ્ઞાનાવરણના ક્ષયથી લભ્ય પણ કેવલજ્ઞાન કષાયનો ક્ષય થયે છતે પ્રાપ્ત થાય છે એ પ્રમાણે કહેવાય છે અને કહે છે –

'કેવલજ્ઞાનનો લંભ=કેવલજ્ઞાનની પ્રાપ્તિ, કષાયોના ક્ષયમાં છે, અન્યત્ર નથી=કષાયોના ઉદયમાં નથી.' **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૧૮૦, આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૦૪)**

અથવા જે પ્રમાણે મિથ્યાત્વના ક્ષયોપશમથી લભ્ય પણ સમ્યક્ત્વ અનંતાનુબંધીરૂપ ચારિત્ર-મોહનીયના ઉદયમાં પ્રાપ્ત થતું નથી એ પ્રમાણે કહેવાય છે. (તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિમાં જ્ઞાનાંશ અને ચારિત્રાંશ રૂપ શુશ્રૂષાદિ ગુણોની પણ પ્રાપ્તિ છે.) અને કહે છે –

'પ્રથમ એવા સંયોજનાકષાયોના=અનંત સંસારના સંયોજનને કરનારા એવા અનંતાનુબંધીકષાયોના, ઉદયમાં નિયમથી ભવસિદ્ધિકો પણ=તે જ ભવમાં મોક્ષમાં જનારા પણ, સમ્યગ્દર્શનના લાભને પ્રાપ્ત કરતા નથી.' **(વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૨૨૬)**

ભાવાર્થ :-

'ननु'થી શંકા કરે છે કે જીવમાં વર્તતો અસદ્‌ગ્રહનો પરિણામ મિથ્યાત્વના ઉદયથી થાય છે; કેમ કે મિથ્યાત્વ વિપરીત બુદ્ધિ કરે છે, તેથી અતત્ત્વ પ્રત્યે જીવનું વલણ થાય છે અને સમ્યક્ત્વ થયે છતે મિથ્યાત્વનો ક્ષયોપશમ થવાને કારણે અસત્ તત્ત્વનો આગ્રહ થાય નહિ તે યુક્ત છે અર્થાત્ આત્મા માટે એકાંત હિતરૂપ ભગવાનના વચનનો જ આગ્રહ થાય પરંતુ તેનાથી વિપરીત જે આત્માના અહિતનું કારણ છે એવા અતત્ત્વનો આગ્રહ થાય નહિ એ યુક્ત છે; પરંતુ શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિનું વૈયાવચ્ચ એ ત્રણ ગુણો સમ્યક્ત્વ હોય તો નિયમા થાય એમ કહી શકાય નહિ; કેમ કે તત્ત્વને સાંભળવાની ઉત્કટ ઇચ્છારૂપ શુશ્રૂષા જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી થાય છે, વળી ચારિત્રધર્મનો ઉત્કટ રાગ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી થાય છે; કેમ કે ચારિત્રના સ્વરૂપનો સૂક્ષ્મ બોધ જ્ઞાનાવરણીયકર્મના વિશેષ પ્રકારના ક્ષયોપશમથી થાય છે અને દેવ અને ગુરુની ભક્તિ કરવારૂપ વૈયાવચ્ચગુણ ચારિત્રમોહનીયકર્મ અને વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે, માટે મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમજન્ય સમ્યક્ત્વના સદ્‌ભાવમાત્રમાં જ્ઞાનાવરણીયકર્મ, ચારિત્રમોહનીયકર્મ અને વીર્યાન્તરાયના ક્ષયોપશમજન્ય શુશ્રૂષાદિ ગુણો પ્રગટ થાય છે તેમ કહી શકાય નહિ, આ પ્રકારની શંકાનું સમાધાન કરતાં કહે છે –

જીવ જ્યારે મિથ્યાત્વનો ક્ષયોપશમ કરે છે ત્યારે તત્ત્વને જાણવાની ઉત્કટ ઇચ્છા થાય એવા જ્ઞાનાવરણીયકર્મનો પણ ક્ષયોપશમ કરે છે અને ચારિત્રના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મબોધ થાય તેવા જ્ઞાનાવરણીયકર્મનો પણ ક્ષયોપશમ કરે છે, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે અવિનાભાવી એવા જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમને કારણે તત્ત્વને સાંભળવાની ઉત્કટ ઇચ્છા થાય છે અને ત્રણ ગુપ્તિના પરિણામરૂપ ચારિત્રના પારમાર્થિક

સ્વરૂપના બોધને કારણે તેની પ્રાપ્તિની પણ ઉત્કટ ઇચ્છા થાય છે.

વળી મિથ્યાત્વના ક્ષયોપશમકાળમાં જ અનંતાનુબંધીકષાયરૂપ ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થાય છે અને દેવ-ગુરુની ભક્તિ કરવાને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય એવા વીર્યાન્તરાયનો પણ અવશ્ય ક્ષયોપશમ થાય છે, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે અનંતાનુબંધીકષાય આદિના ક્ષયોપશમજન્ય દેવ-ગુરુની ભક્તિનો પરિણામ પણ અવશ્ય પ્રગટ થાય છે.

આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કેવલજ્ઞાનાવરણકર્મના ક્ષયથી થાય છે, છતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ સાથે કષાયોનો પણ અવશ્ય ક્ષય થાય છે તેમ મિથ્યાત્વના ક્ષયોપશમકાળમાં તેની સાથે શુશ્રૂષા અને ધર્મરાગનું કારણ એવા જ્ઞાનાવરણીયકર્મનો પણ અવશ્ય ક્ષયોપશમ થાય છે અને મિથ્યાત્વના ક્ષયોપશમ સાથે દેવ-ગુરુની વૈયાવચ્ચ સમ્યક્ કરવા ઉત્સાહિત કરે તેવા અનંતાનુબંધીકષાયનો અને વીર્યાન્તરાયકર્મનો અવશ્ય ક્ષયોપશમ થાય છે, તેથી સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં શુશ્રૂષા આદિ ત્રણે ગુણો અવશ્ય જીવમાં પ્રગટે છે.

આનાથી એ ફલિત થાય કે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે વખતે જીવને આત્માની સંપૂર્ણ નિરાકુળ અવસ્થારૂપ તત્ત્વનો જ અત્યંત પક્ષપાત હોય છે, તેથી તે મહાત્માને ક્યાંય અસદ્ગ્રહ થતો નથી, પરંતુ આત્માની પારમાર્થિક અવસ્થાની પ્રાપ્તિ માટેના ઉપાયોનો જ આગ્રહ થાય છે. તે વખતે તે જીવોને જ્ઞાનાવરણીયકર્મનો પણ તે પ્રકારનો જ ક્ષયોપશમ થાય છે કે જેથી આત્માની નિરાકુળ અવસ્થાની પ્રાપ્તિ માટેના ઉપાયોને સાંભળવાની ઉત્કટ ઇચ્છા થાય, તેથી શુશ્રૂષાગુણ પ્રગટે છે. વળી, તત્ત્વના આગ્રહના બળથી જ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પરિણામરૂપ ચારિત્રના પારમાર્થિક સ્વરૂપને જોઈ શકે તેવો જ્ઞાનવરણીયનો ક્ષયોપશમ થાય છે, તેથી ચારિત્રધર્મનો ઉત્કટ રાગ થાય છે. વળી આવા ચારિત્રના ઉપાયરૂપ ચારિત્રની પરાકાષ્ઠાને પામેલા તીર્થંકરો અને તીર્થંકરતુલ્ય થવા માટે અપ્રમાદથી યત્ન કરનારા મુનિઓ પ્રત્યે અત્યંત ભક્તિ થાય છે અને તે ભક્તિને વશ શક્તિના પ્રકર્ષથી તેઓની ભક્તિ કરીને હું પણ ચારિત્રધર્મને પામું એવું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે, માટે વૈયાવચ્ચગુણ પ્રગટે છે.

ટીકા :-

ननु वैयावृत्त्यनियमस्य तपोभेदत्वेन चारित्रांशरूपत्वात् सम्यक्त्वसद्भावे चावश्यंभावित्वादविरत-सम्यग्दृष्टिगुणस्थानकाभावः प्राप्नोतीति । नैवम्, वैयावृत्त्यनियमरूपचारित्रस्याल्पतमत्वेनाचारित्रतया विवक्षितत्वात् यथा संमूर्छनजानां संज्ञामात्रसद्भावेऽपि विशिष्टसंज्ञाया अभावादसंज्ञित्वमिष्टम्, विरतत्वं हि महाव्रताणुव्रतादिरूपानल्पचारित्रसद्भाव एवेष्यते, यतो न कार्षापणमात्रधनेन धनवान्, एकगवेन वा गोमानिति । ननु सम्यक्त्वे सति शुश्रूषादयो भवन्तीति न युक्तं, व्यभिचारित्वात् तथाहि—उप-शान्तमोहादीनां सम्यक्त्वसद्भावेऽपि न शुश्रूषादयो भवन्ति, सकलविकल्पकल्लोलमालाविकलत्वेन निस्तरङ्गमहामकराकाराकारत्वात्तदन्तःकरणस्येति । अत्रोच्यते—यद्यपि शुश्रूषादय उपशान्तमोहादीनां

साक्षान्न भवन्ति, कृतकृत्यत्वादिति, तथापि फलतो भवन्ति, तद्भावस्य तत्फलत्वादिति कुतो व्यभिचारः ? श्रावकधर्माधिकाराद्वा, यच्छ्रावकावस्थायां सम्यक्त्वं तदाश्रित्य शुश्रूषादयस्तु भवन्ति दृढमित्यभिहितमतो न दोष इति गाथार्थः ।।१/३।।

ટીકાર્થ :-

ननु वैयावृत्त्य ..... गाथार्थः।। 'ननु'થી શંકા કરે છે — વૈયાવૃત્યના નિયમનું તપના ભેદપણું હોવાને કારણે ચારિત્રાંશરૂપપણું હોવાથી અને સમ્યક્ત્વના સદ્ભાવમાં અવશ્યંભાવીપણું હોવાથી=વૈયાવચ્ચના નિયમનું અવશ્યંભાવીપણું હોવાથી, અવિરતસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનકનો અભાવ પ્રાપ્ત થાય છે, આ પ્રકારની શંકામાં ઉત્તર આપતાં કહે છે —

એ પ્રમાણે ન કહેવું=સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં ચારિત્રની પ્રાપ્તિરૂપ વૈયાવચ્ચગુણની પ્રાપ્તિ હોવાથી અવિરતિ નથી માટે અવિરતગુણસ્થાનકના અભાવની પ્રાપ્તિ છે એમ ન કહેવું; કેમ કે વૈયાવચ્ચના નિયમરૂપ ચારિત્રનું અત્યંત અલ્પપણું હોવાથી અચારિત્રપણાથી વિવક્ષિતપણું છે અર્થાત્ ચોથા ગુણસ્થાનકમાં વૈયાવચ્ચગુણરૂપ ચારિત્ર અતિ અલ્પમાત્રાવાળું છે માટે એને અચારિત્રરૂપે સ્વીકારીને અવિરતસમ્યગ્દૃષ્ટિ છે એમ કહેલ છે, જે પ્રમાણે સંમૂર્ચ્છિમ જીવોને સંજ્ઞામાત્રના સદ્ભાવમાં પણ=આહારાદિ સંજ્ઞામાત્રના સદ્ભાવમાં પણ, વિશિષ્ટ સંજ્ઞાનો અભાવ હોવાને કારણે=દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જીવો જેવી વિશિષ્ટ સંજ્ઞાનો અભાવ હોવાને કારણે, અસંજ્ઞીપણું ઇષ્ટ છે. हि=જે કારણથી, વિરતપણું મહાવ્રત-અણુવ્રતાદિ રૂપ અનલ્પ ચારિત્રના સદ્ભાવમાં જ ઇચ્છાય છે=વિશિષ્ટ ચારિત્રના સદ્ભાવમાં જ ઇચ્છાય છે, જે કારણથી કાર્ષાપણમાત્ર ધનથી=કોડીમાત્ર ધનથી, ધનવાન્ થતો નથી અથવા એક ગાયથી ગોકુળવાળો થતો નથી, (તેમ અલ્પ વૈયાવચ્ચરૂપ ચારિત્રના બળથી સમ્યગ્દૃષ્ટિ વિરતિવાળો થતો નથી.)

'ननु'થી શંકા કરે છે — સમ્યક્ત્વ હોતે છતે શુશ્રૂષાદિ થાય છે તે યુક્ત નથી; કેમ કે વ્યભિચારીપણું છે=શુશ્રૂષાદિ ગુણો સમ્યત્વ સાથે વ્યભિચારી છે. તે આ પ્રમાણે —

ઉપશાંતમોહાદિ જીવોને સમ્યક્ત્વના સદ્ભાવમાં પણ શુશ્રૂષાદિ થતા નથી; કેમ કે તેના અંતઃકરણનું= ઉપશાંતમોહવાળા વીતરાગના કે ક્ષીણમોહવાળા વીતરાગના અંતઃકરણનું, સકલવિકલ્પકલ્લોલમાલાથી વિકલપણું હોવાને કારણે=આ કૃત્ય હું કરું, આ કૃત્ય હું ન કરું ઇત્યાદિ સર્વ વિકલ્પોના સમૂહથી વિકલપણું હોવાને કારણે, નિસ્તરંગ મહાસમુદ્રનું આકારપણું છે. આ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે —

જો કે ઉપશાંત મોહાદિ જીવોને સાક્ષાત્ શુશ્રૂષાદિ નથી; કેમ કે કૃતકૃત્યપણું છે=શુશ્રૂષાદિ કૃત્યોના ફલનું નિષ્પાદનપણું છે, તોપણ ફલથી છે=ઉપશાંતમોહાદિ જીવોને ફલથી શુશ્રૂષાદિ છે; કેમ કે તદ્ભાવનું=ઉપશાંતમોહાદિ જીવોમાં વર્તતા ભાવનું, તત્ફલપણું છે=શુશ્રૂષાદિ ગુણોનું ફલપણું છે, એથી વ્યભિચાર ક્યાં છે ? અર્થાત્ નથી અથવા શ્રાવકધર્મનો અધિકાર હોવાથી શ્રાવક અવસ્થામાં

જે સમ્યક્ત્વ છે તેને આશ્રયીને શુશ્રૂષાદિ દૃઢ થાય છે એ પ્રકારે કહેવાયું છે=ગાથામાં કહેવાયું છે, આથી દોષ નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩॥

ભાવાર્થ :-

વૈયાવચ્ચ એ ચારિત્રના અનેક ભેદોમાંથી જે તપરૂપ ભેદ છે તેમાં અંતર્ભાવ પામે છે. તે વૈયાવચ્ચ માત્ર બાહ્ય કૃત્યરૂપ નથી, પરંતુ ગુણવાન પૂરુષોના ગુણને અવલંબીને તેમની ભક્તિ કરવા દ્વારા પોતાના આત્મામાં તેવા ગુણોની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપારરૂપ છે, એથી છઠ્ઠા ગુણસ્થાનકવાળા મુનિ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને પોતાનાથી અધિક ગુણવાળા સુસાધુઓની કે તીર્થંકરોની ભક્તિ કરે છે તેના દ્વારા પોતાની ભૂમિકા કરતાં પણ ઉત્તરની ભૂમિકાની સંયમની પરિણતિને પ્રગટ કરે એવા અંતરંગવીર્યના વ્યાપારરૂપ મુનિનું વૈયાવચ્ચ છે, તેથી તે વૈયાવચ્ચ મહાચારિત્રસ્વરૂપ છે.

વળી દેશવિરતિધર શ્રાવક દેશથી ગુપ્તિપૂર્વક તીર્થંકરની કે સુસાધુની ભક્તિ કરીને વિશેષ પ્રકારના દેશવિરતિના પરિણામને સ્પર્શે તે પ્રકારે વૈયાવચ્ચ કરે છે, તેથી તેની વૈયાવચ્ચ પણ બાહ્યથી સુસાધુતુલ્ય આચરણારૂપ હોય તોપણ સુસાધુની વૈયાવચ્ચ કરતાં અલ્પ માત્રાના ચારિત્રની પરિણતિ સ્વરૂપ દેશવિરતિ શ્રાવકની વૈયાવચ્ચ છે.

વળી અવિરતસમ્યગ્દૃષ્ટિ માત્ર અનંતાનુબંધીકષાયોના ક્ષયોપશમને કારણે તીર્થંકરની અને સુસાધુની ભક્તિ કરીને પોતાના વિરતિ આવારક અપ્રત્યાખ્યાનીય આદિ કષાયોનો ક્ષયોપશમ થાય તે પ્રકારે યત્ન કરે છે, તેથી તેની વૈયાવચ્ચની પ્રવૃત્તિ ક્વચિત્ બાહ્યથી સુસાધુતુલ્ય કે સુશ્રાવકતુલ્ય હોય તોપણ અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય કષાયોના ઉદયથી સંશ્લિષ્ટ અને અનંતાનુબંધીકષાયના ક્ષયોપશમથી ઉત્થિત હોવાથી મુનિની વૈયાવચ્ચ અને શ્રાવકની વૈયાવચ્ચ કરતાં અતિ અલ્પ માત્રાની ચારિત્રની પરિણતિરૂપ છે. આથી જ ભગવાનનું ચૈત્યવંદન કરવામાં સુસાધુ, સુશ્રાવક અને અવિરત સમ્યગ્દૃષ્ટિ સમાન રીતે ઉપયોગથી પ્રવર્તતા હોય ત્યારે ચૈત્યવંદનરૂપ ભગવાનની વૈયાવચ્ચની પ્રવૃત્તિમાં સુસાધુઓનો ઉપયોગ અનંતાનુબંધીકષાય, અપ્રત્યાખ્યાનીયકષાય, અને પ્રત્યાખ્યાનીયકષાયોના ક્ષયોપશમથી સંવલિત હોવાને કારણે વિશિષ્ટ ચારિત્રના પરિણામને સ્પર્શે છે. શ્રાવકનો ઉપયોગ અનંતાનુબંધીકષાય અને અપ્રત્યાખ્યાનીયકષાયના ક્ષયોપશમથી સંવલિત હોવાથી ચારિત્રી કરતાં અલ્પ માત્રાના વૈયાવચ્ચના પરિણામમાં પ્રવર્તે છે. વળી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવનો ઉપયોગ માત્ર અનંતાનુબંધીકષાયના ક્ષયોપશમથી સંવલિત હોવાને કારણે દેશવિરતિ શ્રાવક કરતાં પણ અલ્પ માત્રાના વૈયાવચ્ચગુણને સ્પર્શે છે, તેથી અલ્પ માત્રાના વૈયાવચ્ચરૂપ ચારિત્રને અચારિત્રરૂપ સ્વીકારીને ચોથા ગુણસ્થાનકવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિને વ્યવહારનયથી અચારિત્રી કહ્યા છે. સૂક્ષ્મ ચારિત્રને પણ ચારિત્ર સ્વીકારનાર નિશ્ચયનય ચોથા ગુણસ્થાનકમાં પણ વિરતિ છે તેમ સ્વીકારે છે. જેમ સંમૂર્ચ્છિમ જીવોને અલ્પ સંજ્ઞા હોવા છતાં વિશિષ્ટ સંજ્ઞાના અભાવને કારણે અસંજ્ઞી કહેવાય છે તેમ અવિરત સમ્યગ્દૃષ્ટિને ચારિત્રરૂપ વૈયાવચ્ચગુણ હોવા છતાં અલ્પ ચારિત્રને ચારિત્રરૂપે નહિ સ્વીકારનાર વ્યવહારનય સમ્યગ્દૃષ્ટિને અવિરત કહે છે. જેમ કોડીમાત્ર ધનથી ધનવાન કહેવાતો નથી કે એક ગાયમાત્રથી ગોકુળવાળો

કહેવાતો નથી, તેમ સુસાધુ આદિની વૈયાવચ્ચની અપેક્ષાએ અલ્પ માત્રાવાળા વૈયાવચ્ચગુણને અચારિત્રરૂપે સ્વીકારીને ચોથા ગુણસ્થાનકમાં અવિરતિ છે એમ સ્વીકારવામાં આવે છે.

વળી શુશ્રૂષાદિ ગુણો સમ્યગ્દૃષ્ટિને થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ એવા ઉપશાંતમોહવાળા અને ક્ષીણમોહવાળા જીવોને શુશ્રૂષાદિ ગુણો થતા નથી તોપણ તે શુશ્રૂષાદિ ગુણોનું ફળ નિર્વિકલ્પ ઉપયોગ છે તે ઉપશાંતમોહવાળાદિમાં છે. વસ્તુતઃ સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારના રૌદ્ર સ્વરૂપને જાણીને મુક્ત થવાના અત્યંત અર્થી હોય છે. મુક્ત થવાનો ઉપાય નિર્વિકલ્પદશા છે; કેમ કે વિકલ્પોથી જ કર્મબંધ થાય છે જ્યારે નિર્વિકલ્પદશામાં કર્મબંધ અટકે છે, આથી નિર્વિકલ્પદશાની પ્રાપ્તિના અર્થી એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને તેના ઉપાયભૂત સત્ શાસ્ત્રોને સાંભળવાની ઉત્કટ ઇચ્છાવાળા થાય છે. વળી, નિર્વિકલ્પદશાની આસન્નભૂમિકા સર્વવિરતિ છે, તેથી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સર્વવિરતિના પણ સમ્યગ્દૃષ્ટિ જીવો અત્યંત અર્થી છે. વળી, નિર્વિકલ્પદશાની પ્રાપ્તિના ઉપાયરૂપે જ તે જીવો દેવ-ગુરુની ભક્તિ કરે છે. તેથી શુશ્રૂષાદિ ગુણનું ફળ નિર્વિકલ્પદશા છે. જેઓને આ નિર્વિકલ્પદશાની પ્રાપ્તિરૂપ ફળ મળેલું છે તેઓ તે ફળના ઉપાયરૂપ કારણમાં પ્રવૃત્તિ કરે નહિ, માટે ઉપશાંતમોહાદિવાળા મહાત્માઓને શુશ્રૂષાદિ ગુણો સાક્ષાત્ નથી, ફલથી છે. જેમ ભાવસ્તવના અર્થી શ્રાવકો દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરે છે; કેમ કે ભાવસ્તવનો ઉપાય દ્રવ્યસ્તવ છે જ્યારે સુસાધુઓ દ્રવ્યસ્તવના ફલરૂપ ભાવસ્તવને પામેલા છે, તેથી તે સાધુઓ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરતા નથી. અથવા પ્રસ્તુતમાં શ્રાવકધર્મનો અધિકાર છે અને શ્રાવકધર્મને સેવનારા મહાત્માઓ સમ્યક્ત્વપૂર્વક દેશવિરતિને સ્વીકારે છે, તેથી દેશવિરતિને ભાવથી પરિણમન પમાડવા માટે અને ભાવથી પરિણમન પામેલી દેશવિરતિને અતિશય કરવા અર્થે સમ્યગ્દૃષ્ટિ જીવો શુશ્રૂષા આદિમાં દૃઢ યત્ન કરે છે, માટે પ્રસ્તુત ગાથામાં સમ્યગ્દૃષ્ટિ જીવોને દૃઢ શુશ્રૂષાદિ ગુણો હોય છે એમ કહેલ છે. **॥૧/૩॥**

અવતરણિકા :-

'શુશ્રૂષાદયસ્તુ ભવન્તી'ત્યુક્તં, અથ તાનેવાહ—

અવતરણિકાર્થ :-

શુશ્રૂષાદિ થાય છે એ પ્રમાણે ગાથા-૩માં કહ્યું, હવે તેઓને જ=શુશ્રૂષાદિ ગુણોને જ, બતાવે છે —

ગાથા :-

सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए ।
वेयावच्चे णियमो वयपडिवत्तीए भयणा उ ।।१/४।।

છાયા :-

शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधितः ।
वैयावृत्ये नियमो व्रतप्रतिपत्तौ भजना तु ।।१/४।।

અન્વયાર્થ :-

સુસ્સૂસ=શુશ્રૂષા, ધમ્મરાઓ=ધર્મરાગ, જહાસમાહીએ=યથાસમાધિથી, ગુરુદેવાણં વેયાવચ્ચે=ગુરુ અને દેવના વૈયાવચ્ચમાં, ણિયમો=નિયમ છે=સમ્યગ્દૃષ્ટિને નિયમા પ્રાપ્તિ છે, ઉ વયપડિવત્તીએ ભયણા=વળી વ્રતના સ્વીકારમાં ભજના છે=કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારે છે તો કોઈક સમ્યગ્દૃષ્ટિ સ્વીકારતો નથી એ પ્રકારની ભજના છે. ।।૧/૪।।

ગાથાર્થ :-

શુશ્રૂષા ધર્મરાગ યથાસમાધિથી ગુરુ અને દેવના વૈયાવચ્ચમાં નિયમ છે=સમ્યગ્દૃષ્ટિને નિયમા પ્રાપ્તિ છે, વળી વ્રતના સ્વીકારમાં ભજના છે=કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારે છે તો કોઈક સમ્યગ્દૃષ્ટિ સ્વીકારતો નથી એ પ્રકારની ભજના છે. ।।૧/૪।।

ટીકા :-

વ્યાખ્યા—'सुस्सूसे'त्यादि । श्रोतुमिच्छा शुश्रूषा, ह्रस्वत्वं तु प्राकृतशैलीवशात् सद्बोधावन्ध्यनिबन्धन-धर्मशास्त्रश्रवणवाञ्छेत्यर्थः सा च वैदग्ध्यादिगुणवत्तरुणनरकिन्नरगानश्रवणरागादप्यधिकतमा सम्यक्त्वे सति भवति ।

यदाह—

'यूनो वैदग्ध्यवतः कान्तायुक्तस्य कामिनोऽपि दृढम् ।
किन्नरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः ।।११/३।।' **[षोडशक]**

तथा धर्मः श्रुतचारित्रलक्षणः तत्र श्रुतधर्मरागस्य शुश्रूषापदेनैवोक्तत्वादिह धर्मरागश्चारित्रधर्मरागोऽभि-प्रेतः स च कर्मदोषात्तदकरणेऽपि कान्तारातीतदुर्गतबुभुक्षाक्षामकुक्षिब्राह्मणघृतपूर्णभोजनाभिलाषा-दप्यतिरिक्तोऽत्र भवति तथा गुरवो धर्मोपदेशका आचार्यादयः, देवाश्च आराध्यतमा अर्हन्तो गुरुदेवास्तेषाम् इह च गुरुपदस्य पूर्वनिपातो विवक्षया गुरूणां पूज्यतरत्वख्यापनार्थः न हि सद्गुरूपदेशं विना सर्व-विद्देवाधिगम इति भावः यथासमाधिः=यथासमाधानानतिक्रमेण इह चाव्ययीभावसमासादपि तृतीयाया अलोपः प्राकृतत्वात्, असमासाद्वा, व्यावृत्तस्य भावः कर्म वा वैयावृत्त्यं तस्मिन् तत्प्रतिपत्तिविश्रामणा-भ्यर्चनादौ नियमोऽवश्यंकर्तव्यताङ्गीकारः स च सम्यक्त्वे सति भवतीति प्रक्रमः एतेषां च शुश्रूषादीनां यथोत्तरं हेतुफलभावोऽवसेयः । अथ यथा शुश्रूषादयोऽत्र भवन्ति, तथा किं व्रतान्यपि भवन्तीत्याशंक्याह— व्रतानाम् अणुव्रतादीनां प्रतिपत्तिरङ्गीकरणं व्रतप्रतिपत्तिः, तुशब्दस्य पुनरर्थस्येह सम्बन्धात्तस्यां व्रतप्रतिपत्तौ तु पुनर्भजना विकल्पना भवति सम्यक्त्वे सति व्रतानि कदाचिद् भवन्ति, कदाचिन्नेति भाव इति गाथार्थः ।।१/४।।

ટીકાર્થ :-

શ્રોતુમિચ્છા ..... ગાથાર્થઃ ।। 'सुस्सूसेत्यादि' પ્રતીક છે. સાંભળવાની ઇચ્છા શુશ્રૂષા છે.

ગાથામાં રહેલા 'सुस्सूस' શબ્દમાં 'स' શબ્દ 'હ્રસ્વ' કેમ કર્યો ? તેમાં હેતુ કહે છે –

વળી હ્રસ્વપણું='सा'ને બદલે 'स' એ રૂપ હ્રસ્વપણું, પ્રાકૃત શૈલીના વશથી છે. સદ્બોધનું અવંધ્યકારણ એવા ધર્મશાસ્ત્રના શ્રવણની વાંછા એ 'सुस्सूसा' શબ્દનો અર્થ છે. (તેથી સદ્બોધનું કારણ ન બને તેવી ધર્મશાસ્ત્રશ્રવણની વાંછાવાળા જીવો સમ્યગ્દૃષ્ટિ નથી એ સૂચિત થાય છે.) અને તે=શુશ્રૂષા, વૈદગ્ધ્યાદિ ગુણવાળા=વિચક્ષણતા આદિ ગુણવાળા, યુવાન પુરુષને કિન્નરના ગીતના શ્રવણના રાગથી પણ અધિકતમ રાગવાળી સમ્યક્ત્વ હોતે છતે હોય છે, જેને કહે છે –

'વૈદગ્ધ્યવાળા, સ્ત્રીથી યુક્ત યુવાન એવા અત્યંત કામીના પણ કિન્નરના ગેયના શ્રવણથી=શ્રવણના રાગથી, અધિક ધર્મશ્રુતિમાં રાગ છે=ધર્મ સાંભળવામાં સમ્યગ્દૃષ્ટિને અધિક રાગ છે.' **(ષોડશક૦ ૧૧/૩)**

અને શ્રુત-ચારિત્ર સ્વરૂપ ધર્મ, ત્યાં શ્રુતધર્મના રાગનું શુશ્રૂષાપદથી ઉક્તપણું હોવાને કારણે અહીં= પ્રસ્તુત ગાથામાં, ધર્મરાગ=ચારિત્રધર્મનો રાગ અભિપ્રેત છે અને તે=ચારિત્ર, કર્મદોષના વશથી=ચારિત્રની પરિણતિને સ્પર્શી શકે તેવા પરિણામના બાધક એવા દૃઢ ચારિત્રમોહનીયકર્મના વશથી, તેના અકરણમાં પણ=ચારિત્રના અકરણમાં પણ, અટવીને ઓળંગીને આવેલા, દરિદ્ર, ભૂખથી ક્ષીણ થયેલા શરીરવાળા બ્રાહ્મણને, ઘીથી પૂર્ણ ભોજનના અભિલાષથી પણ અતિરિક્ત=અતિશયવાળો, અહીં=સમ્યક્ત્વમાં, થાય છે=અતિશયવાળો ચારિત્રરાગ થાય છે, અને ગુરુઓ ધર્મોપદેશક આચાર્યાદિ છે અને દેવો આરાધ્યતમ અરિહંતો છે તેવા ગુરુદેવો, તેઓના વૈયાવચ્ચમાં નિયમ સમ્યગ્દૃષ્ટિને હોય છે એમ આગળ અન્વય છે, અને અહીં=ગાથામાં, ગુરુપદનો પૂર્વ નિપાત='દેવગુરુ' કહેવાને બદલે 'ગુરુદેવ' કહીને 'ગુરુ' પદનું પ્રથમ ગ્રહણ, વિવક્ષાથી=આસન્નઉપકારીપણાથી, ગુરુના પૂજ્યતરપણાના ખ્યાપનાર્થવાળો છે=તીર્થંકરો કરતાં પણ આસન્નઉપકારક હોવાને કારણે ગુરુ એવા આચાર્ય પૂજ્યતર છે તેને બતાવે છે –

હિ=જે કારણથી, સદ્ગુરુના ઉપદેશ વગર સર્વજ્ઞ એવા દેવનો બોધ થતો નથી એ પ્રકારનો ભાવ છે=ગુરુને પૂજ્યતર સ્વીકારવાનો ભાવ છે. યથાસમાધિથી=સમાધાનના અનતિક્રમથી=વૈયાવચ્ચકાળમાં ગુણવૃદ્ધિને અનુકૂળ સ્વસ્થતાપૂર્વક ચિત્ત પ્રવર્તી શકે તે પ્રકારે સમાધાનના ઉલ્લંઘન વગર, સમ્યગ્દૃષ્ટિનો વૈયાવચ્ચમાં નિયમ છે એમ અન્વય છે. અને અહીં=યથાસમાધિ એ પ્રકારના શબ્દમાં, અવ્યયીભાવસમાસ હોવા છતાં પણ તૃતીયાનો અલોપ='जहासमाहिए' એ પ્રકારના વચનમાં તૃતીયા વિભક્તિનો અલોપ, પ્રાકૃત હોવાને કારણે છે અથવા અસમાસથી છે અર્થાત્ જે પ્રકારે સમાધિ યથા સમાધિ છે, જેથી અસમાસની પ્રાપ્તિ થાય.

વૈયાવચ્ચનો અર્થ કરે છે –

વ્યાવૃત્તનો ભાવ અથવા કર્મ=વિશેષથી ભક્તિ માટે પ્રવૃત્તનો ભાવ અથવા કર્મ વૈયાવૃત્ત્ય છે.

તેમાં=ગુરુ અને દેવની ભક્તિ-વિશ્રામણા-અભ્યર્ચનાદિમાં, નિયમ=અવશ્ય કર્તવ્યતાનો સ્વીકાર, અને તે=વૈયાવચ્ચનો સ્વીકાર, સમ્યક્ત્વ થયે છતે થાય છે એ પ્રકારે પ્રકમ છે. અને આ શુશ્રૂષાદિનો યથોત્તર હેતુ-ફલભાવ જાણવો=શુશ્રૂષા, ચારિત્રધર્મરાગ પ્રત્યે હેતુ છે અને ચારિત્રધર્મનો રાગ વૈયાવચ્ચ પ્રત્યે હેતુ છે એથી શુશ્રૂષાદિ ત્રણેમાં પૂર્વ-પૂર્વનો હેતુ છે અને ઉત્તર-ઉત્તરનું ફળ છે એમ જાણવું.

'અથ'થી ગાથાના અંતિમ ભાગનું ઉત્થાન કરે છે –

જે પ્રમાણે અહીં=સમ્યક્ત્વમાં, શુશ્રૂષાદિ થાય છે તે પ્રમાણે શું વ્રતો પણ થાય છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

વ્રતોનો=અણુવ્રતાદિનો, સ્વીકાર વ્રતપ્રતિપત્તિ છે, 'તુ' શબ્દનો=ગાથામાં રહેલા 'પુનઃ' અર્થવાળા 'તુ' શબ્દનો, અહીં સંબંધ હોવાથી તે વ્રતપ્રતિપત્તિમાં વળી=અણુવ્રતાદિરૂપ વ્રતપ્રતિપત્તિમાં વળી, ભજના=વિકલ્પના છે અર્થાત્ સમ્યક્ત્વ થયે છતે ક્યારેક વ્રતો થાય છે, ક્યારેક થતાં નથી એ પ્રકારનો ભાવ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૪॥

ભાવાર્થ :-

જીવમાત્ર સુખના અર્થી છે. જે જીવોને બાહ્યપદાર્થોનો સમ્યગ્ બોધ છે અને બાહ્યપદાર્થથી થતા સુખ-દુઃખનો સમ્યગ્ બોધ છે તેઓ સુખનાં સાધનોમાં યત્ન કરે છે અને દુઃખના ઉપાયોથી નિવૃત્તિ કરે છે.

સમ્યગ્દૃષ્ટિને તત્ત્વનો પારમાર્થિક બોધ થવાથી આત્માની અનાકુળ અવસ્થા સુખરૂપ દેખાય છે અને મોહથી આકુળ અવસ્થા દુઃખરૂપ દેખાય છે. મોહની આકુળ અવસ્થાથી જન્ય કર્મબંધથી થતી ચારગતિની વિડંબના સ્પષ્ટ દેખાય છે અને મોહની અનાકુળ અવસ્થાથી સુકુલમાં જન્મ, પુણ્યબંધ અને નિર્જરા દ્વારા સુગતિઓની પરંપરા અને મોક્ષરૂપ સુંદર ફળ દેખાય છે. વળી, મોહની અનાકુળ અવસ્થા તત્કાલ સુખરૂપ છે તેમ પણ સ્વસંવેદનથી પ્રતીત થાય છે, તેથી સમ્યગ્દૃષ્ટિને મોહની અનાકુળ અવસ્થાની અત્યંત ઇચ્છા હોય છે અને મોહની જે અનાકુળતા પોતાને પ્રાપ્ત થઈ છે તેનાથી અધિક અનાકુળતાની પ્રાપ્તિનો ઉપાય દૃઢ પ્રણિધાનપૂર્વક ધર્મશાસ્ત્રના શ્રવણની ક્રિયા છે તેમ જણાય છે, તેથી સમ્યગ્દૃષ્ટિને મોહના નાશના કારણીભૂત દેશવિરતિના આચારો અને સર્વવિરતિના આચારો કઈ રીતે મોહનો નાશ કરવામાં પ્રબળ કારણ થાય ? તેના હાર્દને જાણવા માટે સતત સત્શાસ્ત્રોના શ્રવણની ઇચ્છા હોય છે. સંગીતના જાણનારા કામી જીવને જે પ્રકારે કિન્નરના ગેયના શ્રવણની ઇચ્છા છે તેનાથી અધિક સમ્યગ્દૃષ્ટિને ચારિત્રધર્મના હાર્દને જાણવાની ઉત્કટ ઇચ્છા હોય છે; કેમ કે કિન્નરના ગેયથી શ્રવણકાળમાં જેટલું સુખ થાય છે તેટલું સુખ સમ્યગ્દૃષ્ટિને શ્રવણકાળમાં થાય છે. વળી, કિન્નરના ગેયના શ્રવણ પછી તે શ્રવણનું કોઈ ફળ નથી, જ્યારે ધર્મશાસ્ત્રના શ્રવણથી ઉત્તરમાં પણ અધિક અધિક ઉપશમ દ્વારા સુખની વૃદ્ધિની જ પ્રાપ્તિ છે, તેથી કિન્નરના ગેયના શ્રવણ કરતાં સમ્યગ્દૃષ્ટિને ધર્મશ્રુતિમાં અધિક રાગ છે.

વળી સમ્યગ્દૃષ્ટિ જીવ જેમ જેમ ચારિત્રીના ચારિત્રના સ્વરૂપને કહેનારાં ધર્મશાસ્ત્રો સાંભળે છે તેમ તેમ તેનો ચારિત્રનો રાગ ઉત્તરોત્તર પ્રકર્ષવાળો થાય છે, છતાં પૂર્વનાં તેવા પ્રકારનાં ચારિત્રમોહનીય આપાદક

કર્મો પ્રચુર હોવાથી ચારિત્રનો સ્વીકાર ન કરે તોપણ ચારિત્રનો અભિલાષ સતત અધિક-અધિકતર થયા કરે છે અને ચારિત્રના અભિલાષના ઉત્કર્ષને કારણે જ ચારિત્રના હાર્દને બતાવનારા ધર્મોપદેશક પ્રત્યે તેને ભક્તિનો અતિશય થાય છે, તેથી પોતાના ભક્તિના પરિણામમાં અપકર્ષ ન થાય અને પોતાના ચિત્તની તથા શરીરની સ્વસ્થતા રહે તે પ્રકારે તે ગુરુની ભક્તિ કરે છે અને ચારિત્રની પરાકાષ્ઠાને પામેલા તીર્થંકરોની શક્તિ અનુસાર અવશ્ય ભક્તિ કરે છે, વળી, સમ્યગ્દૃષ્ટિ જીવ દેવ-ગુરુની જે વૈયાવચ્ચ કરે છે તે માત્ર કાયિકક્રિયારૂપે કરતો નથી પરંતુ ગુરુના અને દેવના ગુણોને બહુમાનથી સ્પર્શે તે પ્રકારના દૃઢ વ્યાપારથી કરે છે, જેથી શીઘ્ર ચારિત્રમોહનીયકર્મ શિથિલ થાય છે.

વળી જેઓ સમ્યક્ત્વ પામેલ છે તેઓને દેશવિરતિગુણસ્થાનકની અને સર્વવિરતિગુણસ્થાનકની પરિણતિ અત્યંત સુખાત્મક જણાય છે. તેથી તેના ઉપાયભૂત વ્રતો લેવાની ઉત્કટ ઇચ્છા હોય છે, છતાં જેઓના વ્રતનાં પ્રતિબંધક કર્મો તે ઇચ્છાના પ્રકર્ષથી પણ ક્ષયોપશમભાવને પામ્યાં નથી તેઓ વ્રત સ્વીકારતા નથી અને જેઓના વ્રતનાં પ્રતિબંધક કર્મો ક્ષયોપશમભાવને પામ્યાં છે તેઓ વ્રત અવશ્ય સ્વીકારે છે. **॥૧/૪॥**

અવતરણિકા :-

ભજનાકારણમેવાહ –

અવતરણિકાર્થ :-

ભજનાના કારણે જ કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૪માં કહ્યું કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી વ્રતના સ્વીકારમાં ભજના છે, તેથી જિજ્ઞાસા થાય કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી કેટલાક જીવોને વ્રતની પ્રાપ્તિ થાય છે અને કેટલાક જીવોને વ્રતની પ્રાપ્તિ થતી નથી, એ પ્રકારની ભજનાનું કારણ શું છે? તેથી ભજનાના કારણને બતાવે છે –

ગાથા :-

जं सा अहिगयराओ कम्मखओवसमओ ण य तओ वि ।
होइ परिणामभेया लहुंति तम्हा इहं भयणा ।।१/५।।

છાયા :-

यत् सा अधिकतरात् कर्मक्षयोपशमतो न च तकोऽपि ।
भवति परिणामभेदाद् लघ्विति तस्मादिह भजना ।।१/५।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, सा=તે=વ્રતનો સ્વીકાર, अहिगयराओ कम्मखओवसमओ=અધિકતર ક્ષયોપશમથી થાય છે=સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણીભૂત જે મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીકષાયનો ક્ષયોપશમ

થયો તેનાથી અધિકતર એવા અપ્રત્યાખ્યાનીયકષાયના ક્ષયોપશમથી થાય છે, ય=અને, તઓ વિ ણ=તે પણ નથી જ=સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણીભૂત ક્ષયોપશમ સાથે અધિકતર ક્ષયોપશમ નથી જ, પરિણામભેયા=પરિણામના ભેદથી=સમ્યક્ત્વની પ્રાપ્તિના પરિણામ કરતાં વિશેષ પ્રકારના પરિણામથી, લહુંતિ હોઇ=શીઘ્ર થાય છે=કેટલાક જીવોને શીઘ્ર થાય છે, તમ્હા=તે કારણથી, ઇહં=અહીં=વ્રતના સ્વીકારમાં, ભયણા=ભજના છે. ॥૧/૫॥

ગાથાર્થ :-

જે કારણથી તે=વ્રતનો સ્વીકાર, અધિકતર ક્ષયોપશમથી થાય છે=સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણીભૂત જે મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીકષાયનો ક્ષયોપશમ થયો તેનાથી અધિકતર એવા અપ્રત્યાખ્યાનીયકષાયના ક્ષયોપશમથી થાય છે, અને તે પણ નથી જ=સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણીભૂત ક્ષયોપશમ સાથે અધિકતર ક્ષયોપશમ નથી જ, પરિણામના ભેદથી=સમ્યક્ત્વની પ્રાપ્તિના પરિણામ કરતાં વિશેષ પ્રકારના પરિણામથી, શીઘ્ર થાય છે=કેટલાક જીવોને શીઘ્ર થાય છે, તે કારણથી અહીં=વ્રતના સ્વીકારમાં, ભજના છે. ॥૧/૫॥

ટીકા :-

व्याख्या—' जं से'त्यादि । यद्यस्मात्कारणात् सा व्रतप्रतिपत्तिः अधिकतरात्=सम्यक्त्वप्राप्तिनिमित्त-भूतकर्मक्षयोपशमापेक्षया समर्गलतरात् कर्मक्षयोपशमतः=चारित्रमोहनीयकर्मक्षयोपशमाद् भवति । ननु सम्यक्त्वलाभावसर एवासौ कुतो न भवतीत्याह—न च नैव '(ततो वि त्ति)' तकोऽपि=सोऽपि यदैव सम्यक्त्वप्रतिपत्तिहेतुः कर्मक्षयोपशमो भवति, न तदैव व्रतप्रतिपत्तिहेतुभूतस्तदधिकतरोऽपीत्यपि-शब्दार्थः अन्ये तु 'तओ उ' इति पठन्ति, तत्र व्याख्या—न च नैव तकः पुनर्भवति-जायते, कुतः पुनरेवमित्याह—परिणामभेदात्=तथाभव्यत्वहेतुकात्माध्यवसायविशेषाद्, विशिष्टतरपरिणामनिबन्धन-त्वात्तस्येति भावः, 'लहुं ति' त्ति लघ्विति-शीघ्रमेव, सम्यक्त्वनिबन्धनक्षयोपशमानन्तरमेवेत्यर्थः । तस्मात्-ततः कारणादिह=व्रतप्रतिपत्तौ भजना=विकल्पना, शुश्रूषादिषु पुनर्नियमः, इयमत्र भावना—यद्यपि ग्रन्थिभेदादेव सम्यक्त्वमुदेति, तत्र च व्रतप्रतिपत्तिमेवोपादेयतराम(ध्य)वस्यति, तथापि यावत्यां कर्मस्थितौ सत्यां सम्यक्त्वलाभो भवति, न तावत्यामेव व्रतप्रतिपत्तिरपि तत्त्वतो भवतीति गाथार्थः ॥१/५॥

ટીકાર્થ :-

यद्यस्मात् ..... गाथार्थः ॥ 'जं सेत्यादि' પ્રતીક છે. જે કારણથી તે=વ્રતની પ્રતિપત્તિ=દેશવિરતિ કે સર્વવિરતિનો સ્વીકાર, અધિકતર એવા ક્ષયોપશમથી થાય છે=સમ્યક્ત્વની પ્રાપ્તિના નિમિત્તભૂત કર્મના ક્ષયોપશમની અપેક્ષાએ અધિકતર એવા ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી થાય છે.

'ननु'થી ગાથાના આગળના અંશનું ઉત્થાન કરે છે — સમ્યક્ત્વના લાભના અવસરમાં જ આ= અધિકતર એવો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ, કેમ થતો નથી ? એથી કહે છે — તે પણ નથી=જે જ સમ્યક્ત્વની પ્રાપ્તિનો હેતુ એવો કર્મનો ક્ષયોપશમ થાય છે તે જ વ્રત પ્રતિપત્તિના હેતુભૂત નથી, અધિકતર પણ છે=સમ્યક્ત્વની પ્રાપ્તિથી જે ક્ષયોપશમ છે તેનાથી અધિકતર પણ ક્ષયોપશમ છે, એ 'अपि' શબ્દનો અર્થ છે, વળી, અન્ય આચાર્ય ગાથામાં 'तओ वि' છે તેના સ્થાને 'तओ उ' એ પ્રમાણે કહે છે, ત્યાં=અન્યના પાઠમાં, વ્યાખ્યા આ પ્રમાણે છે — તે વળી થતો નથી જ=સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં અધિકતર એવો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થતો નથી જ, વળી આ પ્રમાણે કેમ છે ? એથી કહે છે=સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ નથી થતો એ પ્રમાણે કેમ છે ? એથી કહે છે — પરિણામના ભેદથી=તથાભવ્યત્વહેતુક આત્માના અધ્યવસાયવિશેષથી, તે પ્રકારનો ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય છે એમ અન્વય છે, તેનું=ચારિત્રમોહનીયના ક્ષયોપશમનું, વિશિષ્ટતર પરિણામનિબંધનપણું હોવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થતો નથી જ, શીઘ્ર જ=સમ્યક્ત્વ નિબંધન ક્ષયોપશમ અનંતર જ, પરિણામના ભેદથી કોઈક જીવને ચારિત્ર થાય છે. એથી કહે છે — તે કારણથી અહીં=વ્રતપ્રતિપત્તિમાં ભજના છે=સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી વ્રતના સ્વીકારમાં ભજના છે, વળી શુશ્રૂષાદિમાં નિયમ છે=શુશ્રૂષાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે નિયમથી થાય છે, આ અહીં=ભજનાના વિષયમાં, ભાવના છે — જોકે ગ્રંથિભેદથી જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને ત્યાં=સમ્યક્ત્વની પ્રાપ્તિમાં, વ્રતના સ્વીકારનો જ અત્યંત ઉપાદેયનો અધ્યવસાય થાય છે, તોપણ જેટલી કર્મસ્થિતિ હોતે છતે સમ્યક્ત્વનો લાભ થાય છે તેટલી કર્મસ્થિતિમાં જ વ્રતનો સ્વીકાર પણ તત્ત્વથી થતો નથી અર્થાત્ ક્વચિદ્ ઉત્સાહ થાય અને બાહ્યથી વ્રતનો સ્વીકાર થાય તોપણ અપ્રત્યાખ્યાનીયકષાયના ક્ષયોપશમજન્ય વ્રતના પરિણામરૂપ વ્રતનો સ્વીકાર થતો નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૫॥

ભાવાર્થ :-

યોગ્ય જીવો ઉપદેશ આદિને પામીને સંસારની નિર્ગુણતા આદિને જાણે ત્યારે માર્ગાનુસારીબુદ્ધિ પ્રવર્તતી હોય તો જે પ્રકારે સંસાર નિર્ગુણ છે તે પ્રકારે જ તેને નિર્ગુણ ભાસે ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે; કેમ કે તત્ત્વના યથાર્થ અવલોકનના બળથી સંસારની નિર્ગુણતાના સ્વરૂપમાં વિપર્યાસ કરાવનારા કર્મનો ક્ષયોપશમ થાય છે, તેથી મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધીકષાયનો ક્ષયોપશમભાવ પ્રગટે છે તેટલામાત્રથી દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થતી નથી; પરંતુ જ્યારે તે મહાત્મા સંસારની નિર્ગુણતાને જાણ્યા પછી દેશવિરતિના કે સર્વવિરતિના સ્વરૂપનો યથાર્થ બોધ કરે ત્યારે તે મહાત્માના ચિત્તમાં દેશવિરતિના કે સર્વવિરતિના પાલન દ્વારા આત્મહિત સાધવાનો ઉત્કટ અધ્યવસાય થાય છે, તે અધ્યવસાયથી અપ્રત્યાખ્યાનાવરણીકષાય કે પ્રત્યાખ્યાનાવરણીયકષાય ક્ષયોપશમભાવને પામે છે તેઓને દેશવિરતિનો અને સર્વવિરતિનો પરિણામ થાય છે. તેથી જે જીવોને સમ્યક્ત્વ પામ્યા પછી શીઘ્ર જ દેશવિરતિ કે સર્વવિરતિનાં આવારક

કર્મોનો ક્ષયોપશમ થાય છે તેઓ દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારે છે અને જેઓને સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિ કે સર્વવિરતિનાં આવારક કર્મોનો ક્ષયોપશમ થતો નથી તેઓ વ્રત સ્વીકારતા નથી અને ક્વચિદ્ ઉત્સાહમાં આવીને વ્રતો સ્વીકારે તોપણ દેશવિરતિ કે સર્વવિરતિ આવરક કર્મોનો ક્ષયોપશમ થયેલો નહિ હોવાથી ભાવથી દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થતી નથી.

વળી, સમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે શુશ્રૂષાદિ ત્રણ ગુણોની પ્રાપ્તિનાં આવારક કર્મોનો ક્ષયોપશમ અવશ્ય થાય છે, તેથી સમ્યગ્દૃષ્ટિને નિયમથી શુશ્રૂષાદિ ગુણો હોય છે. ચારિત્રની પ્રાપ્તિમાં જેમ ભજના છે તેમ શુશ્રૂષાદિ ગુણોની પ્રાપ્તિમાં ભજના નથી. **॥૧/૫॥**

અવતરણિકા :-

इदमेवाह—

અવતરણિકાર્થ :-

આને જ=સમ્યક્ત્વની પ્રાપ્તિના ક્ષયોપશમ કરતાં અધિકતર ક્ષયોપશમથી વ્રતનો સ્વીકાર થાય છે એને જ, કહે છે –

ગાથા :-

सम्मा पलियपुहुत्तेऽवगए कम्माण भावओ होंति ।
वयपभितीणि भवण्णवतरंडतुल्लाणि णियमेण ।।१/६।।

છાયા :-

सम्यक्त्वात् पल्यपृथक्त्वेऽपगते कर्मणां भावतो भवन्ति ।
व्रतप्रभृतीनि भवार्णवतरण्डतुल्यानि नियमेन ।।१/६।।

અન્વયાર્થ :-

सम्मा=સમ્યક્ત્વના લાભ પછી, कम्माण पलियपुहुत्तेऽवगए=કર્મોનો પલ્યોપમપૃથક્ત્વ અપગમ થયે છતે, णियमेण=નિયમથી, भवण्णवतरंडतुल्लाणि वयपभितीणि=ભવસમુદ્રમાં નાવડીતુલ્ય વ્રત વગેરે, भावओ= ભાવથી, होंति=થાય છે. ।।૧/૬।।

ગાથાર્થ :-

સમ્યક્ત્વના લાભ પછી કર્મોનો પલ્યોપમપૃથક્ત્વ અપગમ થયે છતે નિયમથી ભવસમુદ્રમાં નાવડીતુલ્ય વ્રત વગેરે ભાવથી થાય છે. ।।૧/૬।।

ટીકા :-

व्याख्या—सम्मेत्यादि । सूचनात्सूत्रमिति न्यायात् सम्यक्त्वाल्लब्धादनन्तरं पल्योपमानामागमप्रसिद्धानां

कालपरिमाणविशेषलक्षणानां पृथक्त्वं-द्विप्रभृतिनवान्तसंख्यालक्षणं पल्योपमपृथक्त्वं तस्मिन् अपगतेऽपेते वेदित इत्यर्थः, केषां पल्योपमपृथक्त्वमित्याह—कर्मणां ज्ञानावरणादीनाम् । इह च कर्मस्थितेरिति वाच्ये स्थितेः स्थितिमतां चाभेदविवक्षया कर्मणामित्युक्तम्, यतो मोहनीयादिकर्मणां सागरोपमकोटीकोटी-सप्तत्यादिकायाः स्थितेर्मध्यात् कोटीकोट्यादिकां स्थितिं यथाप्रवृत्तिकरणेन क्षपयति तावद्यावदेका पल्योपमासंख्येयभागोना सागरोपमकोटीकोटीशेषा, ततो ग्रन्थिभेदेन सम्यक्त्वं लभते, ततः शेषकर्मस्थितेः पल्योपमपृथक्त्वे क्षपिते सत्यणुव्रतानि लभत इत्यागममुद्रा, ततः किमित्याह—भावतः परमार्थवृत्तिमाश्रित्य, द्रव्यतः पुनरतिदीर्घतरायामपि कर्मस्थितौ महाव्रतान्यपि भवन्ति ।

तदुक्तम्—

'सव्वजियाणं जम्हा सुत्ते गेविज्जगेसु उववाओ ।
भणिओ जिणेहि सो न य लिंगं मोत्तुं जओ भणियं ।।१०३८।।' **[विशेषावश्यक०]**

जे दंसणवावण्णा लिंगग्गहणं करिंति सामन्ने ।
तेसिं पि य उववाओ उक्कोसो जाव गेविज्जा ।। ।१०३९।।' **[विशेषावश्यक०]**

'होंति' त्ति भवन्ति=जायन्ते कानीत्याह—व्रतप्रभृतीन्यणुव्रतादीनि । स्वरूपतः किंविधानि तानीत्याह—भवार्णवतरण्डतुल्यानि संसारसागरोत्तरणद्रोणादिकल्पानि, नियमेनावश्यंभावेन ।

तदुक्तम्—

'सम्मत्तंमि उ लद्धे पलियपुहुत्तेण सावओ होज्जा ।
चरणोवसमखयाणं सागरसंखंतरा होंति ।।१२२२।।' **[विशेषावश्यक०]**

पल्योपमपृथक्त्वादिवेद्यस्य च कर्मणो ह्रासोऽनुक्रमेण स्याद् वीर्योल्लासात्करणान्तरप्रवृत्तेरतिशीघ्रकालेन वा, तदुक्तम्—

'एवं अप्परिवडिए सम्मत्ते देवमणुयजम्मेसु ।
अन्नयरसेढिवज्जं एगभवेणं च सव्वाइं ।।१२२३।।' **[विशेषावश्यक०]**

ननु यदा सम्यक्त्वयुक्त एव नवपल्योपमातिरिक्तस्थितिकदेवेषूत्पद्यते तदा देवभवे विरतेरभावात् कथं 'सम्मत्तंमि उ लद्धे पलियपुहुत्तेण सावओ होज्जा' **इत्येतद् घटते ?, अत्रोच्यते—तस्यामवस्थायां यावतीं स्थितिं क्षपयति तावतीमन्यां बध्नाति, ततो देशोनसागरोपमकोटीकोटीरूपाया अधिकृतकर्मस्थितेः पल्योपमपृथक्त्वस्य नापगमो भवतीति न देवभवादौ देशविरतिलाभः स्यादिति न विरोधः, तदेवं सम्यक्त्वलाभेऽपि व्रतप्रतिपत्तौ भजनेति स्थितमिति गाथार्थः ।।१/६।।**

ટીકાર્થ :-

સૂચનાત્ ..... ગાથાર્થઃ ।। 'સમ્મેત્યાદિ' પ્રતીક છે. 'સૂચનથી સૂત્ર' એ ન્યાયથી 'સમ્મા'નો અર્થ પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વ પછી આગમ પ્રસિદ્ધ કાલપરિમાણ વિશેષરૂપ પલ્યોપમોનું ૨થી માંડીને ૯ સંખ્યાસ્વરૂપ પૃથક્ત્વ=પલ્યોપમપૃથક્ત્વ, તેનો અપગમ થયે છતે, કોનું પલ્યોપમપૃથક્ત્વ ? એથી કહે છે – જ્ઞાનાવરણીય આદિ કર્મોનું પલ્યોપમપૃથક્ત્વ, અપગમ થયે છતે ભાવથી વ્રતનો પરિણામ થાય છે એમ આગળ સંબંધ છે, અને અહીં=કર્મોનો અપગમ કહ્યો એમાં, કર્મની સ્થિતિનો અપગમ એ પ્રમાણે વાચ્ય હોતે છતે સ્થિતિ અને સ્થિતિવાનની અભેદવિવક્ષાથી કર્મનો (અપગમ) એ પ્રમાણે કહેવાયું છે અર્થાત્ કર્મોની સ્થિતિનો અપગમ એમ કહેવાને બદલે કર્મોનો અપગમ એમ કહેવાયું છે, જે કારણથી મોહનીય આદિ કર્મોની ૭૦ કોડાકોડી સાગરોપમ આદિ સ્થિતિમાંથી કોડાકોડી સાગરોપમ આદિ સ્થિતિને યથાપ્રવૃત્તિકરણથી ત્યાં સુધી ખપાવે છે જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યભાગથી ઊણી એવી એક કોડાકોડી બાકી રહે, ત્યારપછી ગ્રંથિભેદથી સમ્યક્ત્વને પામે છે, ત્યારપછી શેષ કર્મસ્થિતિમાંથી પલ્યોપમપૃથક્ત્વ ક્ષપિત કરાયે છતે અણુવ્રતાદિ પ્રાપ્ત કરે છે એ પ્રમાણે આગમમુદ્રા છે=શાસ્ત્રમર્યાદા છે, ત્યારપછી શું ? એથી કહે છે – ભાવથી=પરમાર્થવૃત્તિને આશ્રયીને, વ્રતનો સ્વીકાર થાય છે એમ અન્વય છે, દ્રવ્યથી વળી અતિદીર્ઘતર પણ કર્મસ્થિતિમાં મહાવ્રતો પણ થાય છે, તે કહેવાયું છે=દીર્ઘ સ્થિતિવાળા જીવોને દ્રવ્યથી મહાવ્રતો થાય છે તે આગમમાં કહેવાયું છે –

"જે કારણથી ભગવાન વડે સર્વ જીવોનો ગ્રૈવેયકોમાં ઉપપાત સૂત્રમાં કહેવાયો છે અને તે=ગ્રૈવેયકમાં ઉપપાત, લિંગને છોડીને નથી, જે કારણથી કહેવાયું છે. ।।૧૦૩૮।।

શ્રામણ્યમાં દર્શનથી વ્યાપન્ન એવા જેઓ લિંગને ગ્રહણ કરે છે તેઓનો પણ ઉત્કૃષ્ટથી ઉપપાત ગ્રૈવેયક સુધી છે. ।।૧૦૩૯।।" **(વિશેષાવશ્યક૦ ગાથા-૧૦૩૮-૧૦૩૯)**

ઉદ્ધરણ પૂર્વે કહ્યું કે 'ભાવથી=પરમાર્થ વૃત્તિને આશ્રયીને' તેનો અન્વય બતાવતાં કહે છે –

થાય છે, શું થાય છે ? એથી કહે છે – વ્રત વગેરે થાય છે=અણુવ્રતાદિ થાય છે, સ્વરૂપથી કેવા પ્રકારનાં તેઓ છે ?=અણુવ્રતાદિ છે ? એથી કહે છે – ભવરૂપ સમુદ્રમાં તરંડતુલ્ય વ્રતો છે=સંસારસાગરના ઉત્તરણ માટે નાવડી આદિ જેવાં અણુવ્રતો નિયમથી=અવશ્યંભાવથી થાય છે, તે કહેવાયું છે=સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પલ્યોપમપૃથક્ત્વ કર્મનો અપગમ થાય તો ભાવથી વ્રતો થાય છે એમ પૂર્વમાં કહ્યું તે આગમમાં કહેવાયું છે –

"સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમપૃથક્ત્વથી=પલ્યોપમપૃથક્ત્વકર્મની સ્થિતિના ક્ષયથી, શ્રાવક થાય છે, સંખ્યાતા સાગરોપમના ક્ષયથી ચારિત્ર થાય છે, તેનાથી અધિક સંખ્યાતા સાગરોપમના ક્ષયથી ઉપશમશ્રેણિ થાય છે, તેનાથી અધિક સંખ્યાતા સાગરોપમના ક્ષયથી ક્ષપકશ્રેણિ થાય છે. ।।૧૨૨૨।।" **(વિશેષાવશ્યક૦ ગાથા-૧૨૨૨)**

અને પલ્યોપમપૃથક્ત્વાદિ એવાં વેદ્ય કર્મોનો હ્રાસ અનુક્રમથી થાય છે અથવા વીર્યોલ્લાસથી કરણાન્તરની પ્રવૃત્તિને કારણે અતિશીઘ્ર કાલથી થાય છે=મોહનાશને અનુકૂળ વીર્યનો ઉલ્લાસ

થવાને કારણે મોહનીયકર્મના નાશને અનુકૂળ એવા અધ્યવસાયરૂપ કરણાન્તરની પ્રવૃત્તિ થવાથી અતિશીઘ્ર કાલથી કર્મોનો હ્રાસ થાય છે. તે કહેવાયું છે –

"આ રીતે દેવ-મનુષ્યજન્મોમાં અપ્રતિપતિત સમ્યક્ત્વ હોતે છતે અન્યતર શ્રેણિને છોડીને એક ભવમાં સર્વ પ્રાપ્ત થાય છે=એક ભવમાં ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિમાંથી એકને છોડીને દેશવિરતિ, સર્વવિરતિ, ઉપશમશ્રેણિ કે ક્ષપકશ્રેણિ સર્વ પ્રાપ્ત થાય છે. ॥૧૨૨૩॥" **(વિશેષાવશ્યક૦ ગાથા-૧૨૨૩)**

'ननु'થી શંકા કરે છે – જ્યારે સમ્યક્ત્વયુક્ત જ કોઈક જીવ નવ પલ્યોપમથી અતિરિક્ત સ્થિતિવાળા દેવભવમાં ઉત્પન્ન થાય છે ત્યારે દેવભવમાં વિરતિનો અભાવ હોવાથી 'સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમ પૃથક્ત્વથી શ્રાવક થાય છે' એ=એ કથન, કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

તે અવસ્થામાં=દેવ અવસ્થામાં, જેટલી સ્થિતિ ખપાવે છે=ક્રમસર ઉદય દ્વારા અલ્પ કરે છે, તેટલી અન્ય બાંધે છે=દેવભવ પ્રત્યે દેશવિરતિની પ્રાપ્તિના કારણીભૂત સ્થિતિ અલ્પ થઈ શકે નહિ તેથી દેવભવને કારણે જ તેટલી નવી સ્થિતિ બાંધે છે, તેથી દેશથી ન્યૂન કોડાકોડી સાગરોપમરૂપ અધિકૃત કર્મસ્થિતિના=સમ્યક્ત્વકાલમાં વર્તતી કર્મસ્થિતિના, પલ્યોપમપૃથક્ત્વનો અપગમ થતો નથી, એથી દેવભવાદિમાં દેશવિરતિનો લાભ ન થાય એ કથનમાં વિરોધ નથી, તે કારણથી આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સમ્યક્ત્વનો લાભ થયે છતે પણ વ્રતના સ્વીકારમાં=ભાવથી વ્રતના પરિણામમાં, ભજના છે એ પ્રમાણે સ્થિત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૬॥

ભાવાર્થ :-

જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારપછી પદાર્થનું યથાર્થ અવલોકન કરનાર હોવાથી આત્મામાં કષાયજન્ય અને અજ્ઞાનજન્ય જે વિકૃતિ વર્તે છે એને સતત ક્ષીણ કરવા પ્રયત્ન કરે છે. તેથી સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યક્ત્વકાળમાં જે કર્મોની સ્થિતિ છે તેમાંથી પલ્યોપમપૃથક્ત્વ કર્મોની સ્થિતિ અલ્પ થાય તો તે જીવને ભાવથી વ્રતનો પરિણામ અવશ્ય થાય છે અર્થાત્ દેશવિરતિનો પરિણામ અવશ્ય થાય છે. તે દેશવિરતિનો પરિણામ ભવસમુદ્રમાં તરવા માટે નાવતુલ્ય છે; કેમ કે તત્ત્વને યથાર્થ જોવામાં બાધક કર્મોનો ક્ષયોપશમ થયેલો હોવાથી તે જીવને સંપૂર્ણ મોહથી અનાકુળ વીતરાગતુલ્ય પોતાનો આત્મા જ સુખરૂપ છે તેવો સ્પષ્ટ નિર્ણય છે, તેથી તે મહાત્માએ વીતરાગતુલ્ય આત્માને પ્રગટ કરવા અર્થે સ્વપરાક્રમ દ્વારા વીતરાગતુલ્ય થવામાં બાધક અપ્રત્યાખ્યાનાવરણીયકષાયમોહનીયકર્મનો ક્ષયોપશમભાવ કરેલો છે અને તેના બળથી પ્રત્યાખ્યાનાવરણકષાયોનો અને સંજ્વલનકષાયોનો પણ ક્ષયોપશમ થાય અને ક્રમસર સર્વ કષાયોનો ક્ષય થાય તેને અનુકૂળ બળસંચય અર્થે તે મહાત્મા દેશવિરતિની ક્રિયા ભાવથી કરે છે જેના બળથી તે મહાત્મા અલ્પકાળ સર્વ કષાયોનું ઉન્મૂલન કરીને ભવસમુદ્રથી પારને પામશે, તેથી ભાવથી પ્રગટ થયેલો દેશવિરતિનો પરિણામ ભવસમુદ્રમાં તરવા માટે નાવતુલ્ય છે.

વળી, સમ્યક્ત્વ પામ્યા પછી પલ્યોપમપૃથક્ત્વ કર્મની સ્થિતિ ન્યૂન થાય તો નિયમથી વ્રતનો પરિણામ

ભાવથી થાય છે એમ કહ્યું તે કથનમાં કેટલાક જીવોને સમ્યક્ત્વ પામ્યા પછી ક્રમસર સ્થિતિના ભોગથી તેટલા કાળ પછી દેશવિરતિ પ્રાપ્ત થાય છે; કેમ કે સમ્યક્ત્વ પામ્યા પછી જીવ જો સમ્યક્ત્વથી પાત ન પામે તો સતત સ્વભૂમિકા અનુસાર કષાયોની વૃદ્ધિ કરતો નથી; પરંતુ કષાયોને અલ્પ-અલ્પતર કરવા યત્ન કરે છે. તેથી નવી સ્થિતિનો બંધ પૂર્વની સ્થિતિ કરતાં અલ્પ-અલ્પતર થાય છે અને પ્રતિસમય ભોગથી તેટલી કર્મસ્થિતિ ઘટે છે, તેથી પલ્યોપમપૃથક્ત્વકાળમાં તે જીવ સમ્યક્ત્વ પામે છે.

વળી, કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિના સ્વરૂપને અને સર્વવિરતિના સ્વરૂપને ગીતાર્થ પાસેથી પ્રતિદિન સાંભળે છે અને તેવી સામગ્રી ન હોય તો ગ્રંથોમાંથી દેશવિરતિના અને સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય તે રીતે અધ્યયન કરે છે, તેઓનાં દેશવિરતિનાં આવારક કર્મો સોપક્રમ હોય તો તે દેશવિરતિના અને સર્વવિરતિના સ્વરૂપના ભાવનથી થયેલા વિશિષ્ટ નિર્મળતર અધ્યવસાયને કારણે અલ્પકાળમાં જ સમ્યક્ત્વકાળમાં જે કર્મની સ્થિતિ સત્તામાં હતી તેમાંથી પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ તત્કાલ ક્ષય થાય છે, તેથી તેવા જીવો સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિ આદિનું સ્વરૂપ સાંભળતાની સાથે જ પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ અલ્પ થવાથી દેશવિરતિના પરિણામને સ્પર્શે છે, તેથી તે જીવો દેશવિરતિના વ્રતનો સ્વીકાર કરે છે.

અહીં વિશેષ એ છે કે ભાવથી સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિના સ્વરૂપને સાંભળીને તેના શ્રવણમાં વર્તતા નિર્મળ ઉપયોગથી કેટલાક જીવોને શ્રવણકાળમાં જ દેશવિરતિ ભાવથી સ્પર્શે છે, તેથી દેશવિરતિના પરિણામને પામેલા તે જીવો વ્રત ગ્રહણ કરીને તેના પાલન દ્વારા પ્રાપ્ત થયેલા દેશવિરતિના પરિણામને જ સ્થિર-સ્થિરતર કરે છે.

વળી કેટલાક જીવો ભાવથી સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિના સ્વરૂપના શ્રવણકાળમાં દેશવિરતિના પરિણામની આસન્ન ભૂમિકાને પ્રાપ્ત કરે છે, તેથી તેઓને અધ્યવસાય થાય છે કે વિધિપૂર્વક દેશવિરતિને ગ્રહણ કરીને હું પાપોથી કંઈક વિરામની પરિણતિવાળો થાઉં. આ જીવો દેશવિરતિના પારમાર્થિક સ્વરૂપના બોધવાળા હોવાથી દેશવિરતિના ગ્રહણની શાસ્ત્રીય વિધિમાં ઉપયુક્ત થઈને ગ્રહણ કરે ત્યારે તે વિધિપૂર્વકના વ્રતગ્રહણ કરવાના અધ્યવસાયથી દેશવિરતિના પરિણામને પામે છે ત્યારે તેઓની કર્મસ્થિતિ પલ્યોપમપૃથક્ત્વ અલ્પ થાય છે.

વળી કેટલાક જીવો ભાવથી સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિના સ્વરૂપને સાંભળે ત્યારે તેઓને દેશવિરતિના ઉત્તમ આચારો પ્રત્યે બહુમાન થાય છે અને તેવા આચારો સેવીને પાપથી વિરામ પામવાના અર્થી બને છે અને વિધિપૂર્વક વ્રતો ગ્રહણ કરે છે. આ સર્વ પ્રવૃત્તિકાળમાં વર્તતા શુભ અધ્યવસાયથી કર્મોની સ્થિતિ અલ્પ-અલ્પતર થાય છે તોપણ સમ્યક્ત્વકાળમાં વર્તતી કર્મની સ્થિતિ કરતાં પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ અલ્પ થતી નથી, તેથી વ્રત ગ્રહણ કરવા છતાં અને ગ્રહણ કરાયેલાં વ્રતોનું સમ્યગ્ પાલન કરવા છતાં તેઓને તત્કાલ ભાવથી દેશવિરતિના પરિણામનો સ્પર્શ થતો નથી; પરંતુ પ્રતિદિન દેશવિરતિની અને સર્વવિરતિની સામાચારીના શ્રવણના બળથી અને સ્વીકારાયેલા દેશવિરતિનાં વ્રતોના પાલનના બળથી કેટલાક કાળ પછી પલ્યોપમપૃથક્ત્વ કર્મની સ્થિતિ અલ્પ થાય છે ત્યારે ભાવથી દેશવિરતિનો પરિણામ સ્પર્શે છે અને જે

જીવોને સમ્યક્ત્વ પામ્યા પછી દેશવિરતિની અને સર્વવિરતિની સામાચારીને સાંભળવાથી તેના પ્રત્યે પ્રીતિ થાય છે તોપણ દેશવિરતિ આવારક કર્મો દૃઢ હોવાથી હું દેશવિરતિનું પાલન કરી શકીશ નહીં તેવું જ પ્રતિભાસ થાય છે, તેથી દેશવિરતિની અને સર્વવિરતિની સામાચારી પ્રતિદિન રાગપૂર્વક સાંભળે છે તોપણ ભાવથી દેશવિરતિનો પરિણામ થતો નથી, તેથી તે જીવો વ્રત સ્વીકારતા નથી, માટે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી દેશવિરતિના સ્વીકારમાં ભજના છે.

વળી સમ્યક્ત્વ પામ્યા પછી કોઈ મહાત્મા દેવભવમાં જાય અને તેનું આયુષ્ય નવ પલ્યોપમથી અધિક હોય તે વખતે જો તે દેવભવમાં સમ્યક્ત્વથી પાત ન પામે તો તેટલા કાળમાં ભોગ દ્વારા ક્રમસર પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ અલ્પ થાય તો દેવભવમાં જ દેશવિરતિની પ્રાપ્તિનો પ્રસંગ આવે; પરંતુ દેવભવના સ્વભાવથી જ સમ્યક્ત્વ હોવા છતાં સમ્યક્ત્વને કારણે ભોગ દ્વારા જેમ કર્મની સ્થિતિ અલ્પ થાય છે તેમ દેવભવના સ્વભાવને કારણે નવી તેટલી સ્થિતિ બંધાય છે, તેથી ભાવથી દેશવિરતિનો પરિણામ સ્પર્શતો નથી; છતાં સમ્યક્ત્વને કારણે તે મહાત્માઓ દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્ર પ્રત્યે તીવ્ર રાગવાળા હોય છે, તેથી સત્તામાં રહેલા અપ્રત્યાખ્યાનાવરણીયકષાય, પ્રત્યાખ્યાનાવરણીયકષાય અને સંજ્વલનકષાય સતત ક્ષીણ શક્તિવાળા કરે છે, તેથી મનુષ્યભવને પામીને તે મહાત્માઓ શીઘ્ર દેશવિરતિ કે સર્વવિરતિને પણ પ્રાપ્ત કરે છે. **॥૧/૬॥**

અવતરણિકા :-

સમ્યક્ત્વાદિશ્રાવકધર્મં વક્ષ્ય ઇતિ યદુક્તં, તત્ર સમ્યક્ત્વમુક્તં, અથાદિશબ્દાક્ષિપ્તાન્યણુવ્રતાદીનિ બિભણિષુસ્તત્પ્રસ્તાવનાર્થમાહ –

અવતરણિકાર્થ :-

'સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મને હું કહીશ' એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૧માં કહેવાયું, ત્યાં=સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મમાં, સમ્યક્ત્વ કહેવાયું=ત્યારપછીની ગાથાઓમાં સમ્યક્ત્વનું સ્વરૂપ કહેવાયું. હવે 'આદિ'-શબ્દથી='સમ્યક્ત્વાદિ'માં રહેલા 'આદિ'શબ્દથી, આક્ષિપ્ત અણુવ્રતોને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી તેના પ્રસ્તાવ માટે=અણુવ્રતોના પ્રસ્તાવ માટે, કહે છે –

ગાથા :-

पंच उ अणुव्वयाइं थूलगपाणवहविरमणाईणि ।
उत्तरगुणा तु अण्णे दिसिव्वयाई इमेसिं तु ।।१/७।।

છાયા :-

पञ्च तु अणुव्रतानि स्थूलकप्राणवधविरमणादीनि ।
उत्तरगुणास्तु अन्ये दिग्व्रतादयः एषां तु ।।१/७।।

અન્વયાર્થ :-

થુલગપાણવહવિરમણાઈણિ=સ્થૂલપ્રાણવધવિરમણ આદિ, પંચ ઉ=પાંચ જ, અણુવ્વયાઇં=અણુવ્રતો છે, ઇમેસિં તુ=આમના જ=પાંચ અણુવ્રતોના જ, તુ=વળી, અણ્ણે ઉત્તરગુણા=અન્ય ઉત્તરગુણો, દિસિવ્વયાઈ=દિગ્વ્રતાદિ છે. ।।૧/૭।।

ગાથાર્થ :-

સ્થૂલપ્રાણવધવિરમણ આદિ પાંચ જ અણુવ્રતો છે, આમના જ વળી અન્ય ઉત્તરગુણો દિગ્વ્રતાદિ છે ।।૧/૭।।

ટીકા :-

વ્યાખ્યા—'પંચે'ત્યાદિ । પञ्चेति सङ्ख्या, तुशब्दोऽवधारणे ततः पञ्चैव न चत्वारि । मध्यमतीर्थेषु महाव्रतानीव यतः शैलकज्ञाते शैलकराजो नेमिनाथशिष्यस्यान्तिके पञ्चाणुव्रतिकं सप्तशिक्षाव्रतिकं श्रमणोपासकधर्मं प्रतिपन्न इत्यभिहितम्, अणूनि लघूनि व्रतानि नियमा अणुव्रतानि, अणुत्वं चामीषां महाव्रतापेक्षं, अणोर्वा-यत्यपेक्षया लघोर्गुणस्थानिनो व्रतान्यणुव्रतानि, अथवाऽनु पश्चान्महाव्रत-प्ररूपणापेक्षया व्रतान्यनुव्रतानि पूर्वं हि महाव्रतानि प्ररूप्यन्ते ततस्तत्प्रतिपत्त्यसमर्थस्यानुव्रतानि, यदाह—'जइधम्मस्सऽसमत्थे जुज्जति तद्देसणं पि साहूणं' [ ] **किंस्वरूपाणि तानीत्याह—स्थूला-असूक्ष्माः कुदृष्टिभिरपि प्राणित्वेन प्रायः प्रतीयमानत्वाद् द्वीन्द्रियादयः, त एव स्थूलकाः, एनेनैकेन्द्रियाणां व्युदासः, सम्यग्दृष्टिभिरेव प्रायः प्रतीयमानत्वेन तेषां सूक्ष्मत्वात्, प्राणा उच्छ्वासादयस्तद्योगात्प्राणाः प्राणिनः, अनेनाचेतनानां व्युदासः । तद्वधस्येहाप्रत्याख्येयत्वात्, तेषां वधो-हिंसा तस्य विरमणं विरतिः स्थूलकप्राणवधविरमणं, तदादि-प्रथमं येषां तानि तथा, मूलगुणाश्चैतानि परिभाष्यन्ते, श्रावकधर्मतरोर्मूलकल्पत्वात्, गुणव्रतादीनि तु तदुपचयलक्षणगुणनिबन्धनत्वेनात्मसत्तां बिभ्रति, ततस्तानि श्रावकधर्ममहाद्रुमस्य शाखाप्रत्याख्याना(प्रख्या)न्युत्तरगुणपरिभाषाभाञ्जि, तथा चाह—'उत्तरगुणा' इति उत्तररूपा गुणा उत्तरगुणाः, उपचयहेतव इत्यर्थः, तुशब्दः पुनरर्थः, तस्य चान्ये तु इत्येवं प्रयोगः, ततश्चान्ये तु प्राणवधविरमणादिभ्योऽपरे पुनर्दिग्व्रतादयो गुणव्रतशिक्षाव्रतरूपाः, 'इमेसिं तु' त्ति तुशब्दस्यैवकारार्थत्वादमीषामेवाणुव्रतानां मूलगुणत्वेन रूढानामुत्तरगुणा इति योग इति गाथार्थः ।।१/७।।**

ટીકાર્થ :-

पञ्चेति ..... गाथार्थः ।। 'पंचेत्यादि' પ્રતીક છે. પાંચ એ સંખ્યા છે, 'તુ' શબ્દ અવધારણમાં છે, તેથી પાંચ જ અણુવ્રતો છે, મધ્યમતીર્થોમાં મહાવ્રતોની જેમ ચાર નથી=અણુવ્રતો ચાર નથી. જે કારણથી શૈલકસૂરિના દૃષ્ટાંતમાં શૈલકરાજાએ શ્રીનેમિનાથ ભગવાનના શિષ્યની પાસે પાંચ અણુવ્રત, સાત

શિક્ષાવ્રતરૂપ શ્રમણોપાસક ધર્મ સ્વીકાર્યો હતો એ પ્રમાણે કહેવાયું છે, અણુ=લઘુ એવાં, વ્રતો=નિયમો, અણુવ્રતો છે, અને આમનું=અણુવ્રતોનું, મહાવ્રતોની અપેક્ષાએ અણુપણું છે અથવા યતિની અપેક્ષાએ અણુ=લઘુ એવા, ગુણસ્થાનકમાં રહેનારાનાં વ્રતો અણુવ્રતો છે, અથવા મહાવ્રતોની પ્રરૂપણાની અપેક્ષાએ અનુ=પશ્ચાત્, વ્રતો અણુવ્રતો છે, 'હિ'=જે કારણથી, પૂર્વમાં મહાવ્રતોની પ્રરૂપણા કરાય છે, ત્યારપછી તેના સ્વીકારમાં અસમર્થ જીવને અણુવ્રતોની પ્રરૂપણા કરાય છે, જેને કહે છે – યતિધર્મને અસમર્થ હોતે છતે સાધુઓને તેનું દેશન પણ=દેશવિરતિ ધર્મનું, કથન પણ, ઘટે છે. () કેવા સ્વરૂપવાળાં તે છે ? એથી કહે છે – સ્થૂલ=અસૂક્ષ્મ, કૃદૃષ્ટિઓ વડે પણ=અન્ય દર્શનવાળા વડે પણ, પ્રાણીપણાથી પ્રાયઃ પ્રતીયમાનપણું હોવાથી='આ જીવો છે' એ પ્રમાણે જણાતું હોવાથી, બેઇન્દ્રિયાદિ જીવો સ્થૂલ છે, તેઓ જ સ્થૂલક છે, આના દ્વારા=સ્થૂલપ્રાણિવધ એમ કહ્યું એના દ્વારા, એકેન્દ્રિયોનો વ્યુદાસ છે= એકેન્દ્રિય જીવોનો જીવરૂપે અસ્વીકાર છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવો વડે જ પ્રાયઃ તેઓનું પ્રતીયમાનપણું હોવાથી=એકેન્દ્રિય જીવોનું જીવરૂપે ગ્રહણ હોવાથી, સૂક્ષ્મપણું છે. પ્રાણો=ઉચ્છ્વાસ આદિ - તેના યોગથી પ્રાણો, પ્રાણવાળા=જીવો છે, આના દ્વારા=સ્થૂલપ્રાણવધ શબ્દમાં પ્રાણ શબ્દથી જીવોનું ગ્રહણ કર્યું એના દ્વારા, અચેતનનો વ્યુદાસ છે=અચેતનના વધનું પચ્ચક્ખાણ નથી; કેમ કે તેના વધનું=અચેતનના વધનું, અહીં=વ્રતમાં, અપ્રત્યાખ્યેયપણું છે=અચેતનના વધનું પ્રત્યાખ્યાન નથી. તેઓનો=સ્થૂલ પ્રાણીઓનો, વધ=હિંસા, તેનું વિરમણ=વિરતિ, સ્થૂલપ્રાણવધનું વિરમણ છે, તે આદિ=પ્રથમ, છે જેઓને=અન્ય વ્રતોને, તે તેવાં છે=સ્થૂલપ્રાણવધવિરમણ આદિ વ્રતો છે, અને આ=સ્થૂલપ્રાણવધવિરમણ આદિ, મૂળગુણો કહેવાય છે; કેમ કે શ્રાવકધર્મના વૃક્ષનું મૂલકલ્પપણું છે= શ્રાવકધર્મરૂપી વૃક્ષનાં પાંચ અણુવ્રતો મૂલભૂત છે, વળી, ગુણવ્રત આદિ તેના ઉપચય લક્ષણ=શ્રાવકધર્મરૂપી વૃક્ષના ઉપચયરૂપ, ગુણના કારણપણાથી પોતાની સત્તાને ધારણ કરે છે=શ્રાવકધર્મરૂપી વૃક્ષના ઉપચયરૂપ કારણપણાથી વર્તે છે, તેથી તે=ઉત્તરગુણો, શ્રાવકધર્મરૂપી મહાવૃક્ષના શાખા-પ્રશાખારૂપ ઉત્તરગુણની પરિભાષાને ભજનારા છે, અને તે રીતે કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે – ઉત્તરગુણો= ઉત્તરરૂપ ગુણો ઉત્તરગુણો, ઉપચયના હેતુઓ=મૂલગુણોના ઉપચયના હેતુઓ, છે એ પ્રકારનો અર્થ છે, 'તુ' શબ્દ 'પુનઃ' અર્થમાં છે અને તેનો 'અન્ય વળી' એ પ્રકારનો પ્રયોગ છે અને તેથી='તુ' શબ્દનો 'અન્ય વળી' એ પ્રકારનો પ્રયોગ છે તેથી, પ્રાણવધવિરમણ આદિથી અપર વળી દિગ્વ્રતાદિ ગુણવ્રત-શિક્ષાવ્રતરૂપ છે.

ગાથાના અંતમાં રહેલ 'इमेसिं तु'નો અર્થ કરે છે –

'તુ' શબ્દનું 'એવ'કાર અર્થપણું હોવાથી મૂલગુણપણાથી રૂઢ આ જ અણુવ્રતોના ઉત્તરગુણો છે એ પ્રમાણે યોગ છે=इमेसिंનો उत्तरगुणा साथे संबंध छे, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૭॥

ભાવાર્થ :-

જે મહાત્માઓને ઉપદેશ આદિના નિમિત્તથી સંસારનું નિર્ગુણ સ્વરૂપ જણાયું છે, તેથી સંસારના ઉચ્છેદના અર્થી થયા છે તેને કારણે સમ્યક્ત્વગુણને ધારણ કરનારા છે અને વિશેષ પ્રકારના કલ્યાણ અર્થે

દેશવિરતિ અને સર્વવિરતિચારિત્રના સ્વરૂપને સાંભળીને સર્વવિરતિચારિત્ર ધારણ કરવાની પોતાનામાં શક્તિ નથી તેથી તેની શક્તિના સંચયના અર્થી એવા તે જીવો દેશવિરતિચારિત્ર ગ્રહણ કરે છે અને તે દેશવિરતિચારિત્ર સ્થૂલથી પ્રાણિવધના વિરમણ આદિ પાંચ અણુવ્રતો સ્વરૂપ છે અને તે પાંચ અણુવ્રતોને અતિશય કરવા અર્થે દિગ્વ્રતાદિ ઉત્તરગુણો છે. તેથી તે ઉત્તરગુણોના સેવનના બળથી તે મહાત્મા પાંચ અણુવ્રતોને અતિશય-અતિશયતર કરીને પાંચ મહાવ્રતોને અનુકૂળ બળસંચય કરે છે. આ પ્રકારે શ્રાવકનાં પાંચ અણુવ્રતો અને સાત ઉત્તરગુણો છે, જેનું વિસ્તૃત સ્વરૂપ સ્વયં ગ્રંથકારકશ્રી આગળ બતાવે છે. **॥૧/૭॥**

અવતરણિકા :-

સ્થૂલકપ્રાણવધવિરમણાદીનિ પઞ્ચાણુવ્રતાનીત્યુક્તં, તત્ર પ્રથમાણુવ્રતસ્વરૂપપ્રતિપાદનાયાહ—

અવતરણિકાર્થ :-

સ્થૂલ પ્રાણિવધ વિરમણ આદિ પાંચ અણુવ્રતો છે. એ પ્રમાણે કહેવાયું=ગાથા-૭માં કહેવાયું, ત્યાં પ્રથમ અણુવ્રતના સ્વરૂપને પ્રતિપાદન કરવા માટે કહે છે —

ગાથા :-

थूलगपाणवहस्सा विरई दुविहो य सो वहो होइ ।
संकप्पारंभेहिं वज्जइ संकप्पओ विहिणा ।।१/८।।

છાયા :-

स्थूलकप्राणवधस्य विरतिः द्विविधश्च स वधो भवति ।
सङ्कल्पारम्भैः वर्जयति सङ्कल्पतो विधिना ।।१/८।।

અન્વયાર્થ :-

थूलगपाणवहस्सा विरई=સ્થૂલ પ્રાણવધની વિરતિ પ્રથમ અણુવ્રત છે. य=અને, सो वहो=આ વધ= સ્થૂલપ્રાણવધ, संकप्पारंभेहिं=સંકલ્પથી અને આરંભથી, दुविहो=બે પ્રકારે, होइ=વર્તે છે. संकप्पओ=સંકલ્પને આશ્રયીને=વધની અભિસંધિને આશ્રયીને, विहिणा वज्जइ=વિધિથી વર્જન કરે છે=શ્રાવક સ્થૂલ પ્રાણવધનો ત્યાગ કરે છે. ॥૧/૮॥

ગાથાર્થ :-

સ્થૂલ પ્રાણવધની વિરતિ પ્રથમ અણુવ્રત છે અને આ વધ સંકલ્પથી અને આરંભથી બે પ્રકારે વર્તે છે, સંકલ્પને આશ્રયીને શ્રાવક વિધિથી વર્જન કરે છે. ॥૧/૮॥

ટીકા :-

व्याख्या—'थूले'त्यादि । स्थूलकप्राणवधस्य पूर्वोक्तस्वरूपस्य इह च विरतिशब्दयोगे पञ्चमीप्राप्तावपि

षष्ठीनिर्देशः सम्बन्धविवक्षणात् दीर्घत्वं च प्राकृतत्वात्, विरतिर्विरमणं-निवृत्तिः प्रथमाणुव्रतं भवतीति शेषः । किमविशेषेण विरतिरणुव्रतं ? नैवमित्यत आह—द्विविधो द्विप्रकारः चशब्दः पुनःशब्दार्थः, 'सो' त्ति यस्य स्थूलप्राणवधस्य विरतिः प्रथमाणुव्रतं भवत्यसौ वधो हननं भवति वर्तते । कथमित्याह—संकल्पारम्भाभ्यां, तत्र व्यापादनाभिसन्धिः सङ्कल्पः, कृष्यादिकः पुनरारम्भः एवंविधद्वैविध्ये स्थिते स्थूलप्राणवधविरतिं प्रतिपद्यमानः श्रावको वर्जयति प्रत्याख्यानतः परिहरति स्थूलकप्राणवधमिति प्रक्रमः प्रत्याख्यानं चावश्यकचूर्ण्यामेवमुक्तम्—'थूलगं पाणातिवायं संकप्पओ पच्चक्खामि जावज्जीवाए दुविहं तिविहेण मणेणं वायाए काएणं न करेमि न कारवेमि तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि' **त्ति । कथं सङ्कल्पतो वधाभिसन्धिमाश्रित्य, नारम्भतोऽपि, गृहस्थस्यारम्भवर्जनासंभवात् । कथं संभवतीत्याह—विधिनागमोक्तप्रकारेणेति गाथार्थः ।।१/८।।**

ટીકાર્થ :-

स्थूलकप्राणवधस्य ..... गाथार्थः ।। 'थूलेत्यादि' प्रतीक छे. स्थूल प्राणवधनी=पूर्वोक्त स्वરૂપવાળા સ્થૂલ પ્રાણવધની, વિરતિ=વિરમણ=નિવૃત્તિ પ્રથમ અણુવ્રત છે, ગાથામાં પ્રથમ અણુવ્રત છે એ અધ્યાહાર છે અને અહીં=ગાથામાં, વિરતિ શબ્દના યોગમાં પંચમીની પ્રાપ્તિ હોવા છતાં પણ ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ=થૂલગપાણવહસ્સા એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ, સંબંધની વિવક્ષાથી છે અને દીર્ઘપણું=થૂલગપાણવહસ્સને બદલે થૂલગપાણવહસ્સા એ પ્રમાણે દીર્ઘપણું પ્રાકૃતપણાને કારણે છે, શું અવિશેષથી વધની વિરતિ અણુવ્રત છે ? એ પ્રકારની શંકામાં કહે છે — એમ નથી=અવિશેષથી વધની વિરતિ નથી પરંતુ વિશેષથી છે, આથી=વિશેષથી વિરતિ છે આથી, કહે છે — બે પ્રકારનો આ=જે સ્થૂલ પ્રાણવધની વિરતિ પ્રથમ અણુવ્રત છે એ, વધ બે પ્રકારનો થાય છે, ગાથામાં च શબ્દ पुनः શબ્દાર્થવાળો છે, તેથી એ પ્રાપ્ત થાય કે વળી આ વધ બે પ્રકારનો છે, કેવી રીતે બે પ્રકારનો છે ? એથી કહે છે — સંકલ્પ અને આરંભ દ્વારા બે પ્રકારનો છે, ત્યાં મારવાની અભિસંધિ સંકલ્પ છે. વળી કૃષિ આદિ=ખેતી આદિ ક્રિયા, આરંભ છે, આ પ્રકારે દ્વૈવિધ્ય સ્થિત હોતે છતે=સ્થૂલ પ્રાણવધનું સંકલ્પ અને આરંભરૂપ દ્વૈવિધ્ય સ્થિત હોતે છતે, સ્થૂલ પ્રાણવધ વિરતિને સ્વીકારતો શ્રાવક વર્જન કરે છે=પ્રત્યાખ્યાનથી ત્યાગ કરે છે.

શું ત્યાગ કરે છે ? એથી કહે છે —

સ્થૂલ પ્રાણવધનો ત્યાગ કરે છે એ પ્રમાણે પ્રક્રમ છે અને પ્રત્યાખ્યાન આવશ્યકચૂર્ણિમાં આ પ્રમાણે કહેવાયું છે, હું જીવું ત્યાં સુધી સ્થૂલ પ્રાણાતિપાતનું સંકલ્પથી પચ્ચક્ખાણ કરું છું.

કઈ રીતે પચ્ચક્ખાણ કરું છું ? એથી કહે છે —

દ્વિવિધ-ત્રિવિધથી=મનથી-વચનથી-કાયાથી હું કરીશ નહિ, હું કરાવીશ નહિ, હે ભદંત તેનું=પૂર્વમાં જે સ્થૂલ પ્રાણાતિપાત મેં સંકલ્પથી કરેલો છે તેનું, પ્રતિક્રમણ કરું છું અર્થાત્ તે પાપથી નિવર્તન પામું છું, પૂર્વના કરાયેલા

પાપની નિંદા કરું છું, ગર્હા કરું છું, આત્માને=તેવા પાપ પરિણત આત્માને, વોસિરાવું છું, **કેવી રીતે હું પ્રત્યાખ્યાન કરું છું ? એથી કહે છે – સંકલ્પથી=વધ અભિસંધિને આશ્રયીને, હું સ્થૂલ પ્રાણવધનું પ્રત્યાખ્યાન કરું છું, આરંભથી પણ નહિ; કેમ કે ગૃહસ્થને આરંભના વર્જનનો અસંભવ છે, કેવી રીતે વર્જન કરે છે ? એથી કહે છે – વિધિથી=આગમઉક્ત પ્રકારથી, શ્રાવક સંકલ્પથી સ્થૂલ પ્રાણવધનો પરિહાર કરે છે, એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૮॥**

ભાવાર્થ :-

સમ્યક્ત્વ પામ્યા પછી સર્વવિરતિની શક્તિના સંચયનો અર્થી એવો શ્રાવક સંપૂર્ણ પ્રાણિવધના વિરામના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેવું સંપૂર્ણ પ્રાણિવધનું વિરમણ પોતે પાળવા માટે સમર્થ નથી. તેથી સ્થૂલ પ્રાણિવધના વિરમણની પ્રતિજ્ઞા કરે છે, જોકે શ્રાવક જીવનમાં સ્થૂલ એવા બેઇન્દ્રિયાદિથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવોની હિંસાનું નિવર્તન પણ સંભવિત નથી; કોઈને પીડા કરે તેવી કાયિક ચેષ્ટા, વાચિક ચેષ્ટા કે માનસિક ચેષ્ટા થાય તો તે જીવને પીડા કરવા સ્વરૂપ વધની પ્રાપ્તિ છે અને ક્વચિત્ સંસારની પ્રવૃત્તિમાં બેઇન્દ્રિય આદિનો વધ પણ થાય છે. એટલું જ નહિ, પણ પંચેન્દ્રિય આદિને પણ પીડા કરવા સ્વરૂપ વધની પ્રાપ્તિ થાય છે. આથી જ દાસ-દાસી આદિને કે પુત્રને કઠોર શબ્દથી કહે ત્યારે તેઓને પીડા થવા સ્વરૂપ વધની પ્રાપ્તિ થાય છે. તેથી આરંભને આશ્રયીને શ્રાવક સ્થૂલ પ્રાણિવધનો પણ પરિહાર કરી શકતો નથી, પરંતુ સંકલ્પને આશ્રયીને પરિહાર કરે છે. તેથી પચ્ચક્ખાણ ગ્રહણ કરનાર પોતાનું દયાળુ ચિત્ત નિષ્પન્ન કરવા અર્થે પ્રતિજ્ઞા કરે છે કે 'હું આ જીવને મારું' એ પ્રકારના સંકલ્પપૂર્વક ત્રસ જીવોનો વધ હું જીવું ત્યાં સુધી કરીશ નહિ અને સંસારના પ્રયોજનાર્થે મારી જે આરંભ-સમારંભની પ્રવૃત્તિ છે, તેમાં ત્રસ જીવોના વધનો જે પરિહાર મારાથી શક્ય હશે, તેનો પરિહાર કરીશ, પરંતુ સંકલ્પથી કોઈ જીવનો વધ કરીશ નહિ અને કોઈ જીવને હું પીડા કરીશ નહિ. આ પ્રકારે પ્રતિજ્ઞા કરવાથી સ્થૂલ જીવોમાં સંકલ્પપૂર્વક હિંસા કરવાનો અધ્યવસાય નિવર્તન પામે છે અને પોતાના આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં જે ત્રસ જીવોની હિંસા થાય છે, તેમાં પણ યતનાપૂર્વક પરિહાર કરવાનો અધ્યવસાય થાય છે અને સંસારના કાર્યોમાં એકેન્દ્રિય વિષયક તો સંકલ્પપૂર્વક પણ વધનો પરિણામ થાય છે; કેમ કે પોતાના જીવનનિર્વાહ અર્થે જે એકેન્દ્રિયાદિ જીવોનો આરંભ થાય છે, તે જીવનનિર્વાહના અધ્યવસાયથી અનુવિદ્ધ વધના પરિણામ સ્વરૂપ જ છે, તોપણ વિવેકી શ્રાવક જેમ આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં ત્રસ જીવોના વધ વિષયક યતના કરે છે અર્થાત્ શક્ય પરિહાર માટે યતના કરે છે, તેમ સ્થાવરના વધના વિષયમાં પણ શક્ય પરિહાર માટે યતના કરે છે; કેમ કે સર્વવિરતિની લાલસાવાળો જ દેશવિરતિનો પરિણામ છે, તેથી સંપૂર્ણ નિરારંભ જીવનની લાલસાપૂર્વક પોતાની શક્તિ અનુસાર સંકલ્પથી ત્રસની વિરાધનાનું પચ્ચક્ખાણ શ્રાવક કરે છે અને પચ્ચક્ખાણના અવિષયભૂત જીવોની હિંસામાં યતના કરીને પોતાનો દયાળુ પરિણામ સ્થિર સ્થિરતર કરે છે. આથી જ દયાળુ શ્રાવક કોઈને પીડા કરે, તેવો વચનપ્રયોગ પણ નિષ્કારણ કરે નહિ, પોતાની જીવન વ્યવસ્થામાં કોઈકને કઠોર શબ્દોથી કહેવું પડે ત્યારે પણ અત્યંત જાગૃત થઈને શક્તિ અનુસાર તેના પરિહાર માટે યત્ન કરે છે.

વળી શ્રાવક સંકલ્પપૂર્વક પ્રાણવધનું પચ્ચક્ખાણ આગમોક્ત વિધિથી ગ્રહણ કરે છે, તે વિધિ સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૧/૮॥**

અવતરણિકા :-

વિધિનેત્યુક્તમથ તમેવ વધવર્જનવિધિં તદુત્તરવિધિં ચ દર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

વિધિથી એ પ્રમાણે કહેવાયું=ગાથા-૮માં કહેવાયું, હવે તે જ વધવર્જનની વિધિને અને તેની ઉત્તરની વિધિને=વ્રતસ્વીકાર પછીની વિધિને, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

गुरुमूले सुयधम्मो संविग्गो इत्तरं व इयरं वा ।
वज्जित्तु तओ सम्मं वज्जेइ इमे य अइयारे ।।१/९।।

છાયા :-

गुरुमूले श्रुतधर्मः संविग्नः इत्वरं वा इतरं वा ।
वर्जयित्वा असौ सम्यक् वर्जयति इमान् च अतिचारान् ।।१/९।।

અન્વયાર્થ :-

गुरुमूले=ગુરુ પાસે, सुयधम्मो=શ્રુતધર્મવાળો=દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રના પારમાર્થિક સ્વરૂપને સાંભળેલા બોધવાળો, संविग्गो=સંવેગને પામેલો=શક્તિ અનુસાર ધર્મને સેવીને સંસારના ઉચ્છેદના પરિણામવાળો, इत्तरं व इयरं व वज्जित्तु=અલ્પ કાળવાળા અથવા બહુ કાળવાળા પ્રાણિવધનો ત્યાગ કરીને, तओ=આજીવ=શ્રુતધર્મવાળો શ્રાવક, इमेय अइयारे=આ અતિચારોને, सम्मं=સમ્યક્, वज्जेइ=વર્જન કરે છે. ॥૧/૯॥

ગાથાર્થ :-

ગુરુ પાસે શ્રુતધર્મવાળો સંવેગને પામેલો આ જીવ અલ્પકાળવાળા અથવા બહુકાળવાળા પ્રાણિવધનો ત્યાગ કરીને આ અતિચારોને સમ્યક્ વર્જન કરે છે. ॥૧/૯॥

ટીકા :-

વ્યાખ્યા–'गुरुमूले'त्यादि । गुरुः सम्यग्ज्ञानक्रियायुक्तः सम्यग्धर्मशास्त्रार्थदेशकः,

यदाह–

'धर्मज्ञो धर्मकर्ता च सदा धर्मपरायणः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ।।१।।' [ ]

अथवा—

'जो जेण सुद्धधम्मे निओजिओ संजएण गिहिणा वा ।
सो चेव तस्स भण्णति धम्मगुरू धम्मदाणाओ ।।१।।' [ ]

तस्य गुरोराचार्यादेर्मूलमन्तिकं गुरुमूलं तत्र गुरुमूले, अनेनान्यत्र धर्मश्रवणप्रतिषेधो दर्शितः, विपर्यस्तबोधसंभवात् । श्रुतधर्माकर्णिताणुव्रतादिप्रतिपादनपराप्तप्रवचनः, अनेन चाश्रुतागमस्य ज्ञानाभावेन व्रतप्रतिपत्तिर्न सम्यगिति तत्प्रतिषेधो दर्शितः । यदाह—'जस्स नो इमं उवगयं भवइ इमे जीवा इमे अजीवा इमे तसा इमे थावरा तस्स नो सुपच्चक्खायं भवति, दुपच्चक्खायं भवति, से दुपच्चक्खाइ मोसं भासं भासति, नो सच्चं भासं भासइ' [ ] **त्ति तथा स्वयमुत्प्रेक्षितशास्त्रस्यापि प्रतिषेध उक्तः, स्वयमुत्प्रेक्षणे हि सम्यक्शास्त्रार्थानवगमेन सम्यक्प्रवृत्यभावात् ।**

यदाह—

'न हि भवति निर्विगोपकमनुपासितगुरुकुलस्य विज्ञानम् ।
प्रकटितपश्चाद्भागं पश्यत नृत्यं मयूरस्य ।।१।।' [ ]

तथा श्रुतधर्मत्वादेव संविग्नो मोक्षसुखाभिलाषी सन् संसारभीतो वा, अन्यथाविधस्य हि व्रतप्रतिपत्तिर्न मोक्षाय स्यात् । इत्वरमल्पकालं यावच्चतुर्मासादिकालावधित्वेनेत्यर्थः, वाशब्दो विकल्पे, इतरं वा बहुकालं यावत् यावज्जीवमित्यर्थः वाशब्दो विकल्पार्थ एव, स्थूलप्राणवधमिति प्रकृतम् वर्जयित्वा प्रत्याख्याय, अनेन पूर्वगाथासूचितो वधवर्जनविधिरुक्तः । 'तओत्ति' तकः श्रुतधर्मादिविशेषणः प्राणी, यदि पुनस्तत इति वधवर्जनानन्तरमिति व्याख्यायते, तदा क्त्वाप्रत्ययेनैवानन्तर्यस्याभिधानात्तत इति पुनरुक्तमापद्यते । अथवा लोकभणित्यपेक्षया निर्व्यवधानार्थताकल्पनेन तत इत्यपि न दुष्टम् । तथाहि वक्तारो भवन्ति 'भुक्त्वा पीत्वा ततस्ते गता' इति । कथमित्याह—सम्यग्-भावशुद्ध्या वर्जयति परिहरति नासेवते, वधप्रत्याख्यानेनैवातिचाराणां प्रत्याख्यातत्वात् इह वर्जनमनासेवनं व्याख्यातम्, 'इमे' त्ति इमान् वक्ष्यमाणत्वेन प्रत्यक्षासन्नान्, अतीचारानतिक्रमान् वधविरतिमालिन्यानीति यावत् ।

टीकार्थ :-

गुरुः ..... ०नीति यावत् । 'गुरुमूलेत्यादि' प्रतीक छे. सम्यग्ज्ञान=क्रियायुक्त सम्यग्धर्मशास्त्रना अर्थने कहेनारा गुरु छे, जेने कहे छे —

"ધર્મના જાણનારા, ધર્મના કર્તા અને સદા ધર્મપરાયણ, જીવોને ધર્મશાસ્ત્રના અર્થને કહેનારા ગુરુ કહેવાય છે." ।।૧।। **()**

अथवा

"જે જીવ જે સંયત વડે અથવા ગૃહસ્થ વડે શુદ્ધ ધર્મમાં નિયોજન કરાયો તે જ=શુદ્ધ ધર્મમાં નિયોજન કરનાર મહાત્મા જ, ધર્મદાનને કારણે તેના ધર્મગુરુ કહેવાય છે." ।।૧।। ()

તે ગુરુનું=આચાર્યાદિનું, મૂલ=પાસે તે ગુરુમૂલ છે, તે ગુરુમૂળમાં શ્રુતધર્મવાળો શ્રાવક હોય છે, એમ આગળ અન્વય છે, આના દ્વારા=પૂર્વમાં કહેવાયેલા લક્ષણવાળા ગુરુમૂળમાં એમ કહ્યું એના દ્વારા, અન્યત્ર ધર્મશ્રવણનો પ્રતિષેધ બતાવાયો=પૂર્વોક્ત ગુણ વગરના જે તે શ્રાવક કે સાધુ પાસે ધર્મશ્રવણનો પ્રતિષેધ બતાવાયો; કેમ કે વિપર્યસ્ત બોધનો સંભવ છે=જે ગુરુને શુદ્ધ માર્ગનો બોધ નથી, તેથી સ્વમતિ અનુસાર જે તે ઉપદેશ આપે છે, તેના દ્વારા જિનવચનથી વિપરીત બોધ થવાનો સંભવ છે, શ્રુતધર્મવાળો=શ્રુતધર્મમાં સાંભળેલા અણુવ્રતાદિ પ્રતિપાદનમાં તત્પર એવા આપ્ત પ્રવચનવાળો=ગુરુ પાસે અણુવ્રતાદિ અને મહાવ્રતાદિનું સ્વરૂપ સાંભળ્યું છે જેણે એવો શ્રાવક અને આ દ્વારા=શ્રુતધર્મવાળો એ પ્રકારના વિશેષણ દ્વારા, અશ્રુત આગમવાળા શ્રાવકને=દેશવિરતિ અને સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપને જેણે ગુરુ પાસેથી અવધારણ કર્યું નથી એવા શ્રાવકને, જ્ઞાનના અભાવને કારણે=વ્રતના સ્વરૂપ વિષયક બોધના અભાવને કારણે, વ્રતનો સ્વીકાર સમ્યગ્ નથી. એથી તેનો પ્રતિષેધ બતાવાયો=તેવા શ્રાવકને વ્રત સ્વીકારનો પ્રતિષેધ બતાવાયો, જેને કહે છે –

"જેને આ ઉપગત નથી=આ બોધ નથી કે 'આ જીવો છે, આ અજીવો છે, આ ત્રસ છે, આ સ્થાવર છે' તેને સુપચ્ચક્ખાણ થતું નથી, દુષ્પ્રત્યાખ્યાન થાય છે, તે દુષ્પ્રત્યાખ્યાની જીવ મૃષાભાષાને બોલે છે, સત્યભાષાને બોલતો નથી." ()

અને સ્વયં ઉત્પ્રેક્ષિત શાસ્ત્રાર્થવાળાને પણ=ગુરુ પાસેથી યથાર્થ બોધ કર્યો ન હોય અને સ્વયં સ્વ-કલ્પનાથી શાસ્ત્રોનું યોજન કર્યું હોય તેવા શ્રાવકને પણ, પ્રતિષેધ કહેવાયો=વ્રત ગ્રહણ કરવા માટે અનધિકારી છે તેમ કહેવાયું; કેમ કે સ્વયં ઉત્પ્રેક્ષણમાં=શાસ્ત્રવિષયક અપક્વ બુદ્ધિ હોય ત્યારે સ્વયં શાસ્ત્રવચનોનું યોજન કરવામાં, સમ્યક્ શાસ્ત્રાર્થનો અનવગમ થવાથી=શુદ્ધ સાધ્વાચાર કે શુદ્ધ શ્રાવકાચારના પારમાર્થિક સ્વરૂપનો બોધ નહિ થવાથી, સમ્યક્ પ્રવૃત્તિનો અભાવ છે=સ્વમતિથી વ્રતોના સ્વરૂપને જાણીને વ્રત સ્વીકારવાથી વ્રતની સમ્યક્ પ્રવૃત્તિનો અભાવ છે, જેને કહે છે –

"અનુપાસિત ગુરુકુળવાળા જીવને નિર્વિગોપક વિજ્ઞાન=જે પદાર્થનું જેવું સ્વરૂપ છે, તેના મર્મને સ્પર્શનારું વિજ્ઞાન, થતું નથી જ તેમાં દૃષ્ટાંત આપે છે – મયૂરના પ્રકટિત પશ્ચાદ્ ભાગવાળા નૃત્યને જોનારા પુરુષને મયૂરના પારમાર્થિક સ્વરૂપનું જ્ઞાન થતું નથી." ।।૧।। ()

(તેમ સ્વમતિથી ઉત્પ્રેક્ષિત જીવને શુદ્ધ સાધુધર્મની આચરણાથી મુનિની કેવી ચિત્તવૃત્તિ હોય છે અને શુદ્ધ શ્રાવકધર્મની આચરણા કરનાર શ્રાવક કેવી ચિત્તવૃત્તિના બળથી સાધુધર્મની પ્રાપ્તિને આસન્ન આસન્નતર થાય છે, તેનું યથાર્થ જ્ઞાન થતું નથી, પરંતુ જેમ મયૂર નૃત્ય કરતો હોય તો તેનો પાછળનો ભાગ માત્ર જ દેખાય છે, તેમ સાધુધર્મના કે શ્રાવકધર્મના બાહ્ય આચારો માત્રનો જ બોધ સ્વયં ઉત્પ્રેક્ષિત શાસ્ત્રના બળથી થાય છે, પરંતુ ગુણસ્થાનકની પરિણતિનો બોધ થતો નથી)

અને શ્રુતધર્મપણું હોવાથી જ=ગુરુમૂલમાં દેશવિરતિ અને સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયેલો હોવાથી જ, સંવિગ્ન=મોક્ષસુખનો અભિલાષી છતો અથવા સંસારથી ભય પામેલો વ્રતો ગ્રહણ કરે એમ અન્વય છે, અન્યથાવિધને=જે શ્રાવકે ગુરુ પાસેથી શ્રુતધર્મ સાંભળ્યો છે, છતાં સંવેગ ઉત્પન્ન થયો નથી તેવા શ્રાવકને, વ્રતની પ્રતિપત્તિ મોક્ષ માટે થતી નથી, ઈત્વર=અલ્પકાળવાળું=યાવત્ ચારમાસાદિ કાળના અવધિપણાથી અથવા ઇતર=બહુ કાળ=યાવજ્જીવ, 'વા' શબ્દ વિકલ્પ અર્થવાળો જ છે=કોઈક શ્રાવક અલ્પકાળનું પચ્ચક્ખાણ ગ્રહણ કરે તો કોઈક શ્રાવક જીવન સુધીનું પચ્ચક્ખાણ ગ્રહણ કરે, એ પ્રકારના વિકલ્પ અર્થવાળો જ 'વા' શબ્દ છે, સ્થૂલ પ્રાણવધ એ પ્રકૃત છે. એથી શ્રુતધર્મવાળો આદિ વિશેષણવાળો શ્રાવક અલ્પકાળવાળા કે બહુકાળવાળા પ્રાણવધનું વર્જન કરીને શું કરે ? એ આગળ બતાવાશે, આના દ્વારા=સ્થૂલ પ્રાણવધનું વર્જન કરે એના દ્વારા, પૂર્વગાથાથી સૂચિત=ગાથા-૮થી સૂચિત, વધવર્જન વિધિ કહેવાઈ, તે=સ્થૂલ પ્રાણવધનું વર્જન કરીને શ્રુતધર્માદિ વિશેષણવાળો જીવ, આગળ કહે છે એ અતિચારોનું વર્જન કરે છે, જો વળી તતઃ એ પ્રમાણે=ગાથામાં રહેલ તઓ એ શબ્દનો અર્થ 'તકઃ'ને બદલે 'તતઃ' એ પ્રમાણે કરવામાં આવે, એથી વધવર્જન અનંતર એ પ્રમાણે વ્યાખ્યાન કરાય તો क्त्वा પ્રત્યય વડે જ=ગાથામાં રહેલા वज्जित्तु શબ્દમાં રહેલા क्त्वा પ્રત્યય વડે જ, આનંતર્યનું અભિધાન હોવાથી=વર્જન કરીને એમ કહેવાથી ત્યારપછી અતિચારોને વર્જે એ પ્રકારે આનંતર્યનું અભિધાન હોવાથી, તતઃ=ત્યારપછીના અર્થમાં તતઃ શબ્દ, પુનરુક્ત પ્રાપ્ત થાય છે. (માટે ટીકાકારશ્રીએ તઓનો અર્થ તકઃ કરેલ છે.)

અથવા=અથવાથી ગાથામાં રહેલ તઓનો અર્થ તકઃને બદલે તતઃ કઈ રીતે થઈ શકે ? તે બતાવવા અર્થે કહે છે – લોકના કથનની અપેક્ષાએ નિર્વ્યવધાન અર્થપણાના કલ્પનથી=क्त्वा પ્રત્યયનું કથન કર્યા પછી વ્યવધાન વગર ઉત્તરની ક્રિયા ગ્રહણ કરવાના આશયથી તતઃ એ પણ=ગાથામાં રહેલ તઓ શબ્દનો અર્થ તતઃ એ પણ, દુષ્ટ નથી, નિર્વ્યવધાન અર્થને કહેવા માટે क्त्वा પ્રત્યય પછી પણ તતઃનો પ્રયોગ થાય છે, તે તથાહિથી બતાવે છે – વક્તાઓ હોય છે.

કેવા પ્રકારના વક્તાઓ હોય છે ? એ બતાવે છે –

'ખાઈને પીને ત્યારપછી તેઓ ગયા' એ પ્રકારે બોલનારા લોકો હોય છે. (તે રીતે પ્રસ્તુતમાં પણ ઈત્વર કે ઇતર પ્રાણવધનું વર્જન કરીને ત્યારપછી આ અતિચારોને સમ્યક્ વર્જન કરે એમ કહી શકાય, તેથી તઓનો અર્થ તતઃ કરવામાં વિરોધ નથી.) કેવી રીતે=વધવર્જન કરીને ત્યારપછી કેવી રીતે, અતિચારોનું વર્જન કરે ? એથી કહે છે – સમ્યગ્ભાવવિશુદ્ધિથી=ગ્રહણ કરાયેલાં વ્રતો ઉત્તરોત્તર વિશુદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને તે રીતે ભાવવિશુદ્ધિથી, પરિહાર કરે=અતિચારોનું સેવન ન કરે; કેમ કે વધ પ્રત્યાખ્યાનથી જ અતિચારોનું પ્રત્યાખ્યાનપણું છે=અતિચારોને નહિ સેવવાની પ્રતિજ્ઞા છે, અહીં આસેવનનું વર્જન વ્યાખ્યાત છે=વ્રતપ્રત્યાખ્યાનમાં અતિચારોના આસેવનનું વર્જન વ્યાખ્યાત છે, આમને=આગળ વક્ષ્યમાણપણું હોવાથી પ્રત્યક્ષ આસન્ન એવા આ અતિચારોને= અતિક્રમોને=વધવિરતિનાં માલિન્યોને, વર્જન કરે એમ અન્વય છે.

ભાવાર્થ :-

જે શ્રાવકને સંસારના સ્વરૂપને સાંભળીને સંસારથી ભય પ્રાપ્ત થયો છે અને સંસારથી નિસ્તરણનો ઉપાય પાપની વિરતિ છે, તેવો સ્થિર નિર્ણય થયો છે, તેવો શ્રાવક, નિપુણતાપૂર્વક દેશવિરતિ અને સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપને બતાવે તેવા અને જેના સેવનથી પારમાર્થિક પાપની વિરતિ પ્રગટ થાય, માત્ર બાહ્ય ક્રિયાત્મક નહિ, પરંતુ ગુણસ્થાનકની પરિણતિરૂપ વિરતિની પ્રાપ્તિ થાય, તેના રહસ્યને બતાવે તેવા ગુરુની અન્વેષણા કરીને તેમની પાસેથી અણુવ્રત અને મહાવ્રતોનું સ્વરૂપ તે રીતે સાંભળીને સ્થિર કરે છે કે જે પ્રમાણે તે અણુવ્રતો અને મહાવ્રતો દૃઢ પ્રણિધાનપૂર્વક સેવવામાં આવે તો ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા આત્માના અસંગભાવની પરિણતિનું જ પ્રબળ કારણ બને છે અને આ રીતે અણુવ્રત અને મહાવ્રતોના યથાર્થ સ્વરૂપને અવધારણ કર્યા પછી મહાવ્રતોનું સમ્યક્ પાલન કરીને પોતે સંપૂર્ણ પાપની વિરતિના પરિણામને સ્પર્શી શકે તેમ નથી, તેવો નિર્ણય થવાથી તેવા સર્વવિરતિના પરિણામની શક્તિનો સંચય કરવાનો અર્થી શ્રાવક પ્રાણવધવિરમણરૂપ પ્રથમ અણુવ્રતને ગુરુ પાસેથી સ્વીકાર કરે છે અને તે રીતે પ્રથમ અણુવ્રતને સ્વીકાર્યા પછી તે શ્રાવક સ્વીકારેલા તે અણુવ્રતને અતિશય અતિશય કરવા અર્થે તેના આગળ કહેવાશે, તે અતિચારોનું પણ વર્જન કરે છે.

ગાથામાં કહ્યું કે અતિચારોનું સમ્યગ્ વર્જન કરે છે અને સમ્યગ્નો અર્થ ટીકાકારશ્રીએ કર્યો કે ભાવશુદ્ધિથી વર્જન કરે છે, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે જેમ કોઈ પુરુષ નિયત દેશમાં જવા તત્પર થયેલ હોય અને માર્ગમાં કાંટા પડ્યા હોય અને તે માર્ગમાં ગયા વગર ઇષ્ટ સ્થાનની પ્રાપ્તિ થાય તેમ ન હોય ત્યારે માર્ગમાં કાંટા ન લાગે તે પ્રકારે અત્યંત ઉપયુક્ત થઈને ગમન કરે છે, જેથી પ્રાયઃ કાંટા લાગે નહિ, ક્વચિત્ અનાભોગથી લાગે તોપણ પગમાં અત્યંત પ્રવેશ પામે નહિ, તે રીતે ગમન કરીને ઇષ્ટ સ્થાને પહોંચે છે, તેમ દેશથી વધનું પ્રત્યાખ્યાન કરનાર શ્રાવક પણ સર્વથા વધનું પ્રત્યાખ્યાન થાય તેવા સર્વવિરતિના પ્રત્યાખ્યાનના સ્થાનને પ્રાપ્ત કરવાને અનુકૂળ ગમનક્રિયારૂપે જ દેશથી વધનું પ્રત્યાખ્યાન કરે છે અને તે ગમનક્રિયામાં કંટક સ્થાનીય અતિચારો છે, તેથી દૃઢ પ્રણિધાનપૂર્વક અતિચારોનો પરિહાર કરીને સર્વવિરતિની પરિણતિને આસન્ન-આસન્નતર થાય તે રીતે દેશવિરતિનું પાલન કરે તે ભાવવિશુદ્ધિથી વધવિરતિના માલિન્યના કારણીભૂત અતિચારોના વર્જનની ક્રિયા છે.

ટીકા :-

ननु सर्वविरतावेवातीचारा भवन्ति, संज्वलनोदय एव तेषामभिधानात् ।

यदाह—

'सव्वे विय अइयारा संजलणाणं तु उदयओ होंति ।
मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं ।।११२।।' **[आवश्यकनिर्युक्ति०]**

संज्वलनोदयश्च सर्वविरतानामेव, देशविरतानां तु प्रत्याख्यानावरणोदय इति न देशविरतावतिचार-

संभवः युज्यते चैतदल्पीयस्त्वात्तस्याः कुन्थुशरीरे व्रणाद्यभाववत् तथाहि—प्रथमाणुव्रते स्थूलसङ्कल्प-निरपराधद्विविधंत्रिविधेनेत्यादिभिर्विकल्पैर्विशेषितत्वेनातिसूक्ष्मतां गते देशाभावात् कथं देशविराधनारूपा अतिचारा भवन्तु ? अतः सर्वनाश एव तस्योपपद्यते, कुन्थुशरीरस्येव, महाव्रतेषु तु ते संभवन्ति, महत्त्वादेव, हस्तिशरीरे व्रणपट्टबन्धादिवत् इति, अत्रोच्यते—देशविरतावतिचारा न भवन्तीत्यसंगतं, उपासकदशादिषु प्रतिव्रतमतिचारपञ्चकाभिधानात्, अथ भङ्गा एव ते, न त्वतिचाराः, नैवम्, भङ्गाद् भेदेनातिचारस्यागमे सम्मतत्वात् ।

यदाह—

'जारिसओ जइभेओ जह जायइ जह य तत्थ दोसगुणा ।

जयणा जह अइयारा भङ्गो तह भावणा नेया ।।१।।' [नवपदप्रकरण तथा पञ्चाशकअवचूर्णि]

न चेयं गाथा न प्रमाणं, पूर्वान्तर्गततयास्याः प्रतिपादनात्, यच्चोक्तम्—'सर्वेऽतिचाराः संज्वलनोदय एवेति' तत्सत्यम्, केवलं सर्वविरितिचारित्रमेवाश्रित्य तदुच्यते, न तु देशविरतिसम्यक्त्वे, यतः 'सव्वेऽविय अइयारे' इत्यादिगाथाया एवं व्याख्या—संज्वलनानामेवोदये सर्वविरतावतिचारा भवन्ति, शेषोदये तु मूलच्छेद्यमेव तस्यामिति, एवं च न देशविरतावतिचाराभावः, यद्यप्यधिकृतगाथा पश्चार्धस्य व्याख्या प्रकारान्तरेणोच्यते, यथा—मूलच्छेदः सर्वविरतेस्तृतीयानामुदये, देशविरतेर्द्वितीयानां, सम्यक्त्वस्य प्रथमानामिति, तेनापि देशविरत्यादौ नातिचाराभावः, तथाहि—यथा संज्वलनोदये सर्वविरतिरवाप्यते, तत्रातिचाराश्च भवन्ति, एवं प्रत्याख्यानावरणोदये देशविरतिस्तदतिचाराश्च, अप्रत्याख्यानावरणोदये सम्यक्त्वं तदतिचाराश्च भवन्तु, न्यायस्य समानत्वात्, विचित्रो ह्युदयः कषायाणां, ततौऽसौ गुणलाभस्या-विबन्धकस्तदतिचाराणां च निमित्तं भवति, संज्वलनोदयवदिति, अन्ये पुनराहुः—सम्यक्त्वदेशविरत्य-तिचाराः क्रमेण प्रथमद्वितीयकषायोदयाद् भवन्ति, विचित्रो हि तदुदयो देशतः सर्वतश्च विराधनाया हेतुर्भवतीति, यश्च कुन्थुदृष्टान्तोऽसावसङ्गत एव, दृष्टान्तान्तरबाधितत्वात्तस्य, तथाहि—हस्तिनोऽति-लघुर्मनुष्यस्तस्य च व्रणादिः संभवत्येवेति, यच्चोच्यते—अनन्तानुबन्ध्यादिकषायद्वादशकस्य सर्वघातित्वेना-भिधानात्तदुदये सम्यक्त्वादीनां भङ्ग एवेति, तदयुक्तम्, सर्वविरत्यपेक्षयैव सर्वघातित्वेन तस्य व्याख्या-तत्वात्, तदेवं देशविरतावतिचारसम्भवोऽस्तीति गाथार्थः ।।१/९।।

ટીકાર્થ :-

ननु सर्वविरता० ..... सम्भवोऽस्तीति गाथार्थः ।। 'ननु'થી શંકા કરે છે – સર્વવિરતિમાં જ અતિચારો છે; કેમ કે સંજ્વલનના ઉદયમાં જ તેઓનું=અતિચારોનું, કથન છે=શાસ્ત્રમાં કથન છે, જેને કહે છે –

"સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે, વળી બાર કષાયોનું મૂલછેદ્ય વ્રત થાય છે=બાર કષાયો વ્રતના મૂળનો છેદ કરનારા છે." ॥૧૧૨॥ **(આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૧૧૨)**

અને સંજ્વલનનો ઉદય સર્વવિરતિધરોને જ છે, વળી દેશવિરતિધરોને પ્રત્યાખ્યાનાવરણનો ઉદય છે, એથી દેશવિરતિમાં અતિચારનો સંભવ નથી, આ પ્રકારની શંકા કરીને તેને દૃઢ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે – અને આ=દેશવિરતિમાં અતિચારનો સંભવ નથી એ, ઘટે છે; કેમ કે તેનું=દેશવિરતિનું, અલ્પપણું છે=અલ્પમાત્રામાં વ્રતપણું છે, કંથવાના શરીરમાં વ્રણાદિના અભાવની જેમ અલ્પ એવી દેશવિરતિમાં અતિચારનો સંભવ નથી એમ અન્વય છે, તે આ પ્રમાણે – પ્રથમ અણુવ્રતમાં સ્થૂલ-સંકલ્પ-નિરપરાધ દ્વિવિધ ત્રિવિધથી ઈત્યાદિ વિકલ્પો વડે વિશેષિતપણું હોવાને કારણે અતિસૂક્ષ્મપણાને પ્રાપ્ત થયે છતે=પાપની વિરતિ અતિઅલ્પતાને પ્રાપ્ત થયે છતે, દેશનો અભાવ હોવાથી=કંથવાના શરીરમાં વ્રણના કારણીભૂત દેશના અભાવની જેમ અતિસૂક્ષ્મ એવી અલ્પમાત્રાવાળી પાપની વિરતિમાં દેશનો અભાવ હોવાથી, કેવી રીતે દેશવિરાધનારૂપ અતિચાર થાય ? અર્થાત્ દેશવિરતિમાં અતિચારો સંભવે નહિ, આથી તેનો=દેશવિરતિનો, સર્વનાશ જ ઉપપન્ન થાય છે અર્થાત્ માલિન્યના કારણીભૂત કોઈ પ્રવૃત્તિ કરવામાં આવે તેનાથી દેશવિરતિનો સર્વનાશ જ પ્રાપ્ત થાય છે, કંથવાના શરીરની જેમ=કંથવાના શરીરમાં સહેજ પણ કંઈક ઉપઘાતક પ્રવૃત્તિ કરવામાં આવે તો કંથવાનો નાશ જ થાય છે. વળી મહાવ્રતોમાં તે=અતિચારો, સંભવે છે; કેમ કે મહાનપણું જ છે, જેમ હાથીના શરીરમાં વ્રણપટ્ટબંધાદિ થાય છે=હાથીના શરીરમાં ઘા લાગે ત્યારે વ્રણ થાય છે અને તેના નિવારણ માટે પટ્ટબંધાદિ થાય છે; કેમ કે મોટું શરીર છે, તેમ મહાન એવાં મહાવ્રતોમાં વ્રણ જેવા અતિચારો થાય છે અને પટ્ટબંધાદિ જેવા તેના નિવારણના ઉપાયો થાય છે, પરંતુ કંથવાના શરીરમાં વ્રણ જેવા ઘા થતા નથી કે પટ્ટબંધાદિ થતા નથી, પરંતુ ઘા લાગે તો તેનું શરીર વિનાશ પામે છે તેમ કંથવાના શરીર જેવા દેશવિરતિમાં અતિચારો થાય તો મૃત્યુ જ થાય છે અર્થાત્ દેશવિરતિનો નાશ જ થાય છે, એ પ્રકારની શંકામાં=પૂર્વપક્ષી દ્વારા કરાયેલી શંકામાં, ઉત્તર અપાય છે –

દેશવિરતિમાં અતિચારો થતા નથી એ અસંગત છે; કેમ કે ઉપાસકદશાદિમાં=ઉપાસક એવા શ્રાવકોના વર્ણનને કહેનારા ઉપાસકદશાંગ આદિ આગમોમાં, પ્રતિવ્રતને આશ્રયીને=શ્રાવકના દરેક વ્રતને આશ્રયીને, અતિચારપંચકનું કથન છે=પાંચ પાંચ અતિચારોનું કથન છે.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે તે=અતિચારરૂપે કહેવાયેલાં કથનો, ભંગ જ છે, પરંતુ અતિચારો નથી તેને ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રમાણે નથી; કેમ કે ભંગથી ભેદરૂપે અતિચારોનું આગમમાં સંમતપણું છે, જેને કહે છે –

જારિસઓ=જેવા પ્રકારનું સ્વરૂપ છે, જઇભેઓ=જેવા પ્રકારનો ભેદ છે=જેવા પ્રકારનો વ્રતનો ભેદ છે, જહ જાયઇ=જે પ્રકારે થાય છે=જે પ્રકારે વ્રતની ઉત્પત્તિ થાય છે અને જહ ય તત્થ=જે પ્રકારે તેમાં=સ્વીકારેલા વ્રતમાં, દોસગુણા=દોષો અને ગુણો થાય છે, જહ જયણા=જે પ્રકારની યતના છે, (જહ) અઇયારા=જે પ્રકારે અતિચારો છે, ભઙ્ગો=જે પ્રકારે

વ્રતનો ભંગ થાય છે તહ=અને, ભાવણા=ભાવના=જે પ્રકારે વ્રતના રક્ષણ માટે ભાવના કરવી જોઈએ, એ રૂપ ભાવના, નેયા=જાણવી=વ્રતો વિષયક આ સર્વ નવ દ્વારો જાણવાં. ।।૧।। **(નવપદપ્રકરણ તથા પંચાશકઅવચૂર્ણિ)**

અને આ ગાથા પ્રમાણ નથી એમ ન કહેવું; કેમ કે આનું=આ ગાથાનું=ઉદ્ધરણની ગાથાનું, પૂર્વ અંતર્ગતપણાથી પ્રતિપાદન છે અને જે કહેવાયું=પૂર્વપક્ષી દ્વારા કહેવાયું – 'સંજ્વલનના ઉદયમાં જ સર્વ અતિચારો છે' તે સત્ય છે, ફક્ત સર્વવિરતિચારિત્રને જ આશ્રયીને તે કહેવાય છે=સર્વ અતિચારો સંજ્વલનના ઉદયમાં છે તે કહેવાય છે, પરંતુ દેશવિરતિ અને સમ્યક્ત્વમાં નહિ, જે કારણથી સર્વ પણ અતિચારો ઈત્યાદિ ગાથાનું=પૂર્વપક્ષીએ સાક્ષીરૂપે આપેલી ગાથાનું, આ પ્રમાણે વ્યાખ્યાન છે – સંજ્વલનોના જ ઉદયમાં સર્વવિરતિમાં અતિચારો થાય છે. વળી, શેષનો ઉદય થયે છતે તેમાં=સર્વવિરતિમાં, મૂલછેદ્ય જ છે=મૂલ એવું ચારિત્ર જ છેદ્ય છે=મૂલપ્રાયશ્ચિત્તથી તે ચારિત્રની શુદ્ધિ થાય છે અને એ રીતે=સર્વવિરતિમાં સંજ્વલનના ઉદયથી અતિચાર થાય છે એ રીતે, દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી. જોકે અધિકૃત ગાથાના પશ્ચાર્ધની વ્યાખ્યા=સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે એ પ્રકારની ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા, પ્રકારાંતરથી કહેવાય છે=પૂર્વમાં કહ્યું કે શેષના ઉદયમાં મૂલછેદ્ય છે એના કરતાં અન્ય પ્રકારે વ્યાખ્યા કરાય છે તે 'યથા'થી બતાવે છે – ત્રીજા કષાયોના ઉદયમાં=પ્રત્યાખ્યાનીયકષાયોના ઉદયમાં, સર્વવિરતિનો મૂલછેદ છે, બીજા કષાયોના ઉદયમાં=અપ્રત્યાખ્યાનીયકષાયોના ઉદયમાં, દેશવિરતિનો મૂલછેદ છે, પ્રથમ કષાયોના ઉદયમાં= અનંતાનુબંધીકષાયોના ઉદયમાં, સમ્યક્ત્વનો મૂલછેદ છે, તેના વડે પણ=બીજા પ્રકારે વ્યાખ્યા કરી તેના વડે પણ, દેશવિરતિ આદિમાં અતિચારનો અભાવ નથી=અતિચારોનો સંભવ છે, તે આ પ્રમાણે – જે રીતે સંજ્વલનના ઉદયમાં સર્વવિરતિ પ્રાપ્ત થાય છે અને ત્યાં=સર્વવિરતિમાં, અતિચારો થાય છે એ રીતે પ્રત્યાખ્યાનાવરણના ઉદયમાં દેશવિરતિ અને તેના અતિચારો, અપ્રત્યાખ્યાનાવરણના ઉદયમાં સમ્યક્ત્વ અને તેના અતિચારો થાય; કેમ કે ન્યાયનું સમાનપણું છે=સર્વવિરતિમાં સંજ્વલનના ઉદયથી સર્વવિરતિની અને અતિચારોની પ્રાપ્તિ થાય છે, એ ન્યાયનું દેશવિરતિમાં અને સમ્યક્ત્વમાં સમાનપણું છે, હિ=જે કારણથી, કષાયોનો ઉદય વિચિત્ર છે, તે કારણથી આ=કષાયોનો ઉદય, ગુણલાભનો અવિબંધક=ગુણપ્રાપ્તિમાં અવિઘ્નકારી અને તેના અતિચારોનું નિમિત્ત છે, સંજ્વલનના ઉદયની જેમ=સંજ્વલનનો ઉદય સર્વવિરતિની પ્રાપ્તિમાં અવિબંધક છે અને અતિચારોનો જનક છે તેમ, પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણ પણ દેશવિરતિ અને સમ્યક્ત્વમાં ક્રમસર અવિબંધક અને અતિચારોનું નિમિત્ત છે.

વળી, અન્ય કહે છે – સમ્યક્ત્વના અને દેશવિરતિના અતિચારો ક્રમસર પ્રથમ અને બીજા કષાયના ઉદયથી થાય છે=અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી થાય છે, હિ= જે કારણથી, વિચિત્ર એવો તેનો ઉદય=અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીયકષાયનો ઉદય, દેશથી અને સર્વથી વિરાધનાનો હેતુ છે અર્થાત્ અનંતાનુબંધીનો ઉદય વિચિત્ર હોવાથી મંદમાત્રામાં હોય ત્યારે સમ્યક્ત્વમાં અતિચારો ઉત્પન્ન કરીને દેશથી વિરાધનાનો હેતુ થાય છે અને તીવ્ર માત્રામાં હોય

ત્યારે સમ્યક્ત્વનો નાશ કરીને સર્વથી વિરાધનાનો હેતુ થાય છે અને અપ્રત્યાખ્યાનીયકષાય પણ એ રીતે મંદમાત્રામાં હોય ત્યારે દેશવિરતિમાં અતિચાર ઉત્પન્ન કરે છે અને તીવ્ર માત્રામાં હોય ત્યારે દેશવિરતિનો નાશ કરીને સર્વથી વિરાધનાનો હેતુ થાય છે અને જે કંથવાનું દૃષ્ટાંત છે=જે કંથવાનું દૃષ્ટાંત પૂર્વપક્ષી વડે અપાયેલું છે, એ અસંગત જ છે; કેમ કે તેનું=કંથવાના દૃષ્ટાંતનું, દૃષ્ટાંતાન્તરથી બાધિતપણું છે. તે આ પ્રમાણે –

હાથીથી અતિલઘુ મનુષ્ય છે અને તેને વ્રણાદિ સંભવે જ છે. (એ રીતે મહાવ્રતથી લઘુ મનુષ્ય જેવું અણુવ્રત છે અને મનુષ્યના શરીરમાં વ્રણ અને પટ્ટબંધાદિ થાય છે, તેમ દેશવિરતિમાં પણ વ્રણ જેવા અતિચારો થાય છે અને પટ્ટબંધાદિની જેમ તેની શોધનક્રિયા થાય છે) અને જે કહેવાય છે=પૂર્વપક્ષી વડે કહેવાય છે – અનંતાનુબંધી આદિ બાર કષાયોનું સર્વઘાતિપણાથી અભિધાન હોવાને કારણે તેના ઉદયમાં=બાર કષાયોના ઉદયમાં, સમ્યક્ત્વાદિનો ભંગ જ છે તે અયુક્ત છે; કેમ કે સર્વવિરતિની અપેક્ષાએ જ તેનું=બાર કષાયોનું, સર્વઘાતિપણાથી વ્યાખ્યાતપણું છે, આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, દેશવિરતિમાં અતિચારોનો સંભવ છે એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૯॥

ભાવાર્થ :-

શાસ્ત્રના વચનો છે કે સર્વ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે અને બાર કષાયોના ઉદયથી મૂલછેદ્ય વ્રત થાય છે, આ પ્રકારના વચનને સામાન્યથી ગ્રહણ કરીને પૂર્વપક્ષી કહે છે કે દેશવિરતિમાં અતિચારોનો સંભવ નથી; કેમ કે સંજ્વલનના ઉદયથી જ અતિચારો થાય છે અને દેશવિરતિવાળા શ્રાવકને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય છે. એથી પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય અતિચારનો જનક કહી શકાય નહિ; કેમ કે સંજ્વલનના ઉદયથી અતિચારો થાય છે, એ પ્રકારનો શાસ્ત્રપાઠ છે.

વળી, પોતાના કથનની પુષ્ટિ પૂર્વપક્ષી કંથવાના શરીરના દૃષ્ટાંતથી કરે છે –

જેમ કંથવાનું શરીર અતિ નાનું છે, તેથી તેમાં વ્રણ કે પટ્ટબંધાદિ થઈ શકે નહિ, તેમ દેશવિરતિમાં જે વધનું પચ્ચક્ખાણ છે, તે અતિ અલ્પમાત્રાવાળું હોવાથી વ્રણ જેવા અતિચારો થઈ શકે નહિ અને પટ્ટબંધ જેવી અતિચારના શોધનની ક્રિયા થઈ શકે નહિ, પરંતુ જે કોઈ અતિચારો શાસ્ત્રમાં કહ્યા છે, તે વ્રતના ભંગ સ્વરૂપ જ છે. વળી મહાવ્રતમાં સંપૂર્ણ પાપની વિરતિ હોવાથી હાથીના શરીર જેવા સર્વ વધના નિષેધના પચ્ચક્ખાણમાં અતિચારરૂપ વ્રણ થઈ શકે છે અને પટ્ટબંધાદિ જેવી તેના શોધનની ક્રિયા થઈ શકે છે, તેનું નિરાકરણ કરતાં ટીકાકારશ્રી ઉપાસકદશાંગના વચનથી દેશવિરતિના અતિચારો છે, તેનું સ્થાપન કરે છે અને સમ્યક્ત્વ અને દેશવિરતિનાં નવ દ્વારોને કહેનારી ગાથાના બળથી દેશવિરતિમાં અતિચારો છે તેમ બતાવે છે; કેમ કે સાક્ષીગાથામાં જે નવ દ્વારો છે, તેમાં એક અતિચાર દ્વાર છે, તેથી સમ્યક્ત્વમાં અને દેશવિરતિમાં અતિચાર છે તેમ સિદ્ધ થાય છે અને આ દ્વાર ગાથા પૂર્વ અંતર્ગત હોવાથી પ્રમાણભૂત છે, માટે શાસ્ત્રવચનના બળથી દેશવિરતિમાં અતિચારો છે તેમ સ્વીકારવું જોઈએ.

આ રીતે દેશવિરતિમાં અતિચારો છે તેમ શાસ્ત્રવચનથી સ્થાપન કર્યું, હવે સર્વ અતિચારો સંજ્વલનના

ઉદયથી છે, એ કથનનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે અને તે વચનના બળથી દેશવિરતિમાં અતિચારો નથી, એમ જે પૂર્વપક્ષી કહે છે, તે પણ સંગત નથી. તેની સિદ્ધિ ટીકાકારશ્રી કરે છે –

સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી છે, એ વચન સર્વવિરતિને આશ્રયીને છે અને સર્વવિરતિને આશ્રયીને બાર કષાયોનો ઉદય થાય તો મૂલછેદ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અર્થાત્ જે સાધુ સંયમની પરિણતિમાં છે, તેઓને કોઈક નિમિત્તે અલ્પ સ્ખલના થાય ત્યારે જે સર્વવિરતિમાં અતિચારો થાય છે, તે સંજ્વલનના ઉદયથી થાય છે અને જેઓ પાંચ મહાવ્રતોની મર્યાદા અનુસાર નૈર્ગ્રંથ્યભાવમાં જવા માટે યત્નવાળા નથી, તેઓને ગૃહસ્થની જેમ બાહ્ય પદાર્થોને આશ્રયીને પરિગ્રહનો પરિણામ થાય છે, તેથી તે પરિણામ અવિરતિ આપાદક બાર કષાયોમાંથી યથાયોગ્ય કષાયોના ઉદયથી થાય છે, તેથી તેવા સાધુને કોઈક રીતે સંયમની શુદ્ધિનો પરિણામ થાય તો મૂલ પ્રાયશ્ચિત્તથી છેદ થાય એવું તે પાપ છે, તેથી તે કષાયના ઉદયવાળા સાધુ ભાવથી સાધુ નથી, ફક્ત પાછળથી મૂલ પ્રાયશ્ચિત્ત સ્વીકારીને શુદ્ધિ કરે તો ફરી ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય. આથી જ તત્ત્વાર્થકારે સ્વોપજ્ઞ ભાષ્યમાં બકુશ-કુશીલ ચારિત્રીને પણ નૈર્ગ્રંથ્યભાવ પ્રત્યે પ્રસ્થિત સ્વીકાર્યા છે અને જેઓ નૈર્ગ્રંથ્યભાવ પ્રત્યે પ્રસ્થિત નથી અથવા પૂર્વમાં પ્રસ્થિત હોય અને પાછળથી અપ્રસ્થિત બને છે તે બાર કષાયોના ઉદયથી નૈર્ગ્રંથ્યભાવ પ્રત્યે અપ્રસ્થિત બને છે, આ પ્રકારે સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે, એ ગાથાનો અર્થ કરવાથી દેશવિરતિમાં અતિચારોનો અભાવ નથી એમ સિદ્ધ થાય છે.

વળી, સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે, એ ગાથાના ઉત્તરાર્ધનું વ્યાખ્યાન અન્ય પ્રકારે પણ કરાય છે અને તે અન્ય પ્રકાર બતાવતાં ટીકાકારશ્રી કહે છે –

જેમ સંજ્વલનના ઉદયવાળા મુનિઓ સંજ્વલનનો ક્ષયોપશમ ભાવ હોય ત્યારે નિરતિચાર ચારિત્ર પ્રાપ્ત કરે છે અને સંજ્વલનનો ઉદય થાય ત્યારે સર્વવિરતિનો નાશ થતો નથી, પરંતુ સર્વવિરતિમાં અતિચારની પ્રાપ્તિ થાય છે, તે રીતે પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોય ત્યારે સર્વવિરતિનો અભાવ થવા છતાં દેશવિરતિ પ્રાપ્ત થાય છે; કેમ કે પ્રત્યાખ્યાનાવરણ કષાય દેશવિરતિના વિબંધક નથી, છતાં પ્રત્યાખ્યાનાવરણ કષાય કંઈક તીવ્ર માત્રામાં ઉદયમાં આવે ત્યારે દેશવિરતિમાં અતિચારો થાય છે, આથી જ જે દેશવિરતિધર શ્રાવક અપ્રમાદભાવથી દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિને અભિમુખ પ્રસ્થિત છે, તેના પ્રત્યાખ્યાનાવરણ કષાય દેશવિરતિના પાલનના બળથી સતત ક્ષીણ-ક્ષીણતર થાય છે, તેથી અતિચારની પ્રાપ્તિ નથી અને જ્યારે દેશવિરતિધર શ્રાવક દેશવિરતિના પાલનમાં પ્રમાદવશ અતિચારોને સેવે છે, ત્યારે પ્રત્યાખ્યાનાવરણ કષાય કંઈક તીવ્ર ઉદયમાં આવે છે, તેથી તે શ્રાવકનું સર્વવિરતિને અભિમુખ ગમન કંઈક સ્ખલના પામે છે, પરંતુ તે પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી દેશવિરતિનો નાશ થતો નથી, પરંતુ દેશવિરતિમાં માલિન્યરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી, જે અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, તેને પ્રત્યાખ્યાનાવરણનો ઉદય છે, તેથી તેને દેશવિરતિની પ્રાપ્તિ નથી થતી, તોપણ તે પ્રત્યાખ્યાનાવરણ કષાય સમ્યક્ત્વનો બાધક નથી, તેથી તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વમાં બાધ કરતી નથી અને તત્ત્વને સ્પષ્ટ

જોનાર સમ્યગ્દૃષ્ટિ જીવ સતત સમ્યક્ત્વના બળથી પ્રત્યાખ્યાનાવરણ કષાયને ક્ષીણ-ક્ષીણતર કરીને દેશવિરતિને અભિમુખ પ્રસ્થિત રહે છે. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિનો અપ્રત્યાખ્યાનાવરણ કષાય પણ સતત ક્ષીણક્ષીણતર થતો હોય છે. આમ છતાં અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જ્યારે પ્રમાદમાં હોય છે, ત્યારે તેની તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિમાં અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય વિશેષ પ્રકારે પ્રાપ્ત થાય છે, તેથી સમ્યક્ત્વના અતિચાર પ્રાપ્ત થાય છે. તેથી તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ કંઈક મલિન થવાને કારણે દેશવિરતિને અભિમુખ સમ્યગ્દૃષ્ટિનું ગમન સ્ખલના પામે છે, તે વખતે અપ્રત્યાખ્યાનાવરણ કષાય સમ્યક્ત્વમાં અતિચાર ઉત્પન્ન કરે છે. આ પ્રકારે કષાયોનો ઉદય વિચિત્ર સ્વભાવવાળો છે.

આમ એક પ્રકારના મત અનુસાર સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે, તે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કર્યો, હવે તેના વિષયમાં અન્ય શું કહે છે ? તે બતાવે છે –

વળી અન્ય કહે છે કે અનંતાનુબંધીકષાયના ઉદયથી સમ્યક્ત્વમાં અતિચારો થાય છે. જોકે અનંતાનુબંધીનો ઉદય થાય તો જીવ સમ્યક્ત્વથી પાત પામે છે, પરંતુ તે અનંતાનુબંધીનો ઉદય મંદ હોય ત્યારે સમ્યક્ત્વમાં અતિચારો ઉત્પન્ન કરે છે અને તીવ્ર હોય ત્યારે સમ્યક્ત્વથી પાત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે તત્ત્વને જોવામાં મૂઢતા આપાદક અનંતાનુબંધીકષાય છે અને જેઓને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે, તેઓ અમૂઢ દૃષ્ટિવાળા છે, તેથી તેઓને સતત સર્વજ્ઞનું વચન જ એકાંતે હિત કરનાર દેખાય છે, તેથી શક્તિના પ્રકર્ષથી સમ્યગ્દૃષ્ટિ જીવો જિનવચનનું સેવન કરીને વીતરાગ થવા યત્ન કરે છે અને અનાદિના સંસ્કારને કારણે અર્થ-કામની ઇચ્છા થાય ત્યારે પણ અમૂઢ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો 'સલ્લં કામા વિષં કામા' ઇત્યાદિ ભાવન કરીને અર્થ-કામની ઇચ્છાને ક્ષીણ કરવા જ યત્ન કરે છે અને તે ભાવનથી પણ અર્થ-કામની ઇચ્છા ક્ષીણ ન થાય ત્યારે વ્રણલેપની જેમ ભોગ કરે છે, તેથી તેઓની ભોગની પ્રવૃત્તિ સંવેગપ્રધાન છે, તેથી મૂઢતા આપાદક અનંતાનુબંધીકષાય ભોગકાળમાં પણ તે અવિરત સમ્યગ્દૃષ્ટિને ઉદયમાં નથી, પરંતુ ક્ષયોપશમભાવથી જ ઉદયમાં વર્તે છે, ત્યારે સમ્યક્ત્વમાં અતિચારની પ્રાપ્તિ થતી નથી અને કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવને મૂઢતા આપાદક અનંતાનુબંધીકષાયનો ક્ષયોપશમ હોવા છતાં કંઈક ઉદય થાય છે અર્થાત્ ક્ષયોપશમભાવ મંદ થાય તે પ્રકારનો અનંતાનુબંધીકષાયનો ઉદય થાય છે, ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ જીવનો વિવેક કંઈક મ્લાન થાય છે, કંઈક મૂઢતાની અસર આવે છે તે અનંતાનુબંધીકષાયના કંઈક વિપાકજન્ય અતિચારની પ્રાપ્તિરૂપ છે અને જ્યારે અનંતાનુબંધીકષાય તીવ્ર ઉદયમાં આવે છે, ત્યારે સમ્યક્ત્વનો નાશ થાય છે.

વળી અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમથી દેશવિરતિની પ્રાપ્તિ થાય છે અને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કંઈક વિશેષ ઉદયમાં આવે છે, ત્યારે દેશવિરતિમાં અતિચાર પ્રાપ્ત થાય છે અને તીવ્ર ઉદયમાં આવે છે, ત્યારે દેશવિરતિનો નાશ થાય છે, તેથી એ પ્રાપ્ત થાય કે અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ક્ષયોપશમવાળા શ્રાવકો સતત તે ક્ષયોપશમભાવની વૃદ્ધિમાં યત્ન કરીને ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકમાં જવા યત્ન કરે છે, ત્યારે અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમભાવ નિર્મળ છે અને નિર્મળતર થઈ રહ્યો છે અને જ્યારે તે દેશવિરતિવાળા શ્રાવકો દેશવિરતિમાં અતિચારો સેવે છે, ત્યારે તે ક્ષયોપશમભાવવાળો અપ્રત્યાખ્યાનાવરણ કષાય કંઈક મલિન થાય છે, તેથી અતિચારોની પ્રાપ્તિ થાય છે અને તીવ્ર અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો

ઉદય થાય તો ક્ષયોપશમભાવ નાશ થવાથી દેશવિરતિનો નાશ થાય છે.

વળી પૂર્વપક્ષીએ કહેલ કે કંથવાના શરીરમાં વ્રણ અને પટ્ટબંધ થઈ શકે નહિ, તેમ દેશવિરતિમાં પણ અલ્પવિરતિ હોવાને કારણે વ્રણ જેવા અતિચારો અને પટ્ટબંધ જેવું શોધન થઈ શકે નહિ, માટે દેશવિરતિમાં અતિચાર નથી. તેનું નિરાકરણ કરતાં ટીકાકારશ્રી કહે છે –

હાથીના શરીર જેવી સર્વવિરતિ છે અને મનુષ્યના શરીર જેવી દેશવિરતિ છે, તેથી જેમ હાથીના શરીરમાં વ્રણ થઈ શકે છે અને પટ્ટબંધ થઈ શકે છે, તેમ મનુષ્યના શરીરમાં પણ વ્રણ અને પટ્ટબંધ થઈ શકે છે, માટે સર્વવિરતિની જેમ દેશવિરતિમાં પણ અતિચારો અને તેનું શોધન થઈ શકે છે, તેથી કંથવાના દૃષ્ટાંતના બળથી દેશવિરતિમાં અતિચાર નથી એમ કહેવું ઉચિત નથી, પરંતુ ઉપાસકદશાંગ આદિ શાસ્ત્રોનાં વચનોના બળથી દેશવિરતિમાં અતિચારો સિદ્ધ થતા હોય તો તેની સંગતિ તેને અનુરૂપ મનુષ્યના શરીરના દૃષ્ટાંતના બળથી જ કરવી ઉચિત ગણાય.

વળી પૂર્વપક્ષી કહે છે કે અનંતાનુબંધી આદિ બાર કષાયો સર્વઘાતિ હોય તો તેના ઉદયથી જેમ સર્વવિરતિનો ઘાત થાય છે, તેમ સમ્યક્ત્વ અને દેશવિરતિનો પણ ઘાત થવો જોઈએ, તેનું સમાધાન કરતાં ટીકાકારશ્રી કહે છે –

બાર કષાયોને શાસ્ત્રમાં સર્વઘાતી કહ્યા છે, તે સર્વવિરતિને આશ્રયીને જ સર્વઘાતી છે, તેથી તે કષાયોમાંથી કોઈપણ કષાયનો ઉદય હોય તો સર્વવિરતિનો ઘાત અવશ્ય થાય છે, પરંતુ સમ્યક્ત્વનો કે દેશવિરતિનો ઘાત તે સર્વ કષાયોથી થતો નથી, પરંતુ સમ્યક્ત્વના ઘાતક અનંતાનુબંધથી સમ્યક્ત્વનો ઘાત થાય છે અને દેશવિરતિના ઘાતક અપ્રત્યાખ્યાનાવરણના ઉદયથી દેશવિરતિનો ઘાત થાય છે, તેમ સ્વીકારવું ઉચિત છે, માટે દેશવિરતિમાં અતિચારો થાય છે, તેમ સ્વીકારીને વિવેકી શ્રાવકે તે અતિચારોનું વર્જન કરવું જોઈએ. **॥૧/૯॥**

अवतरणिका :-

'वर्जयतीमानतिचारा'नित्युक्तं, अथ तानेव करणीयतया प्रतिषेधयन्नाह –

અવતરણિકાર્થ :-

આ અતિચારોને વર્જન કરે છે, એ પ્રમાણે કહેવાયું=ગાથા-૯ના અંતે કહેવાયું. હવે તેઓને જ= અતિચારોને જ, અકરણીયપણાથી નિષેધ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

बंधवहं छविच्छेयं (बंधवहच्छविच्छेयं) (वहबंधं छविछेयं)
अइभारं भत्तपाणवोच्छेयं ।
कोहाइदूसियमणो गोमणुयाईण णो कुणइ ।।१/१०।।

છાયા :-

बन्धवधं छविच्छेदमतिभारं भक्तपानव्यवच्छेदम् ।
क्रोधादिदूषितमनाः गोमनुजादीनां न करोति ।।१/१०।।

અન્વયાર્થ :-

કોહાઇદૂસિયમણો=ક્રોધાદિથી દૂષિત મનવાળો શ્રાવક, ગોમણુયાઈણ=ગાય-મનુષ્યાદિના, બંધવહં છવિચ્છેયં અઇભારં ભત્તપાણવોચ્છેયં=બંધ-વધને, છવિચ્છેદને, અતિભારને (અને) ભક્તપાનના વ્યવચ્છેદને, ણો કુણઇ=કરતો નથી. ।।૧/૧૦।।

ગાથાર્થ :-

ક્રોધાદિથી દૂષિત મનવાળો શ્રાવક ગાય-મનુષ્યાદિના બંધ-વધને, છવિચ્છેદને, અતિભારને (અને) ભક્ત-પાનના વ્યવચ્છેદને કરતો નથી. ।।૧/૧૦।।

ટીકા :-

व्याख्या—'बंधवह'मित्यादि । बन्धश्च-रज्जुदामनकादिभिः संयमनं वधश्च-कशादिभिर्हननं, बन्धवधमिति समाहारद्वन्द्वः, तत्र करोतीति सम्बन्धः, छविः-त्वक् तद्योगाच्छरीरमपि छविस्तस्य च्छेदः-असिपुत्रिकादिभिः पाटनं छविच्छेदस्तम्, बंधवधच्छविच्छेदमिति पाठान्तरं व्यक्तं च, वहबंधमित्यन्ये, तथा भरणं भारः अतीव भारोऽतिभारः-प्रभूतस्य पूगफलादेर्गवादिपृष्ठादावारोहणमतस्तम्, तथा भक्तपानयोः-भोजनोदकयोर्व्यवच्छेदो-निरोधो भक्तपानव्यवच्छेदस्तम्, इह समुच्चयार्थश्चशब्दो लुप्तो द्रष्टव्यः, एवमविशेषेण बन्धादीनामकरणीयतयोपदेशे सति प्रियपुत्रादेर्विनयग्राहणरोगचिकित्साद्यर्थानामपि तेषां व्रतमालिन्यमित्तता प्रसज्यते, ततस्तत्परिहारार्थमाह—क्रोधादिदूषितमनाः-कोपलोभादिकषायकलङ्कितान्तःकरणः, प्राणिप्राणप्रहाणनिरपेक्ष इत्यर्थः, सापेक्षस्य तु बन्धादिकरणेऽपि सदयत्वान्नातिचार इत्युक्तं भवति, अनेन च यदुक्तं प्राग् 'भावार्थसङ्गतमिति' तदुपदर्शितम्, यत आगमे निर्विशेषणा एवामी दर्शिता इति इह स्थाने वधविरत इति गम्यम्, गोमनुष्यादीनां बलीवर्दनरप्रभृतीनां, आदिशब्दात्करिकरभरासभादिपरिग्रहः, नो=नैव, करोति=विदधाति, एतत्करणे हि व्रतस्य मालिन्यप्राप्तेरिति, यच्च वर्जयतीति क्रियायामनुवर्तमानायामपि न करोतीत्युक्तं तदेतेषामत्यर्थं परिहारार्थमिति ।

ટીકાર્થ :-

बन्धश्च ..... परिहारार्थमिति । 'बंधवह'मित्यादि પ્રતીક છે. બંધ-રજ્જુ-દોરડા આદિથી સંયમન છે, વધ-ચાબૂક આદિથી મારવું છે, बन्धवधम्=એ પ્રકારનો સમાહાર દ્વન્દ્વસમાસ છે, તેને=બંધવધને, કરતો નથી એ પ્રમાણે સંબંધ છે=ગાથાના અંત સાથે સંબંધ છે, છવિ=ત્વચા છે, તેના યોગથી શરીર પણ છવિ છે તેનો છેદ=શરીરનો છેદ, છરી આદિથી કાપવું છવિછેદ છે, તેને શ્રાવક કરતો નથી, એમ

અન્વય છે, बंधवधछविच्छेदं=એ પ્રકારના સમાસરૂપ પાઠાંતર છે અને વ્યક્ત છે=તે સામાસિક પદનો અર્થ પૂર્વના કથનથી વ્યક્ત છે, અન્ય આચાર્ય वहबंधम् એ પ્રમાણે પાઠ ગાથામાં સ્વીકારે છે અને ભરણ ભાર છે, અત્યંત ભાર અતિભાર છે=ઘણા સોપારી આદિનું ગાય આદિના પીઠાદિમાં આરોહણ છે, આથી તેને=અતિભારને, શ્રાવક કરતો નથી અને ભક્તપાનનો=ભોજનપાણીનો, વ્યવચ્છેદ=નિરોધ, ભક્તપાણીનો વ્યવચ્છેદ છે, તેને કરતો નથી, અહીં=ગાથામાં, સમુચ્ચય અર્થવાળો 'च' શબ્દ લોપાયેલો જાણવો.

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અવિશેષથી=સામાન્યથી, બંધાદિના અકરણીયપણાથી ઉપદેશ હોતે છતે પ્રિય પુત્રાદિને વિનયનું ગ્રાહણ અને રોગચિકિત્સાદિ અર્થવાળા પણ તેઓના બંધવધાદિથી વ્રતમાલિન્યની નિમિત્તતા પ્રાપ્ત થાય છે, તેથી તેના પરિહાર માટે=ઉચિત પ્રયોજનથી બંધાદિ વ્રત માલિન્યનાં કારણ નથી તે બતાવવા માટે, કહે છે –

ક્રોધાદિ દૂષિત મનવાળો શ્રાવક બંધાદિ કરતો નથી એમ અન્વય છે=ક્રોધ-લોભાદિ કષાયથી કલંકિત અંતઃકરણવાળો જીવોના પ્રાણના નાશને નિરપેક્ષ બંધાદિ કરતો નથી. વળી સાપેક્ષ એવા શ્રાવકને બંધાદિકરણમાં પણ સદયાપણું હોવાથી અતિચાર નથી, એ પ્રમાણે કહેવાયેલું થાય છે= ક્રોધાદિ દૂષિત મનવાળો એ વિશેષણ દ્વારા કહેવાયેલું થાય છે અને આના દ્વારા=ક્રોધાદિ દૂષિત મનવાળો શ્રાવક બંધવધાદિ કરતો નથી એ કથન દ્વારા, જે પૂર્વમાં કહેવાયેલું=ગાથા-૧માં કહેવાયેલું કે ભાવાર્થ સંગત એવા શ્રાવકધર્મને અમે કહીશું એ બતાવાયેલું છે, જે કારણથી આગમમાં નિર્વિશેષણવાળા જ આ=અતિચારો, બતાવાયા છે, આ સ્થાનમાં=પ્રસ્તુત ગાથામાં, वधविरतः એ પ્રકારે અધ્યાહાર છે અર્થાત્ ક્રોધાદિ દૂષિત મનવાળો વધથી વિરત એવો શ્રાવક પૂર્વમાં કહેલા અતિચારોને કરતો નથી, એમ અન્વય છે, ગાય-મનુષ્યાદિના=બળદ-માણસ વગેરેના, બંધ, વધ, છવિછેદ આદિ કરતો નથી એમ અન્વય છે, 'आदि' શબ્દથી હાથી-ઊંટ-ગધેડા આદિનું ગ્રહણ છે, કરતો નથી જ=બંધાદિ કરતો નથી જ; કેમ કે આના કરણમાં=બંધાદિના કરણમાં, વ્રતના માલિન્યની પ્રાપ્તિ છે અને જે વર્જન કરે છે એ પ્રકારની ક્રિયા અનુવર્તમાન હોવા છતાં પણ=ગાથા-૯થી એ ક્રિયાપદનું અનુવર્તન હોવા છતાં પણ, કરતો નથી એ પ્રમાણે કહેવાયું=પ્રસ્તુત ગાથામાં કહેવાયું, તે આમના=બંધાદિ અતિચારના, અત્યંત પરિહાર માટે છે.

ભાવાર્થ :-

સુસાધુ જેમ સંયમ ગ્રહણ કર્યા પછી નૈર્ગ્રંથ્યભાવ પ્રત્યે સદા પ્રસ્થિત રહે છે, તેમ વધવિરત સુશ્રાવક સંપૂર્ણ વધના વિરામવાળા મુનિભાવ પ્રત્યે સતત પ્રસ્થિત હોય છે, તેથી પ્રાયઃ કરીને કોઈને પીડા થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરે નહિ, પરંતુ ષટ્કાયના પાલનના પરિણામની શક્તિનો સંચય થાય તે રીતે દેશવિરતિનું પાલન કરે છે, છતાં ગૃહસ્થજીવનમાં ધનાદિ પરિગ્રહ હોય છે, તેથી પરિગ્રહની મૂર્છાને કારણે કે સ્વજનાદિ પ્રત્યે નિમિત્ત પામીને કોપાદિ થાય છે ત્યારે તે શ્રાવક પણ કોપાદિ કે લોભાદિથી દૂષિત મનવાળા બને છે અને જો યતનાપૂર્વક તે કષાયોનું વારણ ન કરે તો ગાય-મનુષ્ય આદિના બંધ-વધ આદિ પાંચ

અતિચારોમાંથી કોઈક અતિચારની પ્રાપ્તિ થાય, જેનાથી દયાળુ સ્વભાવ ઘવાય છે અને પહેલા અણુવ્રતમાં માલિન્યની પ્રાપ્તિ થાય છે, તેથી સ્વીકારાયેલી વધવિરતિ દૂષિત ન થાય. તદર્થે સદા પોતાનાં વ્રતોનું સ્મરણ કરીને સર્વ જીવો પ્રત્યે શમભાવવાળા મુનિઓ કઈ રીતે વર્તે છે તેનું ભાવન કરીને શ્રાવક સતત પોતાના ક્રોધ-લોભ આદિ કષાયોને શિથિલ-શિથિલતર કરવા પ્રયત્ન કરે છે, ક્વચિત્ નિમિત્તને પામીને ક્રોધાદિ કષાયો ઉદયમાં આવે તોપણ બંધ-વધાદિ અતિચારોનો પરિહાર કરીને પોતાનું પહેલું અણુવ્રત મલિન ન થાય તેવો યત્ન કરે છે.

ટીકા :-

अत्र चायमावश्यकचूर्ण्याद्युक्तो विधिः-बन्धो द्विपदानां चतुष्पदानां वा स्यात्, सोऽप्यर्थायानर्थाय वा, तत्रानर्थाय तावन्नासौ विधातुं युज्यते, अर्थाय पुनरसौ द्विविधः स्यात्-सापेक्षो निरपेक्षश्च, तत्र निरपेक्षो नाम यन्निश्चलमत्यर्थं बध्यते, सापेक्षः पुनर्यद्दामग्रन्थिना, यश्च बद्धः सन् शक्यते प्रदीपनकादिषु विमोचयितुं वा छेत्तुं वा, एवं तावच्चतुष्पदानां बन्धः तथा द्विपदानामपि दासो वा दासी वा चौरो वा पाठादिप्रमत्तः पुत्रो वा यदि बध्यते तदा स विक्रमेणैव बन्धनीयो रक्षणीयश्च तथा यथाऽग्निभयादिषु न विनश्यति, तथा ते किल द्विपदचतुष्पदाः श्रावकेण संग्रहीतव्या येऽबद्धा एवासत इति, वधोऽपि तथैव, नवरं निरपेक्षवधो निर्दयताडना, सापेक्षवधः पुनरेवं-आदित एव भीतपर्षदा श्रावकेण भवितव्यं, यदि पुनर्न करोति कोऽपि विनयं तदा तं मर्माणि मुक्त्वा लतत्तया दवरकेण वा सकृद् द्विर्वा ताडयेदिति, छविच्छेदोऽपि तथैव नवरं निरपेक्षो हस्तपादकर्णनासिकादि यन्निर्दयं छिनत्ति । सापेक्षः पुनर्यद्गण्डं वाऽरुर्वा छिन्द्याद्वा दहेद्वेति । तथाऽतिभारो नारोपयितव्यः पूर्वमेव हि या द्विपदादिवाहनेन जीविका सा श्राद्धेन मोक्तव्या, अथान्याऽसौ न भवेत्तदा द्विपदो यं भारं स्वयमुत्क्षिपत्यवतारयति च तं वाह्येत चतुष्पदस्य तु यथोचितभारादसौ किञ्चिदूनः क्रियते, हलशकटादिषु पुनरुचितवेलायामसौ मुच्यत इति । तथा भक्तपानव्यवच्छेदो न कस्यापि कर्तव्यः, तीक्ष्णबुभुक्षो ह्यन्यथा म्रियते सोऽप्यर्थानर्थादिभेदो बन्धवद् द्रष्टव्यः, नवरं सापेक्षो रोगचिकित्सार्थं स्यात्, अपराधकारिणि च वाचैवं वदेत्— 'यदद्य ते न दास्यते भोजनादि', शान्तिनिमित्तं वोपवासं कारयेत् । किं बहुना ?, यथा मूलगुणस्य प्राणातिपातविरमणस्यातिचारो न भवति, तथा सर्वत्र यतनया यतितव्यमिति ।

ટીકાર્થ :-

अत्र चायमावश्यक ..... यतितव्यमिति । અને અહીં=પહેલા અણુવ્રતના અતિચારોના વિષયમાં, આવશ્યકચૂર્ણિ આદિમાં કહેવાયેલો આ વિધિ છે —

બંધ મનુષ્યો કે પશુઓનો થાય, તે પણ અર્થ માટે=પ્રયોજનથી અથવા અનર્થ માટે=કષાયને વશ થાય, ત્યાં=અર્થ-અનર્થથી થતા બંધમાં, અનર્થ માટે આ=બંધ, કરવો ઘટતો નથી, અર્થ માટે વળી

આ=બંધ, બે પ્રકારનો થાય, સાપેક્ષ અને નિરપેક્ષ, ત્યાં=સાપેક્ષ-નિરપેક્ષ બંધમાં, નિરપેક્ષ જે નિશ્ચલ અત્યંત બંધાય છે. વળી સાપેક્ષ જે દોરડાથી બંધાય છે અને જે બંધાયેલો છતો અગ્નિ આદિમાં છોડાવવા માટે અથવા છેદવા માટે શક્ય છે, આ પ્રકારનો=સાપેક્ષ કે નિરપેક્ષ બંધ કહ્યો એ પ્રકારનો, પશુઓનો બંધ છે, તે પ્રમાણે દ્વિપદ આદિનો પણ છે=દાસ-દાસી-ચોર-ભણવા આદિમાં પ્રમાદી પુત્ર જો બંધાય છે તો તે વિક્રમથી જ=વિપરીત ક્રમથી જ, બાંધવો જોઈએ અને તે પ્રમાણે રક્ષણ કરવો જોઈએ, જે પ્રમાણે અગ્નિ ભયાદિમાં નાશ ન પામે અને ખરેખર શ્રાવકે તે દાસ-દાસી કે પશુ સંગ્રહ કરવા જોઈએ. જેઓ અબદ્ધ જ રહે છે, વધ પણ તે પ્રકારે જ કરવો જોઈએ અર્થાત્ જે પ્રકારે બંધ સાપેક્ષ કરવો જોઈએ તે પ્રકારે વધ પણ સાપેક્ષ કરવો જોઈએ, ફક્ત નિરપેક્ષ વધ નિર્દય તાડના છે, સાપેક્ષ વધ વળી આ પ્રમાણે છે – પ્રથમથી જ શ્રાવકે ભીતપર્ષદાવાળા થવું જોઈએ=તેમનાં દાસ-દાસી વગેરે તાડન વગર જ સ્વયં ઉચિત કૃત્યો કરે તેવી પર્ષદાવાળા થવું જોઈએ. જો વળી કોઈક વિનય ન કરે તો મર્મ સ્થાનોને છોડીને તેને લાતથી કે દોરડાથી એક અથવા બે વખત તાડન કરે, શરીરનો છેદ પણ તે પ્રકારે જ કરે=સાપેક્ષ કરે, કેવળ હાથ-પગ-કાન-નાક આદિ જે દયા વગર છેદે છે તે નિરપેક્ષ છે. વળી જે ગંડ અથવા અરુ છેદે અથવા બાળે તે સાપેક્ષ છે અને અતિભાર આરોપણ કરવો જોઈએ નહિ, પૂર્વમાં જ દ્વિપદ આદિથી વાહન દ્વારા આજીવિકા છે તે શ્રાવકે છોડવી જોઈએ. હવે અન્ય આ=આજીવિકા, ન હોય તો મનુષ્ય જે ભારને સ્વયં ઊંચકી શકે અને ઉતારી શકે તેને વહન કરાવે. વળી બળદ આદિને યથા ઉચિત ભારથી આ=ભાર અર્થાત્ સહજ રીતે જે પશુ ઉપર ભાર લદાય છે, તેનાથી કંઈક ઊણ ભાર કરાય છે, જેથી દયાળુ સ્વભાવ મલિન થતો નથી. હળ-ગાડાં વગેરેમાં વળી ઉચિત વેળામાં આ=પશુ, મુકાય છે અને કોઈને પણ=મનુષ્યને કે પશુને કોઈને પણ, આહાર-પાણીનો વ્યવચ્છેદ કરવો જોઈએ નહિ, અન્યથા=આહાર-પાણીનો વ્યવચ્છેદ કરવામાં આવે તો, તીક્ષ્ણ ભૂખવાળો મૃત્યુ પામે, તે પણ=આહાર-પાણીનો વ્યવચ્છેદ પણ, અર્થ-અનર્થાદિ ભેદવાળો બંધની જેમ જાણવો. કેવળ સાપેક્ષ આહાર-પાણીનો વ્યવચ્છેદ રોગચિકિત્સા માટે થાય અને અપરાધકારી પશુ કે મનુષ્યમાં વાણીથી જ કહે 'જે આજે તને ભોજન આદિ અપાશે નહિ' અથવા શાંતિ નિમિત્તે=ક્લેશની શાંતિ નિમિત્તે, ઉપવાસ કરાવે, વધારે શું કહેવું ? જે પ્રમાણે મૂલગુણ એવા પ્રાણાતિપાતવિરમણનો=શ્રાવકનાં પાંચ અણુવ્રતમાંથી પ્રથમ અણુવ્રતનો, અતિચાર ન થાય તે પ્રમાણે સર્વત્ર=સ્વજનો આદિ સાથે કે પશુ આદિ સાથે, યતનાથી વર્તવું જોઈએ.

ટીકા :-

ननु प्राणातिपात एव व्रतिना प्रत्याख्यातस्ततो बन्धादिकरणेऽपि न दोषः, विरतेरखण्डितत्वात् । अथ बन्धादयोऽपि प्रत्याख्यातास्तदा तत्करणे व्रतभङ्ग एव, विरतिखण्डनात्, किञ्च—बन्धादीनां प्रत्याख्येयत्वेऽपि विवक्षितव्रतेयत्ता विशीर्येत, प्रतिव्रतं पञ्चानामतिचारव्रतानामाधिक्यात् इत्येवं न बन्धादीनामतिचारतेति । अत्रोच्यते—सत्यं, प्राणातिपात एव प्रत्याख्यातो न बन्धादयः, केवलं

तत्प्रत्याख्यानेऽर्थतस्तेऽपि प्रत्याख्याता इह द्रष्टव्याः, तदुपायत्वात्तेषाम् न च बन्धादिकरणेऽपि व्रतभङ्गः, किं तु अतिचार एव, कथं ? इह द्विविधं व्रतम्-अन्तर्वृत्त्या बहिर्वृत्त्या च तत्र मारयामीति विकल्पाभावेन यदा कोपाद्यावेशात्परप्राणप्रहाणमविगणयन् बन्धादौ प्रवर्तते, न च प्राणघातो भवति, तदा दयावर्जिततया विरत्यनपेक्षप्रवृत्तत्वेनान्तर्वृत्त्या व्रतस्य भङ्गः, प्राणिघाताभावाच्च बहिर्वृत्त्या पालनमिति देशस्य भञ्जनाद्देशस्यैव च पालनादतिचारव्यपदेशः प्रवर्तते ।

तदुक्तम्—

'न मारयामीतिकृतव्रतस्य, विनैव मृत्युं क इहातिचारः ।
निगद्यते यः कुपितो वधादीन्, करोत्यसौ स्यान्नियमानपेक्षः ।।१।। [ ]
मृत्योरभावान्नियमोऽस्ति तस्य, कोपाद्ययाहीनतया तु भग्नः ।
देशस्य भङ्गादनुपालनाच्च, पूज्या अतीचारमुदाहरन्ति ।।२।।' [ ]

यच्चोक्तं 'व्रतेयत्ता विशीर्येते'ति तदयुक्तम्, विशुद्धहिंसादिविरतिसद्भावे हि बन्धादीनामभाव एवेति तदेवं बन्धादयोऽतिचारा एवेति बन्धादिग्रहणस्य चोपलक्षणत्वान्मन्त्रतन्त्रप्रयोगादयोऽन्येप्येवमत्रातिचारतया दृश्या इति गाथार्थः ।।१/१०।।

टीकार्थ :-

ननु प्राणातिपात ..... गाथार्थः ।। 'ननु'थी शंका करे छे — प्राणातिपात જ व्रती એવા श्रावक द्वारा प्रत्याख्यान करायो छे, तेथी बंधादिकरणमां पण दोष नथी; केम के विरतिनुं अखंडितपणुं छे='त्रस જીवोनो वध हुं करीश नहि' એ प्रकारनी विरतिनो भंग थयो नथी, हवे बंधादि पण प्रत्याख्यान कराया छे=वध विरतिनी साथे बंधादिनुं पण प्रत्याख्यान करायुं छे, तो तेना करणमां=बंधादिना करणमां, व्रतभंग જ छे; केम के विरतिनुं खंडन छे. वळी बंधादिनुं प्रत्याख्येयपणुं होते छते=वधविरतिनी साथे बंधादिनुं पण पच्चक्खाण छे એ प्रमाणे स्वीकार कराये छते, विवक्षित व्रतनी मर्यादा विशीर्ण थशे=श्रावकनां बार व्रतो छे એ प्रकारनी જે व्रतनी मर्यादा छे तेनो भंग थशे; केम के प्रतिव्रतोने आश्रयीने पांच अतिचारोनुं आधिक्य छे. आ रीते 'ननु'थी शंका करीने कहुं એ रीते, बंधादिनी अतिचारता नथी, એ प्रकारनी पूर्वपक्षीनी शंकामां उत्तर आपे छे —

तारी वात साची छे=प्राणातिपात જ प्रत्याख्यात छे=बंध-वधना पच्चक्खाण करनार श्रावक द्वारा त्रस જीवोना प्राणनाशनुं જ पच्चक्खाण करायुं छे, बंधादिनुं पच्चक्खाण करायुं नथी, फक्त तेना प्रत्याख्यानमां अर्थथी ते पण=बंधादि पण, प्रत्याख्यान कराયेला अहीं=वधविरतिमां, જાणवा; केम के तेओनुं=बंध-वधादिनी विरतिनुं, तदुपायपणुं छे=वधविरतिनुं उपायपणुं छे अर्थात् बंधवधादि न करवामां आवे तो જ भावथी वधनी विरतिना परिणाम द्वारा देशविरतिनो परिणाम सर्वविरतिने अनुकूळ बळसंचय करे तेवा दयाळु परिणामवाळो बने छे अने बंधादिकरणमां पण व्रतभंग नथी,

પરંતુ અતિચાર જ છે=વ્રતનું દેશથી અતિચરણરૂપ માલિન્ય જ છે.

કેવી રીતે વ્રતભંગ નથી, અતિચાર છે ? એથી કહે છે –

અહીં બંધ-વધવિરતિમાં બે પ્રકારનું વ્રત છે – અંતર્વૃત્તિથી અને બહિર્વૃત્તિથી=જીવોનો વધ ન કરે એવા અંતરંગ જીવની પરિણતિથી વ્રત છે અને તે વ્રતને અનુકૂળ, બહિરંગ ઉચિત આચરણા કરે તેવી વૃત્તિથી વ્રત છે, ત્યાં=બે પ્રકારનાં વ્રતમાં, 'હું મારું નહિ' એ પ્રકારના વિકલ્પના અભાવથી જ્યારે કોપાદિ આવેશથી પર પ્રાણના નાશનો વિચાર કર્યા વગર બંધાદિમાં પ્રવર્તે છે અને પ્રાણવધ થતો નથી, ત્યારે દયાવર્જિતપણું હોવાથી=કષાયને વશ બીજા જીવો પ્રત્યે દયાથી રહિતપણું હોવાને કારણે વિરતિના પરિણામની અપેક્ષા વગર પ્રવૃત્તપણું હોવાથી, અંતર્વૃત્તિથી=જીવના પરિણામથી, વ્રતનો ભંગ છે અને પ્રાણિવધનો અભાવ હોવાથી બહિર્વૃત્તિથી પાલન છે=બાહ્ય આચરણાથી વધવિરતિનું પાલન છે, એથી દેશથી ભંગ હોવાને કારણે=અંતર્વૃત્તિથી ભંગ હોવાને કારણે અને દેશથી જ પાલન હોવાને કારણે=વ્રતના બહિરંગ દેશથી જ પાલન હોવાને કારણે, અતિચારનો વ્યપદેશ પ્રવર્તે છે=બંધાદિમાં વ્રતભંગને બદલે વ્રતનો અતિચાર છે, એ પ્રકારનો વ્યપદેશ પ્રવર્તે છે, તે કહેવાયું છે –

"'હું નહિ મારું' એ પ્રમાણે કરાયેલા વ્રતવાળાનું મૃત્યુ વગર જ=જેના ઉપર કોપિત થાય છે, તેના મૃત્યુ વગર જ, અહીં=વધવિરતિમાં, કયો અતિચાર છે ? તેનો ઉત્તર આપતાં કહે છે – જે કુપિત થયેલો વધાદિને કરે છે=કોપના વિષયભૂત જીવોના વધ-બંધાદિ કરે છે, પરંતુ જીવ મરતા નથી ત્યારે આ=વધ-બંધાદિ કરનાર શ્રાવક, નિયમથી અનપેક્ષ છે=વ્રતના પરિણામની અપેક્ષા વગરનો થાય. ॥૧॥ ()

મૃત્યુના અભાવને કારણે=વધ-બંધાદિથી તે જીવોના મૃત્યુના અભાવને કારણે, તેનો નિયમ છે=વધવિરતિવાળા શ્રાવકનું વ્રત છે, વળી કોપથી દયાહીનપણાને કારણે ભગ્ન છે=વ્રત ભગ્ન છે, દેશથી ભંગને કારણે=અંતર્વૃત્તિથી ભંગને કારણે અને દેશથી અનુપાલનને કારણે=બહિર્વૃત્તિથી વ્રતના અનુપાલનને કારણે, પૂજ્યો અતિચારને કહે છે. ॥૨॥" ()

અને જે કહેવાયું='વ્રતની મર્યાદા વિશીર્ણ થશે' એ પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા જે કહેવાયું=વધબંધાદિને વ્રતરૂપે સ્વીકારવામાં આવે તો બાર વ્રતની મર્યાદા નાશ પામશે એ પ્રમાણે જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, તે અયુક્ત છે, હિ=જે કારણથી, વિશુદ્ધ હિંસાદિની વિરતિનો સદ્ભાવ હોતે છતે બંધાદિનો અભાવ જ છે.

સર્વ કથનનું નિગમન કરતાં 'તદેવં'થી કહે છે – આ રીતે બંધાદિ અતિચારો જ છે અને બંધાદિ ગ્રહણનું ઉપલક્ષણપણું હોવાથી મંત્ર-તંત્ર-પ્રયોગાદિ અન્ય પણ આ રીતે=બીજાને પીડાકારી બને એ રીતે, અહીં=વધવિરતિમાં, અતિચારપણાથી જાણવા એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૦॥

ભાવાર્થ :-

શ્રાવક દેશવિરતિરૂપે વધવિરતિનું પ્રત્યાખ્યાન કરે છે, ત્યારે સાધુના જેવું અત્યંત દયાળુ ચિત્ત નિષ્પન્ન કરવાનો અર્થી હોય છે અને સાધુ જેમ પોતાના આત્માની અત્યંત દયા કરનારા છે, તેથી ઉપાદાનભાવથી

પોતાના આત્માને કષાયોથી રક્ષણ કરે છે. જેથી પોતાના આત્માની દયા થાય છે અને છકાય જીવોના પાલન અર્થે મન-વચન-કાયાની ઉચિત પ્રવૃત્તિ દ્વારા અન્ય જીવો પ્રત્યે નિમિત્તભાવથી દયાનું પાલન કરે છે, તેમ શ્રાવકો પણ અંતરંગ વૃત્તિથી પોતાના ક્રોધ-લોભ આદિ કષાયોને સંવૃત રાખીને શ્રાવકજીવનના વ્યવહારો કરે છે. તેનાથી પોતાના આત્માની ઉપાદાનભાવરૂપે દયા કરે છે અને પોતાના ગૃહસ્થના આચારમાં કોઈના પ્રત્યે પીડા કરવાનો પરિણામ ન થાય તે પ્રકારે ઉચિત યતનાથી સર્વ વ્યવહાર કરે છે. તેનાથી નિમિત્તભાવથી બીજાના વધના પરિહારને અનુકૂળ સર્વ યત્ન થાય છે, છતાં અનાદિ પ્રમાદને વશ બીજાને પીડા કરે તેવો કોપનો કે લોભાદિનો અંતરંગ પરિણામ લેશ પણ પ્રગટ થાય ત્યારે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચારરૂપે શ્રાવક પ્રવર્તે છે અને કોપ થયા પછી કોઈને પીડા કરે તેવી પ્રવૃત્તિ કરવામાં ન આવે તો ફક્ત બીજાને પીડા કરે તેવો કોપનો પરિણામ અતિક્રમરૂપે જ થયો છે અને ત્યારપછી કોઈના ઉપર આક્રોશાદિ કરે અથવા આક્રોશથી કહેવા માટે તત્પર થાય, ત્યારે વ્યતિક્રમની પ્રાપ્તિ થાય છે અને તે વખતે અંતર્વૃત્તિથી પચ્ચક્ખાણનો નાશ થાય છે; કેમ કે વિશુદ્ધ પચ્ચક્ખાણનું પાલન ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિનું જ કારણ બને છે, તેથી વિશુદ્ધ પચ્ચક્ખાણવાળા શ્રાવકો અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમભાવવાળા છે, તે ક્ષયોપશમભાવની વૃદ્ધિ કરે છે, પરંતુ અતિચાર થવા દેતા નથી અને જ્યારે તે કષાયો અતિક્રમાદિ દ્વારા દેશવિરતિના પાતને અભિમુખ બને છે, છતાં બાહ્યથી તે જીવોની હિંસા થઈ નથી, તેથી વ્યવહારથી વધ-બંધાદિના અતિચાર કહેવાય છે; કેમ કે બાહ્ય આચરણાની દૃષ્ટિએ વધનો અભાવ છે, અંતરંગ પરિણામની દૃષ્ટિએ અસમંજસ કષાયના ઉદયકાળથી વ્રતનાશને અભિમુખ પરિણામ છે અને વધ-બંધાદિ કાળમાં વ્રતનાશને અભિમુખ તે પરિણામ પુષ્ટ થયેલો છે. ફક્ત બાહ્ય હિંસાના અભાવને કારણે વ્યવહારથી વ્રતભંગ નથી અતિચારો છે, તેમ કહેવાય છે, માટે વ્રતને સુરક્ષિત કરવાના અર્થી એવા શ્રાવકે વધની વિરતિનું પચ્ચક્ખાણ કર્યા પછી સંસારની જીવનવ્યવસ્થા તે રીતે જ સેવવી જોઈએ. જેથી અસમંજસ ક્રોધને કે લોભને વશ થઈને કોઈને પીડા થાય, તેવો વચનપ્રયોગ કરવા માટે પણ પરિણામ થાય નહિ; કેમ કે કષાયોના તિરોધાનથી જ ગુણસ્થાનકની વૃદ્ધિ છે, માટે ભાવસાધુ જે રીતે સુભટની જેમ કષાયોનો ક્ષય કરીને વીતરાગભાવ પ્રત્યે પ્રસ્થિત છે તે રીતે શ્રાવક પણ સ્વભૂમિકા અનુસાર કષાયોને નિયંત્રિત કરીને સાધુ જેવા સુભટ ભાવની પ્રાપ્તિને અનુકૂળ શક્તિનો સંચય થાય તે રીતે યત્ન કરે તો અંતરંગ વૃત્તિથી અને બહિરંગ વૃત્તિથી વધવિરતિનું પાલન થાય, જેનાથી ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય થાય. **॥૧/૧૦॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं प्रथमाणुव्रतं, अथ द्वितीयमाह –

અવતરણિકાર્થ :-

સાતિચાર=અતિચાર સહિત, પ્રથમ અણુવ્રત કહેવાયું. હવે બીજાને=સ્થૂલમૃષાવાદવિરમણરૂપ બીજા અણુવ્રતને કહે છે –

ગાથા :-

થૂલમુસાવાયસ્સ ય વિરઈ સો પંચહા સમાસેણં ।
કણ્ણાગોભોમાલિય ણાસહરણકૂડસક્ખિજ્જે ।।૧/૧૧।।

છાયા :-

સ્થૂલમૃષાવાદસ્ય ચ વિરતિઃ સઃ પઞ્ચધા સમાસેન ।
કન્યાગોભૂમ્યલીકં ન્યાસહરણકૂટસાક્ષ્યે ।।૧/૧૧।।

અન્વયાર્થ :-

ય=વળી, થુલમુસાવાયસ્સ વિરઈ=સ્થૂલમૃષાવાદની વિરતિ છે, સો=તે=સ્થૂલ મૃષાવાદ, સમાસેણં=સંક્ષેપથી, પંચહા=પાંચ પ્રકારે છે, कण्णागोभोमालिय=કન્યાઅલીક, ગોઅલીક, ભૂમિઅલીક, णासहरणकूडसक्खिज्जे= ન્યાસહરણ અર્થાત્ થાપણ ઓળવવી અને કૂટ સાક્ષી. ।।૧/૧૧।।

ગાથાર્થ :-

વળી સ્થૂલ મૃષાવાદની વિરતિ છે, તે સંક્ષેપથી પાંચ પ્રકારે છે – કન્યાઅલીક, ગોઅલીક, ભૂમિઅલીક, ન્યાસહરણ અને કૂટ સાક્ષી. ।।૧/૧૧।।

ટીકા :-

વ્યાખ્યા–'થૂલે'ત્યાદિ । સ્થૂલઃ-પરિસ્થૂલવસ્તુવિષયોઽતિદુષ્ટવિવક્ષાસમુદ્ભવઃ સ ચાસૌ મૃષાવાદશ્ચ-અનૃતવદનં સ્થૂલમૃષાવાદસ્તસ્ય, ન તુ સૂક્ષ્મસ્ય, મહાવ્રતવિષયત્વાત્તસ્ય ચશબ્દઃ પુનરર્થઃ, તસ્યૈવં પ્રયોગઃ-સ્થૂલપ્રાણવધસ્ય વિરતિઃ પ્રથમાણુવ્રતં, સ્થૂલમૃષાવાદસ્ય પુનર્વિરતિઃ-નિવૃત્તિર્દ્વિતીયમણુવ્રતમ્ । ભવતીતિ ગમ્યતે । સ ઇતિ-સ્થૂલમૃષાવાદઃ પઞ્ચધા-પઞ્ચભિઃ પ્રકારૈઃ, કથં, સમાસેન-સંક્ષેપેણ, કન્યાલીકાદિભિરુપલક્ષણવચનૈઃ સકલમૃષાવાદભેદાનાં સંગ્રહાત્ । પઞ્ચવિધત્વમેવાહ—કન્યા ચ કુમારી, ગૌશ્ચ બહુલા, ભૂમિશ્ચ ભૂરિતિ દ્વન્દ્વઃ તાસુ વિષયેઽલીકં-અનૃતં કન્યાગોભૂમ્યલીકમ્ । ઇહા-નુસ્વારસ્યાશ્રવણમલીકશબ્દે ચ હ્રસ્વત્વશ્રુતિઃ પ્રાકૃતશૈલીવશાત્ । તથા ન્યસ્યતે-રક્ષણાયાન્યસ્મૈ સમર્પ્યત ઇતિ ન્યાસો રૂપકાદિસ્તસ્ય હરણં ન્યાસહરણં, તચ્ચ તત્કૂટસાક્ષ્યં ચ વ્યંસકસત્યત્વં ન્યાસહરણકૂટસાક્ષ્યં, તત્ર ચ વિષયે સ્થૂલમૃષાવાદો ભવતીતિ પઞ્ચવિધત્વમ્ । અથવા ન્યાસહરણે કૂટસાક્ષ્યે ચ યદલીકં તત્તદેવેતિ । કન્યાગોભૂમ્યલીકં ચ ન્યાસહરણં, ચ કૂટસાક્ષ્યં ચેતિ સમાહારદ્વન્દ્વઃ । પ્રથમૈકવચનસ્થાને ચૈકારશ્રુતિઃ પ્રાકૃતત્વાત્ 'કયરે તુમ'મિત્યાદિવત્ । તત્ર કન્યાલીકમભિન્નકન્યામિતરાં વક્તિ, વિપર્યયં વા, ઇદં ચ સર્વકુમારાદિદ્વિપદવિષયાલીકોપલક્ષણમ્ । ગવાલીકં પુનરલ્પક્ષીરાં ગાં બહુક્ષીરાં વિપર્યયં વા વક્તિ । ઇદમપિ સર્વચતુષ્પદવિષયાલીકોપલક્ષણમ્ । ભૂમ્યલીકં તુ પરસત્કાદિકામપ્યાત્માદિસત્કાં

भुवं वक्ति । इदं च शेषपृथिव्याद्यपदद्रव्यविषयालीकोपलक्षणम् । अथ द्विपदचतुष्पदापदग्रहणमेव कस्मान्न कृतम् ?, अत्रोच्यते, कन्याद्यलीकानां लोकेऽतिगर्हितत्वेन रूढत्वादिति । न्यासहरणं तु स्तेयस्वरूपं, तत्र चापलापवचनं मृषावादः । इदं चैतेनैव विशेषेण पूर्वालीकेभ्यो भेदेनोपात्तम् । कूटसाक्ष्यं तत् क्रोधमत्सराद्यभिभूतः प्रमाणीकृतः सन् कूटं वक्ति यथाऽस्याहमत्र साक्षी, अस्य च परकीयपापसमर्थक्त्वलक्षणं विशेषमाश्रित्य पूर्वेभ्यो भेदेनोपन्यास इति गाथार्थः ।।१/११।।

ટીકાર્થ :-

स्थूलः ..... इति गाथार्थः ।। 'थूलेत्यादि' प्रतीक छे. स्थूल=परिस्थूल वस्तुविषयवाळो अतिदुष्ट विवक्षाथी उद्भववाळो એવો તે આ મૃષાવાદ=જૂઠું વચન, સ્થૂલમૃષાવાદ છે. તેની વિરતિ, પરંતુ સૂક્ષ્મ મૃષાવાદની વિરતિ નહિ; કેમ કે તેનું-સૂક્ષ્મ મૃષાવાદની વિરતિનું, મહાવ્રતનું વિષયપણું છે, ગાથામાં 'च' શબ્દ पुनः અર્થવાળો છે, તેનો='पुनः' શબ્દનો, આ પ્રમાણે=આગળ બતાવે છે એ પ્રમાણે, પ્રયોગ છે –

સ્થૂલપ્રાણવધની વિરતિ પ્રથમ અણુવ્રત છે. વળી, સ્થૂલમૃષાવાદની વિરતિ=નિવૃત્તિ, બીજું અણુવ્રત છે. ગાથામાં વિરઈ પછી 'भवति' અધ્યાહાર છે, તે બતાવવા માટે 'भवतीति गम्यते' કહેલ છે, તે=સ્થૂલમૃષાવાદ, પાંચ પ્રકારનો છે.

કેવી રીતે પાંચ પ્રકારનો છે ? એથી કહે છે –

સંક્ષેપથી પાંચ પ્રકારનો છે, વિસ્તારથી અનેક પ્રકારનો છે; કેમ કે ઉપલક્ષણના વચનરૂપ કન્યા અલીક આદિ વડે સર્વ મૃષાવાદના ભેદોનો સંગ્રહ છે, પાંચ પ્રકારપણાને જ કહે છે – કન્યા=કુમારી, ગાય=બહુલા, ભૂમિ એ પ્રકારે કન્યા આદિ ત્રણનો દ્વન્દ્વસમાસ છે, તેઓના વિષયમાં અલીક=જૂઠું, કન્યા-ગો-ભૂમિ અલીક છે. અહીં='कण्णागोभोमालिय' એ શબ્દમાં અનુસ્વારનું અશ્રવણ અને અલીક શબ્દમાં હ્રસ્વપણાનું શ્રવણ પ્રાકૃતશૈલીના વશથી છે અને રક્ષણ માટે અન્યને સમર્પણ કરાય એ ન્યાસ રૂપિયા આદિ, તેનું કારણ ન્યાસહરણ છે, તે અને તે કૂટસાક્ષ્ય=અપલાપ કરાયેલું સત્યપણું અને ન્યાસહરણ અને કૂટસાક્ષ્યના વિષયમાં સ્થૂલમૃષાવાદ થાય છે, એ પાંચ પ્રકારપણું છે.

અથવા

ન્યાસહરણ અને કૂટસાક્ષ્યમાં જે અલીક છે તે તે જ છે=ન્યાસહરણ અને કૂટસાક્ષ્યરૂપ જ છે, કન્યા-ગો-ભૂમિ-અલીક, ન્યાસહરણ અને કૂટસાક્ષ્ય એ પ્રમાણે સમાહાર દ્વન્દ્વ છે=પાંચે અલીકોનો અથવાથી સમાહાર દ્વન્દ્વસમાસ છે, એ પ્રકારે પ્રથમ વિકલ્પથી અન્ય પ્રકારનો વિકલ્પ બતાવ્યો છે અને પ્રથમા એકવચનના સ્થાનમાં 'ए'કારની શ્રુતિ=कूडसक्खिज्जे એ પ્રકારના ગાથાના અંતિમ શબ્દમાં 'ए'કારની શ્રુતિ, પ્રાકૃતપણાને કારણે છે, कचरे तुमम् ઇત્યાદિની જેમ, ત્યાં=પાંચ પ્રકારના અલીકમાં, કન્યા અલીક અભિન્ન કન્યાને ઇતરા કહે=ભિન્ન કન્યા કહે=કોઈકની કન્યા કોઈની સાથે દુરાચારના સંબંધવાળી ન હોય છતાં દુરાચારના સંબંધવાળી છે એ પ્રમાણે કહે અથવા વિપર્યય કહે=

દુરાચારવાળી હોય છતાં દુરાચારવાળી નથી, એ પ્રકારે કહે અને આ સર્વ કુમાર આદિ દ્વિપદ વિષયક અલીકનું ઉપલક્ષણ છે=બે પગવાળા જે કોઈ સ્ત્રી-પુરુષ વગેરે મનુષ્યો છે તેના વિષયક સહેતુક-નિર્હેતુક જૂઠું બોલે તે સર્વનો કન્યા અલીકથી સંગ્રહ થાય છે.

ગવાલીક વળી – અલ્પદૂધ આપનારી ગાયને બહુદૂધ આપનારી કહે અથવા વિપર્યય કહે=ઘણું દૂધ આપનારી ગાયને અલ્પદૂધ આપનારી કહે, આ પણ=ગો અલીક પણ, સર્વ ચતુષ્પદવિષયક મૃષાવાદનું ઉપલક્ષણ છે, તેથી પશુના વિષયમાં લોભને વશ કે કોપને વશ જે કંઈ જૂઠું બોલે તે સર્વનો સંગ્રહ ગો અલીકથી થાય છે.

વળી ભૂમિ અલીક-પરની માલિકીવાળી ભૂમિને પણ પોતાની માલિકીવાળી કહે, આ=ભૂમિ અલીક શેષ પૃથ્વી આદિ પગ વગરના દ્રવ્યવિષયક અલીકનું ઉપલક્ષણ છે, તેથી ધન-ધાન્યાદિ સર્વ પદાર્થ વિષયક મૃષાવાદનો ભૂમિ અલીકથી સંગ્રહ છે.

'અથ'થી શંકા કરે છે – દ્વિપદ-ચતુષ્પદ-અપદનું ગ્રહણ જ કેમ ન કરાયું ?=કન્યા અલીકાદિને બદલે દ્વિપદાદિ અલીક કેમ ન કહ્યું ? એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે – કન્યાદિ અલીકોનું લોકમાં અતિગર્હિતપણાથી રૂઢપણું હોવાને કારણે દ્વિપદાદિને બદલે કન્યા અલીક આદિનું ગ્રહણ છે એમ અન્વય છે

વળી થાપણનું હરણ ચોરી સ્વરૂપ છે અને ત્યાં=થાપણના હરણમાં, અપલાપનું વચન મૃષાવાદ છે અને આના કારણે જ=થાપણનું ગ્રહણ ચોરીરૂપ હોવા છતાં અપલાપને કારણે મૃષાવાદરૂપ છે એના કારણે જ, આ=થાપણનું હરણ, પૂર્વના મૃષાવાદોથી વિશેષરૂપે ભેદથી ગ્રહણ કરાયું છે અર્થાત્ ભૂમિઅલીકમાં અંતર્ભાવ પામતું હોવા છતાં પૃથક્ બતાવાયું છે.

કૂટસાક્ષ્ય તે છે જે ક્રોધ-મત્સર આદિથી અભિભૂત થયેલો પ્રમાણરૂપે સ્વીકારાયેલો છતો કૂટ કહે છે=જૂઠું કહે છે, જે પ્રમાણે આમાં=આ કૃત્યમાં, હું આનો=આ પુરુષનો, સાક્ષી છું અને આનું=કૂટસાક્ષ્યનું, પરકીય પાપના સમર્થકત્વરૂપ વિશેષને આશ્રયીને પૂર્વના ભેદોથી ભેદથી બતાવાયું છે=કન્યા અલીક આદિમાંથી કોઈકમાં અંતર્ભાવ થતું હોવા છતાં કૂટસાક્ષ્યને પૃથક્ બતાવાયેલ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૧॥

ભાવાર્થ :-

વિવેકી શ્રાવક હંમેશાં ભાવસાધુના મૃષાવાદના પરિહારનું ભાવન કરે છે, તેથી તેને સ્મૃતિમાં રહે છે કે જે મહાત્માઓ ક્રોધથી, માનથી, લોભથી કે હાસ્યથી કોઈ વચન બોલતા નથી અને સંયમની વૃદ્ધિનું પ્રયોજન હોય ત્યારે સ્વપરના હિતને કરનારું પરિમિત શબ્દોથી અસંદિગ્ધ વચન બોલે છે, જેથી તેઓના વચનપ્રયોગથી ક્યારેય કોઈ કષાયની વૃદ્ધિ થાય નહિ, પરંતુ વચનગુપ્તિના બળથી સંવરની વૃદ્ધિ થાય તેવું જ બોલે છે, તેથી મારે પણ મારા વચનથી તેમના જેવી શક્તિનો સંચય થાય તે પ્રકારે જ પ્રયોગ કરવો જોઈએ. તેથી કોઈને પીડાકારી વચન ક્યારેય શ્રાવક બોલે નહિ છતાં લોભને વશ અને ક્રોધને વશ જે કંઈ

સ્થૂલથી સત્યવચન બોલે છે, તે પણ કષાયને પોષનારા હોવાથી સૂક્ષ્મ મૃષાવાદરૂપ જ છે, તેથી પોતાની જીવનવ્યવસ્થા માટે જેટલું આવશ્યક હોય તેટલો જ વચનપ્રયોગ કરે છે અને લોકમાં નિંદાપાત્ર થાય તેવું મનુષ્ય વિષયક, પશુ વિષયક કે ધન-ધાન્યાદિ વિષયક જૂઠું બોલતા નથી. જેથી મૃષાવાદની વૃત્તિનો પરિહાર થાય અને સંપૂર્ણ મૃષાવાદની વિરતિની શક્તિનો સંચય થાય. તેને સામે રાખીને શ્રાવક સંસારની સર્વ પ્રવૃત્તિઓ કરે છે. આમ છતાં ક્યારેક સ્વજનાદિના રાગને વશ જૂઠું બોલવાનું નિમિત્ત ઊભું થાય તોપણ અત્યંત સંવૃત થઈને તેનો પરિહાર કરે છે અને તે મૃષાવાદ અનાભોગ આદિથી થાય તેનો સંગ્રહ બીજા અણુવ્રતના અતિચારરૂપે પ્રસ્તુત ગાથામાં બતાવેલ છે. તેથી વિવેકી શ્રાવકે જેના વિષયમાં પોતાને સ્પષ્ટ બોધ નથી, તેના વિષયમાં સ્વમતિથી પોતાનો અભિપ્રાય આપે તે પણ બીજા વ્રતના અતિચારમાં અંતર્ભાવ પામે છે. આથી જ રાજ્ય વિષયક કે રાજ્યવ્યવસ્થા કરનારાના વિષયમાં સ્વમતિ અનુસાર અભિપ્રાય બાંધીને તેના વિષયમાં જે કંઈ બોલે છે, તે સર્વ શ્રાવકના બીજા અણુવ્રતના અતિચારરૂપ છે, માટે શ્રાવકે નિર્ણીત, અસંદિગ્ધ અને કોઈક પ્રયોજનથી કહેવું આવશ્યક જણાય તો જ વિવેકપૂર્વક બોલવું જોઈએ, અન્યથા તેના વિષયમાં અભિપ્રાય આપવો જોઈએ નહિ, જેથી બીજા અણુવ્રતના અતિચારનો પરિહાર થાય. **॥૧/૧૧॥**

અવતરણિકા :-

एतस्यैवातिचारानाह –

અવતરણિકાર્થ :-

હવે આના જ=બીજા અણુવ્રતના જ, અતિચારોને કહે છે –

ગાથા :-

इह सहसब्भक्खाणं रहसा य सदारमंतभेयं च ।
मोसोवएसयं कूडलेहकरणं च वज्जेइ ।।१/१२।।

છાયા :-

इह सहसाभ्याख्यानं रहसा च स्वदारमन्त्रभेदं च ।
मृषोपदेशकं कूटलेखकरणं च वर्जयति ।।१/१२।।

અન્વયાર્થ :-

इह=અહીં=સ્થૂલમૃષાવાદની વિરતિમાં, सहसब्भक्खाणं=सहसा अभ्याख्यान=વસ્તુનો યથાર્થ નિર્ણય કર્યા વગર કથન, य=અને, रहसा=રહસા અભ્યાખ્યાન, च=અને, सदारमंतभेयं=स्वदारामंत्रभेद=પોતાની સ્ત્રીની ગુપ્ત વાતનું કથન, मोसोवएसयं=મૃષા ઉપદેશ, च=અને, कूडलेहकरणं=કૂટલેખનું કરવું, वज्जेइ=વર્જન કરે છે=બીજા અણુવ્રતવાળો શ્રાવક ત્યાગ કરે છે. ।।૧/૧૨।।

ગાથાર્થ :-

અહીં સહસા અભ્યાખ્યાન, રહસા અભ્યાખ્યાન અને સ્વદારામંત્રભેદ, મૃષાઉપદેશ અને કૂટલેખનું કરવું વર્જન કરે છે. ।।૧/૧૨।।

ટીકા :-

વ્યાખ્યા—'इह'त्यादि । इह स्थूलमृषावादविरतौ सहसा-अनालोच्याभ्याख्यानं-असद्दोषाध्यारोपणं, यथा चौरस्त्वं पारदारिको वेत्यादि, तद्वर्जयतीति योगः । तथा रहसा-एकान्तेन हेतुनाऽभ्याख्यानमिति वर्तते, एतदुक्तं भवति-रहसि मन्त्रयमाणानभिधत्ते, एते हीदं चेदं च राजविरुद्धादिकं मंत्रयंत इति । चशब्दो रहसेत्यस्याभ्याख्यानशब्देन संबन्धनार्थः तथा स्वदारमन्त्रभेदं-स्वकलत्रविश्रब्धभाषितान्यकथनम् दारग्रहणं चेह मित्राद्युपलक्षणार्थम्, चशब्दः समुच्चये, तथा मृषा-अलीकवदनविषय उपदेशो यस्य स तथा तद्भावस्तत्ता तां मृषोपदेशतां, अथवा मृषोपदेश एव मृषोपदेशकः इदमेवं चैवं च ब्रूहीत्यादिकम-सत्याभिधानशिक्षणमतस्तम् । तथा कूटलेखस्य असद्भूतार्थसूचकाक्षरलेखनस्य करणं=विधानं कूटलेखकरणं तच्च, चशब्दः समुच्चये, वर्जयति-परिहरति मृषावादव्रती यत एतानि समाचरन्नतिचरति द्वितीयाणुव्रतमिति ।

ટીકાર્થ :-

इह ..... द्वितीयाणुव्रतमिति । 'इहेत्यादि' પ્રતીક છે. અહીં=સ્થૂલમૃષાવાદની વિરતિમાં, સહસા=વિચાર કર્યા વગર, કથન કરવું=અસદ્દોષનું અધ્યારોપણ કરવું — જે પ્રમાણે તું ચોર છો અથવા પારદારિક છો અર્થાત્ ચોર છે કે નહિ તેનો નિર્ણય નહિ હોવા છતાં સંભાવનામાત્રથી તું ચોર છો, પારદારિક છો ઇત્યાદિ કથન વાસ્તવિક હોય કે અવાસ્તવિક પણ હોય તોપણ જૂઠા દોષના આરોપણરૂપ છે તેનું વર્જન કરે છે, એ પ્રમાણે યોગ છે=ગાથાના અંતિમ ભાગ સાથે સંબંધ છે, અને રહસા=એકાંતરૂપ હેતુથી, અભ્યાખ્યાન એ ગાથાના પૂર્વાર્ધથી અનુવર્તન પામે છે. આ=રહસા અભ્યાખ્યાન શબ્દથી આગળ કહે છે એ, કહેવાયેલું થાય છે — એકાંતમાં મંત્રણા કરનારાઓને આશ્રયીને કહે છે — આ લોકો આ અને આ રાજ્ય વિરુદ્ધાદિ મંત્રણા કરે છે, 'च' શબ્દ રહસા એ પ્રકારના આના અભ્યાખ્યાન શબ્દની સાથે સંબંધ માટે છે='रहसा च'માં રહેલો च શબ્દ પૂર્વમાં રહેલા 'અભ્યાખ્યાન' શબ્દ સાથે સંબંધ બતાવવા માટે છે. અને સ્વદારામંત્રભેદ=પોતાની સ્ત્રીના વિશ્વાસથી બોલાયેલ કથનનું અન્યને કથન અર્થાત્ એ કથન સત્ય હોવા છતાં અત્યંત પીડાકારી હોવાને કારણે મૃષાવાદનો અતિચાર છે અને અહીં=સ્વદારમંત્રભેદ નામના અતિચારમાં, સ્ત્રીનું ગ્રહણ મિત્રાદિના ઉપલક્ષણ માટે છે, તેથી મિત્રાદિના વિશ્વાસથી કહેવાયેલા વચનને પણ અન્યને કહેવામાં અતિચારની પ્રાપ્તિ છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે અને મૃષા=જૂઠા વચનના વિષયવાળો, ઉપદેશ છે જેને તે તેવો છે=મૃષાઉપદેશવાળો છે તેનો ભાવ તે-પણું તેને=મૃષાઉપદેશવાળાપણાને, વર્જન કરે=શ્રાવક ત્યાગ કરે અથવા મૃષાઉપદેશ

જ મૃષાઉપદેશક છે=ગાથામાં 'મોસોવએસય' શબ્દ મૃષાઉપદેશક અર્થમાં છે અને ત્યાં ક સ્વાર્થમાં છે, તેથી મૃષાઉપદેશ જ મૃષાઉપદેશક છે, તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

આ વસ્તુ આ રીતે અને આ રીતે તું કહે ઇત્યાદિક અસત્ય કથનનું શિક્ષણ છે. આથી તેને=મૃષાઉપદેશને શ્રાવક ત્યાગ કરે છે અને કૂટલેખનું=અસદ્‌ભૂત અર્થના સૂચક એવા અક્ષરોના લેખનનું, કરણ=કરવું, તે કૂટલેખ કરણ છે અને તેનો ત્યાગ કરે છે, 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે, મૃષાવાદના વિરમણવ્રતવાળો શ્રાવક પરિહાર કરે છે=પૂર્વમાં કહેલા અતિચારોનો ત્યાગ કરે છે, જે કારણથી આમને આચરતો=પૂર્વમાં કહેલા અતિચારોને આચરતો શ્રાવક, બીજા અણુવ્રતનું ઉલ્લંઘન કરે છે.

ભાવાર્થ :-

શ્રાવક પૂર્વમાં કહેલા દ્વિપદ આદિ વિષયક મૃષાવાદ નહિ કરવાનું પચ્ચક્ખાણ કરે છે અને વિવેકી શ્રાવક સંક્ષેપથી કહેલા તે પાંચે મૃષાવાદોનું તાત્પર્ય જ્યાં સુધી સ્પર્શે છે, ત્યાં સુધી તે મૃષાવાદનો અવશ્ય પરિહાર કરે છે. જેથી સ્થૂલ મૃષાવાદની વિરતિના બળથી સૂક્ષ્મ મૃષાવાદની વિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય છે; કેમ કે દેશથી વિરામ પામેલો મૃષાવાદ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વ મૃષાવાદના વિરામનું કારણ બને છે અર્થાત્ વિવેકી શ્રાવક સર્વ મૃષાવાદના વિરામનું પ્રતિસંધાન કરીને તેના ઉપાયરૂપે જ દેશથી મૃષાવાદની વિરતિ કરીને આત્માને તે રીતે સંવરભાવવાળો કરે છે, જેથી સ્વીકારેલા વ્રતના પરિણામજન્ય પાપના વિરામનો પરિણામ દૃઢ-દૃઢતર થાય. માટે વિવેકી શ્રાવકે દ્વિપદાદિ વિષયક મૃષાવાદનો પરિહાર કર્યા પછી સહસા અર્થાત્ વિચાર્યા વગર કોઈના વિષયમાં કોઈ અભિપ્રાય આપવો જોઈએ નહિ; કેમ કે કોઈકના વિષયમાં અપાયેલો અભિપ્રાય મૃષાવાદ થવાની સંભાવના રહે છે અર્થાત્ અનિર્ણીત પદાર્થ કહેવામાં મૃષાવાદના પરિહારનો અધ્યવસાય મલિન બને છે, માટે સહસા અભ્યાખ્યાન અતિચાર છે.

વળી કોઈક મનુષ્યો એકાંતમાં કંઈક વાત કરતા હોય તેનું કંઈક અર્ધું સાંભળીને તેઓની મંત્રણા બીજાને કહેવી, એ પણ મૃષાકથનરૂપ થવાની સંભાવના રહે છે. તેથી કદાચ તે કથન સત્ય પણ હોય તોપણ મૃષાવાદના વિરામના અર્થી શ્રાવકે કોઈકના રહસ્યની વિચારણાનું પ્રકાશન કરવું જોઈએ નહિ.

વળી પોતાની સ્ત્રી, મિત્ર આદિ કે અન્ય કોઈ પરિચિત વ્યક્તિએ વિશ્વાસથી કોઈક વાત પોતાને કરી હોય તે વાત અન્ય આગળ વિવેકી શ્રાવક ક્યારેય પ્રકાશન કરે નહિ; કેમ કે તે વચન સત્ય હોવા છતાં વિશ્વાસ રાખનાર વ્યક્તિને પીડાકારી હોવાને કારણે મૃષાવાદજન્ય કર્મબંધની પ્રાપ્તિ થાય છે અર્થાત્ કોઈની પીડાના પરિહાર અર્થે યત્ન કરવામાં ન આવે તેવું સત્ય વચન પણ બીજાને પીડાનો હેતુ હોવાથી અર્થથી મૃષારૂપ જ છે.

વળી વિવેકી શ્રાવક કોઈને કોઈક આપત્તિના નિવારણ અર્થે કઈ રીતે મૃષા બોલીને પોતાનું રક્ષણ કરવું તેવું શિક્ષણ આપે નહિ; કેમ કે તેમ કરવાથી પણ બીજાને મૃષાવાદ કરાવવારૂપ દોષની પ્રાપ્તિ છે.

વળી કૂટલેખ આદિ કરે તે સાક્ષાત્ બોલવારૂપ નથી, તોપણ તે કૂટલેખનની ક્રિયા મૃષાવાદ બોલવાને અનુરૂપ જ છે. તેથી પાપથી વિરામના અર્થી શ્રાવકે લોભાદિને વશ કૂટલેખાદિ કરવા જોઈએ નહિ.

ટીકા :-

नन्वाद्ययोरतिचारयोर्न परस्परं विशेषोऽसद्दोषारोपणस्योभयत्रापि तुल्यत्वात्, सत्यं केवलं रहोऽभ्याख्यानं रहोनिमित्तवितर्कमात्रपूर्वकं संभविनोऽभ्याख्येयार्थस्याभिधानं इतरस्त्ववितर्कपूर्वकमेवेति विशेषः । नन्वभ्याख्यानमसद्दोषाभिधानरूपत्वेन प्रत्याख्यातत्वाद् भङ्ग एव, न त्वतिचार इति, सत्यं, किंतु यदा परोपघातकमनाभोगादिनाऽभिधत्ते तदा संक्लेशाभावेन व्रतानपेक्षत्वाभावान्न व्रतस्य भङ्गः, परोपघातहेतुत्वाच्च भङ्ग, इति भङ्गाभङ्गरूपोऽतिचारः यदा पुनस्तीव्रसंक्लेशादभ्याख्याति तदा भङ्ग एव, व्रतनिरपेक्षत्वात् ।

आह च—

'सहसब्भक्खाणाई जाणंतो जइ करेज्ज तो भंगो ।
जइ पुणऽनाभोगाईहिंतो तो होइ अइयारो ।।१।।' [ ]

स्वदारमंत्रभेदं पुनरनुवादरूपत्वेन सत्यत्वात् यद्यपि नातिचारो घटते, तथापि मन्त्रितार्थप्रकाशनजनितलज्जादितः स्वदारादेर्मरणादिसंभवेन परमार्थतः तस्यासत्यत्वात् कथंचिद् भङ्गाभङ्गरूपत्वादतिचार एव तथा मृषोपदेशो यद्यपि मृषा न वादयामीत्येवमत्र, न वदामि न वादयामीत्यत्र, वा व्रते भङ्ग एव न वदामीति व्रतान्तरे तु न किञ्चन तथापि सहसाकारानाभोगाभ्यामतिक्रमव्यतिक्रमातिचारैर्वा मृषावादे परप्रवर्तने व्रतस्यातिचारोऽयं । अथवा व्रतसंरक्षणबुद्ध्या परवृत्तान्तकथनद्वारेण मृषोपदेशं यच्छतोऽतिचारोऽयं, व्रतसव्यपेक्षत्वात्, मृषावादे परप्रवर्तनाच्च, भग्नाभग्नरूपत्वाद् व्रतस्येति कूटलेखकरणं तु यद्यपि कायेन मृषावादं न करोमीत्यस्य न करोमि न कारयामीत्यस्य वा व्रतस्य भङ्ग एव, व्रतान्तरे तु न किञ्चन, तथापि सहसाकारादिनाऽतिक्रमादिना वाऽतिचारः अथवा मृषावाद इति मृषाभणनं मया प्रत्याख्यातमिदं पुनर्लेखनमितिभावनया मुग्धबुद्धेर्व्रतसव्यपेक्षस्यातिचार इति गाथार्थः ।।१/१२।।

ટીકાર્થ :-

नन्वाद्य ..... इति गाथार्थः ।। 'ननु'થી શંકા કરે છે — પ્રથમ બે અતિચારોનો=સહસા અભ્યાખ્યાન અને રહસા અભ્યાખ્યાન એ બે અતિચારોનો, પરસ્પર ભેદ નથી; કેમ કે અસદ્દોષના આરોપણનું= અનિર્ણીત દોષના આરોપણનું, બન્નેમાં પણ તુલ્યપણું છે. તેને ગ્રંથકારશ્રી કહે છે —

તારી વાત સાચી છે; કેવલ રહઃ અભ્યાખ્યાનનું એકાંતનિમિત્તક વિતર્કમાત્રપૂર્વક સંભવી એવા અભ્યાખ્યેય અર્થનું કથન છે=કોઈક એકાંતમાં વાત કરતા હોય તેના વિષયમાં પોતાના વિકલ્પમાત્રપૂર્વક આણે આ પ્રકારનું કથન કર્યું છે, એ પ્રકારે કહેવામાં આવે છે. વળી, ઈતર=સહસા અભ્યાખ્યાન, અવિતર્કપૂર્વક જ છે=કોઈ વિકલ્પ કર્યા વગર સહસા કથન છે એ પ્રકારનો ભેદ છે.

'ननु'થી શંકા કરે છે – અભ્યાખ્યાન અસદ્દોષના અભિધાનરૂપપણું હોવાને કારણે પ્રત્યાખ્યાતપણું હોવાથી ભંગ જ છે=પ્રથમ બે અતિચારોમાં વ્રતનો ભંગ જ છે, પરંતુ અતિચાર નથી તેને ઉત્તર આપતાં કહે છે –

તારી વાત સાચી છે, પરંતુ જ્યારે અનાભોગાદિથી પરોપઘાતને કહે છે=પરોપઘાતક એવા સહસા અભ્યાખ્યાન કે રહસા અભ્યાખ્યાનને કહે છે, ત્યારે સંક્લેશનો અભાવ હોવાથી=બીજાને ઉપઘાત કરવાનો અધ્યવસાય નહિ હોવાથી, વ્રતના અનપેક્ષપણાનો અભાવ હોવાને કારણે=વ્રતની મર્યાદા પ્રત્યે નિરપેક્ષ નહિ હોવાને કારણે, વ્રતનો ભંગ નથી અને પરોપઘાતનું હેતુપણું હોવાથી=પ્રથમ બે અતિચારમાં બીજાની પીડાનું હેતુપણું હોવાથી, ભંગ છે. એથી ભંગ-અભંગરૂપ અતિચાર છે=પીડાનો અધ્યવસાય નથી, એ અપેક્ષાએ અભંગ અને બીજાને પીડા કરે એવું વચન છે માટે અતિચાર છે. જ્યારે વળી તીવ્ર સંક્લેશથી કથન કરે છે=પ્રથમ બે અતિચારોનું સેવન કરે છે, ત્યારે ભંગ જ છે= બીજા અણુવ્રતનો ભંગ જ છે; કેમ કે વ્રતનિરપેક્ષપણું છે અને કહે છે –

સહસા અભ્યાખ્યાનાદિને જાણતો જો કરે તો ભંગ છે=બીજા અણુવ્રતનો ભંગ છે, જો વળી અનાભોગાદિથી કરે તો અતિચાર થાય છે. ()

વળી સ્વદારામંત્રભેદ અનુવાદરૂપપણું હોવાને કારણે=ગુપ્ત વાતનું યથાર્થ કથનપણું હોવાને કારણે, સત્યપણું હોવાથી જો કે અતિચાર ઘટતો નથી, તોપણ મંત્રિત અર્થના પ્રકાશનથી જનિત લજ્જાદિને કારણે પોતાની સ્ત્રી આદિને મરણાદિનો સંભવ હોવાથી=આપઘાત કરે કે પીડા થાય તે પ્રકારનો સંભવ હોવાથી, પરમાર્થથી તેનું=ગુપ્ત વાતના પ્રકાશનનું, અસત્યપણું છે, તેથી કથંચિદ્ ભંગ-અભંગરૂપપણું હોવાથી=સ્થૂલથી સત્ય હોવાને કારણે અભંગપણું છે અને પીડાકારી હોવાને કારણે ભંગપણું છે, તેથી અતિચાર જ છે.

અને મૃષાઉપદેશ જોકે મૃષાવાદ કરાવીશ નહિ, એ પ્રકારના વ્રતમાં અથવા હું મૃષાવાદ કરીશ નહિ અને કરાવીશ નહિ, એ પ્રકારના વ્રતમાં ભંગ જ છે; કેમ કે હું મૃષાવાદ કરાવીશ નહિ, એ પ્રકારનું પચ્ચક્ખાણ કર્યા પછી મૃષાવાદનો ઉપદેશ આપે તો વ્રત નાશ જ પામે. વળી, હું મૃષાવાદ કહીશ નહિ, એ પ્રકારના વ્રતાંતરમાં કંઈ નથી=ભંગ પણ નથી અને અતિચાર પણ નથી; કેમ કે પોતાની તથાપ્રકારની અશક્તિને કારણે તે શ્રાવકે માત્ર હું મૃષાવાદ કરીશ નહિ, એટલું જ પચ્ચક્ખાણ ગ્રહણ કરેલ છે, તેથી મૃષાવાદ કરાવવામાં વ્રતનો ભંગ નથી, તોપણ સહસાત્કાર અનાભોગાદિ દ્વારા અથવા અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર દ્વારા મૃષાવાદમાં પરને પ્રવર્તન કરાયે છતે વ્રતનો આ અતિચાર છે=જેણે હું મૃષાવાદ કરાવીશ નહિ, એ પ્રકારનું પચ્ચક્ખાણ કર્યું છે, તેને આશ્રયીને સહસાત્કાર આદિથી અતિચારની પ્રાપ્તિ છે.

અથવા વ્રતસંરક્ષણની બુદ્ધિથી=મૃષાવાદ કરાવીશ નહિ એવું પચ્ચક્ખાણ કર્યા પછી કોઈકને મૃષાવાદ કરાવીને ઈષ્ટ કાર્ય સાધવાની બલવાન ઇચ્છા થઈ હોય ત્યારે 'મારું વ્રત રક્ષણ પામે' એ પ્રકારની બુદ્ધિથી, પરવૃત્તાંતકથન દ્વારા=આવા પ્રસંગે અમુક અમુક જીવે આ પ્રકારે કથન કરીને

પોતાની આપત્તિનું નિવારણ કર્યું છે એ રૂપ પરવૃત્તાંતના કથન દ્વારા, મૃષાઉપદેશને આપતા શ્રાવકનો આ અતિચાર છે; કેમ કે વ્રતનું સાપેક્ષપણું હોવાથી અને મૃષાવાદમાં પરનું પ્રવર્તન હોવાથી વ્રતનું ભગ્નાભગ્નરૂપપણું છે.

વળી જોકે કાયા દ્વારા મૃષાવાદ કરીશ નહિ, એ પ્રકારના આને=વ્રત લેનારને અથવા કાયા દ્વારા હું મૃષાવાદ કરીશ નહિ, કરાવીશ નહિ એ પ્રકારના આને=વ્રત લેનારને, કૂટલેખનું કરણ વ્રતનો ભંગ જ છે. વળી વ્રતાંતરમાં=કાયાને છોડીને મનથી કે વચનથી ગ્રહણ કરાયેલા વ્રતરૂપ વ્રતાંતરમાં, કંઈ નથી=કૂટલેખનું કરણ વ્રતનો ભંગ પણ નથી અને અતિચાર પણ નથી, તોપણ=કાયાથી મૃષાવાદ નહિ કરવાના પચ્ચક્ખાણવાળાને કૂટલેખનું કરણ વ્રતના ભંગરૂપ છે તોપણ, સહસાકારાદિ દ્વારા કે અતિક્રમાદિ દ્વારા અતિચાર છે અથવા મૃષાવાદ=મૃષા બોલવું મારા વડે પ્રત્યાખ્યાન કરાયું છે. વળી આ લેખન છે, એ પ્રકારની ભાવનાથી મુગ્ધ બુદ્ધિવાળા વ્રતસાપેક્ષ શ્રાવકને અતિચાર છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૨॥

ભાવાર્થ :-

સ્થૂલમૃષાવાદ વિરમણના પાંચ અતિચારો બતાવ્યા, ત્યાં પ્રથમના સહસાભ્યાખ્યાન અને રહસાભ્યાખ્યાનમાં સમાનતા હોવા છતાં અર્થાત્ અનિર્ણીત કથન સમાન હોવા છતાં સહસાભ્યાખ્યાનમાં વિચાર્યા વગર સહજ બોલાય છે અને રહસાભ્યાખ્યાનમાં તેની એકાંતમાં થતી વાતોને કંઈક સાંભળીને સ્વમતિ અનુસાર યોજનપૂર્વક કહેવામાં આવે છે, એ પ્રકારનો ભેદ છે. તેથી તે બે અતિચારોને સ્વતંત્ર કહ્યા છે.

વળી જેઓ બીજાને ઠગવાની મનોવૃત્તિવાળા છે, તેઓને મૃષા બોલતી વખતે સ્વાર્થ સાધવાને અનુકૂળ સંક્લેશપૂર્વક ઠગવાની પ્રવૃત્તિ છે. જ્યારે સહસાભ્યાખ્યાનમાં તેવો ઠગવાનો કોઈ આશય નથી, પરંતુ વાચાળપણાને કારણે કોઈકના વિષયમાં સહસા અભિપ્રાય આપવાનો પરિણામ છે, તેથી સહસા અભ્યાખ્યાન અને રહસા અભ્યાખ્યાનને અતિચારરૂપે કહેલ છે અને જ્યારે લોભને વશ કે ક્રોધને વશ કોઈકને ઠગવા અર્થે કે પીડા કરવા અર્થે મૃષાવાદ બોલાય છે, તે ભંગસ્વરૂપ છે.

વળી કોઈની ગુપ્ત વાતના પ્રકાશનમાં તે કથન સત્ય હોવા છતાં બીજાને પીડાકારી હોવાથી અતિચાર છે.

વળી સ્થૂલમૃષાવાદ વ્રત લેનારે 'હું મૃષાવાદ કરાવીશ નહિ' એટલું જ પચ્ચક્ખાણ કરેલું હોય અને કોઈને મૃષાઉપદેશ આપે તો વ્રતભંગ થાય અને કોઈએ 'હું મૃષા બોલીશ નહિ અને હું કોઈને મૃષા બોલાવીશ નહિ' એવું વ્રત ગ્રહણ કરેલું હોય તો મૃષાઉપદેશમાં વ્રતભંગ થાય. આમ છતાં 'હું મૃષાવાદ બોલાવીશ નહિ' એ પ્રકારના પચ્ચક્ખાણવાળા શ્રાવક સહસાત્કારથી મૃષાઉપદેશ આપે ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય અથવા 'હું જે કહું છું તે મૃષાવાદ છે', તેનું અજ્ઞાન હોવાને કારણે અનાભોગથી કહે ત્યારે અતિચારની પ્રાપ્તિ છે, જેમ કોઈકના વિષયમાં કોઈક પ્રકારનો અભિપ્રાય આપે અને તે અભિપ્રાય મૃષાવાદ હોવા છતાં પોતે કહે છે તે મૃષા છે, તેનું અજ્ઞાન હોવાને કારણે તે કહે ત્યારે અતિચારની પ્રાપ્તિ છે અથવા લાભને જોઈને મૃષાઉપદેશ આપવાનો મનમાં વિચાર આવે ત્યારે અતિક્રમની પ્રાપ્તિ થાય છતાં

મૃષાઉપદેશ આપે નહિ તોપણ તે અતિક્રમરૂપ અતિચારથી વ્રત મલિન થાય છે. વળી લાભને જોઈને મૃષાઉપદેશ આપવાનો વિચાર કર્યા પછી સાક્ષાત્ કહેવાનો યત્ન કરવા જાય છે, ત્યારે યત્ન કરતા પૂર્વે વ્યતિક્રમ કે અતિચારની પ્રાપ્તિ થાય અને વ્રતના ભંગના ભયથી સાક્ષાત્ મૃષાઉપદેશને ન આપે તોપણ મૃષાઉપદેશ આપવાનો થયેલો વિચાર કે તેના માટે કરાયેલી તત્પરતા અતિચારરૂપ હોવાથી વ્રત મલિન બને છે. વળી જે શ્રાવકને તે પ્રકારના સંયોગને કારણે બીજાને મૃષાઉપદેશ આપવો પડે તેમ હોય તે શ્રાવક હું મૃષાવાદ કરાવીશ નહિ, એ વિકલ્પને છોડીને મનથી, વચનથી, કાયાથી હું કરીશ નહિ, એટલું જ વ્રત ગ્રહણ કરેલું હોય તે શ્રાવક શક્તિ અનુસાર મૃષાઉપદેશનો પરિહાર કરે છે, તોપણ પોતાના સંયોગ અનુસાર મૃષાઉપદેશ આપે ત્યારે વ્રતભંગ થતો નથી કે અતિચારની પ્રાપ્તિ થતી નથી.

આનાથી એ ફલિત થાય કે દરેક વ્રત મનથી, વચનથી, કાયાથી, કરણથી અને કરાવણથી તે સર્વ વિકલ્પોમાંથી કયા વિકલ્પથી પોતે સર્વ પ્રયત્નથી પાળી શકશે ? તેનો નિર્ણય કરીને વિવેકી શ્રાવક તે વિકલ્પથી જ સ્થૂલમૃષાવાદના ત્યાગાદિનું પચ્ચક્ખાણ કરવું જોઈએ અને અન્ય વિકલ્પમાં શક્તિ અનુસાર યતના રાખવી જોઈએ અર્થાત્ શક્ય હોય ત્યાં સુધી તે વિકલ્પથી પણ તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ, છતાં પોતાની આજીવિકાદિના કારણે યતનાપૂર્વક મૃષાવાદાદિ બોલે તો વ્રતભંગ થાય નહિ કે વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય નહિ.

વળી કૂટલેખની ક્રિયા કાયાથી મૃષાવાદના કરણરૂપ છે અને કોઈકની પાસે કૂટલેખ લખાવવામાં આવે તે કાયાથી મૃષાવાદ કરાવવારૂપ છે. તેથી જેણે કાયાથી મૃષાવાદ નહિ કરવાનું પચ્ચક્ખાણ કરેલ છે, તેને કૂટલેખનું કરણ વ્રતના ભંગરૂપ છે. ફક્ત અનાભોગાદિથી કે અતિક્રમાદિથી થાય ત્યારે અતિચાર બને અને જેઓને માટે કાયાથી મૃષાવાદનો પરિહાર અશક્ય હોય તેઓ અન્ય વિકલ્પથી મૃષાવાદનો પરિહાર સ્વીકારે અને કાયાથી કૂટલેખકરણ પણ શક્તિ અનુસાર પરિહાર કરવા યત્ન કરે અને અશક્ય સ્થાનમાં કૂટલેખાદિ કરે ત્યારે વ્રતભંગ પણ થાય નહિ અને અતિચાર પણ લાગે નહિ.

અહીં વિશેષ એ છે કે દેશવિરતિ વ્રતની મુખ્ય મર્યાદા એ છે કે સમ્યક્ત્વપૂર્વક વ્રતો હોય તો જ દેશવિરતિ વિરતિ બને, તેથી દેશથી પાપના વિરામના અર્થીએ સંસારનું રૌદ્ર સ્વરૂપ ચાર ગતિઓના પરિભ્રમણની વિડંબના સ્વરૂપ છે અને કર્મમુક્ત અવસ્થા જીવની પૂર્ણ સુંદર અવસ્થા છે, તેનું અત્યંત ભાવન કરીને પ્રતિદિન તેને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ અને સંસારની વિડંબનાથી મુક્ત થઈને પૂર્ણ સુખમય મોક્ષપ્રાપ્તિનો ઉપાય ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સતત મોહનાશ માટે યત્ન કરનારા મહાત્માઓમાં વર્તતાં પાંચ મહાવ્રતો છે, તેનું યથાર્થ સ્વરૂપ જાણીને અને કઈ રીતે તે મહાવ્રતો વીતરાગતા સાથે એકવાક્યતાથી કારણરૂપે જોડાયેલાં છે, તેના પરમાર્થને જાણીને તેનું અત્યંત ભાવન કરવું જોઈએ અને તેની પ્રાપ્તિનું કારણ બને તે રીતે શ્રાવકનાં વ્રતો મનથી, વચનથી, કાયાથી, કરણથી અને કરાવણથી સંભવે છે. તેના વિકલ્પોને જાણીને સ્વશક્તિ અનુસાર જેનું યથાર્થ પાલન થાય તે વ્રતો ગ્રહણ કરવાં જોઈએ અને તે વ્રતને ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા સર્વવિરતિનું કારણ બને તે રીતે સદા ભાવન કરવું જોઈએ. આ રીતે કરાયેલું અલ્પ પણ વ્રત સુવિશુદ્ધ પાલન દ્વારા મહાફળવાળું બને છે. **॥૧/૧૨॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं द्वितीयमणुव्रतं, अधुना तृतीयमाह –

અવતરણિકાર્થ :-

અતિચાર સહિત બીજું અણુવ્રત કહેવાયું. હવે ત્રીજા અણુવ્રતને કહે છે –

ગાથા :-

थूलादत्तादाणे विरई तं दुविहमो उ णिद्दिट्ठं ।
सच्चित्ताचित्तेसु लवणहिरण्णाइवत्थुगयं ।।१/१३।।

છાયા :-

स्थूलादत्तादाने विरतिः तद् द्विविधं तु निर्दिष्टम् ।
सचित्ताचित्तेषु लवणहिरण्यादिवस्तुगतम् ।।१/१३।।

અન્વયાર્થ :-

थूलादत्तादाणे विरई=સ્થૂલ અદત્તાદાનમાં વિરતિ ત્રીજું અણુવ્રત છે उ=વળી, तं=તે=સ્થૂલ અદત્તાદાન, सच्चित्ताचित्तेसु=સચિત્ત-અચિત્ત વસ્તુઓમાં, लवणहिरण्णाइवत्थुगयं=લવણ-હિરણ્યાદિ વસ્તુગત, दुविहं णिद्दिट्ठं=બે પ્રકારે કહેવાયું છે, ओ='ओ' પાદપૂરણ માટે છે. ।।૧/૧૩।।

ગાથાર્થ :-

સ્થૂલ અદત્તાદાનમાં વિરતિ ત્રીજું અણુવ્રત છે. વળી, તે સચિત્ત-અચિત્ત વસ્તુઓમાં લવણ-હિરણ્યાદિ વસ્તુગત બે પ્રકારે કહેવાયું છે. ।।૧/૧૩।।

ટીકા :-

વ્યાખ્યા–'थूले'त्यादि । स्थूलं च तददत्तस्य-अवितीर्णस्य द्रव्यस्यादानं च-ग्रहणं स्थूलादत्तादानम्, इहादत्तं द्विविधं-स्थूलं सूक्ष्मं च तत्र परिस्थूलवस्तुविषयं चौर्यारोपणहेतुत्वेन प्रसिद्धं स्थूलं, तद्विपरीतं तु सूक्ष्मम्, तत्र स्थूलादत्तादाने-तद्विषया विरतिः-निवृत्तिस्तृतीयमणुव्रतमिति प्रक्रमः । तत्तु-तत्पुनरदत्तादानं द्विविधं-द्विप्रकारम् । 'ओ' इति 'मो' इति वा निपातः पादपूरणार्थः, तुशब्दः पुनरर्थो भिन्नक्रमश्च, तत्तु-इत्येवं योजित एव विनिर्दिष्टं-कथितमागम इति गम्यते । 'दुविहिमो विणिद्दिट्ठं' इति पाठान्तरम् । द्वैविध्यमेवाह–सच्चित्ताचित्तेषु विद्यमानचैतन्याचैतन्येषु वस्तुषु एतद्विषयमित्यर्थः एतदेवोदाहरन्नाह– लवणं च-क्षारविशेषो हिरण्यं च-सुवर्णमादिर्येषां तानि च तानि वस्तूनि च तेषु गतं अवस्थितं लवणहिरण्यादिवस्तुगतम् तत्र लवणशब्देन च सच्चित्तादत्तादानमुदाहृतं, हिरण्यशब्देनाचित्तादत्तादानं,

आदिशब्दाच्चाश्ववस्त्रादिपरिग्रहः, मिश्रादत्तादानं त्वनयोरेवान्तर्भूतत्वान्न पृथग्विवक्षितं, संक्षेपस्यैव प्रस्तुतत्वादिति गाथार्थः ।।१/१३।।

ટીકાર્થ :-

સ્થૂલં ..... ગાથાર્થઃ ।। 'થૂલેત્યાદિ' પ્રતીક છે. સ્થૂલ એવા તે અદત્તનું=નહિ અપાયેલા દ્રવ્યનું, ગ્રહણ સ્થૂલ અદત્તાદાન છે. અહીં=સંસારમાં, અદત્ત બે પ્રકારનું છે – સ્થૂલ અને સૂક્ષ્મ, ત્યાં=બે પ્રકારના અદત્તામાં, પરિસ્થૂલ વસ્તુ વિષયવાળું ચૌર્યના આરોપણનું હેતુપણું હોવાને કારણે સ્થૂલ પ્રસિદ્ધ છે. વળી, સૂક્ષ્મ તેનાથી વિપરીત છે=ચૌર્યના આરોપણનો હેતુ નહિ હોવા છતાં ભગવાનની આજ્ઞા નિરપેક્ષ સાધુ દ્વારા ગ્રહણ કરાયેલ વસ્તુ વિષયક છે, ત્યાં=બે પ્રકારના અદત્તાદાનમાં, સ્થૂલ અદત્તાદાન વિષયક વિરતિ=નિવૃત્તિ, ત્રીજું અણુવ્રત છે, એ પ્રકારે પ્રકમ છે=ક્રમથી પ્રાપ્ત છે. વળી તે અદત્તાદાન= સ્થૂલથી અદત્તાદાન, બે પ્રકારનું છે.

ગાથામાં રહેલ 'दुविहमो'માં રહેલ 'ओ' શબ્દ અથવા 'मो' શબ્દ પાદપૂરણ અર્થવાળો નિપાત છે, 'तु' શબ્દ પુનઃ અર્થવાળો છે અને ભિન્ન ક્રમવાળો છે='दुविहमो' પછી તેનું યોજન નથી, પરંતુ 'तं' પછી તેનું યોજન છે, તે રૂપ ભિન્નક્રમ છે, तत्तु એ પ્રમાણે પૂર્વમાં ટીકાકારશ્રીએ કહ્યું એ રીતે યોજિત જ છે= ભિન્ન ક્રમનું યોજન કરાયેલું જ છે, निर्दिष्ट છે=બે પ્રકારનું આગમમાં કથિત છે, ગાથામાં 'णिद्दिट्ठं' પછી 'आगमे' અધ્યાહાર છે. વળી ગાથામાં दुविहिमो विणिद्दिट्ठं એ પ્રકારે પાઠાંતર છે.

દ્વૈવિધ્યને જ કહે છે=સ્થૂલ અદત્તાદાનમાં બે ભેદને જ કહે છે – સચિત્ત-અચિત્ત વસ્તુના વિષયમાં=વિદ્યમાન ચૈતન્ય-અચૈતન્યવાળી વસ્તુમાં=એ વસ્તુ વિષયક બે પ્રકારનું છે, એમ અન્વય છે. આને જ=બે પ્રકારને જ, ઉદાહરણ આપતાં ગ્રંથકારશ્રી કહે છે – લવણ=ક્ષારવિશેષ, હિરણ્ય=સુવર્ણ છે આદિ જેઓને તે અને એવી તે વસ્તુઓ તેઓમાં રહેલ લવણ-હિરણ્યાદિ વસ્તુગત છે, ત્યાં લવણ શબ્દથી સચિત્ત અદત્તાદાન કહેવાયું, હિરણ્ય શબ્દથી અચિત્ત અદત્તાદાન કહેવાયું. અને 'આદિ' શબ્દથી અશ્વ-વસ્ત્રાદિનું ગ્રહણ છે, વળી મિશ્ર-અદત્તાદાનનું આ બેમાં=સચિત્તઅદત્તાદાન અને અચિત્ત-અદત્તાદાનમાં, અંતર્ભૂતપણું હોવાથી પૃથગ્ વિવક્ષિત નથી; કેમ કે સંક્ષેપનું જ પ્રસ્તુતપણું છે=બે ભેદોના સંક્ષેપનું જ પ્રસ્તુતપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૧૩।।

ભાવાર્થ :-

શ્રાવક સ્થૂલ અદત્તાદાનરૂપ બીજું અણુવ્રત ગ્રહણ કરીને સંપૂર્ણ અદત્તાદાનની વિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે; કેમ કે સ્થૂલ કે સૂક્ષ્મ અદત્તનું ગ્રહણ મોક્ષમાર્ગને અનુકૂળ જીવના યત્નને વિઘ્ન કરનાર છે. આથી જ જેઓ સંપૂર્ણ અદત્તાદાનથી વિરામ પામેલા છે, તેવા સાધુઓ સતત ભગવાનના વચનનું સ્મરણ કરીને આત્માથી ભિન્ન એવી સર્વ વસ્તુઓનો ત્યાગ કરે છે, દેહનો ત્યાગ કરે છે, ફક્ત ધર્મના ઉપકરણરૂપે જ ભગવાનની આજ્ઞાથી દેહને કે વસ્ત્રાદિને ગ્રહણ કરે છે, તેથી તેઓનું દેહનું ધારણ,

વસ્ત્રાદિનું ગ્રહણ કે આહારાદિનું ગ્રહણ ધર્મવૃદ્ધિનું જ કારણ છે અને જેઓ ધર્મવૃદ્ધિનું કારણ ન હોય તેવા દેહને ધારણ કરે કે આહાર-વસ્ત્રાદિને ગ્રહણ કરે તે ગ્રહણ કરવાની અનુજ્ઞા ભગવાને આપી નથી, છતાં જેઓ તેને ગ્રહણ કરે છે તેના દ્વારા તેઓને આત્માથી ભિન્ન એવા પરપદાર્થના ગ્રહણરૂપ અદત્તાદાનની પ્રાપ્તિ છે. આથી જ સુસાધુ સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ અદત્તનો વિરામ કરે છે, તેને આશ્રયીને તીર્થંકરાદિ ચાર અદત્તો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે અને શ્રાવક પણ તે ચાર અદત્તનો પરિહાર કરવાના અત્યંત અર્થી છે. તેથી સદા વિચારે છે કે સ્થૂલથી પુદ્ગલના સંગવાળા પણ સુસાધુ પરમાર્થથી ધર્મના ઉપકરણ સિવાય કોઈનો સંગ કરતા નથી, તેથી ભગવાને ધર્મના ઉપકરણને ગ્રહણ કરવાની જે અનુજ્ઞા આપી છે, તે અનુજ્ઞા અનુસાર ધર્મના ઉપકરણરૂપ દેહ-વસ્ત્રાદિને સાધુ ગ્રહણ કરીને સદા ધર્મની વૃદ્ધિ કરે છે. તેથી તેઓ સંપૂર્ણ અદત્તાદાનથી વિરામ પામેલા છે અને હું પણ તેમની જેમ સંપૂર્ણ અદત્તાદાનથી વિરામ પામીશ, ત્યારે સુખપૂર્વક સંસારનો ઉચ્છેદ કરી શકીશ. આમ છતાં સંપૂર્ણ અદત્તાદાનની વિરતિની શક્તિ નિઃસ્પૃહ મુનિઓમાં છે, મારામાં નથી, માટે તેવી શક્તિના સંચયના ઉપાયરૂપે સ્થૂલથી અદત્તાદાનનું વિરમણ કરીને હું પણ કંઈક અંશથી નિઃસ્પૃહ ચિત્ત પ્રગટ કરું અને તેની જ ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા પૂર્ણ નિઃસ્પૃહ ચિત્ત પ્રાપ્ત કરીને સંપૂર્ણ અદત્તાદાનની વિરતિને કરીશ, આ પ્રકારે ઉત્તમ ભાવથી વાસિત થઈને તેવા ઉત્તમ ભાવનું સ્મરણ કરવાપૂર્વક શ્રાવક સ્થૂલથી અદત્તાદાનથી વિરતિ કરે છે, તેના બે ભેદ છે – સચિત્ત અદત્તાદાનની વિરતિ અને અચિત્ત અદત્તાદાનની વિરતિ, તેથી જે વસ્તુમાં ચૈતન્ય વિદ્યમાન હોય, તેવા સચિત્ત ક્ષાર આદિ અને જેમાં ચૈતન્ય વિદ્યમાન નથી, એવા સુવર્ણ આદિ અલંકારો બીજાની માલિકીના હોય તેને તેમના દ્વારા અપાયા વગર ગ્રહણ કરે નહિ, તેનો અંતર્ભાવ સ્વામી અદત્તમાં થાય છે, તેથી શ્રાવક સ્થૂલથી સ્વામી અદત્ત માત્રનો જ પરિહાર કરી શકે છે. જ્યારે સાધુ તો સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત એમ ચારે અદત્તનું કરણ, કરાવણ અને અનુમોદનથી પ્રત્યાખ્યાન કરે છે, તેથી જે સાધુ અપ્રમાદથી મોહના ઉન્મૂલન માટે પ્રવર્તે છે, તેઓ જ બાહ્ય પદાર્થ વિષયક ક્યાંય સ્નેહનો સંબંધ રાખતા નથી, તેથી સર્વથા તેનો પરિહાર કરી શકે છે અને જેઓને બાહ્ય પદાર્થ પ્રત્યે સ્નેહનો પરિણામ લેશ પણ થાય ત્યારે તેટલા અંશમાં ત્રીજા વ્રતમાં મલિનતા થાય છે; કેમ કે જેના પ્રત્યે સંગની બુદ્ધિ છે, ત્યાં અંતે અનુમોદન રૂપે પણ અદત્તાદાનની પ્રાપ્તિ છે, માટે શ્રાવકે ત્રીજા મહાવ્રતરૂપ અદત્તાદાનના સૂક્ષ્મ સ્વરૂપને ભાવન કરીને તેની શક્તિના સંચયનું કારણ બને તેવું નિઃસ્પૃહ ચિત્ત કંઈક ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે રીતે સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતનું સેવન કરવું જોઈએ. **॥૧૭/૧૩॥**

અવતરણિકા :-

ઇહાતિચારાનાહ –

અવતરણિકાર્થ :-

અહીં=ત્રીજા અણુવ્રતમાં, અતિચારોને કહે છે –

ગાથા :-

વજ્જઇ ઇહ તેણાહડતક્કરજોગં વિરુદ્ધરજ્જં ચ ।
કૂડતુલકૂડમાણં તપ્પડિરૂવં ચ વવહારં ।।૧/૧૪।।

છાયા :-

વર્જયતિ ઇહ સ્તેનાહૃતતસ્કરયોગં વિરુદ્ધરાજ્યં ચ ।
કૂટતુલાકૂટમાનં તત્પ્રતિરૂપઞ્ચ વ્યવહારમ્ ।।૧/૧૪।।

અન્વયાર્થ :-

ઇહ=અહીં-અદત્તાદાનથી વિરતિમાં, તેણાહડતક્કરજોગં=ચોરથી લવાયેલાનું અને ચોરના યોગનું, વિરુદ્ધરજ્જં ચ=(ગમનથી) વિરુદ્ધ રાજ્યનું, કૂડતુલકૂડમાણં=કૂટતુલા અને કૂટમાપાનું, ચ=અને, તપ્પડિરૂવં વવહારં=તત્પ્રતિરૂપ વ્યવહારનું=શુદ્ધ વસ્તુની સમાન વસ્તુના વ્યવહારનું, વજ્જઇ=વર્જન કરે છે=શ્રાવક ત્યાગ કરે છે. ।।૧/૧૪।।

ગાથાર્થ :-

અદત્તાદાનની વિરતિમાં ચોરથી લવાયેલાનું અને ચોરના યોગનું, વિરુદ્ધ રાજ્યનું, કૂટતુલા અને કૂટમાપાનું અને તત્પ્રતિરૂપ વ્યવહારનું વર્જન કરે છે. ।।૧/૧૪।।

ટીકા :-

વ્યાખ્યા—'વજ્જેઈ'ત્યાદિ । વર્જયતિ=પરિહરતિ, ઇહ=અદત્તાદાનવિરતૌ, સ્તેનાઃ=ચૌરાસ્તૈહૃતં=આનીતં, કિઞ્ચિત્ કુઙ્કુમાદિ સ્તેનાહૃતમ્, તસ્કરાઃ=ચૌરાસ્તેષાં યોગો=હરણક્રિયાયાં પ્રેરણં 'હરત યૂયં' ઇત્યભ્યનુજ્ઞા તસ્કરયોગઃ । સ્તેનાહૃતં ચ તસ્કરયોગશ્ચેતિ સમાહારદ્વન્દ્વસ્તત્ । તથા વિરુદ્ધઃ=સ્વકીયસ્ય રાજ્ઞઃ પ્રતિપન્થી, તસ્ય રાજ્યં=કટકં દેશો વા વિરુદ્ધરાજ્યં, તદ્વર્જયતિ ગમનત ઇતિ શેષઃ, ચશબ્દઃ સમુચ્ચયે । તથા કૂટા=પ્રસિદ્ધસ્વભાવાપેક્ષયા ન્યૂનાઽધિકા વા તુલા પ્રતીતા કૂટતુલા, સા ચ, કૂટમાનં ચ=ન્યૂનમધિકં વા કુડવાદિ, કૂટતુલાકૂટમાનં તદ્વર્જયતીતિ યોગઃ । તથા તેનાધિકૃતેન વ્રીહ્યાદિના ઘૃતાદિના વા પ્રતિરૂપં સદૃશં પલંજ્યાદિ વસાદિ વા દ્રવ્યં યત્ર વ્યવહારે સ તત્પ્રતિરૂપઃ, તત્પ્રતિરૂપેણ વા=સુવર્ણાદિસદૃશેન યુક્તિસુવર્ણાદિના દ્રવ્યેણ યો વ્યવહારઃ સ તદભેદોપચારાત્તત્પ્રતિરૂપ એવોચ્યતે, અતસ્તં તત્પ્રતિરૂપં ચશબ્દઃ સમુચ્ચયે વ્યવહારં=વિક્રયં વર્જયતિ, યત એતાનિ સમાચરન્નતિચરતિ તૃતીયાણુવ્રતમ્ ।

ટીકાર્થ :-

વર્જયતિ ..... તૃતીયાણુવ્રતમ્ । 'વજ્જેઈ'ત્યાદિ પ્રતીક છે. અહીં=અદત્તાદાનની વિરતિમાં, વર્જન કરે

છે=શ્રાવક પરિહાર કરે છે.

શેનો પરિહાર કરે છે ? તે ક્રમસર બતાવે છે –

ચોરોથી લવાયેલું કંઈક કુંકુમાદિ સ્તેનાહત છે, તસ્કરો=ચોરો, તેઓનો યોગ=હરણક્રિયામાં પ્રેરણ='તમે હરણ કરો' એ પ્રમાણેની અનુજ્ઞા તસ્કરયોગ છે, ચોરોથી લવાયેલું અને તસ્કરનો યોગ એ પ્રમાણે સમાહાર દ્વન્દ્વ સમાસ છે, તેનું શ્રાવક વર્જન કરે છે એમ અન્વય છે.

અને વિરુદ્ધ=પોતાના રાજાનો શત્રુ, તેનું રાજ્ય, કટક અથવા દેશ વિરુદ્ધરાજ્ય છે, ગમનથી તેનું વર્જન કરે છે-શ્રાવક પોતાના રાજાથી વિરુદ્ધ રાજાના દેશમાં ગમનનું વર્જન કરે છે, 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે.

અને કૂટ=પ્રસિદ્ધ સ્વભાવની અપેક્ષાએ ન્યૂન અથવા અધિક એવી તુલા પ્રતીત એવી કૂટતુલા છે= કૂટ ત્રાજવું છે અને તે=કૂટતુલા અને માન=ન્યૂન અથવા અધિક એવા કુડવ આદિ માપ કૂટતુલા, કૂટમાન છે તેનું શ્રાવક વર્જન કરે છે એમ સંબંધ છે.

અને તેનાથી=અધિકૃત ચોખા આદિથી અથવા ઘી આદિથી પ્રતિરૂપ=સદૃશ, પલંજી આદિ અથવા વસાદિ દ્રવ્ય-ધાન્યની સાથે સદૃશ એવા પલંજી આદિ દ્રવ્ય અને ઘી આદિની સાથે સદૃશ એવાં ચરબી આદિ દ્રવ્ય છે જે વ્યવહારમાં તે તત્પ્રતિરૂપ વ્યવહાર છે અથવા તત્પ્રતિરૂપ એવા સુવર્ણાદિ સદૃશ યુક્તિ સુવર્ણાદિ દ્રવ્યથી=નકલી સુવર્ણાદિ દ્રવ્યથી, જે વ્યવહાર તે તેના અભેદનો ઉપચાર હોવાથી તત્પ્રતિરૂપ કહેવાય છે અર્થાત્ વસ્તુતઃ ચોખાને બદલે પલંજી આપેલ છે, તેથી તે પલંજીનો જ વ્યવહાર કહેવાય, છતાં ચોખાને સ્થાને પલંજી આપેલ છે, તેથી તેનો અભેદ ઉપચાર કરીને તત્પ્રતિરૂપ વ્યવહાર કહેવાય છે. આથી તે તત્પ્રતિરૂપ વ્યવહાર=વિક્રય, તેનું શ્રાવક વર્જન કરે છે, 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે, જે કારણથી આમને આચરતો=પૂર્વમાં કહેલા અતિચારોને આચરતો શ્રાવક, ત્રીજા અણુવ્રતનું અતિચરણ કરે છે.

ભાવાર્થ :-

શ્રાવક સાધુની જેમ સંપૂર્ણ અદત્તાદાનના પરિહાર અર્થે શક્તિસંચય માટે સ્થૂલ અદત્તાદાન વ્રત ગ્રહણ કરે છે, તેના દ્વારા બીજાની માલિકની વસ્તુને ગ્રહણ કરવાના પરિણામરૂપ સંગનો પરિણામ જીવમાં વર્તે છે, તેનો પરિહાર થાય છે. તેથી સ્વામી અદત્તના ત્યાગ દ્વારા લોભને વશ અન્ય સ્વામીની વસ્તુ ગ્રહણ ન થાય તેવો યત્ન શ્રાવક કરે છે, આમ છતાં કૂટતુલ-કૂટમાપ કરે ત્યારે ઠગીને બીજાનું ધન ગ્રહણ કરે છે. તેથી ત્રીજા અણુવ્રતમાં મલિનતાની પ્રાપ્તિ થાય છે; કેમ કે સ્થૂલથી પોતે બીજાનું ધન ગ્રહણ કર્યું નથી, તોપણ અર્થથી બીજાને ઠગીને જે કૂટતુલ-કૂટમાપ દ્વારા ધનનું ગ્રહણ કર્યું, તે અદત્તાદાન વ્રતને મલિન કરે છે, માટે શ્રાવકે તે પ્રકારના લોભવશ કૂટતોલ-કૂટમાપ કરવા જોઈએ નહિ.

વળી ધાન્યમાં તત્સદૃશ હલકા ધાન્યનું મિશ્રણ કરીને કે ઘી આદિમાં ચરબી આદિનું મિશ્રણ કરીને જે તત્પ્રતિરૂપ વ્યવહાર કરાય છે, તેમાં પણ બીજાને ઠગીને ધનની પ્રાપ્તિ છે, તેથી લોભને વશ સ્વામી

અદત્તની વિરતિમાં મલિનતાની પ્રાપ્તિ થાય છે.

વળી ચોર પાસેથી અલ્પ મૂલ્યમાં ધન ગ્રહણ કરવાથી કે ચોરને તેવી વસ્તુ લાવી આપવા માટે પ્રેરણા કરવાથી બીજાની માલિકીની વસ્તુના ગ્રહણની વિરતિમાં મલિનતાની પ્રાપ્તિ થાય છે, માટે અદત્તાદાન વિરતિના વ્રત દ્વારા નિઃસ્પૃહ ચિત્તના અર્થી શ્રાવકે ચોરથી લવાયેલી વસ્તુને ગ્રહણ કરવી જોઈએ નહિ કે ચોરને પ્રેરણા કરીને તેની પાસેથી વસ્તુઓ ગ્રહણ કરવી જોઈએ નહિ.

વળી પોતે જે દેશમાં રહે છે, તે દેશના સ્વામી એવા રાજાએ પોતાના શત્રુરૂપ રાજાના દેશમાં ધનાર્જન આદિ માટે જવાનો નિષેધ કર્યો હોય, છતાં લોભને વશ અર્થાત્ ત્યાં જવાથી અમુક વ્યાપારમાં વિશેષ લાભ દેખાય તેને વશ તે દેશમાં જવાથી પોતાના સ્વામી એવા રાજાની આજ્ઞાના ઉલ્લંઘનપૂર્વક ધન મેળવવાની વૃત્તિ હોવાથી અદત્તાદાન વ્રત મલિન થાય છે, માટે શ્રાવકે લોભનો સંવર કરીને ઉચિત વ્યવહાર દ્વારા જ ધનઅર્જન આદિ કરવું જોઈએ, જેથી સ્વામી અદત્તરૂપ સ્થૂલ અદત્તાદાન છે, તેની વિરતિમાં મલિનતા થાય નહિ.

ટીકા :-

अतिचारभावना चैवम्—स्तेनाहृतं काणक्रयेण लोभदोषात् प्रच्छन्नं गृह्णंश्चौरो भवति ।

यदाह—

'चौरश्चौरापको मंत्री भेदज्ञः काणकक्रयी ।

अन्नदः स्थानदश्चैव चौरः सप्तविधः स्मृतः ।।१।।' [ ]

ततश्चौर्यकरणाद् व्रतभङ्गो, वाणिज्यमेव मया विधीयते न चोरिकेत्यध्यवसायेन व्रतानपेक्षत्वाभावादभङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः तस्करप्रयोगस्तु यद्यपि चौर्यं न करोमि न कारयामीत्येवं प्रतिपन्नव्रतस्य भङ्ग एव, तथापि 'किमधुना यूयं निर्व्यापारास्तिष्ठथ ? यदि वो भक्तकादि नास्ति, तदाहं तद्ददामि, भवदानीतमोषस्य वा यदि विक्रायको न विद्यते, तदाऽहं विक्रेष्ये' इत्येवंविधवचनैश्चौरान् व्यापारयतः स्वकल्पनया तद्व्यापारणं परिहरतो व्रतसापेक्षस्यासावतीचार इति विरुद्धराज्यातिक्रमस्तु यद्यपि स्वस्वामिनाऽननुज्ञातस्य परकटकादिप्रवेशस्य 'सामी जीवादत्तं तित्थयरेणं तहेव य गुरूहिं' इत्यदत्तादानलक्षणयोगेन विरुद्धराज्यातिक्रमकारिणां च चौर्यदण्डयोगेनादत्तादानरूपत्वाद् भङ्ग एव, तथापि विरुद्धराज्यातिक्रमं कुर्वता मया वाणिज्यमेव कृतं न चौर्यमिति भावनया व्रतसापेक्षत्वात्, लोके च चौरोऽयमिति व्यपदेशाभावादतिचारोऽयमिति । तथा कूटतुलादिव्यवहारस्तत्प्रतिरूपकव्यवहारश्च परव्यसनेन परधनग्रहणरूपत्वाद्भङ्ग एव, केवलं क्षात्रखननादिकमेव चौर्यं कूटतुलादिव्यवहारतत्प्रतिरूपव्यवहारौ तु वणिक्कलैवेति स्वकीयकल्पनया व्रतसंरक्षणोद्यततयाऽतिचार इति । अथवा स्तेनाहृतग्रहणादयः पञ्चाप्यमी व्यक्तचौर्यरूपा एव, केवलं सहसाकारादिनाऽतिक्रमादिना वा प्रकारेण विधीयमाना अतीचारतया व्यपदिश्यन्त इति । न चैते राजराजसेवकादीनां न संभवन्ति । तथाहि—आद्ययोः

स्पष्ट एव तेषां संभवः । विरुद्धराज्यातिक्रमस्तु यदा सामन्तादिस्वस्वामिनो वृत्तिमुपजीवति, तद्विरुद्धस्य च सहायीभवति, तदा तस्यातिचारो भवति । कूटतुलादयस्तु यदा भाण्डागारद्रव्याणां विनिमयं कारयति तदा राज्ञोऽप्यतिचाराः स्युरिति गाथार्थः ।।१/१४।।

ટીકાર્થ :-

अतिचारभावना ..... गाथार्थः ।। અને અતિચારની ભાવના આ પ્રમાણે છે – ચોરથી લવાયેલું કાણકયથી=અલ્પ મૂલ્યથી, લોભદોષને કારણે પ્રચ્છન્ન ગ્રહણ કરતો ચોર છે, જેને કહે છે –

"ચોર, ચોરી કરાવનાર, મંત્રી=ચોરને સલાહ આપનાર, ભેદજ્ઞ=ચોરી કરવાના ભેદને જાણનારો, કાણકક્રયી=અલ્પ ધન આપીને ચોરીની વસ્તુને ખરીદનાર, અન્નને આપનાર=ચોરને સહાય કરવા માટે અન્નને આપનાર, સ્થાનને દેનાર=છુપાવા માટે સ્થાનને દેનાર, એ સાત પ્રકારે ચોર કહેવાયો છે." ()

તેથી ચોર પાસેથી ગ્રહણ કરવાને કારણે ચૌર્યકરણ હોવાથી=ચોરી કરવા સ્વરૂપ હોવાથી, વ્રતભંગ છે, 'મારા વડે વાણિજ્ય જ કરાય છે, ચોરી કરાતી નથી' એ પ્રકારના અધ્યવસાયને કારણે વ્રતના અનપેક્ષપણાનો અભાવ હોવાથી અભંગ છે=વ્રતનો ભંગ નથી, આ રીતે ભંગાભંગરૂપ અતિચાર છે=ચોરીની વસ્તુ ગ્રહણ કરવામાં અતિચાર છે, વળી ચોરનો પ્રયોગ જો કે 'હું ચોરી કરતો નથી, કરાવતો નથી' એ પ્રકારના સ્વીકારેલા વ્રતનો ભંગ જ છે, તોપણ હમણાં તમે નિર્વ્યાપારવાળા કેમ રહ્યા છો ? અથવા 'જો ભોજનાદિ નથી તો હું તેને આપું છું'=ભોજનને આપું છું અથવા 'તમારાથી લવાયેલી ચોરીની વસ્તુનો જો કોઈ વેચાવનાર નથી તો હું વેચીશ' એ પ્રકારનાં વચનો વડે ચોરોને વ્યાપાર કરાવતા સ્વકલ્પનાથી તેના વ્યાપારના પરિહારને કરતા વ્રતસાપેક્ષ શ્રાવકને આ અતિચાર છે=ચોરનો યોગ એ અતિચાર છે.

વળી વિરુદ્ધ રાજ્યનો અતિક્રમ જો કે સ્વસ્વામી દ્વારા નહિ અનુજ્ઞાત એવા પર પ્રદેશાદિમાં પ્રવેશ કરતા શ્રાવકને સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર વડે અદત્ત અને ગુરુ વડે અદત્ત એ પ્રકારના અદત્તાદાનના લક્ષણના યોગથી અને વિરુદ્ધ રાજ્યમાં અતિક્રમ કરનારાઓને ચૌર્યદંડનો યોગ હોવાથી અદત્તાદાનરૂપપણું હોવાથી ભંગ જ છે, તોપણ 'વિરુદ્ધ રાજ્યમાં અતિક્રમણને કરતા મારા વડે વ્યાપાર જ કરાયો છે, ચોરી કરાઈ નથી' એ પ્રકારની ભાવનાથી વ્રતસાપેક્ષપણું હોવાથી અને લોકમાં 'આ ચોર છે' એ પ્રમાણે કથનનો અભાવ હોવાથી આ અતિચાર છે=વિરુદ્ધ રાજ્યમાં ગમન અતિચાર છે.

અને કૂટતુલાદિ વ્યવહાર અને તત્પ્રતિરૂપક વ્યવહાર પરને ઠગવા વડે પરના ધનના ગ્રહણરૂપ હોવાથી ભંગ જ છે, 'ફક્ત ખાતર પાડવું જ ચોરી છે, કૂટતુલાદિ વ્યવહાર અને તત્પ્રતિરૂપક વ્યવહાર વણિક કલા જ છે' એ પ્રમાણે પોતાની કલ્પનાથી વ્રતના સંરક્ષણમાં ઉદ્યતપણું હોવાને કારણે અતિચાર છે. અથવા –

ચોરથી લવાયેલાનું ગ્રહણ આદિ પાંચે પણ આ અતિચારો વ્યક્ત ચોરીરૂપ જ છે, ફક્ત સહસાત્કાર

આદિ કે અતિક્રમ આદિ દ્વારા કરાતા અતિચારપણાથી વ્યપદેશ કરાય છે અને આ=પાંચ અતિચારો, રાજાને કે રાજસેવકાદિને સંભવતા નથી એમ નહિ, કઈ રીતે રાજાને અને રાજસેવકોને આ પાંચ અતિચાર સંભવી શકે તે 'तथाहि'થી બતાવે છે — આદ્ય એવા બે અતિચારોનો સ્પષ્ટ જ તેઓને=રાજાને અને રાજસેવકોને, સંભવ છે=રાજા કે રાજસેવકો પણ લોભને વશ ચોરીનો માલ અલ્પ મૂલ્યથી ગ્રહણ કરતા હોય કે અન્ય દેશમાં ચોરી કરનારા ચોરને પ્રેરણા કરાતા હોય ત્યારે તેઓને સંભવ છે, વિરુદ્ધ રાજ્યનો અતિક્રમ વળી જ્યારે સામંતાદિ પોતાના સ્વામીની વૃત્તિ ઉપર જીવે છે અને તેનાથી વિરુદ્ધ રાજ્યવાળાને સહાયક થાય છે, ત્યારે તેને=સામંતાદિને, અતિચાર થાય છે. વળી કૂટતુલાદિ જ્યારે ભંડારનાં દ્રવ્યોનો વિનિમય કરાવે છે=રાજા એક દ્રવ્યને વેચીને બીજા દ્રવ્યની ખરીદી કરાવે છે, ત્યારે રાજાને પણ અતિચારો થાય=ખરીદ-વેચાણમાં કૂટતુલાદિ અતિચારનો પ્રસંગ પ્રાપ્ત થાય, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૪॥

ભાવાર્થ :-

શ્રાવકે સ્વામી અદત્તના અત્યંત પરિહાર અર્થે કૂટતુલ-કૂટમાપ આદિ પાંચ અતિચારોમાંથી કોઈપણ અતિચારને મનથી પણ સેવવાનો પરિણામ ન થાય તે પ્રકારે આત્માને અત્યંત ભાવિત કરીને સદા સુસાધુની જેમ સૂક્ષ્મ પણ અદત્તાદાનના પરિહારની ભાવનાથી આત્માને ભાવિત કરવો જોઈએ, અન્યથા સાક્ષાત્ પાંચે અતિચારોમાંથી કોઈ અતિચારનું સેવન ન કરે તોપણ નિમિત્તને પામીને તે તે પ્રકારથી ધન મેળવવાનો અભિલાષ થાય છે. ત્યારે અતિક્રમાદિથી અતિચારની પ્રાપ્તિ થાય છે અને તેના પરિહાર અર્થે જ પાંચે અતિચારનું સ્વરૂપ બતાવેલ છે અને શ્રાવકે તેનું વર્જન કરવું જોઈએ તેમ કહેલ છે. આમ છતાં લોભને વશ તે પ્રકારના અતિચારોમાંથી કોઈ અતિચારનું સેવન થાય ત્યારે વ્રતરક્ષણનો કંઈક પરિણામ હોવાથી વ્રત પ્રત્યે કંઈક રાગ છે, તે અપેક્ષાએ વ્રતભંગ કરતા અતિચારનો ભેદ કરેલ છે. વસ્તુતઃ સ્વીકારાયેલા વ્રતનું અતિચરણ હોવાથી અતિચારના સેવનકાળમાં કષાયોની વૃદ્ધિ થાય છે, તેથી કષાયોની અત્યંત હાનિરૂપ સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થતો નથી, તેથી સ્વીકારાયેલું અણુવ્રત પણ પરમાર્થથી મહાવ્રતનું કારણ નહિ થવાથી નિષ્ફળપ્રાયઃ છે, માટે અતિચારનો અત્યંત પરિહાર કરવા શ્રાવકે ઉદ્યમ કરવો જોઈએ. **॥૧/૧૪॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं तृतीयाणुव्रतं, साम्प्रतं चतुर्थमाह —

અવતરણિકાર્થ :-

અતિચાર સહિત ત્રીજું અણુવ્રત કહેવાયું. હવે ચોથા અણુવ્રતને કહે છે —

ગાથા :-

परदारस्स य विरई उरालवेउव्विभेयओ दुविहं ।
एयमिह मुणेयव्वं सदारसंतोस मो एत्थ ।।१/१५।।

છાયા :-

परदाराणां च विरतिः औदारिकवैक्रियभेदतो द्विविधम् ।
एतदिह ज्ञातव्यं स्वदारसन्तोषोऽत्र ।।१/१५।।

અન્વયાર્થ :-

य=અને, परदारस्स विरई=પરદારાની વિરતિ ચોથું અણુવ્રત છે, उरालवेउव्विभेयओ=ઔદારિક અને વૈક્રિયના ભેદથી, दुविहं एयं=બે પ્રકારની આ=બે પ્રકારની પરદારા, इह=અહીં-ચોથા અણુવ્રતના વિષયમાં, मुणेयव्वं=જાણવી, सदारसंतोस=સ્વદારાસંતોષ ચોથું અણુવ્રત છે, एत्थ='एत्थ' શબ્દનો આગળની ગાથા સાથે સંબંધ છે, मो='मो' શબ્દ પાદપૂરણ અર્થવાળો છે. ।।૧/૧૫।।

ગાથાર્થ :-

અને પરદારાની વિરતિ ચોથું અણુવ્રત છે. ઔદારિક અને વૈક્રિયના ભેદથી, બે પ્રકારની આ= બે પ્રકારની પરદારા, અહીં-ચોથા અણુવ્રતના વિષયમાં, જાણવી, સ્વદારાસંતોષ ચોથું અણુવ્રત છે, 'एत्थ' શબ્દનો આગળની ગાથા સાથે સંબંધ છે. 'मो' શબ્દ પાદપૂરણ અર્થવાળો છે. ।।૧/૧૫।।

ટીકા :-

व्याख्या—'परे'त्यादि । परे-आत्मव्यतिरिक्ताः पुरुषास्तथा मनुष्यजात्यपेक्षया देवास्तिर्यञ्चश्च तेषां दाराः-परिणीतसंगृहीतभेदानि कलत्राणि देव्यस्तिरश्च्यश्चेति परदाराः, यद्यप्यपरिगृहीतदेव्यस्तिरश्च्यश्च काश्चित्संगृहीतुः परिणेतुश्चाभावाद्वेश्याकल्पा भवन्ति, तथापि प्रायः परजातीयभोग्यत्वात्परदारा एव ताः अतस्तेषां परदाराणाम् इह विरतिशब्दयोगे पञ्चमीप्राप्तावपि षष्ठीनिर्देषः प्राकृतत्वात् तत एव च दारशब्दस्यैकवचनान्तता ततश्च परकलत्रस्यैव विरतिः-निवृत्तिः, न तु वेश्याया अपीत्यर्थः चतुर्थाणुव्रतं भवतीति प्रक्रमः चशब्दः समुच्चये स च स्वदारसन्तोषश्चेत्येवं द्रष्टव्यः अथवाऽनुक्तसमुच्चये चशब्दः, तेन सर्वस्त्रीणां च परपुरुषस्य च पुरुषसामान्यस्य च विरतिश्चतुर्थाणुव्रतमिति स्यात् । 'उरालविउव्विभेयओ'त्ति उरालं-स्नायुमांसास्थिबद्धं शरीरं समयपरिभाषयोच्यते यदाह—'मंसट्ठिहणारुबद्धं उरालं समयपरिभासा', तत्पुनरौदारिकमेव । तथा विकुर्विधातुर्विक्रियार्थः सामयिकोऽस्तीति गम्यते, विकुर्वाणा वैकुर्विकमित्यादिप्रयोगदर्शनात्ततश्च विकुर्वत इति विकुर्व्यं-वैक्रियशरीरम् । तत उरालविकुर्व्ययोस्ताभ्यां वा भेदो विशेष उरालविकुर्व्यभेदस्तस्मादौदारिकवैक्रियशरीरभेदादित्यर्थः, 'दुविहं एयं'ति, द्विविधा-द्विप्रकाराः, एतदिति एते परदाराः प्राकृतत्वेन चात्र नपुंसकलिङ्गैकत्वाभ्यां निर्देशः । तत्रौदारिका नार्यस्तिरश्च्यश्च, वैक्रिया विद्याधर्यो देव्यश्च इह परदारविरतिप्रक्रमे 'मुणेयव्व'त्ति ज्ञातव्याः । तथा स्वस्यात्मनः स्वे वा आत्मीया दाराः स्वदाराः स्वकलत्रं तैः संतोषः संतुष्टिः, मैथुनासेवनं प्रति वेश्यादेरपि वर्जनमिति स्वदारसंतोषः स च चतुर्थाणुव्रतमिति योजितमेव इह च

प्रथमैकवचनलोपः प्राकृतत्वात् 'मो' इति निपातः पादपूरणार्थः अत्रेति चतुर्थाणुव्रते वर्जयतीत्युत्तरेण योगः इति गाथार्थः ।।१/१५।।

ટીકાર્થ :-

परे ..... गाथार्थः ।। 'परेत्यादि' પ્રતીક છે. પર=આત્માથી વ્યતિરિક્ત પુરુષો અને મનુષ્યજાતિની અપેક્ષાએ દેવો અને તિર્યંચો પર છે, તેઓની પત્નીઓ=પરિણીત અને સંગૃહીતના ભેદવાળી સ્ત્રીઓ, દેવીઓ અને તિર્યંચિણીઓ, પરદારા છે, જોકે કોઈક અપરિગૃહીત દેવીઓ અને તિર્યંચિણીઓ સંગ્રહ કરનારા અને પરણનારાના અભાવને કારણે વેશ્યા જેવી છે, તોપણ પ્રાયઃ પરજાતીય ભોગ્યપણું હોવાથી પરદારા જ તેણીઓ છે=અપરિગૃહીત દેવીઓ અને તિર્યંચિણીઓ પરદારા જ છે. આથી તે પરદારાની વિરતિ=નિવૃત્તિ, ચોથું અણુવ્રત છે, એમ અન્વય છે. અહીં=વિરતિ શબ્દના યોગમાં, પંચમી વિભક્તિની પ્રાપ્તિ હોવા છતાં પણ=પરદારાથી વિરતિ એ પ્રકારે પંચમી વિભક્તિની પ્રાપ્તિ હોવા છતાં પણ, ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ=પરદારાની વિરતિ એ પ્રકારે ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ, પ્રાકૃતના કારણે છે અને તેથી જ=પ્રાકૃતના કારણે જ, દારા શબ્દની એકવચનાંતતા છે=એકવચનમાં પ્રયોગ છે, અને તેથી=પરદારાની વિરતિ એમ કહ્યું તેથી, પરસ્ત્રીની જ વિરતિ=નિવૃત્તિ, પરંતુ વેશ્યાની પણ નહિ એ પ્રકારનો અર્થ છે=પરદારાની વિરતિ ચતુર્થ અણુવ્રત છે, તેમાં પરદારાની વિરતિ કહેવાથી વેશ્યાની વિરતિનો સંગ્રહ નથી, 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

અને તે=સમુચ્ચય, સ્વદારાસંતોષ એ પ્રમાણે જાણવો=પરદારાની વિરતિ અને સ્વદારામાં સંતોષ ચોથું અણુવ્રત છે, એ પ્રમાણે જાણવું અથવા 'च' શબ્દ અનુક્તના સમુચ્ચયમાં છે, તેથી='च' શબ્દ અનુક્તના સમુચ્ચયમાં છે તેથી, સર્વ સ્ત્રીઓને પરપુરુષની અને પુરુષ સામાન્યની વિરતિ ચોથું અણુવ્રત છે=જે પરણેલી સ્ત્રીઓ છે, તેઓને પરપુરુષની વિરતિ ચોથું અણુવ્રત છે અને જે સ્ત્રીઓ નહિ પરણેલી કે વિધવા છે, તેઓને પુરુષ સામાન્યની વિરતિ ચોથું અણુવ્રત છે.

ઉદાર=સ્નાયુ-માંસ-અસ્થિબદ્ધ શરીર શાસ્ત્રની પરિભાષાથી ઉદાર કહેવાય છે, જેને કહે છે – 'માંસ-અસ્થિ-સ્નાયુથી બદ્ધ ઉદાર શાસ્ત્ર પરિભાષાથી છે.' () તે વળી=ઉદાર વળી, ઔદારિક જ છે અને વિકુર્વ ધાતુ વિક્રિયાઅર્થક સામાયિક છે=શાસ્ત્રીય છે, કેમ કે વિકુર્વણા વૈકુર્વિક ઈત્યાદિ પ્રયોગ દેખાય છે અને તેથી=વિકુર્વ ધાતુ વિક્રિયા અર્થવાળો છે તેથી, વિકુર્વણ કરાય છે એ વિકુર્વ્ય=વૈક્રિય શરીર, ત્યારપછી=ઓરાલ અને વિઉવ્વનો અર્થ કર્યા પછી, શેષ સમાસ સ્પષ્ટ કરે છે – ઔદારિક અને વૈક્રિયનો ભેદ અથવા ઔદારિક અને વૈક્રિયથી ભેદ ઔદારિક વૈક્રિય ભેદ છે. તેનાથી=ઔદારિક વૈક્રિય શરીરના ભેદથી બે પ્રકારની આ=પરદારા છે, અહીં=પરદારા વિરતિના પ્રકમમાં જાણવી, એમ આગળ અન્વય છે અને અહીં=ગાથામાં 'एयं मुणेयव्वं' છે, એ પ્રકારે પ્રયોગમાં, પ્રાકૃતપણાને કારણે નપુંસકલિંગ અને એકવચનથી નિર્દેશ છે=एतद् શબ્દ પરદારાનો પરામર્શક હોવાથી સ્ત્રીલિંગમાં અને બહુવચનમાં પ્રયોગ કરવો જોઈએ, છતાં પ્રાકૃત હોવાને કારણે પરદારાનો પરામર્શક એવો एतद् શબ્દ નપુંસકલિંગ

અને એકવચનમાં બતાવાયો છે, ત્યાં=પરદારામાં, ઔદારિક શરીરવાળી સ્ત્રીઓ અને તિર્યંચિણીઓ છે, વૈક્રિય શરીરવાળી વિદ્યાધરીઓ અને દેવીઓ છે, તે પરદારા જાણવી એમ અન્વય છે.

અને પોતાની=પોતાની અથવા પોતાના સંબંધી સ્ત્રી, સ્વદારા છે, તેનાથી સંતોષ=મૈથુન આસેવન પ્રત્યે વેશ્યાદિનું વર્જન, એ સ્વદારાસંતોષ છે અને તે=સ્વદારાસંતોષ ચોથું અણુવ્રત છે, એ પ્રમાણે યોજિત જ છે=પ્રસ્તાવથી યોજિત છે અને અહીં=સદારસંતોષમો એ પ્રકારના શબ્દમાં પ્રથમા એકવચનનો લોપ છે; કેમ કે પ્રાકૃતપણું છે, 'મો' એ પાદપૂરણ અર્થે નિપાત છે, અત્ર એ શબ્દથી ચોથા અણુવ્રતમાં વર્જન કરે છે, એ પ્રકારે ઉત્તરથી યોગ છે=ગાથા-૧૬ સાથે સંબંધ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૫॥

ભાવાર્થ :-

ભાવસાધુ વેદના ઉદયવાળા છે, છતાં મન-વચન-કાયાને સંવૃત કરીને સંયમયોગમાં તે રીતે દૃઢ કરે છે, જેથી વેદનો ઉદય શક્તિરૂપે આત્મામાં વિદ્યમાન છે, તે નિમિત્તને પામીને વિકારરૂપે પ્રગટ ન થાય, પરંતુ આત્મામાં રહેલા વેદ આપાદક સંસ્કારો અને સત્તામાં રહેલું વેદ આપાદક કર્મ પ્રતિપક્ષના ભાવનથી સુસાધુ સતત ક્ષીણ કરે છે, તેવા નિર્વિકારી મુનિઓ જેવા જ થવાનો શ્રાવકને અભિલાષ હોય છે; કેમ કે વિકાર વિદ્યમાન હશે ત્યાં સુધી સંસારનો ઉચ્છેદ થશે નહિ, તેવો સ્થિર નિર્ણય વિવેકી શ્રાવકને છે, તેથી તેવા સુસાધુના સત્ત્વની સદા પ્રશંસા કરે છે અને તેવા સત્ત્વને સંચય કરવા અર્થે વિવેકી શ્રાવક સ્વશક્તિનું સમાલોચન કરીને ચોથું અણુવ્રત ગ્રહણ કરે છે. જેથી ગ્રહણ કરાયેલા વ્રતનું સુવિશુદ્ધ પાલન કરીને સાધુ જેવા ચોથા મહાવ્રતનું બળસંચય થાય.

વળી વ્રત ગ્રહણ કરનાર શ્રાવકના ચિત્તની ભૂમિકાના ભેદથી ચોથું અણુવ્રત બે પ્રકારે ગ્રહણ કરાય છે, એક પરદારાની વિરતિ અને બીજું સ્વદારાથી સંતોષ. તેમાંથી જે શ્રાવકનું સ્વદારાથી સંતોષ થાય તેવું ચિત્ત નથી, છતાં બ્રહ્મચર્યની શક્તિના સંચયના અર્થી છે, તેઓ પરદારાની વિરતિ ગ્રહણ કરે છે, તેથી વિકાર અત્યંત સતાવે ત્યારે વેશ્યાદિગમન પણ તેઓ કરે છે, છતાં તેવા પણ શ્રાવકો સદા સાધુના બ્રહ્મચર્યનું ભાવન કરીને વિકારોને શાંત કરવા યત્ન કરે છે, છતાં અનાદિથી સ્થિર થયેલા કામના વિકારો સ્વદારાથી પણ શાંત ન થાય તો અશક્ય પરિહારરૂપે વેશ્યાદિગમન પણ કરે છે અને તેઓને માટે પરદારા ઔદારિક અને વૈક્રિય શરીરના ભેદથી બે પ્રકારની છે, ઔદારિક શરીરવાળી મનુષ્યની સ્ત્રી અને તિર્યંચની સ્ત્રી છે અને વૈક્રિય શરીરવાળી વિદ્યાધરી અને દેવી છે, તેઓને અવલંબીને મનથી ઇચ્છા થાય, કૃત્યથી સેવન થાય તે પરદારાનું સેવન છે. જેમ ભરત મહારાજાએ યુદ્ધકાળમાં ગંગા દેવી સાથે એક હજાર વર્ષ પસાર કર્યાં, તે પરદારાનું સેવન છે, તેથી જે શ્રાવક પરદારાની વિરતિ ગ્રહણ કરે છે, તે ઔદારિક અને વૈક્રિયના ભેદથી બે પ્રકારની પરદારાઓનું વર્જન કરે છે.

વળી જેઓ કંઈક અધિક સત્ત્વવાળા છે, તેઓ સ્વદારાસંતોષ વ્રત ગ્રહણ કરે છે. તેથી તેઓ વેશ્યાદિનું ગમન પણ વર્જન કરીને અને સુસાધુના બ્રહ્મચર્યનું ભાવન કરીને સ્વદારાને આશ્રયીને પણ વિકારને શાંત

કરવા યત્ન કરે છે, અશક્ય પરિહાર જણાય ત્યારે સ્વદારાનું સેવન કરીને વિકારને શાંત કરવા યત્ન કરે છે અને જેઓ સ્વદારાનું જ સેવન કરતા હોય છતાં સુસાધુના બ્રહ્મચર્યનું નિત્ય સ્મરણ કરીને સ્વદારા વિષયક થતા વિકારને શાંત કરવા યત્ન કરતા નથી, પરંતુ સ્વસ્ત્રીમાં લુબ્ધ થઈને વિકારોનું જ પોષણ કરે છે, તેઓ સ્થૂલથી વ્રતનું પાલન કરતા હોય તોપણ સર્વવિરતિની લાલસાવાળો દેશવિરતિનો પરિણામ છે, તેવો પરિણામ નહિ હોવાથી ગુણસ્થાનકની પ્રાપ્તિ કરી શકતા નથી અને વિકારોને વશ મનુષ્યજન્મને નિષ્ફળપ્રાયઃ કરે છે.

વળી સ્ત્રીઓને આશ્રયીને પોતાના પતિથી અન્ય સર્વ પરપુરુષો છે, તેથી સ્ત્રીઓ ચોથું અણુવ્રત ગ્રહણ કરે ત્યારે પરણેલી સ્ત્રી પરપુરુષને આશ્રયીને વ્રત ગ્રહણ કરે છે અને નહિ પરણેલી સ્ત્રી માટે કે વિધવા માટે સર્વ પરપુરુષ છે, તેથી પુરુષ સામાન્યને આશ્રયીને ચોથું અણુવ્રત ગ્રહણ કરે છે.

વળી ચોથું અણુવ્રત ગ્રહણ કરનાર પુરુષે કે સ્ત્રીએ મનથી, વચનથી, કાયાથી, કરણ અને કરાવણને આશ્રયીને જે વિકલ્પો થાય છે, તેનો સમ્યક્ બોધ કરીને જે વિકલ્પથી પોતે સુવિશુદ્ધ ચોથું અણુવ્રત પાળી શકે, તેનું ગ્રહણ કરવું જોઈએ અને અન્ય વિકલ્પથી વિકાર ન થાય તે પ્રકારે ઉચિત પ્રયત્ન કરવો જોઈએ અને તે પ્રકારના બળસંચય અર્થે સર્વથા વેદના ઉદય વગરના તીર્થંકરો અને વેદના ઉદયને સતત ક્ષીણ કરનારા ઋષિઓના સત્ત્વનું ભાવન કરવું જોઈએ અને વિકાર આપાદક નિમિત્તોથી દૂર રહેવું જોઈએ. જેથી સ્વીકારાયેલ ચોથું અણુવ્રત ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને તેના દ્વારા સાધુના જેવું વેદના ઉદયના ઉચ્છેદને અનુકૂળ મહાસત્ત્વ પ્રગટ થાય. **॥૧/૧૫॥**

અવતરણિકા :-

अस्यैवातिचारानाह —

અવતરણિકાર્થ :-

આના જ અતિચારોને કહે છે=ચોથા અણુવ્રતના જ અતિચારોને કહે છે —

ગાથા :-

वज्जइ इत्तरिअपरिग्गहियागमणं अणंगकीडं च ।
परवीवाहक्करणं कामे तिव्वाभिलासं च ।।१/१६।।

છાયા :-

वर्जयति इत्वर्यपरिगृहीतागमनमनङ्गक्रीडाञ्च ।
परविवाहकरणं कामे तीव्राभिलाषञ्च ।।१/१६।।

અન્વયાર્થ :-

इत्तरिअपरिग्गहियागमणं=ઇત્વરપરિગૃહીતાગમન અને અપરિગૃહીતાગમનને, अणंगकीडं च=અનંગક્રીડાને,

परवीवाहकरणं=પરવિવાહકરણને, च=અને, कामे तिव्वाभिलासं=કામમાં તીવ્ર અભિલાષને एत्थ=અહીં=ચોથા અણુવ્રતમાં, वज्जइ=વર્જન કરે છે. (ગાથા-૧૫મીના) અંતનો 'एत्थ' શબ્દ 'અહીં'ના અર્થમાં પ્રસ્તુત ગાથા સાથે સંબંધવાળો છે, તેથી અન્વયમાં 'एत्थ'નું ગ્રહણ કરેલ છે. ॥૧/૧૬॥

ગાથાર્થ :-

ઇત્વરપરિગૃહીતાગમન અને અપરિગૃહીતાગમનને, અનંગક્રીડાને, પરવિવાહકરણને અને કામમાં તીવ્ર અભિલાષને અહીં વર્જન કરે છે. ॥૧/૧૬॥

ટીકા :-

व्याख्या—'वज्जई'त्यादि । वर्जयति परिहरति किम् ? इत्वरी=अयनशीला भाटीप्रदानेन स्तोककालं परिगृहीता वेश्या तथाऽपरिगृहीता वेश्यैवागृहीताऽन्यसत्कभाटिः कुलाङ्गना वा अनाथेति, तयोर्गमनमासेवनमित्वर्यपरिगृहीतागमनम् तथाऽङ्गं देहावयवो मैथुनापेक्षया योनिर्मेहनं च, तद्व्यतिरिक्तान्यनङ्गानिकुचकक्षोरुवदनादीनि तेषु क्रीडा रमणमनङ्गक्रीडा अथवाऽनङ्गः कामस्तस्य तेन वा क्रीडाऽनङ्गक्रीडा, स्वलिङ्गेन निष्पन्नप्रयोजनस्याहार्यैश्चर्मादिघटितप्रजननैर्योषिदवाच्यदेशासेवनमित्यर्थः, अतस्ताम् चशब्दः समुच्चये तथा परेषां स्वस्यापत्यव्यतिरिक्तानां जनानां विवाहकरणं कन्याफललिप्सया स्नेहसम्बन्धादिना वा परिणयनविधानं परविवाहकरणम् इह च स्वापत्येष्वपि सङ्ख्याभिग्रहो न्याय्यः तथा कामे कामोदयजन्ये मैथुने अथवा सूचनात्सूत्रमिति न्यायात् कामे कामभोगेषु, तत्र कामौ शब्दरूपे भोगाः गन्धरसस्पर्शास्तेषु तीव्राभिलाषोऽत्यन्ततदध्यवसायित्वम् यतो वाजीकरणादिनानवरतसुरतसुखार्थं मदनमुद्दीपयतीत्यतस्तम् चशब्दः समुच्चये एतानि समाचरन्नतिचरति चतुर्थाणुव्रतमत एतान् वर्जयतीति ।

ટીકાર્થ :-

वर्जयति .... वर्जयतीति । 'वज्जईत्यादि' પ્રતીક છે. વર્જન કરે છે=ચોથા અણુવ્રતવાળો શ્રાવક વર્જન કરે છે.

શું વર્જન કરે છે ? એથી કહે છે –

ઇત્વરી ગમનશીલા=ભાડું આપવા વડે થોડા કાળ માટે ગ્રહણ કરાયેલી વેશ્યા ઇત્વરી પરિગૃહીતા છે અને અપરિગૃહીતા=અન્યથી ભાડું નહિ અપાયેલી એવી વેશ્યા જ અપરિગૃહીતા છે અથવા અનાથ એવી કુલાંગના=કુલીન સ્ત્રી, અપરિગૃહીતા છે, તે બેનું=ઇત્વરપરિગૃહીતા અને અપરિગૃહીતા એ બેનું, ગમન=આસેવન, ઇત્વરીઅપરિગૃહીતાગમન છે.

અને અંગ=મૈથુનની અપેક્ષાએ સ્ત્રીની યોનિ અને પુરુષના ચિહ્નરૂપ દેહનો અવયવ અંગ છે, તેનાથી વ્યતિરિક્ત અન્ય અંગો=સ્તન-કેડ-ઉરુ-મુખ આદિ તેઓમાં ક્રીડા-રમણ, અનંગક્રીડા છે=સંભોગની

ક્રિયાને છોડીને સ્ત્રીના અન્ય અવયવો સાથે ક્રીડા કરવી તે અનંગક્રીડા છે અથવા અનંગ=કામ, તેની ક્રીડા અથવા તેનાથી ક્રીડા અનંગક્રીડા છે, સ્વલિંગ દ્વારા નિષ્પ્રયોજનવાળા પુરુષના આહાર્ય એવા ચર્માદિથી ઘટિત પ્રજનન દ્વારા=પુરુષના લિંગ દ્વારા, સ્ત્રીના અવાચ્ય દેશનું આસેવન અનંગક્રીડા છે, આથી તેને=અનંગક્રીડાને, વર્જન કરે છે એમ અન્વય છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

અને પરનું=પોતાના પુત્રાદિથી વ્યતિરિક્ત જનોના વિવાહકરણ=કન્યાના ફળની લિપ્સાથી કે સ્નેહ=સંબંધાદિથી પરણાવવાની ક્રિયા પરવિવાહકરણ છે અને અહીં=વિવાહ કરાવવાના વિષયમાં, પોતાના પુત્રાદિમાં પણ સંખ્યાનો અભિગ્રહ ન્યાય્ય છે, તેથી શ્રાવકે પરના વિવાહોનું વર્જન કરવું જોઈએ એમ અન્વય છે.

અને કામમાં=કામના ઉદયજન્ય મૈથુનમાં, અથવા 'सूचनात् सूत्रं' એ ન્યાયથી કામમાં=કામભોગોમાં, તીવ્ર અભિલાષનો ત્યાગ કરે છે, એમ અન્વય છે. ત્યાં=કામભોગોમાં, કામ શબ્દ અને રૂપ સ્વરૂપ છે અને ભોગો ગંધ, રસ અને સ્પર્શાદિરૂપ છે. તેઓમાં અત્યંત તદધ્યવસાયીપણું શ્રાવક વર્જન કરે છે, એમ અન્વય છે. જે કારણથી વાજીકરણાદિ દ્વારા સતત સ્ત્રીના ભોગના સુખ માટે કામને ઉદ્દીપન કરે છે=પાંચ ઇન્દ્રિયોના વિષયોનું અતિશય સેવન કામને ઉદ્દીપન કરે છે. એથી તેનું શ્રાવક વર્જન કરે છે, 'च' શબ્દ સમુચ્ચયમાં છે. આમને=પૂર્વમાં બતાવ્યા એ પાંચ અતિચારોને, આચરતો શ્રાવક ચોથા અણુવ્રતનું અતિચરણ કરે છે, આથી આમને=પાંચે અતિચારોને, વર્જન કરે છે.

ભાવાર્થ :-

જે શ્રાવક સંસારથી અત્યંત ભય પામેલ છે, મોક્ષના અત્યંત અર્થી છે, તેથી સાધુની જેમ સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવા માટે એક અભિલાષવાળા છે, છતાં પોતાના વિકારી માનસને જાણે છે, તેથી બાહ્ય ત્યાગ શક્ય હોવા છતાં વિકારોનું ઉન્મૂલન શક્ય નથી, તેમ જાણીને પોતાની શક્તિ અનુસાર ચોથું અણુવ્રત ગ્રહણ કર્યા પછી વિકારવૃદ્ધિના કારણીભૂત પાંચ પ્રકારના અતિચારોનું સૂક્ષ્મ સ્વરૂપ બુદ્ધિથી વિચારે છે અને સદા તે અતિચારો પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારે તે અતિચારોની અનર્થકારિતાનું ભાવન કરે છે. જેથી મનથી પણ અતિચારોનું સેવન થાય નહિ, છતાં કામના વિકારો દુર્જય છે, તેથી નિમિત્તને પામીને પ્રસ્તુતમાં બતાવેલા પાંચ અતિચારોમાંથી કોઈક અતિચારનું સેવન અનાભોગાદિથી થાય ત્યારે પણ દેશવિરતિનું પાલન સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયમાં વિઘ્નભૂત બને છે અને જે શ્રાવકો તે અતિચારોના પરિહારપૂર્વક ક્વચિદ્ ભોગની ઇચ્છા થાય ત્યારે પણ વિવેકપૂર્વક ભોગ કરે તો તે ભોગની વૃત્તિ ધીરે ધીરે શાંત થવાથી ક્ષીણ શક્તિવાળી થાય છે. આથી જ વિવેકી શ્રાવક પાંચે ઇન્દ્રિયોના વિષયમાં પણ તીવ્ર અભિલાષ કરતા નથી, જેનાથી કામ ઉદ્દીપન પામે. વળી, પોતાની સ્ત્રીના શરીર સાથે પણ ભોગક્રિયા સિવાય અન્ય ક્રીડા કરતા નથી.

વળી બીજાના વિવાહ કરવાથી પણ કામવૃત્તિનું ઉદ્દીપન થાય છે; કેમ કે આ સારું કૃત્ય છે, તેવી બુદ્ધિ પુષ્ટ થાય છે, માટે વિવેકી શ્રાવક કોઈના લગ્નાદિમાં પ્રયત્ન કરે નહિ, પરંતુ પોતાના પુત્રાદિમાં પણ સંખ્યાનો નિયમ કરે છે. જેથી લગ્નાદિની ક્રિયા કરાવવી તે ઉચિત છે તેવી બુદ્ધિ થાય નહિ, પરંતુ શ્રાવક

અશક્ય પરિહારરૂપે જ સ્વયં લગ્નાદિ કરે છે અને પુત્રાદિના પણ લગ્નાદિ કરાવે છે. વળી વેશ્યા અપરિગૃહીત હોય કે પરિગૃહીત હોય તોપણ તેનું વર્જન કરવા યત્ન કરે છે. ફક્ત પરદારાની વિરતિવાળો શ્રાવક અત્યંત વિકારને કારણે વેશ્યાનું વર્જન અશક્ય જણાય ત્યારે વેશ્યાનું સેવન કરે તોપણ સદા વર્જનને અનુકૂળ યત્નવાળા રહે છે. વળી સ્વદારાસંતોષી તો અવશ્ય તેનું વર્જન કરે છે.

ટીકા :-

इह चाद्यावतिचारौ स्वदारसंतोषिण एव नेतरस्य शेषास्तु द्वयोरपीति हरिभद्रसूरिमतमेतदेव च सूत्रानुपाति । यदाह—'सदारसंतोसस्स इमे पंच अइयारा' [] **इत्यादि । भावना चैवम्—अत्र भाटीप्रदानेनेत्वरकालस्वीकारेण स्वकलत्रीकृत्य वेश्यां भुञ्जानस्य स्वकीयकल्पनया स्वदारत्वेन व्रतसापेक्षचित्तत्वान्न भङ्गः अल्पकालपरिग्रहाच्च वस्तुतोऽस्वकलत्रत्वाद् भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः, अपरिगृहीतागमनं त्वनाभोगादिनाऽतिक्रमादिना वातिचारः, परदारवर्जिनो नैतावतिचारौ, इत्वरकालपरिगृहीताऽपरिगृहीतयोर्वेश्यात्वेनानाथकुलाङ्गनायास्त्वनाथतयैवापरदारत्वादिति । अपरे त्वाहुः—इत्वरपरिगृहीतागमनं स्वदारसंतोषवतोऽतिचारः, अपरिगृहीतागमनं तु परदारवर्जिनः तत्र प्रथमभावना पूर्ववत् द्वितीयभावना त्वेवम्—अपरिगृहीता नाम वेश्या, तां यदा गृहीतान्यसत्कभाटिकामभिगच्छति, तदा परदारगमनजन्यदोषसंभवात्कथंचित्परदारत्वाच्च भङ्गः, वेश्यात्वाच्चाभङ्ग इत्यतिचार इति । अन्ये पुनरन्यथा प्राहुः—**

'परदारवज्जिणो पंच होंति तिन्नि उ सदारसंतुट्ठे ।

इत्थिए तिन्नि पंच व भंगविगप्पेहिं नायव्वं ।।४१।।' [**सम्बोधप्रकरण**]

इह भावना-परेणेत्वरकालं या परिगृहीता वेश्या तद्गमनमतिचारः परदारवर्जिनः, कथंचित्तस्याः परदारत्वात् । तथाऽपरिगृहीताया अनाथकुलाङ्गनाया यद् गमनं तदपि तस्यैवातिचारः, लोके परदारत्वेन तस्या रूढत्वात्, तत्कामुककल्पनया च परस्य भर्त्रादेरभावेनापरदारत्वात्, शेषास्तूभयोरपि स्युः । तथाहि—स्वदारसंतोषिणः स्वकलत्रेऽपि तदितरस्य तु वेश्यास्वकलत्रयोरपि यदनङ्गरतं, तत्साक्षादप्रत्याख्यातमपि न विधेयं, यतोऽसावत्यन्तभीरुतया ब्रह्मचर्यं चिकीर्षुरपि यदा वेदोदयासहिष्णुत्वात्तद्विधातुं न शक्नोति, तदा यापनामात्रार्थं स्वदारसंतोषादि प्रतिपद्यते । मैथुनमात्रेणैव च यापनायाः संभवादनङ्गरतमर्थतः प्रत्याख्यातमेव । एवं परविवाहतीव्रकामाभिलाषावपीत्यतकथञ्चित्प्रत्याख्यातप्रवृत्तेरतीचारता तेषाम् । अन्ये त्वनङ्गक्रीडामेवं भावयन्ति-स हि निधुवनमेव व्रतविषय इति स्वकीयकल्पनया तत्परिहरन् स्वदारसंतोषी वेश्यादौ, परदारवर्जकस्तु परदारेष्वालिङ्गनादिरूपामनङ्गक्रीडां कुर्वन् कथञ्चिदेवातिचरति व्रतं व्रतसापेक्षत्वादिति । तथा स्वदारसंतोषवता स्वकलत्रादितरेण च

स्वकलत्रवेश्याभ्यामन्यत्र मनोवाक्कायैर्मैथुनं न कार्यं न च करणीयमित्येवं यदा प्रतिपन्नं व्रतं भवति, तदा परविवाहकरणतस्तत्कारणमर्थतोऽनुष्ठितं भवति तद्व्रती च मन्यते—विवाह एवायंमया विधीयते, न मैथुनमिति, ततो व्रतसापेक्षत्वादतिचार इति ।

ટીકાર્થ :-

इह चाद्यावतिचारौ ..... व्रतसापेक्षत्वादतिचार इति । અને અહીં=પાંચ અતિચારોમાં, પ્રથમના બે અતિચાર સ્વદારાસંતોષીને જ છે, ઇતરને નહિ=પરદારાવિરમણ વ્રતવાળા શ્રાવકને નહિ, વળી શેષ અતિચારો બન્નેને પણ છે=સ્વદારાસંતોષી અને પરદારાની વિરતિવાળા બન્નેને પણ છે, એ પ્રમાણે પૂ. હરિભદ્રસૂરિ મહારાજનો મત છે અને આ જ સૂત્ર અનુપાતિ છે, જેને કહે છે —

"સ્વદારાસંતોષવાળા શ્રાવકને આ પાંચ અતિચારો છે." () **ઇત્યાદિ.**

અને ભાવના આ પ્રમાણે છે — અહીં=આદ્ય બે અતિચારમાં, ભાડું આપવા વડે અલ્પકાળ સ્વીકારથી પોતાની સ્ત્રી કરીને વેશ્યાને ભોગવતા પુરુષને સ્વકલ્પનાથી પોતાની સ્ત્રીપણું હોવાને કારણે વ્રત સાપેક્ષ ચિત્તપણું હોવાથી ભંગ નથી અને અલ્પકાળ માટે પરિગ્રહ હોવાથી વસ્તુતઃ પોતાની સ્ત્રીપણાનો અભાવ હોવાથી=વેશ્યામાં પોતાની સ્ત્રીપણાનો અભાવ હોવાથી, ભંગ છે. એથી ભંગાભંગરૂપ અતિચાર છે=સ્વદારાસંતોષવાળા શ્રાવકને ઇત્વરી એવી વેશ્યાનું ગમન અતિચારરૂપ છે. વળી અપરિગૃહીતાગમન અનાભોગાદિથી કે અતિક્રમાદિથી અતિચાર છે=સ્વદારાસંતોષવ્રતવાળાને અતિચાર છે અર્થાત્ અન્ય દ્વારા ભાડું આપીને ગ્રહણ કરાયેલી ન હોય તેવી વેશ્યાને સ્વસ્ત્રી કર્યા વગર ભોગવે તો સ્વદારાસંતોષવ્રતનો ભંગ જ થાય, પરંતુ મનમાં વિચાર આદિ આવે કે અનાભોગથી તેવી પ્રવૃત્તિ થાય તો જ અતિચાર બને. પરદારાવર્જી શ્રાવકને આ બે=પ્રથમના બે અતિચાર, નથી; કેમ કે અલ્પકાળ પરિગૃહીતનું અને અપરિગૃહીતનું વેશ્યાપણું હોવાને કારણે અને અનાથ જેવી કુલાંગનાનું અનાથપણું હોવાને કારણે જ પરસ્ત્રીપણું નથી, માટે પરદારાવર્જીને અતિચાર નથી એમ અન્વય છે.

વળી બીજા આચાર્ય કહે છે=આદ્ય બે અતિચાર વિષયક કહે છે —

ઇત્વરપરિગૃહીતાગમન=ભાડું આપીને કેટલાક સમય માટે પોતાની સ્ત્રી રૂપે સ્વીકારીને વેશ્યાનું સેવન, સ્વદારાસંતોષવાળા શ્રાવકને અતિચાર છે. વળી અપરિગૃહીતાનું ગમન પરદારાવર્જી શ્રાવકનો અતિચાર છે, ત્યાં=બીજા આચાર્યના મતમાં, પ્રથમ અતિચારની ભાવના પૂર્વની જેમ છે=પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના મતાનુસાર બતાવ્યું એ પ્રમાણે છે. વળી, બીજાની ભાવના=બીજા અતિચારની ભાવના, આ પ્રમાણે છે — અપરિગૃહીતા વેશ્યા છે, જ્યારે ભાડું આપીને બીજા દ્વારા ગ્રહણ કરાયેલી એવી તેને સેવે છે, ત્યારે પરસ્ત્રીગમનજન્ય દોષનો સંભવ હોવાથી અને કથંચિત્ પરદારાપણું હોવાથી=વેશ્યાનું ભાડું આપનાર પુરુષની સ્ત્રીપણું હોવાથી, ભંગ છે અને વેશ્યાપણું હોવાથી=પરસ્ત્રી નથી, પરંતુ વેશ્યાપણું હોવાથી, અભંગ છે, એથી અતિચાર છે=પરદારાવર્જી શ્રાવકને અતિચાર છે.

વળી અન્ય આચાર્ય અન્યથા કહે છે –

"પરદારાવર્જીને પાંચ અતિચારો થાય છે, સ્વદારાસંતુષ્ટમાં ત્રણ અતિચારો થાય છે, સ્ત્રીમાં ત્રણ અથવા પાંચ અતિચાર ભંગના વિકલ્પોથી જાણવા. ।।૧।।" **(સંબોધ પ્રકરણ)**

અહીં=અન્ય આચાર્યના મતમાં, ભાવના આ પ્રમાણે છે – પર વડે અલ્પકાળ માટે જે ગ્રહણ કરાયેલી વેશ્યા તેનું સેવન પરદારાવર્જીને અતિચાર છે; કેમ કે કથંચિત્ તેનું પરદારાપણું છે=અલ્પકાળ માટે ભાડું અપાયેલ હોવાથી તે વેશ્યાનું તે પુરુષની સ્ત્રીપણું છે અને અપરિગૃહીત એવી અનાથ કુલીન સ્ત્રીનું જે સેવન તે પણ તેનો જ=પરદારાવર્જી શ્રાવકનો, અતિચાર છે; કેમ કે લોકમાં પરસ્ત્રીપણાથી તેનું=અનાથ કુલાંગનાનું, રૂઢપણું છે અને તેના કામુકની કલ્પનાથી=અનાથ કુલાંગનાની કામનાવાળા શ્રાવકની કલ્પનાથી, ભર્તા આદિ પરનો અભાવ હોવાને કારણે અપરદારાપણું છે, માટે અતિચાર છે એમ અન્વય છે.

વળી શેષ ત્રણ અતિચારો ઉભયને પણ થાય=પરદારાવર્જી અને સ્વદારાસંતોષી શ્રાવક બંનેને પણ થાય, તે આ પ્રમાણે – સ્વદારાસંતોષી શ્રાવકને સ્વસ્ત્રીમાં પણ, વળી તેનાથી ઇતરને=પરદારાવર્જી શ્રાવકને, વેશ્યા અને પોતાની સ્ત્રીમાં પણ જે અનંગરત=સ્ત્રીનાં અન્ય અંગો સાથેની ક્રીડા, તે સાક્ષાત્ અપ્રત્યાખ્યાત હોવા છતાં પણ કરવું જોઈએ નહિ, જે કારણથી આ=બન્ને પ્રકારના શ્રાવકો, અત્યંત પાપભીરુપણાને કારણે બ્રહ્મચર્યને કરવાની ઇચ્છાવાળા પણ જ્યારે વેદના ઉદયનું અસહિષ્ણુપણું હોવાથી તેને કરવા માટે=બ્રહ્મચર્યનું પાલન કરવા માટે, સમર્થ નથી, ત્યારે યાપના માત્ર પ્રયોજનથી=કામને શાંત કરવા માત્રના પ્રયોજનથી=સ્વદારાસંતોષ આદિ સ્વીકારે છે અને મૈથુનના સેવન માત્રથી જ યાપનાનો સંભવ હોવાથી=કામવૃત્તિના શમનનો સંભવ હોવાથી, અનંગક્રીડા અર્થથી પ્રત્યાખ્યાન જ છે, આ રીતે=જે રીતે અનંગક્રીડા પ્રત્યાખ્યાત છે એ રીતે, પરવિવાહનું કરણ અને કામનો તીવ્ર અભિલાષ પણ અર્થથી પ્રત્યાખ્યાત જ છે. આથી કથંચિત્ પ્રત્યાખ્યાતની પ્રવૃત્તિ હોવાને કારણે તેઓની અતિચારતા છે=અનંગક્રીડા આદિ ત્રણની અતિચારતા છે.

વળી અન્ય આચાર્ય અનંગક્રીડાને આ પ્રમાણે ભાવન કરે છે – તે=વ્રત લેનાર શ્રાવક, નિધુવન જ=કામનું સેવન જ, વ્રતનો વિષય છે, એ પ્રમાણે સ્વકીય કલ્પનાથી સ્વદારાસંતોષી શ્રાવક વેશ્યાદિમાં તેનો પરિહાર કરતો=કામના સેવનનો પરિહાર કરતો, વળી પરદારાવર્જક શ્રાવક પરસ્ત્રીઓમાં આલિંગનાદિ રૂપ અનંગક્રીડાને કરતો કથંચિદ્ જ વ્રતનું અતિચરણ કરે છે; કેમ કે વ્રતનું સાપેક્ષપણું છે=સ્વદારાસંતોષી વેશ્યાદિમાં અનંગક્રીડા કરવા છતાં ભોગક્રિયા કરતો નથી. તેથી વ્રતસાપેક્ષપણું છે અને પરદારાવર્જક પરસ્ત્રી સાથે અનંગક્રીડા કરવા છતાં ભોગનું વર્જન કરે છે. તેથી વ્રતસાપેક્ષપણું છે અને સ્વદારાસંતોષવાળા શ્રાવકથી અને પોતાની સ્ત્રીથી ઇતરના ત્યાગવાળા શ્રાવકથી પોતાની સ્ત્રીથી અને વેશ્યાથી અન્યમાં મન-વચન-કાયાથી મૈથુન કરવું જોઈએ નહિ અને કરાવવું જોઈએ નહિ, એ પ્રમાણે જ્યારે સ્વીકારાયેલું વ્રત છે, ત્યારે પરવિવાહકરણથી તેનું કારણ=મૈથુનનું કરાવવું અર્થથી સેવાયેલું થાય છે અને તેના વ્રતવાળા શ્રાવક 'મારા વડે આ વિવાહ જ કરાય છે, મૈથુન નહિ'

એ પ્રમાણે માને છે, તેથી વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર છે=વ્રત ગ્રહણ કરનારા શ્રાવકને વિવાહ કરાવવો અતિચાર છે.

ભાવાર્થ :-

પૂ. હરિભદ્રસૂરિ મહારાજનો મત, અન્ય આચાર્યોના મત વગેરે જે ભેદો કર્યા તે ભેદોમાં પરસ્પર કોઈ વિરોધ નથી, પરંતુ જેમ પોતાનો આત્મા દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે, તે કથન ભિન્ન દૃષ્ટિથી હોવાથી પરસ્પર વિરુદ્ધ નથી, તેમ અતિચાર શબ્દનો અર્થ પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે અન્ય રીતે યોજન કરીને સ્વદારાસંતોષીને પાંચ અતિચાર કહ્યા અને પરદારાવર્જીને ત્રણ અતિચાર કહ્યા. વળી અન્ય આચાર્યએ પરદારાવર્જીને પાંચ અતિચાર કહ્યા અને સ્વદારાસંતોષીને ત્રણ અતિચાર કહ્યા અને તેનું યોજન જે પ્રકારે ટીકામાં બતાવ્યું છે, તે પ્રમાણે કરીએ તો પરદારાવર્જીને પાંચ અતિચારો પ્રાપ્ત થાય છે અને સ્વદારાસંતોષીને ત્રણ જ અતિચારો પ્રાપ્ત થાય છે. તેથી આ બન્ને મતો પરસ્પર વિરુદ્ધ નથી, પરંતુ અપેક્ષાભેદથી ઉચિત રીતે યોજન કરાયા છે, માટે નિપુણતાપૂર્વક તે બન્ને ભેદોને જાણવા યત્ન કરવો જોઈએ.

ટીકા :-

ननु परविवाहकरणे कन्याफललिप्सा कारणमुक्तं, तत्र किं सम्यग्दृष्टिरसौ व्रती मिथ्यादृष्टिर्वा यदि सम्यग्दृष्टिस्तदा तस्य न सा संभवति, सम्यग्दृष्टित्वादेव अथ मिथ्यादृष्टिस्तदा मिथ्यादृष्टेरणुव्रतानि न भवन्त्येवेति कथं सा परविवाहकरणलक्षणातिचारकारणमिति ? सत्यं, केवलमव्युत्पन्नावस्थायां सापि संभवति । किं च यथाभद्रकस्य मिथ्यादृशोऽपि सन्मार्गप्रवेशनायाभिग्रहमात्रं ददत्यपि गीतार्थाः, यथार्यसुहस्ती रङ्कस्य सर्वविरतिं दत्तवान् । इदं च परविवाहकरणवर्जनं स्वापत्यव्यतिरिक्तेष्वेव न्याय्यं अन्यथाऽपरिणीता कन्या स्वच्छन्दचारिणी स्यात् ततश्च शासनोपघातः स्यात् विहितविवाहा तु कृतव्रतबन्धत्वेन न तथा स्यादिति । यच्चोक्तं स्वापत्येष्वपि सङ्ख्याभिग्रहो न्याय्यस्तच्चिन्तकान्तर-सद्भावे न्याय्यम्, सुतसङ्ख्यापूर्तौ चापत्यान्तरोत्पत्तिपरिहारोपायत इति । अपरे पुनराहुः—परोऽन्यो यो विवाह आत्मन एव विशिष्टसंतोषाभावाद्योषिदन्तराणि प्रति विवाहान्तरकरणं तत्परविवाहकरणम् अयं च स्वदारसंतोषिण इति । स्त्रियास्तु स्वपुरुषसंतोषपरपुरुषवर्जनयोर्न भेदः, स्वपुरुषव्यतिरेकेणान्येषां सर्वेषां परपुरुषत्वात् ततोऽनङ्गक्रीडादयस्त्रयः स्वदारसंतोषिण इव स्वपुरुषविषये स्युः । आद्यस्तु यदा स्वकीयपतिः सपत्न्या वारकदिने परिगृहीतो भवति, तदा सपत्नीवारकमतिक्रम्य तं परिभुञ्जानाया अतिचारः, द्वितीयस्त्वतिक्रमादिना परपुरुषमभिसरन्त्याः समवसेयः, ब्रह्मचारिणस्त्वतिक्रमादिनाऽतिचार इति गाथार्थः ।।१/१६।।

ટીકાર્થ :-

ननु ..... गाथार्थः ।। 'ननु'થી શંકા કરે છે — **પરવિવાહકરણમાં કન્યાફળની લિપ્સા કારણ છે, એમ**

પૂર્વમાં કહેવાયું, ત્યાં આ વ્રતી શું સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ છે ? જો સમ્યગ્દૃષ્ટિ છે તો તેને તે= કન્યાફળની લિપ્સા, સંભવતી નથી; કેમ કે સમ્યગ્દૃષ્ટિપણું જ છે=ભોગ અત્યંત પરિહાર્ય છે તેવો બોધ જ છે, હવે મિથ્યાદૃષ્ટિ છે=કન્યાફળની લિપ્સાવાળો મિથ્યાદૃષ્ટિ છે, તો મિથ્યાદૃષ્ટિને અણુવ્રતાદિ થતાં નથી જ, એથી કેવી રીતે તે=કન્યાફળની લિપ્સા, પરવિવાહકરણરૂપ અતિચારનું કારણ બને ? એથી કહે છે –

તારી વાત સાચી છે, ફક્ત અવ્યુત્પન્ન અવસ્થામાં=શાસ્ત્રના તાત્પર્યના વિષયમાં અવ્યુત્પન્ન અવસ્થાવાળાં વ્રત ગ્રહણ કરનારમાં, તે પણ=કન્યાફળની લિપ્સા પણ, સંભવે છે. વળી યથાભદ્રક મિથ્યાદૃષ્ટિને પણ સન્માર્ગમાં પ્રવેશ કરાવવા માટે અભિગ્રહ માત્રને ગીતાર્થો આપે પણ છે, જે પ્રમાણે – આર્યસુહસ્તિસૂરિએ ભિખારીને સર્વવિરતિ આપી અને આ પરવિવાહના કરણનું વર્જન પોતાના પુત્રથી વ્યતિરિક્તોમાં જ ન્યાય્ય છે, અન્યથા=પુત્રાદિના વિવાહ કરવામાં ન આવે તો, નહિ પરણાવાયેલી કન્યા સ્વચ્છંદાચારિણી થાય અને તેથી શાસનનો ઉપઘાત થાય=શ્રાવકના વ્રતની નિંદા થાય. વળી કરાયેલા વિવાહવાળી કન્યા કૃતવ્રતના બંધપણાને કારણે તે પ્રમાણે ન થાય=સ્વચ્છંદાચારિણી ન થાય અને જે કહેવાયું=પૂર્વમાં કહેવાયું – "પોતાના પુત્રોમાં પણ સંખ્યાનો અભિગ્રહ ન્યાય્ય છે." () તે ચિંતનકાન્તરના સદ્ભાવમાં ન્યાય્ય છે=પોતાના પુત્રોના લગ્નની ચિંતા કરનાર અન્ય વિદ્યમાન હોય તો ઉચિત છે અને પુત્રની સંખ્યાની પૂર્તિ હોતે છતે અન્ય પુત્રની ઉત્પત્તિના પરિહારના ઉપાયથી સંખ્યાનો નિયમ ન્યાય્ય છે=પોતાના જેટલા પુત્રો હોય તેટલા પુત્રોનાં જ હું લગ્ન કરાવીશ અને હવે બ્રહ્મચર્યના સેવન દ્વારા નવા પુત્રોની ઉત્પત્તિનો પરિહાર કરીશ, એ રીતે પુત્રોની સંખ્યાનો નિયમ ન્યાય્ય છે.

વળી બીજા કહે છે – પર=અન્ય, જે વિવાહ=પોતાને જ વિશિષ્ટ સંતોષનો અભાવ હોવાથી બીજી સ્ત્રીઓ પ્રત્યે વિવાહાંતરનું કરણ તે પરવિવાહકરણ છે અને આ=પ્રસ્તુતમાં બતાવ્યું એ પ્રમાણે નવી અન્ય સ્ત્રી સાથે લગ્ન એ, સ્વદારાસંતોષીનો અતિચાર છે.

વળી સ્ત્રીઓને પોતાના પુરુષથી સંતોષ અને પરપુરુષના વર્જનમાં ભેદ નથી; કેમ કે પોતાના પુરુષથી વ્યતિરિક્ત અન્ય સર્વ પુરુષોનું પરપુરુષપણું છે, તેથી અનંગક્રીડાદિ ત્રણ સ્વદારાસંતોષીની જેમ સ્વપુરુષના વિષયમાં થાય, વળી પ્રથમ અતિચાર જ્યારે સ્વકીય પતિ સપત્નીના વારાના દિવસે ગ્રહણ કરાયેલો થાય ત્યારે સપત્નીના વારાનું અતિક્રમણ કરીને તેને ભોગવનારી સ્ત્રીને અતિચાર થાય. વળી બીજો અતિચાર અતિક્રમાદિથી પરપુરુષને ઇચ્છતી એવી સ્ત્રીને જાણવો. વળી બ્રહ્મચારીઓને અતિક્રમાદિથી અતિચાર થાય, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૬॥

ભાવાર્થ :-

સમ્યગ્દૃષ્ટિ જીવો બહુલતાએ વ્યુત્પન્ન હોય, તેથી દેશથી ચોથું અણુવ્રત ગ્રહણ કર્યા પછી કન્યાફળની લિપ્સાથી પરવિવાહ કરાવે નહિ, આમ છતાં કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવને કોઈક ઉપદેશક દેવ-ગુરુ-ધર્મનું

યથાર્થ સ્વરૂપ બતાવે અને તેનાથી દેવ-ગુરુ-ધર્મના વિષયમાં સૂક્ષ્મ બોધપૂર્વક 'આ જ દેવ છે,' 'આ જ ગુરુ છે' અને 'આ જ ધર્મ મોક્ષનું કારણ છે' તેવી સ્થિર બુદ્ધિ થયેલી હોય, તેથી સર્વજ્ઞના વચન પ્રત્યે મોક્ષનું આ એક કારણ છે, તેવી બુદ્ધિપૂર્વક રુચિ વર્તતી હોય અને સર્વવિરતિની ઇચ્છાવાળા તેને દેશથી બ્રહ્મચર્ય પાળવાનો પરિણામ થયેલો હોય, પરંતુ બુદ્ધિ એ પ્રકારની વિશિષ્ટ વ્યુત્પન્ન ન હોય અથવા શાસ્ત્રઅભ્યાસથી તે પ્રકારે વ્યુત્પન્ન ન થઈ હોય તે અવસ્થામાં તેને લાગે કે 'આ કન્યા લગ્ન નહિ થાય તો દુઃખી થશે, તેથી તેનું લગ્ન કરાવીને હું તેના દુઃખને ટાળું, જેથી ઉચિત સ્થાને લગ્ન કરાવાથી મને સુંદર ફળ પ્રાપ્ત થાય,' તેવી બુદ્ધિને કારણે કન્યાફળની લિપ્સાથી પરવિવાહ કરાવે તે કથન સમ્યગ્દૃષ્ટિને માટે સંભવી શકે. વળી ક્યારેક ભદ્રક એવા મિથ્યાદૃષ્ટિ જીવોને પણ ગીતાર્થ સન્માર્ગમાં પ્રવેશ કરાવવા માટે અભિગ્રહો આપે છે. તેમ કોઈક ભદ્રક પ્રકૃતિવાળા મિથ્યાદૃષ્ટિ દેશથી બ્રહ્મચર્ય સ્વીકાર્યા પછી નિમિત્તને પામીને કન્યાદાનના ફળની ઇચ્છાથી પરવિવાહ કરાવે તે સંભવી શકે, માટે કન્યાફળની લિપ્સાથી પરવિવાહકરણ થાય છે, એમ પૂર્વમાં કહેલું છે.

વળી પરવિવાહકરણના વર્જન માટે શ્રાવકે પોતાના પુત્રાદિ માટે નિયમ કરવાની જે વિધિ છે, તેનાથી સૂચિત થાય છે કે પરવિવાહ કરવો ઉચિત નથી, વર્જ્ય છે, ફક્ત પોતાના પુત્રાદિના વિવાહ કર્યા વગર શ્રાવકને ચાલે તેમ ન હોય, તેથી તેનું નિયમન કરે છે, જેમ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકતો નથી. તેથી દેશથી બ્રહ્મચર્ય સ્વીકારે છે તેમ પોતાના પુત્રાદિનાં લગ્ન કર્યા વગર ચાલે તેમ નથી, માટે તેની સંખ્યાનો નિયમ કરે છે. આમ છતાં વિવેક વગર પોતાના પુત્રાદિની સંખ્યાનો નિયમ કરે તો નહિ પરણાવાયેલી કન્યા સ્વચ્છંદાચારિણી થાય, તેથી શાસનનો ઉડ્ડાહ થાય, લોકમાં નિંદા થાય કે આ શ્રાવકે ધર્મબુદ્ધિથી આ પુત્રીનું જીવન વિનાશ કર્યું, તેથી વિવેકી શ્રાવકે પોતાના પુત્રાદિના વિષયમાં સંખ્યાદિનો નિયમ પણ કોઈનું અહિત ન થાય તે રીતે કરવો જોઈએ.

તેથી એ પ્રાપ્ત થાય કે પુત્રાદિનાં લગ્ન કરાવવામાં શ્રાવકને કામ સેવવાને અનુકૂળ કરાવણ નથી, પરંતુ તેના અહિતના નિવારણને અનુકૂળ લગ્ન કરાવવાની પ્રવૃત્તિ છે અને પોતાના પુત્રાદિથી અન્યના વિવાહના કરણમાં તેઓને કામના સેવનની પ્રવૃત્તિની કરાવણની પ્રાપ્તિ છે, માટે અતિચાર છે. **॥૧/૧૬॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं चतुर्थमणुव्रतमधुना पञ्चममाह—

અવતરણિકાર્થ :-

અતિચાર સહિત ચોથું અણુવ્રત કહેવાયું. હવે પાંચમું અણુવ્રત કહે છે —

ગાથા :-

इच्छापरिमाणं खलु असयारंभविणिवित्तिसंजणगं ।
खेत्ताइवत्थुविसयं चित्तादविरोहओ चित्तं ।।१/१७।।

છાયા :-

इच्छापरिमाणं खलु असदारम्भविनिवृत्तिसञ्जनकम् ।
क्षेत्रादिवस्तु विषयं चित्ताद्यविरोधतः चित्रम् ।।१/१७।।

અન્વયાર્થ :-

असयारंभविणिवित्तिसंजणगं=અસદ્ આરંભની વિનિવૃત્તિનું સંજનક, खेत्ताइवत्थुविसयं=ક્ષેત્રાદિ વસ્તુના વિષયવાળું, चित्तादविरोहओ चित्तं=ચિત્તાદિના અવિરોધથી ચિત્ર પ્રકારવાળું=પોતાના પરિણામ આદિના અવિરોધથી ચિત્ર પ્રકારવાળું, इच्छापरिमाणं=ઇચ્છાપરિમાણ પાંચમું અણુવ્રત છે. 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. ।।૧/૧૭।।

ગાથાર્થ :-

અસદ્ આરંભની વિનિવૃત્તિનું સંજનક ક્ષેત્રાદિ વસ્તુના વિષયવાળું ચિત્તાદિના અવિરોધથી ચિત્ર પ્રકારવાળું ઇચ્છાપરિમાણ પાંચમું અણુવ્રત છે. ।।૧/૧૭।।

ટીકા :-

વ્યાખ્યા—'इच्छे'त्यादि । इच्छा परिग्राह्यवस्तुविषया वाञ्छा तस्यास्तया वा परिग्राह्यवस्तूनां परिमाणमियत्ता इच्छापरिमाणम् खलुर्वाक्यालङ्कारे पञ्चमाणुव्रतं भवतीति प्रक्रमः तच्चेच्छापरिमाणं किंफलमित्याह—असदारम्भविनिवृत्तिसंजनकम् असुन्दरारम्भाप्रवृत्तिनिबन्धनं । भवति हीच्छापरिमाणे कृते इच्छाविषयीकृतकतिपयपदार्थानां किञ्चिच्छुभव्यापारैरपि प्राप्तेरसुन्दरतरव्यापारेभ्यो विनिवृत्तिः यतः प्रभूतार्थप्राप्त्यर्थमेव भूतघाताद्यसुन्दरव्यापारेषु प्रायः प्राणिनः प्रवर्तन्त इति । तच्च क्षेत्रादिवस्तुविषयं क्षेत्रादीनि भूविशेषप्रभृतीनि वस्तून्यर्थो विषयो गोचरोऽस्येति विग्रहः । तदुक्तम्—'धणं धन्नं खेत्तं वत्थुं रूप्पं सुवण्णं कुवियं दुप्पयं चउप्पयं च' () इत्यादि **अत्र चादिशब्दः प्रकारवचनः क्षेत्रादयः क्षेत्रप्रकारा धनादय इत्यर्थः, चित्तं मन आदिर्येषां वित्तदेशवंशादीनां ते तथा, तेषामविरोध आनुकूल्यमानुरूप्यं चित्ताद्यविरोधस्तस्माच्चित्ताद्यविरोधतः । 'वित्तादविरोहओ त्ति' पाठान्तरम् तत्र च वित्ताद्यविरोधतो वृत्ताद्यविरोधतो वेति व्याख्येयम् किमित्याह—चित्रं बहुप्रकारमेतत् तथाहि—कश्चित्रिःस्वोऽपि विपुलचित्तो भवति, अन्यस्त्वन्यथा, तथा कस्यचिद् भूरि वित्तमन्यस्य स्तोकं । तथा क्वचिद्देशेऽत्यन्तं धान्यचतुष्पदादि-सङ्ग्रहो विधीयते, अन्यत्र तु न तथा, तथा कोऽपि राजवंश्योऽन्यो ब्राह्मणवणिग्वंश्यादिः, तस्य च प्रायो राज्यादिसंभवासंभवौ स्तः, इत्येवं स्वचित्तवित्तादीनामविरोधेनानेकविधपुंभिस्तद्विधीयमानमनेकधा भवतीति गाथार्थः ।।१/१७।।**

ટીકાર્થ :-

इच्छा ..... गाथार्थः ।। 'इच्छेत्यादि' પ્રતીક છે. ઈચ્છા=પરિગ્રાહ્ય વસ્તુના વિષયવાળી વાંછા-પોતે જે કંઈ ગ્રહણ કરી શકે તેવી વસ્તુના વિષયવાળી ઈચ્છા, તેનું અથવા તેનાથી પરિગ્રાહ્ય વસ્તુઓનું પરિમાણ=મર્યાદા, ઈચ્છાપરિમાણ છે, 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે, પાંચમું અણુવ્રત છે=ઈચ્છાપરિમાણ પાંચમું અણુવ્રત છે, એ પ્રમાણે પ્રકમ છે=પ્રક્રમથી પ્રાપ્ત છે.

અને તે ઈચ્છાપરિમાણ વ્રત શું ફળવાળું છે ? એથી કહે છે –

અસદ્ આરંભની વિનિવૃત્તિનું સંજનક છે=અસુંદર આરંભની અપ્રવૃત્તિનું કારણ છે,

કેમ ઇચ્છાપરિમાણ કરવાથી અસુંદર આરંભની અપ્રવૃત્તિ થાય ? એથી કહે છે –

ઈચ્છાપરિમાણ કરાયે છતે ઈચ્છાના વિષયરૂપે કરાયેલા કેટલાક પદાર્થોની કંઈક શુભ વ્યાપારોથી પણ પ્રાપ્તિ હોવાને કારણે અસુંદર વ્યાપારોથી વિનિવૃત્તિ થાય છે, જે કારણથી ઘણા અર્થની પ્રાપ્તિ માટે જ જીવઘાતાદિ અસુંદર વ્યાપારોમાં પ્રાયઃ જીવો વર્તે છે.

અને તે=ઈચ્છાપરિમાણ વ્રત, ક્ષેત્રાદિ વસ્તુના વિષયવાળું છે=ક્ષેત્રાદિરૂપ ભૂમિવિશેષ વગેરે વસ્તુરૂપ અર્થવિષય છે આને એ પ્રકારનો વિગ્રહ છે, તેથી ક્ષેત્રાદિ વસ્તુના વિષયવાળું ઈચ્છાપરિમાણ વ્રત છે, એમ પ્રાપ્ત થાય, તે કહેવાયું છે – ધન-ધાન્ય-ક્ષેત્ર-વસ્તુ-રૂપ્ય-સુવર્ણ-કુપ્ય-દ્વિપદ-ચતુષ્પદના વિષયવાળું છે. () **ઈત્યાદિ અને અહીં=ક્ષેત્રાદિ વસ્તુના વિષયમાં, 'आदि' શબ્દ પ્રકારવચનવાળો છે=ક્ષેત્ર પ્રકારવાળા ધનાદિ છે એ ક્ષેત્રાદિ શબ્દનો અર્થ છે. ચિત્ત=મન છે આદિ જેઓને=વિત્ત-દેશ-વંશાદિને, તે તેવા છે= ચિત્તાદિવાળા છે, તેઓનો=ચિત્તાદિવાળા એવા તેઓનો અવિરોધ છે=આનુકૂલ્ય છે=આનુરૂપ્ય છે એ ચિત્તાદિ અવિરોધ છે, તેનાથી=ચિત્તાદિના અવિરોધથી, ચિત્ર પ્રકારવાળું ઈચ્છાપરિમાણ છે એમ અન્વય છે.**

'वित्तादविरोहओ' એ પ્રકારનો પાઠાંતર છે અને ત્યાં=એ પ્રકારના પાઠાંતરમાં, વિત્તાદિના અવિરોધથી અથવા વૃત્તિ આદિના અવિરોધથી એ પ્રમાણે વ્યાખ્યાન કરવું, શું=વિત્તાદિના અવિરોધથી શું ? એથી કહે છે – ચિત્ર=બહુ પ્રકારવાળું, આ=ઈચ્છાપરિમાણ છે, તે આ પ્રમાણે –

કોઈક નિર્ધન પુરુષ પણ વિપુલ ચિત્તવાળો હોય છે, તેથી તેનું ઈચ્છાપરિમાણ અલ્પ ધન હોવા છતાં મોટી સંખ્યાવાળું હોય છે. વળી અન્ય=કોઈક ધન વગરનો, અન્યથા હોય છે=વિપુલ ચિત્ત વગરનો હોય છે, તેથી તેનું ઈચ્છાપરિમાણ પરિમિત હોય છે અને કોઈકને ઘણું ધન હોય છે, તેથી તેનું ઈચ્છાપરિમાણ ઘણા વિપુલ પરિમાણવાળું હોય છે, અન્યને થોડું ધન હોય છે, તેથી તે પ્રમાણે તેનું ઈચ્છાપરિમાણ હોય છે. વળી કોઈક દેશમાં અત્યંત ધાન્ય=ચતુષ્પદાદિનો સંગ્રહ કરાય છે, તેથી ત્યાં ધાન્યાદિ વિષયક ઈચ્છાપરિમાણ વિપુલ હોય છે. વળી અન્યત્ર દેશમાં તે પ્રમાણે નથી=ધાન્યાદિનો સંગ્રહ કરાતો નથી, તેથી ત્યાં ધાન્યાદિ વિષયક ઈચ્છાપરિમાણ અલ્પ પ્રમાણમાં હોય છે અને કોઈક રાજવંશ્ય હોય છે. તેથી તે પ્રમાણે તેનું ઈચ્છાપરિમાણ વ્રત હોય છે. અન્ય બ્રાહ્મણ-વણિક વંશ્યાદિ

હોય છે અને તેને પ્રાયઃ રાજ્યાદિનો સંભવ-અસંભવ હોય છે. તેથી બ્રાહ્મણાદિને રાજ્યાદિ સંભવ-અસંભવ અનુસાર ઇચ્છાપરિમાણ વ્રતનો ભેદ પ્રાપ્ત થાય છે. આ રીતે સ્વચિત્ત વિત્તાદિના અવિરોધથી અનેક પ્રકારના પુરુષનું તે કરાતું=ઇચ્છાપરિમાણ વ્રત કરાતું, અનેક પ્રકારનું થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૧૭॥

ભાવાર્થ :-

સંસારના પરિભ્રમણના સ્વરૂપથી ભય પામેલ અને સર્વ કર્મરહિત મુક્ત અવસ્થાના અર્થી શ્રાવકને મુક્ત અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય સર્વથા ઇચ્છાનો અભાવ છે, તેવો સ્થિર નિર્ણય હોય છે. વળી, સર્વથા ઇચ્છાના અભાવને પ્રગટ કરવા અને સ્થિર કરવા અર્થે સુસાધુ બાહ્ય પરિગ્રહ અને સ્વશરીરરૂપ પરિગ્રહનો ત્યાગ કરે છે અને અંતરંગ કષાયોરૂપ પરિગ્રહનો ત્યાગ કરે છે. તેથી સુસાધુ સર્વ કષાયોનું સતત ઉન્મૂલન થાય તેવી એક ઇચ્છા માત્રથી સંયમજીવનની સર્વ પ્રવૃત્તિઓ કરીને બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ વગરના હોય છે અને તે પ્રકારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગથી ક્રમસર ક્ષયોપશમ ભાવની વૃદ્ધિ થવાથી સંપૂર્ણ ઇચ્છાના અભાવરૂપ વીતરાગતાની પ્રાપ્તિ થાય છે, માટે સુસાધુ સર્વત્ર અનિચ્છામાં ઉદ્યમ કરનારા છે આ પ્રકારનો સ્થિર નિર્ણય વિવેકી શ્રાવકને છે, તેથી પોતે પણ સાધુની જેમ સંપૂર્ણ પરિગ્રહ વગરના થવાની ઇચ્છાવાળા છે, આમ છતાં અનાદિથી સેવાયેલો પરિગ્રહનો પરિણામ ઇચ્છા માત્રથી નિવર્તન પામે તેમ નથી. તેથી પોતાના ચિત્તમાં વર્તતો પરિગ્રહનો પરિણામ કંઈક કંઈક નિયંત્રિત કરીને સુસાધુ જેવા નિષ્પરિગ્રહી થવાની ઇચ્છાવાળા વિવેકી શ્રાવક પોતાની ઇચ્છાનું પરિમાણ કરે છે અર્થાત્ પોતાની બાહ્ય પરિગ્રહ વિષયક ઇચ્છાને મર્યાદિત કરવા માટે પરિગ્રહપરિમાણ વ્રત ગ્રહણ કરે છે. તેથી બાહ્ય પરિગ્રહની ઇચ્છા પરિમિત થવાને કારણે સંતોષી શ્રાવક અસુંદર આરંભના ત્યાગપૂર્વક અલ્પ આરંભવાળી પ્રવૃત્તિથી ધનઅર્જન કરે છે. તેથી ઇચ્છાપરિમાણ વ્રતને કારણે લોભને વશ અસદ્ આરંભ કરીને પણ ધનવૃદ્ધિનો અભિલાષ પ્રાયઃ વિવેકી શ્રાવકનો નિવર્તન પામે છે.

વળી આ ઇચ્છાપરિમાણ ક્ષેત્રાદિ નવ વસ્તુ વિષયક હોય છે. તેથી સંસારની ભોગસામગ્રી નવ રીતે વિભાજન કરીને તે સર્વ વિષયક પોતાની ઇચ્છાનું પરિમાણ શ્રાવક કરે છે. તેથી ધન-ધાન્યાદિ પ્રત્યે મમત્વ હોવા છતાં અધિક સંગ્રહની વૃત્તિનો ઉચ્છેદ થાય છે, તેથી સંતોષજન્ય સ્વસ્થતાનું સુખ ઉત્પન્ન થાય છે. વળી, આ ઇચ્છાનું પરિમાણ ચિત્તાદિના અવિરોધથી અનેક પ્રકારનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે વિવેકી શ્રાવકે પોતાનું ચિત્ત કેવું છે, પોતાની સંપત્તિ કેવી છે, પોતે કયા દેશમાં વર્તે છે, પોતે કયા વંશનો છે, પોતાનો પરિવાર વગેરે કેટલો છે ? તે સર્વનો નિર્ણય કરીને ઉચિત રીતે ઇચ્છાપરિમાણ વ્રત ગ્રહણ કરે, જેથી વ્રત ગ્રહણ કર્યા પછી તે તે નિમિત્તોને પામીને ચિત્તમાં સંક્લેશ થાય નહિ.

આશય એ છે કે પરિગ્રહપરિમાણ વ્રત માત્ર બાહ્ય દૃષ્ટિને જોનાર શ્રાવક વિવેક વગર ગ્રહણ કરે તો ગ્રહણ કર્યા પછી અધિક અધિકની પ્રાપ્તિ દેખાય ત્યારે ચિત્તમાં હંમેશાં ક્લેશ થાય; કેમ કે અધિક લેવાની ઇચ્છા છે અને વ્રતને કારણે ચિત્ત હંમેશાં ખિન્ન રહે છે, તેથી બાહ્યથી વ્રતનું પાલન કરે તોપણ ચિત્ત સંક્લેશવાળું હોવાથી તેનું અણુવ્રત સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચયનું કારણ બનતું નથી, પરંતુ લીધેલા

વ્રતના કારણે ઉદ્વિગ્ન રહે છે. જેથી તે વ્રત અફળપ્રાયઃ થાય છે, માટે વ્રત ગ્રહણ કરનાર શ્રાવકે સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપનું અત્યંત ભાવન કરીને તેની શક્તિના સંચય માટે પોતે પરિગ્રહની કેટલી મર્યાદા કરી શકે તેમ છે, તેનો નિર્ણય કરીને અધિક મર્યાદાને કારણે પાછળથી સુંદર ચિત્તનો વિનાશ ન થાય તે રીતે ચિત્તના અવિરોધથી ઇચ્છાપરિમાણ વ્રત ગ્રહણ કરે.

વળી પોતે કયા વંશનો છે, પોતાના ઉપર નિર્ભર પરિવાર કેવો છે, તેનું પણ ઉચિત દીર્ઘ સમાલોચન કરીને વ્રત ગ્રહણ કરવું જોઈએ, જેથી વ્રત ગ્રહણ કર્યા પછી પરિગ્રહપરિમાણ વ્રત સર્વવિરતિને અભિમુખ બને તેવા ઉત્તમ ચિત્તનો નાશ ન થાય, આ રીતે તેના તરતમતાના ભેદો અનેક પ્રકારના થાય છે. **॥૧/૧૭॥**

અવતરણિકા :-

अत्रातिचारानाह—

અવતરણિકાર્થ :-

આમાં=પરિગ્રહપરિમાણ વ્રતમાં, અતિચારોને કહે છે —

ગાથા :-

खेत्ताइहिरण्णाईधणाइदुपयाइकुप्यमाणकमे ।
जोयणपयाणबंधणकारणभावेहि णो कुणइ ।।१/१८।।

છાયા :-

क्षेत्रादिहिरण्यादिधनादिद्विपदादिकुप्यमानक्रमान् ।
योजनप्रदानबन्धनकारणभावैः न करोति ।।१/१८।।

અન્વયાર્થ :-

जोयणपयाणबंधणकारणभावेहिं=યોજન-પ્રદાન-બંધન-કારણ ભાવો વડે, खेत्ताइहिरण्णाईधणाइदुपयाइ-कुप्यमाणकमे=ક્ષેત્રાદિ-હિરણ્યાદિ-ધનાદિ-દ્વિપદાદિ-કુપ્યના પ્રમાણના અતિક્રમોને, णो कुणइ=કરતો નથી. ।।૧/૧૮।।

ગાથાર્થ :-

યોજન-પ્રદાન-બંધન-કારણ ભાવો વડે ક્ષેત્રાદિ-હિરણ્યાદિ-ધનાદિ-દ્વિપદાદિ-કુપ્યના પ્રમાણના અતિક્રમોને કરતો નથી. ।।૧/૧૮।।

ટીકા :-

વ્યાખ્યા—'खेत्ताई'त्यादि । क्षेत्रादिहिरण्यादिधनादिद्विपदादिकुप्यमानक्रमान्, क्षेत्रादिषु विषयेषु यद् गृहीतं परिमाणं तदतिक्रमानित्यर्थः, योजनप्रदानबन्धनकारणभावैः एभिर्योजनादिभिर्यथासङ्ख्यं

न करोति न विधत्ते इति समुदायार्थः, तत्र क्षेत्रं सस्योत्पत्तिभूमिस्तच्च सेतुकेतूभयभेदात्त्रिविधं । तत्र सेतुक्षेत्रमरघट्टादिसेक्यं, केतुक्षेत्रं पुनराकाशोदकनिष्पाद्यं, उभयक्षेत्रं तु तदुभयनिष्पाद्यम्, आदिशब्दाद्वास्तुग्रहो वास्तु चागारं ग्रामनगरादि च । तत्रागारं त्रिविधम्-खातमुच्छ्रितं खातोच्छ्रितं च । तत्र खातं भूमिगृहादि, उच्छ्रितं समुच्छ्रयेण कृतं, उभयं भूमिगृहस्योपरि प्रासादः एतयोश्च क्षेत्रवास्तुनोः प्रमाणस्य योजनेन क्षेत्रान्तरादिमीलनेनातिक्रमोऽतिचारो भवति । तथाहि—किलैकमेव मे क्षेत्रं वास्तु वेत्यभिग्रहवतोऽधिकतराभिलाषे सति व्रतभङ्गभयात् प्राक्तनक्षेत्रादिप्रत्यासन्नं तद्गृहीत्वा पूर्वेण सह तस्यैकत्वकरणार्थं वृत्त्याद्यपनयनेन तत्तत्र योजयतो व्रतसापेक्षत्वात् कथञ्चिद्विरतिबाधनाच्चातिचार इति । तथा हिरण्यं रजतमादिशब्दात्सुवर्णं तत्परिमाणस्य प्रदानेन वितरणेनातिक्रमोऽतिचारो भवति यथा केनापि चतुर्मासाद्यवधिना हिरण्यादिपरिमाणं विहितं, तत्र च तेन तुष्टराजादेः सकाशात्तदधिकं तल्लब्धं, तच्चान्यस्मै व्रतभङ्गभयात्प्रददाति, पूर्णेऽवधौ ग्रहीष्यामीति भावनयेति व्रतसापेक्षत्वादतिचारः, तथा धनं गणिमधरिममेयपरिच्छेद्यभेदाच्चतुर्विधं, तत्र गणिमं पूगफलादि, धरिमं गुडादि, मेयं घृतादि, परिच्छेद्यं माणिक्यादि, आदिशब्दाद्धान्यं व्रीह्यादि । एतत्प्रमाणस्य बन्धनतोऽतिक्रमोऽतिचारो भवति । यथा हि किल कृतधनादिपरिमाणस्य कोऽपि लभ्यमन्यद्वा धनादि ददाति, तच्च व्रतभङ्गभयाच्चतुर्मास्यादिपरतो गृहगतधनादिविक्रये वा कृते ग्रहीष्यामीति भावनया बन्धनेन नियन्त्रणेन रज्ज्वादिसंयमनेन सत्यङ्कारदानादिरूपेण वा स्वीकृत्य तद्गेह एव तत्स्थापयतोऽतिचारः । तथा द्विपदं पुत्रकलत्रदासीदासकर्मकरशुकसारिकादिरूपं आदिशब्दाद् गवादिचतुष्पदपरिग्रहः, तेषां यत्परिमाणं तस्य कारणेन गर्भाधानविधापनेनातिक्रमोऽतिचारो भवति, यथा किल केनापि संवत्सराद्यवधिना द्विपदचतुष्पदानां परिमाणं कृतं, तेषां च संवत्सरमध्य एव प्रसवेऽधिकद्विपदादिभावाद् व्रतभङ्गः स्यादिति तद्भयात् कियत्यपि काले गते गर्भग्रहणं कारयतो गर्भस्थद्विपदादिभावेन बहिर्गततदभावेन कथञ्चिद् व्रतभङ्गादतिचारः । तथा कुप्यमासनशयनादिगृहोपस्करस्तस्य यन्मानं तस्य भावेन तत्पर्यायान्तररूपेणातिक्रमोऽतिचारो भवति यथा किल केनापि दशकरोटकादीनीति कुप्यस्य परिमाणं कृतं, ततस्तेषां कथञ्चिद्द्विगुणत्वे सति व्रतभङ्गभयात्तेषां द्वयेन द्वयेनैकैकं महत्तरं कारयतः पर्यायान्तरकरणेन सङ्ख्यापूरणात् स्वाभाविकसङ्ख्याबाधनाच्चातिचारः, अन्ये त्वाहुः—भावेन तदर्थित्वलक्षणेन विवक्षितकालावधेः परतोऽहमेतद् ग्रहीष्याम्यतो नान्यस्मै देयमिति पराप्रदेयतया व्यवस्थापयत इति एते चातिचारा मूलसूत्र एवमधीयन्ते-'खेत्तवत्थुपमाणाइक्कमे हिरण्णसुवण्णप्पमाणाइक्कमे' () इत्यादि, यथाश्रुतत्वेन चैषामभ्युपगमे भङ्गातिचारयोर्न विशेषः स्यादिति तद्विशेषोपदर्शनार्थमाचार्येण योजनप्रदानेत्यादिभावना दर्शिता अयमेव चासौ भावार्थो यत्संगतं श्रावकधर्मं वक्ष्य इत्याद्यगाथायां वक्तव्यत्वेन प्रतिज्ञातः एतद्भावनोपदर्शनादेवान्येषां सहसाभ्याख्यानादीनामतिचाराणामनुपदर्शितभावनानामपि भावनोत्प्रेक्षणीया

सा च यथाबोधं केषाञ्चिद्दर्शितैवास्माभिर्दर्शयिष्यते चेति यच्च क्षेत्रादिपरिग्रहस्य नवविधत्वेन तत्सङ्ख्यातिचारप्राप्तौ पञ्चसङ्ख्यात्वमुक्तं, तत्सजातीयत्वेन शेषभेदानामत्रैवान्तर्भावात् शिष्यहितत्वेन च प्रायः सर्वत्र मध्यमगतेर्विवक्षितत्वात् पञ्चकसङ्ख्ययैवातिचारपरिगणनमतश्चतुःषडादिसङ्ख्ययातिचाराणामगणनमुपपन्नमिति गाथार्थः ।।१/१८।।

ટીકાર્થ :-

क्षेत्रादि ..... गाथार्थः ।। 'खेत्ताईत्यादि' પ્રતીક છે. ક્ષેત્રાદિ-હિરણ્યાદિ-ધનાદિ-દ્વિપદાદિ-કુપ્યના પ્રમાણના ક્રમોને=અતિક્રમોને, કરતો નથી એમ અન્વય છે.

તે અર્થને સ્પષ્ટ કરે છે –

ક્ષેત્રાદિ વિષયોમાં જે ગૃહીત પરિમાણ છે, તેને યોજન-પ્રદાન-બંધન-કારણ ભાવો વડે=આ યોજનાદિ વડે, યથાસંખ્યને અતિક્રમણ કરતો નથી=જે પ્રમાણે પોતે ક્ષેત્રાદિની સંખ્યા કરી છે, તે સંખ્યાને યોજનાદિ દ્વારા અતિક્રમણ કરતો નથી, એ પ્રમાણે સમુદાય અર્થ છે=ગાથાના સમુદાયનો અર્થ છે. ત્યાં=ક્ષેત્રાદિમાં, ક્ષેત્ર-ધાન્યની ઉત્પત્તિની ભૂમિ છે અને તે સેતુ, કેતુ અને ઉભયના ભેદથી ત્રણ પ્રકારનું છે, ત્યાં=ત્રણ પ્રકારના ક્ષેત્રમાં, સેતુક્ષેત્ર અરઘટ્ટાદિ દ્વારા સિંચન કરવાયોગ્ય ખેતર છે. વળી કેતુક્ષેત્ર વરસાદના પાણીથી નિષ્પાદ્ય ખેતર છે, વળી ઉભયક્ષેત્ર તે બન્નેથી નિષ્પાદ્ય ખેતર છે= સિંચન અને વરસાદના પાણીથી નિષ્પાદ્ય ખેતીવાળું ખેતર છે, 'आदि' શબ્દથી=ક્ષેત્રાદિમાં રહેલા 'आदि' શબ્દથી, વાસ્તુનું ગ્રહણ છે અને વાસ્તુ એ ઘર, ગામ, નગર આદિ છે, ત્યાં-ત્રણ પ્રકારના વાસ્તુમાં, ઘર ત્રણ પ્રકારનું છે – ખાત, ઉચ્છ્રિત અને ખાતઉચ્છ્રિત, ત્યાં=ત્રણ પ્રકારના ઘરમાં, ખાત ભૂમિગૃહાદિ છે=ભોંયરું આદિ છે, ઉચ્છ્રિત=ઉપરથી કરાયેલા ચણતરવાળું ઘર છે, ઉભય=ભૂમિમાં અને ઘરની ઉપર ચણતર કરાયેલો પ્રાસાદ છે અને આ ક્ષેત્ર-વાસ્તુના પ્રમાણના યોજનથી-ક્ષેત્રાન્તરાદિના મીલનથી, અતિક્રમ=અતિચાર છે, તે આ પ્રમાણે – ખરેખર મારે એક જ ક્ષેત્ર અથવા વાસ્તુ છે એ પ્રકારના અભિગ્રહવાળો શ્રાવક અધિકતરનો અભિલાષ થયે છતે=પોતાના ક્ષેત્ર કરતાં અધિક ક્ષેત્રનો અભિલાષ થયે છતે, વ્રતના ભંગના ભયથી પૂર્વના ક્ષેત્રાદિની નજીકનું ક્ષેત્ર ગ્રહણ કરીને પૂર્વની સાથે=પૂર્વના પોતાના ક્ષેત્રાદિની સાથે, તેનું=નવા ગ્રહણ કરાયેલા ક્ષેત્રનું, એકત્વ કરવા માટે વાડ આદિને દૂર કરવા વડે તેને=નવા ક્ષેત્રને, તેમાં=પૂર્વના ક્ષેત્રમાં, યોજન કરતા-ભેળવતા શ્રાવકને, વ્રત-સાપેક્ષપણું હોવાથી અને કથંચિદ્ વિરતિનું બાધન હોવાને કારણે=વ્રત ગ્રહણ કરતી વખતે જે એક પરિમિત ક્ષેત્ર વિષયક સંતોષ અર્થે વ્રત ગ્રહણ કરેલ તે વિરતિનું બાધન હોવાને કારણે, અતિચાર છે.

અને હિરણ્ય=ચાંદી, 'आदि' શબ્દથી સુવર્ણ તેના પરિમાણના પ્રદાનથી=બીજાને વિતરણથી, અતિચાર થાય છે, જે પ્રમાણે કોઈક શ્રાવક વડે ચાતુર્માસ આદિની અવધિથી હિરણ્યાદિનું પરિમાણ કરાયું અને ત્યાં=હિરણ્યાદિના વિષયમાં, તે શ્રાવક વડે ખુશ થયેલા રાજાદિ પાસેથી તેનાથી અધિક તે=પોતાના પરિમાણથી અધિક તે, મેળવાયું=હિરણ્યાદિ મેળવાયું અને તેને=તે હિરણ્યાદિને, વ્રતભંગના

ભયથી અન્યને આપે છે, 'પૂર્ણ અવધિ થયે છતે હું ગ્રહણ કરીશ' એ ભાવનાથી અન્યને આપે છે, એથી વ્રતસાપેક્ષપણું હોવાને કારણે અતિચાર છે.

અને ધન ગણિમ-ધરિમ-મેય અને પરિચ્છેદના ભેદથી ચાર પ્રકારનું છે, ત્યાં=ચાર પ્રકારના ધનમાં, સોપારી આદિ ગણિમ છે, ગોળ આદિ ધરિમ છે, ઘી આદિ મેય છે, માણિક્ય આદિ પરિચ્છેદ્ય છે, આદિ શબ્દથી ધાન્ય, ચોખા આદિ છે, આના પરિમાણનો બંધનથી અતિક્રમ અતિચાર છે, જે પ્રમાણે ખરેખર ધનાદિના પરિમાણવાળા શ્રાવકને કોઈક લભ્યને અથવા અન્ય ધનાદિને આપે છે અને તે=ધનાદિ, વ્રતભંગના ભયથી ચાતુર્માસ આદિ પછી અથવા ઘરમાં રહેલા ધનાદિનો વિક્રય કરાયે છતે હું ગ્રહણ કરીશ, એ પ્રકારની ભાવનાથી બંધનથી=નિયંત્રણથી=રજ્જુ આદિના સંયમનથી અથવા સત્યંકારરૂપ ચિહ્નના આપવા આદિ સ્વરૂપથી સ્વીકાર કરીને તેના ઘરમાં જ તેને સ્થાપન કરતા શ્રાવકને અતિચાર છે.

અને દ્વિપદ પુત્ર-સ્ત્રી-દાસી-દાસ-કર્મકર-પોપટ-સારિકા વગેરે છે, 'आदि' શબ્દથી=દ્વિપદાદિમાં રહેલા 'आदि' શબ્દથી, ગાય આદિ ચતુષ્પદનું ગ્રહણ છે, તેઓને=દ્વિપદ-ચતુષ્પદનું જે પરિમાણ શ્રાવકે કર્યું છે, તેના કારણથી=ગર્ભાધાન કરાવવાથી, અતિક્રમ=અતિચાર છે, જે પ્રમાણે કોઈક શ્રાવક વડે સંવત્સર આદિ અવધિથી દ્વિપદ અને ચતુષ્પદનું પરિમાણ કરાયું અને સંવત્સરના મધ્યમાં જ તેઓને પ્રસવ થયે છતે અધિક દ્વિપદાદિ ભાવથી વ્રતભંગ થાય, એથી તેના ભયથી=વ્રતભંગના ભયથી, કેટલોક કાળ ગયે છતે ગર્ભગ્રહણને કરાવતા શ્રાવકને ગર્ભસ્થ દ્વિપદાદિના ભાવને કારણે અને બહિર્ગત તેના અભાવને કારણે=બાહ્ય રીતે અધિક સંખ્યાના અભાવને કારણે, કથંચિત્ વ્રતભંગ થવાથી અતિચાર છે.

અને કુપ્ય=આસન, શયન આદિ ઘરની વસ્તુઓ છે, તેનું જે માન, તેનો ભાવથી=તત્પર્યાયાંતર સ્વરૂપથી અતિક્રમ, અતિચાર છે, જે પ્રમાણે કોઈક શ્રાવક વડે દશ તાસક આદિ એ પ્રમાણે કુપ્યનું પરિમાણ કરાયું, ત્યારપછી તેઓનું કોઈક રીતે દ્વિગુણપણું થયે છતે વ્રતભંગના ભયથી તેઓના=તે તાસકોના, બે બે વડે એક એક મોટું કરાવતા પર્યાયાંતરથી સંખ્યાપૂરણ થવાને કારણે સ્વાભાવિક સંખ્યાનો અબાધ થવાથી અતિચાર છે.

વળી અન્ય કહે છે – ભાવથી=તેના અર્થિત્વરૂપ ભાવથી=પોતાની સંખ્યાથી અધિક સંખ્યાના અર્થિત્વરૂપ ભાવથી, વિવક્ષિત કાલની અવધિ પછી હું આને ગ્રહણ કરીશ, આથી અન્યને આ આપવું નહિ, એ પ્રકારે પરને અપ્રદેયપણાથી=બીજાને નહિ વેચવાની શરતથી, સ્થાપન કરે છે એથી અતિચાર છે અને આ અતિચારો=અત્યાર સુધી બતાવ્યા એ બધા અતિચારો, મૂલસૂત્રમાં આ પ્રમાણે કહેવાય છે – (ક્ષેત્ર-વસ્તુના પ્રમાણના અતિક્રમને, હિરણ્ય-સુવર્ણના પ્રમાણના અતિક્રમને) ઈત્યાદિ=અતિક્રમને શ્રાવક કરે નહિ ઈત્યાદિ અને યથાશ્રુતપણાથી=મૂલસૂત્રમાં જે પ્રમાણે સંભળાય છે, તે પ્રકારથી આમનો સ્વીકાર કરાયે છતે=ક્ષેત્રાદિ પ્રમાણનો અતિક્રમ સ્વીકાર કરાયે છતે, ભંગ અને અતિચારમાં ભેદ ન થાય, એથી તેના વિશેષને દેખાડવા માટે આચાર્ય વડે=પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ વડે,

યોજન=પ્રદાન ઈત્યાદિ ભાવના પ્રસ્તુત ગાથામાં બનાવાઈ છે.

અને 'આ ભાવાર્થ સંગત જે શ્રાવકધર્મને હું કહીશ' એ પ્રમાણે પહેલી ગાથામાં વક્તવ્યપણાથી આ જ પ્રતિજ્ઞાત છે, એના ભાવનના ઉપદર્શનથી જ=ટીકાકારશ્રીએ પ્રસ્તુત ગાથા અનુસાર ક્ષેત્રાદિના અતિક્રમોનું ભાવન કર્યું એ ભાવનના ઉપદર્શનથી જ, અન્ય સહસાભ્યાખ્યાનાદિ અતિચારોની અનુપદર્શિત ભાવનાઓની પણ ભાવના ઉત્પ્રેક્ષણીય છે=સ્વયં જાણી લેવી અને તે=સહસા અભ્યાખ્યાનાદિ અતિચારોની ભાવના યથાબોધ=પોતાના બોધ અનુસાર, કેટલાકની અમારા વડે બતાવાઈ છે અને બતાવાશે અને ક્ષેત્રાદિ પરિગ્રહના નવવિધપણાથી તે સંખ્યાના=નવ સંખ્યાના અતિચારની પ્રાપ્તિ થયે છતે જે પાંચ સંખ્યાપણું કહેવાયું તે સજાતીયપણાથી શેષ ભેદોનો=પાંચથી અધિક એવા શેષ ચાર ભેદોનો, આમાં જ=પાંચ સંખ્યામાં જ, અંતર્ભાવ હોવાથી અને શિષ્યના હિતપણાને કારણે પ્રાયઃ સર્વત્ર=બારે વ્રતોના અતિચારમાં, મધ્યમ ગતિનું વિવક્ષિતપણું હોવાથી=અતિ વિસ્તાર નહિ અતિ સંકોચ નહિ, એ રૂપ મધ્યમ માર્ગનું અનુસરણ હોવાથી, પાંચ સંખ્યાથી જ અતિચારોનું પરિગણન છે. આથી=મધ્યમ માર્ગની વિવક્ષા હોવાથી, ચાર અથવા છ આદિ સંખ્યાના અતિચારોનું અગણન ઉપપન્ન છે. ॥૧/૧૮॥

ભાવાર્થ :-

જે શ્રાવક ઇચ્છાપરિમાણ વ્રત ગ્રહણ કર્યા પછી વ્રત ગ્રહણ કરતી વખતે જે પ્રકારની ક્ષેત્ર આદિ નવ વસ્તુ વિષયક ઇચ્છાનું પરિમાણ કરીને અનિચ્છા ભાવની પ્રાપ્તિની શક્તિનો સંચય કરવા અર્થે સાધુધર્મનું સદા પરિભાવન કરે છે, તે શ્રાવકને વ્રત દ્વારા પોતાની ઇચ્છા તે પ્રકારની સંવરભાવવાળી થયેલી છે, તેથી તે ઇચ્છાથી અધિક ગ્રહણ કરવાનો મનમાં પણ વિકલ્પ તે શ્રાવકને થાય નહિ, પરંતુ સદા તે ઇચ્છાને અધિક સંવૃત કરીને મુનિભાવ જેવી સંતોષવૃત્તિ પ્રગટ કરવાની ઇચ્છા તેને વર્તે છે. આમ છતાં વ્રત ગ્રહણ કર્યા પછી લોભાદિને વશ કોઈક શ્રાવકને પોતાના ક્ષેત્રાદિ નવ વિષયક જે મર્યાદા કરી છે, તેનાથી અધિક ગ્રહણ કરવાને પરિણામ થાય છે અને કંઈક વ્રતના રક્ષણનો પરિણામ થાય છે, ત્યારે પોતાના સ્વીકારેલા ક્ષેત્રમાં નજીકનું ક્ષેત્ર ગ્રહણ કરીને તેને એક બનાવે છે અને પોતે ક્ષેત્રની જે સંખ્યા કરેલી તેનું ઉલ્લંઘન ન થાય તે પ્રકારે યત્ન કરે છે, તે વખતે વ્રતગ્રહણકાળમાં પોતાના પરિમિત ક્ષેત્રને આશ્રયીને સંખ્યાનો સંકલ્પ કરેલો તે સંકલ્પ લોભને વશ અધિક ક્ષેત્રના ગ્રહણથી દૂષિત બને છે. ફક્ત સ્થૂલથી સંખ્યાનું રક્ષણ થાય છે. તેથી વ્રત મલિન થાય છે, ફક્ત વ્રતરક્ષણનો કંઈક પરિણામ હોવાથી વ્રત પ્રત્યેના સદ્‌ભાવજન્ય પરિણામને આશ્રયીને વ્રતના ઉલ્લંઘનને વ્રતભંગ ન કહેતાં વ્રતનો અતિચાર કહેલ છે. તેથી વિવેકી શ્રાવકે ક્ષેત્રાદિ નવ પદાર્થો વિષયક મર્યાદા કરતી વખતે જે અધ્યવસાયથી મર્યાદા કરેલ છે, તેનું કૃત્યથી તો ઉલ્લંઘન ન થાય, પરંતુ મનમાં પણ તેનાથી અધિક ગ્રહણ કરવાનો સંકલ્પ ન થાય તે પ્રકારે આત્માને સદા ભાવિત કરવો જોઈએ, જેથી અતિક્રમાદિથી કે આત્મવંચનાથી કરાયેલા સમાધાનથી પણ વ્રતનું માલિન્ય ન થાય, આ રીતે કરવાથી જ સ્વીકારેલું વ્રત સર્વવિરતિનું કારણ બને છે, આથી જ ગાથામાં કહ્યું કે પાંચમા અણુવ્રતને સ્વીકારનાર શ્રાવક ક્ષેત્રાદિનું યોજનાદિથી અતિક્રમણ કરે નહિ. **॥૧/૧૮॥**

અવતરણિકા :-

उक्तान्यणुव्रतान्यथैतेषामेवोत्तरगुणानामवसरस्ते च गुणव्रतशिक्षाव्रतरूपास्तत्र प्रथमगुणव्रताभिधित्सया तावदाह –

અવતરણિકાર્થ :-

અણુવ્રતો કહેવાયાં. હવે આમના જ ઉત્તરગુણોનો અવસર છે=અણુવ્રતોના જ ઉત્તરગુણનો અવસર છે અને તે ગુણવ્રત અને શિક્ષારૂપ છે. તેમાં=ગુણવ્રતમાં અને શિક્ષાવ્રતમાં પ્રથમ ગુણવ્રતને કહેવાની ઈચ્છાથી કહે છે –

ગાથા :-

उड्ढाहोतिरियदिसं चाउम्मासाइकालमाणेण ।
गमणपरिमाणकरणं गुणव्वयं होइ विन्नेयं ।।१/१९।।

છાયા :-

ऊर्ध्वाधस्तिर्यग्दिक् चातुर्मासादिकालमानेन ।
गमनपरिमाणकरणं गुणव्रतं भवति विज्ञेयम् ।।१/१९।।

અન્વયાર્થ :-

उड्ढाहोतिरियदिसं=ઊર્ધ્વ, અધો અને તિર્યક્ દિશાને, चाउम्मासाइकालमाणेण=ચાતુર્માસ આદિ કાળમાનથી, गमणपरिमाणकरणं=ગમનપરિમાણનું કરણ, गुणव्वयं=ગુણવ્રત, विन्नेयं=વિજ્ઞેય, होइ=થાય છે. ।।૧/૧૯।।

ગાથાર્થ :-

ઊર્ધ્વ, અધો અને તિર્યક્ દિશાને ચાતુર્માસ આદિ કાળમાનથી ગમનપરિમાણનું કરણ ગુણવ્રત વિજ્ઞેય થાય છે. ।।૧/૧૯।।

ટીકા :-

व्याख्या–'उड्ढाहो' इत्यादि । ऊर्ध्वं चोपरि पर्वतादिविषयेऽधश्च ऊर्ध्वविपरीतात् कूपादौ, तिर्यक् च पूर्वादिः, ऊर्ध्वाधस्तिर्यक्, तच्च तद्दिक् च ऊर्ध्वाधस्तिर्यग्दिक्, ततस्तामाश्रित्य गमनपरिमाणकरणमिति सम्बन्धः अथवा गमनपरिमाणकरणस्यैव विशेषणमेतत्, ऊर्ध्वाधस्तिरश्चो दिशो विषयभूता यत्रेति समासात्, ऊर्ध्वाधस्तिर्यग्दिशीति वा सर्वदिक्षित्यर्थः, अनुस्वारश्चालाक्षणिक इति । चतुर्णां मासानां समाहारश्चतुर्मासं, तदेव चातुर्मास्यं, तदादि यत्कालमानं कालपरिमाणं तत्तथा तेन चातुर्मास्यादिकालमानेन, गमनस्य गतेः परिमाणकरणमियतः क्षेत्रात्परतो न गन्तव्यमित्येवं मानविधानं गमनपरिमाणकरणम्,

गुणाय अणुव्रतानामुपकाराय व्रतं गुणव्रतं, भवति ह्यणुव्रतानां गुणव्रतेभ्य उपकारः, विवक्षित-क्षेत्रादिभ्योऽन्यत्र हिंसादिनिषेधादिति । भवति वर्तते विज्ञेयं ज्ञातव्यम्, प्रथममिति गम्यत इति गाथार्थः ।।१/१९।।

ટીકાર્થ :-

ऊर्ध्वं ..... गाथार्थः ।। 'उड्ढाहो इत्यादि' પ્રતીક છે. ઊર્ધ્વ=પર્વત આદિના વિષયમાં અને અધઃ ઊર્ધ્વથી વિપરીત એવા કૂપાદિના વિષયમાં, તિર્યક્=પૂર્વાદિ ચાર દિશા, ઊર્ધ્વ, અધો, તિર્યક્ એવી તે દિશા ઊર્ધ્વ, અધો, તિર્યક્ દિશા છે. ત્યારપછી તેઓને આશ્રયીને ગમનપરિમાણનું કરણ એ પ્રમાણે સંબંધ છે=ગાથાના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે અથવા ગમનપરિમાણકરણનું જ આ=ઊર્ધ્વ, અધો, તિર્યક્ દિશા એ વિશેષણ છે; કેમ કે ઊર્ધ્વ, અધો, તિર્યક્ દિશા વિષયભૂત છે જેમાં=ગમનપરિમાણકરણમાં, એ પ્રમાણે સમાસ છે અથવા ઊર્ધ્વ, અધો અને તિર્યક્ દિશામાં=સર્વ દિશાઓમાં, ગમનના પરિમાણનું કરણ એમ અન્વય છે અને અનુસ્વાર=दिसं શબ્દમાં જે અનુસ્વાર છે, તે અલાક્ષણિક છે. ચાર માસોનો સમાહાર ચતુર્માસ તે જ ચાતુર્માસ્ય તે આદિ જે કાલમાન=કાલનું પરિમાણ તે તેવું છે= ચાતુર્માસ આદિ કાલમાનવાળું છે. તેનાથી=ચાતુર્માસ આદિ કાલમાનથી ગમનનું=ગતિના પરિમાણનું કરણ આટલા ક્ષેત્રથી આગળ જવું નથી એ પ્રમાણે માનનું વિધાન-ગમનપરિમાણકરણ ગુણ માટે= અણુવ્રતોના ઉપકાર માટે વ્રત=ગુણવ્રત થાય છે.

हि=જે કારણથી, ગુણવ્રતોથી અણુવ્રતોનો ઉપકાર થાય છે; કેમ કે વિવક્ષિત ક્ષેત્રાદિથી અન્ય હિંસાદિનો નિષેધ છે. તેથી પ્રથમ અણુવ્રત વિજ્ઞેય થાય છે. ગાથામાં 'પ્રથમ' એ અધ્યાહાર છે. ।।૧/૧૯।।

ભાવાર્થ :-

શ્રાવકને સંપૂર્ણ અહિંસાદિ પાંચ મહાવ્રતો અત્યંત પ્રિય છે; કેમ કે હિંસાદિના પરિણામથી જ સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ છે. તેથી સંપૂર્ણ હિંસાદિના નિવર્તન માટે શક્તિનું સમાલોચન કરીને દેશહિંસાદિથી નિવૃત્તિ કરેલી છે અને અન્ય દેશમાં હિંસાદિથી નિવૃત્તિ નથી. તેથી હિંસાદિના પરિણામને કારણે પોતાને કર્મબંધ થાય છે તેમાં સંકોચ કરવા અર્થે ચાર માસ માટે કે યાવત્ જીવ માટે ક્ષેત્રનો સંકોચ કરે છે. જે પ્રતિજ્ઞાના બળથી આત્મામાં સંવરભાવ પ્રગટે છે. જે મન-વચન-કાયાને આશ્રયીને અન્ય ક્ષેત્રમાં પણ સંવરનો પરિણામ થાય. જેથી સ્વીકારાયેલ પાંચ અણુવ્રતોમાં અતિશયતા આવે છે. પરંતુ જે શ્રાવક માત્ર વ્રતને સ્વીકારીને ગમન આદિ પ્રવૃત્તિ કરતા નથી, છતાં શક્તિ અનુસાર ઉપયોગ દ્વારા સંવરને અતિશય કરવા યત્ન કરતા નથી. આથી સંસારની નિર્ગુણતાનું ભાવન કરીને સંપૂર્ણ નિરવદ્ય જીવનના અભિલાષોથી આત્માને સંપન્ન કરવા યત્ન કરતા નથી, તેઓનો સ્થૂલથી કરાયેલો સંવરભાવ સૂક્ષ્મ તત્ત્વના આલોચનથી રહિત હોવાને કારણે વિશિષ્ટ નિર્જરાનું કારણ બનતું નથી, માટે શ્રાવકે સર્વવિરતિના સ્વરૂપને અનુકૂળ દેશવિરતિની વૃદ્ધિ થાય, એ પ્રકારે સ્વીકારાયેલ વ્રતોને ભાવન કરીને સમ્યક્ પાલન કરવા યત્ન કરવો જોઈએ. **॥૧/૧૯॥**

અવતરણિકા :-

અતિચારાનાહ –

અવતરણિકાર્થ :-

અતિચારોને કહે છે=પ્રથમ ગુણવ્રતના અતિચારોને કહે છે –

ગાથા :-

वज्जइ उड्ढाइक्कममाणयणप्पेसणोभयविसुद्धं ।
तह चेव खेत्तवुड्ढिं कहिंचि सइअंतरद्धं च ।।१/२०।।

છાયા :-

वर्जयति ऊर्ध्वादिक्रममानयनप्रेषणोभयविशुद्धम् ।
तथैव क्षेत्रवृद्धिं कथञ्चित् स्मृति-अन्तर्धानञ्च ।।१/२०।।

અન્વયાર્થ :-

उड्ढाइक्कममाणयणप्पेसणोभयविसुद्धं=ઊર્ધ્વાતિક્રમ આનયન, પ્રેષણ તથા ઉભયથી વિશુદ્ધ, तह चेव=(અને) તે જ પ્રકારથી, खेत्तवुड्ढिं=ક્ષેત્રવૃદ્ધિને, च=અને, कहिंचि=કથંચિત્, सइअंतरद्धं=સ્મૃતિના અંતર્ધાનને, वज्जइ=વર્જન કરે છે. ।।૧/૨૦।।

ગાથાર્થ :-

ઊર્ધ્વાતિક્રમ આનયન, પ્રેષણ તથા ઉભયથી વિશુદ્ધ (અને) તે જ પ્રકારથી ક્ષેત્રવૃદ્ધિને અને કથંચિત્ સ્મૃતિના અંતર્ધાનને વર્જન કરે છે. ।।૧/૨૦।।

ટીકા :-

व्याख्या–'वज्जई'त्यादि । वर्जयति=परिहरति, ऊर्ध्वादिक्रममिति ऊर्ध्वादिषु ऊर्ध्वाधस्तिरश्चीषु दिक्षु क्रमः क्रमणं, विवक्षितक्षेत्रात्परत इति गम्यते, अत ऊर्ध्वादिक्रमस्तम्, अनेन त्रयोऽतिचाराः प्रतिपादिताः । तद्यथा–'उड्ढदिसिपमाणाइक्कमे, अहोदिसिप्पमाणाइक्कमे, तिरियदिसिपमाणाइक्कमे' एते चानाभोगातिक्रमादिभिरेवातिचारा भवन्ति अन्यथा प्रवृत्तौ तु भङ्गा एव एवं चोर्ध्वादिदिगतिक्रमं कथं वर्जयतीत्याह–आनयनं च विवक्षितक्षेत्रात्परतः स्थितस्य वस्तुनः परेण स्वक्षेत्रे प्रापणं, प्रेषणं च ततः परेण नयनं, उभयं च-उक्तद्वयमप्येकदैवेति द्वन्द्वः तैर्विशुद्धं-निर्दोषमानयनप्रेषणोभयविशुद्धं तद्यथा भवतीति क्रियाविशेषणं, विवक्षितक्षेत्रात्परतः स्वयं गमनतः आनयनादिभिश्च प्रकारैर्दिक्परिमाणातिक्रमं वर्जयतीति भावना, अयं चानयनादावतिक्रमो न कारयामीत्येवं विहितदिग्व्रतस्यैव संभवति,

तदन्यस्य त्वानयनादावनतिक्रम एव, तथाविधप्रत्याख्यानाभावादिति । 'तह चेव' त्ति तथैव तेनैव प्रकारेण गमनानयनादिविशुद्धतालक्षणेन क्षेत्रस्य-पूर्वादिदेशस्य दिग्व्रतविषयस्य ह्रस्वस्य सतो वृद्धिर्वर्धनं पश्चिमादिक्षेत्रान्तरपरिमाणप्रक्षेपेण दीर्घीकरणं क्षेत्रवृद्धिस्तां । किल केनापि पूर्वापरदिशोः प्रत्येकं योजनशतं गमनपरिमाणं कृतं, स चोत्पन्नप्रयोजन एकस्यां दिशि नवतिं व्यवस्थाप्यान्यस्यां तु दशोत्तरं योजनशतं करोति, उभाभ्यामपि प्रकाराभ्यां योजनशतद्वयरूपस्य परिमाणस्याव्याहतत्वात्, इत्येवमेकत्र क्षेत्रं वर्धयतो व्रतसापेक्षत्वादतिचार इति । तथा कथञ्चित् केनापि प्रकारेणातिव्याकुलत्वप्रमादित्वमत्यपाटवादिना स्मृतेः=स्मरणस्य योजनशतादिरूपदिक्परिमाणविषयस्यान्तर्धा भ्रंशः स्मृत्यन्तर्धा ताम्, चशब्दः समुच्चये केनचित् किल पूर्वस्यां दिशि योजनशतरूपं परिमाणं कृतमासीत् गमनकाले च स्पष्टतया न स्मरति, किं शतं परिमाणं कृतमुत पञ्चाशत् ? तस्य, चैवं पञ्चाशतमतिक्रामतोऽतिचारः, शतमतिक्रामतो भङ्गः, सापेक्षत्वान्निरपेक्षत्वाच्चेति गाथार्थः, (इह वृद्धसम्प्रदायः-) ऊर्ध्वं यत्प्रमाणं गृहीतं तस्योपरि पर्वतशिखरे वृक्षे वा मर्कटः पक्षी वा वस्त्रमाभरणं वा गृहीत्वा व्रजेत् तत्र तस्य न कल्पते गन्तुम् यदा तु तत्पतितमन्येन वानीतं तदा कल्पते ग्रहीतुं एतत्पुनरष्टापदोज्जयन्तादिषु भवेत्, एवमधः कूपादिषु विभाषा । तथा तिर्यक् यत्प्रमाणं गृहीतं, तत्त्रिविधेन करणेन नातिक्रमितव्यं, क्षेत्रवृद्धिश्च न कर्तव्या । कथं ? असौ पूर्वेण भाण्डं गृहीत्वा गतो यावत्तत्परिमाणं, ततः परतो भाण्डमर्थं लभत इतिकृत्वा अपरेण यानि योजनानि तानि पूर्वदिक्परिमाणे क्षिपति, यद्यनाभोगात्परिमाणमतिक्रान्तो भवेत्तदा निवर्तितव्यं, ज्ञाते वा न गन्तव्यं, अन्योऽपि न विसर्जनीयः, अनाज्ञया कोऽपि गतो भवेत्तदा यत्नेन लब्धं स्वयं विस्मृत्य गतेन वा तत्र गृह्यत इति ।।१/२०।।

ટીકાર્થ :-

वर्जयति ..... इति ।। 'वज्जईत्यादि' પ્રતીક છે. ઊર્ધ્વાદિક ક્રમને વર્જન કરે છે=પરિહાર કરે છે અર્થાત્ ઊર્ધ્વાદિમાં અર્થાત્ ઊર્ધ્વ, અધઃ, તિર્યક્ દિશામાં ક્રમ=વિવક્ષિત ક્ષેત્રથી પર ગમનનું વર્જન કરે છે. આથી ઊર્ધ્વાદિ ક્રમ તેને વર્જન કરે છે. આના દ્વારા=ઊર્ધ્વાદિના ક્રમનું વર્જન કરે છે, એના દ્વારા, ત્રણ અતિચારો પ્રતિપાદિત કરાયા. તે આ પ્રમાણે – ઊર્ધ્વદિશિ પ્રમાણનો અતિક્રમ, અધોદિશિ પ્રમાણનો અને તિર્યક્ દિશિ પ્રમાણનો અતિક્રમ અને આ ત્રણ અતિચારો અનાભોગ અતિક્રમાદિ વડે જ થાય છે, અન્યથા પ્રવૃત્તિમાં=પોતાના વ્રતની મર્યાદા પૂરી થઈ છે એમ જાણવા છતાં પ્રવૃત્તિમાં, ભંગ જ છે.

અને આ ઊર્ધ્વાદિ દિશાના અતિક્રમને કેવી રીતે વર્જન કરે છે ? એથી કહે છે –

અને આનયન=વિવક્ષિત ક્ષેત્રથી આગળમાં રહેલી વસ્તુનું પર દ્વારા સ્વક્ષેત્રમાં પ્રાપણ અને પ્રેષણ, તેથી પર વડે નયન, અને=ઉભય ઉક્ત દ્વયને પણ એકદા જ કરે અર્થાત્ આનયન અને

પ્રેષણ બન્ને એકસાથે જ કરે આ પ્રકારે દ્વન્દ્વ છે. તેઓથી=આનયન, પ્રેષણ અને ઉભયથી વિશુદ્ધ-નિર્દોષ એ આનયન, પ્રેષણ અને ઉભય વિશુદ્ધ છે. તે જે પ્રકારે થાય એ પ્રકારે અતિચારોનું વર્જન કરે, એ પ્રમાણે અન્વય છે, એથી ક્રિયાવિશેષણ છે.

આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરે છે –

વિવક્ષિત ક્ષેત્રથી પણ સ્વયંગમનથી અને આનયન આદિ પ્રકારથી દિક્પરિમાણના અતિક્રમોનું વર્જન કરે છે, એ પ્રકારે ભાવના છે અને આ=આનયન આદિનો અતિક્રમ હું બીજા પાસે કરાવું નહિ એવા પ્રકારના દિક્વ્રતવાળાને જ સંભવે છે. વળી તેનાથી અન્યને=હું સ્વયં લાવીશ નહિ એટલા જ માત્ર દિક્વ્રતવાળાને, આનયન આદિમાં=બીજા પાસેથી મંગાવવા આદિમાં અતિક્રમ નથી જ; કેમ કે તેવા પ્રકારના પ્રત્યાખાનનો અભાવ છે. તે જ પ્રકારે ગમન આનયનાદિની વિશુદ્ધતા લક્ષણથી ક્ષેત્રની વૃદ્ધિ=દિક્વ્રતના વિષયભૂત પૂર્વાદિ દેશની હ્રસ્વ છતાં વૃદ્ધિ-વર્ધન છે અર્થાત્ પશ્ચિમ આદિ ક્ષેત્રાંતરના પરિમાણના પ્રક્ષેપણથી દીર્ઘકરણ ક્ષેત્રવૃદ્ધિ છે, તેનું વર્જન કરે એમ અન્વય છે.

કઈ રીતે ક્ષેત્રવૃદ્ધિ કરે ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

ખરેખર કોઈપણ શ્રાવક વડે પૂર્વ અને પશ્ચિમ દિશામાં પ્રત્યેકમાં સો યોજન ગમનનું પરિમાણ કરાયું અને ઉત્પન્ન પ્રયોજનવાળો એવો તે શ્રાવક એક દિશામાં નેવું યોજનનું વ્યવસ્થાપન કરીને અન્ય દિશામાં એકસો દશ યોજન કરે છે; કેમ કે બન્ને પણ પ્રકારથી=પૂર્વ અને પશ્ચિમ બન્ને દિશાના સમૂહથી બસો યોજનરૂપ પરિમાણનું અવ્યાહતપણું છે. આ રીતે એક ક્ષેત્રમાં વધારતા શ્રાવકનું વ્રત સાપેક્ષપણું હોવાથી અતિચાર છે અને કોઈ પણ રીતે કોઈપણ પ્રકારથી અતિવ્યાકુલપણું, પ્રમાદીપણું કે મતિનું અપટુપણું આદિથી સ્મૃતિનું=સ્મરણનું=યોજન શતાદિરૂપ દિક્પરિમાણના વિષયના સ્મરણનું, અંતર્ધા=ભ્રંશ એ સ્મૃતિ અંતર્ધા છે, તેને વર્જન કરે અર્થાત્ લીધેલી પ્રતિજ્ઞાનું વિસ્મરણ ન થાય તેવો દૃઢ યત્ન કરે. 'ચ' શબ્દ સમુચ્ચયના અર્થમાં છે.

કઈ રીતે સ્મૃતિભ્રંશ થાય છે ? એ સ્પષ્ટ કરે છે –

ખરેખર કોઈક શ્રાવકે પૂર્વદિશામાં સો યોજનરૂપ પરિમાણ કરેલું હતું અને ગમનકાળમાં સ્પષ્ટપણાથી સો યોજનનું પરિમાણ કર્યું છે અથવા પચાસ યોજનનું પરિમાણ કર્યું છે, એ સ્મરણ થતું નથી અને તે શ્રાવકને આ રીતે પચાસ યોજનનું અતિક્રમ કરવાથી અતિચાર થાય છે અને સો યોજનનું અતિક્રમ કરવાથી ભંગ થાય છે; કેમ કે પચાસ યોજનના અતિક્રમમાં સાપેક્ષપણું છે, સો યોજનના અતિક્રમમાં નિરપેક્ષપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે.

અહીં વૃદ્ધ સંપ્રદાય આ પ્રમાણે છે. ઊર્ધ્વદિશામાં જે પ્રમાણ ગ્રહણ કરાયું છે, તેના ઉપરમાં પર્વતના શિખરમાં અથવા વૃક્ષમાં વાંદરો કે પક્ષી વસ્ત્રને અથવા આભરણને ગ્રહણ કરીને જાય, ત્યાં=પર્વત ઉપર કે વૃક્ષ ઉપર તેને=શ્રાવકને જવા માટે કલ્પતું નથી. વળી, જો તે નીચે પડ્યું અથવા બીજા વડે સ્વાભાવિક લવાયું તો ગ્રહણ કરવું કલ્પે છે.

વળી આ-ઊર્ધ્વદિશિનો અતિક્રમ અષ્ટાપદ, ઉજ્જૈની આદિમાં થાય એ રીતે નીચેની દિશા કૂવા

આદિમાં વિભાષા છે-ઊર્ધ્વદિશાની જેમ જ કથન છે અને તિર્યંચ દિશામાં જે પ્રમાણ ગ્રહણ કરાયું છે, તે ત્રિકરણથી-મનથી, વચનથી અને કાયાથી અતિક્રમ કરવું જોઈએ નહિ અને ક્ષેત્રવૃદ્ધિ કરવી જોઈએ નહિ.

કેવી રીતે ક્ષેત્રવૃદ્ધિ કરવી જોઈએ નહિ ? એથી કહે છે –

પૂર્વદિશાથી ભાંડને=વસ્તુને ગ્રહણ કરીને આ શ્રાવક જેટલું તદ્પરિમાણ છે, તેટલો ગયો. ત્યારપછી વસ્તુ સસ્તી મળે છે એથી કરીને બીજી દિશામાં જે યોજનો છે, તેને પૂર્વદિશાના પરિમાણમાં પ્રક્ષેપ કરે છે તેથી અતિચારની પ્રાપ્તિ છે એમ અન્વય છે. જો અનાભોગથી પરિમાણ અતિક્રાંત થાય તો નિવર્તન થવું જોઈએ=વસ્તુને ગ્રહણ કર્યા વગર નિવર્તન થવું જોઈએ અથવા જ્ઞાત થયે છતે=મારી ક્ષેત્રમર્યાદા પૂરી થઈ છે, એ પ્રકારે જ્ઞાત થયે છતે જવું જોઈએ નહિ અને બીજાને પણ મોકલવો જોઈએ નહિ. આજ્ઞા વગર કોઈ પણ ગયેલો થાય તો જે તેના વડે પ્રાપ્ત કરાયું તેને ગ્રહણ કરવું જોઈએ નહિ અથવા સ્વયં વિસ્મરણને કારણે ગયેલા એવા શ્રાવકે ત્યાંથી કાંઈ ગ્રહણ કરવું જોઈએ નહિ. ॥૧/૨૦॥

ભાવાર્થ :-

વિવેકી શ્રાવક સંપૂર્ણ નિષ્પાપ જીવન જીવવાની શક્તિના અર્થે જે પાંચ અણુવ્રતો સ્વીકાર્યાં છે, તેને અતિશયિત કરવા અર્થે દિક્પરિમાણરૂપ ગુણવ્રત ગ્રહણ કરે છે અને તેના દ્વારા ક્ષેત્રને આશ્રયીને આરંભ-સમારંભના પરિણામને સંકોચ કરવા યત્ન કરે છે. જેથી દેશથી હિંસાદિનો નિષેધ કર્યો નથી. તે હિંસાદિ પાપો પણ ક્ષેત્રના નિયંત્રણને કારણે અલ્પ થાય અને ચિત્ત સંવર ભાવની વૃદ્ધિ કરીને સર્વવિરતિને અનુકૂળ સંવરની પ્રાપ્તિ થાય, તેવો યત્ન કરે છે. તેથી તેને અતિશયિત કરવા અર્થે દિશાવ્રતના પાંચ અતિચારોને મનથી, વચનથી અને કાયાથી લેશ પણ અતિક્રમ ન થાય તે રીતે સદા આત્માને ભાવિત કરે છે. તેથી સ્વીકારાયેલું દિક્પરિમાણ રૂપ ગુણવ્રત ગુણવૃદ્ધિનું કારણ બને અને જો અનાભોગ આદિથી પણ અતિચારનું સેવન થાય તો તે શ્રાવક વ્રતશુદ્ધિને પ્રાપ્ત કરતો નથી. માટે વિવેકી શ્રાવકે વ્રતોનું અત્યંત સ્મરણ કરીને દિક્વ્રતના અતિચારોનું વર્જન કરવું જોઈએ. **॥૧/૨૦॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं प्रथमं गुणव्रतमधुना द्वितीयमाह–

અવતરણિકાર્થ :-

સાતિચાર=અતિચાર સહિત પ્રથમ ગુણવ્રત કહેવાયું. હવે બીજા ગુણવ્રતને કહે છે –

ગાથા :-

वज्जणमणंतगुंबरिअच्चंगाणं च भोगओ माणं ।
कम्मयओ खरकम्माइयाण अवरं इमं भणियं ।।१/२१।।

છાયા :-

वर्जनमनन्तकोदुम्बर्यत्यङ्गानां च भोगतो मानम् ।
कर्मकतः खरकर्मादीनामपरमिदं भणितम् ।।१/२१।।

અન્વયાર્થ :-

અણંતગુંબરિઅચ્ચંગાણં=અનંતક=અનંતકાય, ઉદુંબરી=પાંચ પ્રકારના ઉદુંબર અને અત્યંગોનું=વજ્જણં=વર્જન, ચ=અને, ભોગઓ=ભોગથી=ભોગને આશ્રયીને, માણં=પરિમાણ, (તથા) કમ્મયઓ=કર્મકથી=આજીવિકાને આશ્રયીને, ખરકમ્માઇયાણ=ખરકર્મ આદિનું, વર્જન અવરં=અન્ય, ઇમં=આ, ભણિયં=કહ્યું છે. ।।૧/૨૧।।

ગાથાર્થ :-

અનંત=અનંતકાય, ઉદુંબરી=પાંચ પ્રકારના ઉદુંબર, અત્યંગો=અતિશય આસક્તિનાં કારણો એવા મધાદિનું વર્જન અને ભોગથી માન=અને શેષદ્રવ્યોનું ભોગને આશ્રયીને પ્રમાણ કર્મથી ખરકર્માદિનું વર્જન અપર=બીજું આ ગુણવ્રત કહેવાયું છે. ।।૧/૨૧।।

ટીકા :-

व्याख्या–'वज्जे'त्यादि । इदं किल द्वितीयगुणव्रतमुपभोगपरिभोगव्रताभिधानं द्विधा भवति, भोजनतः कर्मतश्च तत्र उपेति सकृदन्तर्वा भोजनमुपभोगोऽशनादिभोगः, उपभुज्यत इति वोपभोगोऽशनादिरेव, परि आवृत्त्या बहिर्वा भोजनं परिभोगो वस्त्रादिभोगः, परिभुज्यत इति वा परिभोगो वस्त्रादिरेव, तत्रोपभोगपरिभोगयोरासेवाविषययोर्वस्तुविशेषयोः तदुपादानभूतकर्मणां वोपचारादुपभोगादिशब्दवाच्यानां व्रतमुपभोगपरिभोगव्रतं । तत्र पूर्वार्धेन भोजनतस्तावदिदमाह–वर्जनं परिहरणं । अनन्तकमित्यनन्तकायः प्रवचनप्रसिद्धः ।

यथा–

'सव्वा य कंदजाइ सूरणकंदो य वज्जकंदो य ।
अल्लहलिद्दा य तहा अल्लं तह अल्लकच्चूरो ।।१।।' () इत्यादि ।

'उदुंबरीति' वटपिप्पलोदुम्बरप्लक्षकदुम्बरफलानि समयभाषयोच्यन्ते तथाऽत्यङ्गानीति अतिशायीनि भोगस्य कारणान्यवयवा मधुमद्यमांसादीनि रात्रिभोजनस्रक्चन्दनाङ्गनादीनि चैतेषां द्वन्द्वः अतस्तेषामनन्तकोदुम्बर्यत्यङ्गानां उपलक्षणत्वाच्चैषां समस्ताशनादिद्रव्याणां चेति दृश्यम् चशब्दस्य चोत्तरत्र सम्बन्धः भोगतो=भोजनत उपभोगपरिभोगावाश्रित्यापरं व्रतमिति योगः । तथा मानं च, न केवलमनन्तकायादीनां वर्जनं भोजनतो व्रतं, मानं च परिमाणं च तेषां व्रतमिति ।

अथ कर्मतस्तदेवाह–'कम्मयउ' त्ति कर्म-जीविकार्थ आरम्भः, कर्मैव कर्मकं तस्मात्कर्मकतः,

तदाश्रित्य खरकर्मादीनां निस्तृंशजनोचितकठोरारम्भाणां कोट्टवालगुप्तिपालकर्मादीनां । आदिशब्दाद-ङ्गारकर्मादीनां, वर्जनं चेति प्रक्रमः, अपरमन्यद् द्वितीयमिदं गुणव्रतं भणितं प्रतिपादितं पूर्वाचार्यैरिति गम्यते तथा च वृद्धसम्प्रदायः-भोजनतः श्रावक उत्सर्गेण प्रासुकमेषणीयमाहारमाहारयेत् । तस्यासद्भावेऽनेषणीयमपि सचित्तवर्जम्, तदसत्त्वेऽनन्तकायबहुबीजकानि परिहरेत्, तत्राशने आर्द्रकमूलकमांसादि, पाने मांसरसमद्यादि, खादिमे पुनरुदुम्बरपञ्चकादि, स्वादिमे तु मध्वादि एवं परिभोगेऽपि वस्त्रादौ, तत्र स्थूलधवलाल्पमूल्यानि परिमितानि वस्त्राणि परिभुञ्जीत शासनप्रभावनार्थं चाम्बराणि वरतराणि यावद्देवदूष्याण्यपि नवरं भोगे परिमाणं कुर्यादिति कर्मतोऽपि यद्यकर्मा न शक्नोति जीवितुं, तदात्यन्तसावद्यानि परिहरेत् । अत्रापि सकृदेव यत्क्रियते कर्म प्रहारव्यवहरणादि विवक्षया तदुपभोगोऽभिधीयते । पौनःपुन्येन यत्पुनस्तत्परिभोग इति । अन्ये पुनः कर्मपक्षे उपभोगपरिभोगयोजनं न कुर्वन्ति । उपभोगपरिभोगव्रते कर्मणः पुनरुपन्यास उपभोगादिकारणभावेनेति गाथार्थः ।।१/२१।।

ટીકાર્થ :-

इदं ..... इति गाथार्थः ।। 'वज्जेत्यादि' પ્રતીક છે. ખરેખર ઉપભોગપરિભોગ વ્રત નામનું આ બીજું ગુણવ્રત બે પ્રકારનું છે : (૧) ભોજનથી=ભોજનની ક્રિયાને આશ્રયીને અને (૨) કર્મથી=અર્થ ઉપાર્જનની ક્રિયાને આશ્રયીને બે પ્રકારનું છે, એમ અન્વય છે. ત્યાં=ઉપભોગ-પરિભોગમાં એક વખત અથવા શરીરની અંદરમાં ભોજન કરે છે, એ ઉપભોગ અશન આદિનો ભોગ છે=આહાર આદિનો ભોગ છે અથવા ઉપભોજન કરાય, એ ઉપભોગ અશન આદિ જ છે=આહાર આદિ જ છે. પરિ=આવૃત્તિથી અથવા બાહિર ભોજન પરિભોગ છે=વસ્ત્રાદિનો ભોગ છે અથવા પરિભોજન કરાય તે પરિભોગ છે. વસ્ત્રાદિ જ પરિભોગ છે, ત્યાં=ઉપભોગ-પરિભોગ વ્રતમાં, ઉપભોગ પરિભોગના આસેવનના વિષયવાળી વસ્તુવિશેષના ઉપભોગ અને પરિભોગનું અથવા તેના ઉપાદાનભૂત કર્મોનું ઉપચારથી ઉપભોગ આદિ શબ્દ વાચ્ય એવા વ્યાપાર-વાણિજ્ય આદિનું વ્રત ઉપભોગ-પરિભોગ વ્રત છે.

ત્યાં પૂર્વાર્ધથી ભોજનને આશ્રયીને આને=બીજા ગુણવ્રતને કહે છે.

પ્રવચનપ્રસિદ્ધ એવા અનંતકાયનું વર્જન=પરિહરણ છે. જેને કહે છે — સર્વ કંદજાતિ, સૂરણકંદો, વજ્રકંદો, લીલી હળદર, આદુ અને લીલો કચૂરો ઇત્યાદિ અનંતકાય છે. ઉદુંબરી=વટ, પીપળ, ઉદુમ્બર, પ્લક્ષ અને કદુમ્બર ફળો સમય પરિભાષથી=શાસ્ત્ર પરિભાષથી ઉદુંબરી કહેવાય અને અત્યંગો=અતિશય ભોગના કારણે અથવા અતિશય ભોગના અવયવો, મધ, મદ્ય, માંસ આદિ અથવા રાત્રિભોજન, ફૂલની માળા, સ્ત્રી આદિ એઓનો દ્વન્દ્વ=અનંતકાય, ઉદુમ્બરી અને અત્યંગો એઓનો દ્વન્દ્વ સમાસ છે, આથી તેઓનું=અનંતકાય, ઉદુમ્બરી અને અત્યંગોનું અને આમનું ઉપલક્ષણપણું સમસ્ત અશનાદિ દ્રવ્યોનો ભોગથી=ભોજનથી ઉપભોગ-પરિભોગને આશ્રયીને બીજું ગુણવ્રત છે,

એ પ્રમાણે યોગ છે અને ગાથામાં 'च' શબ્દનો ઉત્તરમાં સંબંધ છે અને માન=સમસ્ત અશનાદિ દ્રવ્યોનું પ્રમાણ કેવલ અનંતકાય આદિનું વર્જન નહિ તે ભોજનથી વ્રત છે=કોઈ વ્યક્તિ કેવળ અનંતકાય આદિનું વર્જન કરે, તેનાથી બીજું વ્રત થતું નથી. પરંતુ સમસ્ત અશનાદિ દ્રવ્યોનું પરિમાણ કરે તેઓને બીજું ગુણવ્રત છે.

હવે કર્મથી=વ્યાપારને આશ્રયીને તેને જ=બીજા ગુણવ્રતને જ કહે છે. કર્મો આજીવિકા માટેનો આરંભ છે. કર્મ જ કર્મક છે='ક' પ્રત્યય સ્વાર્થમાં છે. તે કારણથી=કર્મને આશ્રયીને ખરકર્માદિનું=કઠોર હૈયાવાળા જીવોને ઉચિત કઠોર આરંભવાળા કોટવાલ, ગુપ્તિપાલ કર્માદિનું, 'આદિ' શબ્દથી અંગારકર્માદિનું વર્જન, અપર=અન્ય બીજું આ ગુણવ્રત પૂર્વાચાર્યો વડે કહેવાયું છે અને તે પ્રમાણે વૃદ્ધનો સંપ્રદાય છે=જ્ઞાનવૃદ્ધોનું વચન છે. ભોજનથી શ્રાવકે ઉત્સર્ગ માર્ગથી પ્રાસુક એષણીય આહાર વાપરવો જોઈએ=સાધુ જેવો નિર્દોષ અચિત્ત આહાર વાપરવો જોઈએ. તેના અસદ્ભાવમાં=સાધુ જેવા નિર્દોષ આહારના અસદ્ભાવમાં અનેષણીય પણ=પોતાના માટે બનાવાયેલ દોષવાળો આહાર પણ સચિત્તને છોડીને ગ્રહણ કરવો જોઈએ. તેના અસત્ત્વમાં=સચિત્તના વર્જનપૂર્વકના આહારના અભાવમાં અનંતકાય, બહુબીજનો પરિહાર કરવો જોઈએ. ત્યાં આહારમાં આદુ, મૂળા, માંસ આદિનો પરિહાર કરવો જોઈએ. માંસનો રસ, મદ્યાદિનો પરિહાર કરવો જોઈએ.

'ખાદિમ'માં વળી ઉદુમ્બર, પંચક આદિનો પરિહાર કરવો જોઈએ. 'સ્વાદિમ'માં મધ આદિનો પરિહાર કરવો જોઈએ. એ રીતે પરિભોગમાં પણ વસ્ત્રાદિના વિષયમાં, ત્યાં સ્થૂલ સફેદ, અલ્પ મૂલ્યવાળાં પરિમિત વસ્ત્રોનો પરિભોગ કરવો જોઈએ અને શાસનપ્રભાવના માટે શ્રેષ્ઠ વસ્ત્રો યાવત્ દેવદૂષ્ય પણ ધારણ કરે. કેવલ ભોગમાં પરિમાણ કરે. કર્મથી પણ=વ્યાપારને આશ્રયીને પણ, જો અકર્મવાળો=વ્યાપાર કર્યા વિના આજીવિકા કરવા સમર્થ નથી, તો અત્યંત સાવદ્ય વ્યાપારોનો પરિહાર કરે. આમાં પણ=વ્યાપારના વિષયમાં પણ જે કર્મ પ્રહારવ્યવહરણાદિ એક વખત જ કરાય છે, તે વિવક્ષાથી ઉપભોગ કહેવાય છે. ફરીફરીપણાથી જે કરાય છે, તે પરિભોગ કહેવાય છે. વળી અન્ય આચાર્યો કર્મપક્ષમાં ઉપભોગ-પરિભોગનું યોજન કરતા નથી. ઉપભોગ-પરિભોગ વ્રતમાં વળી કર્મનો ઉપન્યાસ=વ્યાપારનું ગ્રહણ ઉપભોગ આદિના કારણ ભાવથી છે=વ્યાપાર આદિ દ્વારા ધન પ્રાપ્ત થાય છે જે ઉપભોગાદિનું કારણ છે, માટે વ્યાપારને પણ ઉપભોગ-પરિભોગ આદિ વ્રતમાં ગણાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૧॥

ભાવાર્થ :-

શ્રાવક સાધુધર્મનું પરિભાવન કરનારા હોય છે. તેથી સાધુની જેમ સર્વથા અભોગ પરિણામની ઇચ્છાવાળા હોય છે અર્થાત્ સાધુ કર્મબંધનું કારણ બને તે રીતે કોઈ આહારાદિનો ભોગ કરતા નથી પરંતુ સંયમના અંગભૂત જ આહારાદિની ક્રિયા કરે છે, તેથી સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે અને શ્રાવકને તેવો જ ઉત્તમ ભાવ અત્યંત ઇષ્ટ છે. પરંતુ તે પ્રકારનું સંજ્ઞા ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થયું નથી, તેથી શાતાને વશ કે આહારસંજ્ઞાને વશ આહાર કરે છે, તેમાં પણ સંવરભાવને પ્રગટ કરવા અર્થે અનંતકાય, ઉદુમ્બરી અને

અત્યંત વિકારી એવાં માંસ, મદ્ય, માખણનું વર્જન કરે છે અને આહારસંજ્ઞાને વશ કે શાતાને અર્થે આહાર કરે છે, તેમાં પણ પરિમાણ કરે છે.

વળી ઉપભોગ-પરિભોગનું પ્રબળ કારણ ધન છે; કેમ કે ધનથી જ તે તે પ્રકારનો ભોગવિલાસ થાય છે અને ધન ઉપાર્જન માટે વ્યાપાર આદિ પ્રવૃત્તિમાં પણ ખરકર્મોનું=જેમાં કઠોરતા ઉત્પન્ન થાય તેવા વ્યાપારોનું શ્રાવક વર્જન કરે છે. તે શ્રાવકનું બીજું ગુણવ્રત છે; કેમ કે જે પાંચ અણુવ્રતો ગ્રહણ કર્યાં છે, તે અણુવ્રતો મહાવ્રતોને અનુરૂપ શક્તિસંચયનું કારણ બને તેનો ઉપાય ઉપભોગ-પરિભોગ ઉપરનો સંવરભાવ છે. તેથી શક્તિ અનુસાર સંવર કરીને અને પુનઃ પુનઃ સાધુના ઉત્તમ ચિત્તનું ભાવન કરીને વિવેકી શ્રાવકો સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદમાં યત્ન કરે છે. **॥૨૧॥**

અવતરણિકા :-

ઉભયરૂપેઽપ્યત્રાતિચારાનાહ—

અવતરણિકાર્થ :-

ઉભયરૂપમાં પણ આમાં=ઉપભોગ-પરિભોગ અને કર્મ સ્વરૂપ ઉભયરૂપ પણ બીજા ગુણવ્રતમાં અતિચારોને કહે છે —

ગાથા :-

सच्चित्तं पडिबद्धं अपउलदुपओलतुच्छभक्खणयं ।
वज्जइ कम्मयओ वि य इत्थं अंगालकम्माइं ।।१/२२।।

છાયા :-

सच्चित्तं प्रतिबद्धं अपक्वदुष्पक्वतुच्छभक्षणकम् ।
वर्जयति कर्मकतोऽपि च इत्थं अङ्गारकर्माणि ।।१/२२।।

અન્વયાર્થ :-

सच्चित्तं=સચિત્તને, पडिबद्धं=प्रतिबद्धने=સચિત્તના પ્રતિબદ્ધને, अपउलदुपओलतुच्छभक्खणयं=અપક્વ-દુષ્પક્વ-તુચ્છભક્ષણને=અપક્વ, દુષ્પક્વ તથા તુચ્છ વસ્તુઓના ભક્ષણને, य=અને, कम्मयओ वि=કર્મથી પણ, इत्थं=આ રીતે, अंगालकम्माइं=અંગારકર્મોને, वज्जइ=વર્જન કરે છે=શ્રાવક વર્જન કરે છે. ।।૧/૨૨।।

ગાથાર્થ :-

સચિત્તને, પ્રતિબદ્ધને=સચિત્તના પ્રતિબદ્ધને, અપક્વ-દુષ્પક્વ-તુચ્છભક્ષણને=અપક્વ, દુષ્પક્વ તથા તુચ્છ વસ્તુઓના ભક્ષણને અને કર્મથી પણ આ રીતે અંગારકર્મોને શ્રાવક વર્જન કરે છે. ।।૧/૨૨।।

ટીકા :-

व्याख्या—'सच्चित्तेत्यादि' । श्रावकेण हि भोजनतः किलोत्सर्गतो निरवद्याहारेण भाव्यं, कर्मतश्च प्रायो निरवद्यकर्मानुष्ठानेन, अतस्तदपेक्षया यथासंभवममी अतिचार दृश्याः तत्र भोजनतस्तावदाह—सचित्तं-सचेतनं कन्दादि इह च सर्वत्र निवृत्तिविषयीकृतप्रवृत्तावप्यतिचाराभिधानं व्रतसापेक्षस्यानाभोगातिक्रमादिनिबन्धनप्रवृत्त्या द्रष्टव्यं, अन्यथा भङ्ग एव स्यात्, अतस्तन्निवृत्तिविषयीकृतं भक्ष्यतया वर्जयतीति योगः । तथा प्रतिबद्धं-संबद्धं सचित्तवृक्षेषु गुंदादि पक्वफलादि वा, तद्भक्षणं हि सावद्याहारवर्जकस्य सावद्याहारप्रवृत्तिरूपत्वादनाभोगादिनाऽतिचारः । अथवास्थिकं त्यक्ष्यामि, तस्यैव सचेतनत्वात् । कडाहं तु भक्षयिष्यामि, तस्याचेतनत्वात्, इति बुद्ध्या पक्वं खर्जूरादिफलं मुखे प्रक्षिपतः सचित्तवर्जकस्य सचित्तप्रतिबद्धाहारोऽतिचारः । तथा 'अपउल'त्ति अपक्वं च-अग्निनाऽसंस्कृतं, 'दुपओल'त्ति दुष्पक्वं च-अर्धस्विन्नं, 'तुच्छ'त्ति तुच्छं च निःसारमिति द्वन्द्वः तेषां धान्यानामिति गम्यं, भक्षणमदनं तदेव स्वार्थिके कप्रत्यये सत्यपक्वदुःपक्वतुच्छभक्षणकं । नन्वपक्वौषधयो यदि सचेतनास्तदा सचित्तमित्याद्यपदेनैवोक्तार्थत्वात्पुनर्वचनमसंगतं, अथाचेतनास्तदा कोऽतिचारः ? निरवद्यत्वात्तद्भक्षणस्येति, सत्यं, किंत्वाद्यावतिचारौ सचेतनकन्दफलादिविषयौ, इतरे तु शाल्योषधिविषयाः, इति विषयकृतो भेदः, अत एव मूलसूत्रे-'अपउलिओसहिभक्खणया' () इत्याद्युक्तं, ततोऽनाभोगातिक्रमादिनाऽपक्वौषधिभक्षणमतिचारः । अथवा कणिक्कादेरपक्वतया संभवात्सचित्तावयवस्य पिष्टत्वादिनाऽचेतनमिदमिति बुद्ध्या भक्षणं व्रतसापेक्षत्वादतिचारः, दुःपक्वौषधिभक्षणं तु पृथुकादेर्दुःपक्वतया संभवात्सचेतनावयवस्य पक्वत्वादचेतनमिति बुद्ध्या भुञ्चानस्यातिचारः । ननु तुच्छौषधयोऽपक्वा दुःपक्वाः सम्यक् पक्वा वा स्युः । यद्याद्यौ पक्षौ तदा तृतीयचतुर्थातिचाराभ्यामेवास्योक्तत्वात्पुनरुक्तत्वदोषः, अथ सम्यक् पक्वास्तदा निरवद्यत्वादेव काऽतिचारता तद्भक्षणस्येति ? सत्यं, किंतु यथाऽऽद्यद्वयस्योत्तरद्वयस्य च सचित्तत्वे समानेऽप्यनौषध्यौषधिकृतो विशेषः, एवमत्र सचेतनत्वौषधित्वाभ्यां समानत्वेऽप्यतुच्छत्वतुच्छत्वकृतो विशेषो दृश्यः तत्र च कोमलमुद्गादिफलीर्विशिष्टतृप्त्यकारत्वेन तुच्छाः सचेतना एवानाभोगातिक्रमादिना भुञ्जानस्य तुच्छौषधिभक्षणमतिचारः अथवाऽत्यन्तावद्यभीरुतयाऽचित्ताहारताऽभ्युपगता, तत्र च यत्तृप्तिकारकं तदचेतनीकृत्यापि भक्षयतु, सचेतनस्यैव वर्जनीयत्वाभ्युपगमात् । यत्पुनस्तृप्तिसंपादनासमर्था अप्योषधीर्लौल्येनाचेतनीकृत्य भुङ्क्ते, तत्तुच्छौषधिभक्षणमतिचारः, तत्र भावतो विरतेर्विराधितत्वाद् द्रव्यतस्तु पालितत्वादिति । एवं रात्रिभोजनमांसादिव्रतेष्वप्यनाभोगातिक्रमादिभिरतिचारा भावनीयाः । अथ कर्मव्रतातिचारानाह—वर्जयति परिहरति 'कम्मयओऽविय'त्ति कर्मवतः इह कप्रत्ययः स्वार्थिको गाथापूरणार्थः, तेन कर्मतः कर्माश्रित्य, अपि चेति पुनःशब्दार्थः क्वचित्

'कम्मयओ वि हु' त्ति पाठः, तत्रापिशब्दः पुनरर्थ एव हुशब्दः पूरणे ततश्च भोजनतोऽत्र व्रते सचित्तभक्षणादि वर्जयति, कर्मतः पुनरत्र द्वितीये गुणव्रतेऽङ्गारकर्मादि वर्जयतीति योगः । कर्मतो हि द्वितीयगुणव्रते पञ्चदशातिचारा भवन्ति ।

तदुक्तम्—

'इंगाली १ वण २ साडी ३ भाडी ४ फोडीसु ५ वज्जए कम्मं ।
वाणिज्जं चेव य दंत १ लक्ख २ रस ३ केस ४ विस ५ विसयं ।।१।।
एवं खु जंतपीलणकम्मं १ नीलंछणं च २ दवदाणं ३।
सरदहतलायसोसं ४ असईपोसं च ५ वज्जेज्जा ।।२।।' ()

भावार्थस्तु वृद्धसम्प्रदायादवसेयः, स चायम्—अङ्गारकर्मेति अङ्गारान् कृत्वा विक्रीणीते, तत्र षण्णां जीवनिकायानां वधः स्यात्ततस्तत्र कल्पते । वनकर्म यद्वनं क्रीणाति, ततस्तच्छित्त्वा विक्रीय मूल्येन जीवति, एवं पत्रादीन्यपि प्रतिषिद्धानि भवन्ति । शकटीकर्म यच्छाकटिकत्वेन जीवति, तत्र गवादीनां बन्धवधादयो दोषाः स्युः । भाटीकर्म यत्स्वकीयेन तन्त्रेण भाटकेन परकीयं भाण्डं वहत्यन्येषां वा शकटबलीवर्दादीनर्पयतीति । स्फोटीकर्म उड्डत्वं यद्वा हलेन भूमेः स्फोटनम् । दन्तवाणिज्यं यत्पूर्वमेव पुलिन्द्राणां मूल्यं ददाति, दन्तान्मे यूयं ददतेति, ततस्ते हस्तिनो घ्नन्त्यचिरादसौ वाणिजक एष्यतीति कृत्वा । एवं कर्मकराणां शंखमूल्यं ददाति, पूर्वानीतांस्तु क्रीणाति । लाक्षावाणिज्यमप्येवमेव, दोषस्तु तत्र कृमयो भवन्ति । रसवाणिज्यं कल्पपालत्वं, तत्र च सुरादावनेके दोषा मारणाक्रोशवधादयः । केशवाणिज्यं यद्दास्यादीन् गृहीत्वान्यत्र विक्रीणीते, अत्राप्यनेके दोषाः परवशत्वादयः । विषवाणिज्यं विषविक्रयः, तच्च न कल्पते, यतस्तेन बहूनां जीवानां विराधना स्यात् । यन्त्रपीडनकर्मेति तिलेक्षुयन्त्रादिना तिलादिपीडनम् । निर्लाञ्छनकर्म गवादीनां वर्द्धितककरणम् । दवाग्निकर्म यद्वने दवं ददाति क्षेत्ररक्षणनिमित्तं यथोत्तरापथे दग्धे हि तत्र तरुणं तृणमुत्तिष्ठति, तत्र च सत्त्वशतसहस्राणां वधः स्यात् । सरोह्रदतडागपरिशोषणं यत्सरःप्रभृतीनि शोषयति, तत्र च धान्यमुप्यते । असतीपोषणं यद्योनिपोषका दासीः पोषयन्ति, तत्सम्बन्धिनीं च भाटीं गृह्णन्ति, यथा गोल्लविषय इति । दिङ्मात्रप्रदर्शनं चैतद् बहुसावद्यानां कर्मणामेवंजातीयानां न पुनः परिगणनमिति । इह चैवं विंशतिसङ्ख्यातिचाराभिधानमन्यत्रापि पञ्चातिचारसंख्यया तज्जातीयानां व्रतपरिणामकालुष्यनिबन्धनविधीनामपरेषां संग्रहो द्रष्टव्य इति ज्ञापनार्थम्, तेन स्मृत्यन्तर्धानादयो यथासंभवं सर्वव्रतेष्वतिचारा दृश्या इति । नन्वङ्गारकर्मादयः कस्मिन् व्रतेऽतिचाराः ? खरकर्मादिव्रत इति चेत्तर्हि व्रतविषयस्यातिचाराणां च कः परस्परं विशेषः ? खरकर्मादिरूपत्वादङ्गारकर्मादीनाम् । अत्रोच्यते—खरकर्मादय एवैतेऽतः

खरकर्मादिव्रतिना परिहार्याः । यदा पुनरेतेष्वनाभोगादिना प्रवर्तन्ते, तदा खरकर्मव्रतातिचारा भवन्ति । यदा त्वाकुट्या तदा भङ्गा एवेति गाथार्थः ।।१/२२।।

ટીકાર્થ :-

श्रावकेण ..... गाथार्थः ।। 'सच्चित्ते'त्यादि प्रतीक छे. श्रावके खरेખर ભોજનથી ઉત્સર્ગમાર્ગને આશ્રયીને નિરવદ્ય આહારથી-સાધુની જેમ બેતાલીસ દોષ રહિત આહાર કરવો જોઈએ અને કર્મથી પ્રાયઃ નિરવદ્ય કર્મ અનુષ્ઠાનથી આજીવિકા કરવી જોઈએ. આથી તેની અપેક્ષાએ યથાસંભવ આ અતિચારો જાણવા=પ્રસ્તુત ગાથામાં બતાવેલા અતિચારો જાણવા. ત્યાં=શ્રાવક નિરવદ્ય આહાર અને નિરવદ્ય અનુષ્ઠાન કરે છે તેમાં થતા અતિચારોમાં, ભોજનથી કહે છે. સચિત્ત=સચેતન એવો કંદાદિ અને અહીં=બીજા ગુણવ્રતમાં સર્વત્ર નિવૃત્તિના વિષયીકૃતમાં પ્રવૃત્તિ હોવા છતાં પણ અતિચારનું કથન વ્રતસાપેક્ષવાળા શ્રાવકને અનાભોગ અતિક્રમાદિના કારણે થતી પ્રવૃત્તિથી જાણવો. અન્યથા= અનાભોગ સહસાત્કાર આદિ વગર નિવૃત્તિના વિષયભૂત આહાર ગ્રહણ કરવામાં ભંગ જ છે. આથી તેના નિવૃત્તિના વિષયને કરાયેલું સચિત્ત આદિ ભક્ષ્યપણાથી વર્જન કરે છે, એ પ્રમાણે સંબંધ છે અને પ્રતિબદ્ધ=સચિત્ત વૃક્ષોમાં સંબંધ એવા ગુંદાદિ અથવા પક્વ ફલો તેનું ભક્ષણ સાવદ્ય આહારવર્જક શ્રાવકને સાવદ્ય આહારની પ્રવૃત્તિરૂપપણું હોવાને કારણે અનાભોગ આદિથી અતિચાર છે અથવા અસ્થિને હું ત્યજીશ, તેનું જ સચેતનપણું છે. કડાહને=બીજને છોડીને ઉપરના ભાગને હું ભક્ષણ કરીશ; કેમ કે તેનું=કડાહનું અચેતનપણું છે, એ પ્રકારની બુદ્ધિથી પક્વ એવા ખજૂરાદિ ફળને મુખમાં નાખતા સચિત્તવર્જક એવા શ્રાવકને સચિત્ત પ્રતિબદ્ધ આહાર અતિચાર છે અને અપક્વ=અગ્નિથી અસંસ્કૃત અને દુષ્પક્વ=અગ્નિથી અર્ધો સંસ્કાર કરાયેલો તુચ્છ=નિઃસાર એનો દ્વન્દ્વ સમાસ છે. તે ધાન્યોનું ભક્ષણ અપક્વ, દુષ્પક્વ તુચ્છ ભક્ષણક છે. 'ક' પ્રત્યય સ્વાર્થમાં છે.

'ननु'થી શંકા કરે છે – અપક્વ ઔષધિઓ જો સચેતન છે, તો સચિત્ત છે. તેથી આદ્ય પદથી જ= સચિત્ત એ પ્રકારના પદથી જ ઉક્તાર્થપણું હોવાના કારણે ફરી વચન=તુચ્છ ઔષધિનું સ્વતંત્ર ગ્રહણ અસંગત છે અને જો અચેતન છે, તો શું અતિચાર છે ? અર્થાત્ અતિચાર નથી; કેમ કે તુચ્છ ઔષધિના ભક્ષણનું નિરવદ્યપણું છે.

તેનો ઉત્તર આપતાં કહે છે –

તારી વાત સાચી છે. ફક્ત આદ્ય બે અતિચારો સચેતન એવા કંદફલાદિના વિષયવાળા છે. વળી, ઇતર શાલિ=ઔષધિના વિષયવાળા છે. એથી વિષયકૃત ભેદ છે. આથી જ મૂળસૂત્રમાં "અપક્વ ઔષધિના ભક્ષણથી" એ પ્રમાણે કહેવાયું છે. તેથી અનાભોગ, અતિક્રમ આદિ દ્વારા અપક્વ ઔષધિના ભક્ષણમાં અતિચાર છે અથવા કણિકાદિના અપક્વપણાથી સચિત્ત અવયવોનો સંભવ હોવાથી પિષ્ટપણાદિથી આ અચેતન છે, એ પ્રકારની બુદ્ધિ થવાથી ભક્ષણ વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર છે. દુષ્પક્વ ઔષધાદિનું ભક્ષણ પૃથુક આદિનું દુષ્પક્વપણું હોવાથી સચેતન અવયવનો સંભવ

હોવાને કારણે વળી પક્વપણું હોવાથી અચેતન છે એવી બુદ્ધિથી વાપરનારને અતિચાર છે.

'ननु'થી શંકા કરે છે – તુચ્છ ઔષધિ અપક્વ, દુષ્પક્વ અથવા સમ્યક્ પક્વ હોય. જો આદ્ય બે પક્ષનો સ્વીકાર છે, તો ત્રીજા અને ચોથા અતિચારથી જ આનું=તુચ્છ ઔષધિ ઉક્તપણું હોવાથી પુનરુક્તત્વ દોષ છે=ચાર કરતાં પાંચમા અતિચારને પૃથક્ કહેવું ઉચિત નથી. હવે સમ્યક્ પક્વ છે= ત્રીજો પક્ષ છે, તો નિરવદ્યપણું જ હોવાથી તેના ભક્ષણની અતિચારતા ક્યાં છે ? તેનો ઉત્તર આપતાં કહે છે –

તારી વાત સાચી છે. જે પ્રમાણે આદ્ય દ્વયનું અને ઉત્તર દ્રવ્યનું સચિત્તપણું સમાન હોવા છતાં પણ પ્રથમ, બીજા અને ત્રીજા-ચોથા અતિચારનું સચિત્તપણું સમાન હોવા છતાં પણ ઔષધિ કૃત અને અનૌષધિ ભેદ છે એ રીતે આમાં=તુચ્છ ઔષધિમાં સચેતનત્વ અને ઔષધિપણાથી સમાનપણું હોવા છતાં પણ=ત્રીજા-ચોથા અતિચારનું સમાનપણું હોવા છતાં પણ, અતુચ્છત્વ અને તુચ્છત્વ કૃત ભેદ દેખાય છે અને ત્યાં=તુચ્છ ઔષધિમાં કોમલ મગાદિ – ફલી વિશિષ્ટ તૃપ્તિનું અકારકપણું હોવાને કારણે તુચ્છ છે અને સચેતન જ અનાભોગ, અતિક્રમાદિ દ્વારા ખાનાર શ્રાવકને તુચ્છ ઔષધિના ભક્ષણનો અતિચાર છે અથવા અત્યંત અવદ્ય ભીરુપણાને કારણે અચિત્ત આહારતા, સ્વીકારાઈ છે=શ્રાવક દ્વારા અચિત્ત આહાર ગ્રહણ કરવાનું વ્રત સ્વીકારાયું છે અને ત્યાં=અચિત્ત આહાર ગ્રહણ કરવો એ પ્રકારના વ્રતમાં જે તૃપ્તિકારક છે, તે અચેતન કરીને પણ ભક્ષણ કરે; કેમ કે સચેતનનું વર્જનીયપણું સ્વીકારાયું છે. જે વળી, તૃપ્તિ કરાવવા માટે અસમર્થ પણ ઔષધિ લોલુપતાને કારણે અચેતન કરીને ભોગવે છે=શ્રાવક ઉપયોગ કરે છે, તે તુચ્છ ઔષધિ ભક્ષણ અતિચાર છે; કેમ કે ત્યાં=અચિત્ત તુચ્છ ઔષધિના ભક્ષણમાં ભાવથી વિરતિનું વિરાધિતપણું=લોલુપતાના પરિહાર અર્થે સચિત્તનો ત્યાગ કરેલો તે લોલુપતા અચિત્ત તુચ્છ ઔષધિના ભક્ષણથી પોષાતી હોવાના કારણે ભાવથી વ્રતનું વિરાધિતપણું છે. વળી, દ્રવ્યથી પાલન છે. આ રીતે=જે રીતે તુચ્છ ઔષધિમાં બતાવ્યું એ રીતે, રાત્રિભોજન, માંસાદિ વ્રતોમાં પણ અનાભોગ, અતિક્રમાદિથી અતિચારતા ભાવન કરવી.

હવે કર્મવ્રતના અતિચારોને કહે છે=કર્મને આશ્રયીને ભોગોપભોગાદિના વ્રતના અતિચારોને કહે છે –

શ્રાવક કર્મથી વર્જન કરે છે. અહીં 'क' પ્રત્યય સ્વાર્થિક ગાથાના પૂરણ અર્થવાળો છે. તેથી કર્મને આશ્રયીને શ્રાવક વર્જન કરે છે, એમ અન્વય છે. ગાથામાં 'अपि च' એ શબ્દ પુનઃ શબ્દાર્થવાળો છે. કોઈ પ્રતમાં 'कम्मयओऽपि हु' એ પ્રમાણે પાઠ છે. તે પાઠમાં પણ 'अपि' શબ્દ પુનઃ અર્થવાળો છે. 'हु' શબ્દ પૂરણ અર્થમાં છે=પાદપૂર્તિ માટે છે અને તેથી='अपि च' શબ્દ પુનઃ અર્થવાળો છે તેથી, આ વ્રતમાં=ભોગોપભોગ વ્રતમાં ભોજનથી સચિત્ત ભક્ષણાદિ વર્જન કરે છે. વળી, કર્મથી અહીં=બીજા ગુણવ્રતમાં અંગારકર્માદિ વર્જન કરે છે, એ પ્રમાણે યોગ છે. હિ=જે કારણથી, કર્મને આશ્રયીને બીજા ગુણવ્રતમાં પંદર અતિચારો થાય છે, તે કહેવાયું છે –

"અંગારકર્મ, વનકર્મ, સાડીકર્મ, ભાડીકર્મ, ફોડીકર્મનું વર્જન કરે અને વાણિજ્ય=દંતવાણિજ્ય, લક્ષવાણિજ્ય, રસવાણિજ્ય, કેશવાણિજ્ય, વિસવિષયક વાણિજ્યનું વર્જન કરે. ।।૧।।

એ રીતે યંત્રપીલણ કર્મ, નિર્લાંછન કર્મ, દવદાણ, સરોવર=તળાવનું શોષણ, અસતીનું પોષણ વર્જન કરે. ।।૨।। ()

વળી, ભાવાર્થ વૃદ્ધ સંપ્રદાયથી જાણવો. અને તે આ છે – (૧) અંગારકર્મ=અંગારાઓને કરીને વેચે છે, ત્યાં છ જીવકાયનો વધ થાય. તેથી તે=અંગારકર્મ, કલ્પતું નથી=શ્રાવકને કરવું ઉચિત નથી.

(૨) વનકર્મ=જે વનને ખરીદે છે, ત્યારપછી તેને છેદીને, મૂલ્ય દ્વારા વિક્રય કરીને જીવે છે. એ રીતે=વનકર્મ નિષિદ્ધ છે એ રીતે, પત્રાદિ પણ પ્રતિષિદ્ધ થાય છે=પાંદડાદિનું છેદન કરીને વ્યાપાર કરવાનો નિષેધ થાય છે.

(૩) શકટીકર્મ – જે ગાડાંઓ આદિથી જીવે છે, ત્યાં=શકટી કર્મમાં ગાય આદિને બંધ-વધાદિ દોષો થાય.

(૪) ભાટીકર્મ જે પોતાનાં ગાડાં આદિઓથી પરકીય ભાંડ=સામગ્રીઓને વહન કરે છે અથવા અન્યોને પોતાના બળદ આદિ આપે છે=ભાડાથી આપે છે.

(૫) સ્ફોટીકર્મ=ઉડુપણું=ભૂમિને ફોડવાપણું, અથવા હળ દ્વારા ભૂમિનું ખેડવું.

(૬) દંતવાણિજ્ય=જે પૂર્વમાં જ ભીલોને મૂલ્ય આપે છે. તમે મને દાંત આપજો=હાથીના દાંત આપજો. તેથી=પૂર્વમાં મૂલ્ય આપ્યું છે તેથી, તેઓ=ભીલો, હાથીઓને મારે છે. શીઘ્ર આ વાણિયો ફરી લેવા આવશે, એથી કરીને હાથીને મારે છે. એ રીતે, કર્મના કરનારાઓને શંખનું મૂલ્ય આપે છે=પ્રથમ શંખનું મૂલ્ય આપે, જેથી તેઓ શંખ લઈ આવે=પૂર્વમાં લાવેલા ખરીદી કરે. તે સર્વ દંતવાણિજ્ય છે.

(૭) લાક્ષવાણિજ્ય પણ આ રીતે=દંતવાણિજ્યની જેમ જ છે=મૂલ્ય દઈને તેઓની પાસેથી લાક્ષા મંગાવવામાં આવે ત્યારે તેઓ જે કૃમિ આદિની હિંસા કરીને તે લાખ લઈ આવે તેમાં શ્રાવક સાક્ષાત્ પ્રવર્તક બને. વળી, ત્યાં=લાક્ષાના વ્યાપારમાં, દોષ કૃમિ આદિ છે.

(૮) રસવાણિજ્ય=કલ્પપાલપણું-દારૂ વગેરે બનાવવા અને ત્યાં સુરાદિમાં અનેક મારણ, આક્રોશ, વધાદિ દોષો છે.

(૯) કેશવાણિજ્ય – જેમાં દાસી આદિને ગ્રહણ કરીને વેચે. અહીં પણ=દાસી આદિને વેચવામાં પરવશપણું આદિ દોષો છે.

(૧૦) વિષવાણિજ્ય=વિષ વેચવાનો ધંધો અને તે શ્રાવકને કલ્પતો નથી. જે કારણથી તેના દ્વારા ઘણા જીવોની હિંસા થાય.

(૧૧) યંત્રપીડન કર્મ – તેલ, શેરડી આદિનાં યંત્રોથી તલાદિનું પીલન યંત્રપીડન કર્મ છે. તે શ્રાવકને કલ્પે નહિ.

(૧૨) નિર્લાંછન કર્મ – ગાય આદિને વર્ધિતકરણ=નપુંસક કરવું. શ્રાવકને કલ્પે નહિ.

(૧૩) દવાગ્નિ કર્મ – વનમાં ક્ષેત્રરક્ષણ નિમિત્ત જે દવને આપે, જે પ્રમાણે ઉત્તરપથમાં અપાય છે. 'હિ'=જે કારણથી, ત્યાં=અગ્નિથી વૃક્ષોને બાળવામાં આવે ત્યાં, દગ્ધ થયે છતે=વન દગ્ધ થયે છતે, તાજું તૃણ ઊગે છે અને તેમાં=અગ્નિથી વનને બાળવામાં, હજારો જીવોનો વધ થાય છે, માટે શ્રાવકને દવાગ્નિકર્મ કલ્પતું નથી.

(૧૪) સરોવર, હદ=ખાબોચિયું, તળાવનું પરિશોષણ જે કારણથી સરોવર વગેરેને શોષે છે અને ત્યાં=સરોવર આદિને શોષીને ત્યાં ધાન્ય વવાય છે. સરોવરનું શોષણ શ્રાવકને કલ્પતું નથી.

(૧૫) અસતીનું પોષણ, જે કારણથી યોનિને પોષણ કરનારી દાસીને પોષે છે અને તેના સંબંધી ભાડાને ગ્રહણ કરે છે. જે પ્રમાણે ગોલ્લ નગર અસતીનું પોષણ કરાય છે.

અને આ=પંદર કર્માદાન બતાવ્યાં એ, આવાં જાતિવાળાં=પૂર્વમાં વર્ણન કર્યાં એવાં જાતિવાળાં, બહુસાવદ્ય કર્મોનું દિશામાત્રનું પ્રદર્શન છે. પરંતુ પરિગણન નથી=તેની ગણના કરી નથી, અને અહીં=ભોગોપભોગ વ્રતમાં, આ રીતે=પૂર્વમાં ભોગને આશ્રયીને પાંચ અતિચાર બતાવ્યા અને કર્મને આશ્રયીને પંદર અતિચાર બતાવ્યા એ રીતે, વીશ સંખ્યાવાળા અતિચારનું કથન અન્યત્ર પણ=બીજાં વ્રતોમાં પણ, પાંચ અતિચારની સંખ્યાથી તદ્જાતીય વ્રતપરિણામના કાલુષ્યના કારણવાળા કરાતા અપર અતિચારોનો સંગ્રહ જાણવો એ જ્ઞાપન માટે છે. તેથી સ્મૃતિઅંતર્ધાનાદિ યથાસંભવ સર્વના પણ અતિચારો જાણવા.

'નનુ'થી શંકા કરે છે – અંગારકર્માદિ કયા વ્રતમાં અતિચારો છે ? ખરકર્માદિ વ્રતના અતિચારો છે, એમ કહેવામાં આવે તો=કઠોર હૈયું થાય તેવા કૃત્યાદિ વ્રતમાં, અતિચાર છે એમ જો કહેવામાં આવે તો વ્રતના વિષયનું અને અતિચારોનું શું પરસ્પર વિશેષ છે ?=ભેદ છે ? અર્થાત્ ભેદ નથી; કેમ કે અંગારકર્માદિનું ખરકર્માદિરૂપપણું છે. આ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –

ખરકર્માદિ જ આ=અંગારકર્માદિ, છે. આથી ખરકર્માદિ વ્રતવાળા પુરુષે=ઘણા આરંભ-સમારંભ-વાળાં કૃત્યો હું કરીશ નહિ, એવા વ્રતવાળા પુરુષે, પરિહાર કરવા જોઈએ. જ્યારે વળી આમાં=અંગારકર્માદિમાં અનાભોગ આદિથી પ્રવર્તે છે=આ કઠોર કર્મ છે, એવા અજ્ઞાનના કારણે પ્રવર્તે છે ત્યારે ખરકર્મ વ્રતના અતિચારો થાય છે. જ્યારે વળી આકુટ્ટીથી=જાણવા છતાં, પ્રવર્તે છે, ત્યારે ભંગ જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૨॥

ભાવાર્થ :-

શ્રાવક ભોગોપભોગવ્રત ગ્રહણ કરે, ત્યારે શક્તિ હોય તો અવશ્ય સચિત્તનો ત્યાગ કરે. જેથી આહાર વાપરતી વખતે જીવ સંસક્ત વસ્તુના ભોજનથી થતા કઠોર પરિણામોનો પરિહાર થાય છે. છતાં અનાભોગ આદિથી સચિત્ત આદિ પાંચ અતિચારોમાંથી કોઈકનું સેવન થાય, ત્યારે વ્રત મલિન થાય છે. વસ્તુતઃ દયાળુ ચિત્તવાળા શ્રાવકે સદા પરમ દયાળુ એવા સાધુના સ્વરૂપથી સદા આત્માને ભાવિત રાખવો જોઈએ અને

સ્વીકારાયેલા વ્રતમાં દૃઢ યત્ન કરીને દયાળુ ભાવની વૃદ્ધિ કરવી જોઈએ. છતાં પ્રમાદને વશ અનાભોગ આદિથી સચિત્ત કે સચિત્ત પ્રતિબંધાદિ અતિચારોનું સેવન થાય તો વ્રત મલિન થાય છે.

વળી, જેમ ભોજનને આશ્રયીને શ્રાવક સચિત્તનો પરિહાર કરીને દયાળુ ચિત્ત કરે છે, તેમ વ્યાપારનાં કૃત્યોમાં પણ કર્માદાનનો પરિહાર કરીને શ્રાવક દયાળુ ચિત્તનું રક્ષણ કરે છે અને સદા નિરારંભ જીવનવાળા સુસાધુના પારમાર્થિક સ્વરૂપને ભાવન કરે છે. જેથી દયાળુ ચિત્ત સ્થિર સ્થિરતર થાય. છતાં અનાભોગ આદિથી કર્માધાન જેવા કોઈક આરંભ-સમારંભનો વ્યાપાર કરવામાં આવે ત્યારે દયાળુ ચિત્ત ઘવાય છે, તેથી સદા કર્માદાનના સ્વરૂપથી આત્માને ભાવિત કરીને તેના ઉલ્લંઘનોનો (=અનાચારનો) કે અતિચારોનો પરિહાર કરવા યત્ન કરવો જોઈએ. **॥૧/૨૨॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं द्वितीयं गुणव्रतमिदानीं तृतीयमाह –

અવતરણિકાર્થ :-

સાતિચાર બીજું ગુણવ્રત કહેવાયું. હવે ત્રીજા ગુણવ્રતને કહે છે –

ગાથા :-

तहणत्थदंडविरई अण्णं स चउव्विहो अवज्झाणे ।
पमयायरिए हिंसप्पयाणपावोवएसे य ।।१/२३।।

છાયા :-

तथाऽनर्थदण्डविरतिः अन्यत् स चतुर्विधः अपध्याने ।
प्रमादाचरिते हिंस्रप्रदानपापोपदेशे च ।।१/२३।।

અન્વયાર્થ :-

तह=તે પ્રકારે=જે પ્રકારે ભોગોપભોગ વ્રત છે તે પ્રકારે अणत्थदंडविरई=અનર્થદંડ વિરતિ, अण्णं=અન્ય છે=ત્રીજું ગુણવ્રત છે, स=તે=ત્રીજું ગુણવ્રત, चउव्विहो=ચાર પ્રકારનું છે. अवज्झाणे=અપધ્યાનવિષયક, पमयायरिए=પ્રમાદ આચરિત વિષયક, य हिंसप्पयाणपावोवएसे=અને હિંસાનાં સાધનો બીજાને આપવા વિષયક (તથા) પાપોપદેશ વિષયક. ।।૧/૨૩।।

ગાથાર્થ :-

તે પ્રકારે=જે પ્રકારે ભોગોપભોગ વ્રત છે, તે પ્રકારે અનર્થદંડ વિરતિ અન્ય છે=ત્રીજું ગુણવ્રત છે. તે=ત્રીજું ગુણવ્રત ચાર પ્રકારનું છે. અપધ્યાનવિષયક પ્રમાદ આચરિત વિષયક, હિંસાનાં સાધનો બીજાને આપવા વિષયક અને પાપોપદેશ વિષયક. ।।૧/૨૩।।

ટીકા :-

વ્યાખ્યા—'तहे'त्यादि । तथा तेनैव प्रकारेण भोगव्रतमिवाणुव्रतोपकारित्वलक्षणेन, अर्थः प्रयोजनं तत्प्रतिषेधोऽनर्थः दण्ड्यत आत्माननेनेति दण्डो निग्रहः अनर्थेन दण्डोऽनर्थदण्डः इहलोकप्रयोजनमङ्गीकृत्य निःप्रयोजनभूतोपमर्देनात्मनो निग्रह इत्यर्थः तस्मात्तस्य वा विरतिरुपरमोऽनर्थदण्डविरतिः किमित्याह—अन्यत् द्वितीयगुणव्रतापेक्षयाऽपरं तृतीयं गुणव्रतं भवतीति हृदयम् स इति स चानर्थदण्डश्चतुर्विधश्चतुःप्रकारो भवति । चातुर्विध्यमेवाह—अपध्याने निःप्रयोजनदुष्टध्यानविषय इत्यर्थः अथवैकारान्तशब्दस्य प्रथमैकवचनान्तत्वेन दर्शनादपध्यानं, तच्चैवम् —

'कइया वच्चति सत्थो ! किं भंडं ! कत्थ ? केत्तिया भूमी ! ।
को कयविक्कयकालो ? निव्विसये किं ? कहिं ? केण ? ।।१।।' [ ] **इत्यादि ।**

ટીકાર્થ :-

તથા ..... ઇત્યાદિ । 'तहेत्यादि' પ્રતીક છે. તે જ પ્રકારે=ભોગોપભોગ વ્રતની જેમ અણુવ્રતના ઉપકારીપણારૂપ તે જ પ્રકારથી, અર્થ=પ્રયોજન તેનો પ્રતિષેધ અનર્થ આના દ્વારા આત્મા દંડાય છે એ દંડ=પોતાનો નિગ્રહ, અનર્થ વડે દંડ અનર્થદંડ છે. આ લોકના પ્રયોજનને આશ્રયીને નિષ્કારણ જીવોના ઉપમર્દનથી આત્માનો નિગ્રહ એ અર્થ છે=અનર્થદંડનો અર્થ છે. તેનાથી અથવા તેની=અનર્થદંડથી અથવા અનર્થદંડની વિરતિ=ઉપરમ અનર્થદંડની વિરતિ છે.

શું છે ? એથી કહે છે. અન્ય છે=બીજા ગુણવ્રતની અપેક્ષાએ, અન્ય એવું ત્રીજું ગુણવ્રત છે. ગાથામાં 'भवति' અધ્યાહાર છે. તે બતાવવા માટે 'भवति इति हृदयं' એમ કહે છે અને તે અનર્થદંડ ચાર પ્રકારનો છે અને ચતુર્વિધને કહે છે=અનર્થદંડના ચાર ભેદોને જ કહે છે — અપધ્યાનના વિષયમાં= નિષ્પ્રયોજન દુષ્ટ વિચારણાના વિષયમાં, એ પ્રકારનો અર્થ છે અથવા 'एवकार' અંતવાળા શબ્દનું પ્રથમા એકવચન અંતપણાથી દર્શન હોવાને કારણે અપધ્યાન નામનો પ્રથમ ભેદ છે અને તે આ પ્રમાણે છે —

"સાર્થ ક્યાં જાય છે ? શું ભાંડ છે=શું કરિયાણું છે ? ક્યાં છે ? કેટલી ભૂમિ છે ? ક્રય=વિક્રયનો કયો કાળ છે ? નિર્વિષયમાં=જેનું પોતાને કોઈ પ્રયોજન નથી, તેના વિષયમાં શું ? ક્યાં ? કોના વડે ઇત્યાદિ વિચારણા કરવી તે અપધ્યાન છે ?" **।।૧।। () ઇત્યાદિ.**

ભાવાર્થ :-

આત્માને જીવનવ્યવસ્થામાં જેનું કોઈ પ્રયોજન નથી, તેવી પ્રવૃત્તિ અનર્થદંડ છે. શ્રાવક સાધુધર્મનો અત્યંત અર્થી છે. છતાં જે જે પ્રકારના ભોગાદિ વિષય-વિકારો છે, તેને અનુરૂપ જે કારણ વિચારણા કરે તે ભોગાદિના વિકારોના શમનમાં ઉપાય હોવાથી શ્રાવક માટે પોતાની ભૂમિકાની અપેક્ષાએ કર્તવ્ય છે. ફક્ત તે વિકારો વૃદ્ધિ ન પામે તે રીતે તેના સંબંધી જે વિચારણા કરે છે કે જે પ્રવૃત્તિ કરે, તેમાં જે રાગાદિ

ભાવો છે, તેનાથી જે કર્મ બંધાય છે, તે અર્થદંડરૂપ છે અને જે તેવા પ્રયોજન વગર તુચ્છ માનસથી કરાય છે, તે અનર્થદંડ રૂપ છે અને તેના ચાર ભેદો છે, તેમાંથી પ્રથમ અપધ્યાનરૂપ અનર્થદંડ છે અને તેનું સ્વરૂપ બતાવતાં કહે છે –

જેનું પોતાને કોઈ પ્રયોજન નથી, તેવા વિષયમાં આ શું છે ? ક્યાં જાય છે ? કોના વડે કરાયું છે ? તે સર્વ વિચારણા અપચિંતવનરૂપ અપધ્યાન છે. જેમ કોઈ સાર્થ જતો હોય ત્યાં વિચાર થાય કે આ સાર્થ ક્યારે જશે અથવા આ વસ્તુ શું છે અથવા ક્યાં છે અથવા વિચારે કે કેટલી ભૂમિ છે અથવા વિચારે કે લેવડ-દેવડનો કાળ કયો છે ? આ પ્રકારની સંસારી જીવો જેનો પોતાને કોઈ પ્રયોજન નથી, તેવા બાહ્ય પદાર્થોને જોઈને તેના વિષયક વિચારણા કરીને નિરર્થક વિચારો કરવાની મનોવૃત્તિને સ્થિર સ્થિરતર કરે છે.

વસ્તુતઃ શ્રાવકે સાધુધર્મનું પરિભાવન કરીને આત્મકલ્યાણ સિવાયના સર્વ પ્રયોજન વિષયક લેશ પણ વિચારણા ન થાય, તેવા માનસનું નિર્માણ કરવું જોઈએ અને તેના શક્તિસંચય અર્થે જ પોતાના જીવનની આવશ્યક પ્રવૃત્તિને છોડીને નિરર્થક અન્ય પ્રવૃત્તિઓની વિચારણારૂપ અપધ્યાનનો પરિહાર કરે છે, તે એક પ્રકારના અનર્થદંડની વિરતિ છે.

ટીકા :-

तथा 'पमयायरिय'त्ति इह छन्दोभङ्गभयात् 'पमाया' इति वाच्ये 'पमया' इत्युक्तं तत्र प्रमादो-मद्यविषयकषायनिद्राविकथालक्षणः, तेन तस्य वाचरितं-अनुष्ठानं प्रमादाचरितं तस्मिन् विषये, प्रमादाचरितमेव वा, अनर्थदण्डता चास्योक्तशब्दार्थद्वारेण स्वबुद्ध्या दृश्या अथवा प्रमादाचरितं आलस्योपहतकृत्यं, तच्चास्थगिततैलघृतभाजनधारणादि सत्त्वोपघातहेतुभूतमिति । तथा हिंसनधर्मकं हिंस्त्रं हिंसाहेतुत्वाद्वा हिंसा-आयुधानलहलविषादि, तस्य प्रदानं-अन्यस्मै समर्पणं हिंस्त्रप्रदानं हिंसाप्रदानं वा । तथा पापं-पापहेतुभूतं कृष्यादिकर्म तस्योपदेशः प्रवर्तनं पापोपदेशः, अनयोश्च समाहारद्वन्द्वे हिंस्त्रप्रदानपापोपदेशं, तत्र विषये, हिंस्त्रप्रदानपापोपदेशमेव वा अनर्थदण्ड इति हृदयम् चशब्दः समुच्चयार्थः एवं चतुर्विधोऽनर्थदण्ड इति गाथार्थः ।।१/२३।।

ટીકાર્થ :-

तथा ..... गाथार्थः ।। અને પ્રમાદ આચરિત એ પ્રકારના અહીં=શબ્દમાં છંદના ભંગના ભયથી 'પમાયા' એ પ્રકારે વાચ્ય હોવા છતાં 'પમયા' એ પ્રમાણે કહેવાયું છે. ત્યાં=પ્રમાદ આચરિતમાં પ્રમાદ, મદ્ય, વિષય, કષાય, નિદ્રા, વિકથારૂપ છે તેનાથી આચરિત અથવા તેનું આચરિત અનુષ્ઠાન પ્રમાદ આચરિત અનુષ્ઠાન છે. તે વિષયમાં અનર્થદંડતા છે, એ પ્રમાણે અન્વય છે અથવા પ્રમાદ આચરિત જ અનર્થદંડતા છે અને આની=પ્રથમા વિભક્તિમાં પ્રમાદ આચરિત અર્થ કર્યો એની, ઉક્ત શબ્દાર્થ દ્વારા=અપધ્યાનમાં જે પ્રકારે શબ્દાર્થ કર્યો તે દ્વારા સ્વબુદ્ધિથી વિચારણા કરવી અથવા પ્રમાણ આચરિત આળસથી હણાયેલું કૃત્ય છે અને તે નહિ ઢંકાયેલા ઘી, તેલના ભાજનની ધારણાદિ જીવ

ઉપઘાતના હેતુભૂત છે અને હિંસાના ધર્મવાળો હિંસ્ર કહેવાય અથવા હિંસાનું હેતુપણું હોવાથી હિંસા, આયુધ, અનલ, હળ, વિષાદિ છે, તેનું પ્રદાન અન્યને સમર્પણ હિંસાનું સમર્પણ છે અને પાપ=પાપ હેતુભૂત ખેતી આદિ કર્મ તેનો ઉપદેશ પ્રવર્તન છે=પાપનો ઉપદેશ છે. અને આ બેનું=હિંસાનાં સાધનોનું પ્રદાન અને પાપોપદેશનો સમાહાર દ્વન્દ્વ હોતે છતે હિંસ્ર પ્રદાન અને પાપોપદેશ તેના વિષયમાં અનર્થદંડ એમ અન્વય છે અથવા હિંસ્ર પ્રદાન અને પાપોપદેશ જ અનર્થદંડ છે, એ પ્રકારે તાત્પર્ય છે. 'ચ' શબ્દ સમુચ્ચય અર્થવાળો છે. આ પ્રકારનો ચાર પ્રકારે અનર્થદંડ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૩॥

ભાવાર્થ :-

શ્રાવક શક્તિ અનુસાર વિષયોના વિકારને શાંત કરવા યત્ન કરે છે. કષાયો પ્રતિપક્ષ ભાવન દ્વારા અલ્પ કરવા યત્ન કરે છે. નિદ્રા વિવેકપૂર્વક અલ્પ અલ્પતર થાય એ રીતે પ્રવૃત્તિ કરે છે અને વિકથાની પ્રકૃતિ હોય તો તેના નિવારણ માટે પ્રયત્ન કરે છે અને મદ્યપાનનો પરિહાર કરે છે. તે પ્રમાદ આચરણાના પરિહારરૂપ અનર્થદંડની વિરતિ છે. તેથી જે શ્રાવક તે વ્રત ગ્રહણ કર્યા પછી પ્રમાદ આચરણાના પાંચ ભેદોને સ્મૃતિમાં રાખીને વિષયો-કષાયો આદિને શક્તિ અનુસાર પરિહાર કરવા યત્ન ન કરે તો વ્રતનો ભંગ થાય, અનાભોગ આદિથી સ્ખલના થાય તો અતિચાર આદિની પ્રાપ્તિ થાય. તેથી જેમાં પ્રમાદની વૃદ્ધિ થાય તેવાં અનુષ્ઠાનો શ્રાવકે સેવવાં ન જોઈએ.

વળી, અન્ય પ્રકારની પણ પ્રમાદ આચરણા બતાવે છે –

વિવેકી શ્રાવક જીવરક્ષા માટે ઉચિત યતના કરે, છતાં કોઈકનું આળસથી યુક્ત ચિત્ત હોય તો તેલ-ઘીનાં ભાજન ખુલ્લાં મૂકે, તેથી જીવોનો ઉપઘાત થાય છે. છતાં તે પ્રકારની યતના કરવામાં ન આવે તો તે પ્રમાદ આચરણા છે અને તે અનર્થદંડ સ્વરૂપ છે, માટે પ્રમાદ આચરણા રૂપ અનર્થદંડના વિરતિના વ્રતવાળા શ્રાવકે સદા આળસનો ત્યાગ કરીને જીવરક્ષા માટે ઉચિત યત્ન કરવો જોઈએ.

વળી, હિંસાનાં સાધનો બીજાને આપવાથી તે પ્રકારના આરંભ-સમારંભ કરાવવાનો પ્રસંગ આવે. તેથી શ્રાવક તેવાં હિંસાનાં સાધનો એ રીતે રાખે જેથી બીજાને આપવાના પ્રસંગો આવે નહિ. છતાં ઉચિત યતના કરવામાં ન આવે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે પોતાને કોઈ પ્રયોજન નથી, તેવા પાપની પ્રવૃત્તિનો ઉપદેશ કોઈને કરવો જોઈએ નહિ, તે અનર્થદંડની વિરતિ છે. છતાં વધારે પડતો બોલવાનો સ્વભાવ હોય તો બીજાને સલાહ આપીને તે તે આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં શ્રાવક નિમિત્ત બને છે. તેનાથી અનર્થદંડ વિરમણ વ્રતનો ભંગ થાય છે. અનાભોગથી કોઈકને તેવી સલાહ અપાતી હોય તો અતિચારની પ્રાપ્તિ થાય છે. **॥૧/૨૩॥**

અવતરણિકા :-

अत्रातिचारानाह –

અવતરણિકાર્થ :-

અહીં=અનર્થદંડ વિરમણવ્રતમાં, અતિચારોને કહે છે –

ગાથા :-

कंदप्पं कुक्कुइयं मोहरियं संजुयाहिगरणं च ।
उवभोगपरिभोगाइरेगयं चेत्थ वज्जेइ ।।१/२४।।

છાયા :-

कन्दर्पं कौत्कुच्यं मौखर्यं संयुक्ताधिकरणञ्च ।
उपभोगपरिभोगातिरेकतां चात्र वर्जयति ।।१/२४।।

અન્વયાર્થ :-

कंदप्पं=કંદર્પને, कुक्कुइयं=કૌકુચ્યને, मोहरियं=મૌખર્યને, च=અને, संजुयाहिगरणं=સંયુક્ત અધિકરણને, च=અને, उवभोगपरिभोगाइरेगयं=ઉપભોગ-પરિભોગની અતિરિક્તતાને, इत्थ=અહીં=અનર્થદંડવિરમણ-વ્રતમાં, वज्जेइ=વર્જન કરે છે. ।।૧/૨૪।।

ગાથાર્થ :-

કંદર્પને, કૌકુચ્યને, મૌખર્યને અને સંયુક્ત અધિકરણને અને ઉપભોગ-પરિભોગની અતિરિક્તતાને અહીં=અનર્થદંડવિરમણવ્રતમાં, વર્જન કરે છે. ।।૧/૨૪।।

ટીકા :-

व्याख्या–'कंदप्पे'त्यादि । कदर्पः कामस्तद्धेतुविशिष्टो वाक्प्रयोगोऽपि कंदर्प एव मोहोद्दीपकं वा कर्मेति भावः तं वर्जयतीति योगः इह च सामाचारी-श्रावकस्याट्टाट्टहासो न कल्पते कर्तुं यदि नाम हसितव्यं तदेषदेवेति । तथा कुकुचः कुत्सितसंकोचनादिक्रियायुक्तस्तद्भावः कौकुच्यं अनेकप्रकारा मुखनयनादिविकारपूर्विका परिहासादिजनिका भाण्डानामिव विडम्बनक्रियेत्यर्थः । अत्र सामाचारी-श्रावकस्य तादृशानि भणितुं न कल्पन्ते, यादृशैर्लोकस्य हास उत्पद्यते, एवं गत्या गन्तुं स्थानेन न वा स्थातुमिति एतौ च कंदर्पकौकुच्याख्यावतिचारौ प्रमादाचरितव्रतस्यावसेयौ, प्रमादरूपत्वात्तयोः । तथा मुखमस्यास्तीति मुखरस्तद्भावः कर्म वेति मौखर्यं धाष्ट्र्यप्रायमसम्बद्धप्रलापितम्, अयं च पापोपदेशव्रतस्यातिचारः, मौखर्ये सति पापोपदेशसंभवात् । तथाधिक्रियते नरकादिष्वनेनात्मेत्यधिकरणं-वास्युदूखलशिलापुत्रकगोधूमयन्त्रकादि, संयुतं-संयुक्तमर्थक्रियाकरणयोग्यं, तच्च तदधिकरणं चेति संयुताधिकरणं, तत्र सामाचारी-श्रावकेण न संयुक्तानि शकटादीनि धारयितव्यानि, अयं च हिंस्रप्रदान-व्रतस्य (अतिचारः) । तथोपभोगपरिभोगयोरुक्तनिर्वचनयोः अतिरेकता-आधिक्यमुपभोगपरिभोगा-

तिरेकता, तां च चशब्दः समुच्चये अत्र-अनर्थदण्डविरतौ वर्जयति-परिहरते । इहापि सामाचारी-उपभोगातिरिक्तानि यदि बहूनि तैलामलकानि गृह्णाति, तदा तल्लौल्येन बहवः स्नातुं तडागादौ व्रजन्ति ततश्च पूतरकाप्कायादिवधोऽधिकः स्यात् एवं ताम्बूलादिष्वपि विभाषा न चैवं कल्पते, ततः को विधिरुपभोगे, तत्र स्नाने तावद् गृह एव स्नातव्यम् नास्ति चेत्तत्सामग्री तदा तैलामलकैः शिरो घर्षयित्वा तानि च सर्वाणि साटयित्वा तडागादीनां तटे निविष्टोऽञ्जलिभिः स्नाति । तथा येषु पुष्पादिषु कुन्थ्वादयः सन्ति, तानि परिहरतीति । अयं च प्रमादाचरितव्रत एव विषयात्मकत्वादस्य, अपध्यानाचरितव्रते त्वनाभोगादिनाऽपध्याने प्रवृत्तिरतिचारः, कंदर्पादय आकुट्या क्रियमाणा भङ्गा एवावसेया इति गाथार्थः ।।१/२४।।

ટીકાર્થ :-

कंदर्पः ..... गाथार्थः ।। 'कंदप्पेत्यादि' प्रतीक छे. કંદર્પ કામ છે. તેના હેતુ એવો વિશિષ્ટ વાક્યપ્રયોગ પણ કંદર્પ જ છે અથવા મોહદીપક એવી ક્રિયા એ કંદર્પ છે, તેને વર્જન કરે છે, એ પ્રમાણે સંબંધ છે અને અહીં=કંદર્પના વિષયના સંબંધમાં સામાચારી છે. શ્રાવકે અટ્ટહાસ્ય કરવું કલ્પતું નથી. જો હસવું પડે તેમ હોય તો અલ્પ જ હસે અને અટ્ટહાસ્યાદિક કરી અને બીજાને હસાવે તો કંદર્પ નામનો અતિચાર પ્રાપ્ત થાય અને કુકુચ=કુત્સિત સંકોચનાદિ ક્રિયાયુક્ત તેનો ભાવ કૌકુચ્ય=અનેક પ્રકારના મુખના, ચક્ષુ આદિના વિકારપૂર્વક પરિહાસાદિને ઉત્પન્ન કરનારી ભાંડોના જેવી વિડંબનાની ક્રિયા એ પ્રકારનો અર્થ છે=કૌકુચ્યનો અર્થ છે. આમાં=કૌકુચ્યના વિષયના પરિહારમાં સામાચારી છે. શ્રાવકે તેવા પ્રકારનાં વચનોને જ બોલવાં કલ્પતાં નથી, જેવાં વચનોથી લોકને હાસ્ય ઉત્પન્ન થાય. આ રીતે=શ્રાવકને હાસ્ય થાય તેવાં વચનો બોલવાં જોઈએ નહિ, એ રીતે ગતિથી જવું જોઈએ=સહજગમનની ક્રિયાથી જવું જોઈએ અથવા સ્થાનથી રહેવું જોઈએ=જે રીતે ઊભા રહેવાનું હોય તે રીતે ઊભા રહેવું જોઈએ. પરંતુ લોકોને હસવું આવે તે રીતે ઊભા રહેવું જોઈએ નહિ અને આ બન્ને=કંદર્પ અને કૌકુચ્ય નામના અતિચારો પ્રમાદ આચરિત વ્રતના જાણવા; કેમ કે તે બેનું પ્રમાદપણું છે.

અને મુખ આને છે તે મુખર=બિનજરૂરી બોલવાનો સ્વભાવ આને છે તે મુખર, તેનો ભાવ અથવા કર્મ=મુખરપણાનો અંદરનો પરિણામ અથવા મુખરપણાને કારણે તે પ્રમાણે બોલવાની ક્રિયા તે મૌખર્ય છે. ધૃષ્ટતાવાળું અસંબદ્ધ પ્રલાપીપણું એ પાપોપદેશ વ્રતનો અતિચાર છે અને આ=મૌખર્ય પાપોપદેશ વ્રતનો અતિચાર છે; કેમ કે મુખરપણું હોતે છતે પાપોપદેશ વ્રતનો સંભવ છે અને નરકાદિમાં આત્મા આના દ્વારા અધિકારી કરાય છે=નરકાદિમાં લઈ જવાય છે, એ અધિકરણ છે. વાસી-રંધો, ઉદૂખલ=ખાંડણી શિલાપુત્ર-ગોધૂમિયંત્રક-ઘંટી આદિ અધિકરણ છે. સંયુક્ત=અર્થક્રિયાકરણને યોગ્ય અને તે=સંયુક્ત એવું તે, અધિકરણ સંયુક્ત અધિકરણ છે. ત્યાં=સંયુક્ત અધિકરણના વિષયમાં સામાચારી આ પ્રમાણે છે. શ્રાવકે સંયુક્ત શકટાદિ ધારણ કરવાં જોઈએ નહિ અને આ=સંયુક્ત શકટાદિ હિંસ્રપ્રદાન વ્રતનો અતિચાર છે.

અને ઉપભોગ પરિભોગથી અતિરેકતા=પૂર્વમાં કહેલા સ્વરૂપવાળા ઉપભોગ-પરિભોગમાં આધિક્ય એ ઉપભોગ પરિભોગની અતિરેકતા છે અને શ્રાવક તેનું વર્જન કરે. 'च' શબ્દ=ગાથામાં રહેલો 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

અહીં=અનર્થદંડવિરતિમાં પરિહાર કરે છે=પૂર્વમાં કહેલા કંદર્પ આદિ અતિચારનો પરિહાર કરે છે. અહીં પણ=ભોગોપભોગ અતિરિક્તતામાં પણ સામાચારી છે. ઉપભોગ અતિરેકતા જો બહુ તેલ આમળાદિ ગ્રહણ કરે તો તેના લૌલ્યથી ઘણા સ્નાન કરવા માટે તળાવ આદિમાં જાય છે અને તેથી પોરા, અપ્કાય આદિનો વધ અધિક થાય છે. એ રીતે તાંબૂલ આદિમાં પણ વિભાષા છે=ઘણા તાંબૂલ આદિનો ભોગ કરે તો લૌલ્યના અધિકપણાને કારણે ઘણી હિંસા થાય છે અને આ પ્રમાણે શ્રાવકને કલ્પતું નથી, તેથી ઉપભોગમાં શી વિધિ છે ? તે કહે છે –

ત્યાં સ્નાનના વિષયમાં – ઘરમાં જ સ્નાન કરવું જોઈએ. સામગ્રી નથી તો તેલ-આમળાદિ વડે મસ્તકને ઘસીને અને તે સર્વને સાટન કરીને=ખંખેરીને તળાવ આદિના તટમાં બેઠેલો અંજલિથી સ્નાન કરે અને જે પુષ્પાદિમાં કુંથુઆદિ છે, તેનો પરિહાર કરે અને આ=ભોગોપભોગની અતિરેકતા પ્રમાદ આચરિત વ્રતમાં જ અતિચારતા છે; કેમ કે આનું=ભોગોપભોગનું વિષયાત્મકપણું છે. વળી, અપધ્યાન આચરિત વ્રતમાં અનાભોગ આદિમાં અપધ્યાનમાં પ્રવૃત્તિ અતિચાર છે. આકુટ્ટીથી=જાણીને= કંદર્પ આદિ અપધ્યાન છે તેમ જાણીને કંદર્પ આદિની બલવાન ઇચ્છાને કારણે કરાતા, કંદર્પ આદિ ભંગ જ જાણવા, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૪॥

ભાવાર્થ :-

શ્રાવક અનર્થદંડની વિરતિ કર્યા પછી પોતાના જીવનમાં આવશ્યક ન હોય તેવાં નિરર્થક કૃત્યો કરીને અનર્થદંડનું સેવન કરે નહિ. પરંતુ સાધુના સ્વરૂપનું વારંવાર સ્મરણ કરીને તેના જેવી સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેવો યત્ન કરે અને તેની પુષ્ટિ અર્થે જ શ્રાવક જીવનમાં ભોગોપભોગ આદિ પ્રવૃત્તિઓ છે, તે સિવાય નિરર્થક પ્રવૃત્તિના પરિહાર માટે શ્રાવક યત્ન કરે છે. છતાં નિમિત્તને પામીને હાસ્યાદિ કાંદર્પિકી ક્રિયાઓ કરે, મુખના તેવા વિકારોપૂર્વક ચેષ્ટાઓ કરે, વધારે પડતા બોલવાના સ્વભાવને કારણે જે તે પ્રકારના પ્રલાપો કરે. આરંભ-સમારંભનાં સાધનો બીજા જીવો તેનો ઉપયોગ કરે તે રીતે પ્રમાદને કારણે સંયુક્ત રાખે કે ભોગોપભોગ ઘણી ગૃદ્ધિપૂર્વક કરે, તે સર્વ અનાભોગ આદિથી થાય તો અતિચાર બને. તેથી અનર્થદંડ વ્રતને યથાર્થ જાણીને તેના અતિચાર સ્વરૂપનું પણ વારંવાર ભાવન કરીને ચિત્તમાં નિરર્થક પાપપ્રવૃત્તિ ઊઠે નહિ તેવો યત્ન કરે તો વ્રતો ક્રમસર શ્રેયનું કારણ બને અને અતિચારો પ્રત્યે ઉપેક્ષા કરે તો સ્વીકારેલાં વ્રતો મલિન મલિનતર થઈને વિનાશનું જ કારણ બને. આથી જ કંદર્પ આદિ અતિચારોનું શ્રાવક વર્જન કરે તેમ ગાથામાં કહેલ છે. **॥૧/૨૪॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं तृतीयं गुणाव्रतं, तदुक्तावुक्तानि गुणव्रतानि अधुना शिक्षाव्रतान्युच्यन्ते तत्र शिक्षा=

अभ्यासस्तत्प्रधानानि व्रतानि पुनः पुनरासेवार्हाणीत्यर्थः तानि च सामायिकादीनि चत्वारि, तत्र तावत्सामायिकमाह –

અવતરણિકાર્થ :-

અતિચાર સહિત ત્રીજું ગુણવ્રત કહેવાયું. તે કહેવાયે છતે=ત્રીજું ગુણવ્રત કહેવાયે છતે ગુણવ્રતો કહેવાયાં. હવે શિક્ષાવ્રતો કહેવાય છે. ત્યાં=શિક્ષાવ્રતમાં શિક્ષા અભ્યાસ છે=ભાવશ્રાવકને અનુકૂળ શક્તિસંચય થાય તે પ્રકારનો શ્રાવકનો વિશેષ પ્રકારનો અભ્યાસ છે. વ્રતો=શિક્ષાપ્રધાન વ્રતો શિક્ષાપ્રધાન છે=ફરી ફરી આસેવન યોગ્ય છે=સર્વવિરતિના બળસંચય અર્થે વારંવાર શ્રાવકને સેવવા યોગ્ય છે અને તે સામાયિક આદિ ચાર છે. ત્યાં=ચાર શિક્ષાવ્રતોમાં સામાયિકને કહે છે –

ગાથા :-

सिक्खावयं तु एत्थं सामाइयमो तयं तु विण्णेयं ।
सावज्जेयरजोगाण वज्जणासेवणारूवं ।।१/२५।।

છાયા :-

शिक्षाव्रतं तु अत्र सामायिकं तकं तु विज्ञेयम् ।
सावद्येतरयोगानां वर्जनासेवनारूपम् ।।१/२५।।

અન્વયાર્થ :-

सिक्खावयं=શિક્ષાવ્રત, तु=વળી, एत्थं=અહીં=શ્રાવકધર્મમાં, सामाइयमो=સામાયિક છે. तयं तु=સામાયિક વળી, सावज्जेयरजोगाण वज्जणासेवणारूवं विण्णेयं=સાવદ્યયોગના વર્જન અને ઇતરયોગના આસેવનરૂપ જાણવું=નિરવદ્ય યોગના આસેવનરૂપ જાણવું. ।।૧/૨૫।।

ગાથાર્થ :-

શિક્ષાવ્રત વળી અહીં=શ્રાવકધર્મમાં, સામાયિક છે. તે વળી=સામાયિક વળી, સાવદ્યયોગના વર્જન અને ઇતરયોગના આસેવન રૂપ જાણવું=નિરવદ્ય યોગના આસેવનરૂપ જાણવું. ।।૧/૨૫।।

ટીકા :-

व्याख्या–'सिक्खे'त्यादि । शिक्षाव्रतमुक्तशब्दार्थम् अथवा शिक्षा-ग्रहणासेवारूपा परमपदसाधिका विशिष्टचेष्टा तत्प्रधानं व्रतं, तस्या वा पदमास्पदं शिक्षाव्रतं शिक्षापदं वा तुशब्दः पुनरर्थः, तस्य चैवं प्रयोगः-गुणव्रतं तावद्दिग्व्रतादि, शिक्षाव्रतं पुनरत्र श्रावकधर्मे सामायिकमिति, समस्यरागद्वेषवियुक्तस्य जीवस्यायो-लाभः समायः, समो हि प्रतिक्षणमपूर्वैर्ज्ञानदर्शनचारित्रपर्यायैर्निरुपमसुखहेतुभिरधःकृत-चिन्तामणिकल्पद्रुमोपमैर्युज्यते, समायः प्रयोजनमस्य क्रियानुष्ठानस्येति सामायिकम् 'ओ' इति निपातः

पादपूरणे अन्ये त्वविभक्तिकनिर्देशं कृत्वा 'मो' निपात इति व्याख्यान्ति । तकं तु तत्पुनः सामायिकं विज्ञेयं ज्ञातव्यम् सावद्येतरयोगानां सपापनिष्पापव्यापाराणां यथासङ्ख्यं वर्जनासेवनरूपं परिहारानुष्ठानस्वभावं विविक्षितकालावधिनेति गम्यते । तस्मिन् गृहीते द्विविधं त्रिविधेनेति विकल्पेनारम्भादिपरिहारः स्वाध्यायादिविधिश्च विधेय इति भावना ।

ટીકાર્થ :-

शिक्षाव्रत ..... इति भावना । 'सिक्खेत्यादि' પ્રતીક છે. શિક્ષાવ્રત ઉક્ત શબ્દાર્થવાળું છે=અવતરણિકામાં કહેવાયેલ શબ્દાર્થવાળું છે અથવા ગ્રહણ આસેવનરૂપ પરમપદની સાધિકા, વિશિષ્ટ ચેષ્ટા શિક્ષા છે. તદ્પ્રધાન વ્રત=શિક્ષાપ્રધાન વ્રત અથવા તેનું પદ=શિક્ષાનું આસ્પદ, શિક્ષાપદ અથવા શિક્ષાવ્રત છે. 'तु' શબ્દ પુનઃ અર્થવાળો છે અને તેનો=પુનઃ શબ્દનો આ પ્રમાણે પ્રયોગ છે.

ગુણવ્રત દિગ્વ્રતાદિ છે. વળી અહીં=શ્રાવકધર્મમાં શિક્ષાવ્રત સામાયિક છે. સામાયિકનો અર્થ કરે છે=સમનો-રાગ-દ્વેષથી વિયુક્ત એવા જીવનો, આય=લાભ એ સમાય છે, 'हि'=જે કારણથી, સમ પ્રતિક્ષણ નિરુપમ સુખના હેતુ એવા અધઃકૃત ચિંતામણિ કલ્પદ્રુમની ઉપમાવાળા એવા અપૂર્વ જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયથી યોજન કરાય છે. સમાય પ્રયોજન છે આ ક્રિયા અનુષ્ઠાનનો એ સામાયિક છે. ગાથામાં 'ओ' શબ્દ પાદપૂરણમાં નિપાત છે. વળી, અન્ય અવિભક્તિ નિર્દેશ કરીને=सामाइय શબ્દમાં વિભક્તિના લોપનો નિર્દેશ કરીને, 'मो' નિપાત છે, એ પ્રમાણે વ્યાખ્યાન કરે છે. તે વળી સામાયિક જાણવું. સાવદ્ય-ઇતરયોગોનું=સપાપ-નિષ્પાપ યોગોનું યથાક્રમ વર્જન આસેવનરૂપ=પરિહાર અને વિવક્ષિત કાલઅવધિથી અનુષ્ઠાન સ્વભાવવાળું એ પ્રમાણે અધ્યાહાર છે, તે ગ્રહણ કરાયે છતે= સામાયિક ગ્રહણ કરાયે છતે, દ્વિવિધ-ત્રિવિધ એ પ્રકારના વિકલ્પથી આરંભ આદિનો પરિહાર, સ્વાધ્યાય આદિની વિધિ કરવી જોઈએ એ પ્રકારની ભાવના છે.

ભાવાર્થ :-

શ્રાવકનાં ચાર શિક્ષાવ્રતો છે. જેના દ્વારા સર્વવિરતિને અનુકૂળ આત્માને ઘડવાની ક્રિયા શ્રાવક કરે છે. શિક્ષા શબ્દ પરમપદ એવા મોક્ષને સાધક ગ્રહણ અને આસેવનરૂપ વિશિષ્ટ ચેષ્ટા છે અને તેવી ચેષ્ટાવાળું વ્રત શિક્ષાવ્રત છે અને તે શિક્ષાવ્રત ચાર પ્રકારનાં છે. તેમાંથી પ્રથમ શિક્ષાવ્રત સામાયિક અનુષ્ઠાનરૂપ છે.

ત્યાં સામાયિક શબ્દનો અર્થ કરતાં કહે છે=સમ શબ્દ રાગ-દ્વેષ રહિત જીવનો વાચક છે અને તેવા જીવનો લાભ થાય, તે સામાયિકમાં રહેલા સમાય શબ્દનો અર્થ છે અને સમાય પ્રયોજનવાળું જે અનુષ્ઠાન તે સામાયિક છે.

કેવી રીતે શ્રાવક સામાયિકના અનુષ્ઠાનથી રાગ-દ્વેષ રહિત જીવની પ્રાપ્તિ કરે, તે સ્પષ્ટ કરતાં કહે છે. સામાયિકકાળમાં શ્રાવક પ્રતિક્ષણ અપૂર્વ અપૂર્વ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે. જેનાથી સર્વજ્ઞના વચન અનુસાર સૂક્ષ્મ તત્ત્વનો બોધ થાય છે અને સૂક્ષ્મ તત્ત્વના બોધને કારણે આત્માના નિરાકુળ સ્વભાવમાં પૂર્વ પૂર્વ કરતાં

વિશિષ્ટ રુચિ પ્રગટે છે અને જીવનું રુચિ અનુસાર વીર્ય હોય છે. જેમ ભોગની રુચિવાળા જીવો ભોગને અનુકૂળ ચેષ્ટા કરે છે, તેમ સામાયિકકાળમાં અપૂર્વ જ્ઞાનના ગ્રહણને કારણે થયેલ નિરાકુળ સ્વભાવની રુચિ જીવને નિરાકુળ સ્વભાવમાં વિશ્રાંત થવાનો પ્રયાસ કરાવે છે, જે ચારિત્રરૂપ છે અને અપૂર્વ જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયો પ્રતિક્ષણ સામાયિકના અનુષ્ઠાનથી જીવમાં પ્રગટે છે. જે જીવને માટે નિરુપમ સુખના હેતુ છે અને તે સુખ ચિંતામણિ કલ્પદ્રુમની પ્રાપ્તિ કરતાં પણ અધિક છે. તેથી જીવ રાગ-દ્વેષથી વાસિત પરિણામવાળો હોવા છતાં સામાયિકના અનુષ્ઠાનથી રાગાદિના ઉન્મૂલનને અનુકૂળ યત્ન કરીને આત્માના સ્વાસ્થ્યની વૃદ્ધિ કરે છે અને જેમ જેમ આત્માનુ સ્વાસ્થ્ય વધે છે, તેમ તેમ સંસારી જીવોને કલ્પદ્રુમ અને ચિંતામણિની પ્રાપ્તિથી, જે હર્ષ થાય છે. તેનાથી અધિક સામાયિકકાળમાં શ્રાવકને હર્ષ થાય છે; કેમ કે સામાયિકના પરિણામથી વર્તમાનમાં સુખ વૃદ્ધિ પામે છે. વિવેકથી યુક્ત સામાયિકનો પરિણામ હોવાથી પુણ્યાનુબંધી પુણ્ય અને સકામ નિર્જરા દ્વારા સદ્ગતિની પરંપરા પ્રાપ્ત થશે, તેવો સ્થિર કાર્યકારણ ભાવનો નિયમ હોવાથી હવે હું સામાયિકના બળથી સંસારના ઉપદ્રવોથી અધિક સુરક્ષિત થાઉં છું, એવો દૃઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તેથી ચિંતામણિ આદિની પ્રાપ્તિ કરતાં પણ વધુ સુખ જીવને સામાયિકકાળમાં થાય છે.

તેથી સામાયિકના અર્થી જીવે પુનઃ પુનઃ સામાયિકના અર્થનું ભાવન કરીને વિચારવું જોઈએ કે રાગાદિથી આકુળ જીવ વર્તમાનમાં દુઃખી છે અને આગામી દુઃખની પરંપરાનું બીજ છે અને સુખદુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ ભાવો પ્રત્યે સમાન ચિત્ત વર્તે તેવા જીવના પરિણામ પ્રત્યે રાગ અને તેવા પરિણામમાં સ્ખલના થાય, તેવા પ્રત્યે દ્વેષ કરીને વિવેકી શ્રાવક રાગ-દ્વેષના ઉચ્છેદમાં યત્ન થાય તે રીતે સ્વાધ્યાય આદિમાં યત્ન કરે છે અને આરંભ-સમારંભ આદિનો પરિહાર કરે છે. તે શ્રાવકનું સર્વવિરતિને અનુકૂળ ચિત્તના નિર્માણરૂપ સામાયિક છે. જે સામાયિકમાં જિનવચન અનુસાર મતિજ્ઞાનનો ઉપયોગ રાગ-દ્વેષના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપારવાળો હોય છે. તેથી મતિજ્ઞાનના ઉપયોગવિશેષરૂપ જ સામાયિકનો પરિણામ છે.

ટીકા :-

इह च केचिन्मन्यन्ते-प्रतिपन्नसामायिकस्य जिनस्नपनपूजादि कुर्वतो न दोषो, निरवद्ययोगत्वात्तस्य यतः सावद्ययोगलक्षणमिदम्-

'कम्ममवज्जं जं गरहियंति कोहाइणो य चत्तारि ।
सह तेहिजो उ जोगो पच्चक्खाणं भवे तस्स ।।१०५१।।' **[आवश्यकनिर्युक्ति] इति ।**

न च जिनस्नपनादि गर्हितकर्मेति, अत्रोच्यते-एवं तर्हि साधोरपि तत्करणप्रसङ्गः यतो न सावद्यलक्षणस्य साधुश्रावकावाश्रित्य भेदोऽभिहितः ।

तथा-

'सामाइयंमि उ कए समणो इव सावओ हवइ जम्हा ।
एएण कारणेणं बहुसो सामाइयं कुज्जा ।।१।।' [ ]

इत्येतद्गाथोक्तसामायिकवतः साधुना सह सादृश्यं स्नपनादिविधौ नोपपद्यते साधूनां तत्रानधिकारात् । तथा स्नपनादिकृतदेहविभूषेण कर्त्तव्यं, सामायिकं तु विभूषाविमुक्तेन । तथा भावस्तवारूढस्य द्रव्यस्तवेन न किञ्चन, तदर्थमेव तस्येष्टत्वात् । किञ्च यथा तस्य स्नपनादि विधेयं, तथा चैत्यसत्कारामकर्षणसेचनगाननृत्याद्यप्यविगानेन विधेयं प्राप्नोति, भवन्नीत्या निरवद्यत्वाविशेषात् न च सामायिकसामाचार्यामेतदेव तत्सूचकं वा वचनमुपलभ्यते, साधुसमानता तूपलभ्यत इति ।

ટીકાર્થ :-

इह ..... इति । અને અહીં=સામાયિકના વિષયમાં કેટલાક માને છે. સ્વીકારાયેલા સામાયિકવાળા શ્રાવકને ભગવાનનાં પ્રક્ષાલ-પૂજા આદિ કરતાં દોષ નથી; કેમ કે તેનું=ભગવાનની પૂજા આદિનું નિરવદ્યયોગપણું છે; જે કારણથી સાવદ્યયોગનું લક્ષણ આ છે –

"કર્મો અવદ્ય જે ગર્હિત છે અને ક્રોધાદિ ચાર કષાયો છે, તેઓથી સહિત જે યોગ=ક્રોધાદિ કષાયોથી સહિત જે યોગ, તેનું પચ્ચક્ખાણ થાય ।।૧૦૫૧।।" **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૦૫૧)**

અને જિનપ્રક્ષાલ આદિ ગર્હિત કર્મ નથી. અહીં ઉત્તર આપે છે – આ રીતે તો સાધુને પણ તેના કરણનો પ્રસંગ છે=જિનપ્રક્ષાલ આદિનો પ્રસંગ છે. જે કારણથી સાધુ અને શ્રાવકને આશ્રયીને સાવદ્ય લક્ષણનો ભેદ કહેવાયો નથી અને તે પ્રમાણે પાઠ છે –

"જે કારણથી સામાયિક કરાયે છતે શ્રાવક સાધુ જેવો થાય છે, એ કારણથી બહુ વખત સામાયિક કરવું જોઈએ. ।।૧।।" **()**

આ પ્રકારની ગાથાથી કહેવાયેલું સાધુની સાથે સાદૃશ સામાયિકવાળા શ્રાવકનું ભગવાનના પ્રક્ષાલ આદિની વિધિમાં ઘટતું નથી; કેમ કે સાધુને ત્યાં=ભગવાનના પ્રક્ષાલ આદિમાં અનધિકાર છે. તે આ પ્રમાણે – સ્નાનાદિથી કરાયેલા દેહવિભૂષાવાળા શ્રાવકથી કર્તવ્ય છે. પૂજા કર્તવ્ય છે. વળી, સામાયિક વિભૂષારહિત શ્રાવકથી કર્તવ્ય છે અને ભાવસ્તવ આરૂઢનું=સામાયિકકાળમાં ભાવસ્તવમાં વર્તતા શ્રાવકનું, દ્રવ્યસ્તવથી કંઈ પ્રયોજન નથી; કેમ કે તદ્અર્થે જ=ભાવસ્તવ અર્થે જ તેનું=દ્રવ્યસ્તવનું ઇષ્ટપણું છે. વળી જે પ્રમાણે તેને=શ્રાવકને ભગવાનના પ્રક્ષાલ આદિ વિધેય થાય તે પ્રમાણે ચૈત્ય સત્કાર=ચૈત્ય સંબંધી, આરામકર્ષણ=બગીચામાંથી પુષ્પનું ગ્રહણ, સેચન=સાફસૂફી, ગાન=નૃત્ય આદિ પણ અવિગાનથી=અવિકલ્પથી વિધેય પ્રાપ્ત થાય; કેમ કે તારી નીતિથી=પૂર્વપક્ષીએ જિનપૂજા નિરવદ્ય છે, એમ કહીને સામાયિકમાં કર્તવ્ય છે, એમ કહ્યું એ નીતિથી, નિરવદ્યપણાનો અવિશેષ છે અને સામાયિક સામાચારીમાં આ જ અથવા તેનું સૂચક વચન=શ્રાવકે ચૈત્ય સંબંધી કૃત્યો કરવાં જોઈએ, તેનું વચન ઉપલબ્ધ થતું નથી. વળી, સાધુસમાનતા ઉપલબ્ધ થાય છે.

ભાવાર્થ :-

જેમ સામાયિકની ક્રિયા સંસારના આરંભ-સમારંભના ત્યાગપૂર્વક સ્વાધ્યાય આદિ દ્વારા વીતરાગ ભાવનાને

અનુકૂળ આત્માને ભાવિત કરવાની ક્રિયા છે, તેમ ભગવાનની પૂજા પણ ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનની ભક્તિરૂપ ક્રિયા છે. તેથી સાવદ્યયોગરૂપ નથી. માટે શ્રાવકને સામાયિકમાં ભગવાનની પૂજા કરવામાં દોષ નથી, એમ કેટલાક માને છે. તેનો ઉત્તર આપતાં ટીકાકારશ્રી કહે છે –

જો તેમ સ્વીકારવામાં આવે તો સાધુને પણ ભગવાનની પૂજા કરવાનો પ્રસંગ આવે; કેમ કે સામાયિકમાં શ્રાવક સાધુ જેવા જ હોય છે અને સાધુને પૂજામાં અધિકાર નથી, તેથી શ્રાવકને પણ સામાયિકમાં પૂજાનો અધિકાર નથી, તેમ માનવું જોઈએ. વસ્તુતઃ સાધુ ભાવસ્તવ આરૂઢ છે અને દ્રવ્યસ્તવનું પ્રયોજન ભાવસ્તવની નિષ્પત્તિ છે. તેથી કાર્યની પ્રાપ્તિ થયા પછી કારણની આવશ્યકતા નથી, માટે સાધુ દ્રવ્યસ્તવ કરતા નથી; કેમ કે પરિગ્રહ વગરના છે, તેથી સાક્ષાત્ નિર્લેપભાવને અનુકૂળ વ્યાપાર કરીને વીતરાગતુલ્ય થવા જે પ્રકારે સાધુ યત્ન કરી શકે, તે પ્રકારે યત્ન કરવા શ્રાવક સમર્થ નથી. તેથી સામાયિકની પરાકાષ્ઠાવાળા એવા ભગવાનની ઉત્તમ દ્રવ્યોથી ભક્તિ કરીને શ્રાવક સામાયિકને અનુકૂળ વિશિષ્ટ શક્તિસંચય કરે છે અને જ્યારે દ્રવ્યસ્તવ વગર સાધુની જેમ સામાયિક આદિની ક્રિયા દ્વારા સમભાવમાં યત્ન કરવાને અનૂકૂળ ચિત્ત વર્તતું હોય ત્યારે સામાયિક કરીને શ્રાવક સાક્ષાત્ ભાવસ્તવમાં યત્ન કરે છે અને જ્યારે સામાયિકની ક્રિયા દ્વારા તેવા સમભાવના પરિણામનું બળસંચય થયું નથી, ત્યારે ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરીને ભાવસ્તવની શક્તિનો સંચય કરે છે. તેથી ભાવસ્તવ ઉપર આરૂઢ થવા માટે શ્રાવક દ્રવ્યસ્તવ કરે છે અને જ્યારે દ્રવ્યસ્તવના આલંબન વગર સાક્ષાત્ ભાવસ્તવને અનુકૂળ સંચિત વીર્યવાળા થાય છે, ત્યારે સામાયિક કરે છે. આથી જ અત્યંત સાવદ્યનો પરિહાર કરીને અને પરિગ્રહાદિથી સંવૃત થઈને નિરારંભ જીવનારા સંતોષી શ્રાવકને ભાવસ્તવને અનુકૂળ પ્રચુર બળ હોવાથી દ્રવ્યસ્તવની આવશ્યકતા નથી. પરંતુ જે શ્રાવક ગૃહસ્થજીવનના આરંભ-સમારંભ કરે છે, ધનઅર્જનાદિ કરે છે, તેઓમાં ભગવાનની ભક્તિથી જ કંઈક ભાવસ્તવને અનુકૂળ યત્ન કરવાનું સામર્થ્ય છે. જ્યારે સામાયિક દ્વારા શ્રાવક સાક્ષાત્ ભાવસ્તવમાં યત્ન ન કરી શકે તો દ્રવ્યસ્તવ કાળમાં જો ભગવાનના ગુણોના સ્મરણને કારણે પ્રવર્ધમાન પરિણામ હોય તો જે નિર્જરાની પ્રાપ્તિ શ્રાવક કરે છે, તેવી નિર્જરાની પ્રાપ્તિ સામાયિકકાળમાં પણ તેને થાય નહિ. તેથી અસંગ પરિણામરૂપ ભાવસ્તવના પ્રકર્ષથી જ નિર્જરાની પ્રાપ્તિ છે, માટે પોતાના ચિત્તનું આલોચન કરીને વિવેકી શ્રાવક ઉચિત કાળે ભગવદ્ ભક્તિથી પરિણામની શુદ્ધિ કરે છે અને ઉચિત કાળે સામાયિકની ક્રિયાથી સર્વવિરતિને અનુકૂળ વિશિષ્ટ ચિત્તનું નિર્માણ કરે છે, માટે સામાયિક સાધુધર્મને અનુકૂળ શ્રાવકનું શિક્ષાવ્રત છે.

ટીકા :-

अत्र पुनः सामाचारी-इह श्रावको द्विविधः-ऋद्धिप्राप्तोऽनृद्धिकश्च योऽसावनृद्धिकः स चैत्यगृहे साधुसमीपे वा गृहे वा पौषधशालायां वा यत्र विश्राम्यति, निर्व्यापारो वास्ते, तत्र सर्वत्र तत्करोति चतुर्षु स्थानेषु पुनर्नियमात्करोति । तद्यथा—चैत्यगृहे साधुसमीपे पौषधशालायां स्वगृहे वावश्यकं कुर्वाणः तत्र यदि साधुसमीपे करोति, तदायं विधिः । यदि परंपरभयं नास्ति, यदि केनापि समं

विवादो नास्ति, यदि कस्यापि द्रव्यं न धारयति मा भूत्तत्कृताकर्षापकर्षिका, यदि च धारणकं दृष्ट्वा न गृह्णाति मा भूद्भङ्गो, यदि च व्यापारं न करोति, तदा स्वगृह एव सामायिकं कृत्वा व्रजति पञ्चसमितिस्त्रिगुप्तः-ईर्यायामुपयुक्तः, यथा साधुः, भाषायां सावद्यं परिहरन्, एषणायां काष्ठं वा लेष्टं वाऽनुज्ञाप्य प्रत्युपेक्ष्य प्रमृज्य च गृह्णन्, एवमादाने निक्षेपे च, तथा खेलसिंघाणादीन्न विवेचयति, विवेचयंश्च स्थण्डिलं प्रत्युपेक्षते प्रमार्ष्टि च, यत्र तिष्ठति तत्रापि गुप्तिनिरोधं करोति, अनेन विधिना गत्वा, त्रिविधेन साधून्नत्वा सामायिकं करोति—'करेमि भंते, सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जाव साहू पज्जुवासामि दुविहं तिविहेण' इत्याद्युच्चारणतः । तत ईर्यापथिकायाः प्रतिक्रामति, पश्चादालोच्य वन्दते आचार्यादीन् यथारात्निकतया, पुनरपि गुरुं वन्दित्वा प्रत्युपेक्ष्य निविष्टः पृच्छति वा पठति वा । एवं चैत्येष्वपि । यदा तु स्वगृहे पौषधशालायां वा तदा गमनं नास्ति । यः पुनः ऋद्धिप्राप्तः स सर्वर्द्धया याति, तेन जनस्यास्था भवति, आदृताश्च साधवः सुपुरुषपरिग्रहेण भवन्ति, यदि त्वसौ कृतसामायिक एति, तदाश्वहस्त्यादिभिरधिकरणं स्यात् तच्च न वर्तते कर्तुमित्यसौ तत्र करोति । तथा कृतसामायिकेन पादाभ्यामेवागन्तव्यमिति च तत्र करोति । तथा यद्यसौ श्रावकस्तदा तं न कोऽप्यभ्युत्तिष्ठति । अथ यदा भद्रकस्तदा पूजा कृता भवत्विति पूर्वरचितमासनं क्रियते, आचार्याश्चोत्थिता एवासते मोत्थानानुत्थानकृता दोषा भूवन् पश्चादसावृद्धिप्राप्तश्रावकः सामायिकं करोति । कथं ? 'करेमि भंते सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेणं जावनियमं पज्जुवासामि' इत्यादि । एवं सामायिकं कृत्वेर्यां प्रतिक्रान्तो वन्दित्वा पृच्छति वा पठति वा स च किल सामायिकं कुर्वन् मुकुटं कुण्डले नाममुद्रां चापनयति, पुष्पताम्बूलप्रावारादिकं च व्युत्सृजतीत्येष विधिः सामायिकस्येति गाथार्थः ।।१/२५।।

टीकार्थ :-

अत्र ..... गाथार्थः ।। અહીં=સામાયિકના વિષયમાં સામાચારી છે. અહીં=સંસારમાં શ્રાવક બે પ્રકારના છે. (૧) ઋદ્ધિપ્રાપ્ત અને (૨) ઋદ્ધિ વગરના. જે શ્રાવક ઋદ્ધિ વગરના છે, તે ચૈત્યગૃહમાં અથવા સાધુ સમીપે અથવા ઘરમાં અથવા પૌષધશાળામાં જ્યાં વિશ્રામ પામે છે=આરંભ સમારંભથી વિશ્રામ પામે છે અથવા નિર્વ્યાપાર પામે છે=મન, વચન, કાયાના યોગોથી આરંભ-સમારંભના વ્યાપાર વગરનો રહે છે, ત્યાં સર્વત્ર તેને=સામાયિકને, કરે છે. વળી, ચાર સ્થાનોમાં નિયમથી કરે છે= ચૈત્યગૃહ, સાધુ સમીપ, ઘર અથવા પૌષધશાળામાં નિયમથી કરે છે. તે આ પ્રમાણે — ચૈત્યગૃહમાં, સાધુ સમીપમાં, પૌષધશાળામાં અથવા સ્વગૃહમાં આવશ્યકને કરતો રહે છે. ત્યાં=ચૈત્યગૃહાદિરૂપ કોઈક સ્થાનમાં, જો સાધુ સમીપે કરે છે, તો આ વિધિ છે. જો ખરેખર ભય નથી, જો કોઈની સાથે વિવાદ નથી, જો કોઈનું દ્રવ્ય ઉધાર લીધું નથી, તેના કારણે આકર્ષ-અપકર્ષ થાય નહિ અને જો

ધારકને જોઈને ગ્રહણ ન કરે=સામાયિકને ગ્રહણ ન કરે; કેમ કે ભંગ ન થાઓ=સામાયિકનો ભંગ ન થાઓ અને વ્યાપાર ન કરે તો સ્વગૃહમાં જ સામાયિક કરીને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ઈર્યાસમિતિમાં ઉપયુક્ત જે પ્રમાણે સાધુ જાય છે, તેમ જાય છે. ભાષામાં સાવદ્યનો પરિહાર કરતો, એષણામાં કાષ્ઠ અથવા ઢેફાને અનુજ્ઞાપન કરીને=તેના સ્વામીને જણાવીને, પ્રત્યુપેક્ષણ કરીને=જીવ વિગેરે નથી એ પ્રમાણે ચક્ષુથી અવલોકન કરીને અને પ્રમાર્જન કરીને=તે કાષ્ઠ અથવા ઢેફાને ચરવળાથી પ્રમાર્જન કરીને=ગ્રહણ કરતો, એ રીતે આદાન અને નિક્ષેપને કરતો અને ખેલસિંઘાણ આદિને=નાકના મળ આદિને, વિવેચન કરતો નથી=જ્યાં ત્યાં નાખતો નથી અને વિવેચન કરતો= ખેલસિંઘાણાદિને નાખતો સ્થંડિલને=શુદ્ધ ભૂમિને પ્રત્યુપેક્ષણ કરે અને પ્રમાર્જન કરે. જ્યાં રહે છે= ઊભો રહે છે કે બેસે છે ત્યાં પણ ગુપ્તિ નિરોધને કરે છે. આ વિધિથી જઈને=સાધુ સમીપે જઈને ત્રિવિધથી=મન, વચન, કાયાથી સાધુને નમસ્કાર કરીને સામાયિક કરે છે.

કઈ રીતે સામાયિક કરે છે ? એથી કહે છે –

'હે ભગવંત ! હું સામાયિક કરું છું. સાવદ્ય જોગનું પચ્ચક્ખાણ કરું છું. જ્યાં સુધી સાધુની પર્યુપાસના કરું=સાધુ પાસે રહીને ઉચિત તત્ત્વ અધ્યયન આદિ કરું ત્યાં સુધી દુવિધ-ત્રિવિધ પચ્ચક્ખાણ કરું છું.' એ પ્રમાણે ઉચ્ચારતો સામાયિક કરે છે, એ પ્રમાણે અન્વય છે.

ત્યારપછી ઈર્યાપથિકીનું પ્રતિક્રમણ કરે છે. પાછળથી આલોચન કરીને=ગમનાગમનની ક્રિયાનું આલોચન કરીને આચાર્ય આદિને જે પ્રમાણે રાત્નિકપણું છે, તે પ્રમાણે વંદન કરે છે. ફરી પણ ગુરુને વંદન કરીને પ્રત્યુપેક્ષણા કરીને=ભૂમિનું અવલોકન કરીને અને પ્રમાર્જન કરીને બેઠેલો પૃચ્છા કરે છે અથવા ભણે છે, એ રીતે ચૈત્યોમાં પણ ગમન કરે છે=સામાયિક લઈને ચૈત્યમાં જાય છે. જ્યારે સ્વગૃહમાં કે પૌષધશાળામાં સામાયિક કરે છે, ત્યારે ગમન નથી. જે વળી ઋદ્ધિપ્રાપ્ત શ્રાવક છે, તે સર્વ ઋદ્ધિથી જાય છે=સાધુ પાસે સામાયિક લેવા જાય છે. તેનાથી લોકોને આસ્થા થાય છે=તે પ્રકારે મહા સમૃદ્ધિપૂર્વક જતા તે શ્રાવકને જોઈને લોકોને ઓઘથી પણ આ સામાયિક ઉત્તમ કાર્ય છે, એવી આસ્થા થાય છે અને સુપુરુષના પરિગ્રહથી સાધુઓ સ્વીકારાયેલા છે=આવા ધનાઢ્ય અને બુદ્ધિમાન પુરુષથી ગ્રહણ કરાયેલા અને આદરપૂર્વક સ્વીકારાયેલા સાધુઓ છે, તે પ્રકારની સાધુઓ પ્રત્યે લોકોને આસ્થા થાય છે. જેનાથી યોગ્ય જીવોમાં યોગનાં બીજો પડે છે. વળી, જો આ કૃત સામાયિકવાળો જાય=સામાયિક ગ્રહણ કરીને જાય તો અશ્વ, હાથી આદિથી અધિકરણ થાય અને તે=અધિકરણ કરવું ઉચિત નથી. તેથી આ=ઋદ્ધિવાન શ્રાવક તેને=સાધુ પાસે જતી વખતે સામાયિકને કરતો નથી અને કૃતસામાયિક વડે પગે ચાલીને જ જવું જોઈએ, તેથી તેને કરતો નથી=સામાયિકને ગ્રહણ કરીને જતો નથી અને જો આ શ્રાવક છે=ઋદ્ધિમાન સાધુ પાસે સામાયિક લેવા આવેલ શ્રાવક છે, તો કોઈપણ તેને ઊભા થઈને આદર કરતા નથી=કોઈ સાધુ તેનો ઊભા થઈને આદર કરતા નથી.

હવે યથાભદ્રક છે=સામાયિક લેવા માટે આવનાર યથાભદ્રક જીવ છે, તો પૂજા કરાયેલી થાઓ=તે

સામાયિક કરવા માટે આવેલાનો સત્કાર કરાયેલું થાઓ. તેથી પૂર્વમાં રચિત આસન કરાય છે અને આચાર્ય ઊભા રહેલા જ રહે છે; કેમ કે ઉત્થાન-અનુત્થાન કૃત દોષો ન થાઓ અર્થાત્ જો આચાર્ય ઊભા રહેલા ન હોય તો આવનાર જીવને થાય કે મારો સત્કાર પણ કરતા નથી અને જીવ આવે ત્યારે ઊભા થાય તો એને થાય કે હું પણ તેમના માટે આદરપાત્ર છું અર્થાત્ હું તેમનાથી મોટો છું, આ પ્રકારના દોષો ન થાય માટે આચાર્ય ઊભા જ રહેલા હોય છે. પાછળથી આ ઋદ્ધિપ્રાપ્ત શ્રાવક સામાયિક કરે છે.

કેવી રીતે કરે છે ? એથી કહે છે –

'હે ભગવંત ! હું સામાયિક કરું છું. સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરું છું. દુવિધ-ત્રિવિધથી જ્યાં સુધી નિયમને પર્યુપાસું છું.' ઈત્યાદિ આ પ્રમાણે સામાયિકને કરીને ઈર્યાથી પ્રતિક્રાંત થયેલો વંદન કરીને પૂછે છે અથવા ભણે છે અને તે ખરેખર સામાયિકને કરતો મુગટને, કુંડલને અને નામમુદ્રાને દૂર કરે છે અને પુષ્પ, તાંબૂલ, પ્રવરાદિ અન્ય વસ્ત્રોનો ત્યાગ કરે છે, સામાયિકની આ પ્રમાણે વિધિ છે, એ ગાથાર્થ છે. ॥૧/૨૫॥

ભાવાર્થ :-

શ્રાવક સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હોય છે, તેથી સાધુધર્મની શક્તિના સંચયના અંગરૂપે સામાયિક નામનું શિક્ષાવ્રત સેવન કરે છે. તેમાં જે ઋદ્ધિમાન શ્રાવક છે, તે વિચારે છે કે 'હું તે રીતે ઋદ્ધિપૂર્વક સાધુ પાસે સામાયિક કરવા જાઉં, જેથી ભદ્રક પ્રકૃતિવાળા જીવોને સુખી માણસના તે પ્રકારના વ્યવહારને જોઈને ધર્મ પ્રત્યે બહુમાનભાવ થાય. જેનાથી તેઓને પણ યોગબીજની પ્રાપ્તિ થાય.'

આથી સામાયિક પ્રત્યે બદ્ધ રાગ હોવા છતાં સામાયિક ગ્રહણ કર્યા વગર મહાસમૃદ્ધિથી સુસાધુ પાસે સામાયિક ગ્રહણ કરવા જાય છે. તેથી યોગ્ય જીવોના ઉપકારનો સુવિશુદ્ધ આશય હોવાથી તે પ્રકારે ઋદ્ધિપૂર્વક ગમનની ક્રિયા પણ મહાનિર્જરાનું કારણ બને છે અને ત્યારપછી સુસાધુ પાસે જઈને વિવેકપૂર્વક સામાયિક ગ્રહણ કરીને સમભાવની વૃદ્ધિ થાય તે રીતે ઉચિત યત્ન કરે છે અને જે શ્રાવક ઋદ્ધિમાન નથી, તે શ્રાવક વિચારે કે સુસાધુ પાસે જઈને શાસ્ત્રઅધ્યયન દ્વારા હું સામાયિક કરીને વિશેષ ભાવોને પ્રાપ્ત કરીશ, છતાં ઘરેથી ગમનકાળમાં પણ સામાયિકના પરિણામમાં મારું ચિત્ત પ્રવર્તે તેમ છે, તો વિવેકપૂર્વક સામાયિક ગ્રહણ કરીને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સાધુની જેમ ઈર્યાસમિતિને શોધતો ઉપાશ્રય જાય છે અને ઉપાશ્રયમાં જઈને ફરી સાધુ પાસે સામાયિક ગ્રહણ કરે છે. જેથી પૂર્વમાં ગ્રહણ કરાયેલો સામાયિકનો પરિણામ દૃઢ થાય છે અને સામાયિકમાં પ્રતિજ્ઞા કરે છે કે જ્યાં સુધી હું સાધુની પર્યુપાસના કરું, ત્યાં સુધી મારું પચ્ચક્ખાણ છે. તેથી કલાક-બે કલાક જે કંઈ સાધુ પાસેથી સાધુ સામાચારી આદિ શ્રવણ કરે, ત્યાં સુધી સામાયિક પ્રત્યેના રાગપૂર્વક અને સાધુ સામાચારી આદિના શ્રવણથી સાધુધર્મ પ્રત્યેના પ્રવર્ધમાન રાગ પરિણામવાળા તે શ્રાવકો સંયમને અનુકૂળ બળસંચય થાય, તે પ્રકારે સામાયિક નામના શિક્ષાવ્રતનું સેવન કરે છે. **॥૧/૨૫॥**

અવતરણિકા :-

અસ્યૈવાતિચારાનાહ—

અવતરણિકાર્થ :-

આના જ=સામાયિકવ્રતના જ, અતિચારોને કહે છે —

ગાથા :-

मणवयणकायदुपणिहाणं इह जत्तओ विवज्जेइ ।
सइअकरणयं अणवट्ठियस्स तह करणयं चेव ।।१/२६।।

છાયા :-

मनोवचनकायदुष्प्रणिधानं इह यत्नतो विवर्जयति ।
स्मृति-अकरणकं अनवस्थितस्य तथा करणकमेव ।।१/२६।।

અન્વયાર્થ :-

इह=અહીં=સામાયિકના વિષયમાં, जत्तओ=યત્નથી, मणवयणकायदुपणिहाणं=મન, વચન અને કાયાના દુષ્પ્રણિધાનનું, तह=અને, सइअकरणयं=સ્મૃતિના અકરણનું, चेव=અને, अणवट्ठियस्स करणयं=અનવસ્થિત કરણનું, विवज्जेइ=વર્જન કરે. ।।૧/૨૬।।

ગાથાર્થ :-

અહીં=સામાયિકના વિષયમાં, યત્નથી મન, વચન અને કાયાના દુષ્પ્રણિધાનનું અને સ્મૃતિના અકરણનું અને અનવસ્થિતકરણનું વર્જન કરે. ।।૧/૨૬।।

ટીકા :-

व्याख्या—'मणे'त्यादि । मनोवचनकायानां मानसवाक्शरीराणां दुष्प्रणिधानं=सावद्ये प्रवर्तनं मनोवचनकायदुष्प्रणिधानं इह सामायिके यत्नतः आदरेण विवर्जयति-परिहरतीति । त्रयोऽमी अतिचाराः तथा स्मृतेः-स्मरणस्य सामायिकविषयाया अकरणमेवाकरणकं-अनासेवनं स्मृत्यकरणकं एतदुक्तं भवति-प्रबलप्रमादात्रैवं स्मरति, यदुतास्यां वेलायां मया सामायिकं कर्तव्यं कृतं न कृतं वेति स्मृतिमूलं च मोक्षानुष्ठानमिति । तथाऽनवस्थितस्य-अस्थिरस्वरूपस्य सामायिकस्य तथा तेनैव प्रकारेण प्रबलप्रमादादिलक्षणेन करणमेव करणकं आसेवनं । यः सामायिकं करणानन्तरमेव त्यजति, यथा-कथञ्चिद्वा करोति, तस्यानवस्थितकरणमित्यभिधीयते चैवशब्दः समुच्चये अपिचेत्यादिशब्दवत् ।

अयमेषां भावार्थः—

'सामाइयं तु काउं घरचिंतं जो य चिंतए सड्ढो ।
अट्टवसट्टोवगओ निरत्थयं तस्स सामइयं ।।३१३।।

कडसामइओ पुव्विं बुद्धीए पेहिऊण भासेज्जा ।
सइ निरवज्जं वयणं अन्नह सामाइयं न भवे ।।३१४।।

अनिरिक्खियापमज्जिय थंडिल्ले ठाणमाइ सेवंतो ।
हिंसाभावेऽवि न सो कडसामइओ पमायाओ ।।३१५।।

न सरइ पमायजुत्तो जो सामाइयं कया उ कायव्वं ।
कयमकयं वा तस्स हु कयंपि विहलं तयं नेयं ।।३१६।।

काऊण तक्खणं चिय पारेइ करेइ वा जहिच्छाए ।
अणवट्ठियसामइयं अणायराओ न तं सुद्धं ।।३१७।।' **[श्रावकप्रज्ञप्ति ३१३-३१७]**

ननु मनोदुष्प्रणिधानादिषु सामायिकस्य निरर्थकत्वादिप्रतिपादनेन वस्तुतोऽभाव एव प्रतिपादितः, अतिचारश्च मालिन्यरूप एव भवतीति कथं स सामायिकाभावेऽतो भङ्गा एवैते नातिचाराः, सत्यम्, किं त्वनाभोगतोऽतिचारा इति भावना । ननु द्विविधंत्रिविधेन सावद्यप्रत्याख्यानं सामायिकं, तत्र च मनोदुष्प्रणिधानादौ प्रत्याख्यानभङ्गात् सामायिकाभाव एव, तद्भङ्गजनितं प्रायश्चित्तं च स्यात्, मनोदुष्प्रणिधानं च दुष्परिहार्यं मनसोऽनवस्थितत्वात्, अतः सामायिकप्रतिपत्तेः सकाशात्तदप्रतिपत्तिरेव श्रेयसीति नैवं, यतः सामायिकं द्विविधंत्रिविधेन प्रतिपन्नं तत्र च मनसा सावद्यं न करोमीत्यादीनि षट् प्रत्याख्यानानीत्येकतरप्रत्याख्यानभङ्गेऽपि शेषसद्भावान्न सामायिकस्यात्यन्ताभावो, मिथ्यादुष्कृतेन मनोदुष्प्रणिधानमात्रशुद्धेश्च, सर्वविरतिसामायिकेऽपि तथाऽभ्युपगतत्वात् यतो गुप्तिभङ्गे मिथ्यादुष्कृतं प्रायश्चित्तमुक्तं यदाह—'बीओ असमिओमित्ति कीस सहसा अगुत्तो वा' । **() द्वितीयोऽतिचारः समित्यादिभङ्गरूपोऽनुतापेन शुध्यतीत्यर्थः । इति न प्रतिपत्तेरप्रतिपत्तिर्गरीयसीति किञ्च सातिचारानुष्ठानादप्यभ्यासतः कालेन निरतिचारमनुष्ठानं भवतीति सूरयो यदाहुः—**'अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्ध' **() इति । तथा यदिहोक्तं पौषधशालायां सामायिकं करोति, तत्रैकाकिन एव पौषधशालायां प्रवेश इति केचन मन्यन्ते 'एग अबीए' इत्याद्यागमवचनश्रवणात्, तत्रोच्यते, नायमेकान्तो वचनान्तरस्यापि श्रवणात् । तथाहि व्यवहारभाष्येऽभिहितम्—**'रायसुयाई पंच वि पोसहसालाए संमिलिया' **() इत्यलं प्रसंगेनेति गाथार्थः ।।१/२६।।**

ટીકાર્થ :-

मनोवचनकायानां ..... गाथार्थः ।। 'मणे'त्यादि પ્રતીક છે. મન-વચન-કાયાના દુષ્પ્રણિધાનને= સાવદ્યમાં પ્રવર્તનરૂપ મન-વચન-કાયાના દુષ્પ્રણિધાનને, અહીં=સામાયિકમાં, યત્નથી=આદરથી પરિહાર કરે છે=વિવેકી શ્રાવક પરિહાર કરે છે, આ ત્રણ અતિચારો છે=મનદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, કાયદુષ્પ્રણિધાન, એ ત્રણ અતિચારો છે અને સ્મૃતિનું=સ્મરણનું=સામાયિકવિષયવાળી સ્મૃતિનું અકરણ જ=અનાસેવન સ્મૃતિનું અકરણ છે. આ કહેવાયેલું થાય છે=પ્રબલ પ્રમાદથી આ પ્રમાણે સ્મરણ કરતો નથી.

શું સ્મરણ કરતો નથી ? તે 'यदुत'થી બતાવે છે –

મારે આ વેળામાં સામાયિક કરવું જોઈએ, એ સ્મરણ કરતો નથી અથવા મેં સામાયિક કર્યું છે કે નથી કર્યું, તે સ્મરણ કરતો નથી અને સ્મૃતિ મૂલ મોક્ષનું અનુષ્ઠાન છે અર્થાત્ શ્રાવકે સામાયિક વ્રત ગ્રહણ કર્યા પછી ઉચિત કાળે, પ્રતિદિન કે શક્તિ અનુસાર તે તે દિવસે મારે આ સમયે સામાયિક કરવું જોઈએ, એ પ્રકારે પ્રતિજ્ઞા કરી છે. જેથી સામાયિકનો ઉચિત કાળ આવે કે તેને સ્મરણ થાય કે મારે આ સમયે સામાયિક કરવું જોઈએ, અન્ય કૃત્ય નહિ. કોઈક કારણે ચિત્ત વ્યાક્ષિપ્ત હોય તો તે ચિત્તને શમન કરવા અર્થે ઉચિત પ્રયત્ન કરીને તે સમયે સામાયિક કરવું જોઈએ. જેથી સામાયિક વ્રત પ્રત્યે પ્રતિદિન નિયત કાળે કર્તવ્યતાની બુદ્ધિ થાય, પરંતુ જેઓ તે રીતે કરતા નથી અને પોતાની અનુકૂળતા પ્રમાણે જ્યારે ત્યારે સામાયિક કરે છે, તેઓ તે સામાયિકવ્રત દ્વારા નિત્ય ઉચિત કાળે સેવીને સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરવાનો યત્ન કરતા નથી. અને સ્મૃતિનું અકરણ=અનાસેવન સ્મૃતિઅકરણ છે. અથવા પોતે સામાયિક કર્યું હોય છતાં મેં કર્યું છે કે નહિ, તેવું સ્મરણ થતું નથી; કેમ કે દૃઢ પ્રણિધાનપૂર્વક ઉચિત કાળે સામાયિક કરવા માટે યત્ન કર્યો નહિ, તેથી સામાયિક કર્યું હોય છતાં પાછળથી તેનું સ્મરણ થતું નથી. વસ્તુતઃ સામાયિકકાળમાં સામાયિકના પરિણામને સ્પર્શનારું શ્રાવકનું ચિત્ત તે પ્રકારનું રમ્ય હોય છે કે જેથી વારંવાર તેનું સ્મરણ થાય છે અને બીજે દિવસે ઉચિત કાળે તેવા સુંદર ચિત્તના નિર્માણ અર્થે સામાયિકનું અવશ્ય સ્મરણ થાય છે. સ્મૃતિ મૂલ સામાયિક નહિ હોવાથી ઉત્તમ ભાવોનું કારણ બનતું નથી. માટે સ્મૃતિનું અકરણ સામાયિકનો અતિચાર છે. જે શ્રાવક સામાયિકને કર્યા પછી તરત જ=સામાયિકનો કાળ પૂરો થાય કે તરત જ ત્યાગ કરે છે અર્થાત્ ક્યારે સામાયિક પૂરું થાય તે પ્રકારના પારવાને અભિમુખ પરિણામવાળો છે અથવા યથાકથંચિત્ કરે છે=સામાયિકના પરિણામને નિષ્પત્તિને અનુકૂળ કોઈ યત્ન કર્યા વગર જેમ તેમ સામાયિક કરે છે, તેનું=તે શ્રાવકનું અનવસ્થિતકરણ એ પ્રમાણે કહેવાય છે=અનવસ્થિતકરણ એ પ્રકારનો સામાયિક અતિચાર છે. 'चैव' શબ્દ સમુચ્ચયમાં છે. 'अपि' શબ્દ ઇત્યાદિ શબ્દની જેમ.

આ=આગળમાં બતાવે છે એ, આનો=સામાયિકના અતિચારનો, ભાવાર્થ છે –

"સામાયિક કરીને જે શ્રાવક ઘરનું ચિંતવન કરે, ઉપલક્ષણથી શરીરની શાતા-અશાતાનું કે જે સામાયિકનું પ્રયોજન નથી તેવા સન્મુખ દેખાતા પદાર્થોનું જે શ્રાવક ચિંતવન કરે, આડાઅવળા વિચારોથી યુક્ત છે, તેનું સામાયિક

નિરર્થક છે=મનોયોગના દુષ્પ્રણિધાનવાળું હોવાથી નિષ્ફળ છે. કૃતસામાયિકવાળો શ્રાવક પૂર્વમાં બુદ્ધિથી જોઈને=જે બોલવાને અભિમુખ પરિણામ થયો છે તે સામાયિકની વૃદ્ધિનું કારણ છે કે નહિ તેનો નિર્ણય કરીને, બોલે, જો નિરવદ્ય વચન હોય (તો બોલે), અન્યથા=નિરવદ્ય વચન ન હોય તો સામાયિક થાય નહિ; કેમ કે વાક્દુષ્પ્રણિધાન નામનો અતિચાર છે. ।।૧-૨।। અનિરીક્ષિત કરીને, અપ્રમાર્જિત કરીને સ્થંડિલમાં=ભૂમિમાં, સ્થાનાદિને સેવતો=બેસતો કે ગમન આદિને કરતો, હિંસાના અભાવમાં પણ પ્રમાદને કારણે તે કૃતસામાયિકવાળો નથી; કેમ કે કાયયોગનું દુષ્પ્રણિધાન છે. ।।૩।। પ્રમાદયુક્ત જે સામાયિક સ્મરણ કરતો નથી=ક્યારે કરવું જોઈએ ? તેનું સ્મરણ કરતો નથી, અથવા કરાયું કે ન કરાયું, તેનું=તે શ્રાવકનું કરાયેલું પણ તે=સામાયિક, વિફલ જાણવું. ।।૪।। કરીને=સામાયિક કરીને, તત્ક્ષણ જ પારે છે=સામાયિકનો અવધિ થયો કે ન થયો તત્ક્ષણ પારે છે, અથવા યદૃચ્છાથી કરે છે=જેમ તેમ સામાયિક કરે છે, અનવસ્થિતનું સામાયિક અનાચરણ હોવાથી તે શુદ્ધ નથી. ।।૫।।" **(શ્રાવકપ્રજ્ઞપ્તિ ગાથા-૩૧૩-૩૧૭)**

'ननु'થી શંકા કરે છે — મનદુષ્પ્રણિધાનમાં સામાયિકના નિરર્થકત્વાદિના પ્રતિપાદનથી વસ્તુતઃ અભાવ જ પ્રતિપાદન કરાયો=સામાયિકનો અભાવ જ પ્રતિપાદન કરાયો અને અતિચાર માલિન્યરૂપ જ થાય છે. એથી કેવી રીતે તે=માલિન્યરૂપ અતિચાર, સામાયિકના અભાવમાં થાય ? આથી આ= મનોદુષ્પ્રણિધાન આદિ, ભંગ જ છે, અતિચાર નથી. તેને ઉત્તર આપતાં ટીકાકારશ્રી કહે છે —

તારી વાત સાચી છે અર્થાત્ મનોદુષ્પ્રણિધાન આદિનું નિવારણ જેઓ કરતા નથી, તેઓના તે અતિચારો નથી, પણ ભંગ જ છે; પરંતુ અનાભોગથી અતિચારો છે=જે શ્રાવક મનોદુષ્પ્રણિધાન આદિના સ્વરૂપને જાણીને તેના પરિહાર માટે યત્ન કરે છે, છતાં અનાભોગથી મનોદુષ્પ્રણિધાન આદિ થાય તો અતિચારો છે, એ પ્રકારની ભાવના છે.

'ननु'થી શંકા કરે છે. દુવિધ-ત્રિવિધથી સાવદ્યનું પ્રત્યાખ્યાન સામાયિક છે અને ત્યાં=સાવદ્યના પ્રત્યાખ્યાનમાં, મનોદુષ્પ્રણિધાન આદિ હોતે છતે, સાવદ્યનો ભંગ હોવાથી સામાયિકના અભાવમાં જ તેના ભંગજનિત પ્રાયશ્ચિત્ત થાય અને મનોદુષ્પ્રણિધાન દુષ્પરિહાર છે=દુઃખેથી પરિહાર કરી શકે તેવું છે; કેમ કે મનનું અનવસ્થિતપણું છે. આથી સામાયિકના સ્વીકારવાથી તેનો અસ્વીકાર જ શ્રેય માટે છે. એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે એ પ્રમાણે ન કહેવું=મનના અતિચારની સંભાવનાને કારણે સામાયિક સ્વીકારવું ઉચિત નથી એમ ન કહેવું. જે કારણથી સામાયિક દુવિધ-ત્રિવિધથી સ્વીકારાયું છે. ત્યાં=સામાયિકમાં મનથી સાવદ્ય કરતો નથી ઈત્યાદિ છ પ્રત્યાખ્યાન છે. એથી કોઈ એક પ્રત્યાખ્યાનના ભંગમાં પણ શેષનો સદ્ભાવ હોવાથી=તે એક ભંગ સિવાયના શેષ પાંચ પ્રત્યાખ્યાનનો સદ્ભાવ હોવાથી સામાયિકનો અત્યંત અભાવ નથી અને મિથ્યાદુષ્કૃતથી મનોદુષ્પ્રણિધાન માત્રની શુદ્ધિ હોવાથી સામાયિકનો અત્યંત અભાવ નથી; કેમ કે સર્વવિરતિ સામાયિકમાં પણ તે પ્રકારે સ્વીકાર્યું છે=મનથી કોઈ સ્ખલના થાય ત્યારે મિથ્યાદુષ્કૃતથી તેને શુદ્ધિ થાય છે.

જે કારણથી ગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત કહેવાયું છે, જેને કહે છે — "બીજો અસમિતિવાળો છું, તેથી કેમ સહસા અગુપ્ત થયો છું," **() એ બીજો અતિચાર સમિતિ આદિ ભંગરૂપ**

અનુતાપથી શુદ્ધ થાય છે=ગુપ્તિના ભંગરૂપ પ્રથમ અતિચાર અને સમિતિ આદિના ભંગરૂપ બીજો અતિચાર અનુતાપથી=મિચ્છામિ દુક્કડમ્ રૂપ અનુતાપથી શુદ્ધ થાય છે. એથી સામાયિકના સ્વીકારથી સામાયિકનો અસ્વીકાર શ્રેષ્ઠ નથી, પરંતુ અતિચારના પરિહારના યત્નપૂર્વક કરાતા સામાયિકમાં અનાભોગથી અતિચાર થાય, તેની શુદ્ધિ મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્તથી થાય છે. વળી, સાતિચાર અનુષ્ઠાનથી પણ અભ્યાસને કારણે કાળથી નિરતિચાર અનુષ્ઠાન થાય છે, એ પ્રમાણે સૂરિઓ કહે છે.

જેને કહે છે — "अभ्यास પણ प्रायः ઘણા ભવોને अनुसरनारो शुद्ध थाय छे." **() માટે અતિચારના પરિહાર માટે યત્ન થાય તે પ્રકારે અભ્યાસ કરનારા શ્રાવકનું અતિચારવાળું સામાયિક પણ નિષ્ફળ નથી.**

અને જે અહીં કહેવાયું — પૌષધશાળામાં સામાયિક કરે છે, ત્યાં એકાકીએ જ પ્રવેશ કરવો જોઈએ, એ પ્રમાણે કેટલાક માને છે; કેમ કે એક અદ્વિતીય ઈત્યાદિ આગમવચનનું શ્રવણ છે. ત્યાં=કોઈક માને છે કે પૌષધશાળામાં એકલાએ સામાયિક કરવું જોઈએ એ કથનમાં, ઉત્તર આપે છે — આ= પૌષધશાળામાં એકલાએ સામાયિક કરવું જોઈએ એ, એકાંત નથી; કેમ કે વચનાંતરનું પણ શ્રવણ છે=અન્ય આગમવચન પણ ઉપલબ્ધ છે, તે પ્રમાણે વ્યવહારભાષ્યમાં કહેવાયું છે — "પૌષધશાળામાં પાંચ પણ રાજકન્યાઓ સંમિલિત થઈ." **() એથી પ્રસંગથી સર્યું, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૬॥**

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિની શિક્ષારૂપે સામાયિક ગ્રહણ કરે છે અને તે સામાયિક દરમ્યાન મનદુષ્પ્રણિધાન આદિ પાંચ અતિચારોનું વર્જન કરવા યત્ન કરે છે. જો તે દુષ્પ્રણિધાન આદિ અતિચારોનો બોધ ન હોય તો પરમાર્થથી સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચયનું કારણ બને તેવું સામાયિક થતું નથી, તેથી વિવેકી શ્રાવક અતિચારોનું સૂક્ષ્મ સ્વરૂપ જાણીને સમભાવનો રાગ અને અસમભાવનો દ્વેષ વર્તે તે રીતે સતત ઉપયોગપૂર્વક સામાયિકમાં યત્ન કરે છે છતાં સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉચિત ક્રિયામાં માનસયત્ન સ્ખલના પામે તો મનદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય. સંયમની વૃદ્ધિ કારણ ન હોય તેવો વચનપ્રયોગ થાય તો વાક્દુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય અને સંયમનું પ્રયોજન ન હોય તે રીતે કાયાની કોઈપણ સૂક્ષ્મ પણ ચેષ્ટા કરે તો કાયદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય અને સંયમની વૃદ્ધિમાં આવશ્યક હોય તે પ્રયોજનથી કાયાની કોઈ ચેષ્ટા કરે ત્યારે પણ જીવરક્ષાને અનુકૂળ ઉચિત પ્રમાર્જના આદિ ન કરે તો કાયદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય. તેથી સામાયિકના પરિણામમાં સ્ખલના થાય અને અનાભોગથી મનદુષ્પ્રણિધાનની પ્રાપ્તિ થાય તોપણ શ્રાવક તેના નિવર્તન માટે સતત યત્ન કરે તો સામાયિકનો પરિણામ હોવા છતાં કંઈક અનાભોગાદિ અતિચારની પ્રાપ્તિ થાય અને મનદુષ્પ્રણિધાનના પરિહાર માટે કોઈ યત્ન ન હોય તો સામાયિકના ભંગની પ્રાપ્તિ થાય.

વળી, પ્રતિદિન સામાયિકના કરણ વેળાનું સ્મરણ રાખવાથી સામાયિક પ્રત્યેનો બદ્ધ રાગ અકરણકાળમાં પણ શ્રાવકને ચિત્તમાં વિદ્યમાન હોય છે. તેથી સર્વવિરતિના સંચયના અર્થી શ્રાવક પ્રાયઃ ઉચિત વેળાએ સામાયિકનું સ્મરણ કરીને વિશિષ્ટ કારણ ન હોય તો અવશ્ય સામાયિક કરે છે, જેથી સામાયિકના

અકરણકાળમાં પણ સામાયિક પ્રત્યેનો રાગ ચિત્તમાં રહેવાથી સર્વવિરતિને અનુકૂળ કંઈક કંઈક અભિમુખ ભાવ વર્તે છે.

અહીં સામાયિકમાં કરણકાળમાં વિશેષથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય છે અને જેઓ પ્રતિદિન સામાયિકના નિયતકાળનું સ્મરણ રાખતા નથી અને અનુકૂળતા હોય ત્યારે સામાયિક કરે અને અનુકૂળતા ન હોય ત્યારે સામાયિક ન કરે તો સ્મૃતિના અકરણરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે અને જેઓ નિયતકાળે સામાયિક કરવાનું સ્મરણ રાખે છે, તેઓને સતત સામાયિક કરવાના કાળનું સ્મરણ હોવાથી અન્ય પ્રવૃત્તિકાળમાં પણ સામાયિક પ્રત્યેનો બદ્ધ રાગ ચિત્તમાં પ્રવિષ્ટ હોવાને કારણે કાંઈક સંવર અંશની પ્રાપ્તિ થાય છે.

વળી, જેઓ સામાયિક ગ્રહણ કર્યા પછી યથાતથા કરે છે કે ગ્રહણ કરીને સામાયિક પારવાને અભિમુખ પરિણામવાળા છે, તેઓને અનવસ્થિતકરણરૂપ સામાયિકના દોષની પ્રાપ્તિ થાય છે, માટે વિવેકી શ્રાવકે સામાયિકના અતિચારોનું અત્યંત ભાવન કરીને તેના નિવારણ માટે સતત ઉદ્યમ કરવો જોઈએ. અનાભોગથી સ્ખલના થાય ત્યારે તોપણ તે અતિચારોની ઉપેક્ષા કરવી જોઈએ નહિ. જેથી અભ્યાસના બળથી સુવિશુદ્ધ સામાયિક કરવાને અનુકૂળ સામાયિક કરવાની શક્તિનો સંચય થાય. **॥૧/૨૬॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं प्रथमं शिक्षाव्रतं, अधुना द्वितीयमाह—

અવતરણિકાર્થ :-

સાતિચાર=અતિચાર સહિત, પ્રથમ શિક્ષાવ્રત કહ્યું. હવે બીજા શિક્ષાવ્રતને કહેવાય છે —

ગાથા :-

दिसिवयगहियस्स दिसापरिमाणस्सेह पइदिणं जं तु ।
परिमाणकरणमेयं अवरं खलु होइ विण्णेयं ।।१/२७।।

છાયા :-

दिग्व्रतगृहीतस्य दिशापरिमाणस्येह प्रतिदिनं यत्तु ।
परिमाणकरणमेतद् अपरं खलु भवति विज्ञेयम् ।।१/२७।।

અન્વયાર્થ :-

इह=અહીં=શિક્ષાવ્રતોમાં, दिसिवयगहियस्स=દિગ્વ્રત ગ્રહણ કરેલા શ્રાવકનું, दिसापरिमाणस्स=દિશાના પરિમાણનું, पइदिणं=પ્રતિદિન, जं तु=જે વળી, परिमाणकरणं=પરિમાણનું કરણ, एयं=એ, खलु=ખરેખર, अवरं=બીજું શિક્ષાવ્રત, विण्णेयं होइ=વિજ્ઞેય છે. ।।૧/૨૭।।

ગાથાર્થ :-

અહીં=શિક્ષાવ્રતોમાં, દિગ્વ્રત ગ્રહણ કરેલા શ્રાવકનું દિશાના પરિમાણનું પ્રતિદિન જે વળી પરિમાણનું કરણ એ ખરેખર બીજું શિક્ષાવ્રત વિજ્ઞેય છે. ।।૧/૨૭।।

ટીકા :-

व्याख्या—'दिसी'त्यादि । दिग्व्रतमुक्तस्वरूपं तत्र गृहीतं-अभ्युपेतं दिग्व्रतगृहीतं तस्य । दिक्परिमाणस्य-ऊर्ध्वादिदिग्गमनप्रमाणस्य, दीर्घकालिकस्येति गम्यं । इह शिक्षाव्रतेषु । प्रतिदिनं-अनुदिवसम् । एतच्चोपलक्षणं प्रहरादेः यत्तु-यत्पुनः परिमाणकरणं=संक्षिप्ततरदिक्प्रमाणग्रहणमित्यर्थः एतद् एवंविधं परिमाणकरणं अपरं-प्रथमादन्यत् द्वितीयं शिक्षाव्रतं देशावकाशिकं-देशे-दिग्व्रतगृहीतपरिमाणस्य विभागेऽवकाशः-अवस्थानं देशावकाशस्तेन निर्वृत्तं देशावकाशिकं स च यत्रास्ति तद्देशावकाशिकमिति खलुर्वाक्यालङ्कारे भवति=वर्तते विज्ञेयं-ज्ञातव्यमिति गाथार्थः ।।१/२७।।

ટીકાર્થ :-

दिग्व्रत ..... गाथार्थः ।। 'दिसीत्यादि' પ્રતીક છે. ઉક્ત સ્વરૂપવાળું દિગ્વ્રત છે. તેમાં=દિગ્વ્રતમાં, ગ્રહણ કરાયેલું=સ્વીકારાયેલું દિગ્વ્રતગૃહીત છે. દિગ્વ્રતગૃહીત એવા શ્રાવકનું દિક્પરિમાણનું અહીં પ્રતિદિન જે પરિમાણકરણ તે બીજું દેશાવગાસિક વ્રત છે, એમ અન્વય છે. દિક્પરિમાણ વ્રતમાં ઊર્ધ્વાદિ દિક્ગમનના પ્રમાણનું=દીર્ઘકાલિક એવા પ્રમાણનું અહીં=શિક્ષાવ્રતોમાં પ્રતિદિવસ અથવા પ્રહર આદિનું જે વળી પરિમાણનું કરણ=સંક્ષિપ્તતર દિક્પરિમાણનું ગ્રહણ, એ=આવા પ્રકારના પરિમાણનું કરણ પ્રથમ શિક્ષાવ્રતથી અન્ય બીજું શિક્ષાવ્રત=દેશાવકાશિક અર્થાત્ દિગ્વ્રતગૃહીત પરિમાણના દેશમાં=વિભાગમાં અવકાશ=અવસ્થાન દેશ અવકાશ છે. તેનાથી કરાયેલું દેશાવકાશિક છે અથવા તે=દેશનો અવકાશ, છે જેમાં તે દેશાવકાશિક વ્રત છે. 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે અને તે દેશાવગાસિક વ્રત જ્ઞાતવ્ય થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૨૭।।

ભાવાર્થ :-

શ્રાવક સંસારથી અત્યંત ભય પામેલ છે. સાધુજીવન અત્યંત સાત્ત્વિક જીવો પાળી શકે છે. તેવો સત્ત્વનો સંચય પોતાનામાં થયો નથી. તેથી સાધુધર્મના શક્તિના સંચય અર્થે શિક્ષાવ્રત ગ્રહણ કરે છે અર્થાત્ સાધુની જેમ કંઈક સંવરમાં જવાય તેવી શિક્ષા જેમાં હોય તેવું વ્રત ગ્રહણ કરે છે અને સાધુ સદા ત્રણ ગુપ્તિમાં હોવાથી સંપૂર્ણ નિરવદ્ય જીવનવાળા છે અને પોતાની ત્રણ ગુપ્તિને અનુકૂળ શક્તિ નથી, તેથી લેશથી ગુપ્તિ અર્થે પાંચ અણુવ્રતો સ્વીકારીને તે અણુવ્રતોને જ અતિશયતર કરીને ગુપ્ત કરવા યત્ન કરે છે અને અણુવ્રતને અતિશયતર કરવા અર્થે જ ગુણવ્રત સ્વીકારે છે. જેથી ક્ષેત્રની મર્યાદાથી ચિત્ત પાપના સંવરવાળું બને અને જેમ જેમ ચિત્ત પાપના સંવરવાળું બને, તેમ તેમ ગુપ્તિ પ્રગટે છે. છતાં સંપૂર્ણ ગુપ્તિ સાધુને છે, તેવી ગુપ્તિ પોતાને નથી અને તેવી ગુપ્તિના શક્તિના સંચય અર્થે દિશાના પરિમાણ દ્વારા જે ક્ષેત્રનો સંકોચ

કરીને ગુપ્તિને અતિશય કરેલ છે, તેને પ્રતિદિન અધિક સંકોચ કરીને ગુપ્તિની પ્રાપ્તિ અર્થે દેશાવકાશિક વત ગ્રહણ કરે છે. જેનાથી એક દિવસ માટે કે એક પ્રહર માટે કે જઘન્યથી બે ઘડી માટે અત્યંત પરિમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રના આરંભ-સમારંભથી ચિત્ત નિવર્તન પામે તે અર્થે શક્તિ હોય તો મન-વચન-કાયાના કરણ અને કરાવણને આશ્રયીને આરંભ-સમારંભના નિવર્તનનો અધ્યવસાય કરે છે. તેથી ગ્રહણ કરાયેલા કાલાવધિ સુધી પોતાના સ્વીકારાયેલા પરિમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં કોઈ કાર્ય કરવાનો મનથી પણ વિચાર ન થાય, વચનથી પણ પ્રયત્ન ન થાય, કાયાથી પણ ચેષ્ટા ન થાય. વળી, સ્વયં કરણને આશ્રયીને કે અન્ય પાસે કરાવણને આશ્રયીને પણ પ્રવૃત્તિ ન થાય. તે પ્રકારનો ચિત્તનો સંવરભાવ કરવા યત્ન કરે છે. જેથી આરંભ-સમારંભની પરિણતિ અત્યંત સંકોચને પામે અને તેના બળથી જ્યારે સંપૂર્ણ નિરારંભ જીવન જીવવાની શક્તિનો સંચય થાય, ત્યારે સર્વવિરતિ ગ્રહણ કરે છે; જેના બળથી સદા ત્રણ ગુપ્તિમાં રહીને નિષ્પાપ જીવન જીવી શકાય છે અને જ્યાં સુધી સંપૂર્ણ ગુપ્તિમાં રહેવાની શક્તિનો સંચય ન થાય ત્યાં સુધી શિક્ષાવ્રત સેવીને સદા સર્વવિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે.

આનાથી એ ફલિત થાય કે જેઓ સર્વવિરતિની શક્તિનો સંચય કર્યા વગર સંયમને ગ્રહણ કરે અને ત્રણ ગુપ્તિના પરિણામને સ્પર્શી ન શકે તો સાધ્વાચારની ક્રિયા કરતા હોય તોપણ ભાવથી અગુપ્તવાળા હોવાથી અવિરતિવાળા જ છે. વળી વિવેકી શ્રાવક ભાવથી ગુપ્ત માનસવાળા સાધુના સ્વરૂપનું સદા ભાવન કરીને તેને અનુકૂળ બળસંચય થાય તે રીતે જ શિક્ષાવ્રતને સેવે છે. તેથી ક્યારેક સામાયિકરૂપ પ્રથમ શિક્ષાવ્રત દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, તો ક્યારેક દેશાવગાસિક વ્રત દ્વારા અત્યંત ક્ષેત્રનો સંકોચ કરીને ત્રણ ગુપ્તિને અનુકૂળ સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. **॥૧/૨૭॥**

અવતરણિકા :-

अत्रातिचारानाह—

અવતરણિકાર્થ :-

આમાં=બીજા શિક્ષાવ્રતમાં, અતિચારોને કહે છે —

ગાથા :-

वज्जइ इह आणयणप्पओग पेसप्पओगयं चेव ।
सद्दाणुरूववायं तह बहिया पोग्गलक्खेवं ।।१/२८।।

છાયા :-

वर्जयति इह आनयनप्रयोगं प्रेष्यप्रयोगकंयैव ।
शब्दानुरूपपातं तथा बहिः पुद्गलप्रक्षेपम् ।।१/२८।।

અન્વયાર્થ :-

ઇહ=અહીં=બીજા શિક્ષાવ્રતમાં, આણયણપ્પઓગ=આનયનપ્રયોગ, પેસપ્પઓગયં=પ્રેષ્યપ્રયોગ, સદ્દાણુરૂવવાયં=શબ્દના અણુઓનો પાત=શબ્દનો અનુપાત અને રૂપનો અનુપાત, તહ=તથા, બહિયા પોગ્ગલક્ખેવં=બહારમાં પુદ્ગલનો પ્રક્ષેપ, વજ્જઇ=વર્જન કરે. ॥૧/૨૮॥

ગાથાર્થ :-

અહીં=બીજા શિક્ષાવ્રતમાં આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દઅનુરૂપપાત=શબ્દનો અનુપાત અને રૂપનો અનુપાત તથા બહારમાં પુદ્ગલનો પ્રક્ષેપ વર્જન કરે. ॥૧/૨૮॥

ટીકા :-

વ્યાખ્યા—'वज्जे'त्यादि । वर्जयति=परिहरते इह=द्वितीयशिक्षाव्रते आनयने=विवक्षितक्षेत्राद् बहिर्वर्तमानस्य सचेतनादिद्रव्यस्य विवक्षितक्षेत्रप्रापणे, प्रयोगः-स्वयंगमने व्रतभङ्गभयादन्यस्य संदेशकादिना व्यापारणमानयनप्रयोगोऽतस्तं इह च प्राकृतत्वादनुस्वारस्याश्रवणम् तथा प्रेष्यस्य=आदेश्यस्य, प्रयोगो=विवक्षितक्षेत्राद् बहिः प्रयोजनाय स्वयं गमने व्रतभङ्गभयादन्यस्य व्यापारणं, प्रेष्यप्रयोगः, स एव प्रेष्यप्रयोगकोऽतस्तम् चैवशब्दः समुच्चये 'सद्दाणुरूववायं'ति शब्दाणूनां रूपस्य च पातः=आह्वानीयस्य श्रोत्रे दृष्टौ च पातनं, शब्दाणुरूपपातस्तं अथवा प्राकृतत्वाच्छन्दोभङ्गभयादेवं निर्देशोऽन्यथा 'सद्दरूवाणुवायं' इति वाच्यं स्यात् । तत्र शब्दस्य काशितादे रूपस्य च स्वशरीरसम्बन्धिनोऽनुपातो विवक्षितक्षेत्राद् बहिःस्थितस्याह्वानीयस्य श्रोते दृष्टौ च पातनं शब्दरूपानुपातोऽतस्तम्, विवक्षितक्षेत्राद् बहिःस्थितं कञ्चन नरं व्रतभङ्गभयादाह्वातुमशक्नुवन् यदा काशितादिशब्दश्रावणस्वकीयरूपसंदर्शनव्याजेन तमाकारयति, तदा व्रतसापेक्षत्वाच्छब्दानुपातो रूपानुपातश्चातिचार इति । तथा तेनैव प्रकारेण विवक्षितजनस्यागमनार्थतालक्षणेन । 'बहिय'त्ति बहिस्ताद्विवक्षितक्षेत्रात् पुद्गलक्षेपं=कर्करादिप्रक्षेपं देशावकाशिकव्रतं हि गृह्यते मा भूद्गमनागमनादिव्यापरजनितः प्राण्युपमर्द इत्यभिप्रायेण स च स्वयं कृतोऽन्येन वा कारित इति न कश्चित् फले विशेषः, प्रत्युत गुणः स्वयंगमने ईर्यापथविशुद्धेः, परस्य पुनरनिपुणत्वात्तदशुद्धिरिति इह चाद्यद्वयमव्युत्पन्नबुद्धित्वेन सहसाकारादिना वा, अन्त्यत्रयं तु व्याजपरस्यातिचारतां यातीति । इहाहुर्वृद्धाः-दिग्व्रतसंक्षेपकरणं अणुव्रतादिसंक्षेपकरणस्याप्युपलक्षणं द्रष्टव्यं, तेषामपि संक्षेपस्यावश्यंकर्तव्यत्वात्, प्रतिव्रतं च संक्षेपकरणस्य भिन्नव्रतत्वेन द्वादशव्रतानीति संख्याविरोधः स्यादिति । अत्र केचिदाहुः—दिग्व्रतसंक्षेप एव देशावकाशिकं, तदतिचाराणां दिग्व्रतानुसारितयैवोपलम्भात्, अत्रोच्यते, यथोपलक्षणतया शेषव्रतसंक्षेपकरणमपि देशावकाशिकमुच्यते, तथोपलक्षणतयैव तदतिचारा अपि तदनुसारिणो द्रष्टव्याः अथवा प्राणातिपातादिसंक्षेपकरणेषु बन्धादय

एवातिचारा घटन्ते । दिग्व्रतसंक्षेपे तु संक्षिप्तत्वात्क्षेत्रस्य शब्दानुपातादयोऽपि स्युरिति भेदेन दर्शिताः न च सर्वेषु व्रतभेदेषु विशेषतोऽतिचारा दर्शनीयाः, रात्रिभोजनादिव्रतभेदेषु तेषामदर्शितत्वादिति गाथार्थः ।।१/२८।।

ટીકાર્થ :-

वर्जयति ..... गाथार्थः ।। 'वज्जे'त्यादि प्रतीक छे. अहीं=बीजा शिक्षाव्रतमां आनयनना विषयमां प्रयोगनुं वर्जन करे विवक्षित क्षेत्रथी=पोते जे क्षेत्रथी मर्यादा करेल छे ते विवक्षित क्षेत्रथी, बहिर् वर्तमान=बहिर् क्षेत्रमां रहेला सचेतन आदि द्रव्यना विवक्षित क्षेत्रना प्रापणना विषयमां प्रयोगनुं वर्जन करे; केम के स्वयं गमनमां व्रतना भंगनो भय होवाथी अन्यने संदेशादिक द्वारा व्यापारवाळो प्रयोग करे, ते 'आनयन' प्रयोग छे. तेथी तेने वर्जन करे अने अहीं=गाथामां, 'आणयणप्पओग' ए प्रकारनो शब्द छे, एमां प्राकृतपणुं होवाने कारणे अनुस्वारनुं अश्रवण छे=द्वितीया विभक्तिनो अनुस्वार अध्याहार छे अने प्रेष्यनो=आदेशनो, प्रयोग विवक्षित क्षेत्रथी बहिर् प्रयोजन माटे स्वयं गमनमां व्रतना भंगना भयथी अन्यनुं व्यापारण प्रेष्यप्रयोग छे, ते ज प्रेष्यप्रयोगक छे, आथी तेनुं वर्जन करवुं जोईए. 'चैव' शब्द समुच्चयमां छे. शब्दोना अणुओनो अने रूपनो पात=बोलावववा योग्यना श्रोत्रेन्द्रियमां अने दृष्टिमां शब्दोना अणुनो अने रूपनो पात छे, तेनुं वर्जन करे. अथवा प्राकृतपणाने कारणे छंदभंगना भयथी ज आ प्रमाणे निर्देश छे=शब्द अणुरूप पात ए प्रमाणे निर्देश छे. अन्यथा=छंदना भंगनो संभव न होय तो शब्दरूप अनुपात ए प्रमाणे वाच्य थाय. त्यां=शब्द अने रूपना अनुपातमां, शब्दनुं खोंखारा आदिथी अने रूपनुं स्वशरीर संबंधीनो अनुपात विवक्षित क्षेत्रथी आह्वानीय बहिःस्थितना श्रोत्रमां अने दृष्टिमां पातन शब्दरूप अनुपात छे. आथी तेनुं वर्जन करे. विवक्षित क्षेत्रथी बहारमां रहेला कोईक मनुष्यने व्रतभंगना भयथी बोलावववा माटे असमर्थ एवो श्रावक अने स्वकीय रूपना दर्शनना बहानाथी तेने बोलावे छे त्यारे व्रतसाक्षेपपणुं होवाथी=साक्षात् बोलावतो नथी, तेथी व्रतना रक्षणनो कंईक परिणाम होवाथी शब्दनो अनुपात अने रूपनो अनुपात अतिचार छे. ते ज प्रकारे=विवक्षित लोकना आगमननी अर्थतारूप ते ज प्रकारे, बहारथी=विवक्षित क्षेत्रथी बहार, पुद्गलनो क्षेप=कांकरी आदिनो प्रक्षेप, गमनागमनादि व्यापारजनित प्राणी उपमर्दन न थाओ, ए अभिप्रायथी देशावकाशिक व्रत ग्रहण कराय छे. अने ते=प्राणीनो उपमर्द, स्वयं करायो अथवा अन्यथी करावायो, ए प्रकारना फळमां कोई विशेष नथी, ऊल्टुं स्वयं गमनमां गुण छे; केम के ईर्यापथनी विशुद्धि छे=विवेकी श्रावक भूमिना अवलोकनपूर्वक जाय, तेथी ईर्यापथनी विशुद्धि छे. वळी, परनी=पुद्गल आदिना क्षेपथी बोलायेला परनुं अनिपुणपणुं होवाथी=जीवरक्षा विषयक अनिपुणपणुं होवाथी तेनी अशुद्धि छे=ईर्यापथनी अशुद्धि छे अने अहीं=देशावकाशिक व्रतमां, आद्य द्रव्य अतिचार अव्युत्पन्न बुद्धिथी अथवा सहसात्कार आदिथी थाय छे. वळी अंतिम त्रय अतिचार पोतानी जातने ठगवामां तत्पर एवा श्रावकनी अतिचारताने पामे छे.

અહીં વૃદ્ધો કહે છે — દિશાના વ્રતનું સંક્ષેપકરણ અણુવ્રતાદિના સંક્ષેપનું પણ ઉપલક્ષણ જાણવું; કેમ કે તેઓનું પણ=અણુવ્રતાદિના પણ સંક્ષેપનું અવશ્ય કર્તવ્યપણું છે અને પ્રતિવ્રતને આશ્રયીને સંક્ષેપકરણનું ભિન્ન વ્રતપણું હોતે છતે બાર વ્રતો રહે નહિ, એથી સંખ્યાનો વિરોધ થાય=બાર વ્રતોથી અધિક વ્રતો થાય. અહીં=બાર વ્રતોના ઉલ્લંઘનના વિષયમાં, કેટલાક કહે છે — દિશાના વ્રતના સંક્ષેપમાં જ દેશાવકાશિક છે; કેમ કે તેના અતિચારોનું દિક્‌વ્રતના અનુસારીપણાથી જ ઉપલંભ છે. અહીં=આ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે —

જે પ્રમાણે ઉપલક્ષણપણા વડે શેષ વ્રતના સંક્ષેપકરણનું પણ દેશાવકાશિક કહેવાય છે, તે પ્રમાણે ઉપલક્ષણપણાથી જ તેના અતિચારો પણ=શેષવ્રતના સંક્ષેપકરણના અતિચારો પણ તેને અનુસારી જાણવા અથવા પ્રાણાતિપાત આદિના સંક્ષેપકરણોમાં બંધાદિ જ અતિચારો ઘટે છે. વળી, દિગ્વ્રતના સંક્ષેપમાં ક્ષેત્રનું સંક્ષિપ્તપણું હોવાથી શબ્દાનુપાતાદિ પણ અતિચારો થાય, એથી ભેદથી=દિક્‌વ્રતના અતિચારો સાથે ભેદથી બતાવાયા છે અને સર્વ વ્રતોમાં વિશેષથી અતિચારો બતાવાયા નથી; કેમ કે રાત્રિભોજન આદિ વ્રતના ભેદોમાં તેઓનું=અતિચારોનું અદર્શિતપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૮॥

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિની શક્તિના સંચય અર્થે પ્રતિદિન ભાવસાધુ કઈ રીતે સંપૂર્ણ ભાવથી સંગ વગરના થઈને વીતરાગ ભાવને ઉલ્લસિત કરવા સદા યત્ન કરે છે, તેનું ભાવન કરે છે. જેથી પોતાનામાં પણ સાધુની જેમ સદા સમભાવમાં રહેવાને અનુકૂળ બળસંચય થાય અને તેની શક્તિના સંચય અર્થે દેશાવગાસિક વ્રત ગ્રહણ કરીને નિરારંભ ચિત્ત પ્રગટ કરવા યત્ન કરે છે. તેથી પ્રતિદિન પરિમિત કાળ માટે ક્ષેત્રનો સંકોચ કરીને પરિમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં આરંભ કરવાનો પરિણામ સંવરભાવને પામે આમ છતાં, ગૃહસ્થજીવનના સ્વભાવના કારણે બહારના ક્ષેત્રમાંથી કોઈક કાર્ય કરાવવાનો ચિત્તમાં અભિલાષ થાય, ત્યારે પ્રમાદને વશ શ્રાવક આનયન આદિ ક્રિયાઓ કરીને વ્રતને અતિચારવાળું કરે છે. તેથી સ્વીકારાયેલું વ્રત સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરવામાં સમર્થ બનતું નથી તેના નિવારણ અર્થે આનયન આદિ પાંચ અતિચારોનું સૂક્ષ્મ ભાવન કરીને તેના વર્જન માટે યત્ન કરવો જોઈએ.

વળી, પાંચ અણુવ્રતો સ્વીકાર્યા છે, તેમાં પણ અધિક સંવરભાવ કરવા અર્થે પૃથ્વીકાય આદિ હિંસામાં પણ શક્તિ અનુસાર સંવર કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરવા શ્રાવક યત્ન કરે છે, જેથી સ્વીકારાયેલ દેશાવગાસિકવ્રત સાધુપણાની પ્રાપ્તિનું શીઘ્ર કારણ બને. **॥૧/૨૮॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं द्वितीयं शिक्षाव्रतं, साम्प्रतं तृतीयमुच्यते —

અવતરણિકાર્થ :-

સાતિચાર બીજું શિક્ષાવ્રત કહેવાયું. હવે ત્રીજું શિક્ષાવત કહેવાય છે —

ગાથા :-

आहारदेहसक्कारबंभवावारपोसहो यऽन्नं ।
देसे सव्वे य इमं चरमे सामाइयं णियमा ।।१/२९।।

છાયા :-

आहारदेहसत्कारब्रह्मव्यापारपौषधश्च अन्यत् ।
देशे सर्वे च इदं चरमे सामायिकं नियमात् ।।१/२९।।

અન્વયાર્થ :-

आहारदेहसक्कारबंभवावारपोसहो य=આહારપૌષધ, દેહસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપારપૌષધ, अन्नं=અન્ય છે=દેશાવગાસિક વ્રત કરતાં અન્ય ત્રીજું શિક્ષાવ્રત છે. देसे=દેશમાં, य=અને, सव्वे=સર્વમાં, इमं=આ=ત્રીજું શિક્ષાવ્રત છે. चरमे=ચરમમાં=અવ્યાપારપૌષધમાં, णियमा=નિયમથી, सामाइयं=સામાયિક છે. ।।૧/૨૯।।

ગાથાર્થ :-

આહારપૌષધ, દેહસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપારપૌષધ અન્ય છે=દેશાવગાસિક વ્રત કરતાં અન્ય ત્રીજું શિક્ષાવ્રત છે. દેશમાં અને સર્વમાં આ=ત્રીજું શિક્ષાવ્રત છે. ચરમમાં=અવ્યાપારપૌષધમાં, નિયમથી સામાયિક છે. ।।૧/૨૯।।

ટીકા :-

व्याख्या—'आहे'त्यादि । पोषं-पुष्टिं प्रक्रमाद्धर्मस्य धत्ते-करोतीति पोषधः-पर्वदिनानुष्ठानम्, आहारश्चाशनादिर्देहसत्कारश्च शरीरभूषा ब्रह्म च ब्रह्मचर्यमव्यापारश्चारम्भवर्जनमिति द्वन्द्वस्तेषु विषये तैर्वा निमित्तभूतैः पोषध आहारदेहसत्कारब्रह्माव्यापारपोषधः, आद्ययोर्वर्जनमन्त्ययोरासेवनमित्यर्थः चशब्दः पुनरर्थः, अन्यद्-देशावकाशिकादपरं तृतीयं शिक्षाव्रतं, इदं चतुर्विधमपि द्विधेत्याह—देशे-आहारादीनां देशविषये, 'सव्वे'त्ति सर्वस्मिन्-निरवशेषे आहारादौ चशब्दः समुच्चयार्थः । 'इमं'ति इदं पौषधव्रतं भवतीति गम्यं । तत्र च चरमे-अंतिमे भेदे सर्वतोऽव्यापारपोषधाख्ये कृते सति सामायिकं-प्रथमं शिक्षाव्रतं नियमाद्-अवश्यंभावेन, कर्तव्यं भवति इति गम्यं, अन्यथा सामायिकफललाभाभावः स्यात् इह च भावार्थो वृद्धोक्तोऽयम्-आहारपोषधो द्विविधो-देशसर्वभेदात्, तत्र देशे विवक्षितविकृतेरविकृतेरायामाम्लस्य वा सकृदेव द्विरेव वा भोजनमिति । सर्वतस्तु चतुर्विधस्याप्याहारस्याहोरात्रं यावत्प्रत्याख्यानं शरीरसत्कारपोषधस्तु स्नानोद्वर्तनवर्णकविलेपनपुष्पगन्धविशिष्टवस्त्राभरणपरित्यागः, सोऽपि देशसर्वभेदाद्द्विधा तत्र देशे कस्यापि शरीरसत्कारविशेष-

स्याकरणं सर्वतस्तु सर्वस्यापि तस्याकरणं ब्रह्मचर्यपोषधोऽपि देशतः सर्वतश्च । तत्र देशे दिवैव रात्रावेव वा सकृदेव द्विरेव वाऽब्रह्मासवेनम्, सर्वतस्त्वहोरात्रं यावद् ब्रह्मचर्यपालनम् । अव्यापारपोषधोऽपि देशतः सर्वतश्च तत्र देशत एकतरस्य कस्यापि व्यापारस्याकरणम् सर्वतस्तु सर्वेषामपि व्यापाराणां हलशकटगृहकर्मादीनामकरणम् । तत्र चाव्यापारविषयो यो देशतः पोषधं करोति स सामायिकं करोति वा न वा यस्तु सर्वतः पोषधं करोति स नियमात् सामायिकं करोति यदि न करोति तदा तत्फलेन वञ्च्यते तच्च क्व कथं वा करोतीति ?, उच्यते, चैत्यगृहे वा साधुमूले वा गृहे वा पोषधशालायां वा, उन्मुक्तमणिसुवर्णो व्यपगतमालावर्णकविलेपनप्रहरणः, तत्र च कृते पठति, पुस्तकं वाचयति, धर्मध्यानं वा ध्यायति, यथैतान् साधुगुणानहं न समर्थो मन्दभाग्यो धारयितुमित्यादि विभाषेति इह च यद्याहारशरीरसत्कारब्रह्मचर्यपोषधवदव्यापारपोषधमप्यन्यत्रानाभोगेनेत्याद्याकारोच्चारणपूर्वकं प्रतिपद्यते, तदा सामायिकमपि सार्थकं भवति, स्थूलत्वात्पोषधप्रत्याख्यानस्य, सूक्ष्मत्वाच्च सामायिकस्येति तथा पोषधवताऽपि सावद्यव्यापारा न कार्या एव ततः सामायिकमकुर्वंस्तल्लाभात् भ्रश्यतीति । यदि पुनः सामाचारीविशेषात् सामायिकमिव द्विविधंत्रिविधेनेत्येवं पोषधं प्रतिपद्यते तदा सामायिकार्थस्य पोषधेनैव गतत्वान्न सामायिकमत्यन्तं फलवत् । यदि परं पौषधसामायिकलक्षणं व्रतद्वयं प्रतिपन्नं मयेति भावात्फलवदिति गाथार्थः ।।१/२९।।

ટીકાર્થ :-

પોષં ..... ગાથાર્થઃ ।। 'आहे'त्यादि પ્રતીક છે. પોષને=પુષ્ટિને, પ્રક્રમથી ધર્મની પુષ્ટિને કરે એ પૌષધ. પર્વદિવસનું અનુષ્ઠાન. આહાર, અશનાદિ અને દેહસત્કાર=શરીરભૂષા અને બ્રહ્મ=બ્રહ્મચર્ય અને અવ્યાપાર=આરંભનું વર્જન એ પ્રકારે દ્વન્દ્વ સમાસ છે. તેના વિષયમાં અથવા નિમિત્તભૂત એવા તેઓ વડે પૌષધ છે. આહાર, દેહસત્કાર, બ્રહ્મ, અવ્યાપાર પૌષધ છે. આદ્ય બેનું=આહારનું અને દેહસત્કારનું વર્જન અને અંત્ય બેનું=બ્રહ્મચર્યનું અને અવ્યાપારનું આસેવન એ પ્રકારનો અર્થ છે. 'च' શબ્દ પુનઃ અર્થવાળો છે. અન્ય=દેશાવગાસિકથી અપર, ત્રીજું શિક્ષાવ્રત છે. આ ચારે પ્રકારનો પણ પૌષધ બે પ્રકારનો છે. એને કહે છે — દેશમાં=આહારાદિના દેશના વિષયમાં પૌષધ વ્રત છે, એમ અન્વય છે. સર્વમાં=નિરવશેષ આહાર આદિમાં આ પૌષધવ્રત થાય છે, એમ અન્વય છે. 'च' શબ્દ સમુચ્ચયવાળો છે અને ત્યાં=આહારાદિ આઠ પૌષધના ભેદોમાં ચરમ એવા અંતિમ ભેદમાં=સર્વથી અવ્યાપાર પૌષધ કરાયે છતે સામાયિક=પ્રથમ શિક્ષાવ્રત, નિયમથી=અવશ્યંભાવથી કર્તવ્ય થાય છે. અન્યથા=સામાયિક ન કરવામાં આવે તો સામાયિકના ફળનો અભાવ થાય અને અહીં=પૌષધવ્રતમાં, ભાવાર્થ વૃદ્ધો વડે કહેવાયેલો=જ્ઞાનવૃદ્ધ વડે કહેવાયેલો આ છે. આહાર પૌષધ દેશ અને સર્વના ભેદથી બે પ્રકારનો છે. ત્યાં દેશમાં વિવક્ષિત વિગઈઓનું અથવા અવિગઈઓનું અથવા આયંબિલનું એક વખત જ અથવા બે વખત ભોજન કરે. વળી, સર્વથી આહાર પૌષધ ચારે પ્રકારના પણ

આહારનું અહોરાત્રિ સુધી પ્રત્યાખ્યાન કરે. વળી, શરીરસત્કાર પૌષધ, સ્નાન, ઉદ્વર્તન=તેલમર્દન, વર્ણક=શરીર ઉપર સુશોભન કરવું, વિલેપન=ચંદન આદિનું વિલેપન, પુષ્પગંધ=પુષ્પની માળા ધારણ કરવી, વિશિષ્ટ વસ્ત્રાભરણ=વિશિષ્ટ વસ્ત્રોનો અને અલંકારોનો પરિત્યાગ તે પણ=શરીરસત્કાર પૌષધ પણ, દેશ અને સર્વના ભેદથી બે પ્રકારનો છે. ત્યાં=શરીરસત્કાર પૌષધના બે ભેદમાં, દેશવિષયક કોઈ પણ શરીરસત્કારનું અકરણ છે. વળી, સર્વથી સર્વ પણ તેનું=શરીરસત્કારનું અકરણ છે. બ્રહ્મચર્ય પૌષધ પણ દેશથી અને સર્વથી છે. ત્યાં=બે પ્રકારના બ્રહ્મચર્ય પૌષધમાં દેશવિષયક દિવસમાં જ અથવા રાત્રિમાં જ એક વખત જ અથવા બે વખત જ અબ્રહ્મનું આસેવન કરે અને સર્વથી અહોરાત્ર સુધી બ્રહ્મચર્યનું પાલન છે.

અવ્યાપાર પોષધ પણ દેહથી અને સર્વથી છે. ત્યાં=બે પ્રકારના અવ્યાપાર પૌષધમાં દેશથી કોઈપણ એકતર વ્યાપારનું અકરણ. વળી, સર્વથી સર્વ પણ હળ, ગાડું, ગૃહકર્માદિ વ્યાપારોનું અકરણ અને ત્યાં જે અવ્યાપાર વિષયવાળો શ્રાવક દેશથી પૌષધ કરે છે=તે સામાયિક કરે પણ છે અથવા નથી પણ કરતો. વળી, જે શ્રાવક સર્વથી અવ્યાપાર પૌષધને કરે છે, તે નિયમથી સામાયિકને કરે છે. જો ન કરે તો સામાયિકના ફળથી વંચિત થાય છે.

અને તે=સામાયિક, ક્યાં અથવા કેવી રીતે કરે છે ? તેથી કહે છે –

ચૈત્યગૃહમાં અથવા સાધુ પાસે અથવા ગૃહમાં અથવા પૌષધશાળામાં મણિ, સુવર્ણના ત્યાગવાળો, માલા, વર્ણક, વિલેપન, શસ્ત્રના ત્યાગવાળો અને ત્યાં સામાયિક કર્યે છતે પુસ્તકને ભણે છે અથવા વાંચે છે અથવા ધર્મધ્યાન કરે છે. જે પ્રમાણે આ સાધુગુણોને હું ધારણ કરવા સમર્થ નથી, મંદ ભાગ્યવાળો છું ઇત્યાદિ વિચારણાઓ કરે છે અને અહીં જો આહાર-શરીરસત્કાર-બ્રહ્મચર્યપૌષધની જેમ અવ્યાપારપૌષધવાળા અનાભોગને છોડીને ઇત્યાદિ આકારના ઉચ્ચારપૂર્વક સ્વીકારે છે, તો સામાયિક પણ સાર્થક થાય છે; કેમ કે પૌષધ પ્રત્યાખ્યાનનું સ્થૂલપણું છે અને સામાયિકનું સૂક્ષ્મપણું છે અને પૌષધવાળા વડે પણ સાવદ્ય વ્યાપારો કરવા જોઈએ નહિ. તેથી સામાયિકને નહિ કરતો તેના લાભથી=સામાયિકના લાભથી, ભ્રંશ પામે છે. જો વળી સામાચારી વિશેષથી સામાયિકની જેમ દ્વિવિધ-ત્રિવિધથી એ પ્રમાણે પૌષધ સ્વીકારે છે, તો સામાયિકના અર્થનું=સામાયિકના પ્રયોજનનું, પૌષધથી જ પ્રાપ્તપણું હોવાથી સામાયિક અત્યંત ફળવાળું નથી. જો વળી, મારા વડે પૌષધ અને સામાયિકરૂપ બે વ્રતો સ્વીકારાયાં છે, એ ભાવથી ફળવાળું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૨૯॥

ભાવાર્થ :-

શ્રાવક સાધુધર્મનું પ્રતિદિન શક્તિ અનુસાર ભાવન કરે છે. પ્રસંગે પ્રસંગે મોક્ષ અને મોક્ષના ઉપાયભૂત સાધુધર્મ કઈ રીતે કાર્યકારણ ભાવરૂપે અનુભવ અનુસાર યોજન કરવા યત્ન કરે છે. તેથી સંસારથી ભય પામેલ અને મોક્ષના અર્થી શ્રાવકને મોક્ષના કારણીભૂત ભાવસાધુનું ત્રણ ગુપ્તિવાળું ચિત્ત સતત સ્મૃતિમાં આવે છે. તેના ઉપાયરૂપે પ્રસંગે પ્રસંગે શિક્ષાવ્રતો સેવે છે અને પર્વદિવસે સાધુધર્મની શક્તિના સંચય અર્થે

પૌષધવ્રત સ્વીકારે છે. તે પૌષધવ્રત આહાર, દેહસત્કાર, બ્રહ્મચર્ય અને અવ્યાપારને આશ્રયીને ચાર પ્રકારનો છે અને તે ચારે પૌષધ દેશ અને સર્વને આશ્રયીને આઠ ભેદથી પ્રાપ્ત થાય છે.

જે શ્રાવક તે સર્વ પ્રકારના પૌષધો સર્વથા કરવા સમર્થ નથી, તે શ્રાવક પોતાની શક્તિનો વિચાર કરીને તે આઠ પૌષધમાંથી એક-બે આદિ શક્તિ અનુસાર સેવીને પોતાના વિકારોને શાંત કરવા યત્ન કરે છે. જેથી સંજ્ઞાઓથી થતી આહાર આદિની પ્રવૃત્તિઓ તે તે પૌષધ વ્રત દ્વારા ક્ષીણ ક્ષીણતર થાય છે. જેમ કોઈ શ્રાવકને સાધુધર્મ અત્યંત પ્રિય હોય તોપણ આહાર સંજ્ઞા પ્રસંગે પ્રસંગે તે તે વિકારો બતાવે છે. જેથી આહાર ગ્રહણ ન કરે તો ચિત્ત વારંવાર આહારના સ્મરણથી કાલુષ્યને પામે છે તેવા વિવેકી શ્રાવકો સંપૂર્ણ વિકાર વગરના અને સર્વ સંજ્ઞાઓથી પર થઈને સદા મુનિભાવમાં વર્તતા મહાત્માઓનું સ્મરણ કરીને પર્વ-દિવસે દેશથી કે સર્વથી આહાર ત્યાગ કરીને આહાર સંજ્ઞાના વિકારને શમન કરવા યત્ન કરે છે. જેમ સદા સામાયિકના પરિણામના અર્થી શ્રાવક બે ઘડી સુધી સામાયિકમાં યત્ન કરીને સમભાવના રાગને પુષ્ટ પુષ્ટતર કરે છે, તેમ વિવેકી શ્રાવક શક્તિ અનુસાર દેશથી કે સર્વથી આહારનો ત્યાગ કરીને અણાહારી ભાવને વારંવાર ભાવન કરીને આહાર સંજ્ઞાની શક્તિને ક્ષીણ કરે છે.

વળી, કોઈ શ્રાવકને દેહસત્કાર વગર ક્ષણભર ચિત્ત સ્વસ્થ ન રહેતું હોય તેવું બને, છતાં તે વિચારે કે 'સંપૂર્ણ દેહ પ્રત્યે નિર્મમ ભાવવાળા સાધુ દેહસત્કારનો ત્યાગ કરીને માત્ર ધર્મના ઉપકરણરૂપે દેહનું પાલન કરે છે. ક્યારેય આહાર સંજ્ઞા પ્રવર્તે, એ રીતે દેહને આહાર આપતા નથી અને દેહની શોભા કે દેહને શાતા અર્થે સત્કાર કરતા નથી. પરંતુ સદા દેહ પ્રત્યે નિર્મમ થઈને ગુપ્તિમાં વર્તે છે.' આવા મુનિનું સ્મરણ કરીને ચિત્તમાં ક્લેશ ન થાય તે રીતે શક્તિ અનુસાર દેશથી કે સર્વથી દેહસત્કારનો ત્યાગ કરીને સાધુની જેમ ત્રણ ગુપ્તિમાં રહેવા શ્રાવક યત્ન કરે છે.

વળી, કોઈક શ્રાવકને બ્રહ્મચર્યની પૂર્ણ શક્તિ ન હોય તો પર્વદિવસે દેશથી કે સર્વથી પોતાની શક્તિનું સમાલોચન કરીને બ્રહ્મચર્ય પાળવા અર્થે યત્ન કરે છે અને તેને અતિશય કરવા અર્થે વિચારે છે કે ભાવસાધુ મારા તુલ્ય જ મનુષ્ય છે, છતાં આજીવન બ્રહ્મના વિકારને ક્ષીણ કરવાના દૃઢ પ્રણિધાનપૂર્વક સતત યત્ન કરીને વેદના ઉદયને ક્ષીણ ક્ષીણતર કરવા યત્ન કરે છે, તેઓ ધન્ય છે. મારામાં તેવી શક્તિનો સંચય થાય તે અર્થે હું પણ ચિત્ત વિસ્વળ ન થાય તે રીતે પર્વદિવસે કાંઈક બ્રહ્મચર્યનો સ્વીકાર કરીને તેવી શક્તિના સંચયવાળો બનું. આ પ્રકારે ભાવના કરવાથી અને શક્તિ અનુસાર દેશથી પણ બ્રહ્મચર્યનું પાલન કરીને ચિત્તના વિકારને શમન કરવાથી અનાદિથી સ્થિર થયેલ વેદનો ઉદય પણ કંઈક ક્ષીણ શક્તિવાળો બને છે અને પૂર્ણ અવેદી અવસ્થા સાથે ચિત્તનું પ્રતિસંધાન હોવાથી તે દેશથી પાલન પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અવેદી અવસ્થાનું જ કારણ બનશે.

વળી, શ્રાવક સર્વસાવદ્ય વ્યાપારથી પર થઈને અવ્યાપાર પૌષધ કરવાની શક્તિ હોય તો સર્વથા અવ્યાપાર પૌષધ કરે અથવા પ્રતિદિન જે આરંભ-સમારંભનો વ્યાપાર કરે છે, તેમાંથી શક્તિ અનુસાર કેટલાક વ્યાપારનો પ્રતિષેધ કરીને દેશથી અવ્યાપાર પૌષધ કરે છે અને સર્વ વ્યાપારોનો ત્યાગ કરીને સંપૂર્ણ નિરારંભ જીવવા શક્તિ જણાય તો સર્વ અવ્યાપાર પૌષધ કરે છે અને જો સર્વ અવ્યાપાર પૌષધ કરે

તો અવશ્ય સામાયિક પણ ગ્રહણ કરે અને પૌષધકાળ દરમ્યાન સાધુની જેમ ચિત્ત ત્રણ ગુપ્તિમાં સતત પ્રવર્તે, તે રીતે ઉચિત સ્વાધ્યાય આદિ ક્રિયાઓ કરે છે અને દેહના ધર્મ અર્થે અને અવ્યાપાર પૌષધની પુષ્ટિ અર્થે દેહનાં કોઈ કાર્યો કરવા આવશ્યક જણાય, ત્યારે સાધુની જેમ સમિતિઓમાં દૃઢ વ્યાપારવાળા થઈને શ્રાવક યત્ન કરે છે. જેના બળથી સર્વવિરતિની શક્તિનો સંચય શીઘ્ર થાય છે; કેમ કે સાધુ ભાવથી સર્વથા અવ્યાપારવાળા છે. માત્ર પોતાના વીતરાગભાવને અતિશય કરવા અર્થે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેમ શ્રાવક પણ વિચારે છે કે હું પણ આ રીતે પૌષધ કરીને સર્વ અવ્યાપારવાળી પરિણતિને પ્રગટ કરીને સાધુની જેમ શીઘ્ર સંસારનો ક્ષય કરું અને સંપૂર્ણ અવ્યાપાર પૌષધ સામાયિકના પરિણામથી જ થાય છે. જો પૌષધ દરમ્યાન સામાયિકનો પરિણામ ઉલ્લસિત થાય નહિ, તો રાગાદિથી આકુળ ચિત્ત પૌષધ દરમ્યાન પણ કોઈકને કોઈક નિમિત્ત અનુસાર ભાવો કરીને અસમભાવના પરિણામને જ પુષ્ટ કરે છે, માટે સંસારના અત્યંત ઉચ્છેદના અર્થી શ્રાવકે ભાવસાધુના સ્વરૂપને સદા સૂક્ષ્મ ભાવન કરીને તેનું કારણ બને તે પ્રકારનો આઠ પ્રકારના પૌષધમાંથી ઉચિત પૌષધ સ્વીકારીને સંસારનો ક્ષય કરવા યત્ન કરવો જોઈએ.

આ રીતે પૌષધ કરીને શ્રાવકને સ્થિર નિર્ણય થાય કે સંયમ ગ્રહણ કર્યા પછી સદા હું સામાયિકની ધુરાને વહન કરી શકીશ, તો સંયમ ગ્રહણ કરે છે છતાં સંયમ અતિદુષ્કર છે તેથી વિશેષ શક્તિસંચય અર્થે શ્રાવકની પ્રતિમાઓને વહન કરીને જ બહુલતાએ ભાવસાધુની શક્તિના સંચયવાળા શ્રાવકો બને છે. કેટલાક મહાસાત્ત્વિક જીવો જ ભગવાનની દેશના કે મહાત્માની દેશના સાંભળીને સર્વવિરતિને અનુકૂળ ઉલ્લસિત વીર્યવાળા થાય છે. તેઓનું દૃષ્ટાંત લઈને પોતાનામાં શક્તિનો સંચય થયો છે કે નહિ તેનો વિચાર કર્યા વગર સંયમ ગ્રહણ કરે તો અલ્પ સત્ત્વવાળા શ્રાવકો સામાયિકના પરિણામને સ્પર્શી શકે નહિ તેથી તેનું ગ્રહણ કરાયેલું ચારિત્ર પણ બહુ ફળવાળું થાય નહિ; કેમ કે ગુપ્તિના પ્રકર્ષને અનુરૂપ જ સંસારનો ક્ષય શીઘ્ર થાય છે. **॥૧/૨૯॥**

અવતરણિકા :-

अत्रातिचारानाह –

અવતરણિકાર્થ :-

આમાં=પૌષધ વ્રતમાં, અતિચારોને કહે છે –

ગાથા :-

अप्पडिदुप्पडिलेहियऽपमज्जसेज्जाइ वज्जई एत्थ ।
संमं च अणणुपालणमाहाराईसु सव्वेसु ।।१/३०।।

છાયા :-

अप्रतिदुष्प्रतिलेखिताप्रमार्जितशय्यादि वर्जयति अत्र ।
सम्यक् च अननुपालनमाहारादिषु सर्वेषु ।।१/३०।।

અન્વયાર્થ :-

અપ્પડિદુપ્પડિલેહિયऽપમજ્જસેજ્જાઇ=અપ્રતિલેખિત, દુષ્પ્રતિલેખિત, અપ્રમાર્જિત શય્યા આદિ=વસતિ આદિ, એત્થ=અહીં=પૌષધ વ્રતમાં, સંમં=સમ્યક્, વજ્જઈ=વર્જન કરે છે, ચ=અને, સવ્વેસુ=સર્વ, આહારાઈસુ=આહાર આદિમાં, અણણુપાલણં=અનનુપાલન=અનનુપાલન સમ્યક્ વર્જન કરે છે. ॥૧/૩૦॥

ગાથાર્થ :-

અપ્રતિલેખિત, દુષ્પ્રતિલેખિત, અપ્રમાર્જિત શય્યા આદિ=વસતિ આદિ, અહીં=પૌષધ વ્રતમાં, સમ્યક્ વર્જન કરે છે અને સર્વ આહાર આદિમાં અનનુપાલન સમ્યક્ વર્જન કરે છે. ॥૧/૩૦॥

ટીકા :-

व्याख्या—'अप्पडी'त्यादि । इह 'सूचनात्सूत्र'मिति न्यायात् पदावयवेषु पदसमुदायोपचाराद्वा 'अप्पडि'त्ति अप्रत्युपेक्षितं 'दुप्पडिलेहियं'ति दुष्प्रत्युपेक्षितं च 'अपमज्ज'त्ति अप्रमार्जितं दुष्प्रमार्जितं च यच्छय्यादि तदप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षिताप्रमार्जितदुष्प्रमार्जितशय्यादि, आदिशब्दात्संस्तारकोच्चार-प्रश्रवणभूमिपरिग्रहः, तद्वर्जयति=परिहरति अत्र=तृतीयशिक्षाव्रते । अनेन गाथार्धेन चत्वारोऽतिचारा दर्शिताः तद्यथा—अप्पडिलेहियदुप्पडिलेहियसेज्जासंथारए १ अप्पमज्जियदुप्पमज्जियसेज्जासंथारए २ अप्पडिलेहियदुप्पडिलेहियउच्चारपासवणभूमी ३ अप्पमज्जियदुप्पमज्जियउच्चारपासवणभूमि ४ त्ति व्यक्ताश्च नवरमप्रत्युपेक्षितः-चक्षुषो न निरीक्षितः, दुष्प्रत्युपेक्षितो-विभ्रान्तचेतसा निरीक्षितः शय्यासंस्तारकः-शयनार्थिकः संस्तारकः, पौषधिकोपयोगी दर्भकुशकम्बलीवस्त्रादिः अथवा शय्याशयनं सर्वाङ्गीणं वसतिर्वा संस्तारकः-अर्धतृतीयहस्तपरिमाणः अस्मिंश्च पक्षे समाहारद्वन्द्वो व्याख्येयः, उपलक्षणं चैतत्पीठकादेः । तथाऽप्रमार्जितो रजोहरणादिना, दुष्प्रमार्जितोऽनुपयुक्ततयेति । ननु किं पौषधिकस्य रजोहरणमस्ति ? अस्तीति ब्रूमः । यतः सामायिकसामाचारीं भणताऽऽवश्यकचूर्णीकृतोक्तं—'रओहरणेणं पमज्जइ, जओ साहूणं उवग्गहियं रओहरणमत्थि तं मग्गति असति पोत्तस्स अंतेणे'ति । उच्चारप्रश्रवणभूमिः-पुरीषमूत्रोत्सर्गस्थण्डिलमिति, इह पुनर्वृद्धोक्ता सामाचारी—कृतपोषधो नाप्रत्युपेक्षितां शय्यामारोहति संस्तारकं वा पोषधशालां वा सेवते दर्भवस्त्रं वा शुद्धवस्त्रं वा भूम्यां संस्तृणाति, कायिकाभूमेश्चागतः पुनरपि संस्तारकं प्रत्युपेक्षते, अन्यथाऽतिचारः स्यात् । एवं पीठादिष्वपि विभाषेति, एते चत्वारोऽप्यतिचाराः सर्वतोऽव्यापारपोषध एव भवन्ति, अतिचारता चैषां स्पष्टैवेति । तथा सम्यक्-यथाऽऽगमम् चशब्दः समुच्चये, अननुपालनं अनासेवनं, आहारादिष्विति-विषयविषयिणोः षष्ठीसप्तम्योश्चाभेदादाहारपोषधप्रभृतीनां सर्वेषांसमस्तानामव्यापारपोषधपर्यवसानानामिति । भावना चास्यैवम्-कृतपोषधोऽस्थिरचित्तः सन्नाहारे तावत्सर्वमाहारं तद्देशं वा प्रार्थयते द्वितीयदिवसे चात्मार्थमादरं कारयति शरीरसत्कारे शरीरमुद्वर्तयति, दंष्ट्रिके केशान् रोमाणि वा शृङ्गाराभिप्रायेण संस्थापयति

दाहे वा सति शरीरं सिञ्चति, ब्रह्मचर्ये त्वैहलौकिकान् पारलौकिकान् वा भोगान् प्रार्थयते, शब्दरूपरसगन्धस्पर्शान् वाऽभिलषति, ब्रह्मचर्यपोषधः कदा पूर्णो भविष्यति ?, त्याजिता ब्रह्मचर्येणेति वा चिन्तयति, अव्यापारे सावद्यानि व्यापारयति कृतमकृतं वा चिन्तयतीत्येवं पञ्चातिचारविशुद्धोऽयमनुपालनीय इति गाथार्थः ।।१/३०।।

ટીકાર્થ :-

इह ..... गाथार्थः ।। 'अप्पडी'त्यादि પ્રતીક છે. સૂચનથી સૂત્ર છે એ ન્યાયથી અથવા પદના અવયવોમાં પદના સમુદાયનો ઉપચાર હોવાથી અહીં=પ્રસ્તુત ગાથામાં અપ્રતિનો અર્થ અપ્રત્યુપેક્ષિત છે. દુપ્પડિલેહિયનો અર્થ દુષ્પ્રત્યુપેક્ષિત છે અને અપ્રમાર્જિતનો અર્થ અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત છે, એવી જે શય્યાદિ તે અપ્રત્યુપેક્ષિત દુષ્પ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યાદિ છે. 'आदि' શબ્દથી સંથારો, ઉચ્ચાર=સ્થંડિલ અને પ્રશ્રવણ=માતૃભૂમિનું ગ્રહણ છે. અહીં=ત્રીજા શિક્ષાવ્રતમાં તેનું વર્જન કરે. આ ગાથાઅર્ધથી ચાર અતિચારો બતાવાયા. તે આ પ્રમાણે – (૧) અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત વસતિ અને સંથારો, (૨) અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત વસતિ અને સંથારો, (૩) અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત, સ્થંડિલ અને માતૃભૂમિ, (૪) અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત સ્થંડિલ અને માત્રુભૂમિ. આ પ્રમાણે ચાર અતિચારો વ્યક્ત છે. કેવળ અપ્રત્યુપેક્ષિત=ચક્ષુથી નહિ જોવાયેલ, દુષ્પ્રતિપેક્ષિત-વિભ્રાન્ત ચિત્તથી જોવાયેલ=દૃઢ ઉપયોગપૂર્વક નહિ જોવાયેલ, એવો શય્યારૂપ સંથારો=ઉપયોગી દર્ભ, ઘાસ, કંબલ, વસ્ત્રાદિ રૂપ સંથારો અથવા શય્યાશયન છે=અથવા સર્વ અંગને સ્પર્શનારી વસતિ છે અને સંથારો ૨।। હાથ પ્રમાણ છે અને આ પક્ષમાં=બીજા પક્ષમાં સમાહાર દ્વન્દ્વ કરવો અને આ=શય્યાસંથારો પીઠકાદિરૂપ લક્ષણ છે અને રજોહરણ આદિથી અપ્રમાર્જિત, અનુપયુક્તપણાથી દુષ્પ્રમાર્જિત.

'ननु'થી શંકા કરે છે. પૌષધવાળા શ્રાવકને રજોહરણ છે ? રજોહરણ છે, એમ અમે કહીએ છીએ. જે કારણથી સામાયિક સામાચારીને કહેતા આવશ્યક ચૂર્ણિકાર વડે કહેવાયું છે – "રજોહરણથી પ્રમાર્જે છે, જે કારણથી સાધુનું ઉપગૃહીત રજોહરણ છે, તેને માંગે છે. નહિ હોતે છતે=રજોહરણ નહિ હોતે છતે, વસ્ત્રના અંતથી પ્રમાર્જે છે." () ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ=મળ-મૂત્રના ત્યાગ માટેની શુદ્ધ ભૂમિ છે. અહીં=પૌષધના વિષયમાં વળી વૃદ્ધો વડે કહેવાયેલી સામાચારી છે. કરાયેલા પૌષધવાળા શ્રાવક અપ્રત્યુપેક્ષિત શય્યામાં આરોહણ કરે નહિ અથવા સંથારાને સેવે નહિ અથવા પૌષધશાળાને સેવે નહિ. દર્ભવસ્ત્રને અથવા શુદ્ધ વસ્ત્રને ભૂમિમાં પાથરે છે. કાયિકભૂમિથી આવેલો=માત્રુ આદિ કરીને આવેલો, ફરી પણ સંથારાને પ્રત્યુપેક્ષિત કરે છે. અન્યથા અતિચાર થાય, એ પ્રમાણે પીઠાદિના વિષયમાં પણ વિભાષા છે=વિકલ્પ છે. આ ચારે પણ અતિચારો સર્વથી અવ્યાપાર પૌષધમાં જ થાય છે અને આમની=ચારેની અતિચારતા સ્પષ્ટ જ છે અને વિષયવિષયીનો અભેદ હોવાથી અને ષષ્ઠી, સપ્તમીનો અભેદ હોવાથી આહાર, પૌષધ વગેરે સર્વનું સમ્યક્=યથા આગમ, આહારાદિનું અનનુપાલન અનાસેવન શ્રાવક વર્જન કરે, એમ અન્વય છે. આની=પાંચમા અતિચારની, ભાવના આ પ્રમાણે છે –

કૃતપૌષધવાળો અસ્થિર ચિત્તવાળો છતો આહારમાં સર્વ આહારને અથવા તેના દેશરૂપ આહારને ઇચ્છે છે અને બીજા દિવસે પોતાના માટે કરાવે છે. શરીરસત્કારમાં શરીરને ઉદ્વર્તન કરે છે. દાંતિયામાં કેશોને અથવા રોમને શૃંગાર અભિપ્રાયથી સંસ્થાપન કરે છે અથવા શરીરમાં દાહ થયે છતે=ગરમી થયે છતે, શરીરનું સિંચન કરે છે=પાણી વગેરેથી સિંચન કરે છે. વળી, બ્રહ્મચર્યમાં ઇહલૌકિક ભોગોને અને પારલૌકિક ભોગોને ઇચ્છે છે અથવા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શને ઇચ્છે છે. ક્યારે બ્રહ્મચર્ય પૌષધ પૂર્ણ થશે, એનો વિચાર કરે છે અથવા બ્રહ્મચર્યથી અમે ત્યાગ કરાયા, એ પ્રમાણે વિચારે છે. અવ્યાપારમાં સાવદ્ય વ્યાપાર કરે છે અથવા કરાયેલું નહિ કરાયેલું વિચારે છે. આ પ્રમાણે પાંચ અતિચારોથી વિશુદ્ધ=પાંચે અતિચારોના પરિહારથી યુક્ત આ=પૌષધ અનુપાલન કરવું જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩૦॥

ભાવાર્થ :-

પૌષધ વ્રતમાં પાંચ અતિચારો છે. તેમાંથી પ્રથમના ચાર અતિચારો સર્વથી અવ્યાપાર પૌષધને આશ્રયીને છે અને આહારાદિ દેશ અને સર્વને આશ્રયીને આઠ પ્રકારનો પૌષધ છે. તે સર્વને આશ્રયીને પાંચમો અતિચાર છે. જેમ દેશથી કે સર્વથી આહારગ્રહણ વિષયક પૌષધ કરેલ હોય તે વ્રતની મર્યાદા અનુસાર મનથી, વચનથી કે કાયાથી સમ્યક્ યત્ન કરવામાં કોઈ સ્ખલના થાય તો તે આહાર પૌષધ સમ્યક્ અનનુપાલન થવાથી અતિચારની પ્રાપ્તિ થાય. તે રીતે અન્ય સર્વ પૌષધ જે મર્યાદાથી શ્રાવકને અનુપાલન કરવાના છે, તે મર્યાદામાં કોઈપણ સ્ખલના થાય તો અતિચારની પ્રાપ્તિ થાય અને તે અતિચારનું વર્જન કરીને શ્રાવકે સ્વીકારેલા પૌષધને સેવવા યત્ન કરવો જોઈએ. જેથી પૌષધ વ્રત સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચયનું કારણ બને.

વળી સર્વ અવ્યાપાર પૌષધમાં અપ્રતિલેખિત આદિ પ્રથમના ચાર અતિચારોની પ્રાપ્તિ છે. અન્ય પૌષધોમાં નહીં.

વસ્તુતઃ જે શ્રાવકને ભાવસાધુના સૂક્ષ્મ સ્વરૂપનો બોધ છે, એવા ભાવસાધુ તુલ્ય થવા માટે અંતરંગ રીતે પૌષધ દરમિયાન ઉચિત ક્રિયાઓ કરીને જે શ્રાવક કષાયશક્તિને ક્ષીણ કરે છે અને કષાયશક્તિને ક્ષીણ કરવા માટે સમભાવનો પરિણામ અતિશય આવશ્યક છે તેથી સર્વ જીવો પ્રત્યે જેને સમભાવનો પરિણામ વર્તતો હોય તેવો શ્રાવક જેમ પોતાને કાંટાવાળી ભૂમિમાં કાંટો ન લાગે તેના માટે અત્યંત ઉપયુક્ત થઈને પ્રવૃત્તિ કરે છે, તેમ પોતાના તુલ્ય જગતવર્તી સર્વ જીવોને જાણીને પોતાની કોઈપણ પ્રવૃત્તિથી લેશ પણ પીડા ન થાય તેવું દયાળુ ચિત્ત ઉલ્લસિત કરીને તેનાથી પ્રેરિત થઈને કાયિક આદિ ક્રિયાઓ કરે છે. તેથી પૌષધના સેવનકાળમાં ચક્ષુથી અવલોકન કર્યા વગર કોઈ સ્થાનમાં બેસે નહિ અને ચક્ષુથી અવલોકન પણ યથાતથા કરે નહિ, પરંતુ અત્યંત ઉપયોગપૂર્વક કરે, જેથી કોઈ જીવ ત્યાં દેખાય તો તેને યતનાપૂર્વક ઉચિત સ્થાને મૂકે અને ન દેખાય તોપણ ચક્ષુને અગોચર કોઈ સૂક્ષ્મ જંતુ પોતાની કાયાથી પીડા ન પામે. તેથી યતનાપૂર્વક પ્રમાર્જન કરે અને તે પ્રમાર્જન પણ ઉપયુક્ત થઈને કરે, જેથી દયાળુ ચિત્તનો લેશ પણ નાશ ન થાય. આ

રીતે કાયિક આદિ ક્રિયા કરે તો અવ્યાપાર પૌષધના ચાર પ્રકારના અતિચારનો પરિહાર થાય અને ઉચિત સ્વાધ્યાય આદિની ક્રિયા દ્વારા સમભાવનો પરિણામ પ્રગટ થાય અને પ્રગટ થયેલો પરિણામ સ્થિર સ્થિરતર થાય. આ રીતે અવ્યાપાર પૌષધનો અભ્યાસ કરીને ભાવસાધુને અનુકૂળ બળનો સંચય વિવેકી શ્રાવક કરે છે. ॥૧/૩૦॥

અવતરણિકા :-

उक्तं सातिचारं तृतीयं शिक्षाव्रतं, अधुना चतुर्थमुच्यते–

અવતરણિકાર્થ :-

સાતિચાર ત્રીજું શિક્ષાવ્રત કહેવાયું. હવે ચોથું શિક્ષાવ્રત કહેવાય છે –

ગાથા :-

अण्णाईणं सुद्धाण कप्पणिज्जाण देसकालजुतं ।
दाणं जईणमुचियं गिहीण सिक्खावयं भणियं ।।१/३१।।

છાયા :-

अन्नादीनां शुद्धानां कल्पनीयानां देशकालयुतम् ।
दानं यतीनामुचितं गृहिणां शिक्षाव्रतं भणितम् ।।१/३१।।

અન્વયાર્થ :-

सुद्धाण=શુદ્ધ, कप्पणिज्जाण=કલ્પનીય એવા, अण्णाईणं=અન્નાદિનું, देसकालजुत्तं=દેશકાલથી યુક્ત, जईणमुचियं दाणं=યતિને ઉચિત દાન, गिहीण=ગૃહસ્થનું, सिक्खाणयं=શિક્ષાવ્રત, भणियं=કહેવાયું છે. ।।૧/૩૧।।

ગાથાર્થ :-

શુદ્ધ, કલ્પનીય એવા અન્નાદિનું દેશકાલથી યુક્ત, યતિને ઉચિત દાન ગૃહસ્થનું શિક્ષાવ્રત કહેવાયું છે. ।।૧/૩૧।।

ટીકા :-

व्याख्या–'अन्ने'त्यादि । अन्नादीनां=भोजनप्रभृतीनां, आदिशब्दात् पानवस्त्रौषधादिपरिग्रहः अनेन च हिरण्यादिव्यवच्छेदमाह शुद्धानां न्यायागतानाम् । न्यायश्च द्विजक्षत्रियविट्शूद्राणां शुद्धस्ववृत्त्यनुष्ठानम् अनेन चान्यायागतानां निषेधमाह कल्पनीयानां=उद्गमादिदोषवर्जितानां, अनेन त्वकल्पनीयानां प्रतिषेधमाह देशकालयुतं=प्रस्तावोचितं, यतः काले दत्तं महोपकारकारि दानं स्यात् ।

अभिधीयते च—

'काले दिण्णस्स पहेणयस्स अग्घो न तीरए काउं ।
तस्सेव अथक्कप्पणामिअस्स गिहणंतया नत्थि ।।१।।' [ ]

अथवा देशकालयुतं-क्षेत्रकालोचितं, यद्यत्र देशे काले वोचितमित्यर्थः दानं=वितरणं यतिभ्यो=मुनिभ्यः उचितं=संगतम् गृहिणां-श्रमणोपासकानाम् शिक्षाव्रतमुक्तशब्दार्थम् भणितं=उक्तमतिथिसंविभागव्रतमित्यर्थः, इह भोजनार्थं भोजनकालोपस्थाय्यतिथिरुच्यते, तत्रात्मार्थं निष्पादिताहारस्य श्रमणोपासकगृहिणः साधुरेवातिथिः, तिथिपर्वादिसकललौकिकव्यवहारत्यागात् ।

तदुक्तम्—

'तिथिपर्वोत्सवाः सर्वे त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ।।१।।' [ ]

तस्यातिथेः संगतो निर्दोषो विभागः पश्चात्कर्मादिदोषपरिहारायांशदानरूपोऽतिथिसंविभागः, स एव व्रतमतिथिसंविभागव्रतमिति । अत्र वृद्धोक्ता सामाचारी-श्रावकेण पौषधं पारयता नियमात् साधुभ्यो दत्वा पारयितव्यं, अन्यदा पुनरनियमो-दत्वा वा पारयति पारयित्वा वा ददाति तस्मात् पूर्वं साधुभ्यो दत्वा पश्चात्पारयितव्यं । कथं ? यदा देशकालो भवति तदाऽऽत्मनो विभूषां कृत्वा साधूंस्तत्प्रश्रयं गत्वा निमन्त्रयते—'भिक्षां गृहणीते'ति, साधूनां का प्रतिपत्तिः ? उच्यते, तदैकः पटलकमन्यो मुखानन्तकमपरो भाजनं प्रत्युपेक्षते मा अन्तरायदोषाः स्थापनादोषा वा भवन्तु स च यदि प्रथमायां पौरुष्यां निमन्त्रयते, अस्ति च नमस्कारसहितप्रत्याख्यानी ततस्तद् गृह्यते अथ नास्त्यसौ तदा न गृह्यते, यतस्तद् वोढव्यं भवति । यदि पुनर्घनं लगेत्तदा गृह्यते संस्थाप्यते च यो वोद्घाटपौरुष्यां पारयति पारणकवानन्यो वा तस्मै तद्दीयते, पश्चात्तेन श्रावकेण समं संघाटको व्रजति, एको न वर्तते प्रेषयितुं, साधू पुरतः श्रावकस्तु मार्गतो गच्छति । ततोऽसौ गृहं नीत्वा तावासनेनोपनिमन्त्रयते यदि निविशेते तदा लष्टम् अथ न निविशेते तथापि विनयः प्रयुक्तो भवत्विति । ततोऽसौ भक्तं पानं च स्वयमेव ददाति, अथवा भाजनं धारयति, अथवा स्थित एवास्ते यावद्दत्तम्, साधू अपि सावशेषं गृहणीतः पश्चात्कर्मपरिहरणार्थम् । ततो दत्वा वन्दित्वा च विसर्जयत्यनुगच्छति च कतिचित्पदानि ततः स्वयं भुङ्क्ते । यच्च किल साधुभ्यो न दत्तं तच्छ्रावकेण न भोक्तव्यम् यदि पुनस्तत्र ग्रामादौ साधवो न सन्ति, तदा भोजनवेलायां दिगवलोकनं करोति, विशुद्धभावेन च चिन्तयति-यदि साधवोऽभविष्यंस्तदा निस्तारितोऽहमभविष्यमिति विभाषेति गाथार्थः ।।१/३१।।

ટીકાર્થ :-

અન્નાદીનાં ..... ગાથાર્થઃ ।। 'अन्नेत्यादि' પ્રતીક છે. અન્નાદિનું=ભોજન વગેરેનું, દાન કરે આદિ શબ્દથી પાણી-વસ્ત્ર-ઔષધાદિનું ગ્રહણ છે અને આના દ્વારા=અન્નાદિના ગ્રહણ દ્વારા સુવર્ણ આદિના વ્યવચ્છેદને કહે છે=સાધુને સુવર્ણાદિનું દાન શ્રાવક ન કરે એમ કહે છે. કેવા અન્નાદિનું દાન કરે છે તેથી કહે છે – શુદ્ધ=ન્યાયથી પ્રાપ્ત થયેલા અને ન્યાય=બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય(=વણિક) અને શૂદ્રોનું શુદ્ધ સ્વવૃત્તિ અનુષ્ઠાન એ ન્યાય છે અને આના દ્વારા=ન્યાય આગત અન્નાદિનું દાન કરે છે એમ કહ્યું એના દ્વારા, અન્યાય આગળ દાનના નિષેધને કહે છે – વળી કલ્પનીય=ઉદ્ગમ આદિ દોષથી રહિત એવા અન્નાદિનું દાન કરે. વળી, આના દ્વારા=કલ્પનીય અન્નાદિનું દાન કરે એના દ્વારા, અકલ્પનીય દાનના પ્રતિષેધને કહે છે – દેશકાલયુક્ત=પ્રસ્તાવને ઉચિત=સાધુના સંયમ જીવનના ઉપષ્ટંભનું કારણ બને તેવા પ્રસ્તાવને ઉચિત દાન કરે, જે કારણથી કાળમાં અપાયેલું દાન મહાઉપકારી થાય. અને કહેવાય છે –

"કાળમાં અપાયેલા દાનનું મૂલ્ય કરવા માટે શક્ય નથી અને ગ્રહણને અનુચિત એવા તેના જ ગ્રહણપણાથી કોઈ લેનાર નથી. ।।૧।।" ()

અથવા દેશકાલયુક્ત=ક્ષેત્રકાલ ઉચિત, અહીં=દેશમાં અથવા કાળમાં, મુનિઓને માટે ઉચિત=સંગત એવું દાન જે કારણથી ગૃહસ્થોને-શ્રમણોપાસકનું શિક્ષાવ્રત કહેવાયું છે=અતિથિસંવિભાગ વ્રત કહેવાયું છે.

અહીં ભોજન માટે ભોજનકાળ ઉપસ્થાયી અતિથિ કહેવાય છે. ત્યાં પોતાના માટે નિષ્પાદિત આહારવાળા એવા શ્રમણોપાસક ગૃહસ્થને સાધુ અતિથિ છે; કેમ કે તિથિ, પર્વાદિ સકલ લૌકિક વ્યવહારનો ત્યાગ છે. તે કહેવાયું છે –

"જે મહાત્મા વડે તિથિ, પર્વ, ઉત્સવો ત્યાગ કરાયા છે, તેને અતિથિ જાણવા. શેષને અભ્યાગત=મહેમાન જાણવા. ।।૧।।" ()

તે અતિથિને સંગત=નિર્દોષ, વિભાગ=પશ્ચાત્ કર્માદિ દોષના પરિહાર માટે અંશના દાનરૂપ વિભાગ, અતિથિસંવિભાગ છે. તે જ વ્રત અતિથિસંવિભાગ વ્રત છે.

આમાં=અતિથિસંવિભાગ વ્રતમાં વૃદ્ધો વડે કહેવાયેલી સામાચારી છે. શ્રાવકે પૌષધને પારતા=આહાર-પૌષધને પારતા, નિયમથી સાધુને આપીને પારવું જોઈએ=શ્રાવકે ચાર પૌષધ કર્યા હોય કે માત્ર આહાર-પૌષધ કર્યો હોય, ત્યારે આહાર કરતી વખતે આહાર-પૌષધને પારે છે અને તે આહાર-પૌષધને પારતા શ્રાવકે નિયમથી સાધુને આહાર આપીને પારણું કરવું જોઈએ. અન્યદા વળી=પૌષધ ન કર્યું હોય ત્યારે અનિયમ છે. આપીને પારે છે=આહાર વાપરે છે અથવા પારીને=આહાર વાપરીને આપે છે. તે કારણથી=પૌષધમાં સાધુને આહાર આપીને પારવું જોઈએ તે કારણથી, પૂર્વમાં સાધુને આપીને પાછળથી પારવું જોઈએ. કઈ રીતે આહાર આપીને પારવું જોઈએ ? એથી કહે છે – જો દેશ અને કાળ છે=સાધુ વિદ્યમાન હોય તેવો દેશ અને કાળ છે, તો આત્માની વિભૂષા કરીને તેમના

ઉપાશ્રયે જઈને સાધુને નિમંત્રણ કરે. 'ભિક્ષાને ગ્રહણ કરો,' એ રીતે નિમંત્રણ કરે. સાધુઓને કયા પ્રકારની પ્રતિપત્તિ છે=સ્વીકાર છે ? ઉત્તર આપે છે. ત્યારે=શ્રાવક નિમંત્રણ કરે ત્યારે, એક સાધુ પટલને, અન્ય સાધુ મુખાંતકને=મુહપત્તિને, અન્ય સાધુ ભાજન=પાત્રાનું પડિલેહણ કરે. અંતરાય દોષો અથવા સ્થાપના દોષો ન થાઓ=જો ગોચરી જવામાં વિલંબ થાય તો શ્રાવકને વાપરવામાં અંતરાય થવાથી સાધુને દોષની પ્રાપ્તિ થાય અને સાધુના આગમનની શ્રાવક રાહ જુએ. તેથી બનેલા આહારને સાધુ માટે સ્થાપન કરવાથી સ્થાપનાદોષ લાગે. તે ન થાઓ માટે સાધુ શીઘ્ર પડિલેહણ કરીને જાય અને તે=શ્રાવક જો પ્રથમ પોરિસીમાં નિમંત્રણ કરે છે અને નવકારશી સહિત પચ્ચક્ખાણવાળા સાધુ છે, તો તે ગ્રહણ કરે છે=નિમંત્રણ કરાયેલા શ્રાવકને ત્યાંથી આહાર ગ્રહણ કરે છે. જો આ નથી=નવકારશીવાળા સાધુ નથી તો ગ્રહણ કરતા નથી=આહાર ગ્રહણ કરતા નથી. જે કારણથી તેને રાખી મૂકવાનો પ્રસંગ આવે છે. જો વળી ઘન લાગે=શ્રાવક અત્યંત પાછળ લાગે છે, તો ગ્રહણ કરાય છે અને સંસ્થાપન કરાય છે=નવકારશીકાળમાં આહાર ગ્રહણ કરે છે અને વાપરવાકાળ સુધી સ્થાપના કરી રખાય છે અથવા જે સાધુ પોરિસીમાં પારે છે=પચ્ચક્ખાણ પારે છે અથવા પારણાવાળા અન્ય સાધુ છે, તેમને અપાય છે=તે આહાર અપાય છે. પશ્ચાત્=પડિલેહણ કર્યા પછી તે શ્રાવકની સાથે એક સંઘાટક જાય છે=બે સાધુ જાય છે. એક મોકલવા માટે યોગ્ય નથી, સાધુ આગળ શ્રાવક વળી માર્ગથી જાય છે. ત્યારપછી આ=શ્રાવક ઘરે લઈ જઈને આસનથી ઉપનિમંત્રણ કરે છે=આસન આપીને મહાત્માને બેસવા માટે વિનંતી કરે છે. જો બે મહાત્મા બેસે તો શ્રેષ્ઠ. હવે જો ન બેસે તોપણ વિનય કરાયેલો થાય છે. ત્યારપછી આ=શ્રાવક ભક્તને, પાનને સ્વયં આપે છે=સાધુને વહોરાવે છે અથવા ભાજનને ધારણ કરે છે=અન્ય કોઈ વહોરાવે તો પૌષધવાળો શ્રાવક તે આહારવાળા ભાજનને ધારણ કરે છે અને અન્ય વહોરાવે છે અથવા જ્યાં સુધી આહાર વહોરાય છે, ત્યાં સુધી ઊભો રહે છે. સાધુ પણ પશ્ચાત્ કર્મના પરિહાર અર્થે સાવશેષ ગ્રહણ કરે છે અર્થાત્ અલ્પ માત્રામાં ગ્રહણ કરે છે. જેથી પશ્ચાત્ કર્મનો પરિહાર થાય. ત્યારપછી આપીને=સાધુ જે આહારાદિ ગ્રહણ કરે તે વહોરાવીને અને વંદન કરીને=સુસાધુના ગુણના સ્મરણપૂર્વક વંદન કરીને વિસર્જન કરે છે અને કેટલાક પગલાંઓ પાછળ અનુસરણ કરે છે. ત્યારપછી=સાધુને વળાવ્યા પછી, સ્વયં ભોજન કરે છે અને જે સાધુને અપાયું નથી તે વસ્તુ શ્રાવકે ભોજનમાં ગ્રહણ કરવી જોઈએ નહિ, એ પ્રકારે ચોથા શિક્ષાવ્રતની મર્યાદા છે. વળી જો ત્યાં ગામાદિમાં સાધુ નથી તો ભોજનવેળામાં દિક્ અવલોકન કરે છે. જો સાધુઓ હોય તો હું નિસ્તારિત થાઉં=તેઓને આહાર દાન કરીને સર્વવિરતિને અનુકૂળ સંચિત વીર્યવાળો થાઉં, એ પ્રકારની વિભાષા છે=શિક્ષાવ્રતની વૈકલ્પિક મર્યાદા છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩૧॥

ભાવાર્થ :-

શ્રાવક સાધુતુલ્ય ષટ્કાયના પાલનના પરિણામને પ્રગટ કરવાના અત્યંત અર્થી હોય છે અને અંતરંગ રીતે મોહનો નાશ કરવાના અર્થી હોય છે અને તેથી પ્રતિદિન સાધુધર્મના ભાવોથી આત્માને ભાવિત કરીને

સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. વળી, સર્વવિરતિને પામેલા ભાવસાધુને જોઈને તેઓ પ્રત્યે શ્રાવકને અત્યંત ભક્તિ થાય છે અને તેઓના સમિતિ-ગુપ્તિના ભાવોને જોઈને તેઓને આહારાદિ આપીને તેમના સંયમની અતિશયતા કેમ થાય ? તે પ્રકારના પરિણામપૂર્વક અતિથિસંવિભાગ વ્રત સેવે છે. તેથી પોતાના માટે કરાયેલા નિર્દોષ ભોજન દ્વારા આહાર-પાણી આદિને આપીને તેઓની તે રીતે ભક્તિ કરું કે જેથી મારામાં પણ તે મહાત્માની જેમ સર્વ સંગના ત્યાગનું બળસંચય થાય. તેથી તેવા બળસંચય અર્થે પોતે પૌષધ વ્રત કરે છે. પૌષધ પાળ્યા પછી પોતાના માટે થયેલ ભોજન તેમને વહોરાવીને હું મારો જન્મ સફળ કરું તેવા ઉત્તમ અધ્યવસાયથી સાધુઓને નિર્દોષ આહાર-પાણી વહોરાવીને સંયમના પરિણામ પ્રત્યે પોતાનો અધ્યવસાય પ્રવર્ધમાન થાય તે રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. જેને અતિથિસંવિભાગ નામનું વ્રત કહેવાય છે. **॥૧/૩૧॥**

અવતરણિકા :-

अत्रातिचारानाह—

અવતરણિકાર્થ :-

ચોથા શિક્ષાવ્રતમાં અતિચારોને કહે છે —

ગાથા :-

सच्चित्तणिक्खिवणयं वज्जइ सच्चित्तपिहणयं चेव ।
कालाइक्कमपरववएसं मच्छरिययं चेव ।।१/३२।।

છાયા :-

सचित्तनिक्षेपणकं वर्जयति सचित्तपिधानकमेव ।
कालातिक्रमपरव्यपदेशं मत्सरिकतामेव ।।१/३२।।

અન્વયાર્થ :-

सच्चित्तणिक्खिवणयं=સચિત્તનિક્ષેપણને, सच्चित्तपिहणयं=સચિત્તપિધાનને, कालाइक्कमपरववएसं=કાળના અતિક્રમ, પરના વ્યપદેશને, चेव=અને, मच्छरिययं वज्जइ=મત્સરિકતાને વર્જન કરે. ।।૧/૩૨।।

ગાથાર્થ :-

સચિત્ત નિક્ષેપણ, સચિત્ત પિધાન, કાળનો અતિક્રમ, પરનો વ્યપદેશ અને મત્સરિકતાને વર્જન કરે. ।।૧/૩૨।।

ટીકા :-

व्याख्या—'सच्चित्ते'त्यादि । सचित्ते=सचेतने पृथिव्यादौ निक्षेपणमेव निक्षेपणकं साधुदेयभक्तादेः

स्थापनं सचित्तनिक्षेपणकं तद्वर्जयति परिहरते तथा सचित्तेन फलादिना पिधानमेव पिधानकं साधुदेय-भक्तादेः स्थगनं सचित्तपिधानकम् चशब्दः समुच्चये, एवकारोऽवधारणे एवं चानयोः प्रयोगः सचित्तपिधानकमेव च । तथा कालस्य साधूचितभिक्षासमयस्यातिक्रमोऽदित्सयाऽनागतभोजनपश्चाद् भोजनद्वारेणोल्लङ्घनं कालातिक्रमः । तथा परस्यात्मव्यतिरिक्तस्य व्यपदेशः परकीयमिदमन्नादिकमि-त्येवमदित्सावतः साधुसमक्षं भणनं परव्यपदेशः । ततोऽनयोः समाहारद्वन्द्वे कालातिक्रमपरव्यपदेशं तत् । तथा मत्सरोऽसहनं साधुभिर्याचितस्य कोपनं तेन रङ्केन(ण) याचितेन दत्तं, अहं तु किं ततोऽपि हीन इत्यादिविकल्पो वा, सोऽस्यास्तीति मत्सरिकस्तद्भावो मत्सरिकता तां च चैवशब्दः समुच्चये अतिचारभावना-पुनरियम्—यदानाभोगादिनाऽतिक्रमादिना वा एतानाचरति तदातिचारोऽन्यदा तु भङ्ग इति गाथार्थः ।।१/३२।।

ટીકાર્થ :-

सचित्ते ..... गाथार्थः ।। 'सच्चित्तेत्यादि' પ્રતીક છે. સચિત્તમાં=સચેતન એવા પૃથ્વી આદિમાં સાધુને દેય એવા ભક્તાદિનું નિક્ષેપણ જ નિક્ષેપક છે=સ્થાપન સચિત્ત નિક્ષેપણક છે, તેનું વર્જન કરે અને સચિત્ત એવા ફલાદિથી સાધુને દેય એવા ભક્તાદિનું પિધાન જ પિધાનક છે=સ્થગન સચિત્ત વિધાનક છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. 'एवकार' અવધારણમાં છે અને આ બેનું='च'કાર અને 'एवकार'નો આ પ્રમાણે પ્રયોગ છે અને સચિત્ત પિધાનક જ વર્જન કરે અને કાળનો અતિક્રમ સાધુને ઉચિત ભિક્ષા સમયનું નહિ આપવાના પરિણામથી અનાગત ભોજન કે પશ્ચાત્ ભોજન દ્વારા ઉલ્લંઘન કાલઅતિક્રમ છે અને પરનો વ્યપદેશ=પોતાનાથી વિપરીતનો વ્યપદેશ=પરકીય આ અન્નાદિ છે, એ પ્રમાણે નહિ આપવાના પરિણામવાળા શ્રાવકનું સાધુ સમક્ષ કથન પરવ્યપદેશ છે. ત્યારપછી=કાલઅતિક્રમ અને પરવ્યપદેશનો અર્થ કર્યા પછી એ બેનું સમાહારદ્વન્દ્વ કરાયે છતે કાલઅતિક્રમપરવ્યપદેશ એવા તેનું વર્જન કરે અને મત્સર=સાધુ વડે યાચિતનું અસહન=કોપન અથવા યાચિત એવા તે રંક વડે અપાયું. શું હું તેનાથી પણ હીન છું ? ઇત્યાદિ વિકલ્પ મત્સર છે તે આને છે તે મત્સરિક, તેનો ભાવ મત્સરિકતા. તેને વર્જન કરે. 'चैव' શબ્દ સમુચ્ચયમાં છે. વળી, અતિચારની ભાવના આ પ્રમાણે છે. જો અનાભોગ આદિથી અથવા અતિક્રમ આદિથી આમને આચરે છે=સચિત્ત નિક્ષેપણાદિ અતિચારોને સેવે છે, તો અતિચાર છે. અન્યદા=જાણવા છતાં અતિચારો સેવે છે તો, ભંગ જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૩૨।।

ભાવાર્થ :-

અતિથિસંવિભાગ વ્રત પાલન કરનાર શ્રાવકે સાધુને વહોરાવવાની પ્રવૃત્તિકાળમાં પાંચ અતિચારોનું વર્જન કરવું જોઈએ. ક્વચિત્ પ્રમાદને વશ અનાભોગાદિથી કે લોભને વશ મનમાં તેવો વિકલ્પ થયો હોય તો સચિત્ત નિક્ષેપ આદિમાંથી કોઈક અતિચાર થવાની સંભાવના રહે છે. પરંતુ સાધુધર્મના અત્યંત અર્થી

શ્રાવકને સાધુ પ્રત્યે ભક્તિ હોવાથી પ્રસ્તુતમાં બતાવેલા અતિચારોની પ્રાપ્તિ થઈ શકે નહિ છતાં વ્રતના પાલનકાળમાં કષાયને વશ કે પ્રમાદને વશ એવા અતિચારો યોગ્ય પણ શ્રાવકને થાય તેના વર્જન માટે પ્રસ્તુતમાં આ અતિચારો બતાવાયા છે. **॥૧/૩૨॥**

અવતરણિકા :-

उक्तं सातिचारं चतुर्थं शिक्षाव्रतं, तदुक्तौ चोक्तानि सातिचाराणि द्वादशापि श्रावकव्रतानि साम्प्रतं तेष्वतिचारोक्तिमेव शोधयति । ननु यद्यतिचारा अपि परिहार्यत्वेनेहाभिधीयन्ते तदा किमिति तेषामपि व्रतानामिव प्रत्याख्यानं नोपदर्शितं, तद्वर्जनमात्रमेव चोपदिष्टं ? इति मनस्याधायाह –

અવતરણિકાર્થ :-

સાતિચાર ચોથું શિક્ષાવ્રત કહેવાયું. તેનું કથન કરાયે છતે=ચોથા શિક્ષાવ્રતના અતિચારોનું કથન કરાયે છતે અતિચાર સહિત બારે પણ શ્રાવકનાં વ્રતો કહેવાયાં. હવે તેઓમાં=વ્રતોમાં અતિચારની ઉક્તિને શોધન કરે છે=સ્પષ્ટ કરે છે. જો અતિચારો પણ અહીં=પ્રસ્તુત ગ્રંથમાં પરિહારપણાથી કહેવાય છે, તો તેઓનું પણ=અતિચારોનું પણ વ્રતોની જેમ પ્રત્યાખ્યાન કયા કારણથી બતાવાયું નથી અને વર્જન માત્ર જ બતાવાયું છે ?=શ્રાવકે તે તે વ્રતમાં તે તે અતિચારો વર્જન કરવા જોઈએ એટલું જ બતાવાયું છે ? એ પ્રમાણે મનમાં અવધારણ કરીને કહે છે –

ગાથા :-

एत्थं पुण अइयारा णो परिसुद्धेसु होंति सव्वेसु ।
अखंडविरइभावा वज्जइ सव्वत्थ तो भणियं ।।१/३३।।

છાયા :-

अत्र पुनोऽतिचाराः न परिशुद्धेषु भवन्ति सर्वेषु ।
अखण्डविरतिभावाद् वर्जयति सर्वत्र अतो भणितम् ।।१/३३।।

અન્વયાર્થ :-

एत्थं=આમાં=પ્રાણાતિપાત આદિ વ્રતોમાં, पुण=વળી, परिसुद्धेसु सव्वेसु=પરિશુદ્ધ સર્વમાં=બધાં વ્રતોમાં, अइयारा=અતિચારો, णो होंति=થતા નથી; (કેમ કે) अखंडविरइभावा=અખંડ વિરતિનો ભાવ છે. तो=આથી, सव्वत्थ=સર્વત્ર=બધાં વ્રતોમાં, वज्जइ=વર્જન કરે છે, (इति) भणियं=(એ પ્રમાણે) કહેવાયું છે=બધાં વ્રતોના કથનની ગાથાઓમાં 'વર્જન કરે છે', એ પ્રમાણે કહેવાયું છે. ॥૧/૩૩॥

ગાથાર્થ :-

આમાં=પ્રાણાતિપાત આદિ વ્રતોમાં, વળી પરિશુદ્ધ સર્વમાં=બધાં વ્રતોમાં, અતિચારો થતા

નથી; કેમ કે અખંડ વિરતિનો ભાવ છે. આથી સર્વત્ર=બધાં વ્રતોમાં, વર્જન કરે છે, એ પ્રમાણે કહેવાયું છે=બધાં વ્રતોના કથનની ગાથાઓમાં 'વર્જન કરે છે', એ પ્રમાણે કહેવાયું છે. ।।૧/૩૩।।

ટીકા :-

व्याख्या—'एत्थ'मित्यादि । अत्रैतेषु प्राणातिपातादिव्रतेषु पुनःशब्दो विशेषणे तद्भावना चैवम्-एवं तावद् व्रतान्युक्तानि, एतेषु पुनर्व्रतेष्वतिचारा देशभङ्गरूपाः नो=नैव परिशुद्धेषु=विबन्धककर्मानुदयागततात्त्विकविरतिपरिणामप्रतिपन्नतया निर्मलेषु भवन्ति जायन्ते सर्वेषु द्वादशस्वपि अत्र हेतुमाह—अखण्डविरतिभावात्परिपूर्णदेशविरतिपरिणामतः, ततो न हि परिपूर्णदेशपरिणामसद्भावे बन्धवधादिप्रवृत्तिर्भवतीति भावः वर्जयतीत्यत्रेतिशब्दस्याध्याहारो दृश्यः ततश्च वर्जयतीत्येवं सर्वत्र सर्वेषु सूत्रेषु, अत इति यतोऽखण्डविरतिभावाद् बन्धादिप्रवृत्तिर्न भवत्येवातोऽस्माद्धेतोः भणितमुक्तम् प्राग्, विरति विशुद्धिमान् स्वरसत एव तेषु न प्रवर्तते इत्येतज्ज्ञापनार्थम् । अतोऽसंभवादेव प्राणिवधादिवन्नैते प्रत्याख्येया भवन्ति अन्यथा पुनर्व्रतेयत्ता न भवेदिति भाव इति गाथार्थः ।।१/३३।।

ટીકાર્થ :-

अत्रैतेषु ..... गाथार्थः ।। 'एत्थमित्यादि' પ્રતીક છે. અહીં=પ્રાણાતિપાત આદિ વ્રતોમાં, પુનઃ શબ્દ વિશેષણમાં છે અને તેની ભાવના=વિશેષણની ભાવના, આ પ્રમાણે છે — આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, વ્રતો કહેવાયાં. વળી, પરિશુદ્ધ એવા=વિબંધક કર્મના અનુદયથી આગત એવા તાત્ત્વિક વિરતિના પરિણામથી સ્વીકારાયેલપણું હોવાને કારણે નિર્મળ એવાં આ સર્વ બારે પણ વ્રતોમાં દેશભંગરૂપ અતિચારો થતા નથી જ.

એમાં=નિર્મળ એવાં બારે વ્રતોમાં અતિચારો કેમ થતા નથી ? એમાં, હેતુને કહે છે —

અખંડ વિરતિનો ભાવ હોવાથી=પરિપૂર્ણ દેશવિરતિનો પરિણામ હોવાથી=વ્રતોના પારમાર્થિક બોધપૂર્વક વ્રત પરિણામ પામે એવા દૃઢ યત્નપૂર્વક પોતાની શક્તિ અનુસાર સ્વીકારાયેલી દેશવિરતિમાં પરિપૂર્ણ પરિણામ હોવાને કારણે, અતિચારો થતા નથી. તેથી પરિપૂર્ણ દેશવિરતિના પરિણામના સદ્ભાવમાં બંધ-વધાદિની પ્રવૃત્તિ થતી નથી જ, એ પ્રકારનો ભાવ છે. વર્જન કરે છે, એ પ્રકારના આમાં=ગાથામાં કહેલા શબ્દમાં 'इति' શબ્દનો અધ્યાહાર જાણવો અને તેથી=ગાથામાં 'वर्जयति' પછી 'इति' શબ્દ અધ્યાહાર છે તેથી, 'વર્જન કરે છે' એ પ્રમાણે સર્વ સૂત્રોમાં છે. આથી જે કારણથી અખંડ વિરતિના ભાવને કારણે બંધ-વધાદિની પ્રવૃત્તિ નથી જ. આથી કહેવાયું છે=પૂર્વમાં કહેવાયું છે. વિરતિથી વિશુદ્ધમાન એવો શ્રાવક=દેશવિરતિ ગ્રહણ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય એવો યતમાન શ્રાવક, સ્વરસથી તેઓમાં=અતિચારોમાં, પ્રવર્તતો નથી, એને જણાવવા માટે પૂર્વમાં કહેવાયું છે. આથી અસંભવને કારણે જ=વ્રતસ્વીકારની સાથે અતિચારોના અસંભવને કારણે જ પ્રાણીવધાદિની જેમ આ=અતિચારો, પ્રત્યાખ્યેય નથી=અતિચારોનું સ્વતંત્ર પચ્ચકખાણ નથી. અન્યથા=વ્રતની જેમ

અતિચારોનું પણ પચ્ચક્ખાણ હોય તો, વ્રતની સંખ્યાની મર્યાદા ન થાય, એ પ્રકારનો ભાવ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩૩॥

ભાવાર્થ :-

વિચારકને પ્રશ્ન થાય કે શ્રાવકનાં બાર વ્રતોથી અતિરિક્ત તે તે વ્રતના અતિચારો હોય તો જેમ વ્રતોનું પચ્ચક્ખાણ ગ્રહણ કરાય છે તેમ અતિચારોનું પણ પચ્ચક્ખાણ ગ્રહણ કરવું જોઈએ. તેના સમાધાનરૂપે કહે છે –

જે શ્રાવકો સર્વવિરતિના પારમાર્થિક બોધપૂર્વક સ્વશક્તિ અનુસાર બાર વ્રતો ગ્રહણ કરે છે અને તે વ્રતોનું પરિશુદ્ધ પાલન કરીને સર્વવિરતિના બળનો સંચય કરે છે, તેઓને તાત્ત્વિક દેશવિરતિનો પરિણામ છે અને તેવા મહાત્માઓ પરિશુદ્ધ વ્રતો પાળે છે. તેઓમાં અતિચારોનો સંભવ નથી. પરંતુ જે શ્રાવકો સર્વવિરતિના અત્યંત અર્થી છે, તેના ઉપાયરૂપે જ શક્તિ અનુસાર બાર વ્રતો સ્વીકારે છે. છતાં કંઈક અજ્ઞાનતા કે કંઈક પ્રમાદી સ્વભાવને કારણે સર્વવિરતિનું કારણ બને તે રીતે દેશવિરતિનું પાલન કરી શકતા નથી. તેઓને અતિચારરૂપ સ્ખલનાઓ થાય છે. જેથી દેશવિરતિના પાલનથી પણ અસ્ખલિત સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરી શકતા નથી; છતાં કંઈક કંઈક દેશવિરતિનાં વ્રતોમાં યત્ન કરીને સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરે છે, તેઓને અતિચારનો સંભવ છે. તેથી તેવા અતિચારોનો તેઓએ પરિહાર કરવો જોઈએ, તેમ દરેક વ્રતના બતાવનારી ગાથાઓમાં પૂર્વે કહેલ છે. જેથી સુવિશુદ્ધ દેશવિરતિનું પાલન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય. **॥૧/૩૩॥**

અવતરણિકા :-

एवं तावदिह सम्यक्त्वं व्रतस्वरूपं व्रतातिचाराश्चोक्ताः यत्पुनः सम्यक्त्वव्रतगोचरं वाच्यम् इह तु संक्षेपप्रक्रमात्रोक्तं, तदागमादवसेयमित्यनुदिशन्नाह–

અવતરણિકાર્થ :-

આ રીતે=પ્રસ્તુત પંચાશકમાં વર્ણન કર્યું એ રીતે, અહીં=પ્રસ્તુત પંચાશકમાં, સમ્યક્ત્વવ્રતનું સ્વરૂપ અને વ્રતના અતિચારો કહેવાયા. જે વળી, સમ્યક્ત્વ વ્રત વિષયક વાચ્ય છે. તે વળી સંક્ષેપથી પ્રકમ હોવાને કારણે કહેવાયું નથી. તે કારણથી=સમ્યક્ત્વ વિષયક પ્રસ્તુત ગ્રંથમાં કહેવાયું નથી તે કારણથી, આગમથી જાણવું=સમ્યક્ત્વ વિષયક વિશેષ વક્તવ્ય આગમથી જાણવું. એ રીતે અતિદેશને કરતાં=સૂચનને કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

सुत्तादुपायरक्खणगहणपयत्तविसया मुणेयव्वा ।
कुंभारचक्कभामगदंडाहरणेण धीरेहिं ।।१/३४।।

છાયા :-

सूत्रादुपायरक्षणग्रहणप्रयत्नविषया ज्ञातव्याः ।
कुम्भारचक्रभ्रामकदण्डोदाहरणेन धीरैः ।।१/३४।।

અન્વયાર્થ :-

कुंभारचक्कभामगदंडाहरणेण=કુંભારના ચક, ભ્રામક, દંડના ઉદાહરણથી, धीरेहिं=ધીરપુરુષોએ, सुत्ता-दुपायरक्खणगहणपयत्तविसया=સૂત્રથી ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષયો, मुणेयव्वा=જાણવા જોઈએ. ।।૧/૩૪।।

ગાથાર્થ :-

કુંભારના ચક, ભ્રામક, દંડના ઉદાહરણથી ધીરપુરુષોએ સૂત્રથી ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષયો જાણવા જોઈએ. ।।૧/૩૪।।

ટીકા :-

व्याख्या—सुत्तेत्यादि । सूत्रादागमात् उपायादयो 'मुणेयव्वा' इत्यनेन सम्बन्धः । तत्रोपायः सम्यक्त्वाणुव्रतादिप्रतिपत्तावभ्युत्थानादिलक्षणो हेतुः ।

आह च—

'अब्भुट्ठाणे विणए परक्कमे साहुसेवणाए य ।
सम्मद्दंसणलंभो विरयाविरइए विरईए ।।८४८।।' [**आवश्यकनिर्युक्ति०**]

अथवा जातिस्मरणादि तीर्थकरवचनतदन्यवचनलक्षणः यदाह—'सहसंमुइयाए परवागरणेणं अन्नेसिं वा सोच्चा ।' [**आचारांगसूत्र श्रु.१ अ.१ उ. १ सूत्र-४**] **अथवा प्रथमद्वितीयकषायक्षयोपशम इति ।**

ટીકાર્થ :-

सूत्रादागमात् ..... इति । 'सुत्तेत्यादि' પ્રતીક છે. સૂત્રથી=આગમથી, ઉપાયો જાણવા જોઈએ, એ પ્રમાણે આની સાથે='જાણવા જોઈએ' એ શબ્દની સાથે, સંબંધ છે. ત્યાં=ઉપાય આદિમાં, ઉપાય સમ્યક્ત્વ-અણુવ્રતાદિની પ્રાપ્તિમાં અભ્યુત્થાનાદિ લક્ષણ હેતુ છે અને કહે છે=ઉપાયને કહે છે —

"અભ્યુત્થાનમાં, વિનયમાં, પરાક્રમમાં, સાધુની સેવનામાં સમ્યગ્દર્શનનો લાભ છે. વિરતાવિરતિનો=દેશવિરતિનો, લાભ છે, વિરતિનો=સર્વવિરતિનો, લાભ છે. ।।૧।।" **(આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૮૪૮)**

અથવા જાતિસ્મરણાદિ, તીર્થંકરના વચન, તેનાથી અન્ય વચનરૂપ ઉપાય છે=સમ્યગ્દર્શન આદિનો ઉપાય છે. જેને કહે છે — 'सहसंमुइयाए=સ્વયં સંસ્મરણથી=જાતિસ્મરણથી, परवागरणेणं=તીર્થંકરની વાણીથી, वा=અથવા અન્યને સાંભળીને સમ્યક્ત્વાદિ થાય છે.' **(આચારાંગસૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ, અધ્યયન-૧, ઉદ્દેશક-**

૩, સૂત્ર-૪) અથવા પ્રથમ-બીજા કષાયના ક્ષયોપશમ=અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાયનો ક્ષયોપશમ ઉપાય છે.

ભાવાર્થ :-

આગમથી સમ્યક્ત્વના ઉપાય આદિ જાણવા જોઈએ. જેથી તે ઉપાયોમાં શક્તિ અનુસાર યત્ન કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. તેમાં પ્રથમ ઉપાયો બતાવતાં કહે છે –

ગુણવાનને ગુણવાન સ્વરૂપે જાણીને ગુણ પ્રત્યે પ્રવર્ધમાન ઊહ પ્રગટે તે રીતે અભ્યુત્થાન કરવામાં આવે ત્યારે ગુણ પ્રત્યેનો જે અંતરંગ પ્રવર્ધમાન ઉપયોગ છે, તે સમ્યક્ત્વ આદિનો ઉપાય છે. જેમ જીરણ શેઠને ભગવાનના ગુણો પ્રત્યે પક્ષપાતની વૃદ્ધિપૂર્વક ભગવાનને આહારદાનનો અભિલાષ પ્રવર્ધમાન હતો, જેનાથી ક્ષપકશ્રેણીને આસન્ન એવો પરિણામ પ્રાપ્ત થયો. તેમ કોઈ યોગ્ય જીવને ગુણવાન પુરુષના તે તે આચારો દ્વારા અંતરંગ તે મહાત્મામાં વર્તતા ગુણોનો સૂક્ષ્મ બોધ થાય અને તેના પ્રત્યે બહુમાનના અતિશયથી અભ્યુત્થાન કરે, તો તેના પ્રવર્ધમાન ઉપયોગ અનુસાર અને ગુણના સૂક્ષ્મ બોધ અનુસાર સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. તેથી ગુણના પ્રણિધાનપૂર્વક અભ્યુત્થાન ઉપાય છે.

વળી કોઈ જીવમાં વર્તતા મોક્ષને અનુકૂળ સંયમના પરિણામને જોઈને અર્થાત્ અંતરંગ વર્તતા સંયમના પરિણામને કારણે સમિતિ-ગુપ્તિની સુદૃઢ સૂક્ષ્મ આચરણાને જોઈને, બહુમાન થાય, તેના કારણે તેમના પ્રત્યે વિનયનો પરિણામ થાય તો તે વિનયના પરિણામના પ્રકર્ષને અનુરૂપ સમ્યક્ત્વ, અણુવ્રત કે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. જેમ ચિલાતીપુત્ર આદિ મહાત્માઓ ઉપશમ આદિ ત્રણ પદના બળથી વિશિષ્ટ પ્રકારના સમભાવના પરિણામને પામ્યા, તે સાંભળીને તેમના પ્રત્યે અત્યંત વિનયનો પરિણામ થાય અર્થાત્ ધન્ય છે તે મહાત્મા કે જેમણે આ પ્રકારનાં ત્રણ પદો દ્વારા સમભાવના વિશિષ્ટ પરિણામને પ્રાપ્ત કર્યો, તેને અનુરૂપ સમ્યક્ત્વ આદિ ગુણની પ્રાપ્તિ થાય. જેમ જીરણ શેઠને વીર ભગવાન પ્રત્યે વિનયનો પરિણામ પ્રવર્ધમાન થયો, તેથી ક્ષપકશ્રેણીની આસન્નભૂમિકા સુધીની પરિણતિ પ્રાપ્ત થઈ.

વળી, સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિનો ઉપાય પરાક્રમ છે. જેમ કોઈ મહાત્માને સંસાર નિર્ગુણ જણાય તેથી સંસારના નિસ્તારનો ઉપાય શું છે, તેને નિપુણતાપૂર્વક અને અસદ્ અભિનિવેશ વગર યત્ન કરે તો મહાપુરુષોના વચનના અવલંબનથી પદાર્થનો વાસ્તવિક બોધ થાય તો સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી નિપુણતાપૂર્વક શાસ્ત્રવચન અનુસાર ઉચિત પરાક્રમ કરે તો દેશવિરતિ કે સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ થાય. તેથી પરાક્રમ સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિનો ઉપાય છે.

વળી, સાધુની સેવના સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિનો ઉપાય છે. જેમ કોઈ સુસાધુની ચારિત્રની અંતરંગ પરિણતિને કારણે તેના કાર્યરૂપ સમિતિ ગુપ્તિની ઉચિત આચરણા જોવાથી તેમના પ્રત્યે અત્યંત બહુમાન થાય, તેથી તેવા મહાત્માની સેવા કરીને હું સંસારથી નિસ્તારને પામું, તેવા શુભ અધ્યવસાયથી તેમના સેવા-કાળમાં સૂક્ષ્મ બોધપૂર્વક જે સંયમનો રાગ છે, તેનાથી સમ્યક્ત્વ આદિ ગુણોની ક્રમસર પ્રાપ્તિ થાય છે, માટે સાધુસેવના સમ્યક્ત્વ આદિ પ્રાપ્તિનો ઉપાય છે અથવા કોઈને જાતિસ્મરણ થાય, તેનાથી પણ સંસારની

નિર્ગુણતા જણાવાને કારણે સૂક્ષ્મ ઊહાપોહ થાય, તો સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થાય છે, તો કોઈકને વિભંગ જ્ઞાનથી પણ સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થાય છે. વળી, તીર્થંકરનાં વચનો કે અન્ય મહાત્માનાં વચનોથી સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થાય છે. તેથી નિપુણતાપૂર્વક ગુણ પ્રત્યેનો પક્ષપાત જેનાથી પ્રગટ થાય એવા જાતિસ્મરણ આદિ સર્વ સમ્યક્ત્વ આદિના ઉપાય છે અથવા અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની કષાયોના ક્ષયોપશમ કોઈપણ રીતે પ્રગટ થાય તો તે સમ્યક્ત્વ આદિ પ્રાપ્તિનો હેતુ છે.

ટીકા :-

तथा रक्षणं प्रतिपन्नसम्यक्त्वव्रतानामनुपालनोपायरूपमायतनसेवनादि ।

आह च–

'आययणसेवणा निन्निमित्तपरघरपवेसपरिहारो ।

किड्डापरिहरणं तह विक्किययवयणस्स परिहारो ।।३७।।' **[धर्मरत्नप्रकरण] इत्यादि ।**

उपायेन रक्षणमुपायरक्षणमित्यन्ये ।

ટીકાર્થ :-

तथा ..... रक्षणमित्यन्ये । અને રક્ષણ=સ્વીકારાયેલા સમ્યક્ત્વ અને વ્રતોના અનુપાલનના ઉપાયરૂપ આયતન સેવનાદિ રક્ષણ, છે અને કહે છે –

"આયતન સેવના નિર્નિમિત્તક પરઘરપ્રવેશનો પરિહાર, ક્રીડાનું પરિહરણ તથા વિક્રિય વચનનો પરિહાર રક્ષણ છે=સ્વીકારાયેલા વ્રતનું રક્ષણ છે. ।।૧।।" **(ધર્મરત્નપ્રકરણ ગાથા-૩૭)**

ઇત્યાદિ=ઇત્યાદિથી અન્ય એવાં વચનોનું ગ્રહણ કરવું. ઉપાયથી રક્ષણ ઉપાયરક્ષણ છે એમ અન્યો કહે છે.

ભાવાર્થ :-

કોઈ મહાત્મા સંસારથી વિરક્ત થઈને તત્ત્વને સાંભળવા યત્ન કરે અને તત્ત્વને સાંભળીને દેશવિરતિ અને સર્વવિરતિ સ્વીકારે, ત્યારપછી સ્વીકારાયેલ સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિનું રક્ષણ કઈ રીતે કરવું જોઈએ ? તે તેમણે સૂત્રથી જાણવું જોઈએ, જેથી સ્વીકારાયેલાં વ્રતોનું સમ્યક્ અનુપાલન થઈ શકે.

વ્રતોનું રક્ષણ કઈ રીતે કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

આયતનના સેવન આદિથી વ્રતોનું રક્ષણ કરવું જોઈએ=દેશવિરતિ સ્વીકાર્યા પછી તેવા ગુણવાળા સાધર્મિકો સાથે જ કે પોતાનાથી અધિક ગુણવાળા સાધર્મિકો સાથે સદા પરિચય કરવો જોઈએ અને તે વ્રતોની પુષ્ટિ થાય તેવી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરવી જોઈએ. જે આયાતનના સેવનરૂપ છે.

વળી, નિર્નિમિત્તક પરના ઘરમાં પ્રવેશનો પરિહાર કરવો જોઈએ; કેમ કે એવા સ્વભાવના કારણે રાગાદિની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે અને વ્રત નાશ થવાનો પ્રસંગ આવે.

વળી, સમ્યક્ત્વ અને દેશવિરતિ સ્વીકાર્યા પછી લોકો સાથે ક્રીડાનાં વચનોનો પરિહાર કરવો જોઈએ. નિરર્થક રમૂજી ચેષ્ટાઓ વગેરે ક્રીડાઓનો પરિહાર કરવો જોઈએ. અન્યથા તે પ્રકારની તુચ્છવૃત્તિઓ વૃદ્ધિ પામે તો સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય અર્થે જે દેશવિરતિ સ્વીકારી છે, તે આચરણામાત્રરૂપે રહે, પરંતુ સર્વવિરતિને અનુકૂળ ઉત્તમ ચિત્તની નિષ્પત્તિનું કારણ બને નહિ. તેથી ભાવથી દેશવિરતિના રક્ષણ અર્થે ક્રીડાનો પરિહાર કરવો જોઈએ.

વળી, વિક્રિય વચનોનો પરિહાર કરવો જોઈએ અર્થાત્ કટાક્ષથી, રમૂજથી કે ઉપહાસથી કોઈને કહેવું તે પ્રકારનાં વિક્રિય વચનોનો પરિહાર કરવો જોઈએ. જેથી ગાંભીર્ય આદિ ગુણોની વૃદ્ધિ થાય. જેથી દેશવિરતિનું પાલન ક્રમસર સર્વવિરતિનું કારણ બને.

વળી, કેટલાક મહાત્માઓ ઉપાયથી વ્રતનું રક્ષણ કરવું જોઈએ, એ પ્રકારનો અર્થ કરે છે. એ પ્રમાણે સમ્યક્ત્વપૂર્વક દેશવિરતિ સ્વીકાર્યા પછી તેના રક્ષણના જે જે ઉપાયો હોય, તેના દ્વારા સ્વીકારાયેલા વ્રતનું રક્ષણ કરવું જોઈએ. જેમ સમ્યક્ત્વના રક્ષણ અર્થે સુદેવ, સુગુરુ અને સુધર્મનું સ્વરૂપ નિપુણતાપૂર્વક પ્રતિદિન તે રીતે ભાવન કરવું જોઈએ કે જેથી સુદેવની ઉપાસના કરીને સુદેવ તુલ્ય થવાને અનુકૂળ સૂક્ષ્મ રુચિ પ્રવર્ધમાન થાય. સુગુરુના અવલંબનથી સુગુરુ તુલ્ય થવાને અનુકૂળ યત્ન પ્રવર્ધમાન થાય અને સમિતિ-ગુપ્તિરૂપ સાધુધર્મને એ રીતે ભાવન કરવો જોઈએ કે સતત તેનો પક્ષપાત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. જેનાથી સ્વીકારાયેલું સમ્યક્ત્વ અને દેશવિરતિ વ્રત દૃઢ દૃઢતર બને.

ટીકા :-

ग्रहणं त्रिविधं त्रिविधेनेत्यादिविकल्पैः सम्यग्व्रतानामुपादानम् ।

आह च—

'मिच्छत्तपडिक्कमणं तिविहं तिविहेण होई नायव्वं ।' []

तथा—

'दुविहं तिविहेण पढमओ दुविहं दुविहेण बीयओ होति ।
दुविहं एगविहेणं एगविहं चेव तिविहेणं ।।१५५८।।' **[आवश्यकनिर्युक्ति] इत्यादि ।**

ટીકાર્થ :-

ग्रहणं ..... इत्यादि । त्रिविध त्रिविध ઇત્યાદિ વિકલ્પોથી સમ્યક્ત્વ વ્રતાદિને ગ્રહણ કરવું જોઈએ અને કહે છે — "मिथ्यात्वनुं प्रतिक्रमण त्रिविध त्रिविधथी ज्ञातव्य छे" **() અને** "दुविध-त्रिविधथी प्रथम=प्रथम विकल्प दुविध-दुविधथी बीजो विकल्प थाय छे. दुविध एकविधथी अने एकविध त्रिविधथी." **(आवश्यकनिर्युक्ति० गाथा-१५५८) ઇત્યાદિ.**

ભાવાર્થ :-

શ્રાવક સમ્યક્ત્વ ઉચ્ચરાવે ત્યારે ત્રિવિધ ત્રિવિધ ઇત્યાદિ વિકલ્પોથી મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરે છે અને સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે અર્થાત્ મનથી-વચનથી-કાયાથી કરણ, કરાવણ, અનુમોદનથી હું અરિહંતની જ ઉપાસના કરીશ, અન્ય કોઈ દેવની ઉપાસના કરીશ નહિ. એનાથી એ પ્રાપ્ત થાય કે મનથી વીતરાગના ગુણોનું સતત સ્મરણ કરીને વીતરાગની ઉપાસના કરીશ, વચનથી વીતરાગના ગુણોનું જ સતત ગુણગાન કરીશ, જેથી વીતરાગ પ્રત્યેની મારી ભક્તિ વૃદ્ધિ પામે અને કાયાથી વીતરાગની જ સર્વ પ્રકારે ભક્તિ કરીશ. પરંતુ મનથી, વચનથી કે કાયાથી વીતરાગ સિવાયના અન્ય દેવની ઉપાસના કરીશ નહિ, અન્ય કોઈને હું કરાવીશ નહિ અને અન્ય કોઈ અન્ય દેવની ઉપાસના કરતા હશે, તેની અનુમોદના કરીશ નહિ; કેમ કે વીતરાગ સિવાય જીવને માટે કોઈ અવસ્થા પ્રાપ્ત કરવા જેવી નથી. તેથી વીતરાગ પ્રત્યે અવિહડ રાગ વૃદ્ધિ પામે તેવો જ હું યત્ન કરીશ. વળી, વીતરાગ થવા માટે સવેશક્તિથી ઉદ્યમ કરનારા ગુરુને જ ગુરુ તરીકે સ્વીકારીશ. તે સિવાયના અન્ય દર્શનના ગુરુઓને કે સ્વદર્શનમાં પણ વીતરાગના વચનથી અન્યથા પ્રવૃત્તિ કરનારા ગુરુની હું ગુરુ તરીકે ઉપાસના કરીશ નહિ અને સર્વજ્ઞપ્રણીત ધર્મ સિવાય અન્ય કોઈ ધર્મને હું ધર્મબુદ્ધિથી સ્વીકારીશ નહિ. આ પ્રકારે ત્રિવિધ ત્રિવિધથી કુદેવ-કુગુરુ અને કુધર્મનું વર્જન કરીને સુદેવ, સુગુરુ, સુધર્મનું સેવન કરીશ. આ રીતે મિથ્યાત્વનું ત્રિવિધ ત્રિવિધથી પચ્ચક્ખાણ કરે છે અને દેશવિરતિનો દુવિધ-ત્રિવિધથી પ્રથમ ભાંગો છે. દેશવિરતિનો દુવિધ-દુવિધથી બીજો ભાંગો છે. દેશવિરતિનો દુવિધ-એકવિધથી ત્રીજો ભાંગો છે. દેશવિરતિનો એકવિધ-ત્રિવિધથી ચોથો ભાંગો છે ઇત્યાદિ છ વિકલ્પોમાંથી જે વ્રતની પોતાની શક્તિ હોય તે વિકલ્પથી તે વ્રતને ગ્રહણ કરે તો તે વ્રતના ગ્રહણથી અને દૃઢ પ્રણિધાનપૂર્વક ગ્રહણકાળમાં યત્ન કરે તો દેશવિરતિનો પરિણામ પ્રગટ થાય છે.

ટીકા :-

तथा प्रयत्नः सम्यक्त्वव्रतग्रहणोत्तरकालं तदनुस्मरणादिर्वक्ष्यमाणरूपः, अप्रत्याख्यातविषयस्यापि वा यथाशक्ति परिहारोद्यमरूपा यतना 'नो मे कप्पई अन्नउत्थिए' () **इत्यादिका ।**

परिसुद्धजलग्गहणं दारूयधण्णाइयाण तह चेव ।

गहियाण वि परिभोगो विहीइ तसरक्खणट्ठाए ।।१।।' [ ] **इत्यादिका च ।**

ટીકાર્થ :-

तथा ..... इत्यादिका च । અને પ્રયત્ન=સમ્યક્ત્વ ગ્રહણના ઉત્તરકાળમાં વક્ષ્યમાણ સ્વરૂપવાળું તેનું અનુસ્મરણ આદિ અથવા અપ્રત્યાખ્યાત વિષયમાં પણ યથાશક્તિ પરિહારના ઉદ્યતરૂપ યતના પ્રયત્ન છે. 'અન્ય ઉત્થિત એવા આ દેવોને વંદન આદિ મને કલ્પતું નથી' () **ઇત્યાદિ યતના સમ્યક્ત્વના ગ્રહણનો ઉત્તરકાળનો પ્રયત્ન છે.** 'પરિશુદ્ધ જલનું ગ્રહણ, લાકડાં, ધાન્ય આદિ વસ્તુનું તે પ્રમાણે જ=પરિશુદ્ધ ગ્રહણ અને ગ્રહણ કરાયેલાનો પણ ત્રસના રક્ષણ માટે વિધિથી પરિભોગ' () **ઇત્યાદિ વ્રત વિષયક યતના છે.**

ભાવાર્થ :-

સમ્યક્ત્વ ગ્રહણ કર્યા પછી ઉત્તરકાળમાં સમ્યક્ત્વની મર્યાદાનું સતત સ્મરણ કરવું જોઈએ. જેથી સમ્યક્ત્વમાં અતિચાર લાગે નહિ. તે સમ્યક્ત્વ વિષયક પ્રયત્ન છે. વળી અન્ય દેવો આદિની ઉપાસના કરવાનો જે નિષેધ કર્યો છે, તેનું પણ સમ્યક્ પાલન કરવા અર્થે જે પ્રયત્ન કરાય તે સમ્યક્ત્વની સુરક્ષાનો યત્ન છે. તેથી સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી પ્રતિદિન દેવ-ગુરુ-ધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ ભાવન કરવા યત્ન કરવો જોઈએ. જેથી સ્વીકારાયેલ વ્રત નાશ પામે નહિ. વળી દેશવિરતિમાં સ્વીકારાયેલ દરેક વ્રતોનું નિત્યસ્મરણ કરવું જોઈએ અને જે વ્રતોનું પચ્ચક્ખાણ કર્યું નથી, તેમાં પણ યથાશક્તિ તે પ્રકારના આરંભના પરિહારની યતના કરવી જોઈએ અને સર્વવિરતિને અનુકૂળ દેશવિરતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે, તે પ્રકારે યત્ન કરવો જોઈએ. તેમાં પહેલા અણુવ્રત વિષયક યતના બતાવે છે.

શ્રાવક પાણીનો તે રીતે ઉપયોગ કરે કે જેથી શક્ય હોય તેટલી જીવરક્ષા થાય અને અલ્પ જલવ્યયથી કાર્ય થતું હોય ત્યાં ગમે તેમ જળનો વ્યય કરે તો અણુવ્રત વિષયક સમ્યક્ યત્ન થાય નહિ. તેથી પાણી આદિના ઉપયોગમાં લાકડાના ઉપયોગમાં, ધાન્ય આદિના ઉપયોગમાં શક્ય એટલો જીવરક્ષા માટે યત્ન કરે. વળી ગ્રહણ કરેલા જલાદિનો ઉપયોગ પણ ત્રસના રક્ષણ માટે યતનાથી કરે.

ટીકા :-

तथा विषयः सम्यक्त्वव्रतगोचरो जीवाजीवादितत्त्वरूपः स्थूलसंकल्पितप्राण्यादिरूपश्च तत उपायादीनां द्वन्द्वः । अतस्ते उपायरक्षणग्रहणप्रयत्नविषयाः 'मुणेयव्व' त्ति ज्ञातव्याः इह विशेषतोऽनुक्ता अपि कथमित्याह—कुम्भकारचक्रस्य=कुलालचक्रस्य यो भ्रामको भ्रमणहेतुर्दण्डो यष्टिस्तल्लक्षणं यदुदाहरणं ज्ञातं तत्कुम्भकारचक्रभ्रामकदण्डोदाहरणं तेन, धीरैर्बुद्धिराजितैः । इदमुक्तं भवति—यथा कुम्भकारचक्रस्यैकस्मिन्नपि देशे दण्डेन प्रेरिते सर्वे तद्देशा भ्रमिता भवन्ति, एवमिह सम्यक्त्वव्रतातियाराश्रितविविधवक्तव्यताचक्रस्य सम्यक्त्वव्रततातिचाररूप एकदेशे प्ररूपिते उपायादयस्तद्देशा आक्षिप्ता एव भवन्ति, ते च सूत्रादवसेयाः, संक्षेपप्रकरणत्वेनेह तेषामनुक्तत्वात् । अथवा यथा चक्रस्य दण्डाद् भ्रमणं भवति, एवमुपायादीनां सूत्रात्परिज्ञानं भवतीति सूत्रात्तेऽवगन्तव्या इति गाथार्थः ।।१/३४।।

ટીકાર્થ :-

तथा ..... गाथार्थः ।। વળી, સમ્યક્ત્વવ્રત વિષયક જીવાદિ તત્ત્વરૂપ વિષય છે. અણુવ્રતનો વિષય સ્થૂલ સંકલ્પિત પ્રાણી આદિ રૂપ છે, તેનો સૂક્ષ્મ બોધ કરવો જોઈએ અને તે બોધથી નિયંત્રિત સ્વીકારેલા અણુવ્રતનું અતિચાર રહિત પાલન થાય તેવો યત્ન કરવો જોઈએ. ત્યારપછી=ગાથામાં ઉપાય આદિનો અર્થ બતાવ્યો ત્યારપછી, ઉપાય આદિનો દ્વન્દ્વ સમાસ કરવો. આથી તે ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને વિષયો જાણવા જોઈએ. અહીં વિશેષથી અનુક્ત હોવા છતાં પણ=પ્રસ્તુત ગ્રંથમાં ઉલ્લેખ માત્ર કરાયેલો છે, પરંતુ વિશેષથી કહેવાયા નથી તોપણ, કેવી રીતે જાણવા જોઈએ ?

એથી કહે છે –

કુંભકારના ચક્રનો ભ્રામક જે દંડ તેના ઉદાહરણથી ધીરપુરુષોએ=બુદ્ધિથી શોભતા પુરુષોએ જાણવા જોઈએ=કુંભકારના ચક્રના ભ્રમણનો જે હેતુ એવો દંડ તે સ્વરૂપ જે ઉદાહરણ તે કુંભકાર ચક્ર ભ્રામક દંડનું ઉદાહરણ છે, તેનાથી ધીરપુરુષોએ જાણવું જોઈએ.

આ=આગળમાં કહે છે એ, કહેવાયેલું થાય છે=ગાથાના ઉત્તરાર્ધથી કહેવાયેલું થાય છે. જે પ્રમાણે કુંભકારકના ચક્રના એક પણ દેશમાં દંડથી પ્રેરિત કરાયે છતે સર્વ તેના દેશો=ચક્રના સર્વ દેશો ભમેલા થાય છે, એ રીતે અહીં સમ્યક્ત્વ વ્રત, વ્રતના અતિચાર આશ્રિત વિવિધ વક્તવ્યતારૂપ ચક્રનું સમ્યક્ત્વ વ્રત વ્રતના અતિચારરૂપ એક દેશ પ્રરૂપિત કરાયે છતે ઉપાય આદિ તેના દેશો=પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધમાં બતાવેલ ઉપાય આદિ વ્રતના દેશો આક્ષિપ્ત જ થાય છે અને તે=ઉપાય આદિ સૂત્રથી જાણવા જોઈએ;' કેમ કે અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, સંક્ષેપપ્રકરણપણું હોવાને કારણે તેઓનું=ઉપાય આદિનું અનુક્તપણું છે અથવા જે પ્રમાણે ચક્રનું દંડથી ભ્રમણ થાય છે, એ રીતે ઉપાય આદિનું=વ્રતના ઉપાય આદિનું સૂત્રથી પરિજ્ઞાન થાય છે. એથી સૂત્રથી તેઓને=ઉપાય આદિને, જાણવા જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩૪॥

ભાવાર્થ :-

વળી, વિવેકી પુરુષે સમ્યક્ત્વના વિષયભૂત જીવાદિ નવ તત્ત્વોનો શક્તિ અનુસાર સૂક્ષ્મ બોધ કરવો જોઈએ અને દેશવિરતિનાં વ્રતોના વિકલ્પપૂર્વક વ્રતોનો સૂક્ષ્મ બોધ કરવો જોઈએ અને સર્વવિરતિ સાથે સમ્યક્ત્વના પરિણામો અને દેશવિરતિના પરિણામો કારણરૂપે પ્રતિસંધાન કરીને સતત ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરવો જોઈએ. વળી, ઉપાય આદિ ગ્રંથકારશ્રીએ સાક્ષાત્ અહીં સ્પષ્ટ કર્યા નથી તોપણ કુંભકારકના ચક્ર ભ્રામક દંડના દૃષ્ટાંતથી તેનો બોધ કરવાનું સૂચન કરેલ છે. તેથી એ ફલિત થાય કે પ્રસ્તુત ગ્રંથમાં જે બાર વ્રતોનું સ્વરૂપ અતિચાર સહિત બતાવ્યું, તેના વર્ણનથી અર્થથી જ તે સર્વનો બોધ થાય છે. જેમ ચક્રનો એક ભાગ દંડથી ફેરવવામાં આવે તો સમગ્ર ચક્રનું ભ્રમણ થાય છે, તેમ ગ્રંથકારશ્રીએ વ્રતોનું જે સ્વરૂપ બતાવ્યું, તેનાથી અર્થથી તેના ઉપાયો, તેનું રક્ષણ આદિ સર્વનું જ્ઞાન નિપુણ બુદ્ધિવાળો પુરુષ કરી શકે છે. તેથી વિવેકી પુરુષે સૂત્રનું અવલંબન લઈને તેનો બોધ કરવો જોઈએ. જેથી સુવિશુદ્ધ શ્રાવકધર્મનું પાલન થઈ શકે. જેના બળથી શીઘ્ર સંસારના ક્ષયની શક્તિનો સંચય થાય. **॥૧/૩૪॥**

અવતરણિકા :-

अथ गृहीतसम्यक्त्वव्रतेन सम्यक्त्वव्रतपरिणामस्थैर्यार्थं यद्विधेयं तद्गतोपदेशप्रस्तावनार्थमिदमाह–

અવતરણિકાર્થ :-

હવે ગ્રહણ કરાયેલા સમ્યક્ત્વ અને વ્રતવાળા શ્રાવકે સમ્યક્ત્વ અને વ્રતના પરિણામના સ્થૈર્ય માટે જે કર્તવ્ય છે, તેના વિષયવાળા ઉપદેશના પ્રસ્તાવન માટે આને કહે છે=પ્રસ્તુત ગાથાને કહે છે –

ગાથા :-

गहणादुवरि पयत्ता होइ असन्तो वि विरइपरिणामो ।
अकुसलकम्मोदयओ पडइ अवण्णाइ लिंगमिह ।।१/३५।।

છાયા :-

ग्रहणादुपरि प्रयत्नाद् भवति असन्नपि विरतिपरिणामः ।
अकुशलकर्मोदयतः पतति अवर्णादि लिङ्गमिह ।।१/३५।।

અન્વયાર્થ :-

ગહણાદુવરિ=ગ્રહણથી ઉપર=વ્રત ગ્રહણ કર્યા પછી, પયત્તા=પ્રયત્નથી=વ્રતને અનુકૂળ ઉચિત દૃઢ યત્નથી, અસન્તો વિ વિરઇપરિણામો=નહિ થયેલો પણ વિરતિનો પરિણામ=વ્રતગ્રહણકાળમાં ભાવથી નહિ થયેલો પણ વિરતિનો પરિણામ, હોઇ=થાય છે=પ્રગટ થાય છે. અકુસલકમ્મોદયઓ=અકુશલ કર્મના ઉદયથી=ભાવથી પ્રગટ થયેલો વિરતિનો પરિણામ અકુશલ કર્મના ઉદયથી, પડઇ=પડે છે. ઇહ=અહીં=વ્રતના પરિણામના પાતમાં, અવણ્ણાઇ=અવર્ણાદિ, લિંગં=લિંગ છે. ।।૧/૩૫।।

ગાથાર્થ :-

ગ્રહણથી ઉપર=વ્રત ગ્રહણ કર્યા પછી, પ્રયત્નથી=વ્રતને અનુકૂળ ઉચિત દૃઢ યત્નથી, નહિ થયેલો પણ વિરતિનો પરિણામ=વ્રતગ્રહણકાળમાં ભાવથી નહિ થયેલો પણ વિરતિનો પરિણામ, પ્રગટ થાય છે. અકુશલ કર્મના ઉદયથી=ભાવથી પ્રગટ થયેલો વિરતિનો પરિણામ અકુશલ કર્મના ઉદયથી, પડે છે. અહીં=વ્રતના પરિણામના પાતમાં, અવર્ણાદિ લિંગ છે. ।।૧/૩૫।।

ટીકા :-

વ્યાખ્યા—'गहणे'त्यादि । ग्रहणाद् गुरुमूले श्रुतधर्मेत्यादिविधिना सम्यक्त्वव्रतोपादानादुपरि उत्तरकाले प्रयत्नादुद्यमविशेषाद्धेतोः भवति जायते, असन्नपि कर्मदोषादविद्यमानोऽपि, संस्तु भूत एवेत्यपिशब्दार्थः, कोऽसावित्याह—विरतिपरिणामः प्राणातिपातादिनिवर्तने पारमार्थिकाध्यवसायः, उपलक्षणत्वात्सम्यक्त्व-परिणामस्यापि ग्रहणं, सोपक्रमत्वाद्विरत्याद्यावारककर्मणाम्, तथाविधप्रयत्नस्य च तदुपक्रमणस्वभावत्वा-दिति अथोक्तविपर्ययमाह—अकुशलकर्मोदयतोऽशुभकषायादिकर्मानुभावात् पतति सन्नपि व्रतग्रहणस्योपरि प्रयत्नं विनाऽपयाति विरतिपरिणाम इति प्रकृतम् तत्प्रतिपातश्च लिङ्गेनावसीयते इति तदेवाह—अवर्णो व्रतानां व्रतदेशकानां व्रतवतां वा अश्लाघा वा अवज्ञा वा अनादर आदिर्यस्य तदवर्णादि अवज्ञादि वा, आदिशब्दात्तद्रक्षणोपायाप्रवृत्त्यादि च लिङ्गं लक्षणम् इह=व्रतपरिणामपाते इति, न च वाच्यं विरतिपरिणामाभावे कथं व्रतग्रहणमित्युपरोधादिना तस्य संभवात् । श्रूयन्ते ह्यनन्तानि द्रव्यतः श्रमणत्वश्रावकत्वोपादानानीति गाथार्थः ।।१/३५।।

ટીકાર્થ :-

ગ્રહણાદ્ ..... ગાથાર્થઃ ।। 'गहणेत्यादि' પ્રતીક છે. ગ્રહણથી ઉપરમાં=ગુરુમૂલમાં શ્રુતધર્મ ઈત્યાદિ વિધિથી સમ્યક્ત્વ અને વ્રતના ગ્રહણથી ઉત્તરકાલમાં, પ્રયત્નથી=ઉદ્યમવિશેષરૂપ હેતુથી, નહિ છતો પણ વિરતિનો પરિણામ=કર્મદોષથી અવિદ્યમાન પણ પ્રાણાતિપાત આદિ નિવર્તનના વિષયમાં પારમાર્થિક અધ્યવસાય, થાય છે છતો વળી રહે જ છે=અવસ્થિત રહે જ છે, એ 'अपि' શબ્દનો અર્થ છે=અસન્નપિમાં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ઉપલક્ષણપણું હોવાથી સમ્યક્ત્વના પરિણામનું પણ ગ્રહણ છે; કેમ કે વિરતિ આદિ આવારક કર્મોનું સોપક્રમપણું છે=વિરતિ આવારક અને સમ્યક્ત્વ આવારક કર્મોનું સોપક્રમપણું છે અને તેવા પ્રકારના પ્રયત્નનું=વ્રતગ્રહણ કર્યા પછી તેને ઉચિત ક્રિયામાં વિવેકપૂર્વક પ્રયત્નનું તેના ઉપક્રમનું સ્વભાવપણું છે=સોપક્રમ કર્મને ઉપક્રમ કરીને સમ્યક્ત્વ અને વિરતિને પ્રગટ કરવાનું સ્વભાવપણું છે.

હવે ઉક્તના વિપર્યયને કહે છે=ગ્રહણ કર્યા પછી વિધિપૂર્વક યત્ન ન કરે તો શું થાય ? તેને બતાવે છે. અકુશલ કર્મના ઉદયથી=અશુભ કષાય આદિ કર્મના અનુભાવથી=ક્રિયાથી વિદ્યમાન પણ વિરતિનો પરિણામ વ્રતના ગ્રહણકાલના ઉપરમાં પ્રયત્ન વગર દૂર થાય છે=નાશ થાય છે. વિરતિનો પરિણામ પ્રકૃત છે તે નાશ પામે છે, અને તેનો પ્રતિપાત લિંગથી જણાય છે. એથી તેને જ=પાતના લિંગને જ, કહે છે –

વ્રતોની, વ્રતોના ઉપદેશકોની, વ્રતવાળા મહાત્માઓની અશ્લાઘા=અવર્ણ અથવા અવજ્ઞા અથવા અનાદર તે છે આદિમાં જેને તે અવર્ણાદિ અથવા અવજ્ઞાદિ લિંગ છે. 'आदि' શબ્દથી=અવજ્ઞાદિમાં રહેલા 'आदि' શબ્દથી તેના રક્ષણના ઉપાયમાં અપ્રવૃત્તિ આદિ લિંગો છે. અહીં=વ્રતપરિણામનો પાત હોતે છતે અવજ્ઞાદિ લિંગો છે, એમ અન્વય છે. વિરતિના પરિણામનો અભાવ હોતે છતે કેવી રીતે વ્રતનું ગ્રહણ છે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે ઉપરોધ આદિથી=કોઈકના આગ્રહ આદિથી કે મૂઢતાથી વ્રતના ગ્રહણનો સંભવ છે. હિ=જે કારણથી, દ્રવ્યથી સાધુપણાનું અને શ્રાવકપણાનું ગ્રહણ અનંતી વખત સંભળાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૩૫।।

ભાવાર્થ :-

શ્રાવકે સમ્યક્ત્વ અને દેશવિરતિ ઉચરાવ્યા પછી સતત તેને પ્રગટ કરવા અર્થે કે સ્થિર કરવા અર્થે ઉદ્યમવિશેષ કરવો જોઈએ. જેમ સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી શક્તિ અનુસાર સંસારની વિડંબનાના સૂક્ષ્મ સૂક્ષ્મતર સ્વરૂપનો બોધ થાય તે રીતે શાસ્ત્રવચનોનું અધ્યયન-ભાવન કરવું જોઈએ. નિપુણતાપૂર્વક સર્વજ્ઞનું વચન કઈ રીતે સંસારના ઉચ્છેદનું કારણ છે, તેને જાણવા માટે અને સ્થિર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ અને સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ પ્રતિદિન સાંભળીને સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરેલ હોય તો વિશેષથી દેશવિરતિ અને સર્વવિરતિનું સ્વરૂપ ભાવન કરવું જોઈએ અને સ્વીકારાયેલા વ્રતની સર્વ આચરણા દૃઢ પ્રણિધાનપૂર્વક કરવી જોઈએ જેથી સર્વવિરતિ કે દેશ-વિરતિ ગ્રહણ કરતી વખતે ભાવથી સર્વવિરતિનો કે દેશવિરતિનો પરિણામ પ્રગટ્યો ન હોય તો નિપુણતાપૂર્વક

પ્રયત્નથી તે પરિણામ પ્રગટ થાય છે. અને વ્રત ગ્રહણ કરતી વખતે પ્રગટ થયેલો હોય તો અવસ્થિત રહે છે; કેમ કે ગુણસ્થાનકનાં આવારક કર્મો સોપક્રમ હોય છે અને વિવેકપૂર્વક વ્રત ગ્રહણ કરવાનો પરિણામ પ્રગટ થયેલો છતાં તે વ્રત ગ્રહણ વખતે તે પ્રકારના વીર્યનો ઉત્કર્ષ થયો નહિ, તેથી ભાવથી ગુણસ્થાનક પ્રગટ્યું ન હોય તોપણ વ્રત ગ્રહણ કર્યા પછી તે વ્રતને અનુકૂળ તેવો પ્રયત્ન કરવામાં આવે તો તે સોપક્રમ કર્મો ક્ષયોપશમ ભાવને પામે છે. જેનાથી ગુણસ્થાનક પ્રગટ થાય છે.

વળી, તે મહાત્મા ગ્રહણ કરતી વખતે ગુણસ્થાનકને અનુકૂળ દૃઢ પરિણામવાળા હોય તો વ્રત ગ્રહણ કરતી વખતે ભાવથી સર્વવિરતિનો અને દેશવિરતિનો પરિણામ પ્રગટે છે. આમ છતાં વ્રત ગ્રહણ કર્યા પછી તે પ્રકારનો ઉચિત યત્ન ન કરે તો અકુશલ કર્મના ઉદયથી પ્રગટ થયેલો ગુણસ્થાનકનો પરિણામ નાશ પામે છે. જેના કારણે તે જીવોને પાછળથી વ્રત પ્રત્યે અનાદર થાય છે કે વ્રતના રક્ષણના ઉપાયમાં પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ થતો નથી. ક્વચિત્ વ્રતવાળા પ્રત્યે નિંદાનો પરિણામ પણ થાય છે. તેથી નક્કી થાય છે કે આ જીવે ભાવથી વિરતિને પ્રાપ્ત કર્યા પછી પણ ઉચિત રક્ષણના ઉપાયમાં યત્ન ન કર્યો, તેથી ગુણસ્થાનકનો નાશ થયો.

વળી, વિરતિના પરિણામના અભાવમાં પણ વ્રતનું ગ્રહણ થાય છે; કેમ કે અનંતકાળમાં આ જીવે અનંતી વખત દ્રવ્યથી સાધુપણું અને શ્રાવકપણું ગ્રહણ કર્યું છે અને બાહ્યથી સુંદર આચરણાઓ પણ કરી છે, પરંતુ સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણીને તેના ઉચ્છેદના ઉપાયરૂપે વ્રત બને તે રીતે વ્રતો ગ્રહણ કર્યાં નથી. તેથી તેવું વ્રતનું ગ્રહણ નિષ્ફળપ્રાયઃ થયું. **॥૧/૩૫॥**

अवतरणिका :-

प्रस्तावितोपदेशमेवाह—

અવતરણિકાર્થ :-

પ્રસ્તાવિત એવા વ્રત વિષયક ઉપદેશને કહે છે —

ગાથા :-

तम्हा णिच्चसतीए बहुमाणेणं च अहिगयगुणम्मि ।
पडिवक्खदुगुंछाए परिणइआलोयणेणं च ।।१/३६।।
तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य ।
उत्तरगुणसद्धाए य एत्थ सया होइ जइयव्वं ।।१/३७।।

छाया :-

तस्मात् नित्यस्मृत्या बहुमानेन च अधिगतगुणे ।
प्रतिपक्षजुगुप्सया परिणत्यालोचनेन च ।।१/३६।।

तीर्थङ्करभक्त्या सुसाधुजनपर्युपासनया च ।
उत्तरगुणश्रद्धया च अत्र सदा भवति यतितव्यम् ।।१/३७।।

અન્વયાર્થ :-

तम्हा=તે કારણથી=પ્રયત્નથી વિરતિનો પરિણામ થાય છે તે કારણથી, णिच्चसतीए=નિત્ય સ્મૃતિ દ્વારા, च=અને, अहिगयगुणम्मि=અધિકૃત ગુણમાં, बहुमाणेणं=બહુમાન દ્વારા, पडिवक्खदुगुंछाए=પ્રતિપક્ષની જુગુપ્સા દ્વારા, च=અને, परिणइआलोयणेणं=પરિણતિના આલોચનથી, तित्थंकरभत्तीए=તીર્થંકરની ભક્તિથી, य=અને, सुसाहुजणपज्जुवासणाए=સુસાધુજનની પર્યુપાસનાથી, य=અને, उत्तरगुणसद्धाए=ઉત્તરગુણની શ્રદ્ધાથી, एत्थ=અહીં=સમ્યક્ત્વ અને અણુવ્રતાદિના વિષયમાં, सया=સદા, जइयव्वं होइ=યત્ન કરવો જોઈએ. ।।૧/૩૬-૩૭।।

ગાથાર્થ :-

તે કારણથી=પ્રયત્નથી વિરતિનો પરિણામ થાય છે તે કારણથી, નિત્ય સ્મૃતિ દ્વારા અને અધિકૃત ગુણમાં બહુમાન દ્વારા પ્રતિપક્ષની જુગુપ્સા દ્વારા અને પરિણતિના આલોચનથી, તીર્થંકરની ભક્તિથી અને સુસાધુજનની પર્યુપાસનાથી અને ઉત્તરગુણની શ્રદ્ધાથી અહીં=સમ્યક્ત્વ અને અણુવ્રતાદિના વિષયમાં, સદા યત્ન કરવો જોઈએ. ।।૧/૩૬-૩૭।।

ટીકા :-

व्याख्या—तम्हेत्यादि । यस्मादसन्नपि विरतिपरिणामः ग्रहणादुपरिप्रयत्नाज्जायते, प्रयत्नं विना चाकुशलकर्मोदयात् सन्नपि प्रतिपतति, तस्मात्कारणान्नित्यस्मृत्या सार्वदिकस्मरणेन भवति यतितव्यमिति सम्बन्धः, तथा बहुमानेन भावप्रतिबन्धेन चशब्दः समुच्चये, अधिकृतगुणेऽङ्गीकृतगुणे सम्यक्त्वाणुव्रतादौ इदं च पदं पूर्वपदाभ्यामुत्तरपदेन च सह प्रत्येकं योज्यते । तथा प्रतिपक्षजुगुप्सया मिथ्यात्वप्राणिवधाद्युद्वेगेन । तथा परिणत्यालोचनेनाधिकृतगुणविपक्षभूता मिथ्यात्वप्राणातिपातादयो दारुणफला अधिकृतगुणा वा सम्यक्त्वाणुव्रतादयः परमार्थहेतव इत्येवं विपाकपर्यालोचनेन, चशब्दः समुच्चय एवेति गाथार्थः ।।१/३६।।

व्याख्या—तित्थेत्यादि । तथा तीर्थकरभक्त्या परमगुरुविनयेन, तथा सुसाधुजनपर्युपासनया भावयतिलोकसेवया, चशब्दः समुच्चय एव तथोत्तरगुणश्रद्धया प्रधानतरगुणाभिलाषेण सम्यक्त्वे सति अणुव्रताभिलाषेणाणुव्रतेषु सत्सु महाव्रताभिलाषेणेति भावः चशब्दः समुच्चय एव, अत्र सम्यक्त्वाणुव्रतादिव्यतिकरे तत्प्रतिपत्त्युत्तरकालम् सदा=सर्वकालम् भवति=युज्यते, यतितव्यमुद्यमः कर्तव्य इति गाथाद्वयार्थः ।।१/३७।।

ટીકાર્થ :-

यस्माद् ..... गाथाद्वयार्थः ।। 'तम्हेत्यादि' પ્રતીક છે. જે કારણથી અવિદ્યમાન પણ વિરતિનો પરિણામ પ્રયત્નથી ગ્રહણના ઉપરમાં થાય છે અને પ્રયત્ન વગર અકુશલ કર્મના ઉદયથી વિદ્યમાન પણ વિરતિનો પરિણામ પાત પામે છે તે કારણથી, નિત્ય સ્મૃતિથી=સાર્વદિક સ્મરણથી=લીધેલાં વ્રતોની મર્યાદાના સતત સ્મરણથી, યત્ન કરવો જોઈએ તે પ્રમાણે સંબંધ છે અને બહુમાનથી=વ્રતના પરિણામ પ્રત્યેના પ્રતિબંધથી યત્ન કરવો જોઈએ, તેમ અન્વય છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

શેમાં ભાવનો પ્રતિબંધ કરવો જોઈએ ? એથી કહે છે –

અધિકૃત ગુણમાં=સ્વીકારાયેલા સમ્યક્ત્વ અણુવ્રતાદિ ગુણોમાં બહુમાનથી યત્ન કરવો જોઈએ અને આ પદ=અધિકૃત ગુણમાં એ પદ અને પૂર્વનાં પદો બેની સાથે અને ઉત્તરના પ્રત્યેક પદની સાથે યોજન કરવો=અધિકૃત ગુણમાં નિત્ય સ્મરણ કરવું જોઈએ અને અધિકૃત ગુણમાં બહુમાન કરવું જોઈએ અને અધિકૃત ગુણવિષયક પ્રતિપક્ષની જુગુપ્સા કરવી જોઈએ અને તેની પરિણતિનું આલોચન કરવું જોઈએ. એમ સર્વત્ર અધિકૃત ગુણયોજન કરવું જોઈએ એમ અન્વય છે અને પ્રતિપક્ષની જુગુપ્સાથી=મિથ્યાત્વ પ્રાણીવધાદિના ઉદ્વેગથી અને પરિણતિના આલોચનથી=અધિકૃત ગુણના વિપક્ષભૂત મિથ્યાત્વ પ્રાણાતિપાત આદિ દારુણ ફળવાળા છે અથવા અધિકૃત ગુણો સમ્યક્ત્વ અણુવ્રતાદિ પરમાર્થના હેતુઓ જ છે. એ પ્રકારે વિપાકના પર્યાલોચનથી યત્ન કરવો જોઈએ. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. ।।૧/૩૬।।

'तित्थेत्यादि' પ્રતીક છે. અને તીર્થંકરની ભક્તિથી=પરમગુરુના વિનયથી અને સુસાધુજનની પર્યુપાસનાથી=ભાવસાધુની સેવાથી 'च' શબ્દ સમુચ્ચયમાં છે અને ઉત્તરગુણની શ્રદ્ધાથી=પ્રધાનતર ગુણના અભિલાષથી=સમ્યક્ત્વ થયે છતે અણુવ્રતના અભિલાષથી અણુવ્રત થયે છતે મહાવ્રતના અભિલાષથી એ પ્રકારનો ભાવ છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. અહીં=સમ્યક્ત્વ અણુવ્રતાદિના પ્રસંગમાં તેના સ્વીકાર પછી ઉત્તરકાળ, સર્વકાળ યત્ન કરવો જોઈએ=ઉદ્યમ કરવો જોઈએ, એ પ્રમાણે ગાથાદ્વયાર્થ છે. ।।૧/૩૭।।

ભાવાર્થ :-

શ્રાવકે વ્રત ગ્રહણ કર્યા પછી વ્રતનો પરિણામ ભાવથી પ્રગટ થયો ન હોય તો તેને પ્રગટ કરવા અર્થે અને ભાવથી વ્રતનો પરિણામ પ્રગટ થયા પછી અકુશલ કર્મના ઉદયથી પાત ન થાય, તેના માટે શું કરવું જોઈએ ? તે બતાવે છે –

જે શ્રાવકે સમ્યક્ત્વ અને અણુવ્રત સ્વીકાર્યા હોય તે શ્રાવકે સમ્યક્ત્વનું પારમાર્થિક સ્વરૂપ અને અણુવ્રતોનું પારમાર્થિક સ્વરૂપ સતત સ્મરણ કરવું જોઈએ. જેથી ભાવથી ગુણસ્થાનક પ્રગટ થયો ન હોય તો પ્રગટ થાય અને પ્રગટ થયેલું ગુણસ્થાનક પાત પામે નહિ. જેમ પ્રતિદિન વિવેકી શ્રાવક વિચારે કે સંસાર જીવની મહાન વિડંબના છે, મુક્ત અવસ્થા જ જીવની સુંદર અવસ્થા છે અને તેની પ્રાપ્તિનો ઉપાય વીતરાગના

વચનનું દૃઢ અવલંબન લઈને વીતરાગતા પ્રગટે તે પ્રકારે ઉચિત ક્રિયાઓ છે. તેથી મારે અપ્રમાદપૂર્વક લીધેલા સમ્યક્ત્વને અને અણુવ્રતને દૃઢ દૃઢતર કરવા યત્ન કરવો જોઈએ. આ પ્રકારે નિત્ય સ્મરણ કરવાથી ગુણસ્થાનકનો પરિણામ સ્થિર સ્થિરતર થાય છે. વળી, સ્વીકારાયેલા સમ્યક્ત્વ અને અણુવ્રતમાં બહુમાન ધારણ કરવું જોઈએ અર્થાત્ વારંવાર ભાવન કરવું જોઈએ કે સંસારરૂપી અટવીમાંથી નિસ્તાર કરનાર ભગવાનના વચનની સ્થિર રુચિ અને લીધેલાં વ્રતોમાં અપ્રમાદથી કરાયેલો યત્ન એક કારણ છે. આ પ્રકારે વારંવાર સમ્યક્ત્વમાં અને અણુવ્રતાદિમાં બહુમાનની વૃદ્ધિ કરવી જોઈએ.

વળી, સમ્યક્ત્વથી વિપરીત મિથ્યાત્વ પ્રત્યે અને દેશવિરતિથી વિપરીત પ્રાણીવધાદિ પ્રત્યે અત્યંત જુગુપ્સા કરવી જોઈએ. જેથી નિમિત્તને પામીને મૂઢતાથી જીવવાની જે પ્રકૃતિ છે, તે રૂપ મિથ્યાત્વ પ્રગટ થાય નહિ અને અજયણાપૂર્વક આરંભ-સમારંભ કરવાની જે પ્રકૃતિ છે, તે પ્રગટ થાય નહિ.

વળી, મિથ્યાત્વ અને પ્રાણાતિપાત આદિ દારુણ ફળવાળા છે, તે રીતે તેના ફળરૂપ પરિણામનું આલોચન કરવું જોઈએ. જેથી તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિમાં મૂઢતા આદિ ભાવો થાય નહિ.

વળી, સમ્યક્ત્વ અને અણુવ્રતાદિ કઈ રીતે સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષનું કારણ છે, તે પ્રકારે ગુણસ્થાનકની આચરણાનું સુંદર ફળ છે. તેનો સૂક્ષ્મ બુદ્ધિથી રોજ વિચાર કરવો જોઈએ. જેથી સમ્યક્ત્વ અને અણુવ્રતાદિના રક્ષણનો દૃઢ પરિણામ સ્થિર સ્થિરતર થાય.

વળી, પરમ ગુરુ તીર્થંકર સંસારસમુદ્રથી નિસ્તાર પામ્યા છે, તે સ્વરૂપે સ્મૃતિ કરીને તેવા ઉત્તમ પુરુષની શક્તિ અનુસાર ભક્તિ કરવી જોઈએ કે જેથી વીતરાગતાને અનુકૂળ જીવની પરિણતિ સતત વૃદ્ધિ પામે. વળી, વિવેકી શ્રાવકે ભાવસાધુનું પારમાર્થિક સ્વરૂપ જાણવું જોઈએ અને તેવા ભાવસાધુ કઈ રીતે સમિતિ ગુપ્તિમાં યત્ન કરે છે, તેનો બોધ કરીને તેવા ઉત્તમ પુરુષોની ભક્તિ કરીને હું પણ તેમની જેમ ભાવસાધુને અનુકૂળ શક્તિનો સંચય કરું તે રીતે તેઓની સેવા કરવી જોઈએ.

વળી, પોતે જે વ્રતો સ્વીકાર્યાં છે, તેનાથી ઉત્તરગુણોને પ્રગટ કરવાની તીવ્ર ઇચ્છા ધારણ કરવી જોઈએ અને વારંવાર ઉત્તરના ગુણોના સ્વરૂપથી આત્માને ભાવિત કરવો જોઈએ. જેમ સમ્યક્ત્વ સ્વીકાર્યું હોય અને અણુવ્રતોની શક્તિ ન જણાય, તેથી અણુવ્રતો ગ્રહણ કરેલાં ન હોય તોપણ વારંવાર અણુવ્રતોના સૂક્ષ્મ સૂક્ષ્મતર સ્વરૂપને જાણીને તેને પ્રગટ કરવાનો અભિલાષ સદા ધારણ કરવો જોઈએ અર્થાત્ વિચારવું જોઈએ કે હું કઈ રીતે યત્ન કરું ? જેથી અણુવ્રતને અનુકૂળ ઉત્તમ માનસ મારામાં પ્રગટ થાય અને અણુવ્રતો સ્વીકાર્યાં હોય તેવા મહાત્માએ રોજ ભાવસાધુનું સ્વરૂપ વારંવાર ભાવન કરવું જોઈએ અને પોતાનાં અણુવ્રતો મહાવ્રતોરૂપ ફળમાં કઈ રીતે પરિણમન પામે તે રીતે ભાવન કરવું જોઈએ. આ રીતે જે મહાત્મા નિત્ય સ્મૃતિ આદિમાં યત્ન કરે છે, તે મહાત્મા સુખપૂર્વક ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે અને પ્રાપ્ત થયેલા ગુણસ્થાનકનું રક્ષણ કરીને ઉત્તરોત્તર વૃદ્ધિના ફળને પ્રાપ્ત કરે છે. **॥૧૭/૩૬-૩૭॥**

અવતરણિકા :-

અનન્તરોક્તોપદેશમેવ ફલદર્શનેન નિગમયન્નાહ—

અવતરણિકાર્થ :-

પૂર્વમાં કહેલા ઉદ્દેશને જ ફળને બતાવવાથી નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

एवमसंतो वि इमो जायइ जाओ वि ण पडइ कयाई ।
ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ।।१/३८।।

છાયા :-

एवमसन्नपि अयं जायते जातोऽपि न पतति कदाचित् ।
तस्मात् अत्र बुद्धिमता अप्रमादो भवति कर्तव्यः ।।१/३८।।

અન્વયાર્થ :-

एवमसंतो वि=આ રીતે, અવિદ્યમાન પણ=પૂર્વગાથામાં કહ્યું એ રીતે નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવાથી અવિદ્યમાન પણ, इमो=આ=સમ્યક્ત્વ કે વિરતિનો પરિણામ, जायइ=થાય છે, जाओ वि कयाई ण पडइ=(અને) થયેલો વળી ક્યારેય પણ પડતો નથી, ता=તે કારણથી, बुद्धिमया=બુદ્ધિમાન પુરુષ દ્વારા, एत्थं=આમાં=નિત્યસ્મૃતિ આદિમાં, अपमाओ=અપ્રમાદ, कायव्वो होइ=કર્તવ્ય છે. ।।૧/૩૮।।

ગાથાર્થ :-

આ રીતે અવિદ્યમાન પણ=પૂર્વગાથામાં કહ્યું એ રીતે નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવાથી અવિદ્યમાન પણ, આ=સમ્યક્ત્વ કે વિરતિનો પરિણામ, થાય છે (અને) થયેલો વળી ક્યારે પણ પડતો નથી. તે કારણથી બુદ્ધિમાન પુરુષ દ્વારા નિત્ય સ્મૃતિ આદિમાં અપ્રમાદ કર્તવ્ય છે. ।।૧/૩૮।।

ટીકા :-

व्याख्या–एवेत्यादि । एवमुक्तन्यायेन नित्यस्मृत्यादिना यत्नेनासन्नप्यविद्यमानोऽपि संस्तु जात एवेत्यपिशब्दार्थः । 'इमो' त्ति अयं सम्यक्त्वपरिणामो विरतिपरिणामश्च जायते=भवति जातश्च संपन्नः पुनः न पतति=नापैति कदाचित्=क्वचिदपि काले, 'ता' इति यस्मादेवं तस्मादत्र नित्यस्मृत्यादिके प्रयत्ने बुद्धिमता=धीमता अप्रमाद=उद्यमः भवति=वर्तते, कर्तव्य इति गाथार्थः ।।१/३८।।

ટીકાર્થ :-

एवमुक्तन्यायेन ..... गाथार्थः ।। 'एवेत्यादि' પ્રતીક છે. આ રીતે=ઉક્ત ન્યાયથી, નિત્યસ્મૃતિ આદિના યત્નથી અવિદ્યમાન પણ આ=સમ્યક્ત્વનો અને વિરતિનો પરિણામ, થાય છે. વળી, છતો થયેલ જ છે એ 'अपि' શબ્દનો અર્થ છે='असंतोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે અને થયેલો ક્યારેય=કોઈ

પણ કાળમાં, જતો નથી, તે કારણથી=જે કારણથી, આ પ્રમાણે છે અર્થાત્ નિત્ય સ્મૃતિ આદિથી સમ્યક્ત્વ આદિનો પરિણામ પ્રગટ થાય છે અને પ્રગટ થયેલો ક્યારેય પણ જતો નથી તે કારણથી, અહીં=નિત્યસ્મૃતિ આદિ સાત ઉપાયોમાં, બુદ્ધિમાન પુરુષ દ્વારા અપ્રમાદ કર્તવ્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩૮॥

ભાવાર્થ :-

શ્રાવકે સમ્યક્ત્વ ઉચ્ચરાવતા પૂર્વે સમ્યક્ત્વનું પારમાર્થિક સ્વરૂપ જાણવું જોઈએ. દેશવિરતિ ઉચ્ચરાવતા પૂર્વે દેશવિરતિનું પારમાર્થિક સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી જાણવું જોઈએ અને કઈ રીતે સમ્યક્ત્વ અને દેશવિરતિ સર્વવિરતિની પ્રાપ્તિ દ્વારા મોક્ષમાં પર્યવસાન પામે છે, તેનો નિપુણતાપૂર્વક બોધ કરવો જોઈએ અને વ્રત સ્વીકાર્યા પછી તે બોધનું નિત્ય સ્મરણ કરવું જોઈએ અને ગાથા-૩૬-૩૭માં કહ્યું, તે પ્રમાણે તે ગુણોમાં બહુમાન આદિમાં સદા યત્ન કરવો જોઈએ. જેથી ગ્રહણ કરતી વખતે ગુણસ્થાનકનો પરિણામ પ્રકર્ષવાળો ન થયો હોય તો નિત્ય સ્મૃતિ આદિના બળથી કેટલાક કાળ પછી તે પરિણામ પ્રગટે છે; કેમ કે નિત્ય સ્મૃતિ આદિ ક્રિયાઓ તે ગુણસ્થાનકની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપારરૂપે બને છે અને ગુણસ્થાનકનો પરિણામ પ્રગટ થયો હોય તો નિત્ય સ્મૃતિ આદિની ક્રિયા તે પરિણામને અતિશય અતિશયતર કરીને એવો સ્થિર કરે છે કે જેથી તે ગુણસ્થાનકનો પરિણામ ક્યારેય પાત પામે નહિ. તેથી સદ્ગતિની પરંપરાના અર્થી એવા બુદ્ધિમાન પુરુષે નિત્ય સ્મૃતિ આદિમાં નિપુણતા કેળવીને સદા અપ્રમાદભાવથી યત્ન કરવો જોઈએ. **॥૧/૩૮॥**

અવતરણિકા :-

उक्तव्रतानामेव वक्तव्यशेषमुपदर्शयन्नाह–

અવતરણિકાર્થ :-

કહેવાયેલા વ્રતના જ વક્તવ્યશેષને=ઉપયોગી શેષ કથનને, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

एत्थ उ सावयधम्मे पायमणुव्वयगुणव्वयाइं च ।
आवकहियाइं सिक्खावयाइं पुण इत्तराइं ति ।।१/३९।।

છાયા :-

अत्र तु श्रावकधर्मे प्रायः अणुव्रतगुणव्रतानि च ।
यावत्कथिकानि शिक्षाव्रतानि पुन इत्वराणीति ।।१/३९।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં, सावयधम्मे=શ્રાવકધર્મમાં, उ=વળી, पायं=પ્રાયઃ, अणुव्वयगुणव्वयाइं च=અણુવ્રતો અને

ગુણવ્રતો, આવકહિયાइं=જાવજ્જીવ સુધીનાં હોય છે. પુણ=વળી, સિક્ખાવયાइं=શિક્ષાવ્રતો, इत्तराइं=અલ્પ-કાળનાં હોય છે.

'ति' શબ્દ પ્રસ્તુત કથનની પરિસમાપ્તિ અર્થે છે. ।।૧/૩૯।।

ગાથાર્થ :-

અહીં=શ્રાવકધર્મમાં, વળી, પ્રાયઃ અણુવ્રતો અને ગુણવ્રતો જાવજ્જીવ સુધીનાં હોય છે. વળી, શિક્ષાવ્રતો અલ્પકાળનાં હોય છે. ।।૧/૩૯।।

ટીકા :-

વ્યાખ્યા–'एत्थ उ' इत्यादि । अत्रानन्तरोक्ते तुशब्दो विशेषद्योतकः तथाहि–यतिधर्मे महाव्रतानि यावत्कथिकान्येव भवन्ति, अत्र पुनः श्रावकधर्मे श्रमणोपासकचरित्रे प्रायो=बाहुल्येन प्रायोग्रहणाच्चतुर्मासाद्यवधिकान्यपि तानि भवन्ति, अणुव्रतगुणव्रतानि च, इहान्तर्वर्तिनीं विभक्तिमाश्रित्य चशब्दः समुच्चयार्थो द्रष्टव्यः ततश्चाणुव्रतानि उक्तस्वरूपाणि, गुणव्रतानि चोक्तस्वरूपाण्येव किमित्याह–यावत्कथिकानि यावती यत्परिमाणा कथा मनुष्योऽयमित्यादिव्यपदेशरूपा यावत्कथा, तस्यां भवानि यावत्कथिकानि यावज्जीवानीत्यर्थः, शिक्षाव्रतानि पूर्वोक्तस्वरूपाणि पुनःशब्द पूर्ववाक्योक्तार्थापेक्षयोत्तरवाक्योक्तार्थस्य विशेषप्रतिपादनार्थः, इत्वराणि इत्वरकालानि शिक्षाव्रततत्वादेव, शिक्षा ह्यभ्यासः पुनः पुनः प्रतिपत्तिरिति प्रागुक्तम्, तत्र प्रतिदिवसानुष्ठेये सामायिकदेशावकाशिके पुनः पुनरुच्चार्येते इति भावना पोषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ न प्रतिदिनानुष्ठेयौ, इति शब्दः प्रस्तुतार्थपरिसमाप्त्यर्थ इति गाथार्थः ।।१/३९।।

ટીકાર્થ :-

अत्रानन्तरोक्ते ..... गाथार्थः ।। 'एत्थ उ इत्यादि' પ્રતીક છે. અનંતરોક્તમાં=અનંતરમાં કહેવાયેલા શ્રાવકધર્મમાં=શ્રમણોપાસક ચારિત્રમાં પ્રાયઃ બહુલતાએ અણુવ્રતો અને ગુણવ્રતો યાવત્કથિત છે=ઉક્ત સ્વરૂપવાળાં અણુવ્રતો અને ગુણવ્રતો જેટલા પરિમાણરૂપ 'આ મનુષ્ય છે' ઈત્યાદિ વ્યપદેશરૂપ કથા યાવત્કથા એમાં થનારાં યાવત્કથિત=યાવત્જીવન અણુવ્રતો અને ગુણવ્રતો છે. ગાથામાં 'तु' શબ્દ વિશેષણ દ્યોતક છે. તે આ પ્રમાણે – યતિધર્મમાં મહાવ્રતો યાવત્કથિત છે. અહીં વળી શ્રાવકધર્મમાં પ્રાયઃ યાવત્કથિત છે. પ્રાયઃ ગ્રહણથી ચાર માસાદિના અવધિવાળા પણ તે થાય છે=અણુવ્રતો અને ગુણવ્રતો કેટલાક શ્રાવકોને આશ્રયીને થાય છે.

અહીં અંતર્વર્તી વિભક્તિને આશ્રયીને=અણુવ્રત-ગુણવ્રતરૂપ સમાસના અંતર્વર્તી વિભક્તિને આશ્રયીને 'च' શબ્દ સમુચ્ચયવાળો જાણવો અને તેથી અણુવ્રત અને ગુણવ્રત યાવત્કથિત છે, એમ અન્વય છે. પુનઃ શબ્દ પૂર્વમાં વાક્યમાં કહેવાયેલા અર્થની અપેક્ષાએ ઉત્તરના વાક્યમાં કહેવાયેલા અર્થના વિશેષ

પ્રતિપાદનના અર્થવાળો છે. તેથી શિક્ષાવ્રત વળી ઇત્વરકાલવાળા છે; કેમ કે શિક્ષાવ્રતપણું જ છે. શિક્ષા ફરી ફરી પ્રતિપત્તિરૂપ અભ્યાસ છે, એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું. ત્યાં=શિક્ષાવ્રતમાં પ્રતિદિવસ આચરવાયોગ્ય સામાયિક અને દેશાવગાસિક ફરી ફરી ઉચ્ચારણ કરાય છે=સામાયિક લેતી વખતે સામાયિક ઉચ્ચારાય છે અને દેશાવગાસિક વ્રત જેટલા કાળનું લીધું હોય તેટલું પ્રતિદિવસ સંકલ્પ કરીને પચ્ચક્ખાણ ગ્રહણ કરાય છે. વળી, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગરૂપ બે શિક્ષાવ્રતો પ્રતિનિયત દિવસ સેવવાયોગ્ય છે. પરંતુ પ્રતિદિન સેવવાયોગ્ય નથી, 'इति' શબ્દ પ્રસ્તુત અર્થના પરિસમાપ્તિના અર્થવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૩૯॥

ભાવાર્થ :-

વિવેકસંપન્ન શ્રાવક ભાવસાધુના પારમાર્થિક સ્વરૂપને સતત સ્મરણ કરીને તેને અનુરૂપ શક્તિનો સંચય થાય તે રીતે અણુવ્રતો અને ગુણવ્રતો ગ્રહણ કરે અને પ્રાયઃ શક્તિ હોય તો જાવજ્જીવ સુધીનાં અણુવ્રત અને ગુણવ્રતો ગ્રહણ કરે અને ધીરે ધીરે અધિક અધિક સંવર કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે; કેમ કે વિવેકી શ્રાવકને સંસારના અંતની ઉત્કટ ઇચ્છા છે, તેથી સંસારનું રૌદ્ર સ્વરૂપ વિચારીને તેની નિષ્પત્તિના એક કારણભૂત અસંગભાવની શક્તિના સંચય અર્થે સંગમાંથી ઉત્પન્ન થયેલા આરંભ-સમારંભોનો સંકોચ કરીને અસંગની શક્તિની નિષ્પત્તિ અર્થે ગુણવ્રતો અને અણુવ્રતો ગ્રહણ કરે છે. તેથી પ્રાયઃ યાવત્જીવન સુધીનાં અણુવ્રતો અને ગુણવ્રતો ગ્રહણ કરે છે.

વળી, શિક્ષાવ્રત સાધુધર્મના અભ્યાસરૂપ છે. તેથી ઇત્વરકાલ માટે શિક્ષાવ્રતો ગ્રહણ કરે છે. તેમાં પણ સામાયિક અને દેશાવગાસિક વ્રત પ્રતિદિન જેટલો કાળ સેવી શકે તેટલા કાળ સુધી પચ્ચક્ખાણ ગ્રહણ કરીને સામાયિક અને દેશાવગાસિક સેવે છે. વળી, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ પ્રતિદિન શ્રાવક માટે શક્ય નથી. તેથી વિશિષ્ટ દિવસોમાં શ્રાવક તે બે શિક્ષાવ્રતો સેવીને સાધુધર્મની શક્તિનો સંચય કરે છે. **॥૧/૩૯॥**

અવતરણિકા :-

एवं द्वादशविधेऽपि श्रावकधर्मेऽभिहिते संलेखनाभिधानावसरस्तत्राह—

અવતરણિકાર્થ :-

આ રીતે=અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે બાર પ્રકારનો પણ શ્રાવકધર્મ કહેવાયે છતે સંલેખનાના કથનનો અવસર છે. ત્યાં=સંલેખનાના કથનના અવસરમાં કહે છે —

ગાથા :-

संलेहणा य अंते ण णिओगा जेण पव्वयइ कोइ ।
तम्हा णो इह भणिया विहिसेसमिमस्स वोच्छामि ।।१/४०।।

છાયા :-

संलेखना च अन्ते न नियोगाद् येन प्रव्रजति कोऽपि ।
तस्मान् न इह भणिता विधिशेषमस्य वक्ष्यामि ।।१/४०।।

અન્વયાર્થ :-

य=અને, अंते=અંતમાં=જીવનના અંતમાં, णिओगा=નિયમથી, संलेहणा=સંલેખના, ण=નથી. जेण=જે કારણથી, कोइ=કેટલાક=કેટલાક શ્રાવક, पव्वयइ=પ્રવ્રજિત થાય છે=શ્રાવકધર્મ પાળીને પ્રવ્રજિત થાય છે. तम्हा=તે કારણથી, इह=અહીં=સમાસથી શ્રાવકધર્મના પ્રકરણમાં, णो भणिया=કહેવાઈ નથી=સંલેખના કહેવાઈ નથી. इमस्स=આની=શ્રાવકની, विहिसेसं=વિધિશેષને, वोच्छामि=હું કહીશ. ।।૧/૪૦।।

ગાથાર્થ :-

વળી, અંતમાં=જીવનના અંતમાં, નિયમથી સંલેખના નથી. જે કારણથી કેટલાક=કેટલાક શ્રાવક, પ્રવ્રજિત થાય છે=શ્રાવકધર્મ પાળીને પ્રવ્રજિત થાય છે. તે કારણથી અહીં=સમાસથી શ્રાવકધર્મના પ્રકરણમાં, કહેવાઈ નથી=સંલેખના કહેવાઈ નથી. આની=શ્રાવકની, વિધિશેષને હું કહીશ. ।।૧/૪૦।।

ટીકા :-

व्याख्या—'संले' इत्यादि । संलेखना चरमानशनपूर्वा क्रिया आगमप्रसिद्धा, चशब्दः पुनरर्थः, स चैवं योज्यः-श्रावकधर्मेऽधिकृते सम्यक्त्वं व्रतानि च भणितानि, संलेखना पुनर्न भणितेति योगः, अथ कस्मादसौ न भणितेत्याह—अन्ते जीवितव्यावसाने न नियोगान्नावश्यंभावेन श्रावकस्य भवतीति शेषः, एतदेव कथमित्याह—येन=यस्मात्कारणात् प्रव्रजति=प्रव्रज्यां प्रतिपद्यते कोऽपि=कश्चिदपि तथाविधपरिणामयुक्तः श्रावकः । तस्मात्तेन कारणेन तस्यानवश्यंभावलक्षणेन नो=नैव इहात्र समास-श्रावकधर्मप्रकरणे भणिता=प्रतिपादिता किञ्च विधेर्विवक्षितश्रावकानुष्ठानस्य शेष उक्तापेक्षयाऽनुक्तो विधिविशेषस्तम्, अस्य श्रावकस्य वक्ष्येऽभिधास्य इति गाथार्थः ।।१/४०।।

ટીકાર્થ :-

संलेखना ..... गाथार्थः ।। 'संले इत्यादि' પ્રતીક છે. संलेखना=આગમપ્રસિદ્ધ ચરમકાળમાં અનશન પૂર્વની ક્રિયા. 'च' શબ્દ पुनः અર્થવાળો છે, તે આ પ્રમાણે યોજવો — અધિકૃત એવા શ્રાવકધર્મમાં સમ્યક્ત્વ અને વ્રતો કહેવાયાં. વળી, સંલેખના કહેવાઈ નથી, એ પ્રમાણે સંબંધ છે. કયા કારણથી આ=સંલેખના કહેવાઈ નથી. એથી કહે છે — જીવનના અવસાનમાં શ્રાવકને નિયોગથી=અવશ્યંભાવથી નથી. શ્રાવકને થતી નથી, એ અધ્યાહાર છે. આ જ કેમ છે એથી કહે છે=શ્રાવકને અંતે નિયમથી સંલેખના નથી એ જ કેમ છે એથી કહે છે.

જે કારણથી તેવા પ્રકારના પરિણામયુક્ત કોઈક શ્રાવક=દેશવિરતિને પાળીને સર્વવિરતિને અનુકૂળ સંચિત થયેલા પરિણામયુક્ત કોઈક શ્રાવક પ્રવ્રજ્યાને સ્વીકારે છે. તે કારણથી તેને=શ્રાવકને, અવશ્યંભાવરૂપે અહીં=સમાસ શ્રાવકધર્મના પ્રકરણમાં કહેવાઈ નથી જ=સંલેખના કહેવાઈ નથી જ. વળી, આની=શ્રાવકની, વિધિશેષ=વિવક્ષિત શ્રાવકના અનુષ્ઠાનની ઉક્ત અપેક્ષાએ નહિ કહેવાયેલ વિધિવિશેષ, તેને હું કહીશ. ॥૧/૪૦॥

ભાવાર્થ :-

શ્રાવકધર્મ પાળીને અંત સમયે શ્રાવકે અવશ્ય સંલેખના-દ્રવ્યસંલેખના અને ભાવસંલેખના કરવી જોઈએ અર્થાત્ કાયાની સંલેખના અને કષાયોની સંલેખના શ્રાવકે કરવી જોઈએ, જેથી ઉત્તરનો ભવ શ્રેષ્ઠ કોટિનો પ્રાપ્ત થાય. તેથી બાર વ્રતો કહ્યા પછી સંલેખનાના વર્ણનનો અવસર છે; છતાં ઘણા શ્રાવકો પ્રતિદિન શ્રાવકધર્મનું પરિભાવન કરીને દેશવિરતિપાલન દ્વારા સંચિત વીર્યવાળા થાય, તો સર્વવિરતિને સ્વીકારે છે. તેથી સર્વવિરતિના અંતે સંલેખના કરે છે. તેથી શ્રાવકધર્મના પ્રસંગમાં સંલેખનાનું વર્ણન કરવું આવશ્યક હોવા છતાં સંક્ષેપથી શ્રાવકધર્મનું કથન પ્રસ્તુત પંચાશકમાં હોવાથી સંલેખનાનો ઉલ્લેખ કરીને તેની વિધિ બતાવેલ નથી. પરંતુ બાર વ્રતો સ્વીકાર્યા પછી અન્ય શું પ્રતિદિન શ્રાવકને કર્તવ્ય છે, જેથી ગુણસ્થાનકની વૃદ્ધિ શ્રાવક સમ્યક્ કરી શકે, તેને બતાવવાની પ્રતિક્ષા ગ્રંથકારશ્રી કરે છે. **॥૧/૪૦॥**

અવતરણિકા :-

તમેવાહ—

અવતરણિકાર્થ :-

તેને જ=ગાથા-૪૦ના અંતમાં કહ્યું કે શ્રાવકની વિધિશેષને હું કહીશ. તેને જ કહે છે —

ગાથા :-

निवसेज्ज तत्थ सड्ढो साहूणं जत्थ होइ संपाओ ।
चेइयहराइं जम्मि तयण्णसाहम्मिया चेव ।।१/४१।।

છાયા :-

निवसेत् तत्र श्राद्धः साधूनां यत्र भवति सम्पातः ।
चैत्यगृहाणि यस्मिन् च तदन्यसाधर्मिका एव ।।१/४१।।

અન્વયાર્થ :-

सड्ढो=શ્રાવક, तत्थ=ત્યાં, निवसेज्ज=નિવાસ કરે, जत्थ=જ્યાં, साहूणं=સાધુઓનું संपाओ=સંપાત=આગમન, होइ=થાય, य=અને, जम्मि=જેમાં=જે નગર આદિમાં, चेइयहराइं=ચૈત્યગૃહો, चेव=અને तयण्णसाहम्मिया चेव=અન્ય સાધર્મિકો જ વસતા હોય. ॥૧/૪૧॥

ગાથાર્થ :-

શ્રાવક ત્યાં નિવાસ કરે, જ્યાં સાધુનું સંપાત=આગમન, થાય અને જેમાં=જે નગર આદિમાં, ચૈત્યગૃહો અને અન્ય સાધર્મિકો જ વસતા હોય. ।।૧/૪૧।।

ટીકા :-

व्याख्या–'निवे'त्यादि । निवसेदावसेत् तत्र नगरादौ श्राद्धः=श्रावकः साधूनां=यतीनां यत्र नगरादौ भवति=जायते संपात=आगमनम् । तथा चैत्यगृहाणि प्रतीतानि यस्मिन्नगरादौ भवन्तीति गम्यते । तथा तस्मादधिकृतश्रावकादन्येऽपरे ये साधर्मिकाः समानधार्मिकास्ते तदन्यसाधर्मिकाः श्रावकाः चशब्दः समुच्चये, एवकारोऽवधारणे तस्य च तत्रैवेत्येवं सम्बन्धो दृश्यः, अथैवंविधे स्थाने निवसतः किं फलमिति चेदुच्यते-गुणानां वृद्धिः ।

तथा चोक्तं साधुसंपातादिपुरस्काराय–

'साहूण वंदणेणं नासति पावं असंकिया भावा ।
फासुयदाणे निज्जर उवग्गहो नाणमाईणं ।।३४०।।

मिच्छद्दंसणमहणं सम्मद्दंसणविसुद्धिहेउं च ।
चिइवंदणाइविहिणा पन्नत्तं वीयरागेहिं ।।३४१।।

साहम्मियथिरकरणे वच्छल्ले सासणस्स सारो त्ति ।
मग्गसहायत्तणओ तहा अणासो य धम्माओ ।।३४२।।' **[श्रावकप्रज्ञप्ति ३४०-३४२]**

इति गाथार्थः ।।१/४१।।

ટીકાર્થ :-

निवसेत् ..... गाथार्थः ।। 'निवेत्यादि' પ્રતીક છે. તે નગર આદિમાં શ્રાવક નિવાસ કરે, જ્યાં સાધુઓનું આગમન થાય છે અને જે નગર આદિમાં પ્રતીત એવાં ચૈત્યગૃહો હોય છે. ગાથામાં ચૈત્યગૃહ પછી 'भवन्ति' અધ્યાહાર છે. અને તેનાથી=અધિકૃત શ્રાવકથી, અન્ય જે સાધર્મિકો=સમાન ધાર્મિકો તે અન્ય સાધર્મિકો=શ્રાવકો. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. 'एवकार' શબ્દ અવધારણમાં છે અને તેનું=એવકારનું ત્યાં જ એ પ્રકારનો સંબંધ જાણવો.

તેનાથી શું પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

આવા પ્રકારના સ્થાનમાં જ શ્રાવકે વસવું જોઈએ.

આવા પ્રકારના સ્થાનમાં વસતા શ્રાવકને શું ફળ મળે ? એથી કહે છે –

ગુણોની વૃદ્ધિ પ્રાપ્ત થાય અને તે રીતે સાધુના સંપાત આદિના પુરસ્કાર માટે કહેવાયું છે=સાધુના

આગમન આદિનું મહત્ત્વ બતાવવા માટે કહેવાયું છે –

"સાધુઓના વંદનથી પાપનો નાશ થાય છે. અશંકિત ભાવો થાય છે=ધર્મના શ્રવણને કારણે તત્ત્વના વિષયમાં અશંકિત પરિણામો થાય, પ્રાસુકના દાનમાં નિર્જરા થાય છે. જ્ઞાનાદિનો ઉપકાર થાય છે=સાધુને નિર્દોષ આહારાદિના દાનથી તેઓને જ્ઞાનાદિમાં ઉપકાર થાય છે. મિથ્યાદર્શનનું મથન થાય છે અને વિધિથી ચૈત્યવંદનાદિ સમ્યગ્દર્શનની વિશુદ્ધિનો હેતુ વીતરાગ વડે કહેવાયો છે. સાધર્મિકના સ્થિરીકરણમાં વાત્સલ્ય શાસનનો સાર છે. માર્ગના સહાયપણામાં તે પ્રકારે ધર્મનો અનાશ. ॥૩૪૦-૩૪૧-૩૪૨॥" **(શ્રાવકપ્રજ્ઞપ્તિ૦ શ્લોક-૩૪૦-૩૪૨)**

એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૪૧॥

ભાવાર્થ :-

શ્રાવકનાં બાર વ્રતો અતિચારપૂર્વક બતાવ્યાં. તેનું સમ્યક્ પાલન કરવા શ્રાવકે શું કરવું જોઈએ ? તે બતાવે છે –

વિવેકસંપન્ન શ્રાવકે જે નગરમાં ઉત્તમ સુવિહિત સાધુઓનું વારંવાર આગમન થતું હોય, ત્યાં નિવાસ કરવો જોઈએ. જેથી સુસાધુના ઉત્તમ આચારો જોઈને અને તેઓનું નિરુપદ્રવ ચિત્ત જોઈને તેમના પ્રત્યે ભક્તિ થાય છે. તેથી તેઓમાં વર્તતા ગુણોના સ્મરણપૂર્વક વંદન કરવાથી પાપ નાશ પામે છે. વળી, સુસાધુઓ પાસેથી તત્ત્વની વાતો સાંભળવા મળે છે. જેથી ભગવાનના વચનનાં રહસ્યો યુક્તિથી અને અનુભવથી સ્પષ્ટ સ્પષ્ટતર જણાય છે. જેથી આત્મામાં તત્ત્વના વિષયમાં નિઃશંકતા આવે છે. વળી, સુસાધુના ઉત્તમ સંયમ પ્રત્યે ભક્તિપૂર્વક પ્રાસુક અન્નાદિનું દાન કરવાથી તેઓના ગુણો પ્રત્યેના બહુમાન અનુસાર તેવા ગુણોની પ્રાપ્તિમાં બાધક કર્મની નિર્જરા થાય છે. વળી, સાધુને આહારાદિ દાન કરવાથી તેઓના જ્ઞાન-દર્શન-ચારિત્રનો ઉપકાર થાય છે અર્થાત્ તેઓમાં વર્તતા જ્ઞાનાદિ ભાવો વૃદ્ધિ પામે છે. તેથી વિવેકી શ્રાવકે વ્રત ગ્રહણ કર્યા પછી તેવા જ નગરમાં વસવું જોઈએ. જેથી ઉત્તમ મહાત્માઓનો યોગ થાય.

વળી, શ્રાવકે તે નગરમાં વસવું જોઈએ કે જ્યાં ઘણાં ચૈત્યગૃહો હોય. તેથી પ્રસંગે પ્રસંગે નગરમાં વર્તતાં ચૈત્યગૃહોની ભક્તિ કરવાથી મિથ્યાદર્શનનું મથન થાય છે; કેમ કે ચૈત્યના દર્શનથી વીતરાગની મુદ્રાનું સ્મરણ થવાથી વીતરાગના પારમાર્થિક ભાવ વિષયક સૂક્ષ્મ ઊહ પ્રવર્તે છે, જેનાથી મિથ્યાત્વ મોહનીય સત્તામાં રહેલું ક્ષીણ ક્ષીણતર થાય છે.

વળી, વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ સમ્યગ્દર્શનની વિશુદ્ધિના હેતુ છે, એમ ભગવાને કહ્યું છે. તેથી જ્યાં ચૈત્યગૃહો હોય તેવા નગરમાં વસવાથી શ્રાવક વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ કરીને સમ્યગ્દર્શનની વિશુદ્ધિને પ્રાપ્ત કરે છે, માટે તેવા નગરમાં જ શ્રાવકે વસવું જોઈએ, જ્યાં ઘણાં ચૈત્યો હોય.

વળી, જે નગરમાં તત્ત્વને જાણનારા ઘણા સાધર્મિકો હોય તેવા નગરમાં વસવું જોઈએ. તેથી તેવા ઉત્તમ સાધર્મિકો દ્વારા માર્ગમાં સ્થિરીકરણની પ્રાપ્તિ થાય. વળી, તેવા ગુણવાન શ્રાવકો પ્રત્યે ભક્તિના પરિણામરૂપ વાત્સલ્ય થાય, જે ભગવાનના શાસનનો સાર છે.

વળી, તેવા સાધર્મિકો સાથે વસવાથી માર્ગમાં સહાયકપણાને કારણે-રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ અંતરંગ

માર્ગગમનમાં તેવા સાધર્મિકોની સહાયતાને કારણે ધર્મથી ધ્વંસ ન થાય તેવું સ્થિરીકરણ થાય છે, માટે કલ્યાણના અર્થી જીવે જ્યાં કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય, તેવા જ નગરમાં નિવાસ કરવો જોઈએ. **॥૧/૪૧॥**

अवतरणिका :-

तत्रापि निवसतः प्रतिदिनकर्तव्यमाह–

અવતરણિકાર્થ :-

ત્યાં પણ=તેવા ઉત્તમ નગરમાં વસતા શ્રાવકે પ્રતિદિન શું કરવું જોઈએ ? એને કહે છે –

ગાથા :-

णवकारेण विबोहो अणुसरणं सावओ वयाइं मे ।
जोगो चिइवंदणमो पच्चक्खाणं च विहिपुव्वं ।।१/४२।।

छाया :-

नमस्कारेण विबोधोऽनुस्मरणं श्रावकः व्रतानि मम ।
योगः चैत्यवन्दनं प्रत्याख्यानं च विधिपूर्वम् ।।१/४२।।

अन्वयार्थ :-

णवकारेण=નવકારથી, विबोहो=જાગરણ, सावओ=હું શ્રાવક છું, मे=મારા, वयाइं=વ્રતો છે એનું, अणुसरणं=અનુસ્મરણ, जोगो=યોગ, चिइवंदणमो=ચૈત્યવંદન, च=અને, विहिपुव्वं=વિધિપૂર્વક, पच्चक्खाणं= પ્રત્યાખ્યાન કરવું જોઈએ. ।।૧/૪૨।।

ગાથાર્થ :-

નવકારથી જાગરણ, શ્રાવક છું, મારાં વ્રતો છે એનું અનુસ્મરણ, યોગ=માત્રુ આદિનું કરવું, ચૈત્યવંદન અને વિધિપૂર્વક પ્રત્યાખ્યાન કરવું જોઈએ. ।।૧/૪૨।।

ટીકા :-

व्याख्या–'णवे'त्यादि । नमस्कारेण परमेष्ठिपञ्चनमस्क्रियया आत्यन्तिकतद्बहुमानकार्यभूतया परम-मङ्गलार्थया वा विबोधो जागरणं, कार्य इति शेषः एवमुत्तरत्रापि, इह चाविशेषेणैके नमस्कारपाठं प्ररूपयन्ति ।

अन्ये आहुः–

'नवकारचिंतणं माणसम्मि सेज्जागएण कायव्वं ।
सुत्ताविणयपवित्ती निवारिया होइ एवं तु ।।१।।' ()

तथानुस्मरणमनुचिन्तनं सदसत्कर्तव्यप्रवृत्तिहेतुभूतम्, किंस्वरूपं तदित्याह—श्रावकः=श्राद्धोऽहम्, तथा व्रतान्यणुव्रतादिनियमा मे मम सन्तीति विशेषः । उपलक्षणं चैतत्, तेनादःकुलोऽहमदःशिष्यश्चेत्यादि द्रव्यतः, अमुत्र ग्रामगृहादाविति क्षेत्रतः, प्रभातमिदमित्यादि कालतः मूत्रादिबाधानां का बाधेत्यादि भावतः, ततो योगः=कायिकोत्सर्गशौचादिरूपो व्यापारः, एवं हि देहबाधापरिहारतः समाधेश्चैत्यवन्दनादीनां भावानुष्ठानता ततश्चैत्यवन्दनं पूजापुरस्सरमर्हद् बिम्बवन्दनम्, 'उ' इति निपातो गाथापूरणार्थः, ततः प्रत्याख्यानमागमप्रसिद्धम् चशब्दः समुच्चये विधिपूर्वमागमिकविधानपुरस्सरं, न तु यथाकथञ्चित् एतच्च विशेषणं चैत्यवन्दने प्रत्याख्याने च सम्बन्धनीयं विधिश्च तयोस्तत्प्रकरणयोर्वक्ष्यमाणः । इति गाथार्थः ।।१/४२।।

ટીકાર્થ :-

નમસ્કારેણ ..... ગાથાર્થઃ ।। 'णवेत्यादि' પ્રતીક છે. આત્યંતિક તેના બહુમાનના કાર્યભૂત પરમેષ્ઠિ પંચના નમસ્કારની ક્રિયાથી વિબોધ=જાગરણ, કરવું જોઈએ અથવા પરમ મંગલાર્થપણાથી નમસ્કાર વડે જાગવું જોઈએ. એ રીતે ઉત્તરત્ર પણ=જે રીતે નવકારથી જાગૃત થવું જોઈએ એ રીતે ઉત્તરત્ર પણ, જાગૃત થઈને પ્રયત્ન કરવો જોઈએ અને અહીં એક આચાર્ય અવિશેષથી નમસ્કારના પાઠને બોલવાનું કહે છે. વળી, અન્ય કહે છે –

"નવકારનું ચિંતવન શય્યાગત એવા પુરુષ વડે મનમાં કરવું જોઈએ. વળી, એ રીતે=શય્યાગત પુરુષ વડે નવકારનું ચિંતવન મનમાં કરે એ રીતે, સૂત્રના અવિનયની પ્રવૃત્તિ નિવારિત થાય છે. ।।૧।।" ()

અને અનુસ્મરણ કરવું જોઈએ=સત્ અસત્ કર્તવ્યની પ્રવૃત્તિના હેતુભૂત એવું અનુચિંતવન કરવું જોઈએ.

કેવા સ્વરૂપવાળું તે=અનુચિંતવન, છે ? એને કહે છે –

'ભગવાનના વચનમાં રુચિવાળો શ્રાવક હું છું' અને 'વ્રતો=અણુવ્રતાદિ નિયમો, મારાં છે' અને આ=વ્રતો મારાં છે એ, ઉપલક્ષણ છે તેથી 'આ કુલવાળો હું છું', 'આનો શિષ્ય હું છું' ઈત્યાદિ દ્રવ્યથી, 'અમુક ગ્રામ, ગૃહાદિમાં હું છું' એ પ્રમાણે ક્ષેત્રથી, 'પ્રભાત આ છે' ઈત્યાદિ કાલથી, 'મૂત્રાદિ બાધામાં કઈ બાધા છે ?' ઈત્યાદિ ભાવથી અનુચિંતવન કરે. ત્યારપછી યોગ=કાયિકઉત્સર્ગ શૌચાદિરૂપ વ્યાપાર, કરે=મલમૂત્રાદિની બાધાનો પરિહાર કરે. આ રીતે મૂત્રાદિની બાધાના પરિહારથી સમાધિને કારણે ચૈત્યવંદન આદિની ભાવ અનુષ્ઠાનતા થાય. ત્યારપછી ચૈત્યવંદન કરે=પૂજાપૂર્વક અર્હત્ બિંબને વંદન કરે. ગાથામાં 'उ' શબ્દ ગાથાના પૂરણ અર્થવાળો નિપાત છે. ત્યારપછી=ચૈત્યવંદન કર્યા પછી, આગમપ્રસિદ્ધ પચ્ચક્ખાણ ગ્રહણ કરે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

કઈ રીતે ચૈત્યવંદન અને પ્રત્યાખ્યાન કરે ? એથી કહે છે –

વિધિપૂર્વક=આગમમાં બતાવેલી વિધિપૂર્વક કરે, પરંતુ યથાકથંચિત્ ન કરે, અને આ=વિધિપૂર્વક

એ વિશેષણ ચૈત્યવંદનમાં અને પ્રત્યાખ્યાનમાં સંબંધનીય છે. તે બેની=તેના પ્રકરણની, વિધિ વક્ષ્યમાણ છે=આગળમાં કહેવાશે એ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૧/૪૨॥

ભાવાર્થ :-

શ્રાવકે પ્રતિદિન શું કરવું જોઈએ ? જેથી શ્રાવકધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિને અનુકૂળ બળસંચયનું કારણ બને, તે બતાવવા માટે કહે છે –

વિવેકી શ્રાવક પંચપરમેષ્ઠિના પારમાર્થિક સ્વરૂપને હંમેશાં અત્યંત ભાવન કરે છે અને આ પાંચ પદોમાં જ જીવની સુંદર અવસ્થા તેને જણાય છે; કેમ કે તીર્થંકરો ઘાતિકર્મના ક્ષયથી અને પુણ્યના પ્રકર્ષથી જગતમાં સર્વોત્તમ ઉપકારી પુરુષ છે, સિદ્ધ ભગવંતો પૂર્ણ સુખમય, સુંદર અવસ્થાવાળા છે અને આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ સતત અપ્રમાદપૂર્વક ઘાતિકર્મનો ક્ષય કરીને વીતરાગ થવા માટે સર્વ શક્તિથી ઉદ્યમ કરનારા ઋષિઓ છે. તેથી તેઓ પ્રત્યે શ્રાવકને અત્યંત બહુમાન વર્તે છે અને તેવી અવસ્થાની પ્રાપ્તિની જ ઉત્કટ ઇચ્છા છે. તેથી તેઓ પ્રત્યેના બહુમાનભાવથી ભાવિત થઈને તેના કાર્યરૂપે જાગતાની સાથે જ નમસ્કારનું સ્મરણ કરે છે; જેના દ્વારા પરમ ગુણસમૃદ્ધિથી શ્રેષ્ઠી એવા પાંચનું સ્મરણ થાય છે. જે આત્મા માટે પરમ મંગલરૂપ છે અને તે રીતે મંગલના પરિણામપૂર્વક શ્રાવક જાગે છે. આ વિષયમાં કેટલાક આચાર્ય પથારીમાં સૂતા સૂતા કે બેઠા બેઠા અનુકૂળતા અનુસાર નમસ્કારનો પાઠ કરવાનું કહે છે.

વળી, અન્ય આચાર્ય કહે છે કે શય્યામાં રહેલા જ મનમાં નવકારનું સ્મરણ કરવું જોઈએ. જેથી સૂતા સૂતા બોલવાને કારણે સૂત્રના અવિનયની પ્રવૃત્તિનું નિવારણ થાય છે. વળી, નવકારનું સ્મરણ કર્યા પછી પોતે શ્રાવક છે, પોતાનાં કયાં અણુવ્રતો છે ? અને તે અણુવ્રતોનું હું સમ્યક્ પાલન કરું છું કે નથી કરતો ?, તેનું સ્મરણ કરવું જોઈએ, જેથી મૂઢની જેમ દિવસો પસાર થાય નહિ પરંતુ દેશવિરતિનું સમ્યક્ પાલન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય.

વળી, શ્રાવક વિચારે કે હું આ કુળનો છું, મારા કુળને કલંક લાગે તેવી કોઈ પ્રવૃત્તિ મારાથી થવી જોઈએ નહિ. વળી, હું કોઈક ગુરુના શિષ્યભાવને સ્વીકારેલો છું; કેમ કે સમ્યક્ત્વ કે દેશવિરતિ ઉચ્ચરાવતી વખતે ગુણવાન ગુરુને મેં આત્મસમર્પણ કર્યું છે અને તેઓએ મને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે રીતે સમ્યક્ત્વને અને દેશવિરતિને સ્થિર કરવાનો આદેશ આપ્યો છે તે પ્રમાણે જો હું કરું નહિ તો મારા શિષ્યભાવને કલંક લાગે. આ પ્રકારે વિચારવાથી ગુણવાન ગુરુના અનુશાસન નીચે પ્રતિદિન જીવવાને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય છે. જેથી સંસારનો નિસ્તાર સુખપૂર્વક શ્રાવક કરી શકે છે.

વળી, ક્ષેત્રથી પોતે કયા ક્ષેત્રમાં છે ? તેનું સ્મરણ કરે છે. જેથી ઊઠીને માત્રુ આદિ માટે કે અન્ય કાર્ય માટે જાય ત્યારે નિદ્રાને વશ કોઈ સ્થાને અથડાય નહિ.

વળી, શ્રાવક આ કયો કાળ છે ? તેનો વિચાર કરે, જેથી પ્રભાત આદિ કાળનું ઉચિત કૃત્ય કરવાનું સ્મરણ થાય. વળી, તે મળ-મૂત્રાદિની બાધા છે કે નહિ ? તેનું સ્મરણ કરીને તેનો ઉચિત રીતે ત્યાગ કરે, જેથી દેહની બાધાનો પરિહાર થાય તથા શરીરની સ્વસ્થતાને કારણે મન પણ સ્વસ્થ રહે; જેથી ઉત્તરમાં

ચૈત્યવંદન આદિ ઉચિત કૃત્યો કરવામાં દેહની બાધાથી વ્યાઘાત થાય નહિ અને ચૈત્યવંદન અને પચ્ચક્ખાણ વિધિપૂર્વક કરીને શ્રાવક ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ ઉચિત ભાવો કરી શકે. **॥૧/૪૨॥**

અવતરણિકા :-

ततः—

અવતરણિકાર્થ :-

ત્યારપછી=પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે નમસ્કાર મંત્રના સ્મરણપૂર્વક જાગ્યા પછી જે ઉચિત કૃત્યો હતા તે કર્યા ત્યારપછી, શ્રાવક શું કરે છે ? તે બતાવે છે —

ગાથા :-

तह चेईहरगमणं सक्कारो वंदणं गुरुसगासे ।
पच्चक्खाणं सवणं जइपुच्छा उचियकरणिज्जं ।।१/४३।।

છાયા :-

तथा चैत्यगृहगमनं सत्कारो वन्दनं गुरुसकाशे ।
प्रत्याख्यानं श्रवणं यतिपृच्छा उचितकरणीयम् ।।१/४३।।

અન્વયાર્થ :-

तह चेईहरगमणं=તે પ્રકારે ચૈત્યગૃહગમન કરે=જે પ્રકારે ભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે વિધિપૂર્વક ચૈત્યગૃહમાં જાય. सक्कारो=સત્કાર=જિનપ્રતિમાનો સત્કાર કરે, वंदणं=વંદન=ચૈત્યવંદન કરે. गुरुसगासे=ગુરુ સમીપે, पच्चक्खाणं=પ્રત્યાખ્યાન કરે, सवणं=શ્રવણ કરે=શાસ્ત્રનું શ્રવણ કરે, जइपुच्छा=યતિની પૃચ્છા કરે (અને), उचियकरणिज्जं=ઉચિત કરણ કરે. ॥૧/૪૩॥

ગાથાર્થ :-

તે પ્રકારે ચૈત્યગૃહગમન કરે=જે પ્રકારે ભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે વિધિપૂર્વક ચૈત્યગૃહમાં જાય. સત્કાર=જિનપ્રતિમાનો સત્કાર કરે, વંદન=ચૈત્યવંદન કરે. ગુરુ સમીપે પ્રત્યાખ્યાન કરે, શ્રવણ કરે=શાસ્ત્રનું શ્રવણ કરે, યતિની પૃચ્છા કરે અને ઉચિત કરણ કરે. ॥૧/૪૩॥

ટીકા :-

व्याख्या—'तहे'त्यादि । तथा=तेन प्रकारेण विधिपूर्वकलक्षणेन चैत्यगृहगमनं=जिनबिम्बभवने यानं प्रवेशश्च, तत्र यानविधिः—'सव्वाइ इड्ढीए सव्वाए दित्तीए सव्वाए जुत्तीए सव्वसमुदएणं' **[औपपातिक० सूत्र-३१] इत्यादिः, एवं हि प्रवचनप्रभावना कृता भवति, प्रवेशविधिस्तु—**'सचित्ताणं दव्वाणं विउसरणाए, अचित्ताणं दव्वाणं अविउसरणाए, एगसाडिएणं उत्तरासंगेणं, चक्खुफासे अंजलिपग्गहेणं, मणसो एगत्तीभावेणं'

[औपपातिक० सूत्र-३२] ति तत्र च सत्कारो माल्यादिभिरभ्यर्चनमर्हत्प्रतिमाया इति गम्यते, वंदनं प्रसिद्धविधिना चैत्यवन्दनम्, ततो गुरुसकाशे=गुरुसमीपे प्रत्याख्यानं=स्वयंगृहादिगृहीतप्रत्याख्यानस्य गुरुसाक्षिकत्वविधानमित्यर्थः ततः श्रवणमाकर्णनं गुरुसकाश एवागमस्येति गम्यते, एवं हि सत्क्रिया-निबन्धनं सद्बोधो भवति, ततो यतिपृच्छा साधुशरीरसंयमवार्तापृच्छनम्, एवं हि विनयः प्रयुक्तो भवति तत्र चोचितकरणीयं विहितकर्तव्यं यतेर्ग्लानत्वादावौषधप्रदानोपदेशादि विधेयम्, अन्यथा पृच्छाया नातिसार्थकता स्यादिति गाथार्थः ।।१/४३।।

ટીકાર્થ :-

तथा ..... गाथार्थः ।। 'तहेत्यादि' પ્રતીક છે. અને વિધિપૂર્વકતારૂપ તે પ્રકારથી ચૈત્યગૃહમાં ગમન=જિનબિંબના ભવનમાં ગમન અને પ્રવેશ.

ત્યાં=જિનબિંબના ભવનમાં, ગમનના પ્રવેશના વિષયમાં ગમનવિધિ આ પ્રમાણે છે –

"સર્વ ઋદ્ધિથી, સર્વ દીપ્તિથી, સર્વ યુક્તિથી, સર્વ સમુદાયથી" (औपपातिक० सूत्र-३१) ઇત્યાદિ છે.

હિ=જે કારણથી, આ રીતે=સર્વ ઋદ્ધિથી ચૈત્યગૃહમાં જાય તે રીતે, પ્રવચનપ્રભાવના કરાયેલી થાય છે.

વળી, પ્રવેશવિધિ આ પ્રમાણે છે –

"સચિત્ત દ્રવ્યનો ત્યાગ, અચિત્ત દ્રવ્યનો અત્યાગ, એક સાટિકાવાળા ઉત્તરાસન વડે, ચક્ષુથી દર્શન થયે છતે અંજલિમાં જોડવાપૂર્વક મનનો એકાગ્ર ભાવ કરવાથી પ્રવેશ કરે." (औपपातिक० सूत्र-३१) અને ત્યાં=જિન-ચૈત્યગૃહોમાં, જિનપ્રતિમાનો સત્કાર કરે=માલ્યાદિથી પૂજન કરે. ગાથામાં અર્હત્ પ્રતિમાનો એ શબ્દ અધ્યાહાર છે. પ્રસિદ્ધ વિધિથી ચૈત્યવંદન કરે. ત્યારપછી ગુરુ સમીપે પ્રત્યાખ્યાન કરે. સ્વયં ગૃહાદિમાં ગ્રહણ કરાયેલા પ્રત્યાખ્યાનનું ગુરુ સાક્ષિકત્વનું ગ્રહણ કરે. ત્યારપછી ગુરુ પાસે આગમનું શ્રવણ કરે. 'આગમનું' એ શબ્દ અધ્યાહાર છે. હિ=જે કારણથી, આ રીતે=આગમનું શ્રવણ કરે એ રીતે, સત્ક્રિયાનું કારણ એવો સદ્બોધ થાય છે. ત્યારપછી યતિપૃચ્છા કરે=સાધુના શરીર અને સંયમની વાર્તાનું પૃચ્છન કરે. જેનાથી વિનય કરાયેલો થાય છે અને ત્યાં=સાધુના વિષયમાં, ઉચિત કરણી કરે=સાધુના ગ્લાનત્વ આદિમાં ઔષધપ્રદાન ઉપદેશ આદિ કરવું જોઈએ=ઔષધ આપવું જોઈએ અને રોગ વિષયક પોતાને જ્ઞાન હોય તો ઉચિત ઉપદેશ આપવો જોઈએ અન્યથા=પ્રતિપૃચ્છા કર્યા પછી ઉચિત કૃત્ય ન કરે તો, પૃચ્છાની અતિસાર્થકતા થાય નહિ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૪૩।।

ભાવાર્થ :-

શ્રાવક ગૃહચૈત્યમાં પૂજા વગેરે કર્યા પછી ચૈત્યાલયમાં જાય=સંઘના ચૈત્યાલયમાં જાય અને ઋદ્ધિમાન શ્રાવક ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય તે રીતે સર્વ સમૃદ્ધિથી સર્વ પ્રકારની દીપ્તિથી અને સર્વ પ્રકારે

ઉચિત વિધિથી ઘરની સર્વ વ્યક્તિઓ સાથે જાય. તેથી ભગવાનના શાસનની પ્રભાવના પણ થાય અને ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય પણ થાય; કેમ કે વિવેકી શ્રાવક લોકોત્તમ પુરુષના ગુણોથી અત્યંત પ્રભાવિત હોય છે અને લોકોત્તમ પુરુષ એવા તીર્થંકરોની આ પ્રતિમા છે, એ પ્રકારના સ્મરણથી તેમના પ્રત્યે વધતા જતા બહુમાનથી ચૈત્યાલયમાં જાય ત્યારે તેને પોતાના જીવનનું સાફલ્ય દેખાય છે અને અત્યંત ભગવાનના ગુણોમાં ચિત્તને એકાગ્ર કરીને વિધિપૂર્વક જિનમંદિરમાં પ્રવેશ કરે છે અને ત્યાં ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે, તે વખતે પરમ ગુરુ એવા ભગવાનના ગુણોથી શ્રાવકનું ચિત્ત સતત વાસિત થાય છે. તેથી ભક્તિનો પરિણામ સતત પ્રવર્ધમાન બને છે અને પૂજા કર્યા પછી ભગવાનના સાક્ષાત્ ગુણોની સ્તુતિરૂપ ચૈત્યવંદન કરે છે. ત્યારપછી જો ગુરુ ત્યાં વિદ્યમાન હોય તો તેમની પાસે જઈને પૂર્વમાં ગ્રહણ કરાયેલું પચ્ચક્ખાણ ફરીથી ગુરુ પાસે ગ્રહણ કરે છે. જેનાથી સંવેગપૂર્વક ગ્રહણ કરાયેલા પચ્ચક્ખાણને કારણે અને ગુરુના મુખથી સંવેગપૂર્વક પચ્ચક્ખાણના શ્રવણને કારણે સતત ભાવોની વૃદ્ધિ થાય છે. જેથી ગુણસ્થાનકની વૃદ્ધિની પ્રાપ્તિ થાય છે.

વળી, ગુરુ પાસે આગમનું શ્રવણ કરે. જેથી સાધ્વાચારના વિષયક સૂક્ષ્મ પદાર્થનો બોધ થાય કે શ્રાવકના આચારના વિષયમાં સૂક્ષ્મ પદાર્થનો બોધ થાય. જેનાથી સત્ક્રિયાનું કારણ એવો વિશિષ્ટ બોધ થાય છે. જેનાથી શ્રાવક સુખપૂર્વક અતિ વિવેકવાળી ક્રિયાઓ કરીને સંસારસાગરને તરી શકે છે.

વળી, સુસાધુની સંયમની પૃચ્છા અને શરીરની પૃચ્છા કરવી જોઈએ; જેથી તેઓની સંયમની આરાધનામાં અપ્રમાદ વર્તે છે. તે જાણીને સંયમ પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે અને શરીરમાં કોઈ બાધા વર્તતી હોય તો તેના નિવારણ માટે શ્રાવક ઉચિત યત્ન કરે. જેથી સુસાધુઓ સંયમની વિશિષ્ટ આરાધના કરીને શીઘ્ર સંસારથી નિસ્તાર પામી શકે અને પોતે પણ તેઓની ભક્તિ કરીને સંયમની શીઘ્ર પ્રાપ્તિ કરી શકે. **॥૧/૪૩॥**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

ત્યારપછી શ્રાવક શું કરે ? તે બતાવે છે –

ગાથા :-

अविरुद्धो ववहारो काले तह भोयणं च संवरणं ।
चेइहरागमसवणं सक्कारो वंदणाई य ।।१/४४।।

છાયા :-

अविरुद्धो व्यवहारः काले तथा भोजनं च संवरणम् ।
चैत्यगृहागमश्रवणं सत्कारो वन्दनादि च ।।१/४४।।

અન્વયાર્થ :-

અવિરુદ્ધો વવહારો=અવિરુદ્ધ વ્યવહાર=આજીવિકા નિમિત્તે નીતિપૂર્વક ધનઅર્જનની ક્રિયા કરે, કાલે=કાળે=ઉચિત કાળે, તહ=તે પ્રકારે, ભોયણં=ભોજન કરે, ચ=અને, સંવરણં=સંવરણ=ઉચિત પચ્ચક્ખાણ ગ્રહણ કરે. (ત્યારપછી) ચેઇહરાગમસવણં=ચૈત્યગૃહમાં ગમન, શાસ્ત્રનું શ્રવણ, સક્કારો=સત્કાર=ભગવાનની પ્રતિમાનો સત્કાર, ય=અને, વંદણાઈ=વંદનાદિ કરે. ।।૧/૪૪।।

ગાથાર્થ :-

અવિરુદ્ધ વ્યવહાર=આજીવિકા નિમિત્તે નીતિપૂર્વક ધનઅર્જનની ક્રિયા કરે, કાળે=ઉચિત કાળે, તે પ્રકારે ભોજન કરે અને સંવરણ=ઉચિત પચ્ચક્ખાણ ગ્રહણ કરે. ત્યારપછી ચૈત્યગૃહમાં ગમન, શાસ્ત્રનું શ્રવણ, સત્કાર=ભગવાનની પ્રતિમાનો સત્કાર, અને વંદનાદિ કરે. ।।૧/૪૪।।

ટીકા :-

વ્યાખ્યા—'अवी'त्यादि । अविरुद्धः प्रागुपदर्शितपञ्चदशकर्मादानपरिहारतोऽनवद्यप्रायो व्यवहारो वृत्तिनिमित्तप्रवृत्तिः कार्य इति शेषः अन्यथा धर्मबाधा प्रवचनहीला च स्यादिति । काले शरीरारोग्यानुगुणे प्रत्याख्यानतीरितत्वसमयस्वरूपे वा अकालभोजने हि धर्मकाययोर्बाधा स्यादिति तथा तेन भणितप्रकारेण

तद्यथा—

'जिणपूयोचियदाणं परियरसंभालणा उचियकिच्चं ।
ठाणुववेसो य तहा पच्चक्खाणस्स संभरणं ।।१।।' [ ] **इत्यादि ।**

भोजनमाहाराभ्यवहारः प्रकारान्तरभोजने ह्यधर्म एव चशब्दः समुच्चये संवरणं तदनन्तरं संभवतो ग्रन्थिसहितादेः प्रत्याख्यानस्य ग्रहणम्, प्रमादपरिजिहीर्षोर्हि प्रत्याख्यानं विना न युक्तं क्षणमप्यासितुम्, ततोऽवसरे चैत्यगृहागमश्च प्रतीतः, श्रवणं च साधुसमीपे जिनागमाकर्णनं चैत्यगृहागमश्रवणम् अथवा चैत्यगृहे आगमस्य श्रवणमिति विग्रहः, चैत्यगृहे हि प्राय आगमव्याख्यानं भवतीत्यागमव्याख्यान-स्थानान्तरोपलक्षणार्थं चैत्यगृहग्रहणम् । यदाह—

'जत्थ पुण अनिस्सकडं पूरिंति तहिं समोसरणं ।।१८०५।। [**बृहत्कल्प० १८०५ उत्तरार्ध**]
पूरिंति समोसरणं अन्नासइ णिस्सचेइएसुं पि ।
इहरा लोगविरुद्धं सद्धाभंगो य सड्ढाणं ।।१८०७।।' [**बृहत्कल्प-१८०७**]

ટીકાર્થ :-

अविरुद्धः ..... सड्ढाणं । 'अवीत्यादि' प्रतीक छे. अविरुद्ध=पूर्वमां बतावेल पंदर कर्मादानना परिहारथी अनवद्यप्रायः=अल्पसावद्यवाळो व्यवहार=आजीविका निमित्तक प्रवृत्ति श्रावके करवी जोईओ. अन्यथा=

કર્માદાન આદિ સેવન કરે અથવા આજીવિકાના નિમિત્ત હેતુક પ્રવૃત્તિ ન કરે તો ધર્મની બાધા અને પ્રવચનની હીલના થાય=વિવેકી શ્રાવક આજીવિકાની ચિંતા ન કરે તો ક્લેશ થવાને કારણે ધર્મની બાધા થાય અને શિષ્ટ લોકોને જણાય કે જૈનો ઉચિત વિવેકવાળા નથી. જેથી આજીવિકાની પણ ચિંતા કરતા નથી. તેથી પ્રવચનનિંદા થાય.

કાલે=શરીરના આરોગ્યના અનુકૂળ એવા કાળે અથવા પચ્ચક્ખાણના પૂર્ણ થવા સ્વરૂપ કાળે ભોજન કરે. હિ=જે કારણથી, અકાળે ભોજનમાં ધર્મ અને કાયાને બાધા થાય અને તે પ્રકારે=કહેવાયેલા એવા તે પ્રકારથી ભોજન કરવું જોઈએ, એમ અન્વય છે. તે આ પ્રમાણે –

જિનપૂજા, ઉચિત દાન, પરિવારની સંભાળણા, ઉચિત કૃત્યનું કરણ, સ્થાનમાં ઉપવેસન=ભોજનના ઉચિત સ્થાનમાં બેસવું અને પચ્ચક્ખાણનું સ્મરણ. ॥૧॥ ()

ઈત્યાદિ પ્રકારથી ભોજન=આહાર વાપરે. પ્રકારાંતરથી ભોજનમાં શ્રાવકને અધર્મ જ છે. ચ શબ્દ સમુચ્ચયમાં છે. સંવરણ=ભોજન પછી સંભવથી ગ્રંથિ સહિત આદિ પચ્ચક્ખાણનું ગ્રહણ કરવું. હિ= જે કારણથી, પ્રમાદના પરિહાર કરવાથી ઈચ્છાવાળા શ્રાવકે પ્રત્યાખ્યાન વગર ક્ષણ પણ રહેવું યુક્ત નથી. ત્યારપછી અવસરમાં ચૈત્યગૃહનું ગમન પ્રતીત છે અને શ્રવણ=સાધુ સમીપે જિનવચનનું શ્રવણ તે ચૈત્યગૃહ આગમશ્રવણ છે અથવા ચૈત્યગૃહમાં=જિનાલયના બહારના સ્થાનમાં આગમનું શ્રવણ છે. એ પ્રમાણે વિગ્રહ છે=સમાસનો વિગ્રહ છે. હિ=જે કારણથી, ચૈત્યગૃહમાં પ્રાયઃ આગમનું વ્યાખ્યાન થાય છે. આગમવ્યાખ્યાન સ્થાનાંતરના ઉપલક્ષણ માટે ચૈત્યગૃહનું ગ્રહણ છે, જેને કહે છે –

"જ્યાં અનિશ્રાકૃત ચૈત્ય હોય ત્યાં સમોવસરણ પૂરે છે=આચાર્ય યોગ્ય જીવોને ઉપદેશ આપે છે. નિશ્રાકૃત ચૈત્યમાં પણ અસંવિગ્ન સાધુ ન હોય તો સમોવસરણ પૂરે છે=યોગ્ય જીવોને ઉપદેશ આપે છે – ઇતરથા=નિશ્રાકૃત ચૈત્યમાં પણ યોગ્ય જીવોને ઉપદેશ ન આપે તો લોકવિરુદ્ધ થાય અને શ્રાવકોને શ્રદ્ધાનો ભંગ થાય." ()

ભાવાર્થ :-

શ્રાવક પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સવારમાં ઊઠીને સર્વ ઉચિત કૃત્યો કર્યા પછી આજીવિકા અર્થે વ્યાપાર કરે તે પણ અલ્પ આરંભ-સમારંભવાળો કરે. જેથી દયાળુ ચિત્ત સદા જીવંત રહે. વળી, ધન અર્થે યથાતથા આરંભ-સમારંભની ક્રિયા શ્રાવક કરે તો ધર્મની બાધા થાય અને લોકમાં પ્રવચનની હીલના થાય; કેમ કે શ્રાવક દયાળુ નથી, તેવું લોકોને જણાય. વળી, વિવેકી શ્રાવક આજીવિકાની ચિંતા કર્યા વગર ધર્મ કરે અને આજીવિકાના કોઈપણ યત્ન ન કરે તોપણ ધર્મની બાધા થાય; કેમ કે ધર્મ માત્ર કૃત્ય સ્વરૂપ નથી, પરંતુ ચિત્તના સ્વાસ્થ્યની વૃદ્ધિને અનુકૂળ ઉચિત વ્યાપાર સ્વરૂપ છે અને શ્રાવકનો ધર્મ અર્થ ઉપાર્જનને આધીન જ વર્તે છે; કેમ કે ધનની વ્યવસ્થા હોય તો જ સ્વસ્થતાથી ધર્મ કરી શકે છે, ગૃહના ક્લેશોનું નિવારણ કરી શકે છે. છતાં કોઈક પ્રમાદી શ્રાવક આજીવિકાની ચિંતા ન કરે તો ગૃહ આદિના સર્વ ક્લેશોને કારણે ધર્મની બાધાની પ્રાપ્તિ થાય. વળી, લોકોમાં પણ ભગવાનના શાસનની હીનતા થાય; કેમ કે ધનના નિમિત્તે ગૃહક્લેશને જોઈને લોકોને જણાય કે જૈનોનો ધર્મ વિવેક વગરનો છે. તેથી જ આ શ્રાવકધર્મની સર્વ

પ્રવૃત્તિઓ કરે છે, છતાં ગૃહક્લેશના નિવારણ અર્થે કે આજીવિકા અર્થે ઉચિત પ્રયત્નો કરતા નથી. માટે શ્રાવકે અવિરુદ્ધ વ્યવહારપૂર્વક ધનઅર્જન કરવું જોઈએ.

વળી, ઉચિત કાળે શ્રાવક આરોગ્યને વ્યાઘાત ન થાય તે રીતે અને પોતે જે પચ્ચક્ખાણ કર્યું હોય તે પૂર્ણ થયું હોય તે રીતે ભોજન કરે. જેનાથી કાયાની પણ બાધા થાય નહિ અને ધર્મની પણ બાધા થાય નહિ; કેમ કે ધર્મ ચિત્તના સ્વાસ્થ્યરૂપ છે; તેથી કાયાની બાધા થાય અને ચિત્ત વ્યાકુળ થાય તો બાહ્યથી ધર્મ થવા છતાં પરમાર્થથી ધર્મ થાય નહિ. માટે વિવેકી શ્રાવકે શરીરના આરોગ્યનો નાશ ન થાય તે રીતે ઉચિત કાળે ભોજન કરવું જોઈએ અને પચ્ચક્ખાણ પૂર્ણ થયું છે કે નહિ, તેનું સમ્યક્ આલોચન કરીને ભોજન કરવું જોઈએ.

ભોજનની વિધિ આ પ્રમાણે છે –

શ્રાવકે જિનપૂજા કર્યા પછી ઉચિત સુપાત્રાદિ દાન કરીને ત્યારપછી પરિવારની ચિંતા કરવી જોઈએ. જેથી માત્ર સ્વાર્થવૃત્તિથી ભોજન ન થાય, પરંતુ પરિવારના સર્વજનોને ઉચિત ભોજન પ્રાપ્ત થયું છે, તેનો નિર્ણય કરીને ભોજન કરવું જોઈએ.

વળી, કોઈ ગ્લાન આદિ હોય તે સર્વ વિષયક ઉચિત કૃત્ય કરીને ભોજનના સ્થાને બેસીને પચ્ચક્ખાણનું સ્મરણ કરવું જોઈએ. જેથી પચ્ચક્ખાણ પ્રત્યેનો આદરભાવ વૃદ્ધિ પામે.

વળી, ભોજન કર્યા પછી શક્તિ અનુસાર ગ્રંથિ સહિત આદિ પચ્ચક્ખાણ કરવું જોઈએ; કેમ કે શ્રાવકને સંસારનો ક્ષય અત્યંત ઇષ્ટ છે. તેના માટે ભાવથી સર્વવિરતિની શક્તિનો સંચય આવશ્યક છે અને ભાવથી સર્વવિરતિની શક્તિના સંચય અર્થે શક્તિ અનુસાર અપ્રમાદ કરવો જોઈએ. તેથી ભોજન કર્યા પછી પણ ગ્રંથિ સહિત આદિ પચ્ચક્ખાણ દ્વારા સતત ચિત્ત સંવરભાવની વૃદ્ધિવાળું બને છે. જેથી સંવરની શક્તિ અતિશય અતિશયતર થાય છે.

વળી, સંધ્યાકાળે શ્રાવક ચૈત્યગૃહમાં જાય, સુસાધુ આદિ પાસે શાસ્ત્રનું શ્રવણ કરે. જેનાથી ભગવાનનાં વચનોના સૂક્ષ્મ રહસ્યની પ્રાપ્તિ થાય. જેનાથી સંસારના ઉચ્છેદને અનુકૂળ શક્તિનો સંચય થાય છે.

ગાથામાં ચૈત્યગૃહઆગમશ્રવણે કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રાયઃ ભગવાનના ચૈત્યની બહાર આજુબાજુના મંડપમાં સુસાધુઓ યોગ્ય જીવોને સન્માર્ગનો ઉપદેશ આપે છે. તેથી પ્રાયઃ નિશ્રાકૃત કે અનિશ્રાકૃત ચૈત્યોમાં શ્રાવકો જતા હોય તો ઉપદેશશ્રવણની પ્રાપ્તિ થાય છે. તે બતાવવા અર્થે આગમ શ્રવણના વિશેષણ રૂપે ચૈત્યગૃહ બતાવેલ છે.

ટીકા :-

न च चैत्यगृहागमपूर्वकमागमश्रवणं विधेयमितो ज्ञापकाच्चैत्यगृह एव साधवोऽवतिष्ठन्त इति निश्चेतव्यम् ।

यतो व्यवहारभाष्यवचनमेवं स्थितम्–

'जइ वि न आहाकम्मं भत्तिकयं तह वि वज्जयं तेहिं ।
भत्ती खलु होइ कया इहरा आसायणा परमा ।।७०।।
दुब्भिगंधिमलस्सावि तणुर(ग)प्पेस ण्हाणिया ।
उभओ वाउवहो चेव ते ण ट्ठंति न चेइए ।।७२।।
तिण्णि वा कड्ढई जाव थुइओ तिसिलोइया ।
ताव तत्थ अणुण्णायं कारणेण परेण वि ।।७३।।' **[व्यवहारभाष्य उद्देश-९-गा.७०-७२-७३]**

इत्यलं प्रसंगेन, ततो विकाले सत्कारोऽर्हच्चैत्यानां पूजा वन्दनादि च वन्दना प्रसिद्धार्हच्चैत्यानामेव । आदिशब्दाच्चैत्यसम्बन्धि तत्कालोचितकृत्यान्तरं ग्राह्यम्, साध्वालयगमनं तद्वन्दनादि वा भूमिकौचित्येन षड्विधावश्यकमवश्यविधेयमिति सर्वत्र गम्यम् चशब्दः समुच्चये ।

ટીકાર્થ :-

न च ..... समुच्चये । ચૈત્યગૃહના આગમનપૂર્વક આગમનું શ્રવણ કરવું જોઈએ. એ જ્ઞાપક વચનથી ચૈત્યગૃહમાં જ સાધુઓ રહે છે. એ પ્રમાણે નિશ્ચય કરવો નહિ. જે કારણથી વ્યવહારભાષ્યનું વચન જ રહેલું છે=ચૈત્યમાં સાધુને નિવાસના નિષેધને કહેનારું વચન રહેલું છે, એ વચન જ બતાવે છે –

"જોકે આધાકર્મ નથી=જિનાલય સાધુને માટે નિવાસ કરવા અર્થે આધાકર્મી નથી, ભક્તિથી કરાયેલું છે=ભગવાન પ્રત્યે ભક્તિથી ચૈત્ય કરાયેલું છે, તોપણ વર્જન કરતા એવા સાધુઓ વડે=ચૈત્યમાં નિવાસનું વર્જન કરતા એવા સાધુઓ વડે ભક્તિ કરાયેલી થાય છે=ભગવાનની ભક્તિ કરાયેલી થાય છે. ઇતરથા=ચૈત્યમાં નિવાસ કરે તો, પરમ આશાતના છે. ।।૭૦।।

દુરભિગંધમલવાળું પણ શરીર ..... ઉભય વાયુ વહન કરનાર-શ્વાસોચ્છ્વાસ અને અપાનવાયુને વહન કરનાર છે. તે કારણથી ચૈત્યમાં સાધુઓ રહેતા નથી ।।૭૨।।

અથવા ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ સ્તુતિ બોલે ત્યાં સુધી=જિનાલયમાં સાધુને રહેવાની અનુજ્ઞા છે. કારણથી= ચૈત્યવંદન સિવાય ભગવાનની ભક્તિ આદિ અન્ય કારણથી વધારે સમય પણ રહેવાની અનુજ્ઞા છે." ।।૭૩।। **(વ્યવહારભાષ્ય ઉદ્દેશ-૯, ગાથા-૭૦, ૭૨, ૭૩)**

આથી પ્રસંગથી સર્યું=પ્રસંગથી ટીકાકારશ્રીએ કહ્યું કે ચૈત્યગૃહમાં ચૈત્યગૃહગમનપૂર્વક આગમનું શ્રવણ કરવું જોઈએ, એ પ્રકારનો અર્થ કરવો ઉચિત નથી. તેમાં વ્યવહારભાષ્યની સાક્ષી આપી એ પ્રકારનું પ્રાસંગિક કથન પૂરું થયું.

ત્યારપછી=સુસાધુ પાસે આગમનું શ્રવણ કર્યા પછી, વિકાલમાં=સંધ્યાકાળમાં, સત્કાર કરવો જોઈએ=અર્હત્ ચૈત્યોની પૂજા કરવી જોઈએ અને વંદનાદિ કરવું જોઈએ=પ્રસિદ્ધ એવા અર્હત્ ચૈત્યોની જ વંદના કરવી જોઈએ. 'આદિ' શબ્દથી ચૈત્ય સંબંધી તે કાળને ઉચિત અન્ય કૃત્યનું ગ્રહણ કરવું જોઈએ અર્થાત્ અન્ય કૃત્ય કરવું જોઈએ અથવા સાધુના ઉપાશ્રયે જવું જોઈએ અને તેમને

વંદનાદિ કરવાં જોઈએ. ભૂમિકાના ઔચિત્યથી=પોતાની ભૂમિકાના ઔચિત્યથી છ પ્રકારનું આવશ્યક અવશ્ય કરવું જોઈએ, એ ગાથાનાં સર્વ અંગો સાથે જોડવું. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે ચૈત્યગૃહના આગમનપૂર્વક આગમનું શ્રવણ કરવું જોઈએ. એ પ્રકારનો અર્થ કરવાથી કોઈકને જણાય કે ચૈત્યગૃહમાં સાધુ નિવાસ કરે છે, પરંતુ તેવો અર્થ કરવો ઉચિત નથી; કેમ કે વ્યવહારભાષ્યમાં તેનો નિષેધ કર્યો છે અને કહ્યું છે કે ચૈત્યગૃહ શ્રાવકો ભગવાનની ભક્તિ અર્થે કરે છે. તેથી સાધુ માટે આધાકર્મી નથી. તેથી સાધુને નિર્દોષ વસતિની પ્રાપ્તિ થાય છે, તોપણ સાધુઓ ચૈત્યમાં નિવાસ કરતા નથી; કેમ કે ચૈત્યના નિવાસના વર્જનથી જ ભગવાનની ભક્તિ થાય છે અને ચૈત્યમાં નિવાસ કરવાથી અત્યંત આશાતના થાય છે; કેમ કે શરીર દુરભિગંધવાળું છે અને તેમાંથી શ્વાસોચ્છ્વાસ અને અધોવાયુ નીકળે છે. તેથી સાધુઓ ચૈત્યાલયમાં રહેતા નથી, પરંતુ ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ સ્તુતિઓથી ચૈત્યવંદન થાય ત્યાં સુધી સાધુને ચૈત્યમાં રહેવાની અનુજ્ઞા છે અથવા જપ આદિ વિશેષ કારણથી અધિક પણ રહેવાની અનુજ્ઞા છે, પરંતુ સાધુ ઉપાશ્રય આદિમાં રહે છે, તે પ્રકારે ચૈત્યગૃહમાં સાધુ નિવાસ કરે નહિ.

ટીકા :-

नन्वावश्यककरणमित्यसङ्गतं, श्रावकं प्रति व्रतादिवत्तस्यागमे विधेयतयानुपदिष्टत्वात् तथा ह्यस्योपासकदशादौ मूलागमे नोपदेशो ज्ञापकं चो(वो)पलभ्यते, तदुद्धाररूपे श्रावकप्रज्ञप्त्यादौ च तथैहैव च श्रावकप्रतिदिनक्रियां प्रतिपादयताचार्येण 'चिइवंदणमो' इत्येतावदेवोक्तं ।

अथ ब्रूषे–

'समणेण सावएण य अवस्सकायव्वयं हवइ जम्हा ।
अंतो अहोनिसिस्स य तम्हा आवस्सयं नाम ।।१।।' **[अनुयोगद्वारसूत्र]**

इत्यस्यामनुयोगद्वारगाथायां श्रावकस्य तदुपदिष्टमित्यसिद्धो हेतुः, नैवम्, तत्र चैत्यवन्दनादिनैवावश्यकस्य गतार्थत्वात्, यतो यदेवावश्यं कर्तव्यं तदेवावश्यकम् अवश्यकर्तव्यं च चैत्यपूजावन्दनादि श्रावकस्य, यदि पुनरिदं षड्विधावश्यकमवश्यकर्तव्यतया श्रावकस्योपदिष्टमभविष्यत्तदा य एव षड्विधावश्यककारी स एव श्रावकोऽभविष्यत्, न चैवं, अविरतानामपि सामायिकाकारिणां श्रावकत्वाभ्युपगमात् । अत्रोच्यते–यदुक्तमुपासकदशादावनुक्तत्वाच्छ्रावकाणामावश्यकमयुक्तमिति तदयुक्तं, अनुपदिष्टत्वस्यासिद्धत्वात् तथाहि–यद्यप्युपासकदशादौ नोपदिष्टं तत्तेषां तथाप्यनुयोगद्वारेषु तदुपदिष्टम् । तथाहि–'जं इमं समणे वा समणी वा सावए वा साविया वा तच्चित्ते तम्मणे जाव उभओ कालं छव्विहं आवस्सयं करेति, से तं लोउत्तरियं भावावस्सयं' **ति । [अनुयोगद्वारसूत्र० सू०-२८] यच्चोक्तं चैत्यवन्दनादि श्रावकस्यावश्यकमिति तदप्यसङ्गतम्,** 'अज्झयणछक्कवग्गो' **इत्यादि तदेकार्थिकपदोपन्यासेन तस्य**

षड्विधत्वेन निश्चितत्वात् । उमास्वातिवाचकेनाप्यस्य समर्थितत्वात् । तथाहि तेनोक्तं—"सम्यग्दर्शनसम्पन्नः षड्विधावश्यकनिरतश्च श्रावको भवति" **() इति गम्यते । तथाऽशठसमाचरितत्वादिजीतलक्षणानामिहोपपद्यमानत्वेन जीताभिधानपञ्चमव्यवहारसमर्थितत्वात् । तथा यदुक्तं** 'समणेण सावएण य' **इत्यत्र गाथायां यदि षड्विधावश्यकं विवक्षितमभविष्यत्तदा तत्कारिण एव श्रावका अभविष्यन् नान्ये इति, तदप्यसङ्गतं, श्रमणपक्षेऽप्यस्य दूषणस्य समानत्वात् । तथाहि—य एव षड्विधमावश्यकं कुर्वन्ति त एव श्रमणाः स्युः, ततश्च कारणे जाते (कारणजात)प्रतिक्रमणकारिणां मध्यमतीर्थसाधूनामश्रमणता स्यात्, न चैवम् । अथ चरमतीर्थसाधूनाश्रित्येयं गाथोक्ता, सत्यम्, केवलं यदि श्रावकाणां षड्विधावश्यकप्रज्ञापनार्थापि स्यात्तदा किंदूषणमिति । अथ ब्रूषे—षड्विधावश्यकमतिचारशुद्धिरूपं वर्तते, न च श्रावकाणामालोचनादिदशप्रकारशुद्धेर्मध्यादेकापि प्रकल्पादिग्रन्थेषूपलभ्यते, न च तेषामतिचारा घटन्ते, संज्वलनोदय एव तेषामुक्तत्वादिति, अत्रोच्यते—यद्यपि श्रावकाणां प्रकल्पादिग्रन्थेषु शुद्धिर्न दृश्यते, तथाप्यसौ श्रावकजीतकल्पादेः सकाशादवश्यमभ्युपगन्तव्या, अन्यथोपासकदशासु यदुक्तं किल भगवान् गौतममुनिरानन्दश्रावकं प्रत्यवादीत्** 'तुमण्णं आणंदा एयस्स अट्ठस्स आलोयाहि पडिक्कमाहि निंदाहि गरिहाहि अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जाहि' **(उपासकदशाङ्ग० सू० १६) इति तत्कथं घटेत ? अत एव ज्ञापकादतिचारा अपि तेषां भवन्तीति सिद्धम् यथा चातिचारा असंज्वलनोदयेऽपि भवन्ति तथा प्रागुक्तम् ।**

ટીકાર્થ :-

नन्वावश्यककरण ..... प्रागुक्तम् । 'ननु'થી શંકા કરે છે — શ્રાવકે આવશ્યક કરવું જોઈએ, તે અસંગત છે; કેમ કે શ્રાવકને આશ્રયીને વ્રતાદિની જેમ તેનું=છ આવશ્યકનું, આગમમાં વિધેયપણાથી અનુપદિષ્ટપણું છે=અવશ્ય કરવું જોઈએ તેવું કહેલું નથી, તે આ પ્રમાણે — આનું=છ આવશ્યકનું, ઉપાસકદશાદિ મૂલ આગમમાં ઉપદેશ નથી અથવા જ્ઞાપક વચન પ્રાપ્ત થતું નથી અને તેના ઉદ્ધારરૂપ=ઉપાસકદશાના ઉદ્ધારરૂપ, શ્રાવકપ્રજ્ઞપ્તિ આદિમાં જ્ઞાપક પ્રાપ્ત થતું નથી. તે પ્રમાણે અહીં જ=પ્રસ્તુત ગ્રંથમાં જ, શ્રાવકની પ્રતિદિન ક્રિયાને પ્રતિપાદન કરતા આચાર્ય વડે પ્રતિદિન "ચૈત્યવંદન" એટલું જ કહેવાયું છે=છ આવશ્યક કરવાં જોઈએ, એવું કહેવાયું નથી.

હવે કહે=છ આવશ્યક શ્રાવકે કરવાં જોઈએ એવું કહેનાર પુરુષ કહે — શ્રમણ વડે અને શ્રાવક વડે જે કારણથી અવશ્ય સવારના અને સાંજના અવશ્ય કરવું જોઈએ, તે કારણથી આવશ્યક છે. એ પ્રકારની આ અનુયોગદ્વારગાથામાં શ્રાવકને તે ઉપદિષ્ટ છે=છ આવશ્યક કરવાનું કહેવાયું છે, એથી હેતુ અસિદ્ધ છે, એમ ન કહેવું; કેમ કે ત્યાં=અનુયોગદ્વારસૂત્રની ગાથામાં ચૈત્યવંદન આદિથી જ આવશ્યકનું ગતાર્થપણું છે=ચૈત્યવંદન કરવાના વચનને કહેનારું જ અનુયોગદ્વારસૂત્રનું વચન છે. જે કારણથી જે જ અવશ્ય કર્તવ્ય છે, તે જ આવશ્યક છે અને શ્રાવકને ચૈત્યપૂજા વંદનાદિ અવશ્ય કર્તવ્ય

છે. વળી, આ છ પ્રકારનાં આવશ્યક શ્રાવકને અવશ્ય કર્તવ્યપણાથી કહેવાયેલું હોય તો જે છ પ્રકારનાં આવશ્યકને કરે છે તે જ શ્રાવક થાય અને એ પ્રમાણે નથી; કેમ કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ સામાયિક નહીં કરનારાઓનું શ્રાવકપણું સ્વીકારાયું છે.

અહીં='નનુ'થી કરાયેલી શંકામાં, ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે=ઉપાસકદશાદિમાં અનુક્તપણું હોવાથી= શ્રાવકે ષડાવશ્યક કરવાં જોઈએ એ પ્રમાણે અનુક્તપણું હોવાથી, શ્રાવકને આવશ્યક કરવું અયુક્ત છે, એ પ્રમાણે જે પૂર્વપક્ષીએ કહ્યું, તે અયુક્ત છે; કેમ કે અનુપદિષ્ટપણાનું અસિદ્ધપણું છે. તે આ પ્રમાણે – જોકે ઉપાસકદશાદિમાં તેઓને=શ્રાવકોને, તે=આવશ્યક, ઉપદિષ્ટ નથી=શ્રાવકે આવશ્યક કરવું જોઈએ, એમ કહ્યું નથી, તોપણ અનુયોગદ્વારમાં તે=આવશ્યક, ઉપદિષ્ટ છે. તે આ પ્રમાણે – સાધુ અથવા સાધ્વી અથવા શ્રાવક અથવા શ્રાવિકા જે આ તદ્ચિત્ત, તન્મન, યાવત્=ષડાવશ્યકના એક ચિત્તવાળા, એક મનવાળા, ષડાવશ્યકની લેશ્યાવાળા ઉભયકાળ છ આવશ્યક કરે છે, તેઓનું તે લોકોત્તર ભાવઆવશ્યક છે (અનુયોગદ્વારસૂત્ર, સૂત્ર-૨૮) અને ચૈત્યવંદનાદિ શ્રાવકનું આવશ્યક છે. એ પ્રમાણે જે પૂર્વપક્ષી વડે કહેવાયું, તે પણ અસંગત છે; કેમ કે અધ્યયન છનો સમુદાય ઈત્યાદિ તેના એકાર્થિક પદના ઉપન્યાસ દ્વારા=તે છ અધ્યયનના એક અર્થને બતાવનારા પદના ઉપન્યાસ દ્વારા તેનું=આવશ્યકનું, ષડ્વિધપણાથી નિશ્ચિતપણું છે વળી, ઉમાસ્વાતિ વાચક વડે પણ આનું=ષડ્વિધ આવશ્યકનું સમર્થિતપણું છે. તે આ પ્રમાણે –

તેમના વડે કહેવાયું છે – "સમ્યગ્દર્શનસંપન્ન અને ષડ્વિધઆવશ્યકમાં નિરત શ્રાવક થાય છે" () કેમ કે તે પ્રમાણે અશઠ સમાચરિત્વાદિ જીતલક્ષણોનું અહીં ઉપદ્યમાનપણું હોવાને કારણે જીત નામના પાંચમા વ્યવહારથી સમર્થિતપણું છે=અશઠભાવથી જે આચરણ કરાય તે જીતવ્યવહાર કહેવાય એ પ્રકારનું જીતનું લક્ષણ છ આવશ્યકની ક્રિયામાં સંગત થતું હોવાને કારણે જીત નામના પાંચમા વ્યવહારથી શ્રાવકને છ આવશ્યક કરવાં જોઈએ તેમ સમર્થન કરાયું છે અને સાધુ વડે કે શ્રાવક વડે એ પ્રકારની ગાથામાં છ પ્રકારનાં આવશ્યક વિવક્ષિત હોત તો તેના કરનારા જ શ્રાવક થાય=ઉભયટંક ષડાવશ્યક કરનારા શ્રાવક જ થાય. અન્ય નહિ, એ પ્રમાણે જે પૂર્વપક્ષીએ કહ્યું તે અસંગત છે; કેમ કે સાધુના પક્ષમાં પણ આ દૂષણનું સમાનપણું છે. એ દોષ 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

જેઓ જ છ આવશ્યક કરે છે, તે જ સાધુ થાય અને તેથી=છ આવશ્યક નહિ કરનારા સાધુ નથી તેથી, કારણ થયે છતે પ્રતિક્રમણ કરનારા મધ્યમ તીર્થના સાધુઓની અસાધુતા થાય અને એ પ્રમાણે નથી=મધ્ય તીર્થના સાધુઓ અસાધુ નથી.

'અથ'થી પૂર્વપક્ષી કહે છે – ચરમતીર્થના સાધુઓને આશ્રયીને આ ગાથા કહેવાઈ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – "તારી વાત સાચી છે." કેવળ જો શ્રાવકોને ષડ્વિધ આવશ્યકના પ્રજ્ઞાપનના અર્થવાળી પણ થાય=પ્રસ્તુત ગાથા તો શું દૂષણ છે ?=શ્રાવકોને ષડ્વિધ આવશ્યક કરવાં જ જોઈએ, એવા અર્થની સૂચક આ ગાથા નથી, પરંતુ ષડ્વિધ આવશ્યક શ્રાવક માટે કર્તવ્ય છે, એ પ્રકારે સૂચક અર્થવાળી પ્રસ્તુત ગાથા હોય તો શું વાંધો ?

'અથ'થી પૂર્વપક્ષી કહે — ષડ્વિધઆવશ્યક અતિચારની શુદ્ધિરૂપ વર્તે છે અને શ્રાવકોને આલોચના આદિ દશ પ્રકારની શુદ્ધિમાંથી એક પણ શુદ્ધિ પ્રકલ્પાદિ ગ્રંથોમાં પ્રાપ્ત થતી નથી અને તેઓને=શ્રાવકોને અતિચાર ઘટતા નથી; કેમ કે સંજ્વલનના ઉદયથી જ તેઓનું ઉક્તપણું છે=અતિચારનું ઉક્તપણું છે, એ પ્રકારના કથનમાં ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે.

જોકે શ્રાવકોને પ્રકલ્પાદિ ગ્રંથોમાં શુદ્ધિ દેખાતી નથી=તેઓના અતિચારની શુદ્ધિની આલોચનાદિ પ્રાયશ્ચિત્ત દેખાતું નથી, તોપણ શ્રાવક જીતકલ્પાદિથી અવશ્ય આ=અતિચારની શુદ્ધિ જાણવી. અન્યથા=શ્રાવકોના અતિચારની શુદ્ધિ ન માનવામાં આવે તો ઉપાસકદશાદિમાં જે કહેવાયું છે, તે કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહિ.

ઉપાસકદશામાં શું કહેવાયું છે ? તે સ્પષ્ટ કરે છે — ખરેખર ભગવાન ગૌતમમુનિએ આનંદ શ્રાવક પ્રત્યે કહેલું, "હે આનંદ ! તું આ અર્થની આલોચના, પ્રતિક્રમણ, નિંદા=ગર્હાને યથાયોગ્ય તપોકર્મ રૂપ પ્રાયશ્ચિત્તને સ્વીકાર કર." **(ઉપાસકદશાંગસૂત્ર સૂત્ર-૧૬) આથી જ જ્ઞાપકથી=ઉપાસકદશાના વચનથી, અતિચારો પણ તેઓને=શ્રાવકને, થાય છે એ સિદ્ધ છે અને જે પ્રમાણે અસંજ્વલનના ઉદયમાં પણ અતિચારો થાય છે, તે પ્રકારે પૂર્વમાં કહેવાયું છે.**

ભાવાર્થ :-

'નનુ'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે શ્રાવકે ષડાવશ્યકમય પ્રતિક્રમણ કરવું જોઈએ, એ વચન સંગત નથી; કેમ કે ઉપાસકદશાંગ આગમ શ્રાવકને આશ્રયીને છે અને તેમાં શ્રાવકે છ આવશ્યકમય પ્રતિક્રમણ કરવું જોઈએ, એવું કથન નથી. અહીં કોઈ કહે કે અનુયોગદ્વારમાં આવશ્યકને કહેનારું વચન ઉપલબ્ધ છે, તેના બળથી શ્રાવકે ષડાવશ્યકમય પ્રતિક્રમણ કરવું જોઈએ, એમ સિદ્ધ થાય છે; કેમ કે અનુયોગદ્વારમાં કહ્યું છે કે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ તદ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યા આદિથી ઉભયકાલ છ આવશ્યક કરે છે, તે લોકોત્તર ભાવઆવશ્યક છે.

આનાથી ફલિત થાય કે શ્રાવક પણ શક્તિ હોય તો તેવું ભાવઆવશ્યક કરીને સંસારનો ક્ષય કરવાનો યત્ન કરે. પરંતુ શ્રાવકને છ આવશ્યકમય પ્રતિક્રમણ કરવાનો નિષેધ છે, તેવું કહી શકાય નહિ.

વળી, ઉમાસ્વાતિજી પણ કહે છે —

સમ્યગ્દર્શનમાં સંપન્ન છ આવશ્યકમાં નિરત શ્રાવક હોય છે. તેથી જે શ્રાવક પાસે તેવી કુશળતા છે કે છ આવશ્યકમય પ્રતિક્રમણ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે એવો શ્રાવક ગુણસ્થાનકની વૃદ્ધિનો અર્થી હોવાથી અવશ્યમય પ્રતિક્રમણ કરે. ક્વચિત્ અકુશળતા હોય તો છ આવશ્યક વિષયક કુશળતા મેળવવા માટે અભ્યાસ કરે; પરંતુ માત્ર બાહ્ય ક્રિયા કરીને મિથ્યા આશ્વાસન ધારણ કરે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે છ આવશ્યક અતિચારની શુદ્ધિરૂપ છે; કેમ કે સાધુજીવનમાં લાગેલા અતિચારના શોધન અર્થે જ સાધુ ષડાવશ્યક કરે છે અને શ્રાવકોને આલોચનાદિ દસ પ્રકારની શુદ્ધિમાંથી એક પણ શુદ્ધિ પ્રકલ્પાદિ ગ્રંથોમાં પ્રાપ્ત થતી નથી. તેથી શ્રાવકોને અતિચાર ઘટે નહિ; કેમ કે સંજ્વલનના ઉદયથી

અતિચારો પ્રાપ્ત થાય છે અને શ્રાવકને તો પ્રત્યાખ્યાનાદિ કષાયોનો ઉદય વર્તે છે, માટે શ્રાવકોને અતિચારની પ્રાપ્તિ થઈ શકે નહિ. તેથી તેની શુદ્ધિ માટે શ્રાવકને પ્રતિક્રમણ હોઈ શકે નહિ. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઉપાસકદશાંગમાં ગૌતમસ્વામીએ આનંદ શ્રાવકને અતિચારોનું આલોચન કરવાનું કહ્યું છે. તેથી નક્કી થાય છે કે અન્ય કષાયોના ઉદયથી પણ અતિચારો થઈ શકે છે, માટે અતિચારના શોધન અર્થે વિવેકી શ્રાવકે તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યા આદિપૂર્વક પ્રતિક્રમણ કરવું જોઈએ. માત્ર પ્રતિક્રમણ કરીને અતિચારનું શોધન થયું છે, એવું મિથ્યા આશ્વાસન લેવું જોઈએ નહિ.

ટીકા :-

किञ्च यदीदं चैत्यवन्दनादिकमावश्यकं स्यात्तदा 'अन्तो अहोनिसिस्स य' **इत्यमुना वचनेन संध्याद्वय एव श्रावकस्य तद्विधेयं स्यात् श्रूयते पुनरेवं–**'दंसणसुद्धिनिमित्तं तिक्कालं देववंदणाइयं' **ति, अतः संध्याद्वयकरणनियमः षड्विधावश्यकस्यैवोपपद्यते साधूनामिवेति ।**

किञ्च,

'सव्वंति भाणिऊणं विरई खलु जस्स सव्विया नत्थि ।
सो सव्वविरइवाई चुक्कइ देसं च सव्वं च ।।८००।।' **[आवश्यकनिर्युक्ति]**

इत्यनया गाथया सामायिकसूत्रं सर्वशब्दवर्जं श्रावकस्योक्तम्, चतुर्विंशतिस्तवस्तु सम्यग्दर्शनशुद्धिनिमित्तत्वात्, सम्यग्दर्शनस्य च श्रावकस्यापि शोधनीयत्वात्, कर्तृविशेषस्य चानभिहितत्वात्, आचरितत्वाच्चोपपन्न एवास्येति, किञ्च-ईर्यापथिकाप्रतिक्रमणस्य गमनागमन शब्देन भगवत्यां शंखोपाख्यानके पुष्कलिश्रावककृतत्वेन दर्शितत्वात्, गमनागमनशब्दस्य चेर्यापथिकापर्यायतया भगवत्यामेव तेषु तेष्वाख्यानकेष्वोघनिर्युक्तिचूर्ण्यां च प्रसिद्धत्वात्, ईर्यापथिकाकायोत्सर्गे च चतुर्विंशतिस्तवस्य प्रायश्चिन्तनीयत्वाच्चासौ सिद्ध इति, वन्दनकमपि गुणवत्प्रतिपत्तिरूपत्वाद् गुणवत्प्रतिपत्तेश्च श्रावकस्याप्यविरुद्धत्वात्, कृष्णादिभिश्च तस्य प्रवर्तिततत्वात् संगतमेवास्य ।

ननु

पंचमहव्वयजुत्तो अनलस मानपरिवज्जियमती य ।
संविग्गनिज्जरट्ठी किइकम्मकरो हवति साहू ।।११९७।।' **[आवश्यकनिर्युक्ति]**

इत्यनया निर्युक्तिगाथया साधु ग्रहणेन श्रावकस्य व्यवच्छेदान्न सङ्गतं तस्य वन्दनकं, नैवं, यतः साधुग्रहणं तत्र तदन्यवन्दनकोपलक्षणार्थं, न तु श्रावकव्यवच्छेदार्थम्, यदि तु श्रावकव्यवच्छेदार्थमभविष्यत्तदा साध्व्या अपि व्यवच्छेदोऽभविष्यत् न चासौ सङ्गतो मातुर्विशेषेण वन्दनकनिषेधात् ।

यदाह—

मायरं पियरं वा वि जेट्ठगं वा वि भायरं ।
किइकम्मं न कारेज्जा सव्वे राइणिए तहा ।।१२०८।।' [**आवश्यकनिर्युक्ति**]

तथा—'पंचमहव्वयजुत्तो', अनेन यथा महाव्रतग्रहणादणुव्रतयुक्तस्य व्यवच्छेदस्तथा पञ्चग्रहणाच्चतुर्महाव्रतयुक्तस्य मध्यतीर्थसाधोरपि व्यवच्छेदः स्यात् न चैतदिष्टमिति, अतो निर्विशेषं वन्दनकमपीति । प्रतिक्रमणं तु सामन्यत ईर्यापथप्रतिक्रमणभणनेनैव सिद्धम् । अथ विचित्राभिग्रहवतां श्रावकाणां कथमेकेन प्रतिक्रमणसूत्रेण तदुपपद्यते ? यतोऽप्रतिपन्नान्यतरव्रतस्य तदतिचारासंभवः, तदसम्भवे च तदुच्चारणमसङ्गतमेव अन्यथा महाव्रतातिचाराणामप्युच्चारणप्रसङ्ग इति नैवम्, अप्रतिपन्नान्यतरव्रतस्यापि तदतिचारोच्चारणतोऽश्रद्धानादिविषयस्य प्रतिक्रमणस्यानुमतत्वात् ।

यत उक्तम्—

'पडिसिद्धाणं करणे किच्चाणं अकरणे पडिक्कमणं ।
अस्सद्दहणे य तहा विवरीयपरूवणाए य ।।४८।।' [**वंदित्तुसूत्र**]

अत एव साधुरप्रतिपन्नास्वप्युपासकभिक्षुप्रतिमासु 'एगारसहिं उवासगपडिमाहिं, बारसेहिं भिक्खुपडिमाहिं' **() इत्येवं प्रतिक्रामति ।**

टीकार्थ :-

किञ्च ..... प्रतिक्रामति । વળી, જો આ=શાસ્ત્રમાં કહેલું આવશ્યક, ચૈત્યવંદન આદિ આવશ્યક થાય તો "અહર્નિશના=દિવસ અને રાત્રિના, અંતમાં" એ વચન દ્વારા સંધ્યાદ્વયમાં શ્રાવકને તે વિધેય થાય. વળી, આ પ્રમાણે સંભળાય છે — "દર્શનશુદ્ધિ નિમિત્તે ત્રણ કાળ દેવવંદન આદિ કરવું જોઈએ." **() આથી સંધ્યાદ્વય કરણનો નિયમ સાધુની જેમ શ્રાવકને ષડ્વિધ આવશ્યકનો જ ઘટે છે.**

"વળી, સર્વને એ પ્રમાણે કહીને વિરતિ, જેને સર્વથા નથી=સર્વ પાપોનો હું ત્યાગ કરું છું, એ પ્રમાણે કરેમિ ભંતે સૂત્ર બોલીને જેને વિરતિનો પરિણામ સર્વથા નથી, તે સર્વવિરતિવાદી સાધુ દેશને અને સર્વને ચૂકે છે અર્થાત્ સંપૂર્ણ ધર્મરહિત છે. ।।૮૦૦।।" **(આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૮૦૦)**

આ ગાથાથી સામાયિકસૂત્ર 'સર્વ' શબ્દને છોડીને શ્રાવકને કહેવાયું છે=સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરનાર સાધુ 'સવ્વં સાવજ્જં જોગં' બોલે છે અને ગૃહસ્થો 'સર્વ' શબ્દ છોડીને કરેમિ ભંતે સૂત્ર બોલે છે. તેથી શ્રાવકને સામાયિક નામનું આવશ્યક છે. વળી, ચતુર્વિંશતિસ્તવ શ્રાવકને છે; કેમ કે સમ્યગ્દર્શનની શુદ્ધિનું નિમિત્તપણું છે અને સમ્યગ્દર્શનનું શ્રાવકને પણ શોધનીયપણું છે અને કર્તૃવિશેષનું અનભિહિતપણું હોવાથી=ચતુર્વિંશતિસ્તવ સાધુને જ કરવું જોઈએ એ પ્રકારે શાસ્ત્રમાં નહિ કહેવાયું હોવાથી, અને આચરિતપણું હોવાથી=સમ્યક્ત્વની શુદ્ધિના ઉપાયરૂપે આચરિતપણું

હોવાથી આને=શ્રાવકને, ચતુર્વિંશતિસ્તવ ઉપપન્ન છે=કર્તવ્ય છે. વળી, ઈર્યાપથિકીપ્રતિક્રમણનું ગમનાગમન શબ્દથી ભગવતીસૂત્રમાં શંખશ્રાવકના કથાનકમાં પુષ્કલિશ્રાવક વડે કૃતપણાથી બતાવાયું છે અને ગમનાગમન શબ્દનું ઈર્યાપથિકીક્રિયાના પર્યાયપણાથી ભગવતીસૂત્રમાં જ તે તે કથાનકોમાં અને ઓઘનિર્યુક્તિની ચૂર્ણિમાં પ્રસિદ્ધપણું છે અને ઈર્યાપથિકીકાયોત્સર્ગમાં ચતુર્વિંશતિસ્તવનું પ્રાયઃ ચિંતનીયપણું હોવાથી આ=ચતુર્વિંશતિસ્તવ, સિદ્ધ છે=શ્રાવકને કર્તવ્યરૂપે સિદ્ધ છે. વંદનક પણ ગુણવાનની પ્રતિપત્તિરૂપપણું હોવાથી=ગુણવાન એવા ગુરુના પ્રત્યે ભક્તિની અભિવ્યક્તિરૂપ હોવાથી, અને ગુણવાનની પ્રતિપત્તિનું=ગુણવાનની ભક્તિનું, શ્રાવકને પણ અવિરુદ્ધપણું હોવાથી=કર્તવ્યરૂપે અવિરુદ્ધપણું હોવાથી અને કૃષ્ણાદિ વડે તેનું પ્રવર્તિતપણું હોવાથી=કૃષ્ણ વાસુદેવ આદિ વડે સાધુને વંદન આદિ કરેલપણું હોવાથી, આને=શ્રાવકને, વંદનાદિ સંગત જ છે.

'ननु'થી શંકા કરે છે – "પાંચ મહાવ્રતયુક્ત આળસ વગરના, માન પરિવર્જિત મતિવાળા, સંવિગ્ન, નિર્જરાના અર્થી સાધુ કૃતિકર્મ કરનારા થાય છે=વંદન કરનારા થાય છે." (આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૧૧૯૭) એ પ્રકારની નિર્યુક્તિની ગાથાથી સાધુનું ગ્રહણ હોવાને કારણે શ્રાવકનો વ્યવચ્છેદ હોવાથી=શ્રાવકને વંદન કરવાનો વ્યવચ્છેદ હોવાથી, તેને=શ્રાવકને, વંદન કરવું સંગત નથી, એ પ્રમાણે ન કહેવું.

કેમ ન કહેવું ? એમાં યુક્તિ બતાવે છે –

જે કારણથી સાધુનું ગ્રહણ ત્યાં=નિર્યુક્તિની ગાથામાં, તેનાથી અન્ય=સાધુથી અન્ય, એવા શ્રાવકના વંદનકના ઉપલક્ષણ માટે છે. પરંતુ શ્રાવકના વ્યવચ્છેદ માટે નથી. વળી, જો શ્રાવકના વ્યવચ્છેદ માટે હોત તો સાધ્વીનો પણ વ્યવચ્છેદ થાય અને આ=સાધ્વીને વંદનકનો નિષેધ, સંગત નથી; કેમ કે માતાને વિશેષથી વંદનકનો નિષેધ છે=માતા દીક્ષાપર્યાયમાં નાનાં હોય તોપણ દીકરીને વંદન કરે નહિ એ પ્રકારના વિશેષનો નિષેધ છે, જેને કહે છે –

"માતાને, પિતાને, જ્યેષ્ઠ એવા ભાઈને અને સર્વ રાત્નિકોને કૃતિકર્મ કરાવે નહિ. ॥૧૨૦૮॥" (આવશ્યક-નિર્યુક્તિ૦ ગાથા-૧૨૦૮)

અને "પાંચ મહાવ્રતયુક્ત" એ કથન વડે જે પ્રમાણે મહાવ્રતના ગ્રહણથી અણુવ્રતયુક્તનો વ્યવચ્છેદ છે, એ પ્રમાણે પાંચના ગ્રહણથી ચાર મહાવ્રતયુક્ત એવા મધ્યતીર્થના સાધુનો પણ વ્યવચ્છેદ થાય= મધ્યમ તીર્થના સાધુએ પણ વંદન કરવું જોઈએ નહિ, એમ પ્રાપ્ત થાય અને આ ઈષ્ટ નથી=મધ્યમ તીર્થના સાધુઓ કે સાધ્વીઓ વંદન કરે નહિ, એ ઈષ્ટ નથી. એથી નિર્વિશેષ વંદનક પણ છે=સાધક અને શ્રાવક ઉભય સામાન્ય વંદનક છે.

વળી, પ્રતિક્રમણ સામાન્યથી ઈર્યાપથ પ્રતિક્રમણના કથન વડે જ સિદ્ધ છે=શ્રાવકને કર્તવ્યરૂપે સિદ્ધ છે અને હવે વિચિત્ર અભિગ્રહવાળા શ્રાવકોને કેવી રીતે એક પ્રતિક્રમણના સૂત્રથી તે ઘટે. જે કારણથી નહિ સ્વીકારાયેલા અન્યતર વ્રતવાળાને તેના અતિચારનો અસંભવ છે અને તેના અસંભવમાં= એક વ્રતવાળા શ્રાવકને સર્વ વ્રતોના અતિચારના અસંભવમાં તેનું ઉચ્ચારણ અસંગત જ છે=સર્વ

વ્રતોના અતિચારોનું ઉચ્ચારણ અસંગત જ છે. અન્યથા=તેમ ન માનો તો=એક વ્રતવાળા શ્રાવકને અન્ય વ્રતોના અતિચારોનું ઉચ્ચારણ અસંગત છે એમ ન માનો તો, મહાવ્રતના અતિચારોના ઉચ્ચારણનો પ્રસંગ છે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે નહિ સ્વીકારાયેલા અન્યતર વ્રતવાળા પણ શ્રાવકને તેના અતિચારના ઉચ્ચારણથી અશ્રદ્ધાનાદિ વિષયક પ્રતિક્રમણનું અનુમતપણું છે. જે કારણથી કહેવાયું છે –

"प्रतिसिद्धना करणमां, कृत्यना अकरणमां अने अश्रद्धामां, विपरीत प्ररूपणामां प्रतिक्रमण करवुं जोईએ. ॥४८॥" **(वंदित्तुसूत्र)**

આથી જ=જે શ્રાવકે જે વ્રતો લીધાં નથી તે વ્રતો પ્રત્યે પણ ઉત્કટ રુચિમાં મંદતારૂપ અશ્રદ્ધાન થયે છતે તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ એમ પૂર્વમાં કહ્યું આથી જ, સાધુ નહિ સ્વીકારાયેલી ઉપાસક-ભિક્ષુપ્રતિમાઓમાં "અગિયાર ઉપાસકપ્રતિમાઓથી અને બાર ભિક્ષુપ્રતિમાઓથી" **() એ પ્રમાણે પગામસિજ્જામાં પ્રતિક્રમણ કરે છે.**

ભાવાર્થ :-

પૂર્વપક્ષી કહે છે કે શ્રાવકને ષડાવશ્યકમય પ્રતિક્રમણ કરવાનું વિધાન ઉપાસકદશાંગ ગ્રંથમાં છે અને અન્યત્ર શ્રાવકને આવશ્યક કરવાનું કથન છે, તે ચૈત્યવંદનને આશ્રયીને છે. તેથી તે કથનનું નિરાકરણ કરતાં કહે છે –

શાસ્ત્રમાં સવાર અને સાંજ બે વખત આવશ્યક કરવાનું વિધાન છે અને ચૈત્યવંદન ત્રણ વખત કરવાનું વિધાન છે. તેથી ચૈત્યવંદન કરતાં ષડાવશ્યક પૃથક્ કરવાનું શ્રાવકને વિધાન છે અને તેમાં સાક્ષી આપી, તેનાથી એ ફલિત થાય કે જે સાધુ 'करेमि भंते सव्वं सामाइअं' એ પ્રમાણે બોલીને વિરતિને અનુકૂળ કોઈ યત્ન કરતા નથી, તેઓ સર્વવિરતિવાળા પણ નથી અને દેશવિરતિવાળા પણ નથી. તેથી સર્વવિરતિવાદી એવા તે સાધુ મોક્ષમાર્ગથી ચૂકેલા છે. આ ગાથા દ્વારા સર્વ શબ્દને છોડીને સામાયિકસૂત્ર શ્રાવકને હોય છે, તેમ કહ્યું. તેથી છ આવશ્યકમાંથી સામાયિકઆવશ્યક શ્રાવકને કર્તવ્ય છે, એમ સિદ્ધ થાય છે.

વળી, લોગસ્સસૂત્ર ચોવીશ તીર્થંકરોના નામકીર્તનરૂપ હોવાથી દર્શનશુદ્ધિનું કારણ છે અને સાધુ-શ્રાવક ઉભયને કર્તવ્ય છે. તેથી બીજું આવશ્યક પણ શ્રાવકને છે, એમ સિદ્ધ થાય છે.

વળી, શંખશ્રાવકના કથાનકમાં પુષ્કલીશ્રાવકે ઈરિયાવહિયા કરેલી છે. તેનાથી ચતુર્વિંશતિસ્તવન સિદ્ધ થાય છે; કેમ કે ઈરિયાવહિયાના પ્રાંતમાં લોગસ્સસૂત્ર બોલાય છે, માટે શ્રાવકને બીજું આવશ્યક છે, એમ સિદ્ધ થાય છે.

વળી, સાધુને વંદનની ક્રિયા કૃષ્ણમહારાજા આદિ કરે છે તેનું કથન શાસ્ત્રમાં મળે છે. તેનાથી ત્રીજું આવશ્યક શ્રાવકને છે તે સિદ્ધ થાય છે.

વળી, પ્રતિક્રમણઆવશ્યક ઈર્યાપથપ્રતિક્રમણ દ્વારા જ શ્રાવકને સિદ્ધ છે. વળી, શ્રાવકને અશ્રદ્ધાદિ થયાં હોય, તેથી પણ પ્રતિક્રમણ કરવું જોઈએ. એ પ્રકારની ગાથાથી પણ સિદ્ધ થાય છે કે શ્રાવકને પ્રતિક્રમણઆવશ્યક

છે. આથી જ શ્રાવકની અગિયાર પ્રતિમાને આશ્રયીને પણ કોઈ શ્રદ્ધામાં ગ્લાનિ થઈ હોય તેનું પ્રતિક્રમણ સાધુ કરે છે. તેથી એ ફલિત થાય કે ભગવાને બતાવેલા સંપૂર્ણ મોક્ષમાર્ગમાં તીવ્ર રુચિ સાધુએ અને શ્રાવકે સદા ધારણ કરવી જોઈએ. સાધુને શ્રાવકની પ્રતિમા કર્તવ્ય નહિ હોવાથી તેના પ્રત્યે રુચિની ગ્લાનિ થાય તો મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. તેના નિવારણ અર્થે સાધુ પગામસિજ્જામાં તેનું પણ પ્રતિક્રમણ કરે છે.

ટીકા :-

ननु यद्येवं तदा साधुप्रतिक्रमणसूत्रेणैव ते प्रतिक्रामन्तु, को वा किमाह ? केवलं श्रावकप्रतिक्रमणसूत्रमणुव्रतादिविषयस्य प्रतिषिद्धाचरणस्य प्रपञ्चाभिधायकत्वात् सोपयोगतरमिति तेन ते प्रतिक्रामन्ति, ननु साधुप्रतिक्रमणाद् भिन्नं श्रावकप्रतिक्रमणसूत्रमयुक्तं निर्युक्तिभाष्यचूर्ण्यादिभिरतन्त्रितत्वेनानार्षत्वात्, नैवम्, आवश्यकादिदशशास्त्रीव्यतिरेकेण निर्युक्तीनामभावेनौपपातिकाद्युपाङ्गानां च चूर्ण्यभावेनानार्षत्वप्रसङ्गात्, ततः प्रतिक्रमणमप्यस्ति । तेषां कायोत्सर्गस्तु ईर्यापथप्रतिक्रमणात्पञ्चमप्रतिमाकरणात्सुभद्राश्राविकादिनिदर्शनतश्च श्रावकस्य विधेयतया प्रतिपत्तव्यः, यदि हि साधवोऽपि भङ्गभयात्साकारं कायोत्सर्गं प्रतिपद्यन्ते तदा गृहिभिः सुतरामसौ तथा प्रतिपत्तव्यः, साध्वपेक्षया तेषामनैष्टिकत्वादिति एवं प्रत्याख्यानमपि । ननु पारिष्ठापनिकादय आकाराः साधूनामेव घटन्ते, ततो गृहिणामयुक्तमेतत्, नैवं, यतो यथा गुर्वादयः पारिष्ठापनिकस्यानधिकारिणोऽपि यथा वा भगवतीयोगवाहिनो गृहस्थसंसृष्टाद्यनधिकारिणोऽपि पारिष्ठापनिकाद्याकारोच्चारणेन प्रत्याख्यान्ति अखण्डं सूत्रमुच्चारणीयमिति न्यायात्, एवं गृहस्था अपीति न दोषः तस्मात् षड्विधमप्यावश्यकं श्रावकस्यास्तीति प्रतिपत्तव्यमित्यलं विस्तरेणेति गाथार्थः ।।१/४४।।

ટીકાર્થ :-

ननु ..... गाथार्थः ।। 'ननु'થી કોઈ પ્રશ્ન કરે છે કે જો આ રીતે=અસદ્ગ્રહણામાં પ્રતિક્રમણ કરવું જોઈએ એમ પૂર્વમાં કહ્યું અને સાધુ શ્રાવકની અગિયારે પ્રતિમાનું અસદ્ગ્રહણારૂપે પ્રતિક્રમણ કરે છે એ રીતે, તો સાધુના પ્રતિક્રમણસૂત્રથી જ તેઓ=શ્રાવકો, પ્રતિક્રમણ કરો. તેને ગ્રંથકારશ્રી કહે છે – કોણ ના પાડે છે ? કેવલ શ્રાવક પ્રતિક્રમણસૂત્રમાં પ્રતિષિદ્ધ આચરણારૂપ અણુવ્રતાદિ વિષયક વિસ્તારથી અભિધાયકપણું હોવાથી શ્રાવકનું પ્રતિક્રમણસૂત્ર અત્યંત ઉપયોગતર છે=શ્રાવકને માટે અતિચારના આલોચન અર્થે વંદિત્તુસૂત્ર અત્યંત ઉપયોગી છે, એથી તેનાથી=પગામસિજ્જાને બદલે વંદિત્તા સૂત્રથી, તેઓ=શ્રાવકો, પ્રતિક્રમણ કરે છે.

'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે – સાધુના પ્રતિક્રમણથી ભિન્ન શ્રાવકનું પ્રતિક્રમણ સૂત્ર અયુક્ત છે; કેમ કે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આદિ વડે અતંત્રીપણું હોવાથી અનાર્ષપણું છે=વંદિત્તા સૂત્ર ઉપર નિર્યુક્તિ આદિ નહિ હોવાથી અપ્રામાણિક છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – એમ ન કહેવું; કેમ કે આ રીતે આવશ્યક આદિ દશ શાસ્ત્રોને છોડીને નિર્યુક્તિનો અભાવ હોવાથી અને ઔપપાતિક આદિ

ઉપાંગોની ચૂર્ણિનો અભાવ હોવાથી અપ્રામાણિકપણાનો પ્રસંગ છે. તેથી=ચૂર્ણિ આદિ નહિ હોવા છતાં ઉપાંગ આદિ પ્રમાણ છે તેમ વંદિતા સૂત્ર પણ પ્રમાણ છે તેથી, તેઓને=શ્રાવકોને પ્રતિક્રમણ પણ છે.

વળી, ઈર્યાપથના પ્રતિક્રમણથી પાંચમી પ્રતિમાનું કરણરૂપ હોવાથી અને સુભદ્રા શ્રાવિકાદિનું દૃષ્ટાંત હોવાથી, શ્રાવકને કાયોત્સર્ગ કર્તવ્યપણારૂપે સ્વીકારવું જોઈએ. જો સાધુઓ પણ ભંગના ભયથી આગાર સહિત કાયોત્સર્ગ સ્વીકારે છે, તો ગૃહસ્થો વડે પણ નક્કી આ=કાયોત્સર્ગ તે પ્રકારે= આગાર સહિત સ્વીકારવું જોઈએ; કેમ કે સાધુની અપેક્ષાથી તેઓનું=શ્રાવકોનું અનૈષ્ઠિકપણું છે= અસમર્થપણું છે. આ રીતે પ્રત્યાખ્યાન પણ છે=શ્રાવકને પચ્ચક્ખાણ આવશ્યક પણ છે.

'ननु'થી શંકા કરે છે – પારિષ્ઠાપનિકાદિ આગારો=પચ્ચક્ખાણના સૂત્રમાં બોલાતા પારિષ્ઠાપનિકાદિ આગારો સાધુને જ ઘટે છે. તેથી આ=પચ્ચક્ખાણ ગૃહસ્થને અયુક્ત છે. તેને ગ્રંથકારશ્રી કહે છે – એ પ્રમાણે ન કહેવું.

જે કારણથી ગુરુ આદિ પારિષ્ઠાપનિકાદિના અનધિકારી પણ પચ્ચક્ખાણ કરે છે અથવા ભગવતીયોગને વહન કરનારાઓ સાધુઓ ગૃહસ્થ સંસૃષ્ટ આદિ આગારોના અનધિકારી હોવા છતાં પણ પારિષ્ઠાપનિકાદિ આગારોના ઉચ્ચારણથી પ્રત્યાખ્યાન કરે છે; કેમ કે 'અખંડ સૂત્ર ઉચ્ચારવું જોઈએ, એ ન્યાય છે એ રીતે ગૃહસ્થો પણ પારિષ્ઠાપનિકાદિ આગારો બોલે છે,' એમાં દોષ નથી.

તે કારણથી છ પ્રકારનું પણ આવશ્યક શ્રાવકને છે, એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. વિસ્તારથી સર્યું. ॥૧/૪૪॥

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે સાધુઓ શ્રાવકની અગિયાર પ્રતિમામાં અશ્રદ્ધા થઈ હોય, તેનું પ્રતિક્રમણ કરે છે અને તેમ સ્વીકારીએ તો શ્રાવકોએ પણ સાધુધર્મનાં સર્વ સ્થાનોમાંથી કોઈપણ સ્થાનમાં અશ્રદ્ધા થઈ હોય તો તેની શુદ્ધિ અર્થે શ્રાવકે પણ પગામસિજ્જા બોલવી જોઈએ. જેથી સાધુના સંયમનાં સર્વે સ્થાનોમાં થયેલી અશ્રદ્ધાની શુદ્ધિ થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે –

તે દૃષ્ટિએ શ્રાવકને પગામસિજ્જા બોલવી ઉચિત જ છે, તોપણ શ્રાવકજીવનના અતિચારની શુદ્ધિ શ્રાવકને અતિ ઉપયોગી છે. તેથી શ્રાવક વંદિત્તા સૂત્રથી પ્રતિક્રમણ કરે છે, માટે શ્રાવકને પ્રતિક્રમણ આવશ્યક પણ છે. તેમ સિદ્ધ થાય છે.

વળી, શ્રાવકને કાયોત્સર્ગઆવશ્યક પણ સિદ્ધ છે; કેમ કે ઇરિયાવહીયા કરીને શ્રાવક ચૈત્યવંદન વખતે કાયોત્સર્ગ કરે છે. વળી શ્રાવકની પાંચમી પ્રતિમા કાયોત્સર્ગની જ છે, માટે શ્રાવકને કાયોત્સર્ગ આદિ કર્તવ્ય છે અને સુભદ્રા શ્રાવિકાએ કાયોત્સર્ગ કરેલો, તેથી પણ શ્રાવકને કાયોત્સર્ગ કર્તવ્ય છે. વળી, સાધુઓ કાયોત્સર્ગના ભંગના નિવારણ અર્થે આગારો રાખે છે, તેમ શ્રાવકે પણ આગારોપૂર્વક કાયોત્સર્ગ કરવો જોઈએ.

વળી, પચ્ચક્ખાણ સૂત્રના અખંડ, ઉચ્ચારણ અર્થે શ્રાવકે 'પારિષ્ઠાપનિકાદિ' આગારો પણ બોલવા

જોઈએ. તેથી જે શ્રાવક સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છે, તે પણ ઉચિત છે અને શક્તિ ન હોય તો દિવસ દરમ્યાન ચૈત્યવંદન આદિ કૃત્યો કરે છે. તેનાથી પણ શ્રાવકને છ આવશ્યકની સિદ્ધિ થાય છે. તેથી જે રીતે ભાવનો પ્રકર્ષ થાય, તે રીતે શ્રાવકે શક્તિ અનુસાર છ આવશ્યકમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૧/૪૪॥**

અવતરણિકા :-

તથા—

અવતરણિકાર્થ :-

શ્રાવકે અન્ય શું કરવું જોઈએ ? તેનો સમુચ્ચય 'તથા'થી કરે છે —

ગાથા :-

जइविस्सामणमुचिओ जोगो नवकारचिंतणाईओ ।
गिहिगमणं विहिसुवणं सरणं गुरुदेवयाईणं ।।१/४५।।

છાયા :-

यतिविश्रामणमुचितो योगः नमस्कारचिन्तनादिकः ।
गृहगमनं विधिश्रवणं स्मरणं गुरुदेवतादीनाम् ।।१/४५।।

અન્વયાર્થ :-

જઇ વિસ્સામણમુચિઓ જોગો=સાધુની વિશ્રામણારૂપ ઉચિત યોગ, નવકારચિંતણાઈઓ=નમસ્કારચિંતવન આદિ સ્વાધ્યાય, ગિહિગમણં=ઘરે જવું, વિહિસુવણં=વિધિપૂર્વક સૂવું, ગુરુદેવયાઈણં=ગુરુ-દેવાદિનું, સરણં= સ્મરણ. ॥૧/૪૫॥

ગાથાર્થ :-

સાધુની વિશ્રામણારૂપ ઉચિત યોગ, નમસ્કારચિંતવન આદિ સ્વાધ્યાય, ઘરે જવું, વિધિપૂર્વક સૂવું, ગુરુ-દેવાદિનું સ્મરણ. ॥૧/૪૫॥

ટીકા :-

व्याख्या—'जई'त्यादि । यतीनां साधूनां वैयावृत्त्यादिभिः श्रान्तानां पुष्टालम्बनेन तथाविधश्रावकादेरपि देहखेदापनोदमिच्छतां विश्रामणं खेदविनोदनं यतिविश्रामणं करणीयमिति गम्यते एवं सर्वत्रोचितक्रिया-ध्याहारः कार्यः प्राकृतत्वाच्च विश्राम्यते रूपान्तदीर्घत्वं यद्वा विश्राम्यतः करणमिति संतृडन्तस्य (शतृडतस्य) कारिते घुटि च विश्रामणमिति भवति, तथोचितः स्वभूमिकायोग्यो योगो व्यापारः । तमेवाह—नमस्कारचिन्तनादिकः परमेष्ठिपञ्चकनमस्कृतिध्यानप्रभृतिकः, आदिशब्दात् परिपठितप्रकरण-

गुणनादिपरिग्रहः, ततो गृहगमनं निजवेश्मगमः तत्र च विधिस्वपनं विधिना शयनक्रिया विधिश्च जिनार्चनवन्दनविशेषप्रत्याख्यानकरणादिः, तमेव विशेषेणाह—स्मरणं मनसि धारणमुपलक्षणत्वादस्य गुणवर्णनादि च गुरुदेवतादीनां=धर्माचार्यजिननायकप्रभृतीनाम् आदिशब्दात्तदन्येषां च धर्मोपकारकाणां प्रत्याख्यानादीनामिति गाथार्थः ।।१/४५।।

ટીકાર્થ :-

यतीनां ..... गाथार्थः ।। 'जईत्यादि' પ્રતીક છે. યતિઓની=વૈયાવચ્ચ આદિથી થાકેલા સાધુઓની, પુષ્ટાલંબનથી તેવા પ્રકારના શ્રાવક આદિથી પણ દેહના શ્રમને દૂર કરવાને ઇચ્છિત સાધુઓની વિશ્રામણા=શ્રમ દૂર કરવાની ક્રિયા શ્રાવકે કરવી જોઈએ. એ રીતે=સાધુની વૈયાવચ્ચની ક્રિયામાં 'કરણીય' શબ્દનું યોજન કર્યું, એ રીતે સર્વત્ર=આગળમાં કહે છે, એ સર્વ સ્થાનોમાં ઉચિત ક્રિયાનો અધ્યાહાર કરવો અને પ્રાકૃતપણાને કારણે વિશ્રામ્યતે એ ધાતુના રૂપમાં અંતમાં દીર્ઘપણું છે અથવા વિશ્રામણથી કરવું જોઈએ, એ પ્રકારે વ્યાકરણના નિયમ અનુસાર 'વિશ્રામણ' શબ્દ થયો છે અને ઉચિત સ્વભૂમિકા યોગ્ય વ્યાપાર કરવો જોઈએ અને તેને જ=ઉચિત વ્યાપારને જ કહે છે —

નમસ્કારચિંતવન આદિ=પરમેષ્ઠિપંચકને નમસ્કાર ધ્યાન વગેરે શ્રાવકે કરવાં જોઈએ. આદિ શબ્દથી ભણેલા પ્રકરણના ગુણન આદિનું ગ્રહણ છે. ત્યારપછી ઘરે જવું જોઈએ=સાધુના ઉપાશ્રયથી પોતાના ઘરે જવું અને ત્યાં=ઘરે વિધિપૂર્વક સૂવું જોઈએ અને વિધિ જિનઅર્ચન, વંદન, વિશેષ પ્રત્યાખ્યાન કરણ આદિ છે અને તેને જ વિશેષથી કહે છે — ગુરુદેવાદિનું સ્મરણ કરવું જોઈએ=મનમાં ધારણ કરવું જોઈએ અને આનું=સ્મરણનું ઉપલક્ષણપણું હોવાથી ગુણવર્ણનાદિ કરવું જોઈએ. ધર્માચાર્ય, જિનનાયક વગેરેનું સ્મરણ કરવું જોઈએ અને આદિ શબ્દથી તેનાથી અન્ય ધર્મના ઉપકારક એવા પ્રત્યાખ્યાન આદિનું સ્મરણ કરવું જોઈએ. ।।૪૫।।

ભાવાર્થ :-

સામાન્યથી સાધુઓ ગૃહસ્થ પાસે વૈયાવચ્ચ કરાવે નહિ તોપણ અપવાદથી શ્રાવકની વિશ્રામણા દ્વારા શરીરનો શ્રમ દૂર થવાથી સંયમના યોગોમાં દૃઢ ઉદ્યમ થાય તેમ જણાય તો કુશળ શ્રાવક પાસે વૈયાવચ્ચ કરાવે. તેથી વિવેકી શ્રાવકે સાધુ પાસે જઈને વિશ્રામણા વિષયક સાધુને પૃચ્છા કરવી જોઈએ અને તેઓ અનુજ્ઞા આપે તો તેમની વિશ્રામણા કરવી જોઈએ. જેથી સંયમનો ઉપકારી દેહ વિશેષ સંયમની આરાધના કરી શકશે, એવા નિર્મળ અધ્યવસાયથી શ્રાવકને પણ નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, શ્રાવકે ગુરુ પાસે નવકાર આદિનાં સૂત્રોનો સૂક્ષ્મ બોધ કરવો જોઈએ અને નવકાર આદિના ધ્યાનમાં યત્ન કરવો જોઈએ અને ભણેલા સૂત્રોનું પુનરાવર્તન કરવું જોઈએ.

જેથી નમસ્કારના ભાવો અને સૂત્રોના ભાવોથી આત્મા અત્યંત ભાવિત બને. જેથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય.

વળી, ત્યારપછી ઘરે જઈને વિધિપૂર્વક સૂવે.

સૂવાની વિધિ સ્પષ્ટ કરતાં કહે છે –

ધર્માચાર્યના, પરમગુરુ એવા જિનના ગુણોનું મનમાં સ્મરણ કરે. જેથી ચિત્ત પરમગુરુના અને ઉપકારી ગુરુ આદિના ગુણોથી અત્યંત વાસિત બને અને ત્યારપછી ધર્મની વૃદ્ધિના કારણ એવા પચ્ચક્ખાણ આદિનું સ્મરણ કરે. જેથી અત્યંત ભાવિત થઈને નિદ્રાકાળમાં પણ શુભ અધ્યવસાય જાગૃત થાય. **॥૧/૪૫॥**

अवतरणिका :-

तत्र च–

अवतरणिकार्थ :-

અને ત્યાં-રાત્રિના શયનમાં શું કરવું જોઈએ ? એ કહે છે –

गाथा :-

अब्बंभे पुण विरई मोहदुगुंछा सतत्तचिन्ता य ।
इत्थीकलेवराणं तव्विरएसुं च बहुमाणो ।।१/४६।।

छाया :-

अब्रह्मणि पुनो विरतिः मोहजुगुप्सा स्वतत्त्वचिन्ता च ।
स्त्रीकलेवराणां तद्विरतेषु च बहुमानः ।।१/४६।।

अन्वयार्थ :-

अब्बंभे=અબ્રહ્મમાં, पुण=વળી, विरई=વિરતિ, मोहदुगुंछा=મોહની જુગુપ્સા, य=અને, इत्थीकलेवराणं=સ્ત્રીના શરીરની, सतत्तचिन्ता=સ્વતત્ત્વની ચિંતા, च=અને, तव्विरएसुं=તેના વિરતોમાં=અબ્રહ્મથી વિરતોમાં, बहुमाणो=બહુમાન. ॥૧/૪૬॥

गाथार्थ :-

અબ્રહ્મમાં વળી વિરતિ, મોહની જુગુપ્સા અને સ્ત્રીના શરીરની સ્વતત્ત્વની ચિંતા અને તેના વિરતોમાં=અબ્રહ્મથી વિરતોમાં, બહુમાન. ॥૧/૪૬॥

टीका :-

व्याख्या–'अब्बंभे' इत्यादि । अब्रह्मणि स्त्रीपरिभोगलक्षणे पुनःशब्दो विशेषणे, तद्भावना चैवम्-गुर्वादिषु स्मरणं कर्तव्यं, अब्रह्मणि पुनर्विरतिर्निवृत्तिः कार्या । तथा मोहजुगुप्सा स्त्रीपरिभोगहेतु-वेदादिमोहनीयनिन्दा ।

यथा–

'यल्लज्जनीयमतिगोप्यमदर्शनीयं, बीभत्समुल्बणमलाविलपूतिगन्धि ।
तद्याचतेऽङ्गमिह कामिकृमिस्तदेवं किं वा दुनोति न मनो भववामता सा ।।१।।' [ ] **इत्यादि ।**

तथा स्वतत्त्वचिंता स्वरूपचिन्तनम् केषां ? स्त्रीकलेवराणां=योषिद्देहानाम् ।

यथा–

'शुक्रशोणितसम्भूतं नवच्छिद्रं मलोल्बणम् ।
अस्थिशृङ्खलिकामात्रं हन्त योषिच्छरीरकम् ।।१।।' [ ]

तद्विरतेष्वब्रह्मनिवृत्तेषु मुनिषु चशब्दः समुच्चये बहुमानोऽन्तरङ्गप्रीतिरूपो विधेयः ।

यथा–

'धन्यास्ते वन्दनीयास्ते तैस्त्रैलोक्यं पवित्रितम् ।
यैरेष भुवनक्लेशी काममल्लो निपातितः ।।१।।' [ ] **इत्यादीति गाथार्थः ।।१/४६।।**

ટીકાર્થ :-

अब्रह्मणि ..... गाथार्थः ।। 'अब्बंभे इत्यादि' પ્રતીક છે. અબ્રહ્મમાં=સ્ત્રીપરિભોગ લક્ષણ અબ્રહ્મમાં, વળી વિરતિ=નિવૃત્તિ, કરવી જોઈએ. 'पुनः' શબ્દ વિશેષણ અર્થમાં છે અને તેની ભાવના=પુનઃ શબ્દની ભાવના, આ પ્રમાણે છે –

ગુરુ આદિનું સ્મરણ કરવું જોઈએ. વળી, અબ્રહ્મની વિરતિ કરવી જોઈએ અને મોહની જુગુપ્સા=સ્ત્રી-પરિભોગના હેતુ એવા વેદાદિ મોહનીયની નિંદા કરવી જોઈએ.

કઈ રીતે કરવી જોઈએ ? તે 'यथा'થી બતાવે છે –

"જે લજ્જનીય છે, અતિગોપવ્ય છે, અદર્શનીય છે, બીભત્સ છે, અત્યંત મલથી યુક્ત ખરાબ ગંધવાળું છે, તે અંગને અહીં=સંસારમાં કામીરૂપી કીડો ઈચ્છે છે. તે કારણથી આ પ્રમાણે મન કેમ દુભાતું નથી=આવી અનુચિત પ્રવૃત્તિમાં મન કેમ દુભાતું નથી ? તે=કામની ઈચ્છા ભવની વક્રતા છે. ।।૧।।" ()

ઈત્યાદિથી મોહની જુગુપ્સા કરવી જોઈએ, એમ અન્વય છે.

અને સ્વતત્ત્વની ચિંતા કરવી જોઈએ=સ્વરૂપનું ચિંતવન કરવું જોઈએ.

કોનું સ્વરૂપ ચિંતવન કરવું જોઈએ ? એથી કહે છે –

સ્ત્રીના શરીરના સ્વરૂપનું ચિંતવન કરવું જોઈએ. જે આ પ્રમાણે –

"શુક્ર અને લોહીથી ઉત્પન્ન થયેલું, નવ છિદ્રવાળું, મલના અતિશયવાળું, હાડકાની શૃંખલિકામાત્ર સ્ત્રીનું શરીર છે. ।।૧।।" ()

તેના વિરતોમાં=અબ્રહ્મથી નિવૃત્તિ એવા મુનિઓમાં બહુમાન=અંતરંગ પ્રીતિરૂપ બહુમાન કરવું જોઈએ. 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે.

કઈ રીતે બહુમાન કરવું જોઈએ ? તે 'યથા'થી બતાવે છે –

"તેઓ ધન્ય છે, તેઓ વંદનીય છે, તેઓ વડે ત્રણ લોક પવિત્ર કરાયા છે. જેઓ વડે ભુવનને ક્લેશ કરાવનાર આ કામરૂપી મલ્લ પછાડાયો છે. ।।૧।।" ()

ઇત્યાદિથી અન્ય કામથી વિરત પ્રત્યે બહુમાનના શ્લોકોનો સંગ્રહ કરવો જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૪૬।।

ભાવાર્થ :-

શ્રાવક મોક્ષના અર્થી હોય છે; છતાં કષાયોના વિકારો અત્યંત દુર્જય છે, તેમાં પણ વેદનો ઉદય અતિ દુષ્કર છે અને રાત્રે સૂતી વખતે સાવધાન ન રહે તો રાત્રિના નિમિત્તને પામીને જ કામની ઇચ્છા જીવને વિલ્વળ કરે છે. તેથી શક્તિ હોય તો રાત્રે અબ્રહ્મની વિરતિનું પચ્ચક્ખાણ કરે. જેના બળથી કામનો વિકાર ઊઠે નહિ. વળી, જણાય કે વેદનો ઉદય નિરોધ થાય તેમ નથી, તો મોહની જુગુપ્સા કરે-સ્ત્રીની ઇચ્છારૂપ મોહની જુગુપ્સા કરે અને વિચારે કે અત્યંત લજ્જાસ્પદ એવી આ કામની ક્રીડા છે. છતાં તે કરવામાં મન દુભાતું નથી, એ ભવની વક્રતા છે અર્થાત્ સંસારમાં પરિભ્રમણમાં કારણભૂત એવા પરિણામની આ વક્રતા છે. તેથી સ્પષ્ટ અસાર એવા સ્ત્રી આદિના શરીરમાં કુત્સિત ક્રિયા કરવાની ઇચ્છા થાય છે. આ પ્રકારે ભાવનથી પણ ચિંતા શાત ન થાય તો સ્ત્રીના શરીરનું સ્વરૂપ વિચાર કરે. ખરેખર, આ શરીર શુક્ર અને લોહીના ગંદા પદાર્થથી ઉત્પન્ન થયેલું છે; કેમ કે અશુચિના સ્થાનમાં જેમ કીડો જન્મે છે, તેમ અશુચિના સ્થાનમાં જન્મીને સ્ત્રીનું શરીર બનેલું છે અને તેના નવે છિદ્રોમાંથી અશુચિ બહાર નીકળે છે અને હાડકાની તે પ્રકારની ગોઠવણી માત્રરૂપ સ્ત્રીનું શરીર છે. આ પ્રકારે ચિંતવન કરવાથી પ્રાયઃ વિકાર શાંત થાય છે અને તેને દૃઢ કરવા અર્થે જ વિચારે છે કે જેઓ અબ્રહ્મથી નિવૃત્ત થયા છે, તેઓ જ ધન્ય છે, વંદનીય છે અને ત્રણ લોકમાં પવિત્ર આત્માઓ છે, જેમના વડે સંસારી જીવોને ક્લેશ કરાવનાર આ કામમલ્લ જિતાયો. આ પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક ભાવન કરવાથી શ્રાવકના ચિત્તમાં અનાદિથી સ્થિર થયેલા કામના વિકારો ક્ષીણ ક્ષીણતર થાય છે. **।।૧/૪૬।।**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને શ્રાવકે અન્ય શું કરવું જોઈએ ? તે 'તથા'થી બતાવે છે –

ગાથા :-

सुत्तविउद्धस्स पुणो सुहुमपयत्थेसु चित्तविण्णासो ।
भवट्ठिइणिरूवणे वा अहिगरणोवसमचित्ते वा ।।१/४७।।

છાયા :-

सुप्तविबुद्धस्य पुनः सूक्ष्मपदार्थेषु चित्तविन्यासः ।
भवस्थितिनिरूपणे वा अधिकरणोपशमचित्ते वा ।।१/४७।।

અન્વયાર્થ :-

पुणो=વળી, सुत्तविउद्धस्स=નિદ્રામાંથી ઊઠેલા શ્રાવકે, सुहुमपयत्थेसु=સૂક્ષ્મ પદાર્થોમાં, चित्तविण्णासो=ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ, वा=અથવા, भवट्ठिइणिरूवणे=ભવસ્થિતિના નિરૂપણમાં, वा=અથવા, अहिगरणोवसमचित्ते=અધિકરણના ઉપશમ ચિત્તમાં યત્ન કરવો જોઈએ. ।।૧/૪૭।।

ગાથાર્થ :-

વળી, નિદ્રામાંથી ઊઠેલા શ્રાવકે સૂક્ષ્મ પદાર્થોમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ અથવા ભવસ્થિતિના નિરૂપણમાં અથવા અધિકરણના ઉપશમ ચિત્તમાં યત્ન કરવો જોઈએ. ।।૧/૪૭।।

ટીકા :-

व्याख्या—'सुत्ते'त्यादि । सुप्तविबुद्धस्य निद्रापगमेन जाग्रतः श्रावकस्य पुनःशब्दः पूर्ववाक्यार्थापेक्षयोत्तरवाक्यार्थस्य विलक्षणताद्योतकः सूक्ष्मपदार्थेषु=अस्थूलवस्तुषु कर्मात्मपरिणामादिषु, चित्तविन्यासो=मानसावेशनम् करणीयमिति गम्यते, भवस्थितिनिरूपणे=संसारस्वरूपपर्यालोचने चित्तविन्यास इति प्रकृतम् ।

यथोक्तम्—

'रङ्को राजा नृपो रङ्कः स्वसा जाया जनी स्वसा ।
दुःखी सुखी सुखी दुःखी यत्रासौ निर्गुणो भवः ।।१।।' [ ]

वाशब्दो विकल्पार्थः अधिकरणानि कलहाः कृष्यादीनि वा तेषामुपशमाय निवर्तनाय यच्चित्तं मानसं तत्तथा तत्राधिकरणोपशमचित्ते कथं कदा वा मेऽधिकरणोपशमचित्तं भविष्यतीत्येवं चित्तविन्यासः कार्य इति भावः, वाशब्दो विकल्पार्थः । इति गाथार्थः ।।१/४७।।

ટીકાર્થ :-

सुप्तविबुद्धस्य ..... गाथार्थः ।। 'सुत्तेत्यादि' પ્રતીક છે. નિદ્રામાંથી ઊઠેલા શ્રાવકે વળી સૂક્ષ્મ પદાર્થોમાં= અસ્થૂલ વસ્તુરૂપ કર્મ આત્મપરિણામ આદિ વસ્તુમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ. 'पुनः' શબ્દ

પૂર્વના વાક્યાર્થની અપેક્ષાએ ઉત્તર વાક્યાર્થની વિલક્ષણતાનો દ્યોતક છે=અબ્રહ્મ વિષયક જે ચિંતવન પૂર્વગાથામાં બતાવ્યું, એના કરતાં વિલક્ષણ ચિંતવન સવારના જાગ્યા પછી કરવાનું છે, તેને બતાવનાર છે.

ભવસ્થિતિના નિરૂપણમાં=સંસારના સ્વરૂપના પર્યાલોચનમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ, એ પ્રમાણે પ્રકૃત છે. જે પ્રમાણે કહેવાયું છે –

"રંક રાજા થાય છે, રાજા રંક થાય છે, બેન પત્ની થાય છે, પત્ની બેન થાય છે, દુઃખી સુખી થાય છે, સુખી દુઃખી થાય છે જેમાં, એવો આ ભવ નિર્ગુણ છે. ॥૧॥" ()

'વા' શબ્દ વિકલ્પ અર્થવાળો છે. અધિકરણો, કલહ અને ખેતી આદિ આરંભો છે. તેઓના ઉપશમ માટે=નિવર્તન માટે, જે ચિત્ત=માનસ, તે તેવું છે=અધિકરણ ઉપશમવાળું ચિત્ત છે. તે અધિકરણ ઉપશમવાળા ચિત્તમાં ક્યારે, કઈ રીતે મારું અધિકરણ ઉપશમવાળું ચિત્ત થશે ?, એ પ્રમાણે ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ. 'વા' શબ્દ વિકલ્પ અર્થવાળો છે. ॥૧/૪૭॥

ભાવાર્થ :-

શ્રાવક મોક્ષના અત્યંત અર્થી હોય છે અને મોક્ષપ્રાપ્તિનો એક ઉપાય વીતરાગતા છે અને વીતરાગતાની પ્રાપ્તિ કરવાનો અનુકૂળ યત્ન નિપુણ પ્રજ્ઞાપૂર્વક તત્ત્વના ભાવનથી થાય છે. તેથી શ્રાવકે રાત્રે કોઈપણ સમયે નિદ્રાનો અપગમ થાય, ત્યારે સૂક્ષ્મ પદાર્થોમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ.

કેવા પ્રકારના સૂક્ષ્મ પદાર્થો છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ચક્ષુથી નહિ દેખાતા, પરંતુ શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર દેખાતા કર્મના પરિણામો, આત્માના પરિણામો અને આત્માના તેવા પ્રકારના પરિણામોથી કઈ રીતે કર્મબંધ થાય છે અને કેવા પ્રકારના પરિણામોથી કર્મનો નાશ થાય છે. તેનું શાસ્ત્રવચનથી, યુક્તિથી અને અનુભવથી ભાવન કરવું જોઈએ; જેથી કર્મના નાશને અનુકૂળ સદ્વીર્યનો સંચય થાય.

વળી, ભવસ્થિતિનું સૂક્ષ્મ પર્યાલોચન કરવું જોઈએ. જેમ સંસારમાં રંક કર્મને વશ રાજા થાય છે, રાજા રંક થાય છે, સુખી ક્ષણમાં દુઃખી થાય છે, દુઃખી ક્ષણમાં સુખી થાય છે. આ પ્રકારની અનેક વિચિત્રતાથી યુક્ત સંસાર છે, તેથી અત્યંત નિર્ગુણ છે; કેમ કે જીવની વિડંબના સ્વરૂપ છે. આ પ્રકારે ભાવન કરવાથી ભવના ઉચ્છેદને અનુકૂળ સદ્વીર્યનો સંચય થાય છે. માત્ર તે તે પ્રકારે ભવસ્થિતિનો વિચાર કરીને સંતોષ માનવો જોઈએ નહિ, પરંતુ ચિત્તમાં ભવ અત્યંત નિર્ગુણ છે, તે પ્રકારે બુદ્ધિ સ્થિર સ્થિરતર થાય તે પ્રકારે ભવની સ્થિતિનું પર્યાલોચન કરવું જોઈએ.

વળી, અધિકરણના ઉપશમમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ અને શ્રાવક માટે અંતરંગ કલહ આદિ કષાયો અને બહિરંગ આરંભ-સમારંભ આદિની પ્રવૃત્તિઓ અધિકરણ છે અને ચિત્તમાં કલહ આદિ કષાયો શાંત થાય અને આરંભ-સમારંભમાં ચિત્ત નિવૃત્ત બને તે પ્રકારે અધિકરણોની અનર્થતાનું ભાવન કરવું જોઈએ. જેથી શાંતરસની વૃદ્ધિ થાય, સંયમને અનુકૂળ બળસંચય થાય અને સદ્ગતિઓની પરંપરા દ્વારા શીઘ્ર સસારનો અંત થાય. **॥૪૭॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને બીજા શેમાં ચિત્તનો વિન્યાસ કરવો ? તે 'तथा'થી બતાવે છે –

ગાથા :-

आउयपरिहाणीए असमंजसचेट्ठियाण व विवागे ।
खणलाभदीवणाए धम्मगुणेसुं च विविहेसु ।।१/४८।।

છાયા :-

आयुः परिहाणौ असमञ्जसचेष्टितानां वा विपाके ।
लक्षणलाभदीपनायां धर्मगुणेषु च विविधेषु ।।१/४८।।

અન્વયાર્થ :-

आउयपरिहाणीए=આયુષ્યની પરિહાણિમાં, व=અથવા, असमंजसचेट्ठियाण=અસમંજસ ચેષ્ટાઓના, विवागे=વિપાકમાં, खणलाभदीवणाए=ક્ષણના લાભની દીપનામાં, च=અને, विविहेसु=વિવિધ પ્રકારના, धम्मगुणेसुं=ધર્મના ગુણોમાં, ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ, એમ અન્વય છે. ।।૧/૪૮।।

ગાથાર્થ :-

આયુષ્યની પરિહાણિમાં અથવા અસમંજસ ચેષ્ટાઓના વિપાકમાં, ક્ષણના લાભની દીપનામાં અને વિવિધ પ્રકારના ધર્મના ગુણોમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ, એમ અન્વય છે. ।।૧/૪૮।।

ટીકા :-

व्याख्या–'आउ' इत्यादि । आयुःपरिहाणौ प्रतिक्षणायुष्कक्षयलक्षणायां चित्तविन्यास इति प्रतिपदं योज्यम् ।

अत्र चोक्तम्–

'समस्तसत्त्वसङ्घानां क्षयत्यायुरनुक्षणम् ।
आममल्लकवारीव किं तथापि प्रमाद्यसि ।।१।।' [ ] **इत्यादि ।**

असमञ्जसचेष्टितानामसदाचरितानां प्राणिवधादीनाम्, वाशब्दो विकल्पार्थः, विपाके नरकाद्यशुभफल-दायकत्वे ।

यथा–

'वहमारणअब्भक्खाणदाणपरधणविलोवणादीणं ।
सव्वजहण्णो उदओ दसगुणिओ एक्कसि कयाणं ।।१७७।।' **[उपदेशमाला] इत्यादि ।**

क्षणे कालविशेषे स्तोककालेऽपीत्यर्थः, लाभोऽशुभाध्यवसायेन महतोऽशुभकर्मणः शुभाध्यवसायेन च महत इतरस्यार्जनं तस्य दीपना प्रकाशना क्षणलाभदीपना तस्याम् ।

यथा–

'नरएसु सुरवरेसु य जो बंधइ सागरोवमं एक्कं ।
पलिओवमाण बंधइ कोडिसहस्साण दिवसेणं ।।२७४।।' **[उपदेशमाला]**

अथवा क्षणोऽवसरो मोक्षसाधनस्य । स च द्रव्यादिभेदाच्चतुर्विधः । तत्र द्रव्यतो मानुषत्वं, क्षेत्रत आर्यक्षेत्रं, कालतो दुःषमसुषमादिः कालविशेषः, भावतो बोधिरिति । तस्य क्षणस्य यो लाभो युगशमिलान्यायेन कष्टात्प्राप्तिस्तस्य या दीपना सा तथा तस्याम् ।

यथोक्तम्–

'माणुस्सखेत्तजाईकुलरूवारोगआउयं बुद्धी ।
सवणोग्गहसद्धा संजमो य लोगम्मि दुलहाइं ।।८३१।।' **[आवश्यकनिर्युक्ति]**

अथवा क्षणलाभश्च दीपज्ञातं द्वीपज्ञातं वा क्षणलाभदीपज्ञातं क्षणलाभद्वीपज्ञातं वा । तत्र क्षणलाभज्ञातं प्राग्वत् । दीपज्ञातं पुनर्यथा–

अंधयारे महाघोरे दीवोताणं सरीरिणं ।
एवमन्नाणतामिस्से भीसणम्मि जिणागमो ।।१।।' **[उत्तराध्ययन]**

द्वीपज्ञातं तु–

'दीवोताणं सरीरिणं समुद्दे दुत्तरे जहा ।
धम्मो जिणिंदपन्नत्तो तहा संसारसागरे ।।१।।' [ ]

तथा धर्मस्य श्रुतचारित्ररूपस्य गुणा उपकाराः फलानीति यावत् धर्मगुणास्तेषु । चशब्दः समुच्चये । विविधेषु च बहुविधेष्विहलोकपरलोकाश्रितेषु ।

यथोक्तम्–

'श्रुतिगम्यं फलं तावत्सधर्मस्य शिवादिकम् ।
शमजन्य(ज)सौख्यरूपं तु साक्षादेवानुभूयते ।।१।।' [ ]

तथा–

'निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।

विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ।।२३८।।' **[प्रशमरति]**

अथवा धर्मरूपा गुणा धर्मगुणाः क्षेमादयस्तेषु विविधधर्मगुणानां कारणे स्वरूपे फले च चित्तन्यासः कार्य इति हृदयमिति गाथार्थः ।।१/४८।।

ટીકાર્થ :-

आयुःपरिहाणौ ..... गाथार्थः ।। 'आउ' इत्यादि प्रतीक छे. आयुष्यनी परिहानिमां=प्रतिक्षण आयु क्षण थाय छे, ए रूप आयुष्यनी परिहानिमां, चित्तनो विन्यास करवो जोईओ, ओ प्रमाणे प्रतिपदमां= गाथाना प्रत्येक पदमां योजन करवुं.

अने अहीं=आयुष्यना क्षयना विषयमां, कहेवायुं छे –

"બધા જીવોના સમૂહનું આયુષ્ય પ્રત્યેક સમયે ક્ષય પામે છે. જેમ કાચા ઘડામાં પાણી પ્રત્યેક ક્ષણે નીકળે છે, તોપણ કેમ પ્રમાદ કરે છે ? અર્થાત્ પોતાના આત્માને કહે છે – કેમ ભવને સફળ કરવા યત્ન કરતો નથી ?" **() ઈત્યાદિ ચિંતવન કરવું જોઈએ.**

असमंजस चेष्टितोना विपाकमां=असद् आचरित एवा प्राणीवधादिमां नरक आदि अशुभ फलदायकपणामां, चित्तनो विन्यास करवो जोईओ. 'वा' शब्द विकल्प अर्थवाळो छे.

कई रीते अशुभ चेष्टाओना विपाकमां चित्तनो विन्यास करवो जोईओ ? ते 'यथा'थी बतावे छे –

"વધ, મારણ, અભ્યાખ્યાનનું દાન, પરધનના વિલોપન આદિનો સર્વજઘન્યથી ઉદય, એક વખત કરાયેલાનું દસ ગણું છે=જઘન્યથી એક વખત કરાયેલાનું દસ ગણું ફળ છે ઈત્યાદિ ચિંતવન કરવું જોઈએ. ।।૧૭૭।।" **(ઉપદેશમાલા૦ ગાથા-૧૭૭)**

क्षणमां=कालविशेषमां=थोडाक कालमां, पण लाभ=अशुभ अध्यवसायथी मोटा अशुभ कर्मनुं अने शुभ अध्यवसायथी मोटा ईतरनुं=शुभनुं, अर्जन, छे. तेनी दीपनामां=प्रकाशना अर्थात् क्षण-लाभनी दीपनामां, चित्तनो विन्यास करवो जोईओ.

ते चित्तनो विन्यास ज 'यथा'थी बतावे छे –

"નારકીઓમાં અને દેવલોકમાં જે એક સાગરોપમનું આયુષ્ય બાંધે છે અને દિવસથી=એક દિવસથી ક્રોડ હજાર પલ્યોપમનું બાંધે છે. ।।૨૭૪।।" **(ઉપદેશમાલા૦ ગાથા-૨૭૪)**

अथवा=क्षणलाभदीपनानो अर्थ अन्य प्रकारे करे छे –

क्षण=मोक्ष साधननो अवसर. अने ते द्रव्यादि चार भेदवाळो छे. त्यां=द्रव्यादि चार भेदमां, द्रव्यथी मनुष्यपणुं, क्षेत्रथी आर्यक्षेत्र, कालथी दुःषम-सुषमादि रूप कालविशेष, भावथी बोधि=भगवानना वचनमां स्थिर श्रद्धापूर्वक मार्गानुसारी बोध, ते क्षणनो जे लाभ युगशमिलान्यायथी लाभ=कष्टनी प्राप्ति, तेनी जे दीपना तेमां चित्तनो विन्यास करवो जोईओ.

જે પ્રમાણે કહેવાયું છે –

"મનુષ્યક્ષેત્ર, જાતિ, કુલ, રૂપ, આરોગ્ય, આયુષ્ય, બુદ્ધિ, શ્રવણ=શાસ્ત્રોનું શ્રવણ, અવગ્રહ=શાસ્ત્રનું ગ્રહણ, શ્રદ્ધા=ભગવાનના વચનમાં રુચિ અને સંયમ લોકમાં દુર્લભ છે=ઉત્તર ઉત્તરમાં દુર્લભ છે. ।।૧।।" **(આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૮૩૧)**

અથવા ક્ષણલાભનો અન્ય પ્રકારે અર્થ કરે છે –

ક્ષણલાભ દીપનું દૃષ્ટાંત છે અથવા ક્ષણલાભ દ્વીપનું દૃષ્ટાંત છે=ક્ષણલાભરૂપ દીપનું દૃષ્ટાંત છે અથવા ક્ષણલાભરૂપ દ્વીપનું દૃષ્ટાંત છે, ત્યાં ક્ષણલાભ પૂર્વની જેમ છે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે એનો અર્થ છે.

દીપજ્ઞાત વળી 'યથા'થી બતાવે છે –

"મહાઘોર અંધકારમાં જીવોને દીવો ત્રાણ છે=રક્ષણ છે, એ રીતે ભીષણ એવા અંધકારરૂપી અજ્ઞાનમાં જિનઆગમ જીવોને ત્રાણ છે, એ પ્રકારે ભાવન કરવું જોઈએ. ।।૧।।" **(ઉત્તરાધ્યયનસૂત્ર, ગાથા-૯૦૬)**

વળી, દ્વીપજ્ઞાતમાં –

"જે પ્રમાણે સમુદ્રના ઉતરણમાં જીવોને દ્વીપ ત્રાણ છે, એ પ્રમાણે સંસારસાગરમાં જિનેન્દ્રથી પ્રજ્ઞપ્ત ધર્મ ત્રાણ છે. ।।૨।।" **()**

અને ધર્મના=શ્રુત-ચારિત્રરૂપ ધર્મના, ગુણો=ઉપકારો=ફલો, તે ધર્મગુણો છે અને વિવિધ એવા ધર્મગુણોમાં=આલોક અને પરલોક આશ્રિત એવા ધર્મગુણોમાં, ચિત્તન્યાસ કરવો જોઈએ.

જે પ્રમાણે કહેવાયું છે –

"સુધર્મનું શાસ્ત્રગમ્ય ફલ મોક્ષાદિ છે. વળી, શમજન્ય સુખરૂપ ફલ સાક્ષાત્ જ અનુભવાય છે. ।।૧।।" **()**

અને તેમાં સાક્ષી આપે છે –

"જીતી લીધેલા મદમદનવાળા વાણી, કાય અને મનના વિકારોથી રહિત પરની આશા વગરના સુવિહિતોને અહીં= સંસારમાં જ મોક્ષ છે. ।।૨૩૮।।" **(પ્રશમરતિ૦ શ્લોક-૨૩૮)**

અથવા ધર્મરૂપ ગુણો ધર્મગુણો ક્ષમાદિ છે, તેઓમાં ચિત્તન્યાસ કરવો જોઈએ=વિવિધ પ્રકારના ધર્મગુણોના કારણમાં, સ્વરૂપમાં અને ફલમાં ચિત્તને સ્થાપન કરવું જોઈએ, એ પ્રકારે તાત્પર્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧/૪૮।।

ભાવાર્થ :-

શ્રાવક સંસારથી અત્યંત ભય પામેલ છે, મોક્ષના અત્યંત અર્થી છે, છતાં ધર્મજાગરિકા ન કરે તો પ્રમાદવશ મનુષ્યજન્મ નિષ્ફળ પણ થઈ શકે છે. તેનાથી આત્માનું રક્ષણ કરવા માટે નિદ્રામાંથી શ્રાવક જાગે ત્યારે ગંભીરતાપૂર્વક વિચારે કે મનુષ્યભવની આયુષ્યની ક્ષણો સતત નાશ થઈ રહી છે અને આ મનુષ્યભવ જ સંસારના ક્ષયનું પ્રબળ કારણ છે અને સ્વર્ગાદિ સુખની પરંપરા દ્વારા મોક્ષસુખનું એક કારણ

છે, માટે મારે પ્રમાદરહિત મનુષ્યજન્મને સફળ કરવા યત્ન કરવો જોઈએ.

વળી, શ્રાવક વિચારે કે અસમંજસ ચેષ્ટાઓના વિપાકો અત્યંત અશુભ છે અને જો પ્રમાદવશ મનુષ્યભવને આરંભ-સમારંભમાં પૂર્ણ કરીશ, તો દુર્ગતિનાં ફળોની પરંપરા પ્રાપ્ત થશે.

વળી, કષાયોને વશ જે જે ભાવો થાય છે, તે સર્વ ભાવોનું જઘન્યથી દસ ગણું ફળ છે અને પરિણામનો પ્રકર્ષ થાય તો અનંત ભવો સુધી અનર્થોની પરંપરા પ્રાપ્ત થાય છે, માટે મારે સતત દયાળુ ચિત્ત નિષ્પન્ન થાય તે રીતે પ્રવૃત્તિ કરવી જોઈએ.

વળી, ક્ષણલાભની દીપના વિષયક શ્રાવક અનેક રીતે વિચાર કરે અને તે અનેક પ્રકાર જ બતાવે છે –

થોડીક ક્ષણ પણ શુભ અધ્યવસાય કરવામાં આવે તો તેનાથી મહાન ફળ મળે છે અને થોડોક વખત પણ અશુભ અધ્યવસાય કરવામાં આવે તો તે અશુભ અધ્યવસાયનું પણ મહાન અનર્થ ફળ મળે છે, માટે મારે પ્રમાદ વગર અશુભ અધ્યવસાયની નિવૃત્તિ અર્થે અને શુભ અધ્યવસાયની પ્રવૃત્તિ અર્થે જિનવચનનું દૃઢ આલંબન લેવું જોઈએ.

આ પ્રકારે ભાવન કરવાથી પ્રાયઃ દિવસ દરમ્યાન અશુભ અધ્યવસાય અલ્પ અલ્પતર થાય છે અને શુભ અધ્યવસાયને અનુકૂળ પ્રવૃત્તિમાં દૃઢ અધ્યવસાય થાય છે અથવા વિચાર કરે કે મોક્ષસાધનાની ક્ષણનો લાભ અતિદુર્લભ છે અને મને મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ધર્મને ઉચિત કાળ અને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધારૂપ બોધિ પ્રાપ્ત થઈ છે, જેની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે, માટે પ્રમાદ વગર મોક્ષસાધનની ક્ષણને સફળ કરું. અથવા ક્ષણલાભનું ચિંતવન કરે, દીપ=દીવાના દૃષ્ટાંતનું ચિંતવન કરે અથવા દ્વીપ=સમુદ્રમાં રહેલા બેટનું ચિંતવન કરે.

ક્ષણલાભનું ચિંતવન પૂર્વમાં બતાવ્યું, એ રીતે કરે અને દીવાનું દૃષ્ટાંત આ પ્રમાણે વિચારે –

સંસારી જીવોને અંધકારમાં દીવો માર્ગ બતાવે છે. તેમ ગાઢ અંધકારરૂપ સંસારમાં જીવોને ભગવાનનું આગમ સંસારઅટવીમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવે છે, માટે પ્રમાદ વગર શક્તિના પ્રકર્ષથી, જિનાગમના પરમાર્થને જાણીને ભવઅટવીમાંથી નીકળવાનો ઉદ્યમ હું કરું. આ પ્રકારે ભાવન કરવાથી શાસ્ત્રના અવલંબનથી શુભભાવો કરવાને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

વળી દ્વીપનું દૃષ્ટાંત આ રીતે વિચારે –

સમુદ્રમાં કોઈક મનુષ્ય પડેલો હોય ત્યારે કોઈ રીતે તેને દ્વીપની પ્રાપ્તિ થાય, તો સુરક્ષિત રહે છે અન્યથા સમુદ્રમાં મૃત્યુ પામે છે. દ્વીપ મળી જાય તો દ્વીપ ઉપર રહેલો તે જીવ સામગ્રીને પામીને સ્વદેશમાં પણ પહોંચે છે, તેમ સંસારસાગરમાં પડેલા જીવને સર્વજ્ઞકથિત ધર્મ જ દ્વીપતુલ્ય છે. જેના બળથી સદ્ગતિઓમાં જીવ જાય છે અને સ્વદેશના સ્થાન જેવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ રીતે બુદ્ધિને સ્પર્શે એ રીતે દ્વીપનું દૃષ્ટાંત શ્રાવકે સવારે ઊઠીને ભાવન કરવું જોઈએ. જેથી ભગવાનના વચનના પરમાર્થની પ્રાપ્તિ થાય એ રીતે શ્રુતઅધ્યયનનો ઉત્સાહ થાય.

વળી, શ્રાવકે શ્રુતધર્મનો જીવ ઉપર થતો વિવિધ પ્રકારનો ઉપકાર, તેમાં ચિત્તનો ન્યાસ કરવો જોઈએ. જેમ વિવેકી શ્રાવક ભગવાનના શ્રુતનો એ રીતે અભ્યાસ કરે કે જેથી ભગવાનનું વચન કઈ રીતે વીતરાગ તરફ જવાની દિશા બતાવનારું છે, તેના રહસ્યને પ્રાપ્ત કરે અને તે દિશામાં શક્તિ અનુસાર ચિત્તનું પ્રયાણ થાય તે રીતે ચારિત્રધર્મ સેવે તો આ લોકમાં પણ ક્લેશની મંદતાજન્ય સ્વસ્થતાની પ્રાપ્તિ થાય અને પરલોકમાં પણ સદ્ગતિની પરંપરા પ્રાપ્ત થાય અને અંતે મોક્ષફળની પ્રાપ્તિ થાય. આ પ્રકારે અનુભવ અનુસાર શ્રુતચારિત્રના ફળનું આલોચન કરવામાં આવે તો શ્રુતચારિત્ર વિષયક દૃઢ યત્ન કરવાનો ઉત્સાહ શ્રાવકને પ્રતિદિન વૃદ્ધિ પામે છે.

વળી, શ્રાવકધર્મના ગુણોનું ચિંતવન કરતાં વિચારે કે આત્માનો ક્ષમા, માર્દવ, આર્જવ અને અનિચ્છારૂપ સ્વભાવ છે અને તે ગુણોનો હૈયાને સ્પર્શ થાય તે રીતે ઊહાપોહ કરે અને વિચારે કે ક્ષમાદિ ગુણોની નિષ્પત્તિનાં કારણો કષાયોની અનર્થતાનું ભાવન છે અને ક્ષમાદિ ગુણો જીવની મોક્ષને અનુકૂળ સ્વસ્થતાની પરિણતિ સ્વરૂપ છે અને ક્ષમાદિનું ફળ સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ છે, માટે મારે તે ગુણોની સતત વૃદ્ધિ થાય, તેમજ યત્ન કરવો જોઈએ. આ પ્રકારે ભાવન કરીને શ્રાવક પ્રતિદિન સંસારના ઉચ્છેદની શક્તિનો સંચય કરે છે. **॥૧/૪૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને શ્રાવક સવારના અન્ય શું ભાવન કરે ? તે બતાવે છે –

ગાથા :-

बाहगदोसविवक्खे धम्मायरिए य उज्जयविहारे ।
एमाइचित्तणासो संवेगरसायणं देइ ।।१/४९।।

છાયા :-

बाधकदोषविवक्षे धर्माचार्ये च उद्यतविहारे ।
एवमादिचित्तन्यासः संवेगरसायनं ददाति ।।१/४९।।

અન્વયાર્થ :-

बाहगदोसविवक्खे=બાધક દોષના વિપક્ષમાં, धम्मायरिये=ધર્માચાર્યમાં, य=અને, उज्जयविहारे=ઉદ્યત-વિહારમાં एमाइचित्तणासो=એ વગેરેમાં ચિત્તનો વિન્યાસ, संवेगरसायणं=સંવેગરસાયણને, देइ=આપે છે. ॥૧/૪૯॥

ગાથાર્થ :-

બાધક દોષના વિપક્ષમાં, ધર્માચાર્યમાં અને ઉદ્યતવિહારમાં એ વગેરેમાં ચિત્તનો વિન્યાસ સંવેગરસાયણને આપે છે. ।।૧/૪૯।।

ટીકા :-

व्याख्या—'बाहे'त्यादि । यैर्यैर्दोषैरर्थकामरागादिभिः स धर्माधिकारी पुरुषो बाध्यते कुशलानुष्ठानतश्च्याव्यते ते बाधकदोषास्तेषां विपक्षः तत्प्रतिपक्षभावनारूपो बाधकदोषविपक्षस्तत्र ।

यदुक्तम्—

'जो जेणं बाहिज्जति दोसेणं वेयणाइविसएणं ।
सो खलु तस्स विवक्खं तव्विसयं चेव झाइज्जा ।।८९०।।' **[पञ्चवस्तु]**

वेतनं द्रव्यम् ।

'अत्थम्मि रागभावे तस्सेव उवज्जणाइसंकेसं ।
भावेज्ज धम्महेउं अभावमो तह य तस्सेव ।।८९१।।' **[पञ्चवस्तु] इत्यादि ।**

तथा धर्माचार्ये बोधिलाभहेतुभूते गुरौ दुष्करप्रत्युपकारोऽसावित्यादिरूपश्चित्तन्यासो विधेयः ।

यथोक्तम्—

'सम्मत्तदायगाणं दुप्पडियारं भवेसु बहुएसु ।
सव्वगुणमेलियाहि वि उवयारसहस्सकोडीहिं ।।२६९।।' **[उपदेशमाला]**

चशब्दः समुच्चये । तथोद्यतानां प्रयत्नवत्साधूनामुद्यतो वा प्रयत्नवान् विहारो मासकल्पादिचर्या उद्यतविहारस्तत्र ।

यथोक्तम्—

'अनिएयवासो समुदाणचारिया, अन्नायउंछं पइरिक्कया य ।
अप्पोवही कलहविवज्जणा य, विहारचरिया इसिणं पसत्था ।।५।।'

[दशवैकालिकसूत्र चूलिका-२, सूत्र-५]

आत्मगते चोद्यते विहारे ।

यथा—

'कइया होही सो वासरो उ गीयत्थगुरुसमीवम्मि ।
सव्वविरयं पवज्जिय विहरिस्सामि अहं जंमि ।।१।।' [ ]

धर्माचार्यविशेषणं वोद्यतविहार इति । एवं चित्तविन्यासं फलनिर्देशद्वारेण निगमयन्नाह—एवमनन्तरोक्तप्रकारं सूक्ष्मपदार्थादिकं वस्त्वादिर्येषामात्मप्रमादनिन्दादीनां ते एवमादयस्तेषु चित्तन्यासो मनोनिक्षेप एवमादिचित्तन्यासः । अथवैवमादिरनन्तरोक्तसूक्ष्मपदार्थचित्तविन्यासप्रभृतिकः । स चासौ चित्तन्यासश्चेत्येवमादिचित्तन्यासः । किमित्याह—संवेगः संसारनिर्वेदो मोक्षानुरागो वा स एव रसायनममृतमजरामरत्वहेतुत्वात्संवेगरसायनं तद्ददाति प्रयच्छत्येवं हि चित्तविन्यासे संवेग उत्पद्यत इति गाथार्थः ।।१/४९।।

ટીકાર્થ :-

यैर्यैर्दोषैः ..... गाथार्थः ।। 'बाहेत्यादि' પ્રતીક છે. જે જે અર્થના અને કામના રાગાદિ રૂપ દોષોથી તે ધર્મનો અધિકારી પુરુષ બાધા પામે છે=કુશલ અનુષ્ઠાનથી ચ્યુત થાય છે, તે બાધક દોષો છે. તેનો વિપક્ષ તેની પ્રતિપક્ષ ભાવનારૂપ છે. તે બાધક દોષનું વિપક્ષ છે, તેમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ, એમ અન્વય છે.

જે કારણથી કહેવાયું છે –

"જે ધન આદિ વિષયના દોષથી બાધા પામે છે, તે તેના વિપક્ષ અને તેના વિષયનું ચિંતવન કરે. ।।૮૯૦।।" (પંચવસ્તુ૦ ગાથા-૮૯૦)

વેતન અર્થાત્ દ્રવ્ય.

અર્થમાં રાગ-ભાવ થયે છતે તેના જ ઉદ્યમ આદિ સંક્લેશનું ભાવન કરે. "ધર્મનો હેતુ=ધન ધર્મનો હેતુ, જણાય તો તેનો જ અભાવ=ધનની મૂર્છાનો જ અભાવ, ધર્મનો હેતુ છે, એમ ભાવન કરે. ।।૮૯૧।।" (પંચવસ્તુ૦ ગાથા-૮૯૦)

ઈત્યાદિ=ઈત્યાદિથી અન્ય બાધક દોષના પ્રતિપક્ષનું ભાવન કરે.

અને ધર્માચાર્યમાં=બોધિલાભના હેતુભૂત ગુરુમાં=જે મહાત્માએ સર્વજ્ઞના શાસનનું સૂક્ષ્મ રહસ્ય બતાવ્યું છે તેનાથી બોધિલાભ થયો છે તેના હેતુભૂત ગુરુમાં, દુષ્કર પ્રત્યુપકારવાળા આ છે=ધર્માચાર્ય છે, ઈત્યાદિરૂપ ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ.

જે પ્રમાણે કહેવાયું છે –

"સમ્યક્ત્વદાયક એવા ગુરુઓનો ઘણા ભવોમાં દુષ્પ્રતીકાર છે.

કઈ રીતે દુષ્પ્રતીકાર છે, તે સ્પષ્ટ કરે છે –

સર્વ ગુણોથી મિલિત હજારો-કરોડો ઉપકારો વડે દુષ્પ્રતીકાર છે, એમ અન્વય છે. ।।૧।।" (ઉપદેશમાલા૦ ગાથા-૨૬૯)

'च' શબ્દ સમુચ્ચયમાં છે. અને ઉદ્યત સાધુઓનો વિહાર સંયમમાં પ્રયત્નવાળા સાધુઓનો વિહાર અથવા ઉદ્યત=પ્રયત્નવાળો માસકલ્પાદિ ચર્યારૂપ વિહાર ઉદ્યતવિહાર છે, તેમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ.

જે પ્રમાણે કહેવાયું છે –

"અનિયતવાસ, સમુદાનચર્યા, અજ્ઞાત ઉંછ, પઇરિક્કયા=નિર્જન સ્થાન, અલ્પ ઉપધિ, કલહનું વર્જન, સાધુઓની વિહારચર્યા પ્રશસ્ત છે. ।।૫।।" **(દશવૈકાલિકસૂત્ર ચૂલિકા-૨, સૂત્ર-૫)**

અથવા આત્મગત ઉદ્યતવિહારમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ. જે આ પ્રમાણે –

"ક્યારે તે વર્ષ થશે ? ગીતાર્થ ગુરુના સમીપમાં સર્વવિરતિને ગ્રહણ કરીને જેમાં=જે વર્ષમાં, હું વિહરીશ ? ।।૧।।" **()**

અથવા ધર્માચાર્યનું વિશેષણ ઉદ્યતવિહાર છે=ઉદ્યતવિહારવાળા ધર્માચાર્યમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ, એ પ્રકારે યોજન છે.

આ રીતે ચિત્તના વિન્યાસને ફળના નિર્દેશ દ્વારા નિગમન કરતાં કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

આ રીતે=અનંતર ઉક્ત પ્રકારે સૂક્ષ્મ પદાર્થાદિ વસ્તુ આદિ છે જે આત્મનો પ્રમાદ નિંદાદિનો તે એવમ્ આદિ છે, તેઓમાં ચિત્તનો વિન્યાસ=મનનો નિક્ષેપ એવમ્ આદિ ચિત્તન્યાસ છે અથવા એવમ્ આદિ=અનંતરોક્ત સૂક્ષ્મ પદાર્થના ચિત્તન્યાસ વગેરે છે અને તે આ ચિત્તન્યાસ એવમ્ આદિ ચિત્તન્યાસ છે.

શું છે ?=એવમ્ આદિ ચિત્તન્યાસ શું છે ? એથી કહે છે –

સંવેગ=સંસારનો નિર્વેદ અથવા મોક્ષનો અનુરાગ તે જ રસાયણ=અમૃત જરામરત્વનો હેતુ હોવાથી સંવેગરસાયણ છે, તેને આપે છે. હિ=જે કારણથી, આવા ચિત્તવિન્યાસમાં સંવેગ ઉત્પન્ન થાય છે. ।।૧/૪૯।।

ભાવાર્થ :-

શ્રાવકે દિવસ દરમ્યાન પોતાના ચિત્તનો પ્રવાહ સંસારના ઉચ્છેદને અનુકૂળ કઈ રીતે પ્રવર્તે છે અને નિમિત્તોથી કઈ રીતે બાધા પામે છે, તેનું સૂક્ષ્મ આલોચન કરવું જોઈએ અને જે જે નિમિત્તોથી રાગાદિ ભાવો થાય, તેના વિપક્ષ ભાવના કરે. જો કામની ઇચ્છા અતિ થતી હોય તો સ્ત્રીનું શરીર કેવું અશુચિમય છે, વર્તમાનમાં દેખાતું રૂપ પણ ક્ષણમાં વિનાશ થાય તેવું છે અને ભોગનો વિપાક કેવો અનર્થકારી છે ? તેનું સૂક્ષ્મ આલોચન કરીને વિકારને શાંત કરવા યત્ન કરવો જોઈએ અને કોઈક રીતે શાંત ન થાય તો ભોગાદિ યતનાપૂર્વક કરવા જોઈએ કે જેથી ઉત્તરોત્તર વિકારની વૃદ્ધિ થાય નહિ. આ રીતે અન્ય પણ જે જે દોષોને પોતાનો બાધ કરતા હોય, તેનું પ્રતિપક્ષ ભાવન કરીને તેને શાંત કરવા યત્ન કરવો જોઈએ.

વળી, પોતાને ભગવાનના વચનના સૂક્ષ્મ માર્ગનું બોધ કરાવનાર ધર્માચાર્યમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે મોહને વશ અનાદિકાળથી મારો આત્મા સંસારચક્રમાં અનેક વિડંબનાઓ પામ્યો, તેનું કારણ જીવમાં વર્તતો મૂઢભાવ છે અને તે મૂઢભાવને દૂર કરીને જે ગુરુએ સંસારનો અંત કરવાનો સૂક્ષ્મ ભાવ બતાવ્યો છે, તેનો ઉપકાર હજારો-કરોડો ભવોથી પણ હું વાળી શકું તેમ નથી. આ પ્રમાણે ભાવન કરવાને કારણે બોધિ પ્રત્યેનો પક્ષપાત તીવ્ર થાય છે. જેથી પ્રાપ્ત થયેલા બોધિનું રક્ષણ કરીને

વૃદ્ધિને કરવા માટે યત્ન થાય છે.

વળી, જે સાધુઓ જિનવચન અનુસાર સંયમમાં ઉદ્યમવાળા છે, તેઓના સ્વરૂપનું સ્મરણ કરીને તેમાં ચિત્તનો ન્યાસ કરવો જોઈએ. જેથી ભાવસાધુના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે રાગની વૃદ્ધિ થાય. જેનાથી સંયમની પ્રાપ્તિને બાધક કર્મ ક્ષીણ-ક્ષીણતર થાય. જેના બળથી શીઘ્ર સંસારનો ઉચ્છેદ થાય અથવા હું ક્યારે ગુણવાન ગુરુ પાસે સંયમ ગ્રહણ કરીને અપ્રમાદપૂર્વક મોહના નાશ માટે યત્ન કરીશ ? આ પ્રકારે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક હૈયાને સ્પર્શે તે રીતે ભાવન કરવું જોઈએ. આ પ્રકારના ચિત્તના ભાવનથી આત્મામાં સંવેગના રસાયણની વૃદ્ધિ થાય છે. તેથી જેમ રસાયણથી દેહ પુષ્ટ બને, તેમ આત્માના ધર્મરૂપ રસાયણથી આત્મા પુષ્ટ પુષ્ટતર થાય છે. **॥૧/૪૯॥**

અવતરણિકા :-

ततः –

અવતરણિકાર્થ :-

તેથી=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે કોઈ શ્રાવક આત્માને ભાવિત કરે તેથી, શું પ્રાપ્ત થાય ? તે કહે છે –

ગાથા :-

गोसे भणिओ य विही इय अणवरयं तु चिट्ठमाणस्स ।
भवविरहबीयभूओ जायइ चारित्तपरिणामो ।।१/५०।।

।। सावगधम्मविहिपगरणं सम्मत्तं ।।

છાયા :-

गोसे भणितश्च विधि इति अनवरतं तु चेष्टमानस्य ।
भवविरहबीजभूतो जायते चारित्रपरिणामः ।।१/५०।।

અન્વયાર્થ :-

गोसे=સવારમાં, भणिओ य=કહેવાયેલ જ, विही=વિધિ છે, इय=એ પ્રમાણે, अणवरयं=સતત, चिट्ठमाणस्स=સેવનાર શ્રાવકને, तु=વળી, भवविरहबीयभूओ=ભવવિરહના બીજભૂત, चारित्तपरिणामो=ચારિત્રનો પરિણામ, जायइ=થાય છે. ॥૧/૫૦॥

ગાથાર્થ :-

સવારમાં કહેવાયેલ જ વિધિ છે એ પ્રમાણે સતત સેવનાર શ્રાવકને વળી ભવવિરહના બીજભૂત ચારિત્રનો પરિણામ થાય છે. ॥૧/૫૦॥

શ્રાવકધર્મવિધિ પ્રકરણ સમાપ્ત થયું

ટીકા :-

વ્યાખ્યા—'गोसे' इत्यादि । गोसे=प्रत्युषसि भणितः चशब्दस्यैवकारार्थत्वाद् भणित एव, प्राक् प्रतिपादित एव, विधिः श्रावकानुष्ठानं 'नवकारेण विबोहो' इत्यादिरूपः, अतः पुनरपि नोच्यत इति हृदयम् । एवं च प्रतिपादितानुष्ठानं फलप्रदर्शनद्वारेण निगमयन्नाह—इति प्राक्तनप्रकारेण नमस्कार-विबोधादिना अनवरतं=सततम्, तुशब्दः पुनःशब्दार्थ एवकारार्थो वा चेष्टमानस्य=प्रदर्शितानुष्ठानं विदधतः, श्रावकस्येति गम्यम् किं भवविरहः संसारवियोगस्तस्य बीजभूतो बीजकल्पो हेतुरित्यर्थः संसारविरहबीजभूतो जायते संपद्यते चारित्रपरिणामः सर्वविरतिपरिणतिः एवं हि देशविरतिमभ्यस्यत उपायप्रवृत्तेरवश्यं भवविरहबीजभूतश्चारित्रपरिणामः, तत्रान्यत्र वा भवे भवेदिति हृदयम् इह च विरह इति सिताम्बरश्रीहरिभद्राचार्यस्य कृतेरङ्क इति गाथार्थः ।।१/५०।।

।। इति श्रावकधर्मविधिप्रकरणवृत्तिः ।।१।।

।। इति श्रीमदभयदेवसूरिविरचितपञ्चाशकवृत्तौ प्रथमपञ्चाशकवृत्तिः ।।

ટીકાર્થ :-

गोसे ..... गाथार्थः ।। 'गोसे इत्यादि' પ્રતીક છે. સવારમાં કહેવાયેલી વિધિ-નવકારથી જાગરણ ઇત્યાદિરૂપ શ્રાવકનું અનુષ્ઠાન છે. આથી વળી પુનઃ કહેવાતું નથી. ગાથામાં 'च' શબ્દનું 'एवकार' અર્થપણું હોવાથી भणित=પૂર્વમાં પ્રતિપાદન કરાયેલ જ છે અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પ્રતિપાદિત અનુષ્ઠાન=સવારમાં શ્રાવકે જાગીને શું કરવું જોઈએ ? એ અનુષ્ઠાન, ફળપ્રદર્શન દ્વારા નિગમન કરતાં કહે છે —

પૂર્વમાં કહેલા પ્રકારરૂપ નમસ્કારના વિબોધ આદિથી સતત ચેષ્ટા કરનાર શ્રાવકને ભવવિરહના બીજભૂત=બીજ જેવો હેતુ, સંસારવિરહના બીજભૂત ચારિત્રનો પરિણામ=સર્વવિરતિનો પરિણામ થાય છે. ગાથામાં રહેલો 'तु' શબ્દ 'पुनः' અર્થવાળો છે અથવા 'एवकार' અર્થવાળો છે. તેથી પૂર્વમાં વર્ણન કર્યું એવી ચેષ્ટા કરનાર શ્રાવકને જ સંસારના વિરહના બીજભૂત ચારિત્રનો પરિણામ થાય છે, એમ અન્વય છે.

આ રીતે=પ્રસ્તુત પંચાશકમાં વર્ણન કર્યું એ રીતે, દેશવિરતિનો અભ્યાસ કરતા શ્રાવકને ઉપાયમાં પ્રવૃત્તિ હોવાને કારણે=ચારિત્રના કારણીભૂત ઉપાયમાં પ્રવૃત્તિ હોવાને કારણે, અવશ્ય ભવવિરહના બીજભૂત ચારિત્રનો પરિણામ તે ભવમાં અથવા અન્ય ભવમાં થાય છે. અહીં=પ્રસ્તુત ગાથામાં, 'વિરહ' એ પ્રકારનો શબ્દ શ્વેતાંબર એવા શ્રી હરિભદ્રાચાર્યની કૃતિનું ચિહ્ન છે. ।।૧/૫૦।।

।। શ્રાવકધર્મવિધિપ્રકરણપંચાશકની વૃત્તિ સમાપ્ત થઈ ।।

।। શ્રીમદ્ અભયદેવસૂરિવિરચિત પંચાશકવૃત્તિમાં પ્રથમ પંચાશકની વૃત્તિ સમાપ્ત થઈ ।।

ભાવાર્થ :-

ગાથા-૪૭થી ૪૯માં શ્રાવકે જાગીને કયા પરિણામોમાં ચિત્તનો વિન્યાસ કરવો જોઈએ ? તેનું વિસ્તારથી વર્ણન કર્યું અને તે વિધિમાં જે શ્રાવક સતત ચેષ્ટા કરે છે, તે શ્રાવકને સંસારની નિર્ગુણતાનો બોધ સ્પષ્ટ સ્પષ્ટતર થાય છે. મોક્ષના ઉપાયો પ્રત્યેનો જે રાગ છે, તે તે પ્રકારના સૂક્ષ્મ ભાવોને કારણે અતિશય અતિશયતર થાય છે અને તે રીતે જે શ્રાવક સતત ચેષ્ટા કરે છે, તેમનું ચિત્ત તે તે પ્રકારના તત્ત્વના ભાવનના કારણે સતત ભાવચારિત્રના અભિમુખ પરિણામવાળું બને છે અને જેમ જેમ ચિત્ત તે તે ભાવોથી ભાવિત થાય છે, તે શ્રાવકને આ ભવમાં જ પ્રાયઃ ચારિત્રનો પરિણામ થાય છે. ક્વચિત્ વિશિષ્ટ ચારિત્ર મોહનીયનું કર્મ હોય તો આ ભવમાં ચારિત્રનો પરિણામ ન થાય, તોપણ તે પ્રકારના ભાવોથી વાસિત ચિત્તવાળા તે શ્રાવકને જન્માંતરમાં અવશ્ય ચારિત્રનો પરિણામ થાય છે અને તે ચારિત્રનો પરિણામ ભવવિરહના બીજભૂત છે; કેમ કે સંપૂર્ણ ગ્રંથોના ત્યાગપૂર્વક વીતરાગભાવને અનુકૂળ ચારિત્રનો પરિણામ છે, તેથી જેમ જેમ જીવ ગ્રંથનો ત્યાગ કરે છે, તેમ તેમ વીતરાગભાવને આસન્ન આસન્નતર તે મહાત્માનું ચિત્ત બને છે અને જ્યારે તે જીવ વીતરાગ બને છે, ત્યારે તેને ભવવિરહની પ્રાપ્તિ છે; કેમ કે વીતરાગ ફરી જન્મતા નથી, માટે ભવવિરહનું બીજ ચારિત્રનો પરિણામ છે.

સામાન્યથી દેશવિરતિની પ્રવૃત્તિ કરે એટલા માત્રથી સર્વવિરતિનો પરિણામ પ્રગટ થતો નથી, પરંતુ જેઓ દેશવિરતિનું પાલન કરીને પ્રસ્તુતમાં કહેલ ભાવનાઓથી ચિત્તને સતત વાસિત કરે છે, તેઓ સર્વવિરતિના ઉપાયોમાં પ્રવૃત્તિ કરનારા છે. તેથી તેઓની દેશવિરતિ સર્વવિરતિના પરિણામનું કારણ બને છે. માત્ર બાહ્ય આચરણારૂપ દેશવિરતિ અંતરંગ પરિણામરૂપ ભાવચારિત્રનું સાક્ષાત્ કારણ બને નહિ. **॥૧/૫૦॥**

દ્વિતીય જિનદીક્ષાવિધિ પ્રકરણ પંચાશક

।। अथ द्वितीयपञ्चाशकवृत्तिः ।।२।।

અવતરણિકા :-

उक्तः श्रावकधर्मविधिः । श्रावकधर्मप्रतिपन्नो जिनदीक्षां प्रतिपद्यते इति जिनदीक्षाविधिमभिधातुकामो मङ्गलाद्यभिधानायाह —

અવતરણિકાર્થ :-

શ્રાવકધર્મવિધિ કહેવાયો અને શ્રાવકધર્મને પ્રાપ્ત થયેલ=શ્રાવકધર્મવિધિના સ્વરૂપને જાણનારો, જિનદીક્ષાને=સમ્યક્ત્વરૂપ જિનદીક્ષાને, સ્વીકારે છે. તેથી જિનદીક્ષાની વિધિને કહેવાની ઇચ્છાવાળા મંગલ આદિને કહે છે —

ગાથા :-

णमिऊण महावीरं जिणदिक्खाए विहिं पवक्खामि ।
वयणा णिउणणयजुयं भव्वहियट्ठाय लेसेण ।।२/१।।

છાયા :-

नत्वा महावीरं जिनदीक्षाया विधिं प्रवक्ष्यामि ।
वचनात् निपुणनययुतं भव्यहितार्थाय लेशेन ।।२/१।।

અન્વયાર્થ :-

महावीरं=મહાવીરસ્વામીને, णमिऊण=નમસ્કાર કરીને, वयणा=વચનથી=આગમવચનથી, भव्वहियट्ठाय=ભવ્યજીવોના હિત માટે, णिउणणयजुयं=નિપુણ નયયુક્ત, जिणदिक्खाए विहिं=જિનદીક્ષાવિધિને, लेसेण=લેશથી, पवक्खामि=હું કહીશ. ।।२/१।।

ગાથાર્થ :-

મહાવીરસ્વામીને નમસ્કાર કરીને, વચનથી=આગમવચનથી, ભવ્યજીવોના હિત માટે નિપુણ નયયુક્ત જિનદીક્ષાવિધિને લેશથી હું કહીશ. ।।२/१।।

ટીકા :-

व्याख्या—'णमी'त्यादि । नत्वा=नमस्कृत्य महावीर्यविराजनान्महावीरस्तम् जिनोऽर्हन् देवतात्वेन प्रतिपत्तव्यो यस्यां दीक्षायां धर्माधिकारित्वेन सा जिनदीक्षा जिनप्रधाना वा दीक्षा जिनदीक्षेत्युच्यतेऽतस्तस्या

जिनदीक्षायाः, अनेन शिवदीक्षाकामदीक्षादिव्युदासः विधिं विधानं प्रतिपत्तिक्रमम् । प्रवक्ष्याम्यभिधास्ये किं स्वकीयोत्प्रेक्षातो नेत्याह—वचनादागमात्, तथा निपुणनययुतं सूक्ष्मनीतिसङ्गतम् इदं च विधेर्विशेषणं प्रवक्ष्यामीत्येतस्या वा क्रियायाः निपुणनीतियुक्तता चाप्तवचननिश्रयैव भवतीत्यतो वचनादित्यत्र सामान्योक्तावपि सार्मथ्याज्जिनवचनादित्यवसीयते, न पुनः कुतीर्थिकवचनादिति । अथ किमर्थं वक्ष्य इत्याह—भव्यानां मुक्तिगमनयोग्यानां हितं श्रेयः स एवार्थः प्रयोजनं भव्यहितार्थस्तस्मै भव्यहितार्थाय जिनदीक्षाविधिभणने हितं विज्ञाय दीक्षयितारो दीक्षणीयाश्च भव्यास्तथैव प्रवर्तन्ते हितं चासादयन्तीत्यतस्तदर्थायेत्युच्यते । अथ पूर्वाचार्यैरपि तस्योक्तत्वात्किं भवतः प्रयासेनेत्याह—लेशेन संक्षेपेण, मन्दमेधसां हि विस्तरोक्तविधिर्नात्यन्तोपकारायेति हृदयमिति गाथार्थः ।।२/१।।

ટીકાર્થ :-

नत्वा ..... गाथार्थः ।। 'णमीत्यादि' પ્રતીક છે. મહાવીર્યનું વિરાજન હોવાથી મહાવીર તેને નમસ્કાર કરીને, જિન=અરિહંત, દેવતાપણાથી સ્વીકારાય છે જે દીક્ષામાં ધર્મ અધિકારીપણાથી તે જિનદીક્ષા અથવા જિનપ્રધાન દીક્ષા જિનદીક્ષા, એ પ્રમાણે કહેવાય છે. આથી તેની=જિનદીક્ષાની, વિધિને= વિધાનને=સ્વીકારવાના ક્રમને, હું કહીશ. આના દ્વારા શિવદીક્ષા, કામદીક્ષા આદિનો વ્યુદાસ છે.

શું પોતાની ઉત્પ્રેક્ષાથી દીક્ષાને કહેશે ? 'નહિ' એથી કહે છે —

વચનથી=આગમવચનથી, કહેશે અને નિપુણ નયયુક્ત કહેશે=સૂક્ષ્મ નીતિથી સંગત કહેશે, અને આ=નિપુણ નયયુક્ત એ, વિધિનું વિશેષણ છે અથવા 'હું કહીશ' એ ક્રિયાનું વિશેષણ છે અને નિપુણનીતિયુક્તતા આપ્તવચનની નિશ્રાથી જ થાય છે. આથી વચનથી એ પ્રકારના કથનમાં સામાન્યથી ઉક્ત હોવા છતાં પણ સામર્થ્યથી જિનવચનથી હું કહીશ, એ પ્રમાણે જણાય છે; પરંતુ કુતીર્થિકના વચનથી નહિ.

કયા પ્રયોજનથી હું કહીશ ? એથી કહે છે —

ભવ્યજીવોનું=મુક્તિગમન યોગ્ય જીવોનું, હિત=શ્રેય, તે જ અર્થ=પ્રયોજન, ભવ્ય હિતાર્થ છે તેના માટે=ભવ્યના હિત માટે, જિનદીક્ષાની વિધિના કથનમાં હિતને જાણીને દીક્ષા આપનારા અને દીક્ષા લેનારા ભવ્યજીવો તે પ્રકારે જ પ્રવર્તે છે અને હિતને પ્રાપ્ત કરે છે. આથી તેમના પ્રયોજન માટે એ પ્રમાણે કહેવાય છે.

'अथ' થી શંકા કરે છે — પૂર્વાચાર્યો વડે તેનું ઉક્તપણું હોવાથી=જિનદીક્ષાનું ઉક્તપણું હોવાથી, તમારા પ્રયાસથી શું ? એથી કહે છે —

લેશથી=સંક્ષેપથી હું કહીશ. 'हि'=જે કારણથી, મંદબુદ્ધિવાળા જીવોને વિસ્તારથી કહેવાયેલી, વિધિ અત્યંત ઉપકાર માટે નથી. એ પ્રકારનું તાત્પર્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૧।।

ભાવાર્થ :-

જિન થવાનો દૃઢ સંકલ્પ એ જિનદીક્ષા છે. જિન થવાનો દૃઢ સંકલ્પ અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર કે સર્વવિરતિધરને પણ હોય છે, તોપણ પ્રસ્તુત પંચાશકમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ જિનદીક્ષા ગ્રહણ કરે છે, તેની વિધિ બતાવેલ છે. પ્રસ્તુત ગાથામાં યોગ્ય જીવોના હિત માટે પારમાર્થિક જિનદીક્ષાનો બોધ થાય તે રીતે તેની વિધિ કહેવાની પ્રતિજ્ઞા સંક્ષેપથી કરેલ છે. **॥૨/૧॥**

અવતરણિકા :-

જિનદીક્ષાયા વિધિં પ્રવક્ષ્યામીત્યુક્તં, તત્ર દીક્ષામેવ તાવત્સ્વરૂપતો નિરૂપયન્નાહ –

અવતરણિકાર્થ :-

જિનદીક્ષાની વિધિને હું કહીશ, એ પ્રમાણે કહેવાયું. ત્યાં=એ પ્રકારના કથનમાં દીક્ષાને જ સ્વરૂપથી નિરૂપણ કરતાં કહે છે –

ગાથા :-

दिक्खा मुंडणमेत्थं तं पुण चित्तस्स होइ विण्णेयं ।
ण हि अप्पसत्तचित्तो धम्महिगारी जओ होइ ।।२/२।।

છાયા :-

दीक्षा मुण्डनमत्र तत् पुनः चित्तस्य भवति विज्ञेयम् ।
न हि अप्रशान्तचित्तो धर्माधिकारी यतो भवति ।।२/२।।

અન્વયાર્થ :-

एत्थं=અહીં=જિનદીક્ષાના અધિકારમાં, मुंडणं=મુંડન, दिक्खा=દીક્ષા છે. तं=તે, पुण=વળી, चित्तस्स विण्णेयं होइ=ચિત્તનું જાણવા યોગ્ય છે=ચિત્તનું મુંડન જાણવા યોગ્ય છે. जओ=જે કારણથી, अप्पसत्तचित्तो= અપ્રશાંત ચિત્તવાળો, धम्महिगारी=ધર્મનો અધિકારી, ण हि होइ=નથી જ. ॥૨/૨॥

ગાથાર્થ :-

અહીં=જિનદીક્ષાના અધિકારમાં, મુંડન દીક્ષા છે. તે વળી ચિત્તનું જાણવા યોગ્ય છે=ચિત્તનું મુંડન જાણવા યોગ્ય છે. જે કારણથી અપ્રશાંત ચિત્તવાળો ધર્મનો અધિકારી નથી જ. ॥૨/૨॥

ટીકા :-

व्याख्या–'दिक्खे'त्यादि । दीक्षणं दीक्षा, सा च मुण्डनं, द्रव्यतः केशापनयनं, भावतस्तु क्रोधाद्यपनयनम्, यदाह–'पंच मुंडा पन्नत्ता कोहमुंडे, माणमुंडे, मायामुंडे, लोहमुंडे, सिरमुंडे' **() पठ्यते च धातुपाठे** 'दीक्षा मौंड्य' **() इति, तदिह किं द्रव्यमुण्डनमपि दीक्षा ? नेत्याह–'एत्थं' ति अत्र जिनदीक्षाधिकारे**

तदिति मुण्डनम् पुनःशब्दः पूर्वोक्तार्थस्य विशेषणार्थः चित्तस्य=भावस्य 'मिथ्यात्वक्रोधकण्डू' इत्यादिरूपस्य भवति=वर्तते विज्ञेयं=ज्ञातव्यम् सर्वविरतिदीक्षा तु शिरोमुण्डनमपीति भावः कुत एतदेवम् ? इत्याह—न हि=नैव हिशब्द एवकारार्थो दीक्षाया मुण्डनविशेषस्वरूपताभावनार्थो वा, अप्रशान्तचित्त उत्कटक्रोधादिदूषितभावः धर्मे सम्यग्दर्शनादिरूपे कुशलकर्मण्यधिकारी नियोगवान् धर्माधिकारी यतो=यस्मात्कारणात् भवति=जायते ।

यदाह—

'तन्नास्य विषयतृष्णा प्रभवत्युच्चैर्न दृष्टिसंमोहः ।
अरुचिर्न धर्मपथ्ये न च पापा क्रोधकण्डूतिः ।।१।।' **[षोडशक ४/९]**

'अप्पसत्तचित्तो' ति वा पाठः, तत्रापत्स्ववैक्लव्यकरमध्यवसानकरं च सत्त्वमुक्तम् ततश्चाल्पं तुच्छं सत्त्वं यत्र तदल्पसत्त्वं तच्चित्तं यस्य सोऽल्पसत्त्वचित्त इति, शेषं तथैवेति गाथार्थः ।।२/२।।

टीकार्थ :-

दीक्षणं ..... गाथार्थः ।। 'दिक्खेत्यादि' प्रतीक छे. दीक्षण दीक्षा छे अने ते मुंडन छे. द्रव्यथी केशनो लोच मुंडन छे. भावथी क्रोधादिनो अपनयन छे=क्रोध-मान-माया-लोभने शक्ति अनुसार क्षीण करवानो अनुकूळ व्यापार, मुंडन छे, एम अन्वय छे. जेने कहे छे — 'पांच मुंडा कहेवाया छे. क्रोधमुंडा, मानमुंडा, मायामुंडा, लोहमुंडा अने सिरमुंडा=द्रव्यमुंडा' **() अने धातुपाठमां कहेवाय छे —** 'दीक्षा मुंडनमां छे.' **() ते कारणथी अहीं=प्रस्तुत दीक्षाना अधिकारमां, शुं द्रव्यमुंडन पण दीक्षा छे ? 'नहि' ए प्रमाणे कहे छे. अहीं=जिनदीक्षाना अधिकारमां, ते मुंडन चित्तना भावनुं=मिथ्यात्वरूपी क्रोधना खणज आदि रूप चित्तना भावनुं, विज्ञेय=जाणवायोग्य, वर्ते छे. पुनः शब्द पूर्वमां कहेला अर्थना विशेषण अर्थवाळो छे अर्थात् पूर्वमां पांच मुंडन कह्यां, तेमांथी चित्तमुंडनरूप विशेष अर्थने बतावता माटे 'पुनः' शब्द छे. वळी, सर्वविरति दीक्षा, शिरोमुंडन पण छे, ए प्रकारनो भाव छे.**

कया कारणथी आ=दीक्षा, आ प्रकारे छे=कषायना मुंडनरूप छे ? एथी कहे छे —

जे कारणथी अप्रशांत चित्तवाळो धर्ममां=सम्यग्दर्शन आदि कुशल कर्ममां, अधिकारी=नियोगवाळो धर्म अधिकारी=सम्यग्धर्म प्रगट करी शके तेवो धर्मअधिकारी नथी ज. 'हि' शब्द 'एवकार' अर्थवाळो छे अथवा दीक्षाना मुंडन विशेष स्वरूपताना भावन अर्थवाळो छे, जेने कहे छे=अप्रशांत चित्तवाळो धर्ममां अधिकारी नथी एवुं पूर्वमां कह्युं तेने कहे छे —

"आने=सम्यग्दृष्टि जीवने, विषयतृष्णा अत्यंत प्रभव पामती नथी, दृष्टिसंमोह नथी. धर्मरूपी पथ्यमां अरुचि नथी अने पापी एवी क्रोधनी खणज नथी. ।।१।।" **(षोडशक० ४/९)**

अथवा "अप्पसत्त चित्तः" ए प्रमाणे पाठ छे त्यां=आ बीजा पाठमां, आपत्तिओमां अवैक्लव्यने

કરનારું અને અધ્યવસાયને કરનારું સત્ત્વ કહેવાયું અને તેથી અલ્પ=તુચ્છ, છે સત્ત્વ જેમાં તે અલ્પ સત્ત્વ એવું તે ચિત્ત છે જેને તે અલ્પસત્ત્વચિત્તવાળો છે, શેષ એ પ્રકારે જ છે=પૂર્વમાં કહ્યું કે ધર્મનો અધિકારી નથી, એ પ્રકારે જ પાઠાંતર પ્રમાણે અલ્પસત્ત્વવાળો જીવ પણ ધર્મનો અધિકારી નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૨॥

ભાવાર્થ :-

જિનદીક્ષા એ મુંડન સ્વરૂપ છે અને તે મુંડન દ્રવ્યથી મસ્તક પરના કેશના મુંડનરૂપ છે અને ભાવથી આત્મામાં કર્મને કારણે ઉદ્ભવ પામેલા કેશતુલ્ય ક્રોધ, માન, માયા, લોભનાં પરિણામોના મુંડનતુલ્ય તે દીક્ષા છે. આ રીતે જિનદીક્ષાનો સામાન્ય અર્થ કર્યા પછી પ્રસ્તુત જિનદીક્ષામાં ચિત્તનું મુંડન જિનદીક્ષા છે અર્થાત્ ચિત્તમાં રહેલ મિથ્યાત્વ અને મિથ્યાત્વ સહવર્તી અનંતાનુબંધી ચાર કષાયો, તેનું મુંડન જિનદીક્ષા છે, જે સમ્યક્ત્વના સ્વીકારરૂપ છે.

વળી, સર્વવિરતિ દીક્ષામાં શિરોમુંડન પણ કરાય છે; કેમ કે તેની શોભામાં મમત્વના પરિહાર અર્થે શિરમુંડન આવશ્યક છે.

વળી, સમ્યક્ત્વના સ્વીકારરૂપ જિનદીક્ષામાં કેવો જીવ અધિકારી નથી ? તે બતાવે છે –

અપ્રશાંત ચિત્તવાળો જીવ ધર્મનો અધિકારી નથી-સમ્યક્ત્વ સ્વીકારવાનો અધિકારી નથી અથવા અલ્પસત્ત્વવાળો જીવ સમ્યક્ત્વ સ્વીકારવા માટે અધિકારી નથી; કેમ કે જે જીવોમાં કષાયોનો અતિશયભાવ વર્તે છે, એવા અપ્રશાંત ચિત્તવાળા અલ્પસત્ત્વવાળા હોય છે અને અલ્પસત્ત્વવાળા જીવો ભોગાદિમાં જ સારબુદ્ધિ ધારણ કરનારા હોય છે. તેથી "મારે જિનતુલ્ય થવું છે" એવો દૃઢ સંકલ્પ કરીને અરિહંત જ દેવ છે, સુસાધુ જ ગુરુ છે. "જિનતુલ્ય" થવાના ઉપાયભૂત ધર્મ જ ધર્મ છે, એવી સ્થિર બુદ્ધિથી તેના પરમાર્થને જાણીને તે રીતે ધર્મને સેવવા યત્ન કરે તેવા ધૃતિવાળા જીવો ધર્મના અધિકારી છે જેઓના વડે સેવાયેલો ધર્મ જિનતુલ્ય થવામાં વિશ્રાંત થાય છે. તેવું ધૃતિબળ જ અલ્પ સત્ત્વવાળા જીવોમાં નથી. તેથી કષાયથી આકુળ ચિત્તવાળા હોવાના કારણે સમ્યક્ત્વરૂપ જિનદીક્ષાના તેઓ અધિકારી નથી. **॥૨/૨॥**

અવતરણિકા :-

इयं च भावमुण्डनरूपा दीक्षा यदा यस्य च भवतीत्येतदभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

અને આ ભાવમુંડનરૂપ દીક્ષા જ્યારે જેને થાય છે, એને કહેવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

चरमम्मि चेव भणिया एसा खलु पोग्गलाण परियट्टे ।
सुद्धसहावस्स तहा विसुज्झमाणस्स जीवस्स ।।२/३।।

છાયા :-

चरमे चैव भणिता एषा खलु पुद्गलानां परिवर्त्ते ।
शुद्धस्वभावस्य तथा विशुध्यमानस्य जीवस्य ।।२/३।।

અન્વયાર્થ :-

પોગ્ગલાણ=પુદ્ગલોના, चरमम्मि परियट्टे=ચરમ પરાવર્તનમાં, चेव=જ, एसा=આ=ભાવમુંડનકૃત દીક્ષા, सुद्धसहावस्स=શુદ્ધ સ્વભાવવાળા, तहा=અને, विसुज्झमाणस्स=વિશુધ્યમાન, जीवस्स=જીવને, भणिया=કહેવાઈ છે. ।।२/३।।

ગાથાર્થ :-

પુદ્ગલોના ચરમ પરાવર્તનમાં જ આ=ભાવમુંડનકૃત દીક્ષા, શુદ્ધ સ્વભાવવાળા અને વિશુધ્યમાન જીવને કહેવાઈ છે. ।।२/३।।

ટીકા :-

व्याख्या–'चरमे'त्यादि । चरम एवानादित्वाद् भवजीवयोरनन्तानां पुद्गलपरावर्तानां सर्वान्तिम एव नान्यत्रापि भणिताऽभिहिता जिनैः एषा भावमुण्डनरूपा दीक्षा खलुर्वाक्यालङ्कारे पुद्गलानां= परमाण्वादीनां परिवर्त्ते एकजीवापेक्षयाखिलपुद्गलग्रहणप्रमितकालरूपे स च समयप्रसिद्धोऽनन्तोत्स-र्पिण्यवसर्पिणीरूपः ।

यदाह–

'ओरालविउव्वियतेयकम्मभासाणुपाणुमणएहिं ।
जीवस्स सयलपोग्गलगहणद्धा थूलपरियट्टो ।।१।। [ ]
ओरालियाइ एक्केकभेयओ सव्वपोग्गलग्गहणं ।
कालेण जेण सो पुण भण्णति इह सुहुमपरियट्टे ।।२।।' [ ]

इत्यादि । शुद्धस्वभावस्य=यथाप्रवृत्तिकरणेनापचितदीर्घकर्मस्थितिकत्वेन निर्मलरूपस्य, तथेति विशेषणान्तरसमुच्चयार्थः अथवा तथा तेन प्रकारेण तत्कालोचितशुद्ध्येति भावः, विशुद्धमानस्योत्तरोत्तरां विशुद्धिमनुभवतः न पुनः संक्लिश्यमानस्य जीवस्य प्राणिनः

यदाह–

'वड्ढंते परिणामे पडिवज्जइ सो चउण्हमण्णयरं ।
एमेव वड्ढियम्मि वि हायंति न किंचि पडिवज्जे ।।१।।' **[विशेषावश्यक० २९४ तथा आवश्यक-निर्युक्ति-८२३] इति गाथार्थः ।।२/३।।**

ટીકાર્થ :-

ચરમ ..... ગાથાર્થઃ ।। 'ચરમેત્યાદિ' પ્રતીક છે. ચરમમાં જ=ભવ અને જીવનું અનાદિપણું હોવાથી અનંતા પુદ્ગલ પરાવર્તોના સર્વના અંતિમમાં જ આ=ભાવમુંડનરૂપ દીક્ષા, કહેવાઈ છે=જિનો વડે કહેવાઈ છે. અન્યત્ર પણ નહિ=ચરમ પુદ્ગલપરાવર્તથી પૂર્વે પણ નહિ. 'ખલુ' શબ્દ વાક્યાલંકાર છે.

શેના ચરમમાં ? એથી કહે છે –

પુદ્ગલોના=પરમાણુ આદિના પરિવર્તનમાં=એક જીવની અપેક્ષાએ સર્વ પુદ્ગલના ગ્રહણથી પ્રમિતકાલરૂપ પુદ્ગલોના પરાવર્તમાં જે ચરમ પરાવર્ત છે, તેમાં દીક્ષા કહેવાય છે, એમ અન્વય છે અને તે=પુદ્ગલોનો પરાવર્ત સમય પ્રસિદ્ધ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીરૂપ છે. જેને કહે છે –

"ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મન" વડે જીવના સકલ પુદ્ગલના ગ્રહણ જેટલો કાળ સ્થૂલ પરાવર્ત છે. ।।૧।।

ઔદારિક આદિના એક એકના ભેદથી સર્વ પુદ્ગલોનું ગ્રહણ જેટલા કાળથી થાય છે, તે વળી અહીં સૂક્ષ્મ પરાવર્તન કહેવાય છે. ।।૨।।" **()**

ઈત્યાદિ=આ વગેરે, પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ છે. શુદ્ધ સ્વભાવવાળાને=યથાપ્રવૃત્તિકરણથી અપચય કરાયેલ છે દીર્ઘ કર્મસ્થિતિ જેના વડે તેવા પરિણામને કારણે નિર્મળ રૂપવાળા જીવને, આ દીક્ષા થાય છે, એમ અન્વય છે તથા એ વિશેષણ અંતરના સમુચ્ચયવાળો છે અથવા તે પ્રકારથી=તે કાળને ઉચિત, શુદ્ધથી વિશુદ્ધમાન=ઉત્તરોત્તર વિશુદ્ધિને અનુભવતા, જીવને આ જિનદીક્ષા થાય છે. પરંતુ સંક્લિશ્યમાન જીવને નહિ. જેને કહે છે –

"વધતો પરિણામ હોતે છતે જે ચારમાંથી અન્યતરને=ચાર સામાયિકમાંથી કોઈક સામાયિકને સ્વીકારે છે, તે રીતે જ અવસ્થિતમાં પણ ચારમાંથી અન્યતર સામાયિકને પ્રાપ્ત કરે છે. હાનિને પામતા કંઈ પ્રાપ્ત કરતા નથી." **(વિશેષાવશ્યક૦ ગાથા-૨૯૪, આવશ્યકનિર્યુક્તિ-૮૨૩) એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩।।**

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે અનંતાનુબંધી કષાયના મુંડનરૂપ દીક્ષા છે. તેથી હવે તે દીક્ષા ક્યારે જીવમાં પ્રગટ થાય છે ? તે બતાવતાં કહે છે –

ચરમાવર્તમાં રહેલા શુદ્ધ ભાવવાળા અને ઉત્તરોત્તર વિશુદ્ધિને પામનારા જીવમાં અનંતાનુબંધી કષાયના મુંડનરૂપ દીક્ષા થાય છે.

આશય એ છે કે અનાદિકાળથી જીવ સંસારમાં છે. અનંત પુદ્ગલપરાવર્ત સંસારમાં પસાર કર્યા, તેનું કારણ જીવમાં અત્યંત વિપર્યાસ આપાદક કર્મ પ્રચુર હતાં. તેથી તેને સંસારમાં બાહ્ય પદાર્થોની અનુકૂળતામાં જ સુખ અને પ્રતિકૂળતામાં જ દુઃખ દેખાય છે. તેથી પુણ્યના ઉદયથી અનુકૂળ ભાવો થાય છે ત્યારે તેમાં અત્યંત સંશ્લેષવાળો થાય છે અને પ્રતિકૂળ ભાવો થાય છે ત્યારે અત્યંત ઉદ્વેગવાળો થાય છે; પરંતુ સંસારના પરિભ્રમણની વિડંબનાનું બીજ અંતરંગ કષાયોની પરિણતિ છે અને તે જીવની વિડંબના છે, તે સ્વરૂપે તે

જોઈ શકતો નથી. જ્યારે કંઈક કર્મમલ અલ્પ થાય છે, ત્યારે તત્ત્વને સન્મુખ તેની દૃષ્ટિ પ્રગટે છે, તે વખતે તે જીવ ચરમાવર્તમાં આવેલો છે, તેમ કહેવાય છે અને તે જીવને ઉપદેશ આદિ કોઈક નિમિત્તથી તત્ત્વને સન્મુખ ઊહ પ્રગટે છે, ત્યારે સંસારની પરિભ્રમણવાળી અવસ્થા તેને વિડંબના સ્વરૂપ દેખાય છે. તેનાથી મુક્ત થવાની જિજ્ઞાસા પ્રગટે છે અને યોગ્ય ઉપદેશાદિ સામગ્રીને પામીને તે જીવને સર્વ ઉપદ્રવ વગરની સિદ્ધ અવસ્થા જ જીવની સુંદર અવસ્થા છે, તેવો સ્પષ્ટ બોધ થાય છે, ત્યારે તેની પ્રાપ્તિમાં ઉત્કટ રુચિ પ્રવર્તે છે, તેવો જીવ તત્ત્વને જોવામાં બાધક એવાં ક્લિષ્ટ કર્મોની ગ્રંથિનો ભેદ કરે છે. જેનાથી સમ્યક્ત્વ પ્રગટે છે, જે ભાવમુંડન સ્વરૂપ છે. **॥૨/૩॥**

અવતરણિકા :-

चरमपुद्गलपरावर्ते विशुध्यमानस्य च दीक्षा भवतीत्येवमस्याः सामान्यतोऽधिकारी निरूपितोऽथ तमेव विशेषतो निरूपयन्नाह –

અવતરણિકાર્થ :-

ચરમ પુદ્ગલપરાવર્તમાં વિશુદ્ધમાન જીવને દીક્ષા થાય છે, એ રીતે આનો=દીક્ષાનો, સામાન્યથી અધિકારી કહેવાયો. હવે તેને જ=દીક્ષાના સામાન્યથી કહેવાયેલા અધિકારીને જ, વિશેષથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

दिक्खाए चेव रागो लोगविरुद्धाण चेव चाउ त्ति ।
सुंदरगुरुजोगो वि य जस्स तओ एत्थ उचिओ त्ति ।।२/४।।

છાયા :-

दीक्षायां चैव रागः लोकविरुद्धानां चैव त्याग इति ।
सुन्दरगुरुयोगोऽपि च यस्य तकोऽत्र उचित इति ।।२/४।।

અન્વયાર્થ :-

दिक्खाए चेव रागो=દીક્ષામાં જ રાગ છે=કષાયોના ઉન્મૂલનમાં જ રાગ છે, च=અને, लोगविरुद्धाण= લોકવિરુદ્ધનો, चाउ=ત્યાગ, एव=જ છે, य=અને, सुंदरगुरुजोगो=સુંદર ગુરુનો યોગ, वि=પણ છે, जस्स=જેને, तओ=તે, एत्थ=અહીં=જિનદીક્ષામાં, उचिओ=ઉચિત છે. 'त्ति' શબ્દ જિનદીક્ષાના અધિકારીનાં લક્ષણોની પરિસમાપ્તિમાં છે. ॥૨/૪॥

ગાથાર્થ :-

દીક્ષામાં જ રાગ છે=કષાયોના ઉન્મૂલનમાં જ રાગ છે અને લોકવિરુદ્ધનો ત્યાગ જ છે અને સુંદર ગુરુનો યોગ પણ છે જેને તે અહીં=જિનદીક્ષામાં ઉચિત છે. ॥૨/૪॥

ટીકા :-

व्याख्या—'दिक्खा' इत्यादि । दीक्षायामेव प्रागुक्तस्वरूपदीक्षणक एव चैवशब्दोऽवधारणार्थः तेन न पुनर्दीक्षाप्रतिपक्षेऽपि रागोऽनुरागो वक्ष्यमाणलक्षणः तथा लोकविरुद्धानां बहुजनविरोधहेतुभूतानुष्ठानविशेषाणां वक्ष्यमाणरूपाणाम् चशब्दः समुच्चयार्थः एवशब्दस्त्ववधारणार्थः तस्य चैवं प्रयोगः-त्याग एव परिहार एव अथवा चैवेत्यवधारणे तेन लोकविरुद्धानामेव न तु तदविरोधवतां त्यागः इति शब्द उपप्रदर्शनार्थः ततश्च इत्येवंरूपो वक्ष्यमाणविषयभेद इत्यर्थः अथवेतिशब्दपरिसमाप्तौ ततश्च इति एतावदेव दीक्षणीयजीवस्य स्वगतं दीक्षारागलोकविरुद्धत्यागरूपं दीक्षाधिकारित्वस्य लक्षणम्, अतोऽन्यत्सांयोगिकमिति दर्शितं भवति । तथा सुन्दरगुरुयोगः सम्यग्ज्ञानसदनुष्ठानसंपन्नदीक्षादायकाचार्यसम्बन्धः, अपिशब्दोऽवधारणे, चशब्दः समुच्चये । तेन सुन्दरगुरुयोग एव च, न पुनरसुन्दरगुरुयोगोऽपि । अथवाऽपि चेत्येतत्समुच्चय एव, यस्यानिर्दिष्टविशेषस्य दीक्षणीयजीवस्य, अस्तीति गम्यम् तकोऽसावत्र जिनदीक्षायामुचितो योग्यः इतिशब्दो दीक्षाधिकारिजीवलक्षणसमाप्तिद्योतकः, एतावदेवैतस्य लक्षणमिति हृदयमिति द्वारगाथार्थः ।।२/४।।

ટીકાર્થ :-

दीक्षायामेव ..... द्वारगाथार्थः ।। 'दिक्खा' इत्यादि प्रतीक छे. दीक्षामां ज-पूर्वमां कहेला कषायोना मुंडनरूप सम्यक्त्व, देशविरति के सर्वविरतिरूप दीक्षामां ज राग छे. 'चैव' शब्द अवधारणमां छे. तेथी वळी दीक्षाना प्रतिपक्षमां पण राग नथी, परंतु मात्र दीक्षामां ज राग छे=आगळमां कहेवाशे, एवा स्वरूपवाळो अनुराग छे अने लोकविरुद्धनो=वक्ष्यमाणरूप घणा लोकोना विरोधना हेतुभूत अनुष्ठानविशेषोनो, परिहार ज छे.

'च' शब्द समुच्चय अर्थवाळो छे. वळी 'एव' शब्द अवधारण अर्थवाळो छे अने तेनो आ प्रमाणे प्रयोग छे — लोकविरुद्धनो परिहार ज छे. अथवा चैव शब्द अवधारणमां छे. तेनाथी लोकविरुद्धनो ज त्याग छे. परंतु तेना अविरोधवाळानो त्याग नथी. 'इति' शब्द उपप्रदर्शन अर्थवाळो छे अने तेथी आवा स्वरूपवाळो वक्ष्यमाण विषयनो भेद छे, ए प्रकारे अर्थ छे अथवा 'इति' शब्द परिसमाप्तिमां छे अने तेथी दीक्षणीय जीवनुं आटलुं ज दीक्षाराग, लोकविरुद्धना त्यागरूप, स्वगत दीक्षा अधिकारीत्वनुं लक्षण छे. आनाथी अन्य=आगळमां कहेवाय छे, ए सांयोगिक छे, ए प्रमाणे बतावायेलुं थाय छे अने सुंदर गुरुनो योग=सम्यग्ज्ञान, सद्अनुष्ठानथी संपन्न एवा दीक्षादायक आचार्यनो संबंध, 'अपि' शब्द अवधारणमां छे. 'च' शब्द समुच्चयमां छे. तेथी='अपि च' शब्द अवधारणमां छे तेथी, सुंदर गुरुनो योग ज परंतु असुंदर गुरुनो योग पण नहि अथवा 'अपि च' ए समुच्चयमां छे. सुंदर गुरुनो योग छे जेने=अनिर्दिष्ट विशेषणवाळा जीवने छे. ते=आ सुंदर गुरुना योगवाळो अहीं=जिनदीक्षामां उचित छे=योग्य छे. 'इति' शब्द दीक्षा अधिकारी जीवना लक्षणनी समाप्तिनो द्योतक छे. आटलुं ज आनुं=दीक्षाना अधिकारीनुं, लक्षण छे, ए प्रमाणे तात्पर्य छे, ए प्रमाणे गाथार्थ छे. ।।२/४।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે ચરમાવર્તમાં આવેલો જીવ વિશુધ્યમાન અધ્યવસાયવાળો હોય અને તેને કષાયોના મુંડનમાં જ રાગ વર્તતો હોય, અન્યત્ર ક્યાંય રાગ ન હોય તેવા જીવમાં દેશવિરતિ કે સર્વવિરતિની શક્તિ ન હોય તો સમ્યક્ત્વ ઉચ્ચરાવે, તોપણ પોતાની શક્તિ અનુસાર સતત કષાયોના મુંડન માટે જ યત્ન કરે. આથી જ જેઓને "કષાયો આત્માની વિડંબના છે," એવો સ્પષ્ટ બોધ છે, એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પોતાના ભોગાદિ વિકારોને ક્ષીણ કરવા માટે શક્તિ અનુસાર જિનવચન રૂપ ઔષધનું સેવન કરે છે. આથી જ તે પ્રતિદિન ભાવસાધુ અને ભાવશ્રાવક કઈ રીતે મોહ નાશ માટે યત્ન કરે છે ?, તેની સામાચારીને સૂક્ષ્મ સૂક્ષ્મતર જાણવા યત્ન કરે છે અને શક્તિ અનુસાર તેનું ભાવન કરીને પોતે પણ પોતાની કષાયશક્તિને ક્ષીણ કરવા યત્ન કરે છે અને વિકારો ઊઠે છે, ત્યારે પણ 'सल्लं कामा.....' ઇત્યાદિ જિનવચનનું સ્મરણ કરીને વ્રણલેપની જેમ ભોગાદિ કરે છે, તેવા જીવો કષાયોના મુંડનરૂપ દીક્ષામાં જ રાગવાળા છે અને લોકવિરુદ્ધ એવાં અનુષ્ઠાનોનો સદા ત્યાગ કરે છે, તેવા જીવો જ સમ્યક્ત્વ ઉચ્ચરાવવાના અધિકારી છે.

વળી, તેઓને પણ ભગવાનના વચનના હાર્દને સ્પર્શે તેવા સુંદર ગુરુનો યોગ થયો હોય તો જ તેઓ પાસેથી સમ્યક્ત્વના સ્વીકારરૂપ દીક્ષાના ગ્રહણને યોગ્ય બને છે અને જેઓમાં આવી યોગ્યતા નથી, તેઓ જિનદીક્ષાના અધિકારી નથી. **॥૨/૪॥**

અવતરણિકા :-

દીક્ષારાગં લક્ષયિતું ગાથાત્રયમાહ –

અવતરણિકાર્થ :-

દીક્ષાના રાગને=કષાયોના મુંડનરૂપ સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ દીક્ષાઓ પ્રત્યે જે રાગ છે તેને, બોધ કરાવવા માટે ત્રણ ગાથાથી કહે છે –

ગાથા :-

पयतीए सोऊण व दट्ठूण व केइ दिक्खिए जीवे ।
मग्गं समायरन्ते धम्मियजणबहुमए निच्चं ।।२/५।।
एईए चेव सद्धा जायइ पावेज्ज कहमहं एयं ।
भवजलहिमहाणावं णिरवेक्खा साणुबंधा य ।।२/६।।
विग्घाणं चाभावो भावे वि य चित्तथेज्जमच्चत्थं ।
एयं दिक्खारागो णिद्दिट्ठं समयकेऊहिं ।।२/७।।

છાયા :-

प्रकृत्या श्रुत्वा वा दृष्ट्वा वा कांश्चित् दीक्षितान् जीवान् ।
मार्गं समाचरतः धार्मिकजनबहुमतान् नित्यम् ।।२/५।।
एतस्यामेव श्रद्धा जायते प्राप्नुयां कथमहमेतत्? ।
भवजलधिमहानावं निरपेक्षा सानुबन्धा च ।।२/६।।
विघ्नानां चाभावो भावेऽपि च चित्तस्थैर्यमत्यर्थम् ।
एतद् दीक्षारागो निर्दिष्टं समयकेतुभिः ।।२/७।।

અન્વયાર્થ :-

मग्गं=માર્ગને, समायरन्ते=આચરતા, धम्मियजणबहुमए=ધાર્મિક જીવોને બહુમત, केइ=કોઈક, दिक्खिए जीवे=દીક્ષિત જીવોને, सोऊण=સાંભળીને, व=અથવા, दट्ठूण=જોઈને, निच्चं=હંમેશાં, पयतीए=પ્રકૃતિથી, આમાં જ શ્રદ્ધા થાય છે, એમ છટ્ઠી ગાથા સાથે સંબંધ છે. ।।૨/૫।।

एईए चेव=આમાં જ=પ્રસ્તુત દીક્ષામાં જ, णिरवेक्खा=નિરપેક્ષ, य=અને, साणुबंधा=સાનુબંધ, सद्धा=શ્રદ્ધા, जायइ=થાય છે. कहं=કેવી રીતે, भवजलहिमहाणावं=સમુદ્રમાં મહાનાવ એવી આને, एयं अहं पावेज्ज=આને હું પ્રાપ્ત કરું ?=દીક્ષાને હું પ્રાપ્ત કરું ? ।।૨/૬।।

च=અને, विग्घाणं=વિઘ્નોનો, अभावो=અભાવ, य=અને, भावे वि=ભાવમાં પણ=વિઘ્નોના ભાવમાં પણ, अच्चत्थं=અત્યંત, चित्तथेज्जं=ચિત્તસ્થૈર્ય, एयं=એ, दिक्खारागो=દીક્ષાનો રાગ, समयकेऊहिं=શાસ્ત્રના જાણનારાઓ વડે, णिद्दिट्ठं=કહેવાયો છે. ।।૨/૭।।

ગાથાર્થ :-

માર્ગને આચરતા ધાર્મિક જીવોને બહુમત, કોઈક દીક્ષિત જીવોને સાંભળીને અથવા જોઈને, હંમેશાં પ્રકૃતિથી આમાં જ શ્રદ્ધા થાય છે, એમ છટ્ઠી ગાથા સાથે સંબંધ છે. ।।૨/૫।।

આમાં જ=પ્રસ્તુત દીક્ષામાં જ, નિરપેક્ષ અને સાનુબંધ શ્રદ્ધા થાય છે. કેવી રીતે ભવરૂપી સમુદ્રમાં મહાનાવ એવી આને હું પ્રાપ્ત કરું ?=દીક્ષાને હું પ્રાપ્ત કરું ? ।।૨/૬।।

અને વિઘ્નોનો અભાવ અને ભાવમાં પણ=વિઘ્નોના ભાવમાં પણ, અત્યંત ચિત્તસ્થૈર્ય એ દીક્ષાનો રાગ શાસ્ત્રના જાણનારાઓ વડે કહેવાયો છે. ।।૨/૭।।

ટીકા :-

व्याख्या—'पयती'त्यादि । प्रकृत्या निसर्गेण स्वतः संभूततथाविधकर्मक्षयोपशमेनेत्यर्थः एतस्यां श्रद्धा जायत इति सम्बन्धः तथा श्रुत्वाकर्ण्य दीक्षागुणादिप्रतिपादनपरं श्रुतधर्ममिति गम्यते अथवा दीक्षिताञ्जीवानिति सम्बध्यते वाशब्दो विकल्पार्थः दृष्ट्वा वा चक्षुषोपलभ्य कानित्याह—'केइ' त्ति

कांश्चित् न सर्वान्, सर्वेषां दीक्षितत्वासम्भवात् अथवा कांश्चित्सामान्यान् स्वजातिभिः स्वदेशादिभिरविशेषितान्, अनेनाविशेषेण गुणिषु प्रमोदमावेदयति, दीक्षितान् प्रतिपन्नजिनदीक्षान् ततः किंभूतांस्तान् मार्गं सम्यग्दर्शनादिरूपं निर्वाणनगरगमनपथम् समाचरतो विदधतः तथा धार्मिकजनबहुमतान् धर्मचारिलोकसंमतान् नित्यं=सर्वदेति इह च प्रकृत्येत्यनेन निसर्गतः सम्यग्दर्शनप्रतिपत्तिरुक्ता, श्रुत्वा वा दृष्ट्वा वेत्यनेन चाधिगमत इति प्रकारद्वयमेव चास्य प्रतिपत्तौ स्यात् यदाह—तन्निसर्गादधिगमाद्वा (तत्त्वार्थः) इति ।।२/५।।

'एई'त्यादि । एतस्यामेव प्रस्तुतदीक्षायां, न दीक्षान्तरे श्रद्धा रुचिः जायते प्रादुर्भवति श्रद्धामेवोल्लेखतो दर्शयति-प्राप्नुयां=लभेयम् कथं=केन प्रकारेण अहमेतां दीक्षाम्, किंभूतां ? भवजलधिमहानावं=संसारसमुद्रतरणमहाद्रोणीम् किंभूता श्रद्धेत्याह—निरपेक्षा=निःस्पृहा सांसारिकफलानि प्रति लौकिकधर्मदेवगुरुत्वाप्रतीत्याविद्यमानापेक्षेत्यर्थः यत एतत्त्याग एव दीक्षा, यदाह— 'समणोवासओ पुव्वामेव मिच्छत्ताओ पडिक्कमति समत्तं उवसंपज्जति, नो से कप्पति अज्जप्पभिई अन्नउत्थिए वा अन्नउत्थियदेवयाणि वा' [आवश्यकसूत्र-३६] इत्यादि, सानुबन्धाऽव्यवच्छिन्नतद्भावसन्ताना, चशब्दः समुच्चय इति ।।२/६।।

'विग्घे'त्यादि । तथा विघ्नानां=दीक्षाप्रतिपत्तिप्रत्यूहानाम् चशब्दः समुच्चये, अभावोऽविद्यमानता श्रद्धालक्षणशुभभावव्यपोहित्वात्तेषाम् भावेऽपि च निरुपक्रमक्लिष्टकर्मदोषाद्विघ्नानां सद्भावेऽपि च अपि चेति समुच्चयार्थः चित्तस्थैर्यं दीक्षां प्रति मनोदार्ढ्यम् अत्यर्थं=अत्यन्तम् यदिति शेषः एतदनन्तरोक्तं श्रद्धाविघ्नाभावचित्तदार्ढ्यरूपं त्रयम्, किमित्याह—दीक्षारागो=दीक्षानुरागः निर्दिष्टं कथितम् कैः ? इत्याह—समयकेतुभिः=प्रकाशकत्वेन सिद्धान्तचिह्नभूतैः समयज्ञैरिति यावत् । इति गाथात्रयार्थः ।।२/७।।

ટીકાર્થ :-

प्रकृत्या ..... गाथात्रयार्थः ।। 'पयतीत्यादि', 'एईत्यादि' અને 'विग्घेत्यादि' પ્રતીક છે. પ્રકૃતિથી=નિસર્ગથી= સ્વતઃ ઉત્પન્ન થયેલ એવા કર્મના ક્ષયોપશમથી આમાં શ્રદ્ધા થાય છે=પ્રસ્તુત દીક્ષામાં શ્રદ્ધા થાય છે, એ પ્રમાણે ગાથા-૬ સાથે સંબંધ છે. અને સાંભળીને=દીક્ષાના ગુણાદિના પ્રતિપાદનમાં તત્પર શ્રુતધર્મને સાંભળીને, અથવા દીક્ષિત જીવોને જોઈને 'વા' શબ્દ વિકલ્પ અર્થવાળો છે. કેટલાકને જોઈને કેટલાકને દીક્ષિતના સ્વરૂપને સાંભળીને એ પ્રકારના વિકલ્પ અર્થવાળો 'વા' શબ્દ છે. કેટલાકને જોઈને સર્વને નહિ; કેમ કે સર્વને દીક્ષિતત્વના સંભવનો અભાવ છે અથવા કેટલાકને=સામાન્યથી સ્વજાતિથી સ્વદેશાદિથી, અવિશેષિત દીક્ષિતને જોઈને આના દ્વારા=સામાન્યથી એ વિશેષણ દ્વારા, અવિશેષથી ગુણી જીવોમાં પ્રમોદનું કથન કરાય છે.

કેવા પ્રકારના તેઓને ?=દીક્ષિત જીવોને જોઈને એથી કહે છે —

માર્ગોને=સમ્યગ્દર્શન આદિ રૂપ નિર્વાણનગરના ગમનના પથને, આચરતા અને ધાર્મિક જનને બહુવ્રત=ધર્મચારી લોકને સંમત, એવા દીક્ષિતોને નિત્ય=સર્વદા, જોઈને તેમાં શ્રદ્ધા થાય છે, એમ અન્વય છે.

અહીં=પ્રસ્તુત ગાથામાં, પ્રકૃતિથી એ કથન દ્વારા નિસર્ગથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કહેવાઈ. સાંભળીને અથવા જોઈને એના દ્વારા અધિગમથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કહેવાઈ અને આની પ્રતિપત્તિમાં= સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં, પ્રકારદ્વય જ થાય. જે કારણથી કહે છે — "તે=સમ્યગ્દર્શન નિસર્ગથી અથવા અભિગમથી થાય છે." **(તત્ત્વાર્થસૂત્ર મૂલ) ॥૨/૫॥**

આમાં જ=પ્રસ્તુત દીક્ષામાં જ, દીક્ષાંતરમાં નહિ. શ્રદ્ધા=રુચિ, થાય છે.

શ્રદ્ધાને જ ઉલ્લેખથી બતાવે છે —

કેવી રીતે હું આને=દીક્ષાને, પ્રાપ્ત કરું ?=કેવા પ્રકારની દીક્ષાને પ્રાપ્ત કરું ? એથી કહે છે=ભવરૂપી સમુદ્રમાં મહાનાવરૂપી સંસ્કારથી સમુદ્રને તરવા માટે મહાનાવરૂપ. કેવા પ્રકારની શ્રદ્ધા થાય છે ? એથી કહે છે — નિરપેક્ષ=સાંસારિક ફલો પ્રત્યે નિઃસ્પૃહ, શ્રદ્ધા થાય છે અથવા લૌકિક ધર્મ, દેવ અને ગુરુને આશ્રયીને અવિદ્યમાન અપેક્ષાવાળી શ્રદ્ધા થાય છે. જે કારણથી આના ત્યાગમાં જ=લૌકિક ધર્મના ત્યાગમાં જ, દીક્ષા છે. જેને કહે છે —

"શ્રમણોપાસક પૂર્વમાં જ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરે છે, સમ્યક્ત્વને સ્વીકારે છે. તેને આજથી માંડીને અન્ય ઉત્થિત અથવા અન્ય ઉત્થિત દેવતાઓ કલ્પતા નથી" **(આવશ્યકસૂત્ર-૩૬) ઈત્યાદિ. વળી, સાનુબંધ શ્રદ્ધા થાય છે=અવ્યવચ્છિન્ન શ્રદ્ધાના ભાવના સંતાનવાળી શ્રદ્ધા થાય છે. 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે. ॥૨/૬॥**

અને વિઘ્નોનો=દીક્ષાની પ્રાપ્તિમાં વિઘ્નોનો, અભાવ=અવિદ્યમાનતા છે; કેમ કે તેઓનું=વિઘ્નોનું શ્રદ્ધારૂપ શુભભાવથી વિનાશિતપણું છે=કષાયો વગરની અવસ્થા જ જીવની સુંદર અવસ્થા છે, એ પ્રકારે અકષાય અવસ્થા પ્રત્યે ઉત્કટ રુચિરૂપ શુભભાવથી નાશિતપણું છે. 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે= પૂર્વગાથાની સાથે પ્રસ્તુત ગાથાના સમુચ્ચયમાં છે. વળી, ભાવમાં=નિરુપક્રમ ક્લિષ્ટ કર્મના દોષથી વિઘ્નના સદ્ભાવમાં ચિત્તસ્થૈર્ય=દીક્ષા પ્રત્યે મનનું અત્યંત દૃઢપણું છે. એ=અનંતરમાં કહેવાયેલ શ્રદ્ધા, વિઘ્નનો અભાવ અને ચિત્તનું દૃઢપણું એ રૂપ ત્રણ, દીક્ષાનો રાગ કહેવાયો છે.

કોના વડે કહેવાયો છે ? એથી કહે છે —

સમયકેતુ વડે=પ્રકાશકપણાથી સિદ્ધાંતના ચિહ્નભૂત એવા શાસ્ત્રના જાણનારાઓ વડે કહેવાયો છે, એ પ્રમાણે ત્રણ ગાથાઓનો અર્થ છે. ॥૨/૭॥

ભાવાર્થ :-

જીવ સમ્યક્ત્વ પામે છે, ત્યારે તેને દીક્ષામાં રાગ થાય છે અને તે દીક્ષા કષાયોના મુંડન સ્વરૂપ છે, તેથી કોઈને અનંતાનુબંધી કષાયના મુંડનરૂપ પ્રાપ્ત થઈ હોય, કોઈ અપ્રત્યાખ્યાનીય, કોઈને પ્રત્યાખ્યાનીય તો

કોઈને સંજ્વલનકષાયના મુંડનરૂપ પ્રાપ્ત થઈ હોય તે સર્વ જ જીવનું હિત છે, તેવી સ્થિર બુદ્ધિ થવાથી કોઈ દીક્ષિત જીવોને જોઈને પ્રકૃતિથી જ તેઓને તે દીક્ષા પ્રત્યે રાગ થાય છે, તો ક્વચિત્ "દીક્ષિત જીવો કષાયોનું મુંડન કરે છે" તેનું સ્વરૂપ સાંભળીને તે દીક્ષા પ્રત્યે રાગ થાય છે અથવા તે દીક્ષિત જીવો શુદ્ધ આચાર પાળીને કષાયોને ક્ષીણ કરતા જોઈને તે દીક્ષામાં રાગ થાય છે.

વળી, તે દીક્ષા મોક્ષમાર્ગને આચરતા ધાર્મિક જનોને અત્યંત બહુમત છે અને તેવી દીક્ષા ભવરૂપી સમુદ્રમાં તરવા માટે નાવ જેવી છે, તેવો બોધ થવાને કારણે જે મહાત્માને સતત ભાવો થાય છે કે હું ક્યારે આવી દીક્ષાને પ્રાપ્ત કરીશ. વળી, તે દીક્ષાની ઇચ્છા કોઈ સાંસારિક ફલમાંથી ઉત્પન્ન થઈ નથી અર્થાત્ લોકો સાધુને આદર-સત્કાર આપે છે, તે જોઈને હું પણ તેવું સાધુપણું ગ્રહણ કરું, તેવા આશયથી દીક્ષા પ્રત્યે રાગ થતો નથી, પરંતુ કષાયો સંસારપરિભ્રમણના બીજ છે અને કષાયના ઉચ્છેદને અનુકૂળ સામાયિકના પરિણામરૂપ આ દીક્ષા છે, તેવો સ્પષ્ટ બોધ થવાથી સતત તેવી દીક્ષાને પ્રાપ્ત કરવાની જે ઉત્કટ રુચિ થાય છે, તેવી રુચિ દીક્ષામાં સાનુબંધ શ્રદ્ધા છે અને તે જ સમ્યક્ત્વની પ્રાપ્તિ સ્વરૂપ છે અને જેઓને કષાયોના મુંડનમાં તીવ્ર રાગ થાય છે, તેઓ સતત સ્વભૂમિકા અનુસાર દેવ-ગુરુ અને ધર્મની સમ્યક્ ઉપાસના કરીને વીતરાગ થવા યત્ન કરે છે અને તે પ્રવૃત્તિ સિવાયની સંસારની સર્વ પ્રવૃત્તિ જીવની વિડંબના છે. તે પ્રકારે તે જીવોને સતત જણાય છે. આથી જ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પણ પોતાની શક્તિનું સમાલોચન કરીને કષાયોને સદાય ક્ષીણ ક્ષીણતર કરવા યત્ન કરે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને દીક્ષામાં કઈ રીતે શ્રદ્ધા થાય છે ? તે ગાથા-૫માં બતાવ્યું. ગાથા-૬માં તે શ્રદ્ધા કેવા સ્વરૂપવાળી હોય છે ? તે બતાવ્યું. હવે દીક્ષામાં સમ્યગ્દૃષ્ટિને જે શ્રદ્ધા છે, તેનાં બે કાર્યો પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

સમ્યગ્દૃષ્ટિ જીવને ચક્ષુમાં પડેલ શલ્યની જેમ કષાયો-નોકષાયો શલ્યરૂપ ભાસે છે. તેથી તેઓની કષાયરૂપી શલ્ય કાઢવાની જે ઉત્કટ રુચિ છે, તેના કારણે જ કષાયોના ઉન્મૂલનમાં આવતાં તેઓનાં વિઘ્નો દૂર થાય છે; કેમ કે કષાયોને મારે ઉન્મૂલન કરવા છે, તેવી સૂક્ષ્મ બોધપૂર્વકની તેઓને રુચિ હોય છે અને તે રુચિરૂપ શુભભાવથી કષાયોનાં આપાદક કર્મો સતત ક્ષીણ થાય છે. તેથી દીક્ષાની પ્રતિપત્તિમાં વિઘ્નભૂત કષાયોનો તેઓને અભાવ છે.

વળી, સંપૂર્ણ કષાયઉચ્છેદ થયો નથી, તેથી દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં બાધક નિરુપક્રમ ક્લિષ્ટ કર્મોરૂપી દોષોને કારણે તે તે ગુણસ્થાનકની પ્રાપ્તિ ન થઈ શકતી હોય, તોપણ તે ગુણસ્થાનકને મારે પ્રાપ્ત કરવું છે, એવું અત્યંત ચિત્તસ્થૈર્ય વર્તે છે. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ પણ સતત તે પ્રકારના ચિત્તસ્થૈર્યને કારણે દેશવિરતિને આસન્ન આસન્નતર થવા પ્રયત્નશીલ રહે છે. આથી જ જેઓનાં દેશવિરતિ કે સર્વવિરતિને બાધક નિરુપક્રમ ક્લિષ્ટ કર્મો નથી, પરંતુ સોપક્રમ કર્મ છે, તેઓને તો દેશવિરતિની કે સર્વવિરતિની સામાચારીના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવનારા ઉપદેશક પ્રાપ્ત થાય તો ઉપદેશના શ્રવણકાળમાં જ દેશવિરતિના કે સર્વવિરતિના આવારક કષાયોનો પણ ક્ષયોપશમભાવ થાય છે અને જેઓનાં નિરુપક્રમ ક્લિષ્ટ કર્મો વિદ્યમાન છે, તેઓ દેશવિરતિ કે સર્વવિરતિ તત્કાલ પ્રાપ્ત કરી શકતા

નથી તોપણ વારંવાર દેશવિરતિના કે સર્વવિરતિના સ્વરૂપનું ભાવન કરીને સ્વશક્તિ અનુસાર તેની પ્રાપ્તિ માટે અત્યંત સ્થૈર્યપૂર્વક યત્ન કરે છે. તેને દીક્ષા પ્રત્યે રાગ છે, એમ શાસ્ત્રને જાણનારા મહાત્માઓ કહે છે. ॥૨/૫-૬-૭॥

અવતરણિકા :-

उक्तो दीक्षारागोऽथ लोकविरुद्धत्यागाभिधित्सया लोकविरुद्धानुष्ठानोपदर्शनायाह –

અવતરણિકાર્થ :-

દીક્ષાનો રાગ કહેવાયો. હવે લોકવિરુદ્ધત્યાગને કહેવાની ઇચ્છાથી લોકવિરુદ્ધ અનુષ્ઠાન બતાવવા માટે કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૪માં કહેલ કે દીક્ષાનો રાગ, લોકવિરુદ્ધનો ત્યાગ અને સુંદર ગુરુનો યોગ જેને છે, તે સમ્યક્ત્વરૂપ જિનદીક્ષાને યોગ્ય છે. ત્યારપછી ત્રણ ગાથા દ્વારા દીક્ષાનો રાગ શું છે ? તે સ્પષ્ટ કર્યું. હવે લોકવિરુદ્ધના ત્યાગને સ્પષ્ટ કરવા માટે લોકવિરુદ્ધ અનુષ્ઠાન બતાવે છે –

ગાથા :-

सव्वस्स चेव णिंदा विसेसओ तह य गुणसमिद्धाणं ।
उजुधम्मकरणहसणं रीढा जणपूयणिज्जाणं ।।२/८।।

છાયા :-

सर्वस्य चैव निन्दा विशेषतः तथा च गुणसमृद्धानाम् ।
ऋजुधर्मकरणहसनं रीढा जनपूजनीयानाम् ।।२/८।।

અન્વયાર્થ :-

सव्वस्स चेव=સર્વ જીવોની જ, णिंदा=નિંદા, तह य=વળી, विसेसओ=વિશેષથી, गुणसमिद्धाणं=ગુણસમૃદ્ધ જીવોની=ગુણસમૃદ્ધ જીવોની નિંદા, उजुधम्मकरणहसणं=ઋજુધર્મ કરનારાઓનું હસવું, (અને) जणपूयणिज्जाणं=જનપૂજ્ય જીવોની, रीढा=હીલના, લોકવિરુદ્ધ છે એમ અન્વય છે. ॥૨/૮॥

ગાથાર્થ :-

સર્વ જીવોની જ નિંદા, વળી, વિશેષથી ગુણસમૃદ્ધ જીવોની નિંદા, ઋજુધર્મ કરનારાઓનું હસવું અને જનપૂજ્ય જીવોની હીલના લોકવિરુદ્ધ છે, એમ અન્વય છે. ॥૨/૮॥

ટીકા :-

व्याख्या–'सव्वस्से'त्यादि । सर्वस्यैव=समस्तस्यैव लोकस्य, चैवशब्दोऽवधारणे तेन न पुनः

कस्यचिदेव निन्दा=जुगुप्सा लोकविरुद्धमिति सर्वत्र योज्यम्, निन्द्यमानो हि लोको निन्दकं प्रति विरुद्धो भवतीत्यतो लोकविरुद्धहेतुत्वात् निंदा लोकविरुद्धम् । एवं सर्वत्र भावना कार्या तथा विशेषतो=विशेषेण=नितरामित्यर्थः तथा चेति पुनरर्थः गुणसमृद्धानां ज्ञानादिगुणर्द्धिमतामाचार्यादीनां निन्देति प्रकृतमेव । गुणवतां हि बहुलोकः पक्षपाती भवत्यतस्तन्निन्दा विशेषतो लोकविरुद्धमिति भावः, ऋजूनामव्युत्पन्नबुद्धीनां धर्मकरणे स्वबुद्ध्यनुसारेण कुशलानुष्ठानासेवने हसनमुपहासो धूर्तैर्विडम्बिताः खल्वेत इत्यादिरूप ऋजुधर्मकरणहसनम्, बहवो ह्यव्युत्पन्ना एव लोकास्ते च तद्धर्माचारहसने सति विरुद्धा एव भवन्ति तथा रीढा=हीला जनपूजनीयानां=राजामात्यश्रेष्ठितद्गुरुप्रभृतीनाम्, भावनाभिप्रायः प्रतीत एव ।।२/८।।

ટીકાર્થ :-

सर्वस्यैव ..... प्रतीत एव ।। 'सव्वस्सेत्यादि' प्रतीक छे. सर्व ज=बधा ज लोकोनी निंदा=जुगुप्सा लोकविरुद्ध छे, એ પ્રમાણે સર્વત્ર યોજન કરવું. 'चैव' શબ્દ અવધારણમાં છે. તેનાથી=સર્વ જ લોકોની એમ કહેવાથી કોઈકની નહિ અર્થાત્ ખરાબ લોકોની પણ નિંદા લોકવિરુદ્ધ છે. हि=જે કારણથી, નિંદા કરાતો લોકનિંદક પ્રત્યે વિરુદ્ધ થાય છે. આથી લોકવિરુદ્ધપણું હોવાને કારણે નિંદા લોકવિરુદ્ધ છે. આ રીતે=સર્વ જીવોની નિંદા લોકવિરુદ્ધ છે એ યુક્તિથી બતાવ્યું એ રીતે, સર્વત્ર ભાવના કરવી= અન્ય લોકવિરુદ્ધમાં પણ યોજન કરવું, અને વિશેષથી અત્યંત ગુણસમૃદ્ધોની નિંદા=જ્ઞાનાદિ ગુણની ઋદ્ધિવાળા આચાર્યોની નિંદા, લોકવિરુદ્ધ છે. हि=જે કારણથી, ગુણવાન પુરુષોનો ઘણો લોક પક્ષપાતી હોય છે. આથી તેમની નિંદા વિશેષથી લોકવિરુદ્ધ છે. ऋजु જીવોના=અવ્યુત્પન્ન બુદ્ધિવાળા જીવોના, ધર્મકરણમાં=સ્વબુદ્ધિ અનુસારથી કુશલઅનુષ્ઠાનના આસેવનમાં હસવું=ઉપહાસ લોકવિરુદ્ધ છે=ધૂર્તો વડે આ લોકો વિડંબિત છે ઇત્યાદિ રૂપ ઋજુધર્મકરણનું હસન છે. हि=જે કારણથી, ઘણા લોકો અવ્યુત્પન્ન જ છે અને તેઓના ધર્મના આચારોનું હસન કરાયે છતે, તેઓ વિરુદ્ધ જ થાય છે અને જનપૂજનીય=રાજા, અમાત્ય, શ્રેષ્ઠી, તેના ગુરુ વગેરેની હીલના લોકવિરુદ્ધ છે.

કેમ લોકવિરુદ્ધ છે ? તેની ભાવનાનો અભિપ્રાય પ્રતીત જ છે. ।।૨/૮।।

ભાવાર્થ :-

દીક્ષા માટે અર્થાત્ સમ્યક્ત્વ સ્વીકારવા માટે કોણ યોગ્ય છે ? તે બતાવવા અર્થે તેઓનો દીક્ષાનો રાગ કેવો હોય છે ? તે પૂર્વમાં બતાવ્યું. હવે તેવા યોગ્ય જીવો લોકવિરુદ્ધ કૃત્યોનો ત્યાગ કરે છે, તે લોકવિરુદ્ધ કૃત્યોને ત્રણ ગાથાઓથી સ્પષ્ટ કરે છે –

કલ્યાણના અર્થી જીવો કોઈ જીવોની નિંદા કરે નહિ. ક્વચિત્ તે જીવો અનુચિત પ્રવૃત્તિ કરતા હોય તોપણ વિચારે કે કર્મના દોષથી તેઓ અનુચિત પ્રવૃત્તિ કરે છે. તેથી મારાથી શક્ય હોય તો તેઓનું હિત કરું અને જો મારાથી તેઓની અનુચિત પ્રવૃત્તિનું નિવારણ શક્ય ન હોય તો ઉચિત કરું, પરંતુ તેઓની

અનુચિત પ્રવૃત્તિ જોઈને તેઓની નિંદા કરે નહિ; કેમ કે તેઓની નિંદા કરવાથી તેઓ નિંદા કરનાર પ્રત્યે દ્વેષી બને છે. ફક્ત કોઈના ઉપકાર અર્થે આવું આવું કૃત્ય અનુચિત છે, એમ કહેવામાં આવે ત્યારે તે નિંદા-વચન નથી, પરંતુ અનુચિત કૃત્ય અકર્તવ્ય છે, તેવો બોધ કરાવવા અર્થે તેવા અનુચિત કૃત્યની નિંદા કરવામાં આવે તો તે દોષરૂપ નથી. વળી, ગુણસંપન્ન જીવોની વિશેષથી નિંદા કરવી જોઈએ નહિ; કેમ કે ગુણસંપન્ન જીવો પ્રત્યે ઘણા જીવોને બહુમાન હોય છે અને તેની નિંદા કરનારા પ્રત્યે લોકો વિરોધવાળા થાય છે.

વળી, જેઓ ધર્મની પ્રવૃત્તિ કરવામાં અવ્યુત્પન્ન બુદ્ધિવાળા છે, તેઓની ધર્મની પ્રવૃત્તિ વિવેક વગરની જોઈને તેની હાંસી કરવી જોઈએ નહિ; કેમ કે તેવી પ્રવૃત્તિ પણ લોકવિરુદ્ધ છે.

વળી, લોકોમાં પૂજનીય એવા રાજા-અમાત્યાદિની હીલના કરવી જોઈએ નહિ. જેઓમાં લોકવિરુદ્ધ ત્યાગની પ્રવૃત્તિ છે, છતાં ક્વચિત્ અનાભોગાદિને કારણે કર્મદોષથી તેવી લોકવિરુદ્ધ પ્રવૃત્તિ થઈ હોય તોપણ તેના ત્યાગ માટે જેઓ યત્ન કરતા નથી, તેઓ સમ્યક્ત્વ સ્વીકારવા માટે યોગ્ય નથી. **॥२/८॥**

ગાથા :-

बहुजणविरुद्धसंगो देसादाचारलंघणं चेव ।
उव्वणभोगो य तहा दाणाइ वि पगडमण्णे तु ।।२/९।।

છાયા :-

बहुजनविरुद्धसङ्गो देशाद्याचारलङ्घनं चैव ।
उल्बणभोगश्च तथा दानाद्यपि प्रकटमन्ये तु ।।२/९।।

અન્વયાર્થ :-

बहुजणविरुद्धसंगो=બહુજન વિરુદ્ધનો સંગ, देसादाचारलंघणं=દેશાદિ આચારનું ઉલ્લંઘન, चेव=જ, उव्वणभोगो=ઉલ્બણ ભોગ=શોભે નહિ તેવો ભોગ, य तहा=અને, पगडं=પ્રકટ, दाणाइ=દાનાદિ, वि=પણ, अण्णे तु=વળી અન્ય આચાર્યો, (लोकविरुद्ध કહે છે.) ॥२/९॥

ગાથાર્થ :-

બહુજન વિરુદ્ધનો સંગ, દેશાદિ આચારનું ઉલ્લંઘન જ, ઉલ્બણ ભોગ=શોભે નહિ તેવો ભોગ, અને પ્રકટ દાનાદિ પણ વળી અન્ય આચાર્યો, (લોકવિરુદ્ધ કહે છે.) ॥२/९॥

ટીકા :-

व्याख्या—'बहु' इत्यादि । तथा बहुजनैः प्रभूतलोकैः सह ये विरुद्धास्तदपकारकत्वेन विरोधवन्तस्तैः सार्धं यः सङ्गः सम्पर्कः स तथा देशाद्याचारलङ्घनमेव च जनपदग्रामकुलप्रभृतिसमाचारातिक्रम एव च पुनस्तदनुल्लङ्घनमपि च शब्दः समुच्चये एवकारश्चावधारणे अनयोश्च प्रयोगो दर्शित एव ।

तथोल्बणः खिड्गजनाचरितो भोगो वस्त्रपुष्पादिभिर्देहसत्कार उल्बणभोगः तथा तेन प्रकारेण देश-कालविभववयोऽवस्थाद्यनौचित्यलक्षणेन तथा दानाद्यपि वित्तवितरणतपःप्रभृतिकमपि न केवलमुल्बण-भोग एवेत्यपिशब्दार्थः किं भूतं दानादीत्याह—प्रकटमगंभीरतया लोकप्रकाशम् अन्ये त्वपरे पुनराचार्याः लोकविरुद्धमाहुरिति गम्यं, तथाविधदानादिविधायकस्य हि लोक उपहासकारी स्यादिति लोकविरुद्ध-तेति ।।२/९।।

ટીકાર્થ :-

तथा ..... लोकविरुद्धतेति ।। 'बहु इत्यादि' प्रतीक छे. घणा लोको साथे जेओ विरुद्ध छे=लोकोनुं अपकारकपणुं होवाना कारणे विरोधवाळा छे, तेओनो जे संग=संपर्क, ते तेवो छे=बहुजन विरुद्ध संगवाळो छे, अने देशादिना आचारनुं लंघन ज=जनपद, ग्रामकुल वगेरेना आचारोनो अतिक्रम ज, लोकविरुद्ध छे, एम अन्वय छे. वळी, तेनुं अनुलंघन पण नहि, 'च' शब्द समुच्चयमां छे. एव कार अवधारणमां छे अने आ बेनो='च' अने 'एव'कारनो प्रयोग बतावायो ज छे-देशादि आचारनुं लंघन ज ए कथन द्वारा बतावायो ज छे अने ते प्रकारथी=देशकाल, वैभव, वय, अवस्था आदिना अनौचित्यरूप ते प्रकारथी, उल्बण=हलका जनथी आचरित भोग=वस्त्र, पुष्पादि वडे देहनो सत्कार उल्बणभोग, लोकविरुद्ध छे, दानादि पण=धननो व्यय, तप विगेरे पण लोकविरुद्ध छे. केवल उल्बणभोग ज नहि, ए 'अपि' शब्दनो अर्थ छे.

केवा प्रकारना दानादि लोकविरुद्ध छे ? ए कहे छे —

प्रकट=अगंभीरपणाने कारणे लोकमां प्रकाशन करे तेवा दानादि अन्य आचार्यो लोकविरुद्ध कहे छे; केम के तेवा प्रकारना दानादि करनारनो लोक उपहासकारी थाय छे. एथी लोकविरुद्धता छे. 'इति' शब्द टीकानी परिसमाप्ति अर्थे छे. ।।२/९।।

ભાવાર્થ :-

વળી, સમ્યક્ત્વને યોગ્ય જીવ જેમ દીક્ષાનો અત્યંત રાગી હોય તેમ લોકવિરુદ્ધનો અત્યંત ત્યાગ કરે છે. તેથી જે જીવોનો ઘણા લોકો સાથે વિરોધ હોય, તેનો સંગ કરે નહિ; કેમ કે જે જીવની પ્રકૃતિ હોય કે બધાની સાથે ક્લેશો કરે, બધાને ઉદ્વેગ ઉત્પન્ન કરાવે તેવી પ્રકૃતિ હોય, તેવા જીવો સાથે દીક્ષાનો અર્થી જીવ સંગ કરે તો તેના ધર્મની નિંદા થાય.

વળી, જે દેશમાં જે આચારો વર્તતા હોય તે ઉચિત આચારોનું ઉલ્લંઘન કરે, તો ધર્મની નિંદા થાય, તેની જેમ પોતે જે કુળમાં હોય તે કુળના ઉચિત આચારોનું ઉલ્લંઘન કરે તોપણ ધર્મની નિંદા થાય. તેથી જે દેશના અથવા જે કુળના આચારો હોય, તેનું ઉલ્લંઘન કરે નહિ. વળી જો કોઈ કુળના અનુચિત આચારો હોય, જેમ કાલસૌરિક કસાઈના કુળના આચારો હિંસાથી આજીવિકા કરવાના હતા અથવા કોઈક ચોરના પૂર્વજો ચોરી કરતા હોય અને તે કુળના અનુચિત આચારોનો ત્યાગ કરે તો તે લોકવિરુદ્ધ નથી; પરંતુ સારા કુળના ઉચિત

આચારો કેટલાક જીવોને અનુચિત પ્રવૃત્તિથી રક્ષણ કરવા અર્થે હોય છે, તેનું ઉલ્લંઘન કરવાથી તે કુળવાળા વિરોધ કરે છે.

વળી, જે અતિ ઉલ્બણભોગો હોય અર્થાત્ અતિ વિકાર કરે તેવા ભોગ હોય તો તે લોકવિરુદ્ધ છે. તેથી વિવેકી પુરુષ તેવા ભોગો આદિ કરે નહિ. વળી, દાન, તપ, સંયમ વગેરેની ક્રિયાઓ અગંભીરપણાથી લોકમાં પ્રકાશ કરે તે પણ શિષ્ટલોકમાં નિંદનીય છે. તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. **॥૨/૯॥**

ગાથા :-

साहुवसणम्मि तोसो सइ सामत्थम्मि अपडियारो य ।
एमाइयाणि एत्थं लोगविरुद्धाणि णेयाणि ।।२/१०।।

છાયા :-

साधुव्यसने तोषः सति सामर्थ्ये अप्रतिकारश्च ।
एतदादीनि अत्र लोकविरुद्धानि ज्ञेयानि ।।२/१०।।

અન્વયાર્થ :-

साहुवसणम्मि=સારા લોકોની આપત્તિમાં, तोसो=તોષ, य=અને, सइ सामत्थम्मि=નિવારણનું સામર્થ્ય હોવા છતાં, अपडियारो=અપ્રતિકાર, एमाइयाणि=એ વગેરે, एत्थं=અહીં=જિનદીક્ષાના અધિકારમાં, लोगविरुद्धाणि=લોકવિરુદ્ધ, णेयाणि=જાણવા. ॥૨/૧૦॥

ગાથાર્થ :-

સારા લોકોની આપત્તિમાં તોષ અને નિવારણનું સામર્થ્ય હોવા છતાં અપ્રતિકાર એ વગેરે અહીં=જિનદીક્ષાના અધિકારમાં, લોકવિરુદ્ધ જાણવા. ॥૨/૧૦॥

ટીકા :-

व्याख्या—तथा साधुव्यसने=दुष्टराजादिजनितायां शिष्टजनानामापदि तोषः=प्रमोदः, अत्र हि साधवस्तत्पाक्षिकाश्च विरुद्धा भवन्ति तथा सति=विद्यमाने सामर्थ्ये साधुव्यसनपरित्राणबले अप्रतिकारो=व्यसनापरित्राणम् चशब्दः समुच्चये लोकविरुद्धमिति योगः, शेषलोकविरुद्धोपलक्षणार्थमाह—एवमेतानि सर्वजननिन्दादीनि आदिः प्रकारो येषां तान्येवमादिकानि, आदिशब्दात्पैशून्यादिग्रहः एत्थं ति अत्र जिनदीक्षाधिकारे लोके वा लोकविरुद्धानि=लोकविरोधवन्त्यनुष्ठानानि ज्ञेयानि=ज्ञातव्यानि ज्ञपरिज्ञया, प्रत्याख्यानपरिज्ञया तु परिहर्तव्यानीति गाथात्रयार्थः ।।२/१०।।

ટીકાર્થ :-

तथा ..... गाथात्रयार्थः ।। 'बहु इत्यादि' પ્રતીક છે. અને સાધુના વ્યસનમાં દુષ્ટ રાજાદિ લોકોથી

જનિત વિશિષ્ટ લોકોની આપત્તિમાં તોષમાં=પ્રમોદ; જે કારણથી અહીં=સુંદર લોકની આપત્તિના તોષમાં, સુંદર લોકો અને સુંદર લોકાના પક્ષપાતી લોકો વિરુદ્ધ થાય છે અને સામર્થ્ય હોતે છતે=સારા લોકોની આપત્તિના રક્ષણનું બળ હોતે છતે, અપ્રતિકાર=આપત્તિને નહિ દૂર કરવી લોકવિરુદ્ધ છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

શેષ લોકવિરુદ્ધના ઉપલક્ષણ માટે કહે છે –

આ રીતે આ=ત્રણ ગાથામાં વર્ણન કર્યું એ સર્વજન નિંદા આદિ પ્રકાર છે જેને એ, 'એવમ્' આદિ છે. 'च' શબ્દથી પૈશુન્ય આદિનું ગ્રહણ કરવું. અહીં=જિનદીક્ષાના અધિકારમાં અથવા લોકમાં લોકવિરુદ્ધ છે=લોકોના વિરુદ્ધવાળાં અનુષ્ઠાનો જાણવાં=જ્ઞપરિજ્ઞાથી જાણવાં અને પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી પરિહાર કરવાં, એ પ્રમાણે ત્રણ ગાથાનો અર્થ છે. ॥૨/૧૦॥

ભાવાર્થ :-

વળી, કેટલાક જીવોની ક્ષુદ્રપ્રકૃતિ હોય છે કે સુંદર પ્રકૃતિવાળા લોકોને પણ દુષ્ટ રાજાદિ દ્વારા આપત્તિ પ્રાપ્ત થાય ત્યારે હર્ષિત થાય છે અથવા પોતે સુંદર પ્રકૃતિવાળા લોકોનું રક્ષણ કરી શકે તેમ હોય તોપણ ઉપેક્ષા કરે છે. આ વગેરે અન્ય પણ પ્રકૃતિઓ લોકવિરુદ્ધ કૃત્ય છે, જેના કારણે તે જીવો સમ્યક્ત્વરૂપ દીક્ષા સ્વીકારવા માટે અયોગ્ય છે, એમ નક્કી થાય છે, માટે સંસારથી ભય પામેલા જીવે કોઈક કર્મના દોષને કારણે તેવા પ્રકારની પોતાની પ્રકૃતિ હોય તો વિવેકપૂર્વક તેનો ત્યાગ કરવા યત્ન કરવો જોઈએ, જેથી લોકવિરુદ્ધ કૃત્ય કરવાની પ્રકૃતિનો ત્યાગ કરવાથી દીક્ષાની યોગ્યતા પ્રગટે છે. **॥૨/૧૦॥**

અવતરણિકા :-

અથ સુન્દરગુરુયોગં દર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે સુંદર ગુરુના યોગને બતાવે છે –

ગાથા :-

णाणाइजुओओ गुरू सुविणे उदगादितारणं तत्तो ।
अचलाइरोहणं वा तहेव वालाइरक्खा वा ।।२/११।।

છાયા :-

ज्ञानादियुतस्तु गुरुः स्वप्ने उदकादितारणं ततः ।
अचलादिरोहणं वा तथैव व्यालादिरक्षा वा ।।२/११।।

અન્વયાર્થ :-

ઓ=વળી, णाणाइजुओ=જ્ઞાનાદિયુક્ત, गुरू=ગુરુ છે, सुविणे=સ્વપ્નમાં, तत्तो=તેનાથી=જ્ઞાનાદિયુક્ત ગુરુથી, उदगादितारणं=સમુદ્ર આદિથી તારણ, वा=અથવા, अचलाइरोहणं=પર્વત આદિ ઉપર આરોપણ, वा=અથવા, तहेव=તે પ્રકારે જ, वालाइरक्खा=હિંસક પ્રાણી આદિથી રક્ષણ થાય છે. ॥૨/૧૧॥

ગાથાર્થ :-

વળી, જ્ઞાનાદિયુક્ત ગુરુ છે સ્વપ્નમાં તેનાથી=જ્ઞાનાદિયુક્ત ગુરુથી, સમુદ્ર આદિથી તારણ અથવા પર્વત આદિ ઉપર આરોપણ અથવા તે પ્રકારે જ હિંસક પ્રાણી આદિથી રક્ષણ થાય છે. ॥૨/૧૧॥

ટીકા :-

व्याख्या—'णाणे'त्यादि । ज्ञानादियुतश्च गुरुः इह चशब्दस्तुशब्दो वा पुनरर्थः तस्य चैवं प्रयोगः- लोकविरुद्धानि तावत्सर्वजननिन्दादीनि गुरुश्च दीक्षाचार्यः पुनर्ज्ञानादियुतः सम्यग्ज्ञानदर्शनचारित्रयुक्तः सुन्दरो भवतीति हृदयम् अथवा ज्ञानादियुत एव गुरुर्भवतीत्येवमवधारणं व्याख्येयम् । अथ तद्योगः क इत्याह—स्वप्ने निद्रासंवलितमनोविज्ञानविशेषरूपे, उदकादिभ्यो जलानलगर्तादिभ्यस्तारणम् निस्तारणं ततो गुरोः सकाशात् दीक्षाकामस्य एतच्च सुन्दरगुरुयोगपरिज्ञानहेतुत्वात्सुन्दरयोगोऽभिधीयते, एवमचलादिषु पर्वतप्रासादवृक्षशिखरप्रभृतिषु रोहणमारोपणमचलादिरोहणम् वाशब्दः पूर्वोक्तपक्षापेक्षया विकल्पार्थः तथैव=तेनैव प्रकारेण, स्वप्ने ततः सकाशादित्येवंलक्षणेन, व्यालाः श्वापदा भुजगा वा तदादिभ्यः आदिशब्दाद् गजादिभिश्च रक्षा व्यापाद्यमानस्य त्राणं व्यालादिरक्षा वाशब्दो विकल्पार्थ एवेति गाथार्थः ।।२/११।।

ટીકાર્થ :-

ज्ञानादियुतश्च ..... गाथार्थः ।। 'णाणेत्यादि' પ્રતીક છે. જ્ઞાનાદિયુક્ત ગુરુ. અહીં 'च' શબ્દ અને 'तु' શબ્દ 'वा' અર્થમાં છે અથવા પુનઃ અર્થમાં છે. તેનો=च શબ્દનો, આ પ્રમાણે પ્રયોગ છે — લોકવિરુદ્ધ સર્વજનનિંદા આદિ છે. વળી ગુરુ=દીક્ષાચાર્ય, જ્ઞાનાદિયુક્ત=સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રયુક્ત, સુંદર થાય છે=સુંદર યોગ થાય છે. અથવા જ્ઞાનાદિયુક્ત જ ગુરુ થાય છે, એ પ્રમાણે અવધારણવાળું વ્યાખ્યાન કરવું.

હવે તેનો યોગ ક્યાં થાય છે ? એથી કહે છે —

સ્વપ્નમાં=નિદ્રાથી યુક્ત મનોવિજ્ઞાન વિશેષરૂપ સ્વપ્નમાં, તે ગુરુથી દીક્ષાની કામનાવાળા જીવને ઉદક આદિથી=પાણી, અગ્નિ, ખાડા આદિથી, તારણરૂપ સદ્ગુરુનો યોગ થાય છે અને આ=સ્વપ્નમાં સદ્ગુરુનો યોગ એ સુંદર ગુરુના યોગના પરિજ્ઞાનનું હેતુપણું હોવાથી સુંદર ગુરુનો યોગ કહેવાય છે. એ રીતે=જે રીતે સમુદ્ર આદિથી તરણ બતાવ્યું એ રીતે, પર્વત આદિમાં=પર્વત-પ્રાસાદ-વૃક્ષ-શિખરમાં,

આરોહણ=આરોપણ, અચલ આદિ રોહણ છે. 'વા' શબ્દ પૂર્વમાં કહેલા પક્ષની અપેક્ષાથી વિકલ્પ અર્થવાળો છે. તે પ્રકારે જ સ્વપ્નમાં તેનાથી જ=આવા લક્ષણથી જ, વ્યાલ=શ્વાપદ અથવા સાપ, તે વગેરેથી આદિ શબ્દથી હાથી વગેરેથી રક્ષા=સાપ વગેરેથી રક્ષણ, વ્યાલાદિ રક્ષા છે. 'વા' શબ્દ વિકલ્પ અર્થવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૧૧॥

ભાવાર્થ :-

દીક્ષાના અર્થી જીવમાં ત્રણ વસ્તુની અપેક્ષા છે : (૧) દીક્ષાનો રાગ, (૨) લોકવિરુદ્ધનો ત્યાગ અને (૩) સુંદર ગુરુનો યોગ. તેમાંથી સૌ પ્રથમ દીક્ષાનો રાગ કેવા સ્વરૂપવાળો અપેક્ષિત છે ? તે બતાવ્યું, ત્યારબાદ લોકવિરુદ્ધનો ત્યાગ કઈ રીતે કરવો જોઈએ ? જેથી દીક્ષાના અધિકારી થવાય, તે બતાવ્યું. હવે સદ્‌ગુરુનો યોગ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે ? તેના નિર્ણયના ઉપાયને બતાવે છે –

જે યોગ્ય જીવો છે તેવા મહાત્માને પારમાર્થિક દીક્ષાના સ્વરૂપના બોધપૂર્વક દીક્ષાનો સતત રાગ વર્તે છે, તેથી તેવી દીક્ષા હું ક્યારે ગ્રહણ કરીશ અને ક્યારે આ સંસારસાગરથી પાર ઊતરીશ ? તેવો સૂક્ષ્મબુદ્ધિપૂર્વકનો ઊહ સદા વર્તે છે. તેના કારણે તેવા મહાત્માઓ હંમેશાં તેવા ઉત્તમ ગુરુના યોગની ઇચ્છાવાળા હોય છે. તેથી શક્તિ અનુસાર તેવા સદ્‌ગુરુની ગવેષણા પણ કરતા હોય છે અને તેઓના ઉત્તમ ચિત્તને કારણે તથાપ્રકારની તેઓની પુણ્યપ્રકૃતિ પ્રગટ થાય છે. જેથી તે પ્રકારનું રાત્રે સ્વપ્ન આવે છે કે આ મહાત્માએ મને સંસારસમુદ્રથી તાર્યો. આ પ્રકારનાં ભિન્ન ભિન્ન પ્રકારનાં સ્વપ્નોમાંથી કોઈ સ્વપ્નના બળથી નક્કી થાય છે કે તે મહાત્માને તેવા ઉત્તમ ગુરુની પ્રાપ્તિ થશે, જે તેને સંસારસાગરથી તરવામાં પ્રબળ કારણ બનશે. સામાન્યથી જેઓમાં સૂક્ષ્મ બોધપૂર્વક દીક્ષાનો રાગ વર્તે છે તેવા જીવોને સદ્‌ગુરુ પણ તેવા જ સૂક્ષ્મ સંયમ પાળનારા અને સંયમના માર્ગના મર્મને જાણનારા હોય તેવા જ સદ્‌ગુરુરૂપે ભાસે છે. માત્ર સ્થૂલ આચારોથી કે બાહ્ય સુંદર પ્રકૃતિના યોગથી તે મહાત્મા મને તારશે તેવી બુદ્ધિ વર્તતી નથી; પરંતુ જેમ નિપુણતાપૂર્વક સંયમના પારમાર્થિક સ્વરૂપને તે મહાત્મા જોનારા છે તેમ શાસ્ત્રવચનના બળથી નિપુણતાપૂર્વક તારનારા ગુરુના પારમાર્થિક સ્વરૂપના જ્ઞાનવાળા તે મહાત્મા હોય છે અને તેવા જ ગુરુની પ્રાપ્તિના અર્થી તેઓના શુભ અધ્યવસાયને કારણે તેવું પુણ્ય પ્રગટે છે કે જેથી સદ્‌ગુરુનો યોગ થવાનો હોય ત્યારે તેનાં સૂચક સ્વપ્નો દ્વારા તેઓને નિર્ણય થાય છે કે આજે પધારેલા આ મહાત્મા અવશ્ય મારો સંસારથી નિસ્તાર કરશે. તેથી સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ સદ્‌ગુરુનો યોગ પણ વાસ્તવિક સદ્‌ગુરુની પ્રાપ્તિમાં હેતુ છે. **॥૨/૧૧॥**

અવતરણિકા :-

उक्ता दीक्षा, तद्योग्यश्चाधुना दीक्षाविधिर्वाच्यः, स च समवसरणरचनादिरूपः, अतः समवसरणरचनां तावद्दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

દીક્ષા કહેવાઈ=ગાથા-૨માં મુંડનરૂપ દીક્ષા છે એમ કહેવાઈ, અને ત્યારપછી દીક્ષાને યોગ્ય જીવ

કહેવાયો=ગાથા-૪માં દીક્ષાને યોગ્ય જીવ કહેવાયો. હવે દીક્ષાની વિધિ કહેવી જોઈએ અને તે=દીક્ષાની વિધિ, સમવસરણની રચનારૂપ છે. આથી સમવસરણની રચના બતાવે છે –

ગાથા :-

वाउकुमाराईणं आहवणं णियणियेहि मन्तेहिं ।
मुत्तासुत्तीए किल पच्छा तक्कम्मकरणं तु ।।२/१२।।

છાયા :-

वायुकुमारादीनामाह्वानं निजनिजैः मन्त्रैः।
मुक्ताशुक्त्या किल पश्चात् तत्कर्मकरणं तु।।२/१२।।

अन्वयार्थ :-

मुत्तासुत्तीए=मुक्ताशुक्तिथी=मुक्ताशुक्तिमुद्राथी, णियणियेहि=पोतपोताना, मन्तेहिं=मंत्रो द्वारा, वाउकुमाराईणं=वायुकुमारादिनुं=वायुकुमारदेव आदिनुं, किल=ખરેખર, आहवणं=आह्वान. तु=વળી, पच्छा=પાછળથી, तक्कम्मकरणं=तेओना કર્મનું કરણ. ।।२/१२।।

ગાથાર્થ :-

મુક્તાશુક્તિથી=મુક્તાશુક્તિમુદ્રાથી, પોતપોતાના મંત્રો દ્વારા વાયુકુમારાદિનું=વાયુકુમારદેવ આદિનું, આહ્વાન. વળી પાછળથી તેઓના કર્મનું કરણ. ।।२/१२।।

ટીકા :-

व्याख्या–'वाउ' इत्यादि । वायुकुमारादीनामागमप्रसिद्धदेवविशेषाणाम्, आदिशब्दान्मेघकुमारादि-परिग्रहः, आह्वानं=संशब्दनम् कार्यमिति शेषः कैरित्याह–निजनिजैः स्वकीयस्वकीयैः मन्त्रैः प्रणव-नमःपूर्वकस्वाहान्ततन्नामरूपैर्यथासम्प्रदायमागतैः मुक्ताशुक्त्या मुक्ताफलयोन्याकारया हस्तविन्यासमुद्रया किलेत्याप्तसम्प्रदायसूचकमाह्वानस्य वाऽतात्त्विकत्वसूचकं, तदतात्त्विकं चाह्वानेऽपि तेषां प्राय आगमनासम्भवात् तत्संस्मरणस्यैवेह विधेयत्वादिति पश्चादाह्वानानन्तरम् तत्कर्मकरणं तु तेषां वायुकुमारमेघकुमारादिदेवानां यत्कर्म भूप्रमार्जनोदकसेचनादिरूपो व्यापारस्तस्य विधानमेव तु शब्द एवकारार्थः पुनःशब्दार्थो वा स चैवं दृश्यः-पश्चात्पुनः, इति गाथार्थः ।।२/१२।।

ટીકાર્થ :-

वायुकुमारा० ..... गाथार्थः ।। 'वाउ इत्यादि' પ્રતીક છે. વાયુકુમારાદિનું=આગમપ્રસિદ્ધ દેવતાવિશેષોનું, આહ્વાન=સંશબ્દન, કરવું જોઈએ. 'આદિ' શબ્દથી મેઘકુમાર આદિનું ગ્રહણ છે.

કોનાથી વાયુકુમાર આદિનું આહ્વાન કરવું જોઈએ ? એથી કહે છે –

મુક્તાશુક્તિમુદ્રાથી=મુક્તાફલની યોનિના આકારવાળી હસ્તવિન્યાસમુદ્રાથી નિજ-નિજ મંત્રો વડે= સ્વકીય-સ્વકીય એવા પ્રણવ નમઃપૂર્વક 'સ્વાહા' અંતવાળા તેના નામરૂપ યથાસંપ્રદાયથી આવેલ મંત્રોથી વાયુકુમાર આદિને આહ્વાન કરવું જોઈએ, એમ અન્વય છે. 'किल' એ શબ્દ આહ્વાનનું આપ્તસંપ્રદાયસૂચક છે અથવા અતાત્ત્વિકત્વનું સૂચક છે. આહ્વાનમાં પણ પ્રાયઃ તેઓના આગમનનો અસંભવ હોવાથી તેનું=આહ્વાનનું, અતાત્ત્વિકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે જો તેઓનું આગમન ન હોય તો મંત્રોથી તેમને આહ્વાન કરવાનું શું પ્રયોજન છે ? તેથી કહે છે –

અહીં=સમવસરણની રચનામાં, તેના સંસ્મરણનું વિધેયપણું છે. પાછળથી=આહ્વાન અનંતર, તેના કર્મનું કરણ=તે વાયુકુમાર અને મેઘકુમાર આદિ દેવોનું જે કર્મ=ભૂમિપ્રમાર્જન, ઉદક સેચન આદિરૂપ વ્યાપાર, તેનું વિધાન જ=તેને કરવું, જોઈએ. 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે. અથવા પુનઃ અર્થવાળો છે. અને તે=પુનઃ અર્થવાળો 'तु' શબ્દ, આ પ્રમાણે જોડવો – પશ્ચાત્ પુનઃ=વળી, પાછળથી તેનું કર્મ કરવું જોઈએ, એમ જોડવો. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૧૨॥

ભાવાર્થ :-

દીક્ષા ગ્રહણ કરવાની વિધિનો પ્રારંભ કરતાં પૂર્વે સમવસરણની રચના કરાય છે. જે સ્થાનમાં સમવસરણની રચના કરવાની હોય તે સ્થાનની શુદ્ધિ માટે વાયુકુમાર આદિ દેવોને મંત્ર દ્વારા આહ્વાન કરાય છે. જેનાથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે કે આ મંત્રો દ્વારા વાયુકુમાર દેવો આવીને આ ભૂમિની શુદ્ધિ કરે છે. ત્યારપછી સ્વયં જ ગૃહસ્થ ભૂમિનું પ્રમાર્જન કરે છે. આ રીતે કરવા દ્વારા કરનારના અધ્યવસાયમાં પરિણામ થાય છે કે જે રીતે સમવસરણના રચનાકાળમાં દેવતાઓ તે પ્રકારની ભૂમિની શુદ્ધિ કરીને સમવસરણની રચના કરે છે તે પ્રકારે હું પણ કરું છું. જેમ સાક્ષાત્ ભગવાન ન હોય ત્યારે ભગવાનની સ્મૃતિ અર્થે જિનબિંબની પૂજા કરાય છે અને બુદ્ધિમાં સાક્ષાત્ ઉપસ્થિત કરાય છે કે આ ભગવાન છે, તેમની હું ભક્તિ કરું છું. તેથી ભક્તિ કરનારને ભગવાનની ભક્તિના પરિણામજન્ય નિર્જરા થાય છે. તેની જેમ મંત્રો દ્વારા દેવતાઓનું આહ્વાન કરીને દેવતાઓ ભૂમિ શુદ્ધ કરે છે તેવો માનસ સંકલ્પ કરીને સમવસરણની રચના કરનાર શ્રાવકો સ્વયં તે ભૂમિપ્રમાર્જનાદિ વ્યાપાર કરે, એથી દેવો દ્વારા મેં આ શુદ્ધિ કરાવી છે તેવો અધ્યવસાય થાય છે. અને પોતે પણ અત્યંત ભક્તિપૂર્વક ભૂમિશુદ્ધિની ક્રિયા કરે છે. તે ભગવાનની ભક્તિમાં વિશ્રાંત થાય છે. જેમ વાયુકુમાર આદિ દેવો સ્વયં ભગવાનની ભક્તિરૂપે ભૂમિશુદ્ધિ આદિ કરે છે તેમ હું પણ ભગવાનની ભક્તિ કરીને કૃતકૃત્ય થાઉં તેવા અધ્યવસાયથી વિવેકસંપન્ન શ્રાવકો ભૂમિશુદ્ધિ આદિ કરે છે. **॥૨/૧૨॥**

અવતરણિકા :-

एतदेव दर्शयितुमाह –

અવતરણિકાર્થ :-

આને જ=વાયુકુમાર આદિને આહ્વાન કરવાનું પૂર્વગાથામાં કહ્યું તેને જ, બતાવે છે –

ગાથા :-

વાઉકુમારાહવણે પમજ્જણં તત્થ સુપરિસુદ્ધં તુ ।
ગંધોદગદાણં પુણ મેહકુમારાહવણપુવ્વં ।।૨/૧૩।।

છાયા :-

વાયુકુમારાહ્વાને પ્રમાર્જનં તત્ર સુપરિશુદ્ધં તુ ।
ગન્ધોદકદાનં પુનઃ મેઘકુમારાહ્વાનપૂર્વમ્ ।।૨/૧૩।।

અન્વયાર્થ :-

વાઉકુમારાહવણે=વાયુકુમારનું આહ્વાન કરાયે છતે, તત્થ=ત્યાં સુપરિસુદ્ધં=સુપરિશુદ્ધ, પમજ્જણં=પ્રમાર્જન કરવું જોઈએ. પુણ=વળી, મેહકુમારાહવણપુવ્વં=મેઘકુમારના આહ્વાનપૂર્વક, ગંધોદગદાણં=ગંધોદકપાણીનું દાન કરવું જોઈએ. 'તુ' પાદપૂર્તિ અર્થે છે. ।।૨/૧૩।।

ગાથાર્થ :-

વાયુકુમારનું આહ્વાન કરાયે છતે ત્યાં સુપરિશુદ્ધ પ્રમાર્જન કરવું જોઈએ. વળી, મેઘકુમારના આહ્વાનપૂર્વક ગંધોદકપાણીનું દાન કરવું જોઈએ. ।।૨/૧૩।।

ટીકા :-

વ્યાખ્યા—'વાઉ' ઇત્યાદિ । વાયુકુમારાહ્વાને મરુત્કુમારદેવસંશબ્દને કૃતે સતીતિ ગમ્યમ્ પ્રમાર્જનં ભૂમિશુદ્ધિરૂપં કર્તવ્યં ભવતીતિ ગમ્યમ્ તત્રેતિ સમવસરણભૂમૌ સુપરિશુદ્ધં તુ સર્વકચવરાદ્યપહરણેનાતિ-શુદ્ધમેવ એતે કિલ મયાહૂતા વાયુકુમારદેવા ભગવત્સમવસરણભુવં શોધયન્તીતિકલ્પનયેતિ હૃદયમ્ ગન્ધોદકદાનં સુરભિજલવર્ષણમ્ પુનઃશબ્દઃ પૂર્વવાક્યાર્થાપેક્ષયોત્તરવાક્યાર્થસ્ય વિલક્ષણતાપ્રતિપાદનાર્થઃ, મેઘકુમારાહ્વાનપૂર્વં મેઘકારિદેવસંશબ્દનપુરઃસરં સ્વયમેવ કાર્યમ્, ભગવત્સમવસરણે હિ વાયુકુમારૈર્ભૂમિશુદ્ધૌ કૃતાયાં રજઃપ્રશમનાર્થં મેઘકુમારા ગન્ધોદકવર્ષં કુર્વન્તીતિ સ્થિતિઃ, કલ્પના તુ પૂર્વવદેવ । ઇતિ ગાથાર્થઃ ।।૨/૧૩।।

ટીકાર્થ :-

વાયુકુમારા ..... ગાથાર્થઃ ।। 'વાઉ ઇત્યાદિ' પ્રતીક છે. વાયુકુમારનું આહ્વાન કરાયે છતે પ્રમાર્જન= ભૂમિશુદ્ધિરૂપ પ્રમાર્જન કરવું જોઈએ. ત્યાં=સમવસરણભૂમિમાં, સુપરિશુદ્ધ=સર્વ કચવરાદિના અપહરણ દ્વારા અતિશુદ્ધ, પ્રમાર્જન કરવું જોઈએ.

કઈ રીતે શુદ્ધ કરવું જોઈએ ? એથી કહે છે –

મારા વડે બોલાવાયેલા આ વાયુકુમારાદિ દેવો ભગવાનના સમવસરણની ભૂમિને શોધન કરે છે એ પ્રકારની કલ્પનાથી શોધન કરવું જોઈએ. પુનઃ શબ્દ પૂર્વવાક્યાર્થની અપેક્ષાએ ઉત્તર વાક્યાર્થની વિલક્ષણતા અર્થના પ્રતિપાદન અર્થવાળો છે. ગંધઉદકનું દાન વળી મેઘકુમારના આહ્વાનપૂર્વક સ્વયં જ કરવું જોઈએ. ભગવાનના સમવસરણમાં વાયુકુમાર વડે શુદ્ધિ કરાયે છતે રજના પ્રશમન માટે મેઘકુમારો ગંધઉદકની વર્ષાને કરે છે એ પ્રકારે સ્થિતિ છે. કલ્પના વળી પૂર્વની જેમ છે=વાયુકુમારની જેમ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૧૩॥

ભાવાર્થ :-

દીક્ષાર્થી જીવ ભગવાન પ્રત્યેની ભક્તિની અત્યંત વૃદ્ધિ થાય તે રીતે ભાવના અતિશય અર્થે વાયુકુમારદેવો અને મેઘકુમારદેવોને મંત્રો દ્વારા આહ્વાન કરે ત્યારે ચિત્તમાં વિચારે કે ભગવાનની ભક્તિ અર્થે મેં આ દેવોને આહ્વાન કર્યા છે અને તેઓ ભૂમિશોધન કરે છે એ પ્રકારે કલ્પના કરીને સ્વયં ભૂમિશોધન અને સુગંધી જલથી ત્યાં છંટકાવ કરે જેથી શુદ્ધ થયેલી ભૂમિમાં ભગવાનના સ્થાપન અર્થે સમવસરણની રચના હું કરું છું તેવો અધ્યવસાય થાય છે. **॥૨/૧૩॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

उउदेवीणाहवणे गंधड्ढा होइ कुसुमवुट्ठि त्ति ।
अग्गिकुमाराहवणे धूवं एगे इहं बेन्ति ।।२/१४।।

છાયા :-

ऋतुदेवीनामाह्वाने गन्धाढ्या भवति कुसुमवृष्टिरिति ।
अग्निकुमाराह्वाने धूपमेके इह ब्रुवन्ति ।।२/१४।।

અન્વયાર્થ :-

उउदेवीणाहवणे=ऋतुदेवीના આહ્વાનમાં, गंधड्ढा=ગંધથી યુક્ત, कुसुमवुट्ठि होइ=કુસુમવૃષ્ટિ થાય છે, अग्गिकुमाराहवणे=અગ્નિકુમારના આહ્વાનમાં, एगे=કેટલાક આચાર્યો, इहं=અહીં, धूवं=ધૂપને, बेन्ति=કહે છે. 'त्ति' શબ્દ સમાપ્તિ અર્થક છે. ॥૨/૧૪॥

ગાથાર્થ :-

ઋતુદેવીના આહ્વાનમાં ગંધથી યુક્ત કુસુમવૃષ્ટિ થાય છે. અગ્નિકુમારના આહ્વાનમાં કેટલાક આચાર્યો અહીં ધૂપને કહે છે. ।।૨/૧૪।।

ટીકા :-

વ્યાખ્યા—'उउदेवी' इत्यादि । ऋतुदेवीनां वसन्तग्रीष्मवर्षाशरद्धेमन्तशिशिराभिधानदेवतानामाह्वाने संकीर्तने कृते सति गन्धाढ्या=सद्गन्धगुणसमृद्धा भवति वर्तते विधेयेति गम्यम् कुसुमवृष्टिर्दशार्धवर्ण-पुष्पवर्षः, इतिशब्दः समाप्त्यर्थः ततश्च कुसुमवर्षकरणेनैव ऋतुदेवीकर्म परिसमाप्तं भवतीति भणितं भवति । अग्निकुमाराह्वाने तैजसदेवसंकीर्तने कृते सति धूपं कालागुरुप्रभृतिकम् एके केचनाचार्याः इह=समवसरणव्यतिकरे ब्रुवतेऽग्निभाजनप्रक्षेप्यतया प्रतिपादयन्ति अन्ये तु सामान्यतो देवाह्वाने यत आवश्यकटीकाकृतोक्तं-'धूपघटिका विकुर्वन्ति त्रिदशा एव' **। इति गाथार्थः ।।२/१४।।**

ટીકાર્થ :-

ऋतुदेवीनां ..... गाथार्थः ।। 'उउदेवी इत्यादि' પ્રતીક છે. ઋતુદેવીનું=વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર નામના દેવતાનું, આહ્વાન કરાયે છતે ગંધયુક્ત=સદ્ગંધથી સમૃદ્ધ, સમવસરણની ભૂમિ કરવી જોઈએ. કુસુમવૃષ્ટિ=પાંચ વર્ણવાળાં પુષ્પોની વૃષ્ટિ, કરવી જોઈએ.

'इति' શબ્દ સમાપ્તિ અર્થવાળો છે.

તેથી કુસુમવર્ષા કરવાથી ઋતુદેવીનું કર્મ અહીં સમાપ્ત થાય છે એ પ્રમાણે કહેવાયેલું થાય છે. એક=કેટલાક, આચાર્યો અગ્નિકુમારનું આહ્વાન કરાયે છતે ધૂપ=કાલઅગુરુ વગેરે, અહીં=સમવસરણના વ્યતિકરમાં, કહે છે=અગ્નિભાજનમાં પ્રક્ષિપ્તપણાથી પ્રતિપાદન કરે છે. વળી, અન્ય સામાન્યથી દેવતા આહ્વાનમાં ધૂપ કરે છે. જે કારણથી આવશ્યક ટીકાકારશ્રી વડે કહેવાયેલું છે — 'ધૂપઘટિકાદિ દેવતાઓ જ વિકુર્વે છે.' **એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૧૪।।**

ભાવાર્થ :-

ભગવાનની ભક્તિની વૃદ્ધિ અર્થે ભૂમિ શુદ્ધ કર્યા પછી અને ગંધોદકની વૃષ્ટિ કર્યા પછી ઋતુદેવીના આહ્વાનપૂર્વક વિવેકી શ્રાવકો સુગંધી પુષ્પોની વૃષ્ટિ દેવતાઓ કરે છે તેમ સમવસરણની ભૂમિને સુગંધી પુષ્પોથી આચ્છાદન કરે, જેનાથી ભગવાનના સમવસરણની રચના અર્થે હું આ સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરીને શુદ્ધ થયેલી ભૂમિમાં ભગવાનને સ્થાપન કરીશ એ પ્રકારનો નિર્મલ ઉપયોગ વર્તતો હોવાથી તે પુષ્પવૃષ્ટિકાળમાં પણ ભગવાનની ભક્તિનો અધ્યવસાય પ્રવર્ધમાન થાય છે. ત્યારપછી મંત્ર દ્વારા અગ્નિકુમારદેવનું આહ્વાન કરીને શ્રેષ્ઠ એવા સુગંધી ધૂપથી તે ક્ષેત્રને સુવાસિત કરે છે એ પ્રમાણે કેટલાક આચાર્યો કહે છે, જેના દ્વારા પણ ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે. **॥૨/૧૪॥**

અવતરણિકા :-

તથા

અવતરણિકાર્થ :-

અને

ગાથા :-

वेमाणियजोइसभवणवासियाहवणपुव्वगं तत्तो ।
पागारतिगण्णासो मणिकंचणरुप्पवण्णाणं ।।२/१५।।

છાયા :-

वैमानिकज्योतिषभवनवासिताह्वानपूर्वकं ततः ।
प्राकारत्रिकन्यासः मणिकञ्चनरूप्यवर्णानाम् ।।२/१५।।

અન્વયાર્થ :-

तत्तो=त्यारपछी=धूपदान पछी, वेमाणियजोइसभवणवासियाहवणपुव्वगं=वैमानिक, ज्योतिष, भवनवासीना आह्वानपूर्वक, मणिकंचणरुप्पवण्णाणं=मणि, કંચન અને રૂપ્ય વર્ણવાળા, पागारतिगण्णासो=त्रण गढनो न्यास करे. ।।२/१५।।

ગાથાર્થ :-

त्यारपछी=धूपदान पछी, वैमानिक, ज्योतिष, भवनवासीना आह्वानपूर्वक मणि, કંચન અને રૂપ્ય વર્ણવાળા ત્રણ ગઢનો ન્યાસ કરે. ।।२/१५।।

ટીકા :-

व्याख्या–'वेमाणिये'त्यादि । वैमानिकाश्च सौधर्मिकादयः, ज्योतींषि च चन्द्रादयः, भवनवासिनश्चासुरादयः तेषामाह्वानं=संशब्दनं, पूर्वं=प्रथमं यत्र प्राकारत्रयन्यासकरणे तत्तथा तदेव तत्पूर्वकं क्रियाविशेषणमिदम् ततो=धूपदानानन्तरम् प्राकाराणां=शालानां, त्रिकस्य=त्रयस्य न्यासो=न्यसनं प्राकारत्रिकन्यासः कर्तव्यो भवतीति शेषः किंभूतानां प्राकाराणामित्याह–मणिकाञ्चनरूप्याणामिव रत्नस्वर्णकलधौतानामिव वर्णश्छाया येषां ते तथा तेषाम्, भगवतो हि समवसरणे वैमानिकादयो देवा अन्तर्मध्ये बहिश्च क्रमेण मणिमयादीन् त्रीन् प्राकारान् कुर्वन्तीति इह च प्राकार इत्यस्य पदस्य समासान्तर्भूतस्याप्यन्तर्वर्तिषष्ठ्यन्ततामाश्रित्य मणिकाञ्चनरूप्यवर्णानामित्येतत्पदं विशेषणतया सम्बध्यते । अथवा मणिकाञ्चनरूप्यवर्णानां द्रव्याणां सत्कः प्राकारत्रयन्यासः । इति गाथार्थः ।।२/१५।।

ટીકાર્થ :-

વૈમાનિકાશ્ચ ..... ગાથાર્થઃ ।। 'વેમાણિયેત્યાદિ' પ્રતીક છે. વૈમાનિક સૌધર્માદિ, જ્યોતિષ ચંદ્રાદિ અને ભવનવાસી અસુરાદિ=અસુરકુમાર આદિ, તેઓનું આહ્વાન=સંશબ્દનપૂર્વક=પ્રથમ છે જે પ્રાકાર ત્રણ વિન્યાસકાળમાં તે તેવું છે=વૈમાનિક-જ્યોતિષ-ભવનપતિ આહ્વાનપૂર્વક છે, તે જ=તત્પૂર્વક જ, ક્રિયાવિશેષ આ છે=પ્રાકારત્રયના વિન્યાસ ક્રિયાવિશેષણ છે. ત્યારપછી=ધૂપદાન પછી, પ્રાકારત્રયનો ન્યાસ કરવો જોઈએ.

કેવા પ્રકારના પ્રાકારો ? તેથી કહે છે –

મણિ, કાંચન અને રૂપ્યના જેવો=રત્ન, સુવર્ણ અને ચાંદીના જેવો વર્ણ=છાયા, છે જેઓને તે તેવા છે. તેઓનો=મણિ-કાંચન-રૂપ્યવર્ણવાળા પ્રાકારોનો વિન્યાસ કરવો જોઈએ. 'હિ'=જે કારણથી, ભગવાનના સમવસરણમાં વૈમાનિક આદિ દેવો અંદરમાં, મધ્યમાં અને બહારમાં એ ક્રમથી મણિમય આદિ ત્રણ પ્રાકારો કરે છે. અને અહીં પ્રાકારત્રય એ પ્રકારના સમાસ અંતર્ભૂત પણ પદનું અંતર્વર્તી ષષ્ઠી અંતવાળું સ્વીકારીને 'મણિ-કાંચન-રૂપ્ય વર્ણોના' એ પ્રકારનું પદ વિશેષણપણાથી સંબંધિત થાય છે. તેથી પ્રથમ ગઢ મણિના વર્ણનો, બીજો ગઢ સુવર્ણના વર્ણનો અને ત્રીજો ગઢ રૂપ્ય વર્ણનો છે તેમ સંબંધિત થાય છે. અથવા મણિ-કાંચન-રૂપ્ય વર્ણવાળા દ્રવ્યોના સંબંધવાળા પ્રાકારત્રયનો વિન્યાસ કરવો જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૧૫॥

ભાવાર્થ :-

ભૂમિશુદ્ધિ કર્યા પછી દીક્ષાના અર્થી જીવો વૈમાનિક, જ્યોતિષ અને ભવનવાસી દેવોને મંત્રો દ્વારા આહ્વાન કરે અને તે આહ્વાન કર્યા પછી પ્રથમ ગઢ ભવનવાસી દેવોએ અહીં સ્થાપન કર્યો છે, એ પ્રકારની બુદ્ધિ કરીને સ્વયં રૂપ્યના વર્ણવાળો નિચેનો ગઢ સ્થાપન કરે. ત્યારપછી જ્યોતિષ દેવોને મંત્રો દ્વારા આહ્વાન કરે અને તે જ્યોતિષદેવો સુવર્ણનો ગઢ સ્થાપન કરે છે એવી બુદ્ધિ કરીને સ્વયં સુવર્ણના વર્ણવાળો બીજો ગઢ સ્થાપન કરે. ત્યારપછી વૈમાનિકદેવોનું મંત્ર દ્વારા આહ્વાન કરીને તે વૈમાનિકદેવો ત્રીજો મણિનો ગઢ સ્થાપન કરે છે તેવી બુદ્ધિ કરીને સ્વયં મણિના વર્ણવાળો ત્રીજો ગઢ સ્થાપન કરે છે. આ સર્વ ક્રિયા દરમ્યાન ભગવાનની ભક્તિનો અધ્યવસાય પ્રવર્ધમાન વર્તતો હોવાથી દીક્ષાર્થી જીવ શક્તિ અનુસાર આ સર્વ કાર્ય કરે, જેથી ભગવાનની ભક્તિના પ્રકર્ષને કારણે સર્વવિરતિને અનુકૂળ વિશેષ પ્રકારના ભાવો ઉલ્લસિત થાય છે. **॥૨/૧૫॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

वंतरगाहवणाओ तोरणमाईण होइ विण्णासो ।
चितितरुसीहासणछत्तचक्कधयमाइयाणं च ।।२/१६।।

છાયા :-

व्यन्तरकाह्वानात् तोरणादीनां भवति विन्यासः ।
चैत्यतरुसिंहासन-छत्र-चक्र-ध्वजादीनां च ।।२/१६।।

અન્વયાર્થ :-

वंतरगाहवणाओ=व्यंतरना=व्यंतरदेवोना, आह्वानथी, तोरणमाईण=तोरण आदिनो, विण्णासो=विन्यास, होइ=थाय छे, च=अने, चितितरुसीहासणछत्तचक्कधयमाइयाणं=चैत्यतरु, सिंहासन, छत्र, चक्र, ध्वजादिनो (पण विन्यास थाय छे, એम अन्वय छे.) ।।२/१६।।

ગાથાર્થ :-

व्यंतरना=व्यंतरदेवोना, आह्वानथी तोरण आदिनो विन्यास थाय छे अने चैत्यतरु, सिंहासन, छत्र, चक्र, ध्वजादिनो विन्यास थाय छे. ।।२/१६।।

ટીકા :-

व्याख्या—'वंतरगाहे'त्यादि । व्यन्तरा एव व्यन्तरकास्तदाह्वानात्संशब्दनात्, 'तोरणमाईण' त्ति इह मकारः प्राकृतशैलीप्रभवः, तेन तोरणादीनां द्वारावयवविशेषप्रभृतीनाम् आदिशब्दात् पीठदेवच्छन्दक-पुष्करिण्यादिपरिग्रहः भवति=जायते विन्यासो=रचना तथा चैत्यतरुसिंहासनच्छत्रचक्रध्वजादीनां च तत्र चैत्यतरुरशोकवृक्षः अथवा चैत्यानि जिनप्रतिबिम्बानि, तरुरशोकवृक्षः, सिंहासनं=सिंहाकृतियुक्त-विष्टरं, छत्राण्यातपत्रत्रयं, चक्रं=धर्मचक्रं, ध्वजाः=सिंहध्वजचक्रध्वजमहेन्द्रध्वजगोपुरादिध्वजाश्च, आदिशब्दात्पद्मचामरपरिग्रहः, एतानि हि व्यन्तराः समवसरणे विदधति ।

यदाह—

'चेइदुमपीठछंदगआसणछत्तं च चामराओ य ।
जं चऽन्नं करणिज्जं करंति तं वाणमंतरिय त्ति ।।१।।' **[आवश्यकनिर्युक्ति-५५३ तथा बृहत्कल्प-११८०] इति गाथार्थः ।।२/१६।।**

ટીકાર્થ :-

व्यन्तरा ..... गाथार्थः ।। 'वंतरगाहेत्यादि' प्रतीक छे. व्यंतरो ज व्यंतरक छे. तेमना आह्वानथी= संशब्दनथी, तोरण आदिनो विन्यास थाय छे. अहीं तोरणादिमां 'म'कार प्राकृतशैली प्रभव छे, तेथी

તોરણાદિનો=દ્વાર અવયવવિશેષ વગેરેનો, અને 'આદિ' શબ્દથી પીઠ, દેવછંદક, પુષ્કરિણી આદિનું ગ્રહણ છે. તે સર્વનો વિન્યાસ=રચના, કરાય છે અને ચૈત્યવૃક્ષ, સિંહાસન, છત્ર, ચક્ર અને ધ્વજ આદિનો વિન્યાસ કરાય છે. ત્યાં ચૈત્યવૃક્ષ અશોકવૃક્ષ છે અથવા ચૈત્યો જિનપ્રતિબિંબો છે અને તરુ અશોકવૃક્ષ છે. સિંહાસન સિંહની આકૃતિથી યુક્ત વિષ્ટર=આસન છે. છત્રો આતપત્રય છે. ચક્ર ધર્મચક્ર છે. ધ્વજા સિંહધ્વજ, ચક્રધ્વજ, મહેન્દ્રધ્વજ અને ગોપુરાદિ ધ્વજ છે. 'આદિ' શબ્દથી પદ્મ, ચામર વગેરેનું ગ્રહણ છે. વ્યંતરો આ=ચક્રાદિ સર્વ, સમવસરણમાં કરે છે. જેને કહે છે –

"ચૈત્યવૃક્ષ, પીઠ, છંદક=દેવછંદક, આસન, છત્ર અને ચામર અને જે અન્ય કરણીય છે તેને વાણવ્યંતરો=વ્યંતરો, કરે છે." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૫૫૩, બૃહત્કલ્પસૂત્ર ગાથા-૧૧૮૦)**

એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૧૬॥

ભાવાર્થ :-

ત્રણ ગઢોની સ્થાપના કર્યા પછી વ્યંતરદેવોને મંત્રો દ્વારા આહ્વાન કરીને તેઓ સમવસરણમાં તોરણ આદિ બાંધે છે તેવી કલ્પના કરીને સ્વયં દીક્ષા ગ્રહણ કરનાર મહાત્મા ભગવાનની ભક્તિના અર્થે તોરણાદિ બાંધે. ત્યારપછી ચૈત્યવૃક્ષ સમવસરણમાં મૂકે. સિંહાસનની સ્થાપના કરે, ચક્ર-ધ્વજાદિનું સ્થાપન કરે. આ સર્વ કૃત્યકાલમાં લોકોત્તમ પુરુષના સિંહાસનની આ સ્થાપના છે અને દેવો આ રીતે કરે છે તે પ્રકારના સ્મરણપૂર્વક અને ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય તે રીતે તોરણાદિ સર્વનો વિન્યાસ કરે. **॥૨/૧૬॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને

ગાથા :-

भुवणगुरुणो य ठवणा सयलजगपियामहस्स तो सम्मं ।
उक्किट्ठवण्णगोवरि समवसरणबिंबरूवस्स ।।२/१७।।

છાયા :-

भुवनगुरोश्च स्थापना सकलजगपितामहस्य ततः सम्यक् ।
उत्कृष्टवर्णकोपरि समवसरणबिम्बरूपस्य ।।२/१७।।

અન્વયાર્થ :-

તો=ત્યારપછી=ચૈત્યવૃક્ષ આદિની સ્થાપના પછી, उक्किट्ठवण्णगोवरि=ઉત્કૃષ્ટ વર્ણના ઉપરમાં અર્થાત્

ચંદનાદિનો લેપ કરીને તેના ઉપરમાં, ય=વળી, સમવસરણબિંબરૂવસ્સ=સમવસરણના બિંબરૂપ, સયલજગપિયા-મહસ્સ=સકલ જગતના પિતામહ એવા, ભુવણગુરુણો=ભુવનગુરુની, સમ્મં=સમ્યક્, ઠવણા=સ્થાપના કરે. ।।૨/૧૭।।

ગાથાર્થ :-

ત્યારપછી=ચૈત્યવૃક્ષ આદિની સ્થાપના પછી, ઉત્કૃષ્ટ વર્ણના ઉપરમાં અર્થાત્ ચંદનાદિનો લેપ કરીને તેના ઉપરમાં, વળી, સમવસરણના બિંબરૂપ સકલ જગતના પિતામહ એવા ભુવનગુરુની, સમ્યક્ સ્થાપના કરે. ।।૨/૧૭।।

ટીકા :-

व्याख्या–'भुवणे'त्यादि । भुवनगुरोश्च त्रिभुवननायकस्य पुनः स्थापनार्हतः स्थापनान्यासः कर्तव्य इति शेषः किंभूतस्य ? लोके पिता पूज्यः पितामहस्तु पूज्यतरः पितुरपि पूज्यत्वात् ततः सकलजगतः समस्तभुवनजनस्य पितामह इव पितामहः सकलजगत्पितामहः अथवा सकलजगतो धर्मः पिता, पालनाभियुक्तत्वात्, तस्यापि भगवान् पिता, भगवत्प्रभवत्वाद्धर्मस्येति पितुः पिता पितामहः सकलजगतः पितामह इति विग्रहः, अतस्तस्य 'तो' त्ति ततश्चैत्यतरुसिंहासनादिन्यासानन्तरम्, सम्यगवैपरीत्येन क्व स्थापनाकार्येत्याह–उत्कृष्टवर्णकस्य प्रधानचन्दनस्योपरि=उपरिष्टा-दुत्कृष्टवर्णकोपरि, किंभूतस्य भुवनगुरोः ? समवसरणे जिनधर्मदेशनाभूमौ यानि देवतानिर्मितानि तस्यैव बिम्बानि प्रतिकृतयस्तेषामिव रूपं स्वभावो यस्य स समवसरणबिम्बरूपोऽतस्तस्य चतुर्मुखस्य विशिष्टरूपस्यैवेति गाथार्थः ।।२/१७।।

ટીકાર્થ :-

भुवनगुरोश्च ..... गाथार्थः ।। 'भुवणे'त्यादि' પ્રતીક છે. ભુવનગુરુની=ત્રિભુવનનાયકની, વળી સ્થાપના યોગ્ય ભગવાનની સ્થાપના કરવી જોઈએ=ન્યાસ કરવો જોઈએ, એમ અધ્યાહાર છે.

કેવા પ્રકારના ભુવનગુરુની સ્થાપના કરવી જોઈએ ? એથી કહે છે –

લોકમાં પિતા પૂજ્ય છે, પિતામહ પૂજ્યતર છે; કેમ કે પિતાનું પણ પૂજ્યપણું છે. તેથી સકલ જગતના=સમસ્ત ભુવનના પિતામહ જેવા પિતામહ=સકલ જગતના પિતામહ અથવા સકલ જગતનો ધર્મ પિતા છે; કેમ કે પાલનાને અભિમુખપણું છે=જગતને પાલન કરનાર છે, તેના પણ ભગવાન પિતા છે; કેમ કે ધર્મનું ભગવાનથી પ્રભવપણું છે. પિતાના પિતા એ પિતામહ કહેવાય. સકલ જગતના પિતામહ એ પ્રમાણે વિગ્રહ છે=સમાસનો વિગ્રહ છે. આથી તેની સ્થાપના કરવી જોઈએ, એમ અન્વય છે.

ક્યારે કરવી જોઈએ ? તેથી કહે છે –

ત્યારપછી=ચૈત્યતરુ-સિંહાસનાદિ ન્યાસ પછી, જગદ્‌ગુરુની સ્થાપના કરવી જોઈએ.

કઈ રીતે કરવી જોઈએ ? તેથી કહે છે –

સમ્યક્=અવૈપરીત્યથી સ્થાપના કરવી જોઈએ=વિધિપૂર્વક સ્થાપના કરવી જોઈએ.

ક્યાં સ્થાપના કરવી જોઈએ ? એથી કહે છે –

ઉત્કૃષ્ટ વર્ણકના પ્રધાન ચંદન ઉપર=ઉત્કૃષ્ટ એવા વર્ણાદિ ઉપર સ્થાપના કરવી જોઈએ.

કેવા પ્રકારના ભુવનગુરુની સ્થાપના કરવી જોઈએ ? એથી કહે છે –

સમવસરણમાં=જિનધર્મની દેશના ભૂમિમાં, જે દેવનિર્મિત છે તેવા જ બિંબોની પ્રતિકૃતિઓ તેઓની જેમ રૂપ=સ્વભાવ છે જેને તે સમવસરણબિંબરૂપ છે. આથી તેની સ્થાપના કરવી જોઈએ.

કેવી સ્થાપના કરવી જોઈએ ? તેથી કહે છે –

ચતુર્મુખ એવા વિશિષ્ટ રૂપવાળા ભગવાનની સ્થાપના કરવી જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૧૭॥

ભાવાર્થ :-

સમવસરણની રચના કર્યા પછી વ્યંતરદેવના આહ્વાનપૂર્વક તોરણાદિ સર્વ ઉચિત કૃત્યો કર્યા પછી દીક્ષા લેનાર મહાત્મા સમવસરણમાં સિંહાસન ઉપર ઉત્કૃષ્ટ એવા ચંદનાદિનો લેપ કરે અને તેના ઉપર સમવસરણના બિંબરૂપ સકલ જગતના પિતામહ એવા ભુવનગુરુની સમ્યક્ સ્થાપના કરે. આ સર્વ ક્રિયા દરમ્યાન ભુવનગુરુના સ્વરૂપને સ્મરણ કરવા અર્થે પ્રસ્તુત ગાથામાં ગ્રંથકારશ્રી કહે છે – ભગવાન સકલ જગતના પિતામહ છે, ત્રણે ભુવનના ગુરુ છે ઇત્યાદિ સ્વરૂપે તેમનું સ્મરણ કરીને દીક્ષાર્થી વિધિપૂર્વક ભગવાનને સમવસરણમાં સ્થાપન કરે, જેથી ભગવાનના સ્થાપનાકાળમાં ભુવનગુરુરૂપે અને સકલ જગતના પિતામહરૂપે તેમનું સ્મરણ થવાથી તેમના પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે, જેનાથી સંયમની પ્રાપ્તિને અનુકૂળ મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૨/૧૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

एयस्स पुव्वदक्खिणभागेणं मग्गओ गणधरस्स ।
मुणीवसभाणं वेमाणिणीण तह साहुणीणं च ।।२/१८।।

છાયા :-

एतस्य पूर्वदक्षिणभागेन मार्गतः गणधरस्य ।
मुनिवृषभानां वैमानिनीनां तथा साध्वीनां च ।।२/१८।।

અન્વયાર્થ :-

एयस्स=आना=भुवनगुरुना, पुव्वदक्खिणभागेणं=पूर्वदक्षिणभागथी, मग्गओ=पाछळ, गणधरस्स=गणधरनी, मुणीवसभाणं=मुनिवृषभोनी, वेमाणिणीण=वैमानिकदेवीओनी, तह=अने, साहुणीणं=साध्वीओनी, (स्थापना करवी जोईએ એમ અન્વય છે.) 'च' શબ્દ સમુચ્ચય અર્થે છે. ।।२/१८।।

ગાથાર્થ :-

આના=ભુવનગુરુના, પૂર્વદક્ષિણભાગથી પાછળ ગણધરની, મુનિવૃષભોની, વૈમાનિકોની અને સાધ્વીઓની, (સ્થાપના કરવી જોઈએ એમ અન્વય છે.) 'च' શબ્દ સમુચ્ચય અર્થે છે. ।।२/१८।।

ટીકા :-

व्याख्या–'एयस्से'त्यादि । एतस्य=भुवनगुरोः पूर्वदक्षिणाया आग्नेयदिशो भाग एकदेशः पूर्वदक्षिण-दिग्भागस्तेन करणभूतेन हेतुभूतेन वा मार्गतः=पृष्ठतो, गणधरस्य=गणनायकस्य, मुनिवृषभाणां=सातिशयादियतिपुङ्गवानाम् तथा वैमानिनो विमानिकदेवास्तेषामेता वैमानिन्योऽतस्तासां वैमानिनीनां देवीनाम् तथेति समुच्चयार्थः तेन स्थापना कार्येति सम्बध्यते साध्वीनां तपस्विनीनाम् चशब्दः समुच्चयार्थ इति गाथार्थः ।।२/१८।।

ટીકાર્થ :-

एतस्य ..... गाथार्थः ।। 'एयस्सेत्यादि' प्रतीक छे. आमनी=भुवनगुरुनी, पूर्वदक्षिणनो=अग्निदिशानो, भाग=એક દેશ, પૂર્વદક્ષિણદિગ્ભાગ, તે કરણભૂત એવા ભાગથી અથવા હેતુભૂત એવા ભાગથી પાછળમાં=ભગવાનની પાછળમાં, ગણધરની=ગણના નાયકની, મુનિવૃષભોની=અતિશયાદિવાળા સુસાધુઓની, અને વૈમાનિકો=વૈમાનિક દેવો, તેઓની આ=વૈમાનિકદેવોની આ એ વૈમાનિની, આથી તે વૈમાનિક દેવીઓની અર્થાત્ મુનિવૃષભોની અને વૈમાનિકદેવીઓની અને સાધ્વીઓની=તપસ્વી એવી સાધ્વીઓની સ્થાપના કરવી જોઈએ. 'च' શબ્દ સમુચ્ચય અર્થે છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।२/१८।।

ભાવાર્થ :-

ભગવાનને પૂર્વાભિમુખ સ્થાપન કર્યા પછી પૂર્વ અને દક્ષિણ દિગ્ભાગરૂપ અગ્નિખૂણામાં ત્રણ પર્ષદાની સ્થાપના કરવાની હોય છે. તેમાં સૌ પ્રથમ ગણધર અને મુનિવૃષભો બેસે છે, તેમની પાછળ વૈમાનિકદેવીઓ અને તેમની પાછળ સાધ્વીઓની પર્ષદા હોય છે. અહીં વિશેષ એ છે કે સૌ પ્રથમ ગણધરો બેસે છે તેમની પછી કેવલીઓ બેસે છે, ત્યારપછી મનઃપર્યવજ્ઞાનીઓ બેસે છે, ત્યારપછી અતિશયવાળા મુનિઓ બેસે છે.

ત્યારપછી અન્ય મુનિઓ બેસે છે. આ પહેલી સાધુપર્ષદા છે. તેની પાછળમાં વૈમાનિકદેવીઓ ઊભી રહે છે તે બીજી વૈમાનિકદેવીપર્ષદા છે. અને તેની પાછળ સાધ્વીઓ ઊભી રહે છે જે ત્રીજી સાધ્વીપર્ષદા છે. આ પ્રકારે ભગવાનના સમવસરણની જે પર્ષદા છે તે પર્ષદાનું બુદ્ધિથી સ્થાપન દીક્ષાર્થી જીવ કરે છે. **॥૨/૧૮॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

इय अवरदक्खिणेणं देवीणं ठावणा मुणेयव्वा ।
भुवणवइवाणमंतरजोइससंबंधणीण त्ति ।।२/१९।।

છાયા :-

इति अपरदक्षिणेन देवीनां स्थापना ज्ञातव्या ।
भुवनपतिवानमन्तरज्योतिषसम्बन्धितनीनामिति ।।२/१९।।

અન્વયાર્થ :-

इय=એ રીતે જ, अवरदक्खिणेणं=અપરદક્ષિણ વડે=પશ્ચિમદક્ષિણ દિશાના ખૂણાથી, देवीणं=દેવીઓની, ठावणा=સ્થાપના, मुणेयव्वा=જાણવી.

કેવી દેવીઓની સ્થાપના જાણવી ? તેથી કહે છે –

भुवणवइवाणमंतरजोइससंबंधणीण=ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ સંબંધી દેવીઓની સ્થાપના જાણવી. 'त्ति' શબ્દ દ્વિતીય પર્ષદાની સમાપ્તિના અર્થસૂચક છે. ॥૨/૧૯॥

ગાથાર્થ :-

એ રીતે જ અપરદક્ષિણ વડે=પશ્ચિમદક્ષિણ દિશાના ખૂણાથી, દેવીઓની સ્થાપના જાણવી.

કેવી દેવીઓની સ્થાપના જાણવી ? તેથી કહે છે –

ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ સંબંધી દેવીઓની સ્થાપના જાણવી. 'त्ति' શબ્દ દ્વિતીય પર્ષદાની સમાપ્તિના અર્થસૂચક છે. ॥૨/૧૯॥

ટીકા :-

વ્યાખ્યા–'इये'त्यादि । इति एवमेव यथा मुनिवृषभादित्रयस्यासंकीर्णतया स्थापना कृता एवं

भवनपत्यादिदेवीत्रयस्यापि सा कार्येत्यर्थः अपरदक्षिणेनापरदक्षिणस्यां दिशि सप्तम्यर्थो ह्ययमेनप्रत्ययः देवीनां सुरवधूनाम् स्थापना न्यासः 'मुणेयव्व' त्ति ज्ञातव्या कर्तव्यतयेति शेषः भवनपतयो देवालय-विशेषनाथा असुरादयः, 'वाणमंतर' त्ति वनानामुद्यानानामन्तराणि कुहराणि विशेषा वा वनान्तराणि तेषु भवा मकारवर्णागमात् वानमन्तरा व्यन्तराः, ज्योतिषि ज्योतिश्चक्रे भवा ज्योतिषा ज्योतींषि वा ज्योतिष्कदेवाः, एतेषां द्वन्द्वोऽतस्तेषां सम्बन्धिन्यः सत्का यास्तास्तथा तासाम् इतिशब्दो द्वितीयपर्षदः समाप्तिप्रदर्शनार्थः । इति गाथार्थः ।।२/१९।।

ટીકાર્થ :-

इति ..... गाथार्थः ।। 'इयेत्यादि' प्रतीक छे. એ રીતે જ=જે રીતે મુનિવૃષભાદિ ત્રયની અસંકીર્ણપણાથી સ્થાપના કરાઈ એ રીતે જ, ભવનપતિ આદિ દેવીત્રયની તે=અસંકીર્ણપણાથી સ્થાપના, કરવી જોઈએ. અપરદક્ષિણથી=પશ્ચિમદક્ષિણ દિશામાં. સપ્તમી અર્થવાળો આ 'એન' પ્રત્યય છે. તેથી અપરદક્ષિણદિશામાં દેવીઓની=દેવોની સ્ત્રીઓની, સ્થાપના જાણવી=કર્તવ્યપણાથી જાણવી. ભવનપતિ દેવાલયવિશેષના સ્વામી અસુરાદિ=અસુરકુમાર આદિ છે. વનોના=ઉદ્યાનોના, અંતરોમાં=કુહરવિશેષો વનાંતરો છે તેઓમાં થનારા મકારવર્ણનું આગમન થવાથી વાનમંતર વ્યંતરો છે. જ્યોતિષચક્રમાં થનારી જ્યોતિષદેવી છે. તેઓનો દ્વંદ્વ સમાસ છે. આથી તેઓના સંબંધવાળી જે દેવીઓ છે તે તેવી છે. તેઓની સ્થાપના કરવી જોઈએ, એમ અન્વય છે. 'इति' શબ્દ દ્વિતીય પર્ષદાની સમાપ્તિના અર્થવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૧૯।।

ભાવાર્થ :-

ગાથા-૧૮માં અગ્નિખૂણાની ત્રણ પર્ષદાઓ બતાવી. હવે નૈર્ઋત્યખૂણાની ત્રણ પર્ષદાઓ બતાવે છે, જેમાં ભવનપતિની, જ્યોતિષ્કની અને વાણવ્યંતરની દેવીઓ ક્રમસર ઊભી રહે છે, તેથી નૈર્ઋત્ય ખૂણામાં માત્ર આ ત્રણ દેવીઓની ત્રણ પર્ષદા હોય છે. **॥૨/૧૯॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

भवणवइवाणमंतरजोइसियाणं व एत्थ देवाणं ।
अवरुत्तरेणं णवरं निद्दिट्ठा समयकेऊहिं ।।२/२०।।

છાયા :-

भवनपतिवानमन्तरज्योतिष्काणां वाऽत्र देवानाम् ।
अपरोत्तरेण केवलं निर्दिष्टा समयकेतुभिः ।।२/२०।।

અન્વયાર્થ :-

વ=અને, भवणवइवाणमंतरजोइसियाणं देवाणं=ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષદેવોની, एत्थ=અહીં= સમવસરણમાં, अवरुत्तरेणं=અપરઉત્તરદિશાથી=વાયવ્યખૂણામાં, णवरं=કેવલ સ્થાપના, समयकेऊहिं= સમયના જાણનારાઓ વડે, निद्दिट्ठा=નિર્દિષ્ટ કરાઈ. ।।૨/૨૦।।

ગાથાર્થ :-

અને ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષદેવોની અહીં=સમવસરણમાં, અપરઉત્તરદિશાથી= વાયવ્યખૂણામાં, કેવલ સ્થાપના સમયના જાણનારાઓ વડે નિર્દિષ્ટ કરાઈ. ।।૨/૨૦।।

ટીકા :-

व्याख्या—'भवणे'त्यादि । भवनपतिवानमन्तरा उक्तनिर्वचनाः 'जोइसिय' त्ति ज्योतिषि ज्योतिश्चक्रे जाता ज्योतिषिजाः, ज्योतिषि वा भवा ज्योतिषास्त एव ज्योतिषिकाः, एषां द्वन्द्वोऽतस्तेषां भवनपतिवानमन्तरज्योतिषिकाणाम् 'वा' वाशब्दः समुच्चये तद्भावना चैवं—भवनपत्यादिदेवीनां स्थापना मन्तव्या भवनपतिवानमन्तरज्योतिषिजानां च अत्र समवसराणे देवानां सुराणाम् किंविशिष्टेयमुभयेषामपीत्यत आह—अपरोत्तरेणापरोत्तरस्यां दिशि नवरं केवलम् निर्दिष्टाऽभिहिता समयकेतुभिः=प्रवचनचिह्नभूतैः । इति गाथार्थः ।।२/२०।।

ટીકાર્થ :-

भवनपतिवामनन्तरा ..... गाथार्थः ।। 'भवणेत्यादि' પ્રતીક છે. ભવનપતિ, વાનમંતર પૂર્વમાં કહેલા સ્વરૂપવાળા છે. જ્યોતિષિ=જ્યોતિષચક્રમાં થનારા જ્યોતિષિજા છે અને જ્યોતિષમાં થનારા જ્યોતિષિકો. આમની=ભવનપતિ, વાનમંતર અને જ્યોતિષ એ ત્રણના દ્વંદ્વસમાસ છે. આથી તેઓની=ભવનપતિ, વાનમંતર અને જ્યોતિષ્કદેવોની સ્થાપના અપર-ઉત્તરદિશામાં છે એમ અન્વય છે. ગાથામાં 'વા' શબ્દ સમુચ્ચય માટે છે. અને તેની ભાવના=સમુચ્ચયની ભાવના આ પ્રમાણે છે — ભવનપતિ આદિ દેવીઓની સ્થાપના જાણવી=ગાથા-૧૯માં બતાવી એ રીતે ભવનપતિ આદિ દેવીઓની સ્થાપના જાણવી. અને ભવનપતિ, વાનમંતર, જ્યોતિષ્ક દેવોની અહીં=સમવસરણમાં કેવી વિશિષ્ટ આ સ્થાપના છે ? આથી કહે છે — અપર-ઉત્તરની=પશ્ચિમ-ઉત્તર દિશામાં, કેવલ સમયકેતુ વડે=પ્રવચનચિહ્નભૂત એવા સમયકેતુ વડે, નિર્દિષ્ટ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૨૦।।

❖ અહીં ટીકામાં 'किंविशिष्टेयम्? उभयेषाम्' છે તેના સ્થાને 'किंविशिष्टेयम् ? इत्यतः आह' એ પ્રમાણે પાઠ હોવાની સંભાવના છે.

ભાવાર્થ :-

વળી વાયવ્યખૂણામાં પ્રથમ ભવનપતિદેવો, પછી જ્યોતિષ્કદેવો અને ત્યારપછી વાનમંતરદેવોની પર્ષદા હોય છે. **॥૨/૨૦॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

वेमाणियदेवाणं णराण णारीगणाण य पसत्था ।
पुव्वुत्तरेण ठवणा सव्वेसिं णियगवण्णेहिं ।।२/२१।।

છાયા :-

वैमानिकदेवानां नराणां नारीगणानां च प्रशस्ताः ।
पूर्वोत्तरेण स्थापना सर्वेषां निजकवर्णैः ।।२/२१।।

અન્વયાર્થ :-

વેમાણિયદેવાણં=વૈમાનિકદેવોની, ણરાણ=મનુષ્યોની, ય=અને, ણારીગણાણ=નારીગણોની, પુવ્વુત્તરેણ=પૂર્વ-ઉત્તરદિશામાં, પસત્થા=પ્રશસ્ત, ઠવણા=સ્થાપના કરવી જોઈએ, સવ્વેસિં=સર્વની=બારેય પર્ષદાઓની, णियगवण्णेहिं=પોતપોતાના વર્ણથી (સ્થાપના કરવી જોઈએ, એમ અન્વય છે.) ॥૨/૨૧॥

ગાથાર્થ :-

વૈમાનિકદેવોની, મનુષ્યોની અને નારીગણોની પૂર્વ-ઉત્તરદિશામાં પ્રશસ્ત સ્થાપના કરવી જોઈએ અને સર્વની=બારેય પર્ષદાઓની, પોતપોતાના વર્ણથી સ્થાપના કરવી જોઈએ. ॥૨/૨૧॥

ટીકા :-

व्याख्या–'वेमाणिये'त्यादि । विमानेषु भवा वैमानिकास्ते च ते देवाश्च सुरा इति समासोऽतस्तेषाम् तथा नराणां=नृणाम् नारीगणानां=मनुष्यस्त्रीसमूहानाम् इह च गणशब्दोपादानं पुरुषापेक्षया स्त्रीजनस्य बहुत्वख्यापनार्थम् च शब्दः समुच्चये प्रशस्ता मङ्गल्या पूर्वोत्तरेण पूर्वोत्तरस्यां दिशि स्थापना न्यासः कार्येति शेषः, स्थापनाया एव विशेषार्थमाह–सर्वेषां समस्तानां मनुष्येषु वर्णविशेषाभावाद् भवनपत्यादिदेवानां निजवर्णैः स्वकीयस्वकीयशरीरच्छायाभिः । तत्र भवनपतिव्यन्तराः पञ्चवर्णाः,

ज्योतिष्का रक्तवर्णाः, वैमानिकाः पुना रक्तपीतसितवर्णाः, विशेषः पुनः काला असुरकुमारा इत्यादेरागमादवसेयम् । इति गाथार्थः ।।२/२१।।

टीकार्थ :-

विमानेषु ..... गाथार्थः ।। 'वेमाणियेत्यादि' प्रतीक छे. विमानमां थनारा वैमानिको छे अने ते एवा ते देवो=सुरो, ए प्रकारनो समास छे. आथी तेओनी स्थापना करवी जोईए, एम अन्वय छे. अने मनुष्योनी अने नारीगणनी=मनुष्यगणनी स्त्रीओनी, स्थापना करवी जोईए. अहीं=नारीगणमां गण शब्दनुं ग्रहण पुरुषोनी अपेक्षाए स्त्रीजनोना बहुत्वना ख्यापन अर्थे छे. 'च' शब्द समुच्चय अर्थमां छे. अने ते स्थापना प्रशस्त=मंगळ, छे. पूर्वोत्तरथी=पूर्व-उत्तर दिशामां स्थापना करवी जोईए. स्थापनाना ज विशेष अर्थने कहे छे=बार पर्षदानी स्थापना अत्यार सुधी बतावी हवे ते स्थापनाना ज विशेष अर्थने कहे छे. सर्व=समस्त मनुष्योना वर्णविशेषनो अभाव होवाथी भवनपति आदि देवोनी निज वर्णक साथे=स्वकीय-स्वकीय शरीरनी उपछाया साथे स्थापना करवी जोईए अर्थात् मनुष्योने छोडीने देवोने आश्रयीने पोतपोताना वर्णोने अनुरूप स्थापना करवी जोईए. त्यां=भवनपति आदि देवोनी स्थापनामां, भवनपति-व्यंतर पांच वर्णवाळा छे, ज्योतिषदेवो रक्तवर्णवाळा छे, वैमानिकदेवो वळी रक्त, पित अने श्वेत वर्णवाळा छे. विशेष वळी असुरकुमारो काळा छे ईत्यादि आगमथी जाणवुं, ए प्रमाणे गाथार्थ छे. ।।२/२१।।

भावार्थ :-

वळी, ईशान खूणामां वैमानिक देवोनी, मनुष्योनी अने नारीना समुदायनी प्रशस्त त्रण स्थापना करवी जोईए. आ रीते बार पर्षदा प्रथम गढमां पूर्ण थाय छे अने मनुष्योना वर्णनो विशेष नथी तेथी मनुष्यने छोडीने देवोना जे जे वर्णो छे तेनो शास्त्रथी बोध करीने बारे पर्षदामां जे जे स्थाने देवो के देवीओनी स्थापना छे ते ते स्थानमां तेमना देहना वर्णने सामे राखीने ते प्रकारे ते देवोनी स्थापना करवी जोईए, जेथी साक्षात् प्रथम गढमां रहेली बार पर्षदानुं स्वरूप जोवामात्रथी स्मृतिपटमां उपस्थित थाय छे. **॥२/२१॥**

अवतरणिका :-

तथा —

अवतरणिकार्थ :-

अने —

गाथा :-

अहिणउलमयमयाहिवपमुहाणं तह य तिरियसत्ताणं ।
बितियंतरम्मि एसा तइए पुण देवजाणाणं ।।२/२२।।

છાયા :-

अहिनकुलमृगमृगाधिपप्रमुखाणां तथा च तिर्यक्सत्त्वानाम् ।
द्वितीयान्तरे एषा तृतीये पुनः देवयानानाम् ।।२/२२।।

અન્વયાર્થ :-

य=અને, अहिणउलमयमयाहिवपमुहाणं तिरियसत्ताणं=साप-नोળિया-हरण-સિંह વગેરે તિર્યંચ સત્ત્વોની, तह=તે પ્રકારે=દેવોની જેમ જ, बितियंतरम्मि=બીજા અંતરમાં=બીજા ગઢમાં, एसा=આ=સ્થાપના કરવી જોઈએ, पुण=વળી, तइए=ત્રીજામાં=ત્રીજા ગઢમાં, देवजाणाणं=દેવયાનોની=દેવયાનોની સ્થાપના કરવી જોઈએ. ।।२/२२।।

ગાથાર્થ :-

અને સાપ-નોળિયા-હરણ-સિંહ વગેરે તિર્યંચ સત્ત્વોની તે પ્રકારે=દેવોની જેમ જ, બીજા અંતરમાં=બીજા ગઢમાં, આ=સ્થાપના, કરવી જોઈએ. વળી, ત્રીજામાં=ત્રીજા ગઢમાં, દેવયાનોની= દેવયાનોની સ્થાપના કરવી જોઈએ. ।।२/२२।।

ટીકા :-

व्याख्या—'अहिणे'त्यादि । अहिनकुलमृगमृगाधिपप्रमुखाणां भुजगबभ्रुहरिणसिंहप्रभृतिकानाम् प्रमुखग्रहणादश्वमहिषादिपरिग्रहः 'तह य' त्ति समुच्चये, अथवा तथैव तेनैव प्रकारेण देवानामिव निजवर्णविशिष्टतालक्षणेन, परस्परविरोधलक्षणेन वा तिर्यक्सत्त्वानां तिर्यग्योनिजन्तूनाम् द्वितीयान्तरे द्वितीयप्राकारमध्ये एषा स्थापना कार्येति शेषः तृतीये तृतीयप्राकारान्तरे पुनःशब्दो विलक्षणताख्यापनार्थः, देवयानानां=देववाहनानां करिमकरकेसरिकलापिकलहंसाद्याकारधारिणाम् । इति गाथार्थः ।।२/२२।।

ટીકાર્થ :-

अहि ..... गाथार्थः ।। 'अहिणेत्यादि' પ્રતીક છે. સાપ, નોળિયા, મૃગ, સિંહ વગેરેની સ્થાપના કરવી જોઈએ, એમ અન્વય છે. પ્રમુખ ગ્રહણથી અશ્વ, પાડા વગેરેનું ગ્રહણ છે. તથા 'च' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. અથવા તે પ્રકારે જ=જે પ્રકારે દેવોની નિજ વર્ણાદિ વિશિષ્ટતા લક્ષણથી સ્થાપના કરી તે પ્રકારે તિર્યંચના વર્ણવિશેષથી તે પ્રકારે સ્થાપના કરવી જોઈએ. અથવા પરસ્પર વિરોધ લક્ષણથી સ્થાપના કરવી જોઈએ અર્થાત્ સાપ પાસે નોળિયો અને મૃગ પાસે સિંહ દેખાય તે પ્રકારે સ્થાપના કરવી જોઈએ. તિર્યંચ જીવોની બીજા પ્રાકારમાં આ સ્થાપના કરવી જોઈએ. અને ત્રીજા પ્રાકારમાં દેવયાનોની=દેવનાં વાહનોની=કરિ-મકર-કેસરિ-કલાપિ-કલહંસ આદિ આકાર ધારણ કરતાં એવાં વાહનોની=હાથી, મગર, સિંહ, મોર, રાજહંસ આદિ આકારમય દેવવિમાનોની, સ્થાપના કરવી જોઈએ. ગાથામાં પુનઃ શબ્દ ત્રીજા ગઢમાં વિલક્ષણતા બતાવવાના અર્થવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।२/२२।।

ભાવાર્થ :-

ગાથા-૧૨થી અત્યાર સુધી સ્થાપન કર્યું એ પ્રમાણે તે તે દેવોને આલ્વાન કરીને ભૂમિશુદ્ધિ આદિ દીક્ષાર્થી જીવ સ્વયં કરે અથવા યોગ્ય વ્યક્તિઓ પાસે કરાવે ત્યારે પણ પોતે ભગવાનની ભક્તિ અર્થે આ સર્વ હું કરું છું એ પ્રમાણે સ્મૃતિમાં લાવે અને સાક્ષાત્ સમવસરણ જે પ્રકારે ભગવાનના વખતે હતું તેવું જ કાંઈક પોતે બનાવ્યું છે તેવી બુદ્ધિ સ્થિર કર્યા પછી આ બાર પર્ષદાથી શોભાયમાન સાક્ષાત્ સમવસરણમાં રહેલા ભગવાનના સાંનિધ્યમાં હું સંયમ ગ્રહણ કરું છું તેવો અધ્યવસાય પ્રગટ કરવા અર્થે અને દીક્ષાગ્રહણકાલમાં બોલાતી વિધિનાં સૂત્રો દ્વારા અપેક્ષિત ભાવોને પ્રગટ કરવા અર્થે દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે તે પ્રકારે નિપુણતાપૂર્વક તેનો બોધ કરીને જો યત્ન કરે તો સમવસરણની રચના કરીને ભગવાનની ભક્તિનો અધ્યવસાય અને દીક્ષા ગ્રહણ કરતી વખતે સાક્ષાત્ જગદ્‌ગુરુના સાંનિધ્યમાં હું આ સમ્યક્ત્વ વ્રત કરું છું અને બાર પર્ષદાની સાક્ષીએ હું વ્રત ઉચ્ચરાવું છું એ પ્રકારનો વિશુદ્ધ અધ્યવસાય થાય છે. એના બળથી દેવતા આદિની સાક્ષીમાં પોતે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો છે તેથી સમ્યક્ત્વના શુદ્ધ આચારોના પાલનને અનુકૂળ સુવિશુદ્ધ પ્રતિજ્ઞા પાલન કરવાને અનુરૂપ દૃઢ અધ્યવસાય પ્રગટ થાય છે, જેના બળથી પ્રગટ થયેલો સમ્યક્ત્વનો પરિણામ ઉત્તરોત્તર સંયમ માટેના દૃઢ વ્યાપારમાં યત્ન કરાવીને ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરાવે છે અને જેઓ માત્ર આ સમવસરણ શોભાયમાન થાય તે રીતે સર્વ બાહ્ય રચના કર્યા પછી પણ દીક્ષાગ્રહણકાલમાં તે પ્રકારના પ્રતિસંધાનપૂર્વક પોતાના પરિણામોમાં યત્ન કરતા નથી અને સમવસરણની રચનાકાલમાં પણ હું ભગવાનની ભક્તિ કરીને મારું શ્રાવકજીવન સફળ કરું તે પ્રકારે સમવસરણની રચનામાં સ્વયં પ્રવૃત્ત થતા નથી તેઓની તે સમવસરણની રચનાજન્ય કોઈ પરિણામની શુદ્ધિ નહીં હોવાથી સમ્યક્ત્વના પરિણામમાં કોઈ અતિશયતાની પ્રાપ્તિ થતી નથી. **॥૨/૨૨॥**

અવતરણિકા :-

अथ समवसरणविधिं निगमयन् शेषदीक्षाविधिं दर्शयन्नाह —

અવતરણિકાર્થ :-

હવે સમવસરણવિધિનું નિગમન કરતાં શેષ દીક્ષાવિધિને બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

रइयम्मि समोसरणे एवं भत्तिविहवाणुसारेण ।
सुइभूओ उ पदोसे अहिगयजीवो इह एइ ।।२/२३।।

છાયા :-

रचिते समवसरण एवं भक्तिविभवानुसारेण ।
शुचिभूतस्तु प्रदोषे अधिगतजीव इह एति ।।२/२३।।

અન્વયાર્થ :-

એવં=આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ભત્તિવિહવાણુસારેણ=ભક્તિ અને વૈભવના અનુસારથી, સમોસરણે=સમવસરણ, રइયમ્મિ=રચિત કરાયે છતે, सुइभूओ उ=શુચિભૂત જ એવો, અહિગયજીવો=અધિગત જીવ=દીક્ષામાં તત્પર થયેલો જીવ, પદોસે=પ્રદોષમાં=દિવસના અવસાન સમયે, इह=અહીં=અધિકૃત સમવસરણમાં, एइ=આવે છે. ॥૨/૨૩॥

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ભક્તિ અને વૈભવના અનુસારથી સમવસરણ રચિત કરાયે છતે શુચિભૂત જ એવો અધિગત જીવ=દીક્ષામાં તત્પર થયેલો જીવ, પ્રદોષમાં=દિવસના અવસાન સમયે, અહીં=અધિકૃત સમવસરણમાં, આવે છે. ॥૨/૨૩॥

ટીકા :-

व्याख्या–'रइये'त्यादि । रचिते स्थापिते समवसरणे समयसिद्धे एवमुक्तनीत्या भक्तिविभवानुसारेण=बहुमानऋद्ध्यानुरूप्येण शुचिभूतस्तु शौचप्राप्त एव द्रव्यतो भावतश्च तत्र द्रव्यतः स्नातः श्रीचन्दनानुलिप्तगात्रः सितवसननिवसनः शुचिविद्याक्लृप्तगात्रश्च, भावतस्तु विशुध्यमानमानसः प्रदोषे दिवसावसाने, उपलक्षणत्वादस्य प्रशस्ततिथिकरणवारनक्षत्रयोगचन्द्रबललग्नादौ, अधिकृतजीवः=प्रस्तुतसत्त्वो दीक्षणीय इत्यर्थः, इहाधिकृतसमवसरणदेशे एति=आगच्छतीति गाथार्थः ।।२/२३।।

ટીકાર્થ :-

रचिते ..... गाथार्थः ।। 'रइयेत्यादि' પ્રતીક છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ભક્તિ અને વૈભવના અનુસારથી=ભગવાન પ્રત્યેની ભક્તિ અને પોતાની ઋદ્ધિના અનુસારથી, સમવસરણ રચિત કરાયે છતે=શાસ્ત્રમાં સિદ્ધ એવું બાર પર્ષદાવાળું સમવસરણ સ્થાપિત કરાયે છતે, શૌચપ્રાપ્ત જ=દ્રવ્યથી અને ભાવથી શૌચપ્રાપ્ત જ એવો પ્રસ્તુત દીક્ષા ગ્રહણ કરવા યોગ્ય જીવ અહીં=અધિકૃત સમવસરણદેશમાં આવે છે. ત્યાં દ્રવ્યથી સ્નાત કરેલો, શ્રીચંદન આદિથી અનુલિપ્ત ગાત્રવાળો, શ્વેત વસ્ત્રને ધારણ કરેલો, પવિત્ર એવી વિધિઓથી સુરક્ષિત થયેલા શરીરવાળો અને ભાવથી વિશુદ્ધ્યમાન અધ્યવસાયવાળો અર્થાત્ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યને અભિમુખ જવાના માનસવાળો, પ્રદોષમાં=દિવસના અવસાનમાં, સમવસરણમાં આવે છે. આનું=પ્રદોષનું, ઉપલક્ષણપણું હોવાથી પ્રશસ્ત તિથિ, પ્રશસ્ત કરણ, પ્રશસ્ત વાર, પ્રશસ્ત નક્ષત્ર, પ્રશસ્ત યોગ, ચંદ્ર-બલ-લગ્નાદિમાં સમવસરણમાં આવે છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૨૩॥

ભાવાર્થ :-

સમ્યક્ત્વ ગ્રહણ કરવા માટે તત્પર થયેલ મહાત્મા ભગવાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તે રીતે પોતાના

વૈભવને અનુસારે સમવસરણની રચના કરે છે. તેથી એ ફલિત થાય કે આ સમવસરણની રચના વિષયક સાધુ સાક્ષાત્ કોઈ પ્રવૃત્તિ કરે નહીં. ફક્ત શાસ્ત્રમર્યાદા અનુસાર વિધિ કઈ-કઈ છે ? તેનો જ તેઓ ઉચિત નિર્દેશ કરે. શેષ દ્રવ્યસ્તવ સ્વરૂપ સમવસરણની રચના શ્રાવક પોતાની મર્યાદાનુસાર સ્વયં કરે. શ્રાવક દીક્ષાર્થી દ્રવ્યથી શરીરની શુદ્ધિ કર્યા પછી ઉત્તમ પદાર્થોથી દેહને સુવાસિત કરે, જેથી ભગવાન પ્રત્યેની ભક્તિનો ભાવ પ્રકર્ષવાળો થાય. વળી, શ્વેત વસ્ત્ર ધારણ કરે; કેમ કે શ્વેત વસ્ત્ર અત્યંત મંગલરૂપ છે. વળી, પોતાના દેહની સુરક્ષા અર્થે શુચિમંત્રોથી દેહને ભાવિત કરે, જેથી સમ્યક્ત્વ ગ્રહણમાં કોઈ વિઘ્નો ઉત્પન્ન ન થાય. અને મારે સંસારનો અત્યંત ક્ષય કરવો છે, માટે શક્તિના પ્રકર્ષથી કષાયોના મુંડનમાં હું યત્ન કરીને અત્યંત અસંગભાવની શક્તિનો સંચય કરીશ એ પ્રકારના પરમાર્થને અત્યંત ભાવન કરીને વિશુદ્ધ્યમાન અધ્યવસાયવાળો સંધ્યાના સમયે રચના કરાયેલા સમવસરણમાં આવે છે. **॥२/२३॥**

अवतरणिका :-

ततश्च —

अवतरणिकार्थ :-

અને ત્યારપછી અર્થાત્ સમવસરણમાં સંધ્યાસમયે આવે છે ત્યારપછી શું કરે છે ? તે બતાવે છે —

गाथा :-

भुवणगुरुगुणक्खाणा तम्मी संजायतिव्वसद्धस्स ।
विहिसासणमोहेणं तओ पवेसो तहिं एवं ।।२/२४।।

छाया :-

भुवनगुरुगुणाख्यानात् तस्मिन् सञ्जाततीव्रश्रद्धस्य ।
विधिशासनमोघेन ततः प्रवेशः तस्मिन्नेवम् ।।२/२४।।

अन्वयार्थ :-

भुवणगुरुगुणक्खाणा=भुवनगुरुना गुणना व्याख्यानथी, तम्मी=तेमां=भुवनगुरुना गुणोमां, संजायतिव्वसद्धस्स=थयेली तीव्र श्रद्धावाळाने, ओहेणं=ओघथी, विहिसासणं=विधिनुं कथन, तओ=त्यारपछी, तहिं=तेमां=समवसरणमां, एवं पवेसो=आ रीते प्रवेश करे=आगळमां बतावाशे ए रीते प्रवेश करे. ॥२/२४॥

गाथार्थ :-

भुवनगुरुना गुणना व्याख्यानथी तेमां=भुवनगुरुना गुणोमां, थयेली तीव्र श्रद्धावाळाने ओघथी विधिनुं कथन, त्यारपछी तेमां=समवसरणमां, आ रीते प्रवेश करे=आगळमां बतावाशे ए रीते प्रवेश करे. ॥२/२४॥

ટીકા :-

व्याख्या—'भुवणे'त्यादि । भुवनगुरोस्त्रिभुवनबान्धवस्य जिनस्य ये गुणा रागादिवैरिवारविदारकत्वसमस्तवस्तुस्तोमविषयविज्ञायकत्वनिखिलनाकिनिकायनायकाभिनम्यत्वसद्भूतपदार्थप्रकाशकारिवाग्वादित्वशिवसुखनायकत्वतद्दानसामर्थ्यादयस्तेषां यदाख्यानमभिधानं तत्तथा तस्माद् भुवनगुरुगुणाख्यानाद्धेतोः, तस्मिन् भुवनगुरौ संजाततीव्रश्रद्धस्य समुत्पन्नोत्कटगुरुरुचेर्देवतात्वेन प्रतिपत्तिं प्रतीति गम्यते । अधिकृतजीवस्येति प्रकृतम् । विधिसाधनमनुष्ठानप्रकाशनम् । यदुत जिनदीक्षायां प्रतिपन्नायां न तव कल्पते अन्यतीर्थिकदेवानामन्यतीर्थिकानां च वन्दनादि, कल्पते च जिनानां जैनमुनीनां जैनागमस्य च वन्दनादि कर्तुमित्यादि अथवा तवाञ्जलौ पुष्पाणि दास्यन्ते, अक्षिस्थगनं च वस्त्रेण करिष्यते, तानि च पुष्पाणि त्वयाऽक्षुभितेन समवसरणमध्यस्थापितजिनाभिमुखानि क्षेप्तव्यानि, आत्मा च ससुतधनादिर्गुरवे निवेदनीय इति विधिः ओघेन सामान्येन । विशेषतस्तु दीक्षादानावसरात्पूर्वमेव तद्विषयविधेराख्यातत्वात् ततो विधिसाधनानन्तरं प्रवेशः प्रवेशनं तस्मिन् समवसरणे एवं वक्ष्यमाणन्यायेनेति गाथार्थः ।।२/२४।।

ટીકાર્થ :-

भुवनगुरोः ..... गाथार्थः ।। 'भुवणेत्यादि' प्रतीक छे. भुवनगुरुना=त्रिभुवनबांधव એવા જિનના, જે ગુણો=રાગાદિ વૈરીના સમૂહના વિદારકત્વ, સમસ્ત વસ્તુસ્તોમના વિજ્ઞાયકત્વ, સમસ્ત દેવોના નિલયના નાયકથી અભિનમ્યત્વ, સદ્ભૂત પદાર્થના પ્રકાશકારી વાગ્વાદીત્વ, શિવસુખના નાયકત્વ, તદ્દાન-સામર્થ્યાદિ જે ગુણો, તેઓનું જે આખ્યાન=અભિધાન, તે તેવું છે=ભુવનગુરુગુણનું આખ્યાન છે, તેનાથી=ભુવનગુરુના ગુણના આખ્યાનરૂપ હેતુથી, સમુત્પન્ન થઈ છે ઉત્કટ અત્યંત રુચિને કારણે દેવતાપણાથી પ્રતિપત્તિ પ્રત્યે તેમાં=ભુવનગુરુમાં, પ્રગટ થયેલી તીવ્ર શ્રદ્ધાવાળાને=અધિકૃત જીવને, વિધિનું શાસન=અનુષ્ઠાનનું પ્રકાશન કરવું જોઈએ.

કઈ રીતે વિધિનું શાસન કરવું જોઈએ ? તે કહે છે –

જિનદીક્ષા કરાયે છતે તને અન્યતીર્થિક દેવને અન્ય અન્યતીર્થિકોને વંદનાદિ કરવું કલ્પતું નથી અને જિનોને, જૈનમુનિઓને અને જિનાગમને વંદનાદિ કરવું કલ્પે છે. આ વગેરે વિધિનું પ્રકાશન કરે. અથવા તને અંજલીમાં પુષ્પો અપાશે, વસ્ત્રથી આંખોનું સ્થગન કરાશે અને અક્ષુભિત એવા તારા વડે તે પુષ્પો સમવસરણના મધ્યમાં સ્થાપના કરાયેલા જિનને અભિમુખ ફેંકવા જોઈએ અને પુત્ર સહિત ધનાદિવાળો આત્મા ગુરુને સમર્પિત કરવો જોઈએ. આ પ્રકારની વિધિ ઓઘથી કહેવી જોઈએ. વળી, વિશેષથી દીક્ષાદાનના અવસરથી પૂર્વમાં જ કહેવી જોઈએ; કેમ કે તદ્વિષયક=દીક્ષાદાન વિષયક, વિધિનું આખ્યાનપણું છે. ત્યારપછી=વિધિસાધના પછી, સમવસરણમાં આગળમાં કહેશે એ ન્યાયથી પ્રવેશ કરે=દીક્ષિત જીવ પ્રવેશ કરે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૨૪।।

ભાવાર્થ :-

દીક્ષાગ્રહણ માટે તત્પર થયેલ જીવને ગુણવાન ગુરુ ભુવનગુરુના ગુણોનું સ્વરૂપ તે યોગ્ય જીવને યથાર્થ બોધ થાય તે રીતે કથન કરે, જેથી તે દીક્ષાર્થીના ચિત્તમાં તીર્થંકરો કઈ રીતે જગતના જીવોના નિસ્તારનું કારણ છે ? તેનો પારમાર્થિક બોધ સ્થિર-સ્થિરતર થાય અને તેમની આજ્ઞાના સમ્યક્ પાલનને અનુકૂળ દૃઢ પરિણામ ઉત્પન્ન થાય. ત્યારપછી સમ્યક્ત્વ ગ્રહણ કર્યા પછી દેવગુરુધર્મ વિષયક શું ઉચિત આચરણા કઈ રીતે કરવી જોઈએ તેનો યથાર્થ બોધ થાય જેથી સુદેવ, સુગુરુ અને સુધર્મને સેવીને તે મહાત્મા ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકને પ્રાપ્ત કરે તેનું કથન કરવું જોઈએ. વળી સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી પુત્ર ધનાદિ સર્વ વસ્તુનું ગુરુને નિવેદન કરવું જોઈએ અને હવે પછી હું તમારા અનુશાસનથી જ સર્વ કૃત્ય કરીશ તે પ્રમાણે પોતાનો આત્મા યોગ્ય ગુરુને અવશ્ય સમર્પણ કરવો જોઈએ. અન્યથા સંસારના ક્ષયનો સંભવ નથી તે પ્રકારે નિપુણતાપૂર્વક દીક્ષાર્થીને વિધિનો બોધ સુગુરુ કરાવે.

અથવા હવે પછી તારી ચક્ષુ વસ્ત્રથી સ્થગન કરાશે, હાથમાં પુષ્પો અપાશે અને સમવસરણમાં જઈને ક્ષોભ વગર તારે ભુવનગુરુ સન્મુખ પુષ્પોને ફેંકવાનાં છે ઇત્યાદિ ઉચિત વિધિ બતાવે અને તારે તારી સંપત્તિ, પુત્રો અને તારો આત્મા ગુરુને સમર્પિત કરવો જોઈએ, જેથી ગુરુ જે ઉચિત જણાય એ પ્રમાણે તેઓના વિષયમાં કરવાનું કહે તે પ્રમાણે કરીને ગુણવાન ગુરુને પરતંત્ર થવું જોઈએ ઇત્યાદિ વિધિ બતાવીને ત્યારપછી તે દીક્ષાર્થી જીવ તે સમવસરણમાં આગળમાં બતાવશે એ વિધિથી પ્રવેશ કરે. **॥૨/૨૪॥**

અવતરણિકા :-

તતશ્ચ –

અવતરણિકાર્થ :-

ત્યારપછી –

ગાથા :-

वरगंधपुप्फदाणं सियवत्थेणं तहच्छिठयणं च ।
आगइगइविण्णाणं इमस्स तह पुप्फपाएण ।।२/२५।।

છાયા :-

वरगन्धपुष्पदानं सितवस्त्रेण तथाक्षिस्थगनञ्च ।
आगतिगतिविज्ञानम् अस्य तथा पुष्पपातेन ।।२/२५।।

અન્વયાર્થ :-

वरगंधपुप्फदाणं=શ્રેષ્ઠ ગંધવાળા પુષ્પોનું દાન, च=અને, सियवत्थेणं=સફેદ વસ્ત્રથી, तहच्छियठयणं=તે

પ્રકારે અક્ષિનું સ્થગન. તહ પુપ્ફપાએણ=તે પ્રકારના પુષ્પપાતથી, ઇમસ્સ=આની=દીક્ષાર્થીની, આગઇગઇ-વિણ્ણાણં=આગતિ-ગતિનું વિજ્ઞાન કરવું જોઈએ. ।।૨/૨૫।।

ગાથાર્થ :-

શ્રેષ્ઠ ગંધવાળા પુષ્પોનું દાન અને સફેદ વસ્ત્રથી તે પ્રકારે અક્ષિનું સ્થગન. તે પ્રકારના પુષ્પપાતથી આની=દીક્ષાર્થીની, આગતિ-ગતિનું વિજ્ઞાન કરવું જોઈએ. ।।૨/૨૫।।

ટીકા :-

વ્યાખ્યા–'વરગંધે'ત્યાદિ । વરગન્ધપુષ્પદાનં સુગન્ધિકુસુમાનામથવા પ્રધાનાનાં વાસાનાં પુષ્પાણાં ચ દાનં=વિતરણમ્, વરગન્ધપુષ્પદાનમઞ્જલૌ કર્તવ્યમસ્યેતિ યોગઃ તથા સિતવસ્ત્રેણ શુક્લવાસસા તથા તેન પ્રકારેણાપીડોત્પાદનલક્ષણેન વિદ્વત્પ્રસિદ્ધેન વાક્યોપક્ષેપમાત્રો વા તથાશબ્દઃ, અક્ષિસ્થગનં લોચનાવરણં કાર્યમ્ ચશબ્દઃ સમુચ્ચયે તતશ્ચાસૌ તાનિ કુસુમાન્યાવૃતાક્ષ એવ જિનનાથાભિમુખં પ્રક્ષેપયિતવ્યઃ, ગુરુણા ચાધિકૃતપુષ્પપાતલક્ષણનિમિત્તાનુસારેણ યથાસમ્પ્રદાયં શુભાદિતરસ્માદ્વા ભવા-દાગતોઽયં, તથા દીક્ષારાધનવિરાધનાભ્યાં શુભેતરા વા ગતિરસ્ય ભવિષ્યતીતિ દીક્ષાદાનાર્થં તત્પરિહારાર્થં ચ પરિજ્ઞાનં વિધેયમ્, એતદેવાહ–આગતિગતિવિજ્ઞાનં શુભાશુભપૂર્વજન્માનાગતજન્મનાં નિર્ણયનં કાર્યમ્ અથવાગત્યાગમનેનાસ્ખલિતેતરાદિયુક્તેન ગતિવિજ્ઞાનમાગામિભવજ્ઞાનમાગતિગતિવિજ્ઞાનમ્, ઇહ વ્યાખ્યાને સમાસિતમપિ ગતિવિજ્ઞાનમિત્યેતત્પદં પ્રાકૃતત્વેનોત્તરત્ર સમ્બન્ધનીયમિતિ । 'ઇમસ્સ' ત્તિ અસ્ય દીક્ષાધિકૃત-જીવસ્ય તથેતિ સમુચ્ચયે અથવા તથા તત્પ્રકારેણ સામ્પ્રદાયિકેન પુષ્પપાતેન કુસુમપતનેન દીક્ષણીયનર-વિહિતેન, એતદર્થમેવ પૂર્વં પુષ્પદાનં તદઞ્જલૌ કૃતમાસીદિતિ ઇહ ચ સમવસરણમધ્યે પુષ્પપાતાદ્દીક્ષારાધના-જનિતા સુગતિઃ, તદ્બહિઃપાતાચ્ચ તદ્વિરાધનાજનિતા કુગતિરસ્યેત્યેતાવન્માત્રમતો ગ્રન્થાદવસીયતે શેષં તુ ગ્રન્થાન્તરાદ્વિશિષ્ટસમ્પ્રદાયાદ્વાઽવસેયમિતિ ગાથાર્થઃ ।।૨/૨૫।।

ટીકાર્થ :-

વરગન્ધપુષ્પદાનં ..... ગાથાર્થઃ ।। 'વરગંધેત્યાદિ' પ્રતીક છે. શ્રેષ્ઠ ગંધવાળા પુષ્પોનું દાન=સુગંધી પુષ્પોનું અથવા પ્રધાન વાસવાળા પુષ્પોનું વિતરણ=શ્રેષ્ઠ ગંધવાળા પુષ્પોનું દાન, અંજલિમાં આને કરવું જોઈએ=દીક્ષાર્થીને કરવું જોઈએ, તથા શ્વેત વસ્ત્રથી=તે પ્રકારે=વિદ્વદ્ પ્રસિદ્ધ પીડા ઉત્પન્ન ન થાય તે પ્રકારે, અક્ષિનું સ્થગન કરવું જોઈએ અથવા વાક્યના ઉપક્ષેપવાળો તથા શબ્દ છે. 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે. ત્યારપછી આવૃત અક્ષવાળો આ=દીક્ષાર્થી જીવ, તે કુસુમોને ભગવાનની અભિમુખ પ્રક્ષેપ કરે.

❖ અહીં 'प्रक्षेपयितव्यः' શબ્દ છે, તે અશુદ્ધ જણાય છે તેના સ્થાને 'प्रक्षेपयत' એ પ્રકારે ક્રિયાપદની સંભાવના છે.

અને ગુરુ વડે અધિકૃત પુષ્પના પાત લક્ષણ નિમિત્ત અનુસારથી યથા સંપ્રદાય શુભ અથવા ઇતર

ભવથી આ આવેલો છે અને દીક્ષાની આરાધનાથી અને વિરાધનાથી શુભ અથવા ઇતર ગતિ આની થશે, તેથી દીક્ષાદાન માટે અને તેના પરિહાર માટે પરિજ્ઞાન કરવું જોઈએ. એને જ=ગુરુએ આ પરિજ્ઞાન કરવું જોઈએ એને જ, કહે છે – આગતિ-ગતિનું વિજ્ઞાન=શુભાશુભ પૂર્વજન્મ અને અનાગત જન્મનો નિર્ણય, કરવો જોઈએ અથવા ગતિથી=અસ્ખલિત ગમનરૂપ ગતિથી, અને ઇતરાદિ યુક્ત ગમનથી=સ્ખલનાથી યુક્ત એવા ગમનથી, ગતિનું વિજ્ઞાન કરવું જોઈએ અને આગામી ભવનું જ્ઞાન=આગતિનું વિજ્ઞાન કરવું જોઈએ. અહીં વ્યાખ્યાનમાં ગ્રહણ કરાયેલું પણ ગતિવિજ્ઞાન એ પ્રકારનું પદ પ્રાકૃતપણું હોવાને કારણે ઉત્તરત્ર પણ સંબંધનીય છે અર્થાત્ ગતિ દ્વારા ગતિનું વિજ્ઞાન એ પ્રકારે પ્રથમ જોડાણ કર્યા પછી ગતિ દ્વારા આગતિનું વિજ્ઞાન એ પ્રમાણે સંબંધનીય છે.

કોનું ગતિ-આગતિનું વિજ્ઞાન કરવું જોઈએ ? એથી કહે છે –

આનું=દીક્ષા માટે અધિકૃત જીવનું ગતિ-આગતિનું વિજ્ઞાન કરવું જોઈએ તથા એ શબ્દ સમુચ્ચયમાં છે અથવા તથા=સામ્પ્રદાયિક એવા તે પ્રકારથી પુષ્પપાત દ્વારા=દીક્ષણીય વડે કરાયેલા પુષ્પપાત દ્વારા, ગતિ-આગતિનો નિર્ણય કરવો જોઈએ. આના માટે જ=ગતિ-આગતિના નિર્ણય માટે જ, પૂર્વમાં તેની અંજલિમાં પુષ્પદાન કરાયું હતું અને અહીં સમવસરણના મધ્યમાં પુષ્પપાતથી દીક્ષા આરાધનાજનિત સુગતિ એના બહિર્પાતથી તેના વિરાધનાજનિત કુગતિ આને છે. એટલું માત્ર જ આ ગ્રંથથી જણાય છે. વળી શેષ ગ્રંથાંતરથી અથવા વિશિષ્ટ સંપ્રદાયથી જાણવું, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૨૫॥

ભાવાર્થ :-

સામાન્યથી સમ્યક્ત્વના સ્વીકાર માટે તત્પર થયેલા જીવના સંવેગના બળથી અને કઈ રીતે સંવૃત થઈને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેના બળથી તે દીક્ષા માટે યોગ્ય છે કે નહિ ? તેનો નિર્ણય કરવામાં આવે છે. જેનું ચિત્ત સંસારના પરિભ્રમણથી અત્યંત ઉદ્વિગ્ન થયેલું છે અને દશવિધ યતિધર્મ તથા શુદ્ધ સામાચારીનું સમ્યગ્ પાલન કરીને ભવથી નિસ્તાર પામવાની અત્યંત ઇચ્છાવાળો છે, તેથી સંસારના સર્વ ભાવો પ્રત્યે જેનું ચિત્ત નિરુત્સુક છે, અને અરિહંતાદિની ઉપાસના કરીને સર્વવિરતિની શક્તિસંચય કરવાનો અર્થી છે તેના ઉપરથી તે આરાધક થશે, તેવો નિર્ણય કરવામાં આવે છે. આમ છતાં તેવા પણ જીવોને નિમિત્તને પામીને ક્યારેક પાછળથી અશુભ ભાવો થાય છે, તેથી સમ્યક્ત્વને ગ્રહણ કર્યા પછી દુરંતસંસારમાં ભમનારા બને છે અને ભૂતકાળમાં પણ શીતલવિહારી આદિ સાધુઓ કે સાધુદ્વેષી આદિ સાધુઓ સારા સાધુના સંપ્રદાયમાં હોવા છતાં પ્રમાદને વશ સંયમથી વિનાશને પામ્યા, તેમ સંભળાય છે. તેથી તેવાં નિમિત્તોથી તેઓનો વિનાશ ન થાય તેના રક્ષણ અર્થે પ્રાયઃ પુષ્પપાતની વિધિ હશે, તેવું જણાય છે. જેથી પુષ્પપાત દ્વારા પણ જો તેનું ભાવિ અહિત છે, તેવો નિર્ણય થાય તો અન્ય રીતે દીક્ષા માટે યોગ્ય હોય તોપણ તેને ગૃહસ્થ અવસ્થામાં રહીને આરાધના કરવાનું સૂચન કરવું ઉચિત જણાય છે, જેથી સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી વિરાધના કરીને ભવની વૃદ્ધિ ન કરે. આ રીતે નિર્ણય કર્યા પછી પણ કોઈક જીવો ક્યારેક

વિનાશ પામ્યા હોય તે રૂપ જ સાધુદ્વેષી આદિનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં ઉપલબ્ધ થાય છે, તેમ જણાય છે અર્થાત્ તે વખતના સંપ્રદાય અનુસાર તે વખતે તેના માટે મહાત્માઓએ દીક્ષા આપતા પૂર્વે યત્ન કર્યો હશે; છતાં પુષ્પપાત આદિ દ્વારા પણ તેઓ આરાધક છે, તેવો નિર્ણય થયો હશે તોપણ કોઈ કર્મદોષથી તેઓ પ્રમાદને વશ થઈને સંયમની વિરાધના દ્વારા સંસારની વૃદ્ધિને પામ્યા હશે, તેવું જણાય છે. પ્રસ્તુત પુષ્પપાતના બળથી કેટલાક જીવોના ભાવિ અનર્થનું નિવારણ થતું હોવું જોઈએ. તેથી દીક્ષા માટે=સમ્યક્ત્વ આદિ ગ્રહણ કરવા તત્પર થનાર આત્માને શ્રેષ્ઠ ગંધવાળાં પુષ્પો આપવામાં આવે છે, ત્યારબાદ સફેદ વસ્ત્ર દ્વારા દીક્ષાર્થીની ચક્ષુને પીડા ન થાય, તે રીતે ચક્ષુનું સ્થગન કરવામાં આવે છે. ત્યારબાદ દીક્ષાર્થી જીવ આંખો ઉપર વસ્ત્ર હોવા છતાં ક્ષોભ પામ્યા વગર સહજભાવથી તત્ત્વથી ભાવિત મતિપૂર્વક સમવસરણમાં જાય છે, તેના બળથી નક્કી થાય છે કે ભૂતકાળમાં આરાધના કરેલ છે, જેથી વર્તમાનમાં ગાંભીર્ય, સ્થૈર્ય આદિ ગુણો દેખાય છે માટે સ્ખલના વગર જઈ શકે છે. પરંતુ જેઓને આ રીતે દીક્ષા માટે સમવસરણમાં ગમન વખતે સ્ખલનાઓ થાય છે, તેનાથી નક્કી થાય છે કે ભૂતકાળમાં તેવી વિશિષ્ટ આરાધના કરી નથી અને વર્તમાનમાં પણ અત્યંત અસ્થૈર્ય છે, તેથી ભાવિમાં પણ તેનું અહિત થવાની સંભાવના છે; કેમ કે અસ્થિર ચિત્ત સંયમયોગોને સમ્યક્ સેવી શકે નહીં. જે જીવ અક્ષિના સ્થગનપૂર્વક પુષ્પદાન માટે જાય છે ત્યારે ક્ષુભિત થાય છે તે જીવ સમ્યક્ત્વ આદિ સ્વીકાર્યા પછી અક્ષોભિત રીતે કષાયોના મુંડનમાં યત્ન કરી શકતો નથી. જેઓ કષાયોના મુંડનમાં ક્ષુભિત હોય તેઓની તે સમ્યક્ત્વના આચારાદિની ક્રિયાથી ગુણવૃદ્ધિ થાય નહિ, પરંતુ નિમિત્તોના ક્ષોભના બળથી હંમેશાં સંયમજીવન યથાતથા થવાથી દુર્ગતિ થવાની સંભાવના રહે છે. માટે તેની અસ્ખલિતગમનની ક્રિયા કે સ્ખલિતગમનની ક્રિયા અને 'આદિ' પદથી તે પ્રકારની મોહની આકુળતાપૂર્વકની ગમનની ક્રિયાનું ગ્રહણ કરવું જેનાથી નક્કી થાય છે કે આ જીવને સમ્યક્ત્વાદિ વ્રતગ્રહણથી હિત થશે નહિ. વળી, કોઈ જીવ ક્ષોભ વગર અસ્ખલિત ગમનથી સમવસરણમાં ગયા બાદ પુષ્પની અંજલિ ભગવાન સન્મુખ નાખે છે, ત્યારે તે પુષ્પપાત સમવસરણમાં પડે છે કે બહાર પડે છે, તેના બળથી પણ તેનું વ્રત કલ્યાણનું કારણ બનશે કે અકલ્યાણનું કારણ બનશે, તેનો નિર્ણય થઈ શકે છે.

આનાથી એ ફલિત થાય કે પ્રથમ તેના સંવેગાદિના બળથી તે આરાધક છે, ગ્રહણ કરેલા વ્રતમાં અપ્રમાદથી યત્ન કરશે, અસંગભાવનો અત્યંત અર્થી છે ઇત્યાદિ દ્વારા તેના આરાધકભાવનો નિર્ણય થાય છે. ત્યારપછી અસ્ખલિત ગમનાદિ દ્વારા નિમિત્તભાવોથી તે ક્ષોભ પામે તેવો નથી, તેમ નિર્ણય થાય છે. આ રીતે નિર્ણય થયા પછી પણ બાર પર્ષદાવાળું સમવસરણ રચાયું હોય ત્યારે કોઈ પુષ્પનો પાત કરે ત્યારે પ્રાયઃ સમવસરણમાં જ તે પુષ્પો પડે છે; છતાં કોઈ ભાવિ અનિષ્ટ થવાનું હોય તેનું સૂચક નિમિત્ત પ્રાપ્ત થાય ત્યારે જ દીક્ષાર્થી જીવ પુષ્પ નાખતી વખતે કોઈક રીતે સ્ખલના પામે તોપણ પુષ્પોનો સમવસરણની બહાર પાત થાય, જેના બળથી મહાત્માઓ નિર્ણય કરે કે અન્ય રીતે આરાધક જણાવા છતાં આ નિમિત્ત સૂચન કરે છે કે તેના માટે કોઈ અનિષ્ટ થવાની સંભાવના છે. તેથી વ્રત આપવા વિષયક ઉચિત નિર્ણય કરીને ત્યારપછી વ્રત આપે; કેમ કે ઉત્તમ ગુરુ હંમેશાં પર્ષદાર્થે કે શિષ્યા અર્થે દીક્ષા આપતા નથી, પરંતુ દીક્ષાર્થી કઈ રીતે સંસારનો અંત કરે ? તેવી બુદ્ધિથી દીક્ષા આપે છે. આથી જ જ્યાં સુધી તીવ્ર સંવેગ અને

गुप्तिने अभिमुख विशिष्ट मानस जणाय नहि, त्यां सुधी क्यारेय व्रत आपे नहि. ते सर्व जाणवा छतां जेनो निर्णय पोताना माटे शक्य नथी, तेनो निर्णय करवा माटे निमित्तोना बळथी तेनुं अहित न थाय तेनो विचार करे छे. जेथी पुष्पदान द्वारा पण अहितनी संभावना जणाय तो तेने व्रत आपवानुं विलंबित करे अथवा गृहस्थावस्थामां रहीने अन्य रीते आराधना करवानुं सूचन करे; परंतु तेना अहितनी उपेक्षा करे नहि. **॥२/२५॥**

अवतरणिका :-

अथ शुभाशुभगतिविज्ञानविषये मतान्तरदर्शनायाह –

अवतरणिकार्थ :-

हवे शुभाशुभ गतिना विज्ञानना विषयमां मतांतर बतावतां कहे छे –

गाथा :-

अभिवाहरणा अण्णे णियजोगपवित्तिओ य केइ त्ति ।
दीवाइजलणभेया तहुत्तरसुजोगओ चेव ।।२/२६।।

छाया :-

अभिव्याहरणादन्ये निजयोगप्रवृत्तितश्च केचिदिति ।
दीपादिज्वलनभेदात् तथोत्तरसुयोगतश्चैव ।।२/२६।।

अन्वयार्थ :-

य अभिवाहरणा=अने अभिव्याहरणथी, अण्णे=अन्य शुभाशुभ गतिनुं विज्ञान थाय छे एम कहे छे, केइ त्ति=केटलाक, णियजोगपवित्तिओ=निजयोगनी प्रवृत्तिथी, दीवाइजलणभेया=दीपादिना ज्वलनना भेदथी, तहुत्तरसुजोगओ चेव=अने उत्तरना सुयोगथी थाय छे एम कहे छे. ॥२/२६॥

गाथार्थ :-

अने अभिव्याहरणथी अन्य शुभाशुभ गतिनुं विज्ञान थाय छे एम कहे छे. केटलाक निजयोगनी प्रवृत्तिथी दीपादिना ज्वलनना भेदथी अने उत्तरना सुयोगथी ज थाय छे एम कहे छे. ॥२/२६॥

टीका :-

व्याख्या–'अभिवाहे'त्यादि । अभिव्याहरणात्संशब्दनात् दीक्षणीयेनान्येन वा दीक्षावसरे विहितात् शुभाशुभार्थसंसूचकात् सिद्धिवृद्धीत्यादिरूपात् अथवा 'इच्छाकारेण तुब्भे अम्हं दंसणपडिमं संमत्तसामाइयं वा आरोवेह' इत्यादि दीक्षणीयाभिव्याहारात् 'आरोवेमि खमासमणाणं हत्थेणं आरोवियं' इत्यादेर्वा ऽऽ-

चार्याभिव्याहारादस्खलितादिगुणदोषानुगतात्, अन्येऽपरे सूरयो दीक्षाराधनविराधनाजन्यशुभाशुभगति-परिज्ञानमस्याधिकृतस्य कर्तव्यमित्याहुरिति गम्यम् तथा निजयोगानामाऽऽचार्यसत्कमनःप्रभृतीनां प्रवृत्तिः प्रवर्तनं निजयोगप्रवृत्तिस्ततो निजयोगप्रवृत्तितः चशब्दः समुच्चये इतिशब्दस्योत्तरस्येह दर्शनात् इत्येतत् केचिदपरे, प्राहुरिति गम्यम् । इदमुक्तं भवति—तदा यद्याचार्यस्य क्रोधलोभमोहभयादिभिरव्याकुलं मनो, यद्यदा वाच्यं तद्विषया व्यक्तत्वादिगुणा च वाक्, साध्वसाद्यनुपहतश्च कायः प्रवर्तते तदा शुभा गतिरिति अन्यथा चाशुभा गतिरस्य ज्ञायत इति, तथा दीपादीनां दीपचन्द्रतारकादीनां यज्ज्वलनं दीपनं तस्य यो भेदो विशेषः स तथा तस्मात् । इदमुक्तं भवति—यदि तदा दीपादयः प्रवृद्धतेजसो भवन्ति तदास्य शुभम्, अन्यथा त्वशुभमिति, तथेति समुच्चये, उत्तरे दीक्षोत्तरकालभाविनो ये सुयोगाः शुभव्यापारा दीक्षितगतास्ते उत्तरसुयोगास्तेभ्य एव चैवशब्दस्यावधारणार्थत्वात् केचिदिति प्रकृतमिति गाथार्थः ।।२/२६।।

ટીકાર્થ :-

अभिव्याहरणात् ..... गाथार्थः ।। 'अभिवाहेत्यादि' प्रतीक छे. अभिव्याहरणथी=दीक्षणीय એવા व्यक्ति द्वारा के अन्य द्वारा दीक्षा अवसरमां करायेला संशब्दनथी=शुभाशुभ अर्थना संसूचक सिद्धि-वृद्धि ઇત્યાદિરૂપ संशब्दनथी, शुभाशुभ गतिनुं विज्ञान थाय छे अथवा 'ઇચ્છાકારથી तमे अमने दर्शनप्रतिमाने अथवा सम्यक्त्वसामायिकने आरोहण करावो' ઇત્યાદિ दीक्षणीयना अभिव्याहरणथी शुभाशुभ गतिनुं विज्ञान थाय छे अथवा 'क्षमाश्रमणना हाथथी हुं आरोपण करुं छुं' ઇત્યાદિ आचार्यथी बोलायेला अस्खलितादि गुण-दोषथी अनुगत शब्दोना बळथी बीजा आचार्यो दीक्षानी आराधना-विराधनाजन्य शुभाशुभ गतिनुं परिज्ञान अधिकृत એવા आनुं=दीक्षार्थीनुं करवुं जोईએ, એम कहे छे. श्लोकमां 'अण्णे' पछी 'आहु' अध्याहार छे अने निजयोगोनी=आचार्य सत्क, मन वगेरेनी प्रवृत्ति=प्रवर्तन निजयोग प्रवृत्ति छे, तेनाथी=निजयोगनी प्रवृत्तिथी. 'च' शब्द समुच्चयमां छे. उत्तरना ईति शब्दनुं अहीं दर्शन होवाथी એ प्रमाणे केटलाक=अपर कहे छे=निजयोगनी प्रवृत्तिथी शुभाशुभ गतिनुं विज्ञान करवुं जोईએ એम केटलाक कहे छे. आ कहेवायेलुं थाय छे – त्यारे जो आचार्यनुं क्रोध, लोभ, मोह, भयादिथी अव्याकुल जे मन छे, जे ज्यारे वाच्य छे तद्विषय व्यक्तत्वादि गुणवाळी वाणी छे. अने साध्वसादिथी अनुपहत काया प्रवर्ते छे, तो शुभगति छे अन्यथा=आचार्यना मन, वचन, कायाना योगो शुभ नथी तो आनी=दीक्षणीयनी, अशुभ गति जणाय छे अने दीपादिना=दीप-चंद्र-तारकादिनुं जे ज्वलन=दीपन, तेनो भेद=विशेष, ते तेवो छे=दीपादिना ज्वलनना भेदवाळो छे. तेनाथी शुभाशुभ गतिनुं विज्ञान थाय छे. आ कहेवायेलुं थाय छे – जो त्यारे दीपादि प्रबुद्ध तेजवाळा छे तो आनुं शुभ छे=दीक्षणीयनुं शुभ छे. वळी अन्यथा=दीपादि मंद तेजवाळा थाय तो, अशुभ छे 'तथा' समुच्चयमां छे. उत्तरमां=दीक्षा उत्तरकालभावि, जे सुयोगो=शुभ व्यापारो,

દીક્ષિતગત છે, તે ઉત્તર સુયોગ્ય છે. તેનાથી જ દીક્ષાર્થીની શુભ ગતિ થાય છે; કેમ કે 'ચૈવ' શબ્દનું અવધારણ અર્થપણું છે. 'કેચિદ્' એ પ્રકૃત છે=અહીં યોજન છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૨૬॥

ભાવાર્થ :-

દીક્ષાર્થી જીવ શુભગતિમાં જશે કે અશુભગતિમાં જશે, તેનો નિર્ણય અભિવ્યાહરણથી થાય છે એમ કેટલાક કહે છે અર્થાત્ દીક્ષણીય એવા દીક્ષાર્થી જીવ કે અન્ય તે વખતે સિદ્ધિ-વૃદ્ધિને સૂચક શુભ શબ્દો બોલે કે અશુભ શબ્દો બોલે, તેના ઉપરથી નક્કી થાય છે કે આ દીક્ષાર્થી જીવ શુભગતિમાં જશે કે અશુભ ગતિમાં જશે; કેમ કે તે વખતે દીક્ષા લેનારના મુખમાંથી કોઈક એવા શબ્દ નીકળે, જે મંગલના સૂચક હોય અથવા સહવર્તી કોઈ જીવના તેવા જ મંગલ શબ્દો નીકળે તો તેનાથી નક્કી થાય છે કે આ જીવ સમ્યક્ત્વાદિ વ્રત ગ્રહણ કરીને અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા સદ્ગતિમાં જશે. વળી કોઈ દીક્ષણીય વ્યક્તિને તે વખતે પોતાના ભાવિના હિતમાં કોઈક સંશયાદિ થાય કે અન્ય કોઈને પણ તેના હિતમાં સંશય થાય, તેથી તેવા અસિદ્ધિના સૂચક શબ્દો બોલે તો તેનાથી પણ નિર્ણય કરી શકાય કે નક્કી આ વ્યક્તિ વ્રત લઈને હિત સાધી શકશે નહિ.

'અથવા'થી અન્ય પ્રકારે અભિવ્યાહરણનો અર્થ કરે છે –

દીક્ષાર્થી જીવ જ્યારે કહે કે 'ઇચ્છાકારથી તમે મને દર્શનપ્રતિમા અથવા સમ્યક્ત્વસામાયિક આરોપણ કરો'. તે વખતે તેના બોલાયેલા શબ્દોમાં રહેલા અસ્ખલિતાદિ ભાવો ઉપરથી નક્કી થાય છે કે આ મહાત્મા સદ્ગતિમાં જશે; કેમ કે ગુણના પક્ષપાતી એવા તે જીવો દૃઢ પ્રણિધાનપૂર્વક તે શબ્દો બોલે ત્યારે તે ઉચ્ચારણથી તેઓનો પ્રવર્ધમાન ચારિત્રને અભિમુખ પરિણામ જ સૂચન કરે છે કે આ મહાત્મા વ્રત પાળીને સદ્ગતિમાં જશે. જો દીક્ષા ગ્રહણ કરનારને તેવો કોઈ બોધ હોય નહિ; પરંતુ માત્ર મુગ્ધતાથી બોલતા હોય, જેથી બોલવાના ઉચ્ચારોમાં પણ સ્ખલનાદિ દોષો વર્તતા હોય અથવા ચિત્તમાં શૂન્યમનસ્કતા કે સ્ખલિત ઉપયોગ પ્રવર્તતો હોય તેનાથી નક્કી થાય છે કે આ મહાત્મા દીક્ષા ગ્રહણ કરીને પણ શુભગતિને પ્રાપ્ત કરી શકશે નહિ.

'અથવા'થી અભિવ્યાહરણનો અન્ય પ્રકારે અર્થ કરે છે –

આચાર્ય દીક્ષા આપતી વખતે 'ક્ષમાશ્રમણના હસ્તથી અમે આરોપણ કરીએ છીએ' ઇત્યાદિ બોલે ત્યારે જો આચાર્યનો સ્ખલિત ઉપયોગ હોય તો દીક્ષાર્થીની અશુભગતિનું સૂચક છે. પરંતુ જો આચાર્ય તે તે ભાવોને સ્પર્શીને, અસ્ખલિત ઉપયોગથી બોલતા હોય તો તે આચાર્યના ભાવથી પ્રાયઃ યોગ્ય જીવમાં પણ તેવા જ ભાવનું આધાન થાય છે. તેનાથી નક્કી થાય છે કે આ દીક્ષાર્થી જીવની શુભગતિ થશે.

વળી બીજા આચાર્ય કહે છે કે નિજયોગથી પ્રવૃત્તિથી દીક્ષાર્થીની શુભ કે અશુભ ગતિનો નિર્ણય થાય છે, અર્થાત્ દીક્ષાપ્રદાનકાળમાં દીક્ષા આપનારા આચાર્યના મન-વચન-કાયાના યોગો કેવા પ્રવર્તે છે ? તેનાથી દીક્ષાર્થીની શુભાશુભ ગતિનો નિર્ણય થાય છે. દીક્ષા આપનારનું મન જો ક્રોધાદિ કષાયથી અનાકુળ હોય, વાણી જે વિષયને કહેતી હોય તે યથાર્થ ગુણને સ્પર્શનારી હોય. કાયા વિલ્વળતાદિ ભાવોથી અનુપહત હોય

તો શુભગતિ છે અને આચાર્યના મન-વચન-કાયાના યોગોમાંથી કોઈપણ યોગો વિપરીત પ્રવર્તતા હોય તો દીક્ષાર્થીની અશુભ ગતિને સૂચન કરે છે.

વળી અન્ય આચાર્યો દીપાદિના જ્વલનનું નિમિત્ત ગ્રહણ કરે છે=દીક્ષા અવસરમાં જે દીવા આદિ બળે છે, તે જો પ્રવર્ધમાન તેજવાળા હોય તો શુભ છે, અન્યથા અશુભ છે. તેથી તે દીવા જ સૂચવે છે કે આ જીવની સાધના મંગલરૂપ થશે કે અમંગલરૂપ થશે.

વળી કેટલાક આચાર્યો દીક્ષા ગ્રહણ કર્યા પછી દીક્ષાર્થીના ઉત્તરના સંયમના વ્યાપારને શુભાશુભના સૂચક કહે છે.

આનાથી એ ફલિત થાય કે દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે કોઈ મહાત્માએ યોગ્યતા પ્રાપ્ત કરી છે અને દીક્ષા ગ્રહણ કરે છે; છતાં અભિવ્યાહરણાદિ નિમિત્તમાંથી કોઈ વિપરીત નિમિત્ત આવે તો તેના અહિતની સંભાવનાનો નિર્ણય થાય છે; પરંતુ જે જીવ મુગ્ધતાથી દીક્ષા ગ્રહણ કરવાને અભિમુખ થયેલ છે અને સમ્યક્ત્વાદિ વ્રતના પરમાર્થનો જેને બોધ નથી તેવા દીક્ષા લેનારને આશ્રયીને અભિવ્યાહરણાદિ નિમિત્તોથી શુભાશુભ ગતિનો નિર્ણય થાય નહિ; કેમ કે દીક્ષા ગ્રહણ કરનાર જીવ ઉત્તરમાં કેવી સુંદર આરાધના કરે છે, તેના ઉપર જ સુગતિ નિશ્ચિત છે. તેથી જેને દીક્ષા વિષયક કોઈ બોધ નથી, આમ છતાં દીક્ષા ગ્રહણ કર્યા પછી સૂક્ષ્મ પદાર્થનો બોધ કરીને સંપન્ન થઈ જાય તો અવશ્ય સુગતિમાં જાય છે અને તે સુંદર આરાધનાના ભાવોથી સંપન્ન થશે કે નહિ, તેનો નિર્ણય કરવા માટે અભિવ્યાહરણાદિ નિમિત્ત કારણો છે.

જેઓ દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે લેશ પણ તત્ત્વના બોધવાળા નથી અને પાછળથી પણ તેવી સામગ્રીના અભાવને કારણે કે તેવા પ્રકારના સ્વભાવને કારણે સમિતિ-ગુપ્તિના પરમાર્થને પ્રાપ્ત કરે તેવા નથી, તેવા જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે નહીં તેથી તેવા જીવોને આશ્રયીને અભિવ્યાહરણાદિ નિમિત્તો શુભગતિનાં સૂચક દેખાય તોપણ શુભગતિનાં કારણ બને નહિ. વળી, જેઓ પૂર્વમાં દીક્ષાને અનુકૂળ ભૂમિકાથી સંપન્ન થયેલા છે અથવા દીક્ષા ગ્રહણ કર્યા પછી કોઈ નિમિત્તે સંપન્ન થાય તેમ છે, તેવા જીવોને આશ્રયીને તેઓની શુભગતિના નિર્ણય માટે અભિવ્યાહરણાદિ નિમિત્તો પણ તેના જાણવાના અંગરૂપે ઉપાયભૂત છે. તેથી દીક્ષા આપતા પૂર્વે જેમ સમવસરણની રચના કરીને પુષ્પના પાત દ્વારા યોગ્ય જીવની શુભ-અશુભ ગતિનો નિર્ણય કરીને દીક્ષા આપવા વિષયક વિશેષ વિચારણા કરાય છે, તેમ અભિવ્યાહરણાદિ નિમિત્તો દ્વારા પણ તેની શુભાશુભ ગતિ વિષયક વિચારણા કરાય છે. જેથી દીક્ષાર્થી જીવના હિતની ઉપેક્ષા ન થાય અને સર્વ ઉચિત ઉપાયો દ્વારા તેનું અધિક હિત કેમ થાય ? તેવો યત્ન કરાય છે; કેમ કે અભિવ્યાહરણાદિથી પણ નિર્ણય થાય કે દીક્ષા દ્વારા તેનું અહિત થાય તેમ છે તો તે વખતે દીક્ષા આપવાને બદલે=સમ્યક્ત્વ સામાયિકાદિ આપવાને બદલે તેને અન્ય રીતે આરાધના કરવાનું સૂચન કરવાથી તેનું હિત થાય છે. **॥૨/૨૬॥**

અવતરણિકા :-

समवसरणान्तःपुष्पपाते योग्यतानिर्णयाद्दीक्ष्यतेऽसौ, बहिस्तत्पाते तु को विधिरित्याह –

अवतरणिकार्थ :-

समवसरण अंदर पुष्पना पात थये छते योग्यताना निर्णयथी आने दीक्षा अपाय छे. वळी बहिः तेना पातमां शुं विधि छे ? एथी कहे छे –

भावार्थ :-

गाथा-२५मां समवसरणनी रचना कर्या पछी दीक्षार्थी द्वारा पुष्पपातनुं कथन कर्युं. त्यारपछी शुभाशुभ गतिना निर्णय माटे मतांतरनुं कथन कर्युं. एथी ए फलित थाय के समवसरणमां पात द्वारा दीक्षार्थीनी शुभगतिनो निर्णय करीने दीक्षा आपवी जोईअे अने त्यारपछी अभिव्याहरणादि द्वारा पण तेनो निर्णय करवा यत्न करवो जोईअे अने योग्य जीव पुष्पोने समवसरणमां नाखवा यत्न करे त्यारे कोईक निमित्ते समवसरण बहार पात थाय तो तेना विषयमां शुं विधि छे ? ते हवे बतावे छे –

गाथा :-

बाहिं तु पुप्फपाए वियडणचउसरणगमणमाईणि ।
कारावि्ज्जइ एसो वारतिगमुवरि पडिसेहो ।।२/२७।।

छाया :-

बहिस्तु पुष्पपाते विकटनचतुःशरणगमनमादीनि ।
कारापयति एषो वारत्रिकमुपरि प्रतिषेधः ।।२/२७।।

अन्वयार्थ :-

तु=वळी, बाहिं=बाह्य, पुप्फपाए=पुष्पपात थये छते, वियडणचउसरणगमणमाईणि=विकटन=अतिचारोनुं आलोचन, चतुःशरणगमन आदिने, एसो=आ=दीक्षानो अधिकारी जीव, वारतिगं कारावि्ज्जइ=त्रण वखत करावववो जोईअे. उवरि=उपरमां=त्रण वखत करावीने पुष्पपात समवसरणमां न थाय तो, पडिसेहो=प्रतिषेध छे=दीक्षानो निषेध छे. ।।२/२७।।

गाथार्थ :-

वळी, बाह्य पुष्पपात थये छते विकटन=अतिचारोनुं आलोचन, चतुःशरणगमन आदिने आ=दीक्षाना अधिकारी जीव त्रण वखत करावववो जोईअे. उपरमां=त्रण वखत करावीने पुष्पपात समवसरणमां न थाय तो, प्रतिषेध छे=दीक्षानो निषेध छे. ।।२/२७।।

टीका :-

व्याख्या–'बाहि'मित्यादि । बहिर्बहिस्तात्समवसरणात् तुशब्दः पुनःशब्दार्थः स च पूर्वोक्तार्था-पेक्षयोत्तरार्थस्य विलक्षणतासूचनार्थः पुष्पपाते कुसुमपतने सति विकटनं च शंकाद्यतिचारालोचना

स्वाभिप्रायनिवेदनमात्रं वा, चतुःशरणगमनं 'चत्तारि सरणं पवज्जामि' इत्यादिरूपमादिर्येषां तानि विकटनचतुःशरणगमनादीनि मकारश्चेहागमिकः आदिशब्दात् पञ्चनमस्कारादिपरिग्रहः 'काराविज्जति' त्ति कार्यते विधाप्यते गुरुणा एष दीक्षाधिकृतजीवः कियतीर्वारा इत्याह—'वारतिगं' त्रीन् वारान् यावत्, उपरि=तस्योर्ध्वं, प्रतिषेधो=निषेधो दीक्षायाः । इदमुक्तं भवति—बहिः पुष्पपाते सत्यालोचनादि कारयित्वा तथैव पुष्पपातः कार्यते, पुनर्बहिःपाते पुनरपि स एव विधिरावर्त्यते ततो वारत्रयेऽपि यदि बहिरेव पुष्पपातो भवति, तदा त्रिर्निश्चितत्वात्तद्दीक्षानर्हत्वस्य प्रतिषिध्यत एवासौ दीक्षाग्रहणं प्रति—भद्र ! प्रस्तावान्तरे तव दीक्षा दास्यते नाधुनेत्यादिभिः कोमलवचनैरिति गाथार्थः ।।२/२७।।

ટીકાર્થ :-

बहिः ..... गाथार्थः ।। 'बाहिमित्यादि' પ્રતીક છે. સમવસરણથી બહિઃ પુષ્પપાત થયે છતે વિકટન અને ચતુઃશરણગમનાદિ કરાવવાં જોઈએ. 'तु' શબ્દ પુનઃ અર્થમાં છે અને તે 'तु' શબ્દ પૂર્વોક્ત અર્થની અપેક્ષાએ ઉત્તરના અર્થની વિલક્ષણતાનો સૂચનાર્થ છે=ગાથા-૨૫માં કહ્યું કે સમવસરણમાં પુષ્પપાતથી દીક્ષાર્થીની ગતિ-આગતિનો નિર્ણય કરવો જોઈએ તેનાથી વિલક્ષણ એવા બહિઃ પુષ્પપાતના સૂચનાર્થવાળો 'तु' શબ્દ છે. બહિઃ પુષ્પપાત થયે છતે વિકટન=શંકાદિ અતિચારોની આલોચના અથવા સ્વઅભિપ્રાયના નિવેદન માત્રરૂપ વિકટન, અને ચતુઃશરણગમન=ચારના શરણોને હું સ્વીકારું છું ઇત્યાદિ રૂપ આદિ છે જેઓને તે વિકટન ચતુઃશરણગમનાદિ. અહીં 'મકાર' આગમિક છે=वियडण-चउसरणगमणमाईणिમાં રહેલ 'મકાર' પ્રાકૃતના હિસાબે આગમિક છે. 'આદિ' શબ્દથી પંચનમસ્કારાદિનું ગ્રહણ છે. ગુરુ વડે તે કરાવાય છે=વિકટનાદિ કરાવાય છે.

કોણ કરાવાય છે ? એથી કહે છે –

આ=દીક્ષા માટે અધિકૃત જીવ, કરાવાય છે.

કેટલી વાર કરાવાય છે ? તેથી કહે છે –

ત્રણ વાર કરાવાય છે. તેના ઊર્ધ્વમાં=ત્રણ વખત બહિઃપુષ્પપાત થાય તો, પ્રતિષેધ=દીક્ષાનો નિષેધ, કરાય છે.

આ કહેવાયેલું થાય છે – બહિઃ પુષ્પપાત થયે છતે આલોચનાદિ કરાવીને તે પ્રકારે જ=અક્ષિસ્થગન આદિ પ્રકારે જ, પુષ્પપાત કરાવાય છે. ફરી બહિઃ પુષ્પપાત થયે છતે ફરી પણ તે જ વિધિ આવર્તન કરાય છે. ત્યારપછી વારત્રય પણ જો બહિઃ જ પુષ્પપાત થાય છે તો દીક્ષા અનર્હપણાનું ત્રણ વખતથી નિશ્ચિતપણું હોવાને કારણે આ=દીક્ષાર્થીને, દીક્ષાગ્રહણ પ્રત્યે પ્રતિષેધ કરાયું જ છે અર્થાત્ કહેવાય છે તે ભદ્ર ! પ્રસ્તાવાંતરમાં તને દીક્ષા અપાશે, હમણાં નહિ. ઇત્યાદિ કોમલ વચન વડે પ્રતિષેધ કરાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૨૭।।

ભાવાર્થ :-

દીક્ષાર્થી જીવ અક્ષિ સ્થગન કરીને પુષ્પપાત કરે અને પુષ્પ સમવસરણની બહાર પડે તે સૂચિત કરે છે કે જીવનમાં કોઈક વિઘ્ન છે; કેમ કે અન્ય રીતે યોગ્ય એવો જીવ પણ દીક્ષા ગ્રહણ કરવામાં પ્રવૃત્ત થાય ત્યારે ભાવિના વિઘ્નનું સૂચક તે અમંગલ છે; છતાં યત્નથી તે અમંગલનો પરિહાર થઈ શકે છે. તેથી તે મહાત્મા ઉપયોગપૂર્વક શંકાદિ અતિચારોનું આલોચન કરે અથવા પોતાના ચિત્તમાં કોઈ અન્ય અભિપ્રાય થયો હોય તેનું ગુરુ આગળ નિવેદન કરે અને ચાર શરણાદિ સ્વીકારે તો તેના દ્વારા તે અશુભ કર્મ ક્ષય પામે છે અને તે રીતે કરીને ફરી પુષ્પ નાખે તો મંગલનું સૂચક પુષ્પ સમવસરણમાં પડે. તેનાથી દીક્ષા આપવામાં વિઘ્નપ્રાપ્તિની સંભાવના હતી, તે દૂર થાય છે. આમ છતાં બલવાન અશુભ કર્મ હોય તો વિઘ્નસૂચક ફરી અમંગલ થાય છે, ત્યારે મહાત્મા ફરી આલોચનાદિ કરીને મંગલ કરે છે. જેનાથી તે અમંગલનો નાશ થાય અર્થાત્ અશુભ કર્મોનો નાશ થાય તો સમ્યક્ત્વાદિ સામાયિક કલ્યાણનું કારણ બને. આ રીતે ત્રણ વખત કરવા છતાં જો અમંગલનું સૂચન પ્રાપ્ત થાય તો શિષ્યના હિતના ઇચ્છુક એવા ગુરુ તેને દીક્ષા આપવાનો વિવેકપૂર્વક નિષેધ કરે છે, જેથી તેનું અહિત થાય નહિ. **॥૨/૨૭॥**

અવતરણિકા :-

उक्तविपर्ययमाह —

અવતરણિકાર્થ :-

ઉક્ત વિપર્યયને કહે છે=પુષ્પ સમવસરણમાં પાત થાય તો શું કરવું જોઈએ ? તે કહે છે —

ગાથા :-

परिसुद्धस्स उ तह पुप्फपायजोगेण दंसणं पच्छा ।
ठितिसाहणमुवबूहण हरिसाइपलोयणं चेव ।।२/२८।।

છાયા :-

परिशुद्धस्य तु तथा पुष्पपातयोगेन दर्शनं पश्चात् ।
स्थितिसाधनमुपबृंहणं हर्षादिप्रलोकनं चैव ।।२/२८।।

અન્વયાર્થ :-

उ=વળી, तह=તે પ્રકારે, पुप्फपायजोगेण=પુષ્પના પાતના યોગથી, परिसुद्धस्स=પરિશુદ્ધને=પરિશુદ્ધ એવા દીક્ષાર્થી જીવને, पच्छा=પાછળથી, दंसणं=દર્શન=સમ્યક્ત્વનું આરોપણ, ठितिसाहणं=સ્થિતિનું સાધન=સમ્યક્ત્વની મર્યાદાનો બોધ કરાવવો, उवबूहण=ઉપબૃંહણ=શ્રાવકે સમ્યક્ત્વ ઉચ્ચારવું તે રૂપ દીક્ષાનું ઉપબૃંહણ, चेव=અને, हरिसाइपलोयणं=હર્ષાદિનું પ્રલોકન. ॥૨/૨૮॥

ગાથાર્થ :-

વળી, તે પ્રકારે પુષ્પના પાતના યોગથી પરિશુદ્ધ એવા દીક્ષાર્થી જીવને પાછળથી દર્શન=સમ્યક્ત્વનું આરોપણ, સ્થિતિનું સાધન=સમ્યક્ત્વની મર્યાદાનો બોધ કરાવવો, ઉપબૃંહણ=શ્રાવકે સમ્યક્ત્વ ઉચ્ચારવું તે રૂપ દીક્ષાનું ઉપબૃંહણ અને હર્ષાદિનું પ્રલોકન. ।।૨/૨૮।।

ટીકા :-

व्याख्या–'परिसुद्धे'त्यादि । परिशुद्धस्य दीक्षोचितविशुद्धिप्राप्ततया निश्चितस्य सतो दीक्षणीयस्य तु शब्दः पुनःशब्दार्थः कथमित्याह–तथेति तथाविधः पूर्वोक्तन्यायतः समवसरणमध्यभावी यः पुष्पपातयोगः कुसुमपतनव्यापारः स तथा तेन पुष्पपातयोगेन किमित्याह–दर्शनं नयनावरणवसनापनयनेन जिनप्रतिमां प्रति तस्य दर्शनक्रियायां प्रयोजनं गुरुणा कार्यम्, पश्चादिति पुष्पपातेन तद्विशुद्धिनिश्चयानन्तरम् अथवा दर्शनमिति सम्यग्दर्शनं तस्यारोपणीयमेतदारोपणमेव च दीक्षोच्यते तत्र चावश्यकचूर्ण्यनुसारी संप्रदायोऽयम्-चैत्यवन्दनादिना तदुचितेन सर्वविरतिसामायिकारोपणक्रमेण गुरुणेदमुच्चारयितव्यं, दीक्षणीयेन चैतदेव प्रत्युच्चारयताभ्युपगन्तव्यं, तद्यथा–'अहं भंते तुम्हाणं समीवे मिच्छत्ताउ पडिक्कमामि, संमत्तं उवसंपज्जामि, नो मे कप्पइ अज्जप्पभिइं अन्नउत्थिए वा, अन्नउत्थियदेवयाणि वा अन्नउत्थियपरिग्गहियाइं अरहंतचेइयाणि वा, वंदित्तए वा नमंसित्तए वा पुव्विं अनालत्तेणं आलवित्तए वा संलवित्तए वा, तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पदाउं वा नन्नत्थ रायाभिओगेणं गणाभिओगेणं बलाभिओगेणं देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तीकंतारेणं दव्वओ खेत्तओ कालओ भावओ । दव्वओ णं दंसणदव्वाइं अंगीकाऊणं, खेत्तओ णं सव्वलोए, कालओ णं जावज्जीवाए, भावओ णं जाव गहेणं न गहिज्जामि जाव छलेणं न छलिज्जामि जाव संनिवाएण न भुंजामि (नाभिभविज्जामि) जाव केण वि परिणामवसेण एस परिणामो मे न परिवडति ताव मे एसा दंसणपडिम' त्ति । ततश्च वासप्रक्षेपपूर्वकं सर्वविरतिसामायिकारोपणे इव 'नित्थारगपारगो होहि गुरुगुणेहिं वड्ढाहि' त्ति आशिषं प्रयुञ्जते ।

अयमेवार्थोऽन्यत्राचार्येणैवमुक्तः–

'इय मिच्छाओ विरमिय सम्मं उवगम्म भणति गुरुपुरओ ।
अरहंतो निस्संगो मह देवो दक्खिणा साहु त्ति ।।१।।' **()**

ततश्च 'ठितिसाहण' त्ति दीक्षितमर्यादाकथनं कार्यम् । यथा-'अज्जप्पभिई तुब्भं अरहं देवो, साहवो गुरू, जीवाइपयत्थसद्दहाणं सम्मत्तं, नो ते कप्पति लोइयतित्थे ण्हाणदाणहुणणपिंडपयाणाई । कप्पइ पुण तिक्कालं देववंदणाइयं अणुट्ठाणं' । **() अथवा स्थितिसाधनं दीक्षासमाचारप्रकाशनं कार्यम् यथा–'भो भद्र दीक्षाप्रतिपत्तिक्रमोऽयमक्षिस्थगनपुष्पप्रक्षेपादिरिति न त्वयाऽन्यथा संभावनीयः' तथा 'उवबूहण'त्ति**

इह प्राकृतत्वेन निरनुस्वारः पाठः ततश्चोपबृंहणं तस्यानुमोदनं कार्यम् । यथा–'धन्यस्त्वं धर्माधिकारी क्षीणप्रायक्लेशः, यतो भगवतो भुवनबान्धवस्यासन्नकुसुमनिपातेन निश्चितोऽसि समासन्नकल्याण इति' अथवा–'धन्यस्त्वं येन सकलकल्याणवल्लरीकन्दकल्पा भागवती दीक्षाऽवाप्ता, तदवाप्तौ चावाप्तानि सकलकल्याणानि' ।

अपि च–

'धण्णाण निवेसिज्जति धण्णा गच्छंति पारमेयस्स ।
गंतुं इमस्स पारं पारं दुक्खाण वच्चंति ।।२।।' **[पञ्चवस्तु-१३४८] इति ।**

तथा हर्षादीनां तद्गतप्रमोदप्रभृतीनाम् आदिशब्दाद्दैन्योदासीनतादिग्रहः प्रलोकनमवलोकनं हर्षादि-प्रलोकनं तदाचार्येण मुखप्रसन्नतादिभिर्लक्षणैस्तस्य कार्यम् । किमयमेतत्समाचारदर्शने हृष्टोऽन्यथा वेत्यवगन्तव्यमित्यर्थः । चैवेति समुच्चय इति गाथार्थः ।।२/२८।।

टीकार्थ :-

परिशुद्धस्य ..... गाथार्थः ।। 'परिसुद्धेत्यादि' प्रतीक छे. परिशुद्धने=दीक्षा उचित विशुद्धिने प्राप्त थवाथी निश्चित छता दीक्षणीयने. 'तु' शब्द पुनः शब्दार्थवाळो छे.

केवी रीते परिशुद्धपणाथी निश्चित थाय ? एथी कहे छे –

तेवा प्रकारना पूर्वोक्त न्यायथी समवसरण मध्यभावि जे पुष्पना पातनो योग=पुष्पना पतननो व्यापार ते तेवो छे=पुष्पपातनो योग छे, तेना द्वारा=पुष्पपातना योग द्वारा, परिशुद्धने शुं ? एथी कहे छे. पाछळथी=पुष्पपातथी तेना विशुद्धिना निश्चय अनंतर दर्शन=नयनआवरणरूप वस्त्रना अपनयनथी जिनप्रतिमा प्रत्ये तेनी दर्शनक्रियामां प्रयोजन गुरु वडे करवुं जोईए=आवरणना अपनयनथी जिनप्रतिमानुं दर्शन गुरुए करावबुं जोईए अथवा दर्शन ए सम्यग्दर्शन तेवुं आरोपण करवुं जोईए अने आ आरोपण ज दीक्षा कहेवाय छे. त्यां=दीक्षानी विधिमां, आवश्यक चूर्णि अनुसारी आ संप्रदाय छे –

"चैत्यवंदनादि द्वारा तेना उचितथी=दीक्षाना उचितथी, सर्वविरतिसामायिकना आरोपणना क्रमथी गुरु वडे आ उच्चारण करवुं जोईए अने दीक्षणीय जीव वडे आ ज प्रतिउच्चारण करतां=मनमां जल्पाकार करतां स्वीकार करवो जोईए. ते आ प्रमाणे – "हे भगवंत ! हुं तमारी समीपे मिथ्यात्वनुं प्रतिक्रमण करुं छुं. सम्यक्त्वने स्वीकार करुं छुं अने आजथी मांडीने अन्यतीर्थिक अथवा अन्यतीर्थिक देवो अथवा अन्यतीर्थिकथी परिगृहीत अरिहंतचैत्योने वंदन करवामां नमस्कार करवा माटे मने कल्पतुं नथी. पूर्वना नहि बोलावेला साथे आलाप करवा माटे के संलाप करवा माटे कल्पतुं नथी. तेओने=परतीर्थिकोने, अशन, पान, खादिम, स्वादिम आपवा माटे अथवा अनुप्रदान करवा माटे कल्पतुं नथी. राजाभियोग, गणाभियोग, बलाभियोग, देवाभियोग, गुरुना निग्रहथी अने वृत्तिकांतारथी=आजीविकाना प्रसंगथी, अन्यत्र कल्पतुं नथी. द्रव्यथी, क्षेत्रथी, कालथी अने भावथी – द्रव्यथी दर्शन द्रव्यादिने स्वीकार करीने,

ક્ષેત્રથી સર્વલોકમાં કાલથી જાવજ્જીવ સુધી, ભાવથી જ્યાં સુધી ગ્રહથી હું ગ્રહણ ન થાઉં, જ્યાં સુધી હું છલ દ્વારા છલાઉં નહિ, જ્યાં સુધી સન્નિપાતથી હું અભિભવ ન પામું, જ્યાં સુધી કોઈ પરિણામના વશથી મારો આ પરિણામ નિવર્તન ન પામે ત્યાં સુધી મારી આ દર્શનપ્રતિમા છે" અને ત્યારપછી વાસપ્રક્ષેપપૂર્વક સર્વવિરતિસામાયિકના આરોપણની જેમ "નિસ્તાર પારગ થા, ગુરુગુણથી વૃદ્ધિ પામ" એ પ્રમાણે આશિષ અપાય છે=આશીર્વાદ અપાય છે." **(આવશ્યકચૂર્ણિ)**

આ જ અર્થ અન્યત્ર આચાર્ય વડે આ પ્રમાણે કહેવાયો છે –

"આ રીતે મિથ્યાત્વથી વિરામ પામીને સમ્યક્ત્વનો સ્વીકાર કરીને ગુરુ આગળ કહે છે. અરિહંત નિસંગ મારા દેવ છે. દક્ષિણ આવર્તોવાળા=આત્મના તત્ત્વ તરફ વળે તેવા મારા સાધુ છે. ॥૧॥" **()**

ત્યારપછી=સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી, સ્થિતિ મર્યાદાનું કથન કરવું જોઈએ=દીક્ષિતની મર્યાદાનું કથન કરવું જોઈએ. તે આ પ્રમાણે – "આજથી માંડીને તારા અરિહંત દેવ, સાધુ ગુરુ, જીવાદિ પદાર્થનું શ્રદ્ધાન, સમ્યક્ત્વ છે, તને લૌકિક તીર્થમાં સ્નાન, દાન, હવન, પિંડ પ્રદાનાદિ કલ્પતાં નથી. વળી ત્રિકાલ દેવવંદનાદિ અનુષ્ઠાન કલ્પે છે." **() અથવા સ્થિતિનું સાધન=દીક્ષાના સમાચારનું પ્રકાશન, કરવું જોઈએ. જે યથાથી બતાવે છે – "હે ભદ્ર ! આ દીક્ષા પ્રતિપત્તિનો ક્રમ આ અક્ષિસ્થગન પુષ્પપ્રક્ષેપાદિ તારા વડે અન્યથા સંભાવનીય નથી" અને ઉપબૃંહણ. અહીં=ઉપબૃંહણ શબ્દમાં, પ્રાકૃતપણું હોવાને કારણે નિરનુસ્વાર પાઠ છે અને ત્યારપછી ઉપબૃંહણ કરવું જોઈએ=તેનું અનુમોદન કરવું જોઈએ. જે આ પ્રમાણે – "તું ધન્ય છો ! ધર્મ અધિકારી ક્ષીણપ્રાયઃ ક્લેશવાળો છો. જે કારણથી ભુવનબાંધવ એવા ભગવાનના નજીક કુસુમપાતથી નિશ્ચિત થયેલ નજીકના કલ્યાણવાળો છો" અથવા "તું ધન્ય છો, જે કારણથી સકલ કલ્યાણની વલ્લરીના કંદ જેવી ભાગવતી દીક્ષા પ્રાપ્ત થઈ અને તેની પ્રાપ્તિમાં સકલ કલ્યાણો પ્રાપ્ત થયા" અને વળી** "ધન્ય જીવો નિસેવન કરે છે=દીક્ષાનું સેવન કરે છે. ધન્ય જીવો આના પારને પામે છે. આના પારને જતાં=દીક્ષાના પારને જતાં, દુઃખોના પારને પ્રાપ્ત કરે છે" **(પંચવસ્તુ-૧૩૪૮) અને હર્ષાદિનું=તદ્‌ગત પ્રમોદ વગેરેનું, આદિ શબ્દથી દૈન્ય-ઉદાસીનતા આદિનું ગ્રહણ છે, તેથી હર્ષાદિનું પ્રલોકન=અવલોકન અર્થાત્ હર્ષાદિનું પ્રલોકન, ત્યારે આચાર્યો વડે મુખપ્રસન્નતા આદિ લક્ષણો દ્વારા તેનું કરવું જોઈએ=દીક્ષિતનું કરવું જોઈએ. શું આ=દીક્ષિત જીવ આ સામાચારીના દર્શનમાં હર્ષિત થયેલો છે કે અન્યથા છે ? તે જાણવું જોઈએ. 'चैव' શબ્દ સમુચ્ચયમાં છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૨૮॥**

ભાવાર્થ :-

સમવસરણમાં પુષ્પપાત દ્વારા આ જીવ સમ્યક્ત્વસામાયિકરૂપ દીક્ષાને ઉચિત છે, તેવો નિર્ણય કરીને ગુરુ તેને જિનપ્રતિમાનાં દર્શન કરાવે અથવા સમ્યક્ત્વસામાયિક ઉચ્ચરાવે. ત્યારપછી સમ્યક્ત્વસામાયિકની જે મર્યાદા છે, તેનું તેને કથન કરે. જેથી સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી તેને શું કર્તવ્ય છે ? તેનું કથન કરે. ત્યારપછી તેની ઉપબૃંહણા કરે. તે વખતે પોતાને તત્ત્વની પ્રાપ્તિ થઈ છે તેના કારણે દીક્ષાર્થીને હર્ષ થાય છે કે હર્ષ થતો નથી, તેનું ગુરુએ અવલોકન કરવું જોઈએ; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિથી અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ થાય તો

પારમાર્થિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે, એમ કહેવાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે મેં સુદેવ, સુગુરુ અને સુધર્મના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય તે પ્રકારે પૂર્વમાં યત્ન કર્યો છે, તેવા પ્રકારનું સમ્યક્ત્વ મેં સ્વીકાર્યું છે, તેનાથી વિપરીત એવા મિથ્યાત્વનો મેં ત્યાગ કર્યો છે, આવી બુદ્ધિ થાય ત્યારપછી સમ્યક્ત્વના આચારના પાલનની પ્રતિજ્ઞા કરાય છે, જેથી તે આચારના પાલનના બળથી પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વનું રક્ષણ થાય. પરંતુ જેઓ માત્ર સમ્યક્ત્વના આચાર પાળે છે અર્થાત્ અન્યતીર્થિકોની ઉપાસના કરતા નથી, અન્ય દેવોની ઉપાસના કરતા નથી, પરંતુ જિનપ્રતિમાની પૂજા કરે છે, જૈન સાધુઓને જ ગુરુ માને છે તોપણ તત્ત્વને જાણવા માટે કોઈ યત્ન કરતા નથી કે કોઈ તેવા પ્રકારની તત્ત્વ જિજ્ઞાસા થઈ નથી, તેઓ સમ્યક્ત્વ ઉચ્ચરાવે તોપણ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી અને ન ઉચ્ચરાવે તોપણ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. માટે સમ્યક્ત્વના અર્થીએ સુદેવ, સુગુરુ અને સુધર્મનું પારમાર્થિક સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી જાણવું જોઈએ. જેઓને સૂક્ષ્મ બુદ્ધિથી સુદેવ, સુગુરુ અને સુધર્મનું સ્વરૂપ જણાયું છે, તેઓને અતિ દુષ્કર એવો પણ સંસાર સુદેવ, સુગુરુ, સુધર્મના યથાર્થ બોધથી ઉત્પન્ન થયેલ રુચિ અનુસાર સમ્યગ્ ધર્મના સેવનના બલથી સુખપૂર્વક નિસ્તાર પામી શકાય તેવો છે, તેવો બોધ થવાથી અપૂર્વ તત્ત્વની પ્રાપ્તિ કૃત હર્ષ થાય છે. તેના બલથી તે મહાત્મા પોતાને ધન્ય માને છે અને ગુરુ પણ તેના હર્ષાદિના બલથી તેને સમ્યક્ત્વ થયું છે, તેનો નિર્ણય કરે છે. **॥૨/૨૮॥**

અવતરણિકા :-

उक्तो गुरुव्यापारोऽथ शिष्यव्यापारं दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

ગુરુનો વ્યાપાર કહેવાયો=સમ્યક્ત્વરૂપ જિનદીક્ષા આપવા વિષયક ગુરુનો વ્યાપાર કહેવાયો. હવે શિષ્યના વ્યાપારને બતાવતાં કહે છે –

ગાથા :-

अह तिपयाहिणपुव्वं सम्मं सुद्धेण चित्तरयणेण ।
गुरुणोनिवेयणं सव्वहेव दढमप्पणो एत्थ ।।२/२९।।

છાયા :-

अथ त्रिप्रदक्षिणापूर्वं सम्यक् शुद्धेन चित्तरत्नेन ।
गुरोनिवेदनं सर्वथैव दृढमात्मनः अत्र ।।२/२९।।

અન્વયાર્થ :-

अह=ત્યારપછી=ગુરુ સમ્યક્ત્વાદિ ઉચ્ચરાવે ત્યારપછી, तिपयाहिणपुव्वं=ત્રણ પ્રદક્ષિણાપૂર્વક, सम्मं=સમ્યક્, सुद्धेण चित्तरयणेण=શુદ્ધ એવા ચિત્તરત્નથી, एत्थ=આ હોતે છતે=દીક્ષા અપાયે છતે, अप्पणो=આત્માને, सव्वहेव=સર્વથા જ, दढं=દૃઢ, गुरुणोनिवेयणं=ગુરુને નિવેદન કરે=ગુરુને સમર્પિત થાય. ॥૨/૨૯॥

ગાથાર્થ :-

ત્યારપછી=ગુરુ સમ્યક્ત્વાદિ ઉચ્ચરાવે. ત્યારપછી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક સમ્યક્ શુદ્ધ એવા ચિત્તરત્નથી આ હોતે છતે=દીક્ષા અપાયે છતે આત્માને સર્વથા જ દૃઢ ગુરુને નિવેદન કરે=ગુરુને સમર્પિત થાય. ।।૨/૨૯।।

ટીકા :-

વ્યાખ્યા–'अहे'त्यादि । अथोक्तविधानादनन्तरं तिसृणां प्रदक्षिणानां समाहारस्त्रिप्रदक्षिणं, तत्पूर्वं प्रथमं यत्र तत्तथा क्रियाविशेषणमिदं गुरुं त्रिः प्रदक्षिणीकृत्येत्यर्थः सम्यक् शुद्धेन=तत्त्वतो निर्मलेन, न कल्पनयेत्यर्थः, चित्तं मनस्तदेव रत्नं माणिक्यं प्रकाशस्वभावसाधर्म्याच्चित्तरत्नं तेन, गुरोर्धर्माचार्यस्य निवेदनीयं 'भवदीयोऽहं किङ्करो, यूयं मे भवोदधिनिमग्नस्य नाथाः' इत्येवं समर्पणम् सर्वथैव समस्तैरपि प्रकारैर्द्विपदचतुष्पदधनाद्यर्पणलक्षणैर्मनःप्रभृतिभिर्वा न तु कथञ्चिदनिवेदनम् दृढमत्यर्थमव्यभिचारितया कस्य निवेदनमित्याह–आत्मनः स्वस्य अत्र दीक्षायां दत्तायां सत्यामिति गाथार्थः ।।२/२९।।

ટીકાર્થ :-

अथोक्त ..... गाथार्थः ।। 'अहेत्यादि' प्रतीक छे. हवे=ઉક્ત વિધાન અનંતર, ત્રણ પ્રદક્ષિણાનો સમુદાય=ત્રણપ્રદક્ષિણા, તે પૂર્વ છે જેમાં તે તેવું છે=ત્રિપ્રદક્ષિણાવાળું છે આ=ત્રિપ્રદક્ષિણા, ક્રિયાવિશેષણ છે. ગુરુને ત્રણ પ્રદક્ષિણા કરીને એ પ્રકારનો અર્થ છે. સમ્યક્ શુદ્ધ એવા ચિત્તરત્નથી=તત્ત્વથી નિર્મળ એવા ચિત્તરત્નથી કલ્પનાથી નહિ; પરંતુ તત્ત્વથી નિર્મળ ચિત્તરત્નથી ગુરુને નિવેદન કરે એમ અન્વય છે. નિર્મલ ચિત્તરત્નને સ્પષ્ટ કરે છે. ચિત્ત મન તે જ રત્ન=માણિક્ય છે; કેમ કે પ્રકાશ સ્વભાવનું સાધર્મ્ય છે તે ચિત્તરત્ન છે તેનાથી, ગુરુને=ધર્માચાર્યને નિવેદન=તમારો હું કિંકર છું. ભવોદધિ નિમગ્ન એવા મારા તમે નાથ છો, એ પ્રમાણે સમર્પણ કરે.

કઈ રીતે સમર્પણ કરે ? એથી કહે છે –

સર્વથા=સમસ્ત પ્રકારથી=દ્વિપદ-ચતુષ્પદ-ધન-ધાન્યાદિ અર્પણ લક્ષણથી અથવા મન વગેરેથી, દૃઢ=અત્યંત અવ્યભિચારીપણાથી સમર્પણ કરે પરંતુ કોઈક રીતે અનિવેદન કરે નહિ.

કોનું નિવેદન ? એથી કહે છે –

આત્માનું નિવેદન કરે.

ક્યારે નિવેદન કરવું જોઈએ ? એથી કહે છે –

અહીં=દીક્ષા અપાયે છતે, આત્માનું નિવેદન કરવું જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૨૯।।

ભાવાર્થ :-

જે મહાત્મા સંસારના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરાવીને સંસારના નિસ્તારના ઉપાયભૂત દેવ, ગુરુ અને

ધર્મનું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે, તેવા મહાત્માઓ યોગ્ય જીવને દેવ, ગુરુ અને ધર્મનો યથાર્થ બોધ કરાવ્યા પછી તેની રુચિ દેવ, ગુરુ, ધર્મમાં સ્થિર કરવા અર્થે પ્રતિજ્ઞા આપે છે કે હું મિથ્યાત્વનો ત્યાગ કરું છું અને આ પ્રકારના સમ્યક્ત્વનો સ્વીકાર કરું છું. આવો સ્વીકાર કર્યા પછી જે ગુરુએ અપૂર્વ તત્ત્વ આપ્યું છે, તેવા ઉત્તમ ગુરુને ત્રણ પ્રદક્ષિણા કરીને શુદ્ધ ચિત્તપૂર્વક પોતાનો આત્મા સર્વથા જ સમર્પણ કરવો જોઈએ અને કહેવું જોઈએ કે 'મારું જે કાંઈ ધન-ધાન્યાદિ છે, તે સર્વ સહિત હું તમારો કિંકર છું. માટે જે રીતે મારું એકાંતહિત થાય, એ રીતે મને આદેશ આપો, જેનું પાલન કરીને હું મારું હિત સાધી શકું'. ત્યારબાદ ગુણવાન ગુરુ પણ તેની ભૂમિકાનો યથાર્થ બોધ કરીને તેને તે રીતે જ અનુશાસન આપે છે, જેથી સમર્પિત થયેલ તે મહાત્મા પણ ગુરુના સમર્પણના બળથી વિશેષ પ્રકારે કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. **॥૨/૨૯॥**

અવતરણિકા :-

अथ तदात्मनिवेदनं गुरुः प्रतिपद्यते न वा ? यदि न प्रतिपद्यते तदा न युक्तं, निष्फलत्वात्तस्येत्याशङ्क्यां परिहरन्नाह —

અવતરણિકાર્થ :-

હવે તેના આત્માનું નિવેદન ગુરુ સ્વીકારે કે નહિ ? જો ન સ્વીકારે તો યુક્ત નથી=ગુરુને નિવેદન યુક્ત નથી; કેમ કે તેનું=ગુરુને નિવેદનનું, નિષ્ફલપણું છે, એ પ્રકારની આશંકાને પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

एसा खलु गुरुभत्ती उक्कोसो एस दाणधम्मो उ ।
भावविसुद्धीए दढं इहरा विय बीयमेयस्स ।।२/३०।।

છાયા :-

एषा खलु गुरुभक्तिरुत्कर्ष एषो दानधर्मस्तु ।
भावविशुद्ध्या दृढं इतरथाऽपि च बीजमेतस्य ।।२/३०।।

અન્વયાર્થ :-

एसा खलु=આ જ, गुरुभत्ती=ગુરુભક્તિ છે. उ=વળી, भावविसुद्धीए=ભાવવિશુદ્ધિથી, दढं=દૃઢ, उक्कोसो=ઉત્કૃષ્ટ, एस=આ, दाणधम्मो=દાનધર્મ છે. इहरा विय=ઈતરથા પણ=ભાવ વિશુદ્ધિ વગર પણ, एयस्स=આનું=ઉત્કૃષ્ટ દાનધર્મનું, बीयं=બીજ છે. ॥૨/૩૦॥

ગાથાર્થ :-

આ જ ગુરુભક્તિ છે. વળી ભાવવિશુદ્ધિથી દૃઢ ઉત્કૃષ્ટ આ દાનધર્મ છે. ઈતરથા પણ=ભાવવિશુદ્ધિ વગર પણ આનું=ઉત્કૃષ્ટ દાનધર્મનું, બીજ છે. ॥૨/૩૦॥

ટીકા :-

व्याख्या—'एसे'त्यादि । यदेतद् गुरूणां सर्वथात्मनिवेदनमनन्तरोक्तमेषा इयं, खलुर्वाक्यालङ्कारेऽथवाऽवधारणे, तेनैषैव, न त्वन्यापि ।

यदाह—

'का भक्तिस्तस्य येनात्मा सर्वथा न नियुज्यते ।
अभक्तेः कार्यमेवाहुरंशेनाप्यनियोजनम् ।।१।।' [ ]

गुरुभक्तिर्धर्माचार्यबहुमानः गुरुभक्तिश्च सदा विधेया दुष्प्रतिकारत्वाद् गुरोः, तस्याश्च महार्थसाधकत्वात्, उक्तं चानन्तरोक्तार्थद्वयसंवादि—'तिण्हं दुप्पडियारं समणाउसो, तं जहा-अम्मापियरस्स गुरुस्स भट्टिस्स' **(स्थानांगसूत्र, सूत्र-१४३)**

तथा—

'गुरुभक्तेः श्रुतज्ञानं भवेत् कल्पतरूपमम् ।
लोकद्वितयभाविन्यस्ततः स्युः सर्वसम्पदः ।।१।।' [ ]

तथा उत्कृष्यत इत्युत्कर्ष उत्कृष्टः 'एस' त्ति इहोत्तरस्यैवकारार्थस्य तुशब्दस्य सम्बन्धादेष एवायमेव गुरोरात्मनिवेदनरूपो नान्यः, वस्त्वन्तरदाने हि तदेवैकं दत्तं स्यात्, आत्मदाने तु सर्वमपीत्यात्मदानधर्मस्यैवोत्कृष्टता दानधर्मो वितरणरूपं कुशलानुष्ठानं विधेयश्चासौ महार्थसाधकत्वात् ।

यदाह—

'दानात्कीर्तिः सुधाशुभ्रा दानात्सौभाग्यमुत्तमम् ।
दानात्कामार्थमोक्षाः स्युर्दानधर्मो वरस्ततः ।।१।।' [ ]

किं यथाकथञ्चिदपि आत्मनिवेदनमुत्कृष्टदानधर्मो भवति ? नेत्याह—भावविशुद्ध्या परिणामनिष्कलङ्कतया दृढमत्यन्तम् परिणामकलङ्कं च कीर्त्याद्यपेक्षेति, तर्हि भावशुद्ध्यभावे किं स्यादित्याह—'इहरा विय' त्ति इतरथाऽन्यथा भावविशुद्धिव्यतिरेकेणेत्यर्थः । अपि चेति पुनःशब्दार्थः । बीजमिव बीजं हेतुर्भवतीति द्रव्यतोऽपि सदनुष्ठानस्य प्रायो भावानुष्ठानकारणत्वादेतस्योत्कृष्टदानधर्मस्यात्मनिवेदनमिति प्रकृतम् । इति गाथार्थः ।।२/३०।।

ટીકાર્થ :-

यदेतद् ..... गाथार्थः ।। 'एसेत्यादि' प्रतीक छे. गुरुने अनंतर उक्त जे आ सर्वथा आत्मानुं निवेदन छे, ए गुरुभक्ति छे, એમ અન્વય છે. 'खलु' शब्द वाक्यालंकारमां छे अथवा अवधारणमां छे. तेथी=

ખલુ શબ્દ અવધારણમાં છે તેથી, આ જ=ગુરુને આત્માનું નિવેદન એ જ, ગુરુભક્તિ છે, અન્ય પણ નહિ. જેને કહે છે –

"તેની ભક્તિ કઈ છે ? જેના વડે સર્વથા આત્મા સમર્પિત કરતો નથી. અંશથી પણ અનિયોજન અભક્તિનું કાર્ય જ કહે છે ।।૧।।" ()

ગુરુભક્તિ=આ જ ગુરુભક્તિ છે=ધર્માચાર્યનું બહુમાન છે, અને ગુરુભક્તિ સદા કર્તવ્ય છે; કેમ કે ગુરુનું દુષ્પ્રતિકારપણું છે=ગુરુના ઉપકારનો પ્રત્યુપકાર થઈ શકે તેમ નથી, અને તેનું=ગુરુભક્તિનું, મહાઅર્થસાધકપણું છે અને અનંતરમાં કહેવાયેલા અર્થદ્વયનું સંવાદિ કહેવાયું છે=ગુરુનું દુષ્પ્રતિકારપણું છે અને ગુરુભક્તિ મહાર્થસાધક છે તેને કહેનારું સંવાદિ વચન બતાવે છે –

"હે શ્રમણ ! આયુષ્યમાન ત્રણ દુષ્પ્રતિકાર છે, તે આ પ્રમાણે – માતા-પિતાનો, ગુરુનો અને ભટ્ટીનો=સ્વામિનો દુષ્પ્રતિકાર છે" ()

અને

"ગુરુભક્તિથી કલ્પતરુરૂપ શ્રુતજ્ઞાન થાય છે. તેનાથી=શ્રુતજ્ઞાનથી, લોકદ્વિતયભાવી=આલોક અને પરલોકભાવી, સર્વ સંપત્તિઓ થાય છે. ।।૧।।" ()

અને ઉત્કર્ષ કરાય છે એ ઉત્કર્ષ=ઉત્કૃષ્ટ, અહીં ઉત્તરના 'એવકાર' અર્થવાળા 'તુ' શબ્દનો સંબંધ હોવાથી આ જ=ગુરુના નિવેદનરૂપ આ જ, ઉત્કૃષ્ટ દાનધર્મ છે, એમ અન્વય છે. અન્ય નથી 'હિ'=જે કારણથી, વસ્તુ અંતરના દાનમાં તે જ એક અપાયેલું થાય. વળી, આત્મદાનમાં સર્વ પણ અપાયેલું થાય. એથી આત્મદાનધર્મની ઉત્કૃષ્ટતા છે. દાનધર્મ વિતરણરૂપ કુશલ અનુષ્ઠાન છે અને આ વિધેય છે; કેમ કે મહાર્થસાધકપણું છે. જેને કહે છે –

"દાનથી સુધા જેવી શુભ્ર કીર્તિ થાય છે. દાનથી શ્રેષ્ઠતર સોભાગ્ય થાય છે. દાનથી કામ, અર્થ અને મોક્ષ થાય છે. તેથી દાનધર્મ શ્રેષ્ઠ છે. ।।૧।।" ()

શું યથાકથંચિદ્ આત્મનિવેદન ઉત્કૃષ્ટ દાનધર્મ થાય ? 'નહિ' એ પ્રમાણે કહે છે. દૃઢ=અત્યંત, ભાવવિશુદ્ધિથી=પરિણામના નિષ્કલંકપણાથી, ઉત્કૃષ્ટ દાનધર્મ થાય છે, એમ અન્વય છે. અને પરિણામનું કલંક-કીર્તિ આદિની અપેક્ષા છે=કીર્તિ આદિની અપેક્ષાથી ગુરુને નિવેદન પરિણામની અશુદ્ધિ છે. તો ભાવવિશુદ્ધિના અભાવમાં, શું થાય ? એથી કહે છે. ઇતરથા=ભાવવિશુદ્ધિના વ્યતિરેકથી, બીજ=હેતુ, થાય છે. 'अपि च' શબ્દ પુનઃ અર્થમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે વળી ભાવવિશુદ્ધિ વગર આત્મનિવેદન આનું=ઉત્કૃષ્ટ દાનધર્મનું, બીજની જેમ બીજ થાય છે; કેમ કે દ્રવ્યથી પણ સદ્અનુષ્ઠાનનું પ્રાયઃ ભાવઅનુષ્ઠાનનું કારણપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૦।।

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં કહ્યું કે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી ગુરુને પોતાના આત્માનું સમર્પણ કરવું જોઈએ. ત્યાં બે વિકલ્પ થાય. (૧) ગુરુ આત્માનું નિવેદન સ્વીકારે છે કે (૨) ગુરુ આત્માનું નિવેદન સ્વીકારતા નથી.

જો ગુરુ આત્માનું નિવેદન સ્વીકારે નહિ તો તે સમર્પણ નિષ્ફળ કેમ નથી ? તે પ્રથમ બતાવવા અર્થે કહે છે –

જે મહાત્માને ગુણવાન ગુરુ પાસેથી સુદેવ, સુગુરુ અને સુધર્મના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મ બોધ થયો છે, તે મહાત્માને સ્પષ્ટ નિર્ણય થાય છે કે ભવસમુદ્રમાં ડૂબતા મારા આત્માને આ મહાત્માએ બચાવેલ છે. તેમણે મારું રક્ષણ કર્યું છે, તેથી તેમના ઉપકારનો બદલો હું કોઈપણ વાળી શકું તેમ નથી માટે તેમના ઉપકારનું સ્મરણ કરીને મારે પોતાના આત્માનું સર્વસ્વ સર્વથા તેમને સમર્પણ કરવું જોઈએ. આ રીતે ગુણવાન ગુરુને જે મહાત્મા પોતાનો આત્મા સર્વથા સમર્પિત કરે છે તેને ગુરુભક્તિના પ્રસાદથી ભગવાનના વચનનાં સૂક્ષ્મ રહસ્યોની પ્રાપ્તિ થાય છે, જે આલોકમાં અને પરલોકમાં હિતની પરંપરાનું એક કારણ બને છે. વળી, ગુણવાન ગુરુને સર્વ અંશથી સમર્પિત થવાથી ચાર પ્રકારના ધર્મમાંથી દાનધર્મનું ઉત્કૃષ્ટ સેવન થાય છે; કેમ કે ગુણવાન પુરુષના ગુણના સ્મરણપૂર્વક કોઈક એક વસ્તુનું દાન કરવામાં આવે ત્યારે તે ગુણો પ્રત્યેની ભક્તિને કારણે તે એક વસ્તુના દાનથી ઘણી નિર્જરા થાય છે તોપણ તે ઉત્કૃષ્ટ દાન નથી; જ્યારે સર્વ સંપત્તિથી યુક્ત પોતાના આત્માને ગુરુને સમર્પિત કરે છે ત્યારે ગુણવાન ગુરુ પ્રત્યેના ગુણોના સ્મરણ-પૂર્વક તેમના પ્રત્યે વધતો જતો બહુમાનનો ભાવ પણ ઉત્કર્ષવાળો થાય છે, જેથી સંપૂર્ણ અંશથી પોતાનો આત્મા સમર્પિત કરાય છે માટે તે ઉત્કૃષ્ટ દાન છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈ શ્રાવક આ રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ગુરુને આત્માનું નિવેદન કરે, એટલા માત્રથી ઉત્કૃષ્ટ દાન થાય છે કે અન્ય કોઈ વિશેષતા છે ? એથી કહે છે –

અત્યંત ભાવવિશુદ્ધિથી ગુરુને સમર્પિત થાય તો ઉત્કૃષ્ટ દાનધર્મ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગુરુ પાસેથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જેને હૈયામાં થાય કે આ મહાત્માએ મારા ઉપર જે ઉપકાર કર્યો છે, તેનો પ્રત્યુપકાર કરવો મારા માટે શક્ય નથી; તોપણ આવા ઉત્તમ પુરુષને માટે સર્વ શક્તિથી સમર્પિત થવું જોઈએ કે જેથી મારા કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય. આ પ્રકારના સુવિશુદ્ધ ભાવથી ગુણવાન ગુરુને પરતંત્ર થવું તે તેઓના શ્રેષ્ઠ ગુણો પ્રત્યે બહુમાનની વૃદ્ધિથી યુક્ત એવો ઉત્કૃષ્ટ દાનધર્મ છે; કેમ કે આનાથી ઉત્કૃષ્ટ અન્ય કોઈ પ્રકારનું દાન સંભવી શકે નહિ. જે મહાત્મા આ રીતે ગુરુને સમર્પિત થાય તે મહાત્માને તે ગુરુ પાસેથી અવશ્ય કલ્પવૃક્ષ જેવું શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી જગતમાં 'ગુણવાન ગુરુને આ પરતંત્ર છે' તેવી સુંદર કીર્તિ વર્તે છે તથા તે શ્રેષ્ઠ દાનના ફળરૂપે તે મહાત્માને અર્થ, કામ અને મોક્ષ ત્રણેય પુરુષાર્થો આ ભવમાં અને પરભવમાં સુખની પરંપરાની વૃદ્ધિ દ્વારા અવશ્ય પ્રાપ્ત થાય છે.

વળી જેઓને ગુણવાન ગુરુ પ્રત્યે બહુમાન થાય છે, છતાં તેવો સૂક્ષ્મ બોધ નથી કે જેથી અત્યંત ભાવ-વિશુદ્ધિને પ્રાપ્ત કરી શકે તોપણ ઓઘથી ગુણવાન ગુરુને પરતંત્ર થવાનો પરિણામ છે, તેઓને તે દાનધર્મ ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ છે; કેમ કે તે મહાત્મા કલ્યાણના અર્થે ગુણવાન ગુરુને પોતાનું આત્મસમર્પણ કરે છે તથા કઈ રીતે પરમાર્થથી સમર્પણ કરવું જોઈએ ? તેવો સૂક્ષ્મ બોધ ન હોવા છતાં સદ્અનુષ્ઠાનના રાગથી કરાયેલું સમર્પણ સદ્અનુષ્ઠાનનું કારણ બને તેવું હોવાથી નિષ્ફળ નથી. તેથી ગુરુ સમર્પણનો સ્વીકાર ન કરે તોપણ સમર્પણ કરનારને અવશ્ય લાભ થાય છે; પરંતુ તે સમર્પણની ક્રિયા નિષ્ફળ નથી. **॥૨/૩૦॥**

અવતરણિકા :-

કથમિદં ભાવવિશુદ્ધ્યભાવપૂર્વકમાત્મનિવેદનમુત્કૃષ્ટદાનધર્મબીજં ભવતીત્યાહ –

અવતરણિકાર્થ :-

ભાવવિશુદ્ધિના અભાવપૂર્વક આ આત્માનું નિવેદન ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ કેવી રીતે થાય છે ? તેથી કહે છે –

ગાથા :-

जं उत्तमचरियमिणं सोउं पि अणुत्तमा ण पारेन्ति ।
ता एयसगासाओ य पगरिसो होइ एयस्स ।।२/३१।।

છાયા :-

यदुत्तमचरितमिदं श्रोतुमपि अनुत्तमा न पारयन्ति ।
तद् एतत्सकाशाद् तु उत्कर्षो भवति एतस्य ।।२/३१।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, इणं=આ, उत्तमचरियं=ઉત્તમ ચરિત્ર, अणुत्तमा=અનુત્તમ જીવો, सोउं पि=સાંભળવા માટે પણ, पारेन्ति ण=સમર્થ નથી. ता=તે કારણથી, एयसगासाओ=આનાથી=ભાવવિશુદ્ધિ રહિત એવા આત્મનિવેદનથી, एयस्स=આનો=દાનધર્મનો, पगरिसो=ઉત્કર્ષ, होइ य=થાય જ છે. ।।२/३१।।

ગાથાર્થ :-

જે કારણથી આ ઉત્તમ ચરિત્ર અનુત્તમ જીવો સાંભળવા માટે પણ સમર્થ નથી, તે કારણથી આનાથી=ભાવવિશુદ્ધિ રહિત એવા આત્મનિવેદનથી, આનો=દાનધર્મનો, ઉત્કર્ષ થાય જ છે. ।।२/३१।।

ટીકા :-

व्याख्या–'जं उत्तमे'त्यादि । यद्यस्मात्कारणात् उत्तमचरितं=सत्पुरुषचेष्टितम् इदमनन्तरदर्शितमात्मनिवेदनम् श्रोतुमप्याकर्णयितुमपि, आस्तामनुष्ठातुम् अनुत्तमा असत्पुरुषाः न पारयन्ति=न शक्नुवन्ति, तथाविधवीर्यरहितत्वात्तेषाम् तत्तस्मात्कारणादेतत्सकाशादेतस्माद् भावविशुद्धिविरहविहितोत्तमपुरुषचरितरूपात्मनिवेदनादवधेः तुशब्द एवकारार्थः तत्प्रयोगं च दर्शयिष्यामः, प्रकर्ष=उत्कर्षो, भवत्येव=जायत एव एतस्यानन्तरगाथोक्तदानधर्मस्य । इदमुक्तं भवति–यद्यप्यात्मनिवेदनरूपो दानधर्मो विशुद्धभावाभावे विधीयमानोऽनुत्कृष्टो भवति तथाप्युत्तमचरितरूपत्वात्तस्योत्कृष्टतानिमित्तभूताया भावविशुद्धेर्जनकत्वा-

दुत्कृष्टदानधर्मबीजं भवतीति, अतः साधूक्तं – 'इहरा विय बीयमेयस्स' त्ति अतो गुरुणाऽप्रतिपन्नत्वेऽपि न निष्फलतात्मनिवेदनस्येति गाथार्थः ।।२/३१।।

ટીકાર્થ :-

यद्यस्मात् ..... गाथार्थः ।। 'जं उत्तमेत्यादि' પ્રતીક છે. જે કારણથી ઉત્તમ ચરિત્ર=સત્પુરુષચેષ્ટિત, આ=અનંતર દર્શિત આત્માનું નિવેદન, સાંભળવા માટે પણ અર્થાત્ અનુષ્ઠાન કરવા માટે તો દૂર રહો, પરંતુ સાંભળવા માટે પણ અનુત્તમ=અસત્ પુરુષો, સમર્થ થતા નથી; કેમ કે તેઓનું=અસત્ પુરુષોનું, તેવા પ્રકારનું વીર્યરહિતપણું છે, તે કારણથી આનાથી=ભાવવિશુદ્ધિ રહિત ઉત્તમ પુરુષ ચરિતરૂપ આત્મનિવેદનની અવધિથી, આનો=અનંતર ગાથામાં કહેવાયેલા દાનધર્મનો, પ્રકર્ષ થાય જ છે. 'तु' શબ્દ 'एवकार' અર્થવાળો છે અને તેનો પ્રયોગ અમે બતાવીશું. આ કહેવાયેલું થાય છે – જોકે વિશુદ્ધ ભાવના અભાવમાં કરાતો આત્મનિવેદનરૂપ દાનધર્મ અનુત્કૃષ્ટ થાય છે તોપણ તેનું ઉત્તમ ચરિત્રરૂપપણું હોવાથી ઉત્કૃષ્ટના નિમિત્તભૂત એવા ભાવવિશુદ્ધિનું જનકપણું હોવાથી ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ થાય છે. આથી જ સુંદર કહેવાયું – 'ઇતરથા પણ આનું બીજ છે' એ પ્રમાણે ગાથા-૩૦માં કહેવાયું. આથી ગુરુ વડે અસ્વીકારપણામાં પણ આત્મનિવેદનની નિષ્ફળતા નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૧।।

ભાવાર્થ :-

ગુણસંપન્ન ગુરુ જે જીવોને સંસારની નિર્ગુણતાનો બોધ કરાવ્યા પછી સંસારરૂપી સમુદ્રને તરવાનો ઉપાય સુદેવ, સુગુરુ અને સુધર્મની સ્થિર શ્રદ્ધા છે, તેવો સૂક્ષ્મ બોધ કરાવે છે તથા તેવો બોધ કરાવીને સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે. ત્યારપછી સમ્યક્ત્વને પ્રાપ્ત થયેલ તે મહાત્માએ અવશ્ય ગુરુને આત્મસમર્પણ કરવું જોઈએ. જે મહાત્માને ગુરુના વચનથી સુદેવ, સુગુરુ અને સુધર્મની યથાર્થ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ થયું છે, તે મહાત્મા ભાવશુદ્ધિના પ્રકર્ષથી અવશ્ય આત્મનિવેદન કરે અર્થાત્ ગુરુને કહે કે 'આ ધનાદિ કે પુત્ર-પરિવારાદિ જે કાંઈ મારાં છે, તે સહિત હું તમને સમર્પિત થાઉં છું માટે આ સંસારસમુદ્રથી તમે મારો ઉદ્ધાર કરો'. ગુરુ પણ તેની યોગ્યતા જાણીને જે ઉચિત હોય તેનો સ્વીકાર કરે તથા જે અનુચિત હોય તેનો સ્વીકાર ન કરે. જેમ ધન-ધાન્યાદિનો ગુરુ સ્વીકાર કરે નહિ અને તે શ્રાવક કે તેના પુત્રાદિ ગુરુના વચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવા તૈયાર થાય તો તેની ભૂમિકાનુસાર ઉચિત અનુશાસન આપવાનો ગુરુ સ્વીકાર કરે છે અને એ પ્રકારે તેના પુત્રાદિ સમર્પિત ન હોય તો તેમનો પણ અસ્વીકાર કરે.

વળી સમ્યક્ત્વ ઉચ્ચરાવનાર શ્રાવક પણ પોતાનું નિવેદન કરે ત્યારે ગુરુને ઉચિત જણાય તો તેનો સ્વીકાર કરે અને ગુરુ તેનો સ્વીકાર કરે તો અવશ્ય પ્રસંગે પ્રસંગે તેને ઉચિત અનુશાસન આપીને સંસારથી નિસ્તાર કરવાનો પ્રયત્ન કરે. પરંતુ જો આત્મનિવેદન કરનાર શ્રાવક પણ તે પ્રકારના વિશેષ પરિણામવાળો ન જણાય કે જેથી તેને અનુશાસન આપીને ગુરુ તેનો નિસ્તાર કરી શકે, તો તેનો પણ સ્વીકાર ગુરુ ન કરે.

અમુક જીવો આવા પ્રકારના વિશેષ ભાવ વગર પણ સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી ગુરુને આત્માને નિવેદન કરે છે, તે બતાવતાં કહે છે –

જે ગુણવાન ગુરુ પાસેથી સંસારના નિસ્તારનો માર્ગ પ્રાપ્ત થયો છે, તેને પોતાની સર્વ સમૃદ્ધિથી આત્માનું નિવેદન કરવું તે ઉત્તમ ચરિત્ર છે. આવું ઉત્તમ ચરિત્ર અયોગ્ય જીવોને સાંભળવા માટે પણ પ્રાપ્ત થતું નથી અર્થાત્ કોઈ મહાત્મા માર્ગાનુસારી બોધ કરાવવા માટે તેવું કથન કરે તોપણ તેઓને પ્રીતિપૂર્વક તે વચનો સાંભળવાં ગમતાં નથી, તેથી અનુત્તમ જીવો ક્યારેય પણ તેવું અનુષ્ઠાન કરી શકતા નથી, પરંતુ પોતાના વિકલ્પોરૂપ મતિથી દૂષિત મતિવાળા તેઓ હોય છે અર્થાત્ તેઓ વિચારે છે કે આ રીતે ગુરુને સમર્પિત થવાનું શું પ્રયોજન છે ? તેથી તુચ્છ મતિવાળા જીવો ક્યારેય પણ ગુણવાન ગુરુને પરતંત્ર થાય તેવી સુંદર બુદ્ધિવાળા થતા નથી.

કોઈ યોગ્ય જીવને ઓઘથી પણ તેવો ભાવ થાય કે આ મહાત્મા સંસારથી સ્વયં ઉત્તીર્ણ થાય છે અને યોગ્ય જીવોને સંસારથી નિસ્તાર કરે તેવા છે માટે મારી સર્વ સમૃદ્ધિથી હું તેને સમર્પિત થાઉં. આમ છતાં ભાવથી ગુણવાન ગુરુને સંપૂર્ણ સમર્પિત થાય, તેવી તેની પાસે ચિત્તની વિશુદ્ધિ નથી. તેથી મારે ગુણવાનને પરતંત્ર થવું છે, તેવી સામાન્ય બુદ્ધિથી પણ તે આત્માને નિવેદન કરે છે, જે ભાવવિશુદ્ધિનું જનક હોવાથી ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ થાય છે. ફક્ત પારમાર્થિક ગુરુના સ્વરૂપના બોધપૂર્વક અને સુદેવ, સુગુરુ અને સુધર્મનો જેમણે યથાર્થ બોધ કરાવ્યો છે, તેવા ગુણવાન ગુરુ પાસેથી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી યોગ્ય જીવને નિર્ણય હોય છે કે આ ગુરુ તદ્દન નિઃસ્પૃહી છે. તેથી હું તેમને સમર્પિત થઈને તેમના અનુશાસનના બળથી સંસારથી નિસ્તાર પામું તે આશયથી તે સમર્પિત થાય. જો તેનું સમર્પણ ભાવવિશુદ્ધિપૂર્વકનું હોય તો તે ગુણવાન ગુરુ તેની ભૂમિકા અનુસાર પંચાચારના પાલનનો ઉચિત ઉપદેશ આપે છે, જેથી તેનામાં શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય છે અને ભાવથી સમર્પિત થાય, તેવું ન જણાય તો ઓઘથી પણ તેના શુભભાવને અનુરૂપ તે જીવને લાભ થાય છે. તેથી જ્યારે વિવેક પ્રગટ થશે ત્યારે ભાવવિશુદ્ધિપૂર્વક સમર્પણ પ્રાપ્ત થશે. ગુરુને શુભભાવપૂર્વક કરાયેલું આત્મનિવેદન ભાવવિશુદ્ધિનું જનક છે. માટે ઉત્કૃષ્ટ દાનધર્મનું બીજ છે, તેમ ગ્રંથકારશ્રીએ કહેલ છે. **॥૨/૩૧॥**

અવતરણિકા :-

अथ यदि तदात्मनिवेदनं गुरुः प्रतिपद्यते, तदाधिकरणदोषो गुरोः स्यादित्याशङ्कां परिहरन्नाह —

અવતરણિકાર્થ :-

હવે જો આત્મનિવેદન ગુરુ સ્વીકારે તો અધિકરણ દોષ ગુરુને પ્રાપ્ત થાય, એ પ્રકારની આશંકાનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

गुरुणो वि णाहिगरणं ममत्तरहियस्स एत्थ वत्थुंमि ।
तब्भावसुद्धिहेउं आणाएइ पयट्टमाणस्स ।।२/३२।।

છાયા :-

गुरोरपि नाधिकरणं ममत्वरहितस्य अत्र वस्तुनि ।
तद्भावशुद्धिहेतुम् आज्ञया प्रवर्तमानस्य ।।२/३२।।

અન્વયાર્થ :-

तब्भावसुद्धिहेउं=તેના ભાવની વિશુદ્ધિના હેતુથી=આત્મનિવેદન કરનારા જીવની ભાવવિશુદ્ધિના હેતુથી, आणाएइ=આજ્ઞા વડે, पयट्टमाणस्स=પ્રવર્તમાન, एत्थ वत्थुंमि=આ વસ્તુમાં, ममत्तरहियस्स गुरुणो= મમત્વરહિત ગુરુને=દીક્ષિતથી સમર્પિત વસ્તુમાં મમત્વરહિત એવા ગુરુને, वि=પણ, अहिगरणं ण=અધિકરણ નથી=અધિકરણરૂપ દોષની પ્રાપ્તિ નથી. ।।૨/૩૨।।

ગાથાર્થ :-

તેના ભાવની વિશુદ્ધિના હેતુથી=આત્મનિવેદન કરનારા જીવની ભાવવિશુદ્ધિના હેતુથી આજ્ઞા વડે પ્રવર્તમાન આ વસ્તુમાં મમત્વરહિત ગુરુને=દીક્ષિતથી સમર્પિત વસ્તુમાં મમત્વરહિત એવા ગુરુને, પણ અધિકરણ નથી=અધિકરણરૂપ દોષની પ્રાપ્તિ નથી. ।।૨/૩૨।।

ટીકા :-

व्याख्या—'गुरुणो' इत्यादि । गुरोरपि न केवलं दीक्षितस्यात्मनिवेदननिष्फलत्वलक्षणो दोषोऽभिहितयुक्तेर्न भवति, धर्माचार्यस्यापि न नैव अधिक्रियते दुर्गतावनेनात्मेत्यधिकरणम् दीक्षितेनात्मनि निवेदिते परिग्रहारंभानुमतिरूपो दोषो भवतीति गम्यते किंभूतस्येत्याह—ममत्वरहितस्य निःसङ्गस्य क्वेत्याह—अत्रैतस्मिन्ननन्तरोक्ते वस्तुनि=पदार्थे दीक्षितसत्त्वतदीयापत्यवित्तादिरूपे, पुनः किंभूतस्येत्याह— प्रवर्तमानस्य=व्याप्रियमाणस्य । कया ? आज्ञया=आप्तोपदेशेन । किमर्थं ? तद्भावशुद्धिहेतुं=दीक्षितसत्त्वपरिणामविशोधनहेतोः एवं हि प्रवृत्तौ तस्य भावशुद्धिरुपजायत इति । एवं चेहानुमानप्रयोगो यदुत—दीक्षितात्मनिवेदनं गुरोरधिकरणं न भवति, ममत्वरहितत्वात्, शरीरादिवदिति दृष्टान्तोऽभ्यूह्यः । न च ममत्वरहितत्वमसिद्धं, तदुपकारायाज्ञया प्रवृत्तत्वाच्चारित्रोपकाराय भोजनादाविवेति गाथार्थः ।।२/३२।।

ટીકાર્થ :-

गुरोरपि ..... गाथार्थः ।। 'गुरुणो इत्यादि' પ્રતીક છે. ગુરુને પણ=કેવળ દીક્ષિતનું આત્મનિવેદન નિષ્ફલત્વ લક્ષણ દોષ અભિહિત યુક્તિથી નથી પરંતુ ગુરુને પણ=ધર્માચાર્યને પણ, નથી. દુર્ગતિમાં આત્મા આના દ્વારા અધિકારી થાય છે એ અધિકરણદીક્ષિત વડે=સમ્યક્ત્વને આપીને દીક્ષા અપાયેલ શ્રાવક વડે, આત્માના નિવેદનમાં પરિગ્રહ અને આરંભની અનુમતિરૂપ દોષ નથી જ થતો. ગાથામાં 'भवति' એ અધ્યાહાર છે.

કેવા પ્રકારના ગુરુને અધિકરણરૂપ દોષ થતો નથી ? એથી કહે છે – મમત્વરહિતને=નિઃસંગના પરિણામવાળા ગુરુને અધિકરણરૂપ દોષ થતો નથી, એમ અન્વય છે.

ક્યાં મમત્વરહિત છે ? એથી કહે છે –

અહીં=આ અનંતર ઉક્ત વસ્તુમાં=પદાર્થમાં=દીક્ષિત સત્ત્વ અને તેના પુત્ર-વિત્તાદિ રૂપ પદાર્થમાં, મમત્વરહિત ગુરુને અધિકરણ થતું નથી, એમ અન્વય છે.

વળી કેવા પ્રકારના ગુરુને અધિકરણ થતું નથી ? એથી કહે છે –

પ્રવર્તમાન=વ્યાપાર કરતા ગુરુને,

શેનાથી પ્રવર્તમાન ? એથી કહે છે –

આજ્ઞાથી=આપ્તના ઉપદેશથી, પ્રવર્તમાન ગુરુને અધિકરણ થતું નથી, એમ અન્વય છે.

શેના માટે આજ્ઞાથી પ્રવર્તમાન છે ? એથી કહે છે –

તેના ભાવવિશુદ્ધિના હેતુથી=દીક્ષિત જીવના પરિણામની વિશુદ્ધિના હેતુથી, આજ્ઞા વડે પ્રવર્તમાન ગુરુને અધિકરણ થતું નથી, એમ અન્વય છે. 'હિ'=જે કારણથી, આ રીતે=પોતાને સમર્પિત જીવના પરિણામના વિશુદ્ધિના હેતુથી પ્રવૃત્તિ હોતે છતે, તેમને=ગુરુને, ભાવવિશુદ્ધિ થાય છે અને આ રીતે અનુમાનનો પ્રયોગ છે. જે 'યદુત' થી બતાવે છે – દીક્ષિતનું આત્મનિવેદન ગુરુને અધિકરણ નથી; કેમ કે શરીરાદિની જેમ મમત્વરહિતપણું છે. શરીરાદિની જેમ એ દૃષ્ટાંત જાણવું અને મમત્વરહિતપણું અસિદ્ધ નથી; કેમ કે તેના ઉપકાર માટે=દીક્ષિતના ઉપકાર માટે, આજ્ઞાથી પ્રવૃત્તપણું છે. જેમ ચારિત્રના ઉપકાર માટે ભોજનાદિમાં પ્રવૃત્ત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૩૨॥

ભાવાર્થ :-

જે ગુરુ સંસારથી અત્યંત વિરક્ત છે અને માત્ર મોક્ષના અર્થી છે તથા યોગ્ય જીવોને સન્માર્ગ બતાવે છે વળી તત્ત્વને સન્મુખ થયેલા યોગ્ય જીવને સુદેવ-સુગુરુ-સુધર્મનું યથાર્થ સ્વરૂપ બતાવીને મિથ્યાત્વનું વમન કરાવે છે અને સમ્યક્ત્વનું આરોપણ કરે છે. તે જીવ સમ્યક્ત્વ પામ્યા પછી આવા નિઃસ્પૃહી સુગુરુને પોતાની સર્વ સંપત્તિ સહિત પોતાના આત્માનું સમર્પણ કરે ત્યારે તે જીવની યોગ્યતા જણાય તો તે ગુરુ તે જીવનો સ્વીકાર કરે છે અર્થાત્ હવે પછી હું તને ઉચિત અનુશાસન આપીને સન્માર્ગમાં પ્રવૃત્તિ કરાવીશ, તે પ્રકારે તેના આત્મનિવેદનનો સ્વીકાર કરે છે. તે વખતે નિઃસ્પૃહી એવા તે મુનિને તે શ્રાવકના સમર્પણ પ્રત્યે કોઈ મમત્વ નથી કે આ મારા પ્રત્યે ભક્તિવાળો છે અને 'હું કહીશ' એ પ્રમાણે સર્વ કરશે તેવું મમત્વ નથી, ફક્ત ભગવાનની આજ્ઞા છે કે 'યોગ્ય જીવ સમર્પિત થાય તો તેને ઉચિત અનુશાસન આપીને તેનો જે રીતે નિસ્તાર થાય તે રીતે યત્ન કરવો જોઈએ.' તેથી આવા શુભાશયથી જે ગુરુ સમર્પિત એવા તે શ્રાવકનો સ્વીકાર કરે તો તે અધિકરણરૂપ બનતું નથી. જેમ શરીર પ્રત્યેના મમત્વ વગરના તે ગુરુને શરીર અધિકરણ થતું નથી, તેમ તે શ્રાવક પ્રત્યે, તેના પુત્રાદિ પ્રત્યે કે તેનાં ધન-સંપત્તિ પ્રત્યે જેમને કોઈ મમત્વ

નથી, માત્ર સમર્પણ થવા માટે તત્પર થયેલા જીવનું હિત કઈ રીતે થાય ? તેવી બુદ્ધિથી તેનો સ્વીકાર કરે તો ગુરુને પરિગ્રહની પ્રાપ્તિ રૂપ અધિકરણદોષની પ્રાપ્તિ નથી. જેમ સુસાધુ ચારિત્રના ઉપકાર માટે ભોજનાદિ કરે છે, ત્યારે દેહ પ્રત્યે મમત્વ નથી, પરંતુ ચારિત્રની વૃદ્ધિનો શુભાશય વર્તે છે માટે તે ભોજન અધિકરણ બનતું નથી તેમ તે યોગ્ય જીવના ભાવવિશુદ્ધિના હેતુથી ગુરુ તેનો સ્વીકાર કરે ત્યારે ગુરુને માટે તે શ્રાવક અને તેની સંપત્તિ પરિગ્રહરૂપ અધિકરણ બનતી નથી. **॥૨/૩૨॥**

અવતરણિકા :-

एवं दीक्षाविधिं परिसमाप्य दीक्षितोपदेशं प्रत्याचार्यस्योपदेशमाह –

અવતરણિકાર્થ :-

આ રીતે દીક્ષા વિધિની પરિસમાપ્તિ કરીને દીક્ષા લેનાર પ્રત્યે આચાર્યના ઉપદેશને કહે છે=દીક્ષિતને આચાર્ય કેવો ઉપદેશ આપે ? તે કહે છે –

ગાથા :-

णाऊण य तब्भावं जह होइ इमस्स भाववुड्ढि त्ति ।
दाणादुवदेसाओ अणेण तह एत्थ जइयव्वं ।।२/३३।।

છાયા :-

ज्ञात्वा च तद्भावं यथा भवति अस्य भाववृद्धिरिति ।
दानाद्युपदेशादनेन तथा अत्र यतितव्यम् ।।२/३३।।

અન્વયાર્થ :-

य=અને, एत्थ=અહીં=દીક્ષા અપાયે છતે, तब्भावं णाऊण=તેના ભાવને જાણીને=સમ્યક્ત્વરૂપ દીક્ષા ગ્રહણ કરનારા જીવના ભાવને જાણીને, इमस्स=આની=દીક્ષિતની, भाववुड्ढि=ભાવવૃદ્ધિ, जह=જે પ્રમાણે, होइ=થાય છે, तह=તે પ્રકારે, अणेण=આના દ્વારા=ગુરુ દ્વારા, दाणादुवदेसाओ=દાનાદિ ઉપદેશમાં, जइयव्वं=યત્ન કરાવો જોઈએ. त्ति સમાપ્તિ અર્થે છે. ॥૨/૩૩॥

ગાથાર્થ :-

અને અહીં-દીક્ષા અપાયે છતે તેના ભાવને જાણીને=સમ્યક્ત્વરૂપ દીક્ષા ગ્રહણ કરનારા જીવના ભાવને જાણીને આની=દીક્ષિતની ભાવવૃદ્ધિ જે પ્રમાણે થાય છે, તે પ્રકારે આના દ્વારા=ગુરુ દ્વારા દાનાદિ ઉપદેશમાં યત્ન કરાવો જોઈએ. ॥૨/૩૩॥

ટીકા :-

વ્યાખ્યા–'णाऊणे'त्यादि । ज्ञात्वा च=विज्ञाय पुनः तद्भावं दीक्षितपरिणाममाकारादिभिः यदाह –

'आकारैरिङ्गितैर्गत्या चेष्टया भाषणेन च ।
नेत्रवक्त्रविकारैश्च गृह्यतेऽन्तर्गतं मनः ।।१।।' [ ]

यथा=येन प्रकारेण, भवति=जायते 'इमस्स' त्ति अस्य=दीक्षितस्य धर्मवृद्धिः=दीक्षार्थसमृद्धिः, इतिशब्दः समाप्तौ तस्य च 'जइयव्वं' इत्यत्र गाथान्ते प्रयोगः । दानादीनां=वितरणप्रभृतीनाम् आदिशब्दाद्गुरुसेवातपःप्रभृतीनां चोपदेशः प्रवर्तनमादिर्यस्य कुसंसर्गनिषेधादेः स तथा तत्र दानाद्युपदेशादौ अनेन=दीक्षाचार्येण तथा=तेन प्रकारेण अत्र=दीक्षायां दत्तायां सत्याम् यतितव्यं=यत्नो विधेयः तत्र=दानोपदेशो गुरुसेवोपदेशश्च यथा

'न्यायात्तं स्वल्पमपि हि भृत्यानुपरोधतो महादानं ।
दीनतपस्व्यादौ गुर्वनुज्ञया दानमन्यत्तु ।।१।। **[षोडशक ५/१३]**
एवं गुरुसेवादि च काले सद्योगविघ्नवर्जनया ।
इत्यादि कृत्यकरणं लोकोत्तरतत्त्वसंप्राप्त्यै ।।२।।' **[षोडशक ५/१५] इति गाथार्थः ।।२/३३।।**

टीकार्थ :-

ज्ञात्वा ..... गाथार्थः ।। 'णाऊणेत्यादि' प्रतीक छे. वळी तेना भावने=आकारादि वडे दीक्षितना परिणामने, जाणीने जे प्रमाणे आनी धर्मवृद्धि थाय, ए प्रमाणे उपदेश आपवो जोईए एम अन्वय छे. जेने कहे छे=दीक्षितना परिणामना जाणवारूप आकारादिने कहे छे –

"ઇંગિતો વડે, આકારો વડે, ગતિથી, ચેષ્ટાથી, ભાષણથી, નેત્ર-વક્ત્રના=મુખના, વિકારોથી અંતર્ગત મન ગ્રહણ કરાય છે ।।૧।।" **()**

જે પ્રકારે આને=દીક્ષિતને, ધર્મની વૃદ્ધિ=દીક્ષાના અર્થની, સમૃદ્ધિ થાય છે. 'इति' શબ્દ સમાપ્તિમાં છે. અને તેનું='इति' શબ્દનું યોજન यतितव्यं એ પ્રકારના ગાથાના અંતમાં, પ્રયોગ છે. દાનાદિનું=વિતરણ વગેરેનું, આદિ શબ્દથી ગુરુસેવા તપ વગેરેનો ઉપદેશ=પ્રવર્તન, છે આદિમાં જેને એવા કુસંગના નિષેધાદિનો ઉપદેશ તે તેવો છે=દાનાદિ ઉપદેશ છે, ત્યાં=દાનાદિના ઉપદેશાદિમાં, આના દ્વારા=દીક્ષાચાર્ય દ્વારા, તે પ્રકારે અહીં=દીક્ષા આપ્યે છતે, યત્ન કરવો જોઈએ. ત્યાં દાનનો ઉપદેશ અને ગુરુસેવાનો ઉપદેશ છે, તે 'यथा'થી બતાવે છે –

"ન્યાયથી પ્રાપ્ત ભૃત્યના અનુપરોધથી=પોતાના ઉપર નિર્ભર જીવોના ચિત્તના અનુપઘાતથી, ગુરુની અનુજ્ઞાથી દીન, તપસ્વી આદિમાં સ્વલ્પ પણ દાન મહાદાન છે અને અન્ય દાન=સામાન્ય દાન, છે ।।૧।। **(ષોડશક૦ ૫/૧૩)**

અને એ રીતે=જે રીતે દાનમાં વિવેકપૂર્વકનું દાન મહાદાન છે એ રીતે, કાલે સદ્યોગના વિઘ્નના વર્જનપણાથી ગુરુસેવાદિ, ઇત્યાદિ લોકોત્તર તત્ત્વની સંપ્રાપ્તિ માટે કૃત્ય કરવું જોઈએ. ।।૨।।" **(ષોડશક૦ ૫/૧૫) એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૩।।**

ભાવાર્થ :-

ભગવાનના વચનના પારમાર્થિક બોધપૂર્વક સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી વિવેકી શ્રાવક ગુણવાન ગુરુને પોતાનું આત્મસમર્પણ કરે ત્યારે આચાર્યે શું કરવું જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે –

સમ્યક્ત્વ ઉચ્ચરાવનાર જીવના પરિણામને આકારાદિ લિંગો દ્વારા ગુરુએ જાણવા યત્ન કરવો જોઈએ અર્થાત્ આ જીવ સમર્પિત થયેલો છે, છતાં પોતાનાં વચનોને કઈ રીતે ગ્રહણ કરીને તેનું અનુસરણ કરશે ? તેનો નિર્ણય કરવા યત્ન કરવો જોઈએ. વળી તેની ધર્મ વિષયક પ્રવૃત્તિમાં ઔદાર્ય આદિ ગુણો કેવા છે ? તેને પણ આકારો વડે જાણવા જોઈએ. તથા તેની જે ભૂમિકા હોય તે ભૂમિકાનુસાર દાનધર્મનો અને ગુરુસેવા આદિનો ઉપદેશ આપવો જોઈએ. જેથી સમ્યક્ત્વ પામ્યા પછી તે જીવ વિશેષ નિર્મળતાને પ્રાપ્ત કરી શકે.

દાનનો ઉપદેશ કઈ રીતે આપે ? તે બતાવતાં કહે છે –

વિવેકપૂર્વક કરાયેલું થોડું પણ દાન મહાદાન છે અને વિવેક વગર કરાયેલું મોટું પણ દાન સામાન્ય દાન છે. તેથી એ ફલિત થાય કે ન્યાયપૂર્વક કમાયેલું પોતાના ઉપર નિર્ભર સ્વજનાદિ કે પોતાના ઉપર નિર્ભર એવા કામ કરનારા માણસો કોઈને પણ ક્લેશ ન થાય, પરંતુ ધર્મની પ્રાપ્તિમાં બધાને માટે પ્રબળ કારણ બને તે રીતે દીન, તપસ્વી આદિને દાન આપવામાં આવે તે દાન મહાદાન બને; કેમ કે દીન જીવો પ્રત્યે વિવેકપૂર્વકની અનુકંપા વર્તે છે અને ગુણવાન જીવો પ્રત્યે ગુણોના બોધપૂર્વક બહુમાનભાવ વર્તે છે અને દાન આપતી વખતે કોઈના ક્લેશનું કારણ ન બને તેવી વિવેકદૃષ્ટિ વર્તે છે.

જે દાનની પ્રવૃત્તિમાં સર્વ અંગો વિવેકપૂર્વકનાં હોય, તેવું દાન મહાદાન કહેવાય અને જે દાનની ક્રિયામાં સામાન્યથી દુઃખી જીવોના દુઃખને દૂર કરવાનો પરિણામ હોય કે તપસ્વી આદિની ભક્તિનો પરિણામ હોય, પરંતુ અન્ય સર્વ અંગો વિવેકયુક્ત ન હોય તે દાન સામાન્ય દાન કહેવાય. સામાન્ય દાન અનંતર પુણ્યબંધનું કારણ છે અને પરંપરાએ મોક્ષનું કારણ છે તોપણ મહાદાન જેવું શીઘ્ર મોક્ષનું કારણ નથી. જ્યારે મહાદાન તો અત્યંત વિવેકયુક્ત હોવાથી ઉત્તરોત્તર વિવેકની વૃદ્ધિ દ્વારા મોક્ષમાં પર્યવસાન પામનાર શ્રેષ્ઠ ધર્મ છે. આ રીતે વિવેકપૂર્વકના દાનના સ્વરૂપનું વર્ણન કરવાથી યોગ્ય જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સ્વશક્તિ અનુસાર દાનધર્મને સેવીને અને તેમાં પણ વિવેકપૂર્વક દાનધર્મને સેવીને મહાફલને પ્રાપ્ત કરે છે. **॥૨/૩૩॥**

અવતરણિકા :-

इदं च मिथ्यात्वप्रतिक्रमणाद्यात्मनिवेदनादि वा दीक्षाविधानं यादृशौ शिष्याचार्यौ कुरुतस्तादृशावथ दर्शयितुमाह –

અવતરણિકાર્થ :-

અને મિથ્યાત્વપ્રતિક્રમણ આદિ અથવા આત્મનિવેદન આદિ રૂપ આ દીક્ષાનું વિધાન જેવા પ્રકારના શિષ્ય અને આચાર્ય કરે છે, તેવા પ્રકારના શિષ્ય અને આચાર્યને બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે મિથ્યાત્વના ત્યાગપૂર્વક સમ્યક્ત્વનું ગ્રહણ અને આત્માનું નિવેદન અને ત્યારપછી ગુરુવચનાનુસાર મહાદાન અને વિવેકપૂર્વકની ગુરુસેવાદિની પ્રવૃત્તિ એ રૂપ દીક્ષાનું વિધાન કેવા શ્રાવકો કરે ? અને કેવા આચાર્ય તે શ્રાવકોને તેવી પ્રવૃત્તિ કરાવે ? તેનું સ્વરૂપ બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

णाणाइगुणजुओ खलु णिरभिस्संगो पदत्थरसिगो य ।
इय जयइ न उण अण्णो गुरू वि एयारिसो चेव ।।२/३४।।

છાયા :-

ज्ञानादिगुणयुतः खलु निरभिष्वङ्गः पदार्थरसिकश्च ।
इति जयति न पुनोऽन्यो गुरुरपि एतादृशश्चैव ।।२/३४।।

અન્વયાર્થ :-

णाणाइगुणजुओ=(જે) જ્ઞાનાદિ ગુણથી યુક્ત, णिरभिस्संगो=નિરભિષ્વંગ, य=અને, पदत्थरसिगो खलु=પદાર્થરસિક છે એવો દીક્ષિત જીવ ખરેખર, इय=આ પ્રકારે, जयइ=યત્ન કરે છે=મિથ્યાત્વપ્રતિક્રમણાદિમાં યત્ન કરે છે. अण्णो=અન્ય, च=નહિ, (અને) गुरू=ગુરુ, वि=પણ, एयारिसो एव=આવા પ્રકારના જ યોગ્ય જીવને દીક્ષા આપે છે, न उण=અન્યને નહિ. ।।२/३४।।

ગાથાર્થ :-

જે જ્ઞાનાદિ ગુણથી યુક્ત નિરભિષ્વંગ અને પદાર્થરસિક છે એવો દીક્ષિત જીવ ખરેખર આ પ્રકારે યત્ન કરે છે=મિથ્યાત્વપ્રતિક્રમણાદિમાં યત્ન કરે છે. અન્ય નહિ; અને ગુરુ પણ આવા પ્રકારના જ યોગ્ય જીવને દીક્ષા આપે છે, ન उण=અન્યને નહિ. ।।२/३४।।

ટીકા :-

व्याख्या–'णाणा' इत्यादि । ज्ञानादिगुणयुतः खलु सम्यग्ज्ञानश्रद्धानगुरुभक्तिसत्त्वप्रभृतिगुणसंपन्न एवेति, यतत इति सम्बन्धः खलुरवधारणे निरभिष्वङ्गो मिथ्यादृष्टिव्यवहारेषु बाह्यद्रव्ये च निःस्पृहः पदार्थरसिक=आगमोक्तदेवतत्त्वगुरुतत्त्वागमतत्त्वजीवादिभावप्रीतियुक्तः, चशब्दः समुच्चये यो दीक्षितजीवः स इति गम्यते । इत्यनेन प्रकारेणानन्तरोक्तमिथ्यात्वप्रतिक्रमणसम्यक्त्वप्रतिपत्त्यात्मनिवेदनादिलक्षणेन यतते=यत्नं करोति न पुनरन्यो ज्ञानादिगुणयुतादपरः, एवंविधयत्नस्य ज्ञानादिगुणयोगसाध्यत्वात् । तथा गुरुरपि न केवलं शिष्य एवंविध एव एवं यतते धर्माचार्योऽप्येतादृश एव ज्ञानश्रद्धानचारित्रशिष्यानु-

ग्रहबुद्धिसत्त्वाप्रमादादिगुणयुतो निःसङ्गः पदार्थरसिकश्चेत्यर्थः न पुनरन्यो ज्ञानादिशून्यस्य प्रागुक्तविधावशक्तत्वात्, ससङ्गस्य दीक्षितेनात्मनिवेदने कृतेऽभिष्वङ्गसंभवेन तद्भावशुद्ध्यर्थमाज्ञया प्रवर्तनासंभवात्, पदार्थरसिकताशून्यस्य च देवतत्त्वादिप्रतिपादकत्वाभावादिति चैवशब्दोऽवधारणार्थः दर्शितं चावधारणम् । इति गाथार्थः ।।२/३४।।

ટીકાર્થ :-

ज्ञानादिगुणयुतः ..... गाथार्थः ।। 'णाणा इत्यादि' प्रतीक छे. જ્ઞાનાદિ ગુણથી યુક્ત જ=સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધા-ગુરુભક્તિ-સત્ત્વ વગેરે ગુણસંપન્ન જ, જીવ યત્ન કરે છે, એમ સંબંધ છે. ગાથામાં 'खलु' શબ્દ અવધારણ અર્થમાં છે. નિરભિષ્વંગ=મિથ્યાદૃષ્ટિના વ્યવહારોમાં અને બાહ્ય દ્રવ્યોમાં નિઃસ્પૃહ=સમ્યક્ત્વ સ્વીકારવા તત્પર થયેલ જીવ મિથ્યાદૃષ્ટિના વ્યવહારો સેવવાના પરિણામ રહિત અને આત્માના ગુણોમાં પક્ષપાતવાળો હોવાથી બાહ્ય સામગ્રીમાં ગાઢ અભિષ્વંગ રહિત, પદાર્થરસિક=આગમમાં કહેવાયેલા દેવતત્ત્વ-ગુરુતત્ત્વ-આગમતત્ત્વ=શ્રુતજ્ઞાનના વિષયભૂત જીવાદિ ભાવો, તેના પ્રત્યે પ્રીતિયુક્ત. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. જે દીક્ષિત આવા ગુણોવાળો છે તે આ પ્રકારે=અનંતરમાં કહેવાયેલા મિથ્યાત્વના પ્રતિક્રમણ, સમ્યક્ત્વની પ્રતિપત્તિ, આત્મનિવેદનાદિ રૂપે, યત્ન કરે છે; પરંતુ અન્ય નહિ; કેમ કે આવા પ્રકારનો યત્ન જ્ઞાનાદિ ગુણયોગથી સાધ્ય છે અને ગુરુ પણ=કેવળ શિષ્ય નહીં ગુરુ પણ, આવા પ્રકારના જ આ રીતે યત્ન કરે છે=શિષ્યને સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિનું કારણ બને એ રીતે, યત્ન કરે છે. ધર્માચાર્ય પણ આવા પ્રકારના જ=જ્ઞાન, શ્રદ્ધાન, ચારિત્રવાળા શિષ્યની અનુગ્રહ બુદ્ધિવાળા, સત્ત્વવાળા અને અપ્રમાદાદિ ગુણથી યુક્ત નિઃસંગ પદાર્થરસિક એ પ્રકારના જ, યત્ન કરે છે, અન્ય નહીં; કેમ કે જ્ઞાનાદિશૂન્ય એવા ગુરુનું પ્રાગ્ ઉક્ત વિધિમાં=યોગ્ય જીવને સમ્યક્ત્વાદિ ગુણનું કારણ બને તે પ્રકારની વિધિમાં, અશક્તપણું છે. સસંગ એવા ગુરુને દીક્ષિત દ્વારા આત્મનિવેદન કરાયે છતે અભિષ્વંગના સંભવને કારણે=ગુરુને તેના સમર્પણજન્ય અભિષ્વંગના સંભવને કારણે, તેના ભાવની શુદ્ધિ માટે=દીક્ષિત એવા શિષ્યના ભાવની શુદ્ધિ માટે, આજ્ઞાથી પ્રવર્તનાનો અસંભવ છે અને પદાર્થરસિકતાશૂન્ય એવા ગુરુનો દેવતત્ત્વ આદિ પ્રતિપાદકતાનો અભાવ છે. 'चैव' શબ્દ અવધારણમાં છે. અને અવધારણ બતાવાયું જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૪।।

ભાવાર્થ :-

જે જીવો સમ્યક્ત્વ ઉચ્ચરાવવાને સન્મુખ થયા છે, તેઓને સૌ પ્રથમ સંસારના વાસ્તવિક સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન આવશ્યક છે અર્થાત્ સંસાર જન્મ, જરા મરણ, રોગ, શોકાદિ ક્લેશોથી આક્રાંત છે, જેની પ્રાપ્તિનું કારણ જીવનો બાહ્ય પદાર્થોનો સંગ છે તેવું જ્ઞાન આવશ્યક છે. વળી, તે સંગના ઉચ્છેદ અર્થે સંપૂર્ણ સંગ વગરના સિદ્ધ અવસ્થાને પામેલા સુદેવની ભક્તિ ઉપાયરૂપ છે; કેમ કે અંતરંગ અને બહિરંગ સંગ વગરના હોવાથી તે અવસ્થાની ઉપાસના કરીને તત્તુલ્ય થવાનો ઉપાય જ તેની ભક્તિ છે તેનું જ્ઞાન આવશ્યક છે.

વળી, સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરવા માટે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સદા ઉદ્યમ કરનારા સાધુ જ છે તેથી તેઓ સુગુરુ છે. તેમની ભક્તિ કરીને તેવી ત્રણ ગુપ્તિનો સંચય મારે કરવો છે, તેમની ભક્તિથી તેવું વીર્ય કઈ રીતે થાય તેનું જ્ઞાન આવશ્યક છે. વળી, સર્વજ્ઞકથિત ધર્મ જ સુધર્મ છે; કેમ કે તે વીતરાગ થવાનું એકમાત્ર કારણ છે, તેનું જ્ઞાન આવશ્યક છે. આ પ્રકારનું જ્ઞાન થવાથી સંગ વગરની અવસ્થાની પ્રાપ્તિના અર્થી જેઓ થયા છે તેથી સુદેવ-સુગુરુ પ્રત્યે જેમને અત્યંત ભક્તિ છે તથા સત્ત્વથી ધર્મ સેવવા તત્પર થયા છે, તેવા ગુણવાળા જીવો જ્ઞાનાદિ ગુણથી યુક્ત છે.

વળી તત્ત્વનો સૂક્ષ્મ બોધ થયેલો હોવાથી બાહ્ય પદાર્થો પ્રત્યે ગાઢ અભિષ્વંગ નથી, પરંતુ આત્માના નિરાકુલ સ્વભાવમાં જેઓને અતિશય રાગ છે, તેઓ નિરભિષ્વંગ ચિત્તવાળા છે. વળી દેવ, ગુરુ અને તત્ત્વના વિષયમાં સૂક્ષ્મ પદાર્થ જાણવામાં અત્યંત રસિક છે, તેવા જીવો જ સમ્યક્ત્વ ગ્રહણ કરવા માટે અધિકારી છે; કેમ કે તેવા ગુણોથી યુક્ત જીવ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરે છે, ભાવથી સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે અને ગુણવાન ગુરુના પારમાર્થિક ગુણને જાણનારા હોવાથી તેઓને આત્મસમર્પણ દ્વારા જ પોતાનો નિસ્તાર થશે તેવી બુદ્ધિવાળા થાય છે. તેથી તેવા ઉત્તમ પુરુષને સમર્પિત થઈને તેમની પાસેથી દાનાદિ સંબંધી ઉચિત વિધિનો બોધ પ્રાપ્ત કરીને તે રીતે જ દાનાદિ ધર્મમાં યત્ન કરનારા થાય છે. વળી જેઓ આવા જ્ઞાનાદિ ગુણોથી યુક્ત નથી, તેઓ ક્વચિદ્ સમ્યક્ત્વ ઉચ્ચરાવવારૂપ દીક્ષા ગ્રહણ કરે અને ગુરુને આત્મનિવેદનાદિ કરે તોપણ જ્ઞાનાદિગુણના યોગથી સાધ્ય એવા સમ્યક્ત્વાદિને પ્રાપ્ત કરી શકતા નથી.

વળી જે ગુરુ પણ સુદેવ, સુગુરુ, સુધર્મના સૂક્ષ્મ સ્વરૂપના બોધવાળા નથી, માત્ર અરિહંત સુદેવ છે, સુસાધુ સુગુરુ છે અને સર્વજ્ઞપ્રણીત ધર્મ સુધર્મ છે, શબ્દને અવલંબીને તેવા પ્રકારના સ્થૂલથી બોધવાળા છે; પરંતુ મોહના નાશ માટે કઈ રીતે સુદેવ, સુગુરુ, સુધર્મની ઉપાસના કરવી જોઈએ ? તેના સૂક્ષ્મ પદાર્થને જાણતા નથી, તેવા સૂક્ષ્મ પદાર્થ જાણવા માટે પદાર્થરસિક ગુણવાળા નથી અને સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે નિરભિષ્વંગ ચિત્તવાળા નથી, તેવા ગુરુ યોગ્ય જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવવા સમર્થ નથી. વળી, સસંગવાળા એવા તે ગુરુને સમ્યક્ત્વ ઉચ્ચરાવેલ ગૃહસ્થ આત્મનિવેદન કરે તો તેઓને તેના પ્રત્યે અભિષ્વંગ થાય છે. તેથી તેઓ (૧) ગૃહસ્થને જે રીતે ભાવશુદ્ધિ માટે આજ્ઞાનો ઉપદેશ આપવો જોઈએ, એ રીતે આપી શકતા નથી અને (૨) દેવ, ગુરુ, ધર્મના સૂક્ષ્મ સ્વરૂપને જાણવા માટે રસિક નહિ હોવાથી દીક્ષિતને પણ તે રીતે પ્રતિપાદન કરીને સૂક્ષ્મ બોધ કરાવવા સમર્થ નથી, તેથી તેવા ગુરુ પાસેથી ઉચ્ચરાવાયેલ સમ્યક્ત્વથી પારમાર્થિક સમ્યક્ત્વની પ્રાપ્તિ શક્ય નથી; કેમ કે ભાવથી જ ભાવની પ્રસ્તુતિ થાય છે; પરંતુ ઉત્તમ ભાવોથી યુક્ત ગુરુ શ્રોતાની બુદ્ધિ અનુસાર તે પ્રકારે સુદેવ-સુગુરુ-સુધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવે તો યોગ્ય જીવમાં પ્રાયઃ સમ્યક્ત્વ પ્રગટ થાય છે. **॥૨/૩૪॥**

અવતરણિકા :-

યથાવિધૌ દીક્ષકદીક્ષિતૌ યથાવદ્દીક્ષાસાધકૌ સ્યાતાં તથાવિધાવુક્તૌ, અથ યથાવદ્દીક્ષિતાનાં પ્રશંસા-માહ –

અવતરણિકાર્થ :-

જેવા પ્રકારના દીક્ષા આપનાર અને દીક્ષિત યથાવદ્ દીક્ષાના સાધક થાય છે, તેવા પ્રકારના કહેવાયા. હવે યથાવદ્ દીક્ષિતોની પ્રશંસાને કહે છે –

ભાવાર્થ :-

જેવા પ્રકારના ગુરુ અને જેવા પ્રકારના સમ્યક્ત્વ ઉચ્ચરાવવા માટે તત્પર થયેલા ગૃહસ્થ શાસ્ત્રવચન અનુસાર દીક્ષાસાધક અને દીક્ષાદાયક થાય છે. તેમનું સ્વરૂપ બતાવ્યું. તેનાથી તેવા ગુણવાળા ગુરુના માધ્યમથી તેવા ગુણવાળા શ્રાવકને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ શકે છે. જો તેવા ગુણવાળા ગુરુ ન હોય તો સમ્યક્ત્વની પ્રાપ્તિ પ્રાયઃ થાય નહિ અને તેવા ગુણવાળા ગુરુ હોય, છતાં સમ્યક્ત્વ ઉચ્ચરાવનાર તેવા ગુણવાળા ન હોય તો પ્રાયઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય નહિ. હવે યોગ્યતાને પામેલ શ્રાવક ગુણવાન ગુરુ પાસે સમ્યક્ત્વ ઉચ્ચરાવે તેની પ્રશંસા કરે છે –

ગાથા :-

धण्णाणमेयजोगो धण्णा चेट्ठंति एयणीईए ।
धण्णा बहु मण्णन्ते धण्णा जे ण प्पदूसन्ति ।।२/३५।।

છાયા :-

धन्यानामेतद्योगो धन्याश्चेष्टन्त एतन्नीत्या ।
धन्या बहुमन्यन्ते धन्या ये न प्रदूष्यन्ति ।।२/३५।।

અન્વયાર્થ :-

धण्णाणं=ધન્યોને=ધન્ય જીવોને, एयजोगो=આનો યોગ છે=જિનદીક્ષાનો યોગ છે. धण्णा=ધન્ય, एयणीईए=આની નીતિથી, चेट्ठंति=ચેષ્ટા કરે છે. धण्णा=ધન્ય જ, बहु मण्णन्ते=બહુમાને છે=દીક્ષિત જીવોને બહુમાને છે. धण्णा=ધન્ય એવા, जे=જેઓ, प्पदूसन्ति ण=પ્રદૂષિત કરતા નથી=દીક્ષાને પ્રદૂષિત કરતા નથી. ।।૨/૩૫।।

ગાથાર્થ :-

ધન્યોને=ધન્ય જીવોને, આનો યોગ છે=જિનદીક્ષાનો યોગ છે. ધન્ય જ આની નીતિથી ચેષ્ટા કરે છે. ધન્ય જ બહુમાને છે=દીક્ષિત જીવોને બહુમાને છે. ધન્ય એવા જેઓ પ્રદૂષિત કરતા નથી=દીક્ષાને પ્રદૂષિત કરતા નથી. ।।૨/૩૫।।

ટીકા :-

व्याख्या–'धण्णाणे'त्यादि । धन्यानां भावधनलब्धृणां तत्साधूनां वा, सत्त्वानामितिगम्यते एतद्योगो जिनदीक्षया सह सम्बन्धः तथा तद्योगेऽपि धन्याः पुण्यवन्तः चेष्टन्ते=प्रवर्तन्ते एतन्नीत्या=दीक्षावसराभ्यु-

पगतन्यायेन त्रिकालं जिनवन्दनपूजनादिना, तथा धन्याः=पुण्या बहु मन्यन्ते बहुमानविषयीकुर्वन्ति दीक्षितान् दीक्षां वा स्वयं तां कर्मदोषादप्रतिपन्ना अपीति तथा धन्याः=पुण्या ये जीवाः न प्रदुष्यन्ति=न प्रद्विष्टा भवन्ति दीक्षायामिति गम्यते क्षुद्रसत्त्वा हि न केवलं तां न प्रतिपद्यन्ते, मोहान्धतया तस्यामेव द्वेषिणो भवन्तीति ।

वक्ष्यति च–

'विहिअपओसो जेसिं आसन्ना ते वि सुद्धिपत्त त्ति ।
खुद्दमिगाणं पुण सुद्धदेसणा सिंहनायसमा ।।१।।' **[पञ्चाशक-३-४८]**

इति गाथार्थः ।।२/३५।।

टीकार्थ :-

धन्यानां ..... गाथार्थः ।। 'धण्णाणेत्यादि' प्रतीक छे. धन्योने=भावधर्मने प्राप्त करनाराओने, अथवा तत्साधुओने=भावधर्मथी सुंदर एवा जीवोने, आनो योग=जिनदीक्षानी साथे संबंध, छे अने तेना योगमां पण=जिनदीक्षाना योगमां पण, धन्य=पुण्यवाळा, जीवो आनी नीतिथी=दीक्षा अवसरे स्वीकारायेल न्यायथी, त्रिकाळ जिनवंदन, जिनपूजनादि द्वारा चेष्टा करे छे अने धन्य=पुण्यशाळी, जीवो दीक्षित जीवोने बहुमाननो विषय करे छे अथवा स्वयं ते दीक्षाने कर्मदोषथी नहि प्राप्त करायेला पण दीक्षित जीवोने बहुमाननो विषय करे छे, एम अन्वय छे अने धन्यो=पुण्यशाळी, जे जीवो प्रदूषित करता नथी=दीक्षामां द्वेषवाळा थता नथी. दीक्षामां ए प्रमाणे अध्याहार छे. हि=जे कारणथी, क्षुद्र जीवो केवल तेने=दीक्षाने, स्वीकारता नथी. तेमां ज=दीक्षामां ज, मोहांधपणाने कारणे द्वेषवाळा थाय छे. अने कहेवायुं छे –

"जेओने विधिमां अप्रद्वेष छे, ते पण शुद्धिने प्राप्त छे, एथी आसन्न छे. क्षुद्र एवा मृगलाओने वळी शुद्ध देशना सिंहनाद जेवी छे. ।।१।।" **(पंचाशक० ३/४८) ए प्रमाणे गाथार्थ छे. ।।२/३५।।**

भावार्थ :-

सुंदर दीक्षाने आपनार गुरुने पामीने जेओ सुदेव, सुगुरु अने सुधर्मना पारमार्थिक स्वरूपनो बोध पामेला छे, तेओने संसारनुं परिभ्रमण अत्यंत कदर्थनारूप जणाय छे अने सुदेव, सुगुरु अने सुधर्मनुं स्वरूप यथावद् जणाय छे. सतत आवा प्रकारना देव, गुरु आदिनी उपासना करीने संसारना नाशना अर्थी छे, तेवा जीवो भावधर्मने पामेला छे=भावथी भगवाननी आज्ञारूप सम्यक्त्वने पामेला छे, अथवा तेवा भावधर्मने प्राप्त करे तेवा छे, तेओ धन्य छे.

शेनाथी धन्य छे ? एथी कहे छे –

सम्यक्त्वने उच्चरावावारूप जिनदीक्षाना संबंधथी धन्य छे. एथी ए प्राप्त थाय के केटलाक जीवोए

સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યું છે તોપણ ભાવધર્મ પ્રાપ્ત કર્યો નથી; પરંતુ પ્રાપ્ત કરે તેવા ધન્ય છે, તેથી સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી પ્રતિદિન સુદેવ, સુગુરુ અને સુધર્મના સ્વરૂપનું ભાવન કરીને અલ્પકાળમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે. આવા ભાવધર્મને પામનારા જીવો ધન્ય છે.

વળી કેટલાક જીવોએ ગુણવાન ગુરુ પાસેથી વિધિપૂર્વક સમ્યક્ત્વ ગ્રહણ કર્યું ત્યારે જ તેઓ સમ્યક્ત્વ ગુણથી સુંદર છે, તેવા જીવોને દીક્ષાની સાથે જે સંબંધ થયો છે, તેના કારણે તેઓ ધન્ય છે.

વળી જેઓ સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી તે સમ્યક્ત્વને દૃઢ કરવા અર્થે જિનવંદન, જિનપૂજનાદિ કરે છે, ભગવાનના ગુણોથી આત્માને અત્યંત વાસિત કરે છે, ગુરુના સ્વરૂપથી સદા આત્માને ભાવિત કરે છે, તેઓ સ્વીકારાયેલા સમ્યક્ત્વની નીતિથી ચેષ્ટા કરનારા છે. તેના બળથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તો વિશુદ્ધવિશુદ્ધતર થાય છે અને ગ્રહણ કરતી વખતે ભાવથી સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય તોપણ સમ્યક્ત્વના શુદ્ધ આચારના બળથી સમ્યક્ત્વ પામે છે, તેવા જીવો પણ ધન્ય છે.

વળી જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી; પરંતુ સમ્યક્ત્વને પામેલા અને સમ્યક્ત્વના સ્થિરીકરણ અર્થે ત્રિકાળ જિનપૂજાદિ ઉચિત કૃત્યો કરે છે, તેવા દીક્ષિત જીવોને જોઈને તેમના પ્રત્યે બહુમાનવાળા થાય છે; છતાં કર્મના દોષથી પોતે તેવું નિર્મળ સમ્યક્ત્વ ગ્રહણ કરી શક્યા નથી તોપણ ઉત્તમ આચારોને પાળનારા તેવા સમ્યગ્દૃષ્ટિ જીવોને જોઈને જેઓ હર્ષિત થાય છે, તેઓ પણ ધન્ય છે.

વળી જેઓ સમ્યગ્દૃષ્ટિ જીવોના ઉત્તમ આચારોને જોઈને તેના પ્રત્યે બહુમાનભાવવાળા નથી તોપણ દ્વેષ પણ કરતા નથી, તેઓ પણ ધન્ય છે. કેવળ ક્ષુદ્ર જીવો જ તેવા ઉત્તમ આચારો પાળનારા મહાત્મા પ્રત્યે દ્વેષવાળા થાય છે.

શુદ્ધ દેવ, ગુરુ, ધર્મની ઉપાસના કરનારા મહાત્માઓ પ્રત્યે દ્વેષ કરીને ક્ષુદ્ર જીવો પોતાનો મોહનો પરિણામ અતિશય કરે છે, તેમાં સાક્ષી આપે છે –

જેઓને વિધિમાં અપ્રદ્વેષ છે, તેઓ પણ શુદ્ધિને પ્રાપ્ત કરે છે, એથી આસન્ન છે અર્થાત્ મિથ્યાત્વ મંદ થયેલું છે, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિને આસન્ન છે. તેથી એ ફલિત થાય કે કોઈ મહાત્મા સમ્યક્ત્વના ઉત્તમ આચારોનું વર્ણન કરે તે સાંભળીને જેઓને તે આચારો પ્રત્યે પ્રદ્વેષ થતો નથી, તેઓ મુક્તિના અદ્વેષવાળા જીવો યોગમાર્ગની પ્રથમ ભૂમિકામાં છે માટે તેઓ પણ ધન્ય છે. જ્યારે ક્ષુદ્ર જીવોને શુદ્ધદેશના સિંહનાદ જેવી ભાસે છે અર્થાત્ આ જ દેવ, આ જ ગુરુ અને આ જ ધર્મ સાર છે, અન્ય સર્વ અસાર છે, તેવી સમ્યક્ત્વની શુદ્ધ પ્રરૂપણા બુદ્ધિને સ્પર્શે તે પ્રકારે કોઈ મહાત્મા કહે તો તે જીવોને ધર્મ કરવાને અભિમુખ જે કોઈ મનોવૃત્તિ હોય છે, તે પણ સિંહનાદથી જેમ મૃગલાઓ ત્રાસ પામીને ભાગી જાય છે, તેમ ધર્મ પ્રત્યે અનાદર પરિણામવાળા થાય છે. જેઓને તે શુદ્ધ દેશના પ્રત્યે કરણનો અભિલાષ થતો નથી; છતાં દ્વેષ પણ થતો નથી તેઓ પણ ધન્ય છે. **॥૨/૩૫॥**

અવતરણિકા :-

अथ दीक्षितानन्तरं दीक्षितेन यद्विधेयं तदुपदिशन्नाह –

અવતરણિકાર્થ :-

હવે દીક્ષિત થયા પછી દીક્ષિત વડે જે કરવા યોગ્ય છે, તેનો ઉપદેશ આપતાં કહે છે –

ગાથા :-

दाणमह जहासत्ती सद्धासंवेगकमजुयं णियमा ।
विहवाणुसारओ तह जणोवयारो य उचिओ त्ति ।।२/३६।।

છાયા :-

दानमथ यथाशक्ति श्रद्धासंवेगक्रमयुतं नियमात् ।
विभवानुसारतः तथा जनोपचारश्च उचित इति ।।२/३६।।

અન્વયાર્થ :-

અહ=હવે, णियमा=નિયમથી, सद्धासंवेगकमजुयं=શ્રદ્ધા, સંવેગ અને ક્રમથી યુક્ત, जहासत्ती=યથાશક્તિ, दाणं=દાન કરવું જોઈએ, तह=અને, विहवाणुसारओ=વિભવના અનુસારથી, उचिओ=ઉચિત, जणोवयारो= જનનો ઉપચાર કરવો જોઈએ.

'य' સમુચ્ચયમાં છે. 'त्ति' સમાપ્તિ અર્થે છે. ।।૨/૩૬।।

ગાથાર્થ :-

હવે નિયમથી શ્રદ્ધા, સંવેગ અને ક્રમથી યુક્ત યથાશક્તિ દાન કરવું જોઈએ અને વિભવના અનુસારથી ઉચિત જનનો ઉપચાર કરવો જોઈએ. ।।૨/૩૬।।

ટીકા :-

વ્યાખ્યા–'दाणमहे'त्यादि । दानं प्रासुकैषणीयवस्त्रपात्रान्नपानादीनां सङ्घादिभ्यो वितरणं यतः सर्वविरतिदीक्षामधिकृत्योक्तम्–

'णंतयघयगुलगोरसफासुगपडिलाहणं समणसंघे ।
असइ गणिवायगाणं तदसइ सव्वस्स गच्छस्स ।।१।।' **[बृहत्कल्प-४१९८]**

(अनन्तकं वस्त्रं) अथेति दीक्षाग्रहणानन्तरम् यथाशक्ति शक्तेरनतिक्रमेण चित्तवित्तानुरूपमित्यर्थः दातव्यमिति शेषः किंभूतं तदित्याह–श्रद्धा स्वकीयोऽभिलाषः परानानुवृत्तिरित्यर्थः, संवेगो मोक्षाभिलाषः, क्रमो देयद्रव्यपरिपाटिर्लोकरूढा यथाज्येष्ठता वा, एभिर्युतं संयुक्तं यत्तथा नियमादवश्यंभावेन तथा विभवानुसारतो विभवापेक्षया तथाशब्दो विध्यन्तरप्रतिपादनपरवाक्योपक्षेपार्थ उत्तरार्धस्यादौ द्रष्टव्यः । अथवा तथेति तेन प्रकारेण लोकरूढेन जनोपचारः=स्वजनादिलोकपूजा चशब्दः समुच्चये उचितः

स्वपरयोग्यतानुरूपो, विधेय इति गम्यम् इतिशब्दः समाप्तौ तेनैतावदेव दीक्षानन्तरकृत्यमित्यर्थः स्यादिति गाथार्थः ।।२/३६।।

ટીકાર્થ :-

दानं ..... गाथार्थः ।। 'दाणमहेत्यादि' પ્રતીક છે. દાન=પ્રાસુક એષણીય-વસ્ત્ર-પાત્ર-અન્ન આદિનું સંઘ આદિને વિતરણ, જે કારણથી સર્વવિરતિ દીક્ષાને આશ્રયીને કહેવાયું છે –

"અનંતક=વસ્ત્ર, ઘીય=ઘી, ગુલ=ગોળ, ગોરસ, પ્રાસુકનું પ્રતિલાભન શ્રમણસંઘમાં કરવું જોઈએ. અશક્તિ હોતે છતે ગણિ વાચકોને, તેની અશક્તિ હોતે છતે સર્વ ગચ્છની ભક્તિ કરે. ।।૧।।" **(બૃહત્કલ્પ, ૪૧૯૮)**

દીક્ષાગ્રહણ અનંતર=સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી, યથાશક્તિ=શક્તિના અનતિક્રમથી, ચિત્ત અને વિત્તને અનુરૂપ દાન કરવું જોઈએ.

કેવા પ્રકારનું તે=દાન, કરવું જોઈએ ? એથી કહે છે –

શ્રદ્ધા=સ્વકીય અભિલાષ, પરની અનનુવૃત્તિ=લોકોને દેખાડવા માટે નહિ, પરંતુ ગુણવાનના ગુણોની રુચિથી, દાન કરવું જોઈએ. સંવેગ=મોક્ષનો અભિલાષ, ગુણવાનની ઉત્તમ ભક્તિ કરીને હું તે ગુણોની પ્રાપ્તિ દ્વારા સંસારના ક્ષયને પ્રાપ્ત કરું એ પ્રકારના મોક્ષના અભિલાષથી, દાન કરવું જોઈએ. ક્રમઃ લોકરૂઢ દેયદ્રવ્યની=આપવાયોગ્ય દ્રવ્યની પરિપાટીથી દાન કરવું જોઈએ અથવા યથાજ્યેષ્ઠપણાથી દાન કરવું જોઈએ. આ બધાથી=શ્રદ્ધા, સંવેગ અને ક્રમ એ બધાથી, યુક્ત જે દાન છે તે તેવું છે=શ્રદ્ધા, સંવેગ, ક્રમયુક્ત છે, એવું દાન નિયમથી=અવશ્યંભાવથી કરવું જોઈએ. અને વૈભવ અનુસારથી ઉચિત જનઉપચાર છે. 'तथा' શબ્દ વિધિઅન્તરપ્રતિપાદનપર વાક્યના ઉપક્ષેપ અર્થવાળા ઉત્તરાર્ધની આદિમાં જાણવો=ગાથાના ઉત્તરાર્ધની આદિમાં જાણવો, અથવા તથાનો અર્થ તે પ્રકારે લોકરૂઢિથી જનોપચાર=સ્વજનાદિ લોકપૂજા, કરવી જોઈએ. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

જનોપચાર કઈ રીતે કરવો જોઈએ ? એથી કહે છે –

ઉચિત=સ્વપરની યોગ્યતાને અનુરૂપ, જનઉપચાર કરવો જોઈએ. 'इति' શબ્દ સમાપ્તિમાં છે. તેથી 'इति' શબ્દ સમાપ્તિમાં છે તેથી, આટલું જ દીક્ષા અનંતર કૃત્ય છે, એ પ્રકારનો અર્થ થાય, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૬।।

ભાવાર્થ :-

સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી ઉચિત કર્તવ્ય શું છે ? તે બતાવતાં કહે છે –

પોતાની શક્તિ અનુસાર ચતુર્વિધ સંઘની અંદર રહેલા સુસાધુઓને નિર્દોષ એષણીય વસ્ત્ર, પાત્ર, અન્નાદિનું દાન કરવું જોઈએ. વળી, તે દાન લોકોને સારું દેખાશે તે માટે કે અન્ય લોકોની પ્રેરણાથી નહીં, પરંતુ ગુણવાન એવા સાધુઓની ભક્તિ કરીને હું મારામાં ગુણોની નિષ્પત્તિ કરું, જેથી સંસારનો ક્ષય થાય તેવી રુચિથી કરે. વળી, દાનકાળમાં ગુણો પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે, એવા સંવેગપૂર્વક કરે. વળી,

દાનકાલમાં પ્રથમ શ્રેષ્ઠ વસ્તુનું દાન, ત્યારપછી સામાન્ય વસ્તુનું દાન, એ પ્રમાણે ક્રમથી દાન કરે. અથવા જે સાધુઓને દાન કરે, તેમાં જેઓ જ્યેષ્ઠ હોય તેમને પ્રથમ કરે, ત્યારપછી પર્યાયમાં નાના સાધુઓને દાન કરે. આ રીતે ઉચિત દાન કર્યા પછી પોતાના વૈભવ અનુસાર સ્વજનાદિ લોકોની ભક્તિ કરે, જેથી તેઓને પણ સમ્યક્ત્વ પ્રત્યે બહુમાનભાવ થાય, જેના કારણે બીજાધાનાદિની તેઓને પ્રાપ્તિ થાય. આ રીતે ઉચિત દાન કરવાથી સ્વીકારાયેલા સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે અને સમ્યક્ત્વ પ્રગટ ન થયું હોય તોપણ તેને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ હોવાથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. એથી સમ્યક્ત્વ સ્વીકાર્યા પછી દાનધર્મ અને ઉચિત જનઉપચાર, એ બે કર્તવ્ય અંગ છે. ॥૨/૩૬॥

अवतरणिका :-

एतावत्प्रयत्नकृतापि दीक्षा सम्यगन्यथा च स्यात्तत्रेयं सम्यग्दीक्षेति कथमवसेयं ? उच्यते – लिङ्गतोऽतस्तान्येवाह –

અવતરણિકાર્થ :-

આટલા પ્રયત્નથી પણ કરાયેલી દીક્ષા=સમ્યક્ત્વ, સમ્યક્ સ્વીકાર થાય અને અન્યથા થાય. ત્યાં આ સમ્યક્ દીક્ષા છે=સમ્યક્ત્વનો સ્વીકાર સમ્યક્ છે, એ કેવી રીતે નિર્ણય થાય ? કહેવાય છે=તેનો ઉત્તર કહેવાય છે – લિંગથી નક્કી થાય. આથી તેઓને=લિંગોને, કહે છે –

ગાથા :-

अहिगयगुणसाहम्मियपीईबोहगुरुभत्तिवुड्ढी य ।
लिंगं अव्वभिचारी पइदियहं सम्मदिक्खाए ।।२/३७।।

છાયા :-

अधिगतगुणसाधर्मिकप्रीतिबोधगुरुभक्तिवृद्धिश्च ।
लिङ्गमव्यभिचारी प्रतिदिवसं सम्यग् दीक्षायाः ।।२/३७।।

અન્વયાર્થ :-

य=અને, पइदियहं=પ્રતિદિવસ, अहिगयगुणसाहम्मियपीईबोहगुरुभत्तिवुड्ढी=અધિકૃત ગુણ સાધર્મિકની પ્રીતિ, બોધ અને ગુરુભક્તિની વૃદ્ધિ, सम्मदिक्खाए=સમ્યગ્ દીક્ષાનું, अव्वभिचारी=અવ્યભિચારી, लिंगं=લિંગ છે. ॥૨/૩૭॥

ગાથાર્થ :-

અને પ્રતિદિવસ અધિકૃત ગુણની, સાધર્મિકની પ્રીતિની, બોધની અને ગુરુભક્તિની વૃદ્ધિ સમ્યગ્ દીક્ષાનું અવ્યભિચારી લિંગ છે. ॥૨/૩૭॥

ટીકા :-

व्याख्या—'अहिगये'त्यादि । अधिकृता दीक्षाप्रतिपत्त्याङ्गीकृताः प्रस्तुता वा अधिगता वा प्राप्तास्ते च ते गुणाश्च सम्यक्त्वतत्सहभवप्रशमसंवेगनिर्वेदास्तिक्यानुकम्पाशुश्रूषाधर्मरागदेवादिवैयावृत्त्यकरणादयोऽधिकृतगुणाः ते च साधर्मिकप्रीतिश्च समानधार्मिकानुरागः बोधश्च तत्त्वावगमो गुरुभक्तिश्च धर्माचार्यानुराग इति द्वन्द्वः अतस्तासां वृद्धिर्दीक्षावसरादारभ्य वर्धनमिति समासः चशब्दः पुनरर्थः, तद्भावना चैवम्—सम्यग्दीक्षायां दानादिकं तावदनन्तरकृत्यमधिकृतगुणसाधर्मिकप्रीतिबोधगुरुभक्तिवृद्धिः पुनर्लिङ्गं गमकं चिह्नमव्यभिचार्येकान्तिकम् प्रतिदिवसमहर्निशम् एतच्चाधिकृतगुणादिवृद्धेर्विशेषणम् कस्या लिङ्गमियमित्याह—सम्यग्दीक्षाया अमिथ्यादीक्षणस्य, एतद्विपर्ययस्तु सामर्थ्यादसम्यग्दीक्षायाः । इति द्वारगाथार्थः ।।२/३७।।

ટીકાર્થ :-

अधिकृता ..... द्वारगाथार्थः ।। 'अहिगयेत्यादि' પ્રતીક છે. અધિકૃત એવા તે ગુણો=દીક્ષાપ્રતિપત્તિથી સ્વીકાર કરાયેલા તે ગુણો, અથવા પ્રસ્તુત એવા તે ગુણો અથવા અધિગત અર્થાત્ પ્રાપ્ત એવા તે ગુણો અધિકૃત ગુણો છે.

કયા અધિકૃત ગુણો છે ? તે કહે છે –

સમ્યક્ત્વ, તેની સાથે થનારા પ્રશમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય, અનુકંપા, શુશ્રૂષા, ધર્મરાગ, દેવ-ગુરુના વૈયાવચ્ચકરણ આદિ અધિકૃત ગુણો છે અને તે એવી સાધર્મિકની પ્રીતિ=અધિકૃત ગુણો અને સમાન ધાર્મિકનો અનુરાગ, અને બોધ=તત્ત્વનો અવગમ, ગુરુભક્તિ=ધર્માચાર્યનો અનુરાગ, એ પ્રકારે દ્વંદ્વસમાસ છે. આથી તેઓની=અધિકૃત ગુણાદિની, વૃદ્ધિ=દીક્ષા અવસરથી માંડીને વર્ધન, એ પ્રકારે સમાસ છે. 'च' શબ્દ પુનઃ અર્થમાં છે અને તેની ભાવના આ પ્રમાણે છે – સમ્યગ્ દીક્ષામાં દાનાદિક અનંતર કૃત્ય છે અને અધિકૃત ગુણ, સાધર્મિકની પ્રીતિ, બોધ, ગુરુભક્તિ, ગમકલિંગ છે=અવ્યભિચારી એકાંતિક ચિહ્ન છે. પ્રતિદિવસ=હંમેશ, આ=પ્રતિદિવસ એ, અધિકૃત ગુણાદિ વૃદ્ધિનું વિશેષણ છે.

કોનું આ લિંગ છે ? એથી કહે છે –

સમ્યગ્ દીક્ષાનું=અમિથ્યા દીક્ષાનું, આ લિંગ છે. વળી આનો વિપર્યય=અધિકૃત ગુણનો વિપર્યય, સામર્થ્યથી=અર્થથી, અસમ્યગ્ દીક્ષાનું લિંગ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૭।।

ભાવાર્થ :-

જે ગુણવાન ગુરુ છે, તે યોગ્ય જીવને સુદેવ, સુગુરુ અને સુધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ તે રીતે બોધ કરાવે છે કે જેથી યોગ્ય જીવને સંસારસમુદ્રથી તરવાનો આ જ પ્રબળ ઉપાય છે, તેવો તત્ત્વને સ્પર્શનારો યથાર્થ બોધ થાય છે. ફલસ્વરૂપે તે જીવને વિપર્યાસના ત્યાગપૂર્વક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તથા સમ્યક્ત્વની

પ્રાપ્તિની સાથે અનંતાનુબંધીકષાયનો ઉપશમ થાય છે. તેથી આત્માની નિર્વિકારી અવસ્થા જ જીવની સુંદર છે અને વિકારી અવસ્થા જીવની વિડંબના છે, તેવો સૂક્ષ્મ બોધ કરાવે તેવો ઉપશમભાવ વર્તે છે. સતત કર્મ રહિત અવસ્થાને પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા થાય તેવો સંવેગનો પરિણામ વર્તે છે. સંસાર જીવની વિડંબના સ્વરૂપ છે, તેવો બોધ થવાથી સંસાર પ્રત્યે નિર્વેદ વર્તે છે. આથી જ સંસારના ઉચ્છેદ માટે સદા તે મહાત્મા યત્ન કરે છે અને ભગવાનનું વચન જ વીતરાગતાની પ્રાપ્તિનું એક કારણ હોવાથી તત્ત્વ છે, એવો આસ્તિક્યનો પરિણામ પ્રગટે છે અને જીવો પ્રત્યે અનુકંપા પ્રગટે છે. વળી, તત્ત્વને સાંભળવાની ઉત્કટ ઇચ્છા સ્વરૂપ શુશ્રૂષા પ્રગટે છે. વળી, સમ્યક્ત્વ પામ્યા પછી હંમેશાં શક્તિ અનુસાર સર્વજ્ઞના વચનને જાણવા માટે તે મહાત્મા અવશ્ય યત્ન કરે છે. પારમાર્થિક ચારિત્રના બોધપૂર્વક ચારિત્રની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છારૂપ ધર્મરાગ વર્તે છે અને સુદેવ, સુગુરુની વૈયાવચ્ચ કરીને શક્તિના પ્રકર્ષથી સંસારના ઉચ્છેદ માટે યત્ન કરે છે. વળી, સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી હોવાથી સમાન ધાર્મિક જીવો પ્રત્યે પ્રીતિ વર્તે છે. શક્તિ અનુસાર તત્ત્વને જાણવાનો યત્ન હોવાથી જીવનું હિત શું છે ? અને અહિત શું છે ? તે વિષયક તત્ત્વનો અવગમ વર્તે છે અને જે ધર્માચાર્યે સંસારસમુદ્રથી નિસ્તારના ઉપાયરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવ્યું છે, તેમના પ્રત્યે અનુરાગ વર્તે છે અને સમ્યક્ત્વપ્રાપ્તિથી માંડીને પ્રતિદિવસ આ સર્વ ગુણો વૃદ્ધિ પામે છે. તેનાથી નક્કી થાય છે કે આ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે. જેઓએ સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યું છે, આમ છતાં પ્રશમાદિ ભાવો પ્રતિદિન વૃદ્ધિ પામે તેવો યત્ન જેઓ કરતા નથી, તેઓમાં અસમ્યગ્ દીક્ષાની પ્રાપ્તિ થઈ છે અર્થાત્ માત્ર સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યું છે; પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી, તેવો નિર્ણય થાય છે. **॥૨/૩૭॥**

અવતરણિકા :-

અથ સમ્યગ્દીક્ષાયા યથાધિકૃતગુણવૃદ્ધિર્લિઙ્ગં ભવતિ, તથા દર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે જે પ્રમાણે સમ્યગ્ દીક્ષાનું અધિકૃત ગુણવૃદ્ધિ લિંગ થાય છે, તે પ્રકારે બતાવતાં કહે છે –

ગાથા :-

परिसुद्धभावओ तह कम्मखओवसमजोगओ होइ ।
अहिगयगुणवुड्ढी खलु कारणओ कज्जभावेण ।।२/३८।।

છાયા :-

परिशुद्धभावतस्तथा कर्मक्षयोपशमयोगतो भवति ।
अधिगतगुणवृद्धिः खलु कारणतः कार्यभावेन ।।२/३८।।

અન્વયાર્થ :-

परिसुद्धभावओ=પરિશુદ્ધભાવથી, तह=અને, कम्मखओवसमजोगओ=કર્મના ક્ષયોપશમના યોગથી,

अहिगयगुणवुड्ढी=અધિકૃત ગુણવૃદ્ધિ હોઇ खलु=થાય જ છે. कारणओ=કારણથી, कज्जभावेण=કાર્યનો ભાવ હોવાના કારણે, અધિકૃત ગુણવૃદ્ધિ સમ્યગ્ દીક્ષાનું લિંગ છે, એમ અન્વય છે. ॥૨/૩૮॥

ગાથાર્થ :-

પરિશુદ્ધભાવથી અને કર્મના ક્ષયોપશમના યોગથી અધિકૃત ગુણવૃદ્ધિ થાય જ છે. કારણથી કાર્યનો ભાવ હોવાના કારણે, અધિકૃત ગુણવૃદ્ધિ સમ્યગ્ દીક્ષાનું લિંગ છે, એમ અન્વય છે. ॥૨/૩૮॥

ટીકા :-

व्याख्या–'परिसुद्धे'त्यादि । परिशुद्धभावतोऽतिशुद्धाध्यवसायात् तथेति तथाप्रकारादीक्षाप्रतिपत्तिरूपादित्यर्थः वक्ष्यमाणकारणापेक्षया वा समुच्चयार्थस्तथाशब्दः कर्मणोऽधिकृतगुणावरणस्य क्षयोपशमो दीक्षाप्रतिपत्तिरूपपरिशुद्धभावजन्यो विगमविशेषस्तेन यो योगः=सम्बन्धः स तथा ततः कर्मक्षयोपशमयोगतः किमित्याह–भवति=जायते कासौ ? अधिकृतगुणवृद्धिः सम्यक्त्वादिगुणवर्धनम् खलुर्वाक्यालङ्कारेऽवधारणे वा अवधारणार्थत्वे चास्य भवत्येवेत्येवं प्रयोगो दृश्यः, केन कारणेनैतदेवमित्याह–कारणतो हेतोः सकाशात् कार्यभावेन फलसद्भावात् । तत्र दीक्षारूपविशुद्धभावः कारणकारणं, कर्मक्षयोपशमस्तु कारणं तथाशब्दद्वितीयव्याख्यानपक्षे तु परिशुद्धभावः कर्मक्षयोपशमश्चेति कारणद्वयं, अधिकृतगुणवृद्धिश्च कार्यम्, अतः परिशुद्धभावरूपसम्यग्दीक्षायामधिकृतगुणवृद्धिः कार्यत्वाल्लिङ्गं भवति । इति गाथार्थः ।।२/३८।।

ટીકાર્થ :-

परिशुद्ध ..... गाथार्थः ।। 'परिसुद्धेत्यादि' પ્રતીક છે. પરિશુદ્ધભાવથી=અતિ વિશુદ્ધ અધ્યવસાયથી= દીક્ષા ગ્રહણ કર્યા પછી સતત તત્ત્વના સૂક્ષ્મ અવલોકન વિષયક યત્ન થાય તેવા પરિશુદ્ધભાવથી, तथा=તે પ્રકારના દીક્ષાના પ્રતિપત્તિરૂપ પરિશુદ્ધભાવથી કર્મનો ક્ષયોપશમ થાય છે, એમ અન્વય છે. અથવા વક્ષ્યમાણ કારણની અપેક્ષાથી સમુચ્ચય અર્થવાળો 'तथा' શબ્દ છે=પરિશુદ્ધભાવથી અને કર્મના ક્ષયોપશમના યોગથી અધિકૃત ગુણવૃદ્ધિ થાય છે એમ સમુચ્ચય અર્થવાળો 'तथा' શબ્દ છે. કર્મનો=અધિકૃત ગુણના આવરણનો, ક્ષયોપશમ=દીક્ષાના સ્વીકારરૂપ પરિશુદ્ધભાવથી જન્ય વિગમવિશેષરૂપ ક્ષયોપશમ, તેની સાથે જે યોગ=સંબંધ, તે તેવો છે=કર્મના ક્ષયોપશમનો યોગ છે. તેનાથી=કર્મના ક્ષયોપશમના યોગથી, શું ? એથી કહે છે – થાય છે.

શું થાય છે ? એથી કહે છે –

અધિકૃત ગુણની વૃદ્ધિ થાય છે=સમ્યક્ત્વાદિ ગુણોનું વર્ધન થાય છે. 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે અથવા અવધારણમાં છે અને આનો પ્રયોગ='खलु' શબ્દનો પ્રયોગ, અવધારણ અર્થપણામાં 'થાય

જ છે,' એ પ્રમાણે પ્રયોગ જાણવો=અધિકૃત ગુણની વૃદ્ધિ થાય જ છે, એ પ્રમાણે પ્રયોગ જાણવો. કયા કારણથી આ પ્રકારે છે ?=સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી અધિકૃત ગુણની વૃદ્ધિ થાય જ છે એ પ્રકારે છે ?, એથી કહે છે –

કારણથી=હેતુથી, કાર્યનો ભાવ હોવાના કારણે=ફલનો સદ્ભાવ હોવાથી, ત્યાં દીક્ષારૂપ વિશુદ્ધ ભાવ કારણનું કારણ છે. વળી કર્મનો ક્ષયોપશમ કારણ છે=અધિકૃત ગુણવૃદ્ધિનું કારણ છે, વળી, 'तथा' શબ્દનો બીજા વ્યાખ્યાનપક્ષમાં=સમુચ્ચય અર્થક વ્યાખ્યાનપક્ષમાં, પરિશુદ્ધભાવ અને કર્મનો ક્ષયોપશમ એ કારણદ્વય છે અને અધિકૃત ગુણવૃદ્ધિ કાર્ય છે. આથી પરિશુદ્ધભાવરૂપ સમ્યગ્ દીક્ષામાં અધિકૃત ગુણવૃદ્ધિ કાર્યપણું હોવાના કારણે લિંગ થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૩૮॥

ભાવાર્થ :-

જે મહાત્માઓ દેવ, ગુરુ અને ધર્મના પારમાર્થિક સ્વરૂપના બોધવાળા છે, તેઓને રૌદ્ર એવા સંસારમાંથી નિસ્તારનો ઉપાય દેવ, ગુરુ અને ધર્મ જ છે, તેવી સ્થિર બુદ્ધિ છે, તેથી સતત દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપથી આત્માને વાસિત કરે છે. તે રૂપ પરિશુદ્ધભાવ તેઓમાં વર્તે છે અને તે પરિશુદ્ધભાવને કારણે કર્મના ક્ષયોપશમનો યોગ તેઓને પ્રગટે છે અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમભાવનો યોગ વર્તે છે. એથી સતત આત્મકલ્યાણને અનુરૂપ સૂક્ષ્મ બોધપૂર્વક અધિકૃત ગુણની વૃદ્ધિમાં તે મહાત્માઓ અવશ્ય યત્ન કરે છે. આથી જ દીક્ષાથી માંડીને પ્રતિદિવસ તેઓ પ્રશમાદિ ભાવોની વૃદ્ધિ થાય એ પ્રકારે યત્ન કરે છે. તેથી નક્કી થાય છે કે તેઓને સમ્યગ્દર્શનની પારમાર્થિક પ્રાપ્તિ થઈ છે; કેમ કે કારણથી કાર્ય થાય છે અને કાર્યના બળથી કારણનું અનુમાન થાય છે. તે જીવોમાં પરિશુદ્ધભાવ અને કર્મના ક્ષયોપશમભાવરૂપ કારણ વર્તી રહ્યું છે. તેથી જ તેના કાર્યરૂપ અધિકૃત ગુણની વૃદ્ધિ થઈ રહી છે માટે તે કાર્ય ઉપરથી કારણનું અનુમાન થાય છે.

આનાથી એ ફલિત થાય કે જે જીવોમાં તત્ત્વનું યથાર્થ દર્શન હોય, તેઓ ક્યારેય પોતાના હિતની ઉપેક્ષા કરે એ સંભવે નહિ અને સમ્યગ્દૃષ્ટિમાં વર્તતું સમ્યક્ત્વ તત્ત્વદર્શનરૂપ છે. તેથી તે જીવોમાં સ્વશક્તિ અનુસાર તત્ત્વની પ્રાપ્તિ માટે સતત ઉદ્યમ કરે છે જેનાથી અધિકૃત ગુણોની વૃદ્ધિરૂપ કાર્ય થાય છે. તે કાર્યના બળથી અનુમાન થાય છે કે આ જીવમાં પારમાર્થિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે. જેઓ સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી પ્રશમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરતા નથી, તેઓમાં ભવક્ષય કરવાનો પરિશુદ્ધભાવ નથી, તેથી રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ ક્ષયોપશમભાવનો યોગ નથી. તેથી જ પ્રશમાદિ ભાવોની નિષ્પત્તિ અનુકૂળ તેઓ યત્ન કરતા નથી અને માત્ર સમ્યક્ત્વ ઉચ્ચરાવીને કૃતકૃત્ય છીએ, તેમ ભ્રમથી સંતોષ માને છે. **॥૨/૩૮॥**

અવતરણિકા :-

अथ साधर्मिकप्रीतिवृद्धिर्यथा सम्यग्दीक्षाया लिङ्गं भवति तथा दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે જે પ્રકારે સાધર્મિક પ્રીતિની વૃદ્ધિ સમ્યગ્ દીક્ષાનું લક્ષણ થાય છે તે પ્રકારે બતાવતાં કહે છે –

ગાથા :-

धम्मम्मि य बहुमाणा पहाणभावेण तदणुरागाओ ।
साहम्मियपितिए उ हंदि वुड्ढी धुवा होइ ।।२/३९।।

છાયા :-

धर्मे च बहुमानात् प्रधानभावेन तदनुरागात् ।
साधर्मिकप्रीतेः तु हंदि वृद्धिः ध्रुवाद् भवति ।।२/३९।।

અન્વયાર્થ :-

य=અને, धम्मम्मि=ધર્મના, बहुमाणा=બહુમાનને કારણે, पहाणभावेण=પ્રધાન ભાવથી=સાધર્મિકોના ધર્મના પ્રધાનભાવથી, तदणुरागाओ=તેના અનુરાગને કારણે=સાધર્મિકના અનુરાગને કારણે, साहम्मिय-पितिए=સાધર્મિકની પ્રીતિની, उ=વળી, वुड्ढी=વૃદ્ધિ, हंदि=ખરેખર, धुवा=ધ્રુવ, होइ=થાય છે. ।।२/३९।।

ગાથાર્થ :-

અને ધર્મના બહુમાનને કારણે પ્રધાન ભાવથી=સાધર્મિકોના ધર્મના પ્રધાન ભાવથી, તેના અનુરાગને કારણે=સાધર્મિકના અનુરાગને કારણે, સાધર્મિકની પ્રીતિની વળી, વૃદ્ધિ ખરેખર ધ્રુવ થાય છે. ।।२/३९।।

ટીકા :-

व्याख्या–'धम्मे'त्यादि । धर्मे दीक्षारूपे दीक्षितजनानुष्ठेयश्रुतचारित्ररूपे च चशब्दः समुच्चयार्थो भिन्नक्रमश्च बहुमानात्पक्षपातात्, प्रधानभावेन प्राधान्याच्च धर्मप्रधानत्वात् साधर्मिकाणामिति हृदयम् तदनुरागात्साधर्मिकस्नेहात् इह यद्यपि साधर्मिकशब्दः परपदे समस्तश्च वर्तते, तथापि तच्छब्देन स एव संस्पर्शनीयः, वक्त्रा तथैव विवक्षितत्वात्, वक्त्राधीनत्वाच्छब्दप्रवृत्तेः, दृश्यते चैवंविधः प्रयोगस्तत्र तत्रेति किं स्यादित्याह–साधर्मिकप्रीतेः समानधर्मजनविषयप्रेमजन्यवात्सल्यस्य कार्ये कारणोपचारात् तुशब्दः पुनरर्थः तद्भावना चैवम्–परिशुद्धभावतोऽधिकृतगुणानां वृद्धिर्भवति, साधर्मिकप्रीतिः पुनर्धर्मबहुमानतः साधर्मिकानुरागादिति अथवा धर्मे बहुमानात्प्रीतिमात्रात् प्रधानभावेन धर्मस्योत्तमत्वबुद्ध्या तदनुरागाच्च धर्मभक्तेश्चेत्यर्थः ।

धर्मविषययोः प्रीतिभक्त्योश्चायं विशेषो यथा –

'यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः ।
शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ।।१।।
गौरवविशेषयोगाद् बुद्धिमतो यद्विशुद्धतरयोगम् ।
क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद् भक्त्यनुष्ठानम् ।।२।।
अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति ।
तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगतम् ।।३।।' [**षोडशक० १०/३-४-५**] **इति ।**

साधर्मिकप्रीतेस्तु साधर्मिकानुरागस्य हंदीत्युपदर्शने वृद्धिर्वर्धनम् ध्रुवा=निश्चिता भवति=जायते । इति गाथार्थः ।।२/३९।।

टीकार्थ :-

धर्मे ..... गाथार्थः ।। 'धम्मेत्यादि' प्रतीक छे. धर्ममां=दीक्षारूप धर्ममां, अने दीक्षितजन अनुष्ठेय श्रुत-चारित्ररूप धर्ममां बहुमानथी=पक्षपातथी. 'च' शब्द समुच्चय अर्थवाळो अने भिन्नक्रम छे अने प्रधान भावथी=धर्मना प्राधान्यथी साधर्मिकोना धर्मनुं प्रधानपणुं होवाथी, तेना अनुरागने कारणे= साधर्मिकना स्नेहने कारणे, साधर्मिकनी प्रीतिनी ध्रुव वृद्धि थाय छे, एम अन्वय छे. अहीं जोके साधर्मिक शब्द परपदमां=साधर्मिकप्रीति ए प्रकारना पदमां, अने समासवाळो वर्ते छे तोपण, 'तत्' शब्दथी=तेना अनुरागमां रहेला 'तत्' शब्दथी ते ज=साधर्मिक ज, संस्पर्शनीय छे; केम के वक्ता द्वारा ते प्रकारे विवक्षितपणुं छे. अने शब्दप्रवृत्तिनुं वक्ताने आधीनपणुं छे. अने आवा प्रकारनो प्रयोग ते ते स्थानमां देखाय छे.

शुं थाय ?=साधर्मिकना अनुरागथी शुं थाय ? एथी कहे छे —

साधर्मिकनी प्रीतिनी वृद्धि ध्रुव थाय छे, एम अन्वय छे=समान धर्मवाळा लोक विषयक प्रेमजन्य वात्सल्यनी वृद्धि ध्रुव थाय छे, एम अन्वय छे; केम के कार्यमां कारणनो उपचार छे अर्थात् साधर्मिक प्रत्ये अंतरंग गुणरागने कारणे प्रीति होय छे अने तेना कारणे साधर्मिकने जोईने प्रीतिनी अभिव्यक्ति थाय तेवी क्रिया सम्यग्दृष्टि जीवो करे छे, ते वात्सल्यरूप छे. ते वात्सल्यरूप कार्यमां कारणनो उपचार करीने अहीं साधर्मिक प्रीतिनी वृद्धि कहेल छे. 'तु' शब्द पुनः अर्थमां छे अने तेनी भावना आ प्रमाणे छे — परिशुद्धभावथी अधिकृत गुणोनी वृद्धि थाय छे. वळी, धर्मना बहुमानने कारणे साधर्मिकना अनुरागथी साधर्मिकनी प्रीति थाय छे.

गाथाना पूर्वार्धनो अर्थ 'अथवा'थी अन्य प्रकारे करे छे —

धर्ममां बहुमानने कारणे=प्रीतिमात्रने कारणे, अने प्रधान भावथी धर्मनी उत्तमत्वबुद्धिने कारणे तेना अनुरागथी=धर्मना अनुरागथी=धर्मनी भक्तिथी, प्रीतिअनुष्ठान-भक्तिअनुष्ठान थाय छे, एम अन्वय छे. धर्मविषयक प्रीति अने भक्तिनो आ विशेष छे. जे यथाथी बतावे छे —

"જેમાં=જે ધર્મમાં, પરમ આદર છે, કર્તાને હિતના ઉદયવાળી પ્રીતિ થાય છે, અને (કર્તા) જેને શેષ ત્યાગથી કરે છે, તે પ્રીતિ અનુષ્ઠાન છે. ।।૧।।

ગૌરવવિશેષના યોગથી બુદ્ધિમાનનું વિશુદ્ધતર યોગવાળું જે અનુષ્ઠાન છે, ક્રિયાથી ઇતરતુલ્ય પણ=પ્રીતિઅનુષ્ઠાનતુલ્ય પણ, તે ભક્તિ અનુષ્ઠાન જાણવું. ।।૨।।

અત્યંત વલ્લભ ખરેખર પત્ની છે, તેની જેમ જ માતા હિતને કરનારી છે, તે બંનેનું તુલ્ય પણ કૃત્ય પ્રીતિગત= પ્રીતિઅનુષ્ઠાનનું, અને ભક્તિગત=ભક્તિઅનુષ્ઠાનનું, દૃષ્ટાંત છે. ।।૩।।" **(ષોડશક૦ ૧૦/૩-૪-૫)**

આ પ્રમાણે સાધર્મિકની પ્રીતિની=સાધર્મિકના અનુરાગની, વૃદ્ધિ ધ્રુવ=નિશ્ચિત, થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૩૯।।

ભાવાર્થ :-

જે જીવોને પારમાર્થિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે, તેઓને સમ્યક્ત્વરૂપ ધર્મમાં બહુમાન હોય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની ભૂમિકા અનુસાર જે નવું નવું શ્રુત અધ્યયન કરે છે અને ચારિત્રની શક્તિના સંચયને અનુકૂળ જે ઉચિત આચારો સેવે છે, તે આચારો ધર્મમાં બહુમાનભાવરૂપે વર્તે છે. તેથી જે જીવોમાં પોતાના સમાન જ સમ્યક્ત્વ વર્તે છે, તેના કારણે તેઓ પણ સ્વભૂમિકાનુસાર શ્રુત-ચારિત્રમાં યત્ન કરનારા છે, તેવા સાધર્મિકોમાં વર્તતા ધર્મ પ્રત્યે તેઓને પ્રધાનતા હોય છે. જોકે પરિચયને કારણે તેમના પ્રત્યે સ્નેહભાવ થાય છે, તોપણ પ્રધાનરૂપે તેઓમાં વર્તતા સમ્યક્ત્વાદિ ગુણોને કારણે તે સાધર્મિકો પ્રત્યે તેમને પ્રીતિ વર્તે છે અને પોતાને મોક્ષના કારણીભૂત ધર્મ પ્રત્યે બહુમાન છે અને સાધર્મિકોમાં તેવા ઉત્તમ ગુણો છે, તેવી પ્રધાનતા છે. તેથી તેવા સાધર્મિક પ્રત્યે સમ્યગ્દૃષ્ટિ જીવને હંમેશાં પ્રીતિની વૃદ્ધિ થાય છે, જે સમ્યક્ત્વનું લિંગ છે. જોકે ઓઘથી ધર્મ કરનારા જીવોમાં પણ પરસ્પર ધર્મના સંબંધથી પ્રીતિ વર્તે છે તોપણ તેઓને માત્ર સ્થૂલ આચાર કૃત જ ધર્મની પ્રીતિ હોય છે. જ્યારે સમ્યક્ત્વને પામેલા જીવો પ્રશમાદિ ભાવોથી યુક્ત ધર્મને સેવનારા છે અને પોતાની જેમ જ પ્રશમાદિ ભાવોથી યુક્ત ધર્મને સેવનારા સાધર્મિકોને જોઈને તેમને તેમના પ્રત્યેની પ્રીતિ હંમેશાં વૃદ્ધિ પામતી હોય છે; કેમ કે સમ્યગ્દર્શન ગુણ જ ધર્મના યથાર્થ સ્વરૂપને જોઈને ધર્મ પ્રત્યે પ્રીતિ ધરાવે છે. એથી જ્યાં જ્યાં એવા ધર્મનું દર્શન થાય, ત્યાં ત્યાં પ્રીતિની વૃદ્ધિ થાય છે.

'અથવા'થી ટીકાકારશ્રીએ પ્રસ્તુત ગાથાનું યોજન કર્યું છે, તેનો ભાવ આ પ્રમાણે છે –

ધર્મનું બહુમાન છે અર્થાત્ ધર્મમાં પ્રીતિ છે અને પ્રધાનભાવથી ધર્મનો અનુરાગ છે અર્થાત્ ધર્મમાં ભક્તિ છે, તેથી જેને ધર્મમાં પ્રીતિ હોય અને ધર્મમાં જેને ભક્તિ હોય તેવા જીવને ધર્મથી યુક્ત એવા સાધર્મિકો પ્રત્યે પ્રીતિની વૃદ્ધિ થાય છે અને સાધર્મિકો પ્રત્યે વૃદ્ધિ પામતી પ્રીતિના બળથી અનુમાન થાય છે કે આ જીવમાં સમ્યક્ત્વ છે. **।।૨/૩૯।।**

અવતરણિકા :-

अथ बोधवृद्धेर्लिङ्गतादर्शनायाह –

अवतरणिकार्थ :-

हवे बोधवृद्धिनी लिंगताने बतावतां कहे छे –

भावार्थ :-

ગાથા-૩૭માં કહેલ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાથી જીવને અધિકૃત ગુણોની વૃદ્ધિ, સાધર્મિકની પ્રીતિની વૃદ્ધિ, બોધની વૃદ્ધિ અને ગુરુભક્તિની વૃદ્ધિ પ્રતિદિવસ થાય છે. તેથી પ્રથમ અધિકૃત ગુણોની વૃદ્ધિ કઈ રીતે થાય છે ? તે ગાથા-૩૮માં બતાવ્યું. ત્યારબાદ સાધર્મિકની પ્રીતિની વૃદ્ધિ કઈ રીતે થાય છે ? તે ગાથા-૩૯માં બતાવ્યું. હવે ક્રમપ્રાપ્ત સમ્યક્ત્વ પામ્યા પછી બોધની વૃદ્ધિ કઈ રીતે થાય છે ? તે બતાવતાં કહે છે –

गाथा :-

विहियाणुट्ठाणाओ पाएणं सव्वकम्मखओवसमो ।
णाणावरणावगमा णियमेणं बोहवुड्ढिढत्ति ।।२/४०।।

छाया :-

विहितानुष्ठानात् प्रायेण सर्वकर्मक्षयोपशमः ।
ज्ञानावरणापगमात् नियमेन बोधवृद्धिरिति ।।२/४०।।

अन्वयार्थ :-

विहियाणुट्ठाणाओ=विहित अनुष्ठानथी=दीक्षा अने दीक्षितना समाचार रूप सम्यग् अनुष्ठानथी, पाएणं=प्रायः, सव्वकम्मखओवसमा=सर्व कर्मनो क्षयोपशम थाय छे=सर्व घातीकर्मनो क्षयोपशम थाय छे. णाणावरणावगमा=ज्ञानावरणीयना अपगमथी, णियमेणं=नक्की, बोहवुड्ढि=बोधवृद्धि थाय छे.

'त्ति' शब्द बोधवृद्धिनी वक्तव्यतानी समाप्ति दर्शक छे. ।।२/४०।।

गाथार्थ :-

विहित अनुष्ठानथी=दीक्षा अने दीक्षितना समाचार रूप सम्यग् अनुष्ठानथी, प्रायः सर्व कर्मनो क्षयोपशम थाय छे=सर्व घातीकर्मनो क्षयोपशम थाय छे. ज्ञानावरणीयना अपगमथी नक्की बोधवृद्धि थाय छे. ।।२/४०।।

टीका :-

व्याख्या– 'विहिये'त्यादि । विहितानुष्ठानाद्दीक्षादीक्षितसमाचाररूपसद्वृत्तात् प्रायेण=बाहुल्येन, कस्यापि जीवस्य भावविशेषादेव क्षयोपशमो भवतीति प्रायेणेत्युक्तम् । सर्वकर्मक्षयोपशमो निखिलज्ञानावरणादिघातिकर्मणां विगमविशेषो भवतीति गम्यम् ।

घातिकर्मणामिति व्याख्यानं –

'मोहस्सेवोवसमो खाओवसमो चउण्ह घाईणं ।

उदयक्खयपरिणामा अट्ठण्ह वि होंति कम्माणं ।।१।।' **[प्रवचनसारोद्धार-२२१, पञ्चसङ्ग्रह-१४३] इति वचनात् ।**

ततश्च ज्ञानावरणापगमात् घातिकर्मान्तर्गतस्य ज्ञानावरणीयकर्मणः क्षयोपशमादेः सकाशान्नियमेन=नियोगेन बोधवृद्धिर्ज्ञानवर्धनं भवति, इतिशब्दो बोधवृद्धिवक्तव्यतासमाप्तिसंसूचनार्थः । इति गाथार्थः ।।२/४०।।

ટીકાર્થ :-

विहितानुष्ठानात् ..... गाथार्थः ।। 'विहियेत्यादि' प्रतीक छे. विहित अनुष्ठानथी=दीक्षानी क्रिया अने दीक्षितना आचाररूप सद्व्रतथी, प्रायः अर्थात् बाहुल्यथी कोईक जीवने भावविशेषथी ज क्षयोपशम थाय छे एथी प्रायः ए प्रमाणे कहेवायुं छे. विहित अनुष्ठानथी प्रायः सर्व कर्मनो क्षयोपशम=संपूर्ण ज्ञानावरणीय आदि घातीकर्मनो विगमविशेष, थाय छे. गाथामां 'भवति' ए प्रमाणे अध्याहार छे.

સર્વ કર્મનો ક્ષયોપશમ એ પ્રમાણે ગાથામાં હોવા છતાં ટીકાકારશ્રીએ સંપૂર્ણ જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મોનું વિગમન થાય, એમ કેમ કહ્યું ? એમાં હેતુ કહે છે –

घातीकर्मोनो ए प्रमाणे व्याख्यान "मोहस्स...." ए प्रकारना वचनथी छे अर्थात्

"મોહનો ઉપશમ, ચાર ઘાતીકર્મોનો ક્ષયોપશમ ઉદયનો અને ક્ષયનો પરિણામ આઠેય પણ કર્મોનો થાય છે. ।।૧।।" **(प्रवचनसारोद्धार० २२१, पंचसंग्रह० १४३)**

ए प्रकारनुं वचन होवाथी सर्व कर्मना क्षयोपशम शब्दथी घातीकर्मनो क्षयोपशम ग्रहण करेल छे. अने तेनाथी=घातीकर्मना क्षयोपशमथी, ज्ञानावरणीयनो अपगम थवाने कारणे=घातीकर्म अंतर्गत ज्ञानावरणीय कर्मना क्षयोपशमादि थवाने कारणे, नियमथी बोधवृद्धि=ज्ञाननी वृद्धि थाय छे. 'इति' शब्द बोधवृद्धिनी वक्तव्यतानी समाप्तिनी सूचनावाळो छे, ए प्रमाणे गाथार्थ छे. ।।२/४०।।

ભાવાર્થ :-

જેઓ ગુણવાન ગુરુ પાસેથી દેવ, ગુરુ, ધર્મના તત્ત્વને સ્પર્શે તેવો બોધ કરીને સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે, તેઓ દીક્ષા ગ્રહણ કરે છે અર્થાત્ સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે, તે વખતે તે ક્રિયા વિષયક બહુમાન હોવાના કારણે તે સમ્યગ્ અનુષ્ઠાન છે. વળી, દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રતિદિન પ્રશમાદિ ભાવોની વૃદ્ધિ થાય તે રીતે સાધુ-સામાચારી અને શ્રાવકધર્મના આચારો ઇત્યાદિનું શ્રવણ કરે છે. ભગવાનના ગુણોનું સમ્યગ્ સ્મરણ કરીને ભગવાનની ભક્તિ કરે છે. લિંગો દ્વારા ગુણવાન ગુરુના ગુણોને જાણીને ગુણવાન ગુરુની ભક્તિ કરે છે. આ સર્વ વિહિત અનુષ્ઠાનના સેવનથી પ્રાયઃ તે મહાત્માને સર્વ ઘાતીકર્મોનો ક્ષયોપશમ થાય છે અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, દર્શનમોહનીય, ચારિત્રમોહનીય અને વીર્યાંતરાય કર્મોના ક્ષયોપશમભાવની

વૃદ્ધિ સતત થાય છે. તે ઘાતીકર્મ અંતર્ગત જ્ઞાનાવરણીયકર્મનો પણ નિયમથી અપગમ થાય છે. તેથી પ્રતિદિન પરમાત્માનું સ્વરૂપ, સુગુરુનું સ્વરૂપ અને મોક્ષમાર્ગની ઉચિત આચરણા વિષયક સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધની વૃદ્ધિ નિયમથી થાય છે.

અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈક જીવને આના સિવાય પણ ભાવવિશેષને કારણે ઘાતીકર્મોનો ક્ષયોપશમ થાય છે. જેમ બળદને જોઈને કોઈક મહાત્મા પ્રત્યેકબુદ્ધ થયા છે, પરંતુ બહુલતાએ સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી વિહિત અનુષ્ઠાનના બળથી મહાત્માઓને ઘાતીકર્મોનો ક્ષયોપશમ થાય છે, તેથી તેઓ સતત ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ ઉત્તર ઉત્તરની ભૂમિકામાં જવા સમર્થ બને છે. તે વખતે ઘાતીકર્મ અંતર્ગત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી બોધની વૃદ્ધિ સતત પ્રાપ્ત થાય છે. વળી, ઘાતિકર્મ અંતર્ગત લાભાંતરાયકર્મનો અને વીર્યાંતરાયકર્મનો પણ ક્ષયોપશમ થતો હોવાને કારણે તે મહાત્મા ઉત્તરના ભવમાં વિપુલ ભોગસામગ્રીયુક્ત સુંદર ભવને પ્રાપ્ત કરે છે તથા વર્તમાનના ભવમાં પણ લાભાંતરાયાદિ ક્ષયોપશમને કારણે ઘણી અનુકૂળતાઓને પ્રાપ્ત કરે છે. વળી, ચારિત્રમોહનીય આદિ કર્મો શિથિલ થવાને કારણે તે મહાત્મા દેશવિરતિની કે સર્વવિરતિની આસન્ન-આસન્નતર ઉત્તમ પરિણતિવાળા પણ સતત થાય છે અને સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધની વૃદ્ધિ થવાથી તત્ત્વના પરમાર્થને પણ પૂર્વ પૂર્વ કરતાં વિશેષ-વિશેષતર જાણનારા બને છે. **॥૨/૪૦॥**

અવતરણિકા :-

अथ गुरुभक्तिवृद्धेर्लिङ्गतादर्शनायाह –

અવતરણિકાર્થ :-

હવે ગુરુભક્તિની વૃદ્ધિની લિંગતાને બતાવતાં કહે છે –

ગાથા :-

कल्लाणसंपयाए इमिए हेऊ जओ गुरू परमो ।
इय बोहभावओ चिय जायइ गुरुभत्तिवुड्ढी वि ।।२/४१।।

છાયા :-

कल्याणसम्पद अस्या हेतुर्यतो गुरुः परमः ।
इति बोधभावत एव जायते गुरुभक्तिवृद्धिरपि ।।२/४१।।

અન્વયાર્થ :-

જઓ=જે કારણથી, ઇમિએ=આ, કલ્લાણસંપયાએ=કલ્યાણની સંપદાનો, પરમો=પરમ, હેઊ=હેતુ, ગુરૂ=ગુરુ છે, ઇય=એ પ્રકારના, બોહભાવઓ=બોધનો ભાવ હોવાને કારણે, ચિય=જ, ગુરુભત્તિવુડ્ઢી=ગુરુભક્તિની વૃદ્ધિ, વિ=પણ, જાયઇ=થાય છે. ।।૨/૪૧।।

ગાથાર્થ :-

જે કારણથી આ કલ્યાણની સંપદાનો પરમ હેતુ ગુરુ છે, એ પ્રકારના બોધનો ભાવ હોવાને કારણે જ ગુરુભક્તિની વૃદ્ધિ પણ થાય છે. ।।૨/૪૧।।

ટીકા :-

વ્યાખ્યા–'कल्लाणे'त्यादि । कल्याणानामैहिकामुष्मिकश्रेयसां संपत्संपत्तिः कल्याणसंपत् तदवन्ध्यहेतुत्वाद्दीक्षा दीक्षितसमाचारश्च कल्याणसंपदुच्यतेऽतस्तस्याः 'इमिए' त्ति अस्या अनन्तरोक्तायाः हेतुः=कारणम् यतो=यस्मात् गुरुर्धर्माचार्यः परमः=प्रधानो वर्तते ततः कारणान्महाभक्तिविषयोऽयमिति शेषः इत्यनेन प्रकारेण कल्याणहेतुत्वेन भक्तिविषयो गुरुरित्येवं लक्षणेन यो बोधो=ज्ञानं, तस्य यो भावः=सत्ता स तथा तस्मादिति बोधभावादेव नान्यथा, चियशब्दोऽवधारणार्थः जायते=भवति गुरुभक्तिवृद्धिरपि=धर्माचार्यबहुमानवर्धनमपि, न केवलं स्वहेतोर्बोधवृद्धिरिति गाथार्थः ।।२/४१।।

ટીકાર્થ :-

कल्याणानाम् ..... गाथार्थः ।। 'कल्लाणेत्यादि' પ્રતીક છે. ઐહિક-આમુષ્મિક શ્રેયરૂપ=સંપત્તિરૂપ, કલ્યાણની સંપદ્ તેનો અવંધ્ય હેતુ હોવાથી દીક્ષા અને દીક્ષિતનો આચાર કલ્યાણની સંપદ્ કહેવાય છે. આથી તેનો=કલ્યાણની સંપદાનો.

કઈ કલ્યાણની સંપદાનો ? એથી કહે છે –

અનંતરમાં કહેવાયેલી આ કલ્યાણસંપદાનો. જે કારણથી પરમ=પ્રધાન, હેતુ=કારણ, ગુરુ=ધર્માચાર્ય, થાય છે, તે કારણથી મહાન ભક્તિનો વિષય આ=ગુરુ, છે. આ પ્રકારથી કલ્યાણના હેતુપણારૂપે ભક્તિનો વિષય ગુરુ છે એવા સ્વરૂપથી જે બોધ=જ્ઞાન, તેનો જે ભાવ=સત્તા, તે તેવી છે=બોધ ભાવવાળી છે. તેનાથી જ=તે બોધભાવથી જ, અન્યથા નહિ. ગુરુભક્તિની વૃદ્ધિ પણ થાય છે=ધર્માચાર્યના બહુમાનનું વર્ધન પણ થાય છે. કેવલ પોતાના હેતુ=ગુરુભક્તિની વૃદ્ધિનો હેતુ એવા, બોધની વૃદ્ધિ જ નહિ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૪૧।।

ભાવાર્થ :-

ગુણવાન ગુરુ સમ્યક્ત્વ ઉચ્ચરાવતા પૂર્વે યોગ્ય જીવને સંસારનું રૌદ્ર સ્વરૂપ બતાવે છે. તેના નિસ્તરણના ઉપાયરૂપે દેવ, ગુરુ અને ધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ બતાવે છે. ત્યારપછી સમ્યક્ત્વ ઉચ્ચરાવવા સ્વરૂપ દીક્ષા આપે છે અને દીક્ષા ગ્રહણ કર્યા પછી સમ્યક્ત્વના આચારોનું પાલન કઈ રીતે કરવું જોઈએ ? તેનો સૂક્ષ્મ બોધ કરાવે છે. જેના દ્વારા યોગ્ય જીવને આલોકમાં પણ કષાયોની મંદતાજન્ય સુખ ઉત્પન્ન થાય છે, ચિત્તમાં કાષાયિક ઉપદ્રવો શાંત-શાંતતર થાય છે અને પરલોકમાં પણ સર્વ પ્રકારના કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. પોતાને જે કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થઈ તેનું પ્રધાન કારણ આ ગુરુ છે, તેવો જે જીવોને બોધ

થાય છે, તેઓને પોતાની સર્વ કલ્યાણની પરંપરાનું પ્રબળ કારણ ગુણવાન ગુરુ છે, તેવો બોધ થવાથી તેવા ગુણવાન ગુરુ પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય છે. **॥२/४१॥**

अवतरणिका :-

अथानन्तरोक्तदीक्षागुणानामनन्तरफलं दर्शयन्नाह –

अवतरणिकार्थ :-

હવે અનંતર ઉક્ત દીક્ષાના ગુણોનું અનંતર ફળ બતાવતાં કહે છે –

गाथा :-

इय कल्लाणी एसो कमेण दिक्खागुणे महासत्तो ।
सम्मं समायरन्तो पावइ तह परमदिक्खं पि ।।२/४२।।

छाया :-

इति कल्याणी एषः क्रमेण दीक्षागुणान् महासत्त्वः ।
सम्यक् समाचरन् प्राप्नोति तथा परमदीक्षामपि ।।२/४२।।

अन्वयार्थ :-

महासत्तो=महासत्त्ववाळो એવો, एसो=આ=दीक्षित જીव, कमेण=ક્રમથી, दिक्खागुणे=दीक्षागुणोने, सम्मं=सम्यग्, समायरन्तो=आचरतो, इय=આ રીતે, कल्लाणी=કલ્યાણયુક્ત થાય છે, तह=અને, परमदिक्खं=પરમદીક્ષાને, पि=પણ, पावइ=प्राप्त करे छे. ॥२/४२॥

गाथार्थ :-

महासत्त्ववाळो એવો આ=दीक्षित જીव, ક્રમથી दीक्षागुणोने सम्यग् आचरतो આ રીતે કલ્યાણયુક્ત થાય છે અને પરમદીક્ષાને પણ પ્રાપ્ત કરે છે. ॥२/४२॥

टीका :-

व्याख्या–'इये'त्यादि, इति=उक्तन्यायेन सम्यग्दीक्षाधिकृतगुणवृद्ध्यादितल्लिङ्गप्राप्तिलक्षणेन, कल्याणी=कल्याणवान् लोकद्वयभाविकल्याणहेतुभूतदीक्षावाप्तेः भवतीति गम्यते एषोऽनन्तरोक्तरूपो दीक्षितजीवः तथा क्रमेण परिपाट्या शुद्धशुद्धतरशुद्धतमयेत्यर्थः दीक्षागुणान्=जिनदीक्षाधर्मान् जिनसाध्वागमभक्तिप्रभावादीन् समाचरन्निति योगः महासत्त्वो महानुभावः सम्यग्भावसारं समाचरन्नासेवमानः प्राप्नोति=लभते तथेति फलान्तरसमुच्चयार्थः परमदीक्षामपि=सर्वविरतिदीक्षामपि । न केवलं कल्याण्येव भवति इत्यपिशब्दार्थः । अथवा कल्याणी सन्नेष प्राप्नोति तथा परमदीक्षामपि यथेतरदीक्षां प्राप्तं इति हृदयम् शेषं तथैव । इति गाथार्थः ।।२/४२।।

ટીકાર્થ :-

इति ..... गाथार्थः ।। 'इयेत्यादि' પ્રતીક છે. આ રીતે=સમ્યગ્ દીક્ષાકૃત ગુણવૃદ્ધિ આદિ લિંગની પ્રાપ્તિ લક્ષણ ઉક્ત ન્યાયથી, લોકદ્વયભાવિ=આલોકભાવી અને પરલોકભાવી, કલ્યાણના હેતુભૂત દીક્ષાની પ્રાપ્તિથી કલ્યાણવાળો થાય છે. આ=અનંતર ઉક્ત સ્વરૂપવાળો દીક્ષિત જીવ, તે પ્રકારના ક્રમથી=શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ પરિપાટીથી દીક્ષાગુણોને=જિન દીક્ષાના ધર્મોને=જિન-સાધુ-આગમની ભક્તિ-પ્રભાવનાદિને, આચરતો, મહાસત્ત્વવાળો સમ્યગ્=ભાવસાર આચરતો, પરમ દીક્ષાને પણ પ્રાપ્ત કરે છે=સર્વવિરતિદીક્ષાને પણ પ્રાપ્ત કરે છે. કેવલ કલ્યાણવાળો થતો નથી એ 'अपि' શબ્દનો અર્થ છે. ગાથામાં રહેલ 'तथा' શબ્દ ફલાંતરસમુચ્ચયવાળો છે=કલ્યાણને તો પ્રાપ્ત કરે છે; પરંતુ સર્વવિરતિરૂપ દીક્ષાને પણ પ્રાપ્ત કરે છે એ રૂપ ફલાંતરના સમુચ્ચયવાળો છે, અથવા કલ્યાણી છતો એવો આ પ્રમાણે તે પ્રકારે પરમ દીક્ષા પણ પ્રાપ્ત કરે છે. જે પ્રમાણે ઇતર દીક્ષાને પ્રાપ્ત થયો, એ પ્રકારે તાત્પર્ય છે. શેષ તે પ્રકારે છે=પૂર્વની જેમ જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૪૨॥

ભાવાર્થ :-

દીક્ષા એ કષાયના મુંડન સ્વરૂપ છે. જીવ સમ્યક્ત્વ ઉચ્ચરાવે છે ત્યારે દેવ, ગુરુ અને ધર્મની સ્થિર રુચિ કરીને સતત કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરવા યત્ન કરે છે, તેથી ગ્રહણ કરાયેલ સમ્યક્ત્વરૂપ દીક્ષાથી સતત ગુણવૃદ્ધિ થાય છે, તેના કારણે તે મહાત્માને આલોકમાં અને પરલોકમાં કલ્યાણના હેતુભૂત દીક્ષાની પ્રાપ્તિ થયેલી હોવાથી તે કલ્યાણવાળો બને છે. વળી, સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી તે મહાત્મા સમ્યક્ત્વના ઉચિત આચારોના પાલન દ્વારા કષાયોના નાશ માટે ઉદ્યમ કરનાર હોવાથી મહાસત્ત્વવાળો છે, તેથી સતત શુદ્ધશુદ્ધતર ભાવોને સ્પર્શ કરીને દીક્ષાના ગુણોની સમ્યગ્ આચરણા કરે છે.

આનાથી એ ફલિત થાય કે ભગવાનની ભક્તિ કરીને પણ તે મહાત્મા સર્વવિરતિની શક્તિસંચય થાય, તે રીતે યત્ન કરે છે. ગુણવાન ગુરુની ભક્તિ કરીને પણ તે મહાત્મા સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે રીતે યત્ન કરે છે અને નવું નવું શાસ્ત્રઅધ્યયન કરીને પણ તે રીતે યત્ન કરે છે, જેથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય. તેથી સમ્યક્ત્વકાલીન સર્વ આચરણાના બળથી તે મહાત્મા સર્વવિરતિના પ્રતિબંધક કષાયોને અત્યંત ક્ષીણ ક્ષીણતર કરે છે, જેથી પરમ દીક્ષાને પણ પ્રાપ્ત કરે છે અર્થાત્ માત્ર ગૃહવાસના ત્યાગરૂપ પરમ દીક્ષાને નહિ, પરંતુ સંસારના ક્ષયનું પ્રબળ કારણ બને તેવી અસંગભાવની શક્તિ આત્મામાં પ્રગટ થાય, તેના પ્રબળ કારણભૂત એવી પરમ દીક્ષાને પણ પ્રાપ્ત કરે છે.

આનાથી ફલિત થાય છે કે સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી મુગ્ધતાથી માત્ર ત્રિકાલ જિનપૂજા આદિ કરે તે દીક્ષા નથી, પરંતુ કષાયોનો સતત ક્ષય કરે તે પ્રકારે વિવેકયુક્ત સમ્યક્ત્વની આચરણા કરે તે જ દીક્ષા છે અને તેવી દીક્ષા ઉત્તરોત્તર વિશુદ્ધિ દ્વારા પરમ દીક્ષાનું કારણ બને છે. **॥૨/૪૨॥**

અવતરણિકા :-

अथ जिनदीक्षाया एव परम्परफलोपदर्शनायाह –

અવતરણિકાર્થ :-

હવે જિનદીક્ષાના જ પરમ્પર ફળને બતાવતાં કહે છે –

ગાથા :-

गरहियमिच्छायारो भावेणं जीवमुत्तिमणुहविउं ।
णीसेसकम्ममुक्को उवेइ तह परममुत्तिं पि ।।२/४३।।

છાયા :-

गर्हितमिथ्याचारः भावेन जीवन्मुक्तिमनुभूय ।
निःशेषकर्ममुक्त उपैति तथा परममुक्तिमपि ।।२/४३।।

અન્વયાર્થ :-

ભાવેણં=ભાવથી, ગરહિયમિચ્છાયારો=ગર્હિત મિથ્યાચારવાળા, જીવમુત્તિમણુહવિઉં=જીવનમુક્તિને અનુભવીને, णीसेसकम्ममुक्को=નિઃશેષ કર્મથી મુક્ત એવી, तह=તે પ્રકારની, परममुत्तिं=પરમ મુક્તિને, पि=પણ, उवेइ=પ્રાપ્ત કરે છે. ।।૨/૪૩।।

ગાથાર્થ :-

ભાવથી ગર્હિત મિથ્યાચારવાળા જીવનમુક્તિને અનુભવીને નિઃશેષ કર્મથી યુક્ત એવી તે પ્રકારની પરમ મુક્તિને પણ પ્રાપ્ત કરે છે. ।।૨/૪૩।।

ટીકા :-

व्याख्या–'गरहिये'त्यादि । गर्हिता=निन्दिता मिथ्याचारा=मोक्षमार्गविपरीतसमाचारा मिथ्यात्वाविरति-कषायदुष्टयोगलक्षणा, अतीतकालासेविता येन स तथा परमदीक्षावाप्त्या, उपलक्षणत्वाच्चास्य वर्तमानानां मिथ्याचाराणां संवरणं, अनागतानां च प्रत्याख्यानमिह द्रष्टव्यम् ।

अन्ये तु मिथ्याचारलक्षणं वदन्ति–

'बाह्येन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ।।१।।' **[गीता० ३/६] इति ।**

कथं गर्हितमिथ्याचार इत्याह–भावेन=परमार्थतो न द्रव्यत एव, उपैति परममुक्तिमपीति योगः अथवा भावत इत्येतत्पदमनुभूयेत्यनेन सम्बन्धनीयम्, जीवतः प्राणान् धारयतो मुक्तिर्मोक्षो निःसङ्गता-प्रकर्षेण जीवन्मुक्तिस्ताम् अनुभूय=संवेद्य, अनुभवन्ति च जीवन्त एव परमदीक्षावन्तो मुक्तिम् ।

यदाह–

'निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।

विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ।।१।।' **[प्रशमरति० २३८]**

निःशेषकर्ममुक्तः=क्षीणसकलकर्मा, उपैत्युपगच्छति तथा=तेन प्रकारेण जिनदीक्षाजनितगुणप्रकर्ष-पर्यन्तवृत्तिलक्षणेन परममुक्तिमपि सकलकर्मांशप्रहाणमपि न केवलं परमदीक्षामपि प्राप्नोतीत्यपिशब्दार्थः । इति गाथार्थः ।।२/४३।।

ટીકાર્થ :-

गर्हिता ..... गाथार्थः ।। 'गरहियेत्यादि' प्रतीक छे. गर्हित કર્યા છે=નિંદિત કર્યા છે, મિથ્યાચારો= મોક્ષમાર્ગથી વિપરીત સમાચારો=મિથ્યાત્વ-અવિરતિ-કષાય-દુષ્ટયોગલક્ષણ અતીતકાય આસેવિત મિથ્યાચારો, જેના વડે તે તેવા છે=ગર્હિત મિથ્યાચારવાળા છે.

કઈ રીતે ગર્હિત મિથ્યાચારવાળા છે ? એથી કહે છે –

પરમ દીક્ષાની અવાપ્તિથી=સર્વવિરતિ દીક્ષાની પ્રાપ્તિથી, ગર્હિત મિથ્યાચારવાળા છે. આનું=ગર્હિત મિથ્યાચારનું, ઉપલક્ષણપણું હોવાથી વર્તમાનના મિથ્યાચારોનું સંવરણ અને અનાગત એવા મિથ્યા આચારોનું પ્રત્યાખ્યાન અહીં=પરમ દીક્ષામાં, જાણવું.

વળી અન્ય મિથ્યાચારનું લક્ષણ કહે છે –

"બાહ્ય ઇન્દ્રિયોનું સંયમ કરીને મનસા ઇન્દ્રિયોના અર્થને સ્મરણ કરતો જે મૂઢાત્મા રહે છે, તે મિથ્યાચાર કહેવાય છે ।।૧।।" **(ગીતા૦ ૩/૬)**

કઈ રીતે ગર્હિત મિથ્યાચારવાળો છે ? એથી કહે છે –

ભાવથી=પરમાર્થથી, માત્ર દ્રવ્યથી નહિ, પરમ મુક્તિને પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે યોગ છે=ભાવથી ગર્હિત મિથ્યાચારવાળો જીવ પરમ મુક્તિને પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે યોગ છે. અથવા ભાવથી એ પ્રકારનું આ પદ અનુભવ કરીને એ પ્રકારના આની સાથે=પદની સાથે સંબંધ કરવો=ભાવથી જીવન્મુક્તિને અનુભવ કરીને પરમ મુક્તિને પામે છે એમ યોજન કરવું. જીવતો=પ્રાણ ધારણ કરતો, મુક્તિ=નિઃસંગતાના પ્રકર્ષથી મોક્ષ જીવનમુક્તિ, છે તેને અનુભવીને પરમ મુક્તિને પ્રાપ્ત કરે છે એમ અન્વય છે અને જીવતા છતાં પરમ દીક્ષાવાળા મુક્તિનો અનુભવ કરે છે. જેને કહે છે –

"જીતી લીધો છે મદમદન જેમણે એવા વાણીના, કાયાના અને મનના વિકારરહિત વિનિવૃત્ત પરાશાવાળા સુવિહિત સાધુઓને અહીં જ મોક્ષ છે" **(પ્રશમરતિ૦ ગાથા-૨૩૮)**

નિઃશેષ કર્મથી મુક્ત=ક્ષીણ સકલ કર્મવાળા, તે પ્રકારે=જિનદીક્ષામાં જનિત ગુણપ્રકર્ષના પર્યંતવૃત્તિ લક્ષણ તે પ્રકારે, પરમ મુક્તિને પણ=સકલ કર્માંશના નાશને પણ, પ્રાપ્ત કરે છે, માત્ર પરમ દીક્ષાને પ્રાપ્ત કરતા નથી એ 'અપિ' શબ્દનો અર્થ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૨/૪૩।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ ગુણવાન ગુરુ પાસેથી સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી સમ્યક્ત્વના શુદ્ધ આચારોને પ્રતિદિન સેવે છે, તેના બળથી તેઓ સર્વવિરતિરૂપ પરમ દીક્ષાને પ્રાપ્ત કરે છે. જ્યારે તે મહાત્માઓ પરમ દીક્ષાને પ્રાપ્ત કરે છે, ત્યારે અનંતકાળમાં સેવેલા મોક્ષમાર્ગથી વિપરીત મિથ્યાચારોની નિંદા કરે છે અર્થાત્ સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવે છે ત્યારે 'હે ભદંત ! ભૂતકાળમાં સેવેલ પાપોનું હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા પાપયુક્ત આત્માને વોસિરાવું છું' એ વચન દ્વારા અતીત એવા મિથ્યાચારવાળા આત્માની નિંદા કરે છે અને વર્તમાનમાં મિથ્યાચારોનું સંવરણ કરે છે તથા અનાગતમાં મિથ્યાચારોને નહિ સેવવાનું પચ્ચક્ખાણ કરે છે. તેથી દીક્ષાગ્રહણકાલથી માંડીને કષાયો ક્ષીણ-ક્ષીણતર થાય અને અસંગતાને અનુકૂળ બળનો સંચય થાય, તેવો યત્ન તે મહાત્માઓ સદા કરે છે. વળી, આ યત્ન તે મહાત્માઓ માત્ર બાહ્ય ક્રિયારૂપે કરતા નથી; પરંતુ ભાવથી કરે છે, જેના બળથી તેઓના કષાયો સતત ક્ષીણ-ક્ષીણતર થાય છે અને સતત વીતરાગતાને અનુકૂળ બળસંચય થાય છે. આ રીતે યત્ન કરવાને કારણે તેઓ દેહધારી હોવા છતાં નિઃસંગતાના પ્રકર્ષને કારણે મુક્તિનો અનુભવ વર્તમાનમાં સાક્ષાત્ આ ભવમાં જ કરે છે અર્થાત્ મુક્ત આત્માઓ જેમ સર્વથા ઉપદ્રવ વગરના છે, તેમ તે મહાત્માનું ચિત્ત અંતરંગ મોહના ઉપદ્રવ વગરનું થવાથી પરમ સ્વાસ્થ્યના સુખનો અનુભવ કરે છે. આ રીતે ઉત્તરોત્તર અસંગભાવની વૃદ્ધિ દ્વારા સર્વ કર્મરહિત અવસ્થારૂપ પરમ મુક્તિને પણ તેઓ શીઘ્રપણે પામે છે. તેથી સમ્યક્ત્વનું પરમ ફલ સર્વ કર્મરહિત અવસ્થા છે, તેને તે મહાત્માઓ શીઘ્ર પ્રાપ્ત કરે છે. **॥૨/૪૩॥**

અવતરણિકા :-

अथ प्रकरणोपसंहारायाह –

અવતરણિકાર્થ :-

હવે પ્રકરણના ઉપસંહારને કહે છે=જિનદીક્ષાના પ્રકરણના ઉપસંહારને કહે છે –

ગાથા :-

दिक्खाविहाणमेयं भाविज्जंतं तु तन्तणीतीए ।
सइअपुणबंधगाणं कुग्गहविरहं लहुं कुणइ ।।२/४४।।

છાયા :-

दीक्षाविधानमेतद् भाव्यमानन्तु तन्त्रनीत्या ।
सकृदपुनर्बन्धकानां कुग्रहविरहं लघु करोति ।।२/४४।।

અન્વયાર્થ :-

एयं दिक्खाविहाणं=આ દીક્ષાવિધાન=પ્રસ્તુતમાં વર્ણન કરેલ દીક્ષાનું સ્વરૂપ, तन्तणीतीए=તંત્રનીતિથી,

भाविज्जंतं=ભાવન કરાતું, तु=વળી, सइअपुणबंधगाणं=સકૃદ્બંધક, અપુનર્બંધક આદિને, कुग्गहविरहं=કુગ્રહના વિરહને, लहुं=શીઘ્ર, कुणइ=પ્રાપ્ત કરે છે. ।।૨/૪૪।।

ગાથાર્થ :-

આ દીક્ષાવિધાન=પ્રસ્તુતમાં વર્ણન કરેલ દીક્ષાનું સ્વરૂપ, તંત્રનીતિથી ભાવન કરાતું વળી, સકૃદ્બંધક, અપુનર્બંધક આદિને કુગ્રહના વિરહને શીઘ્ર પ્રાપ્ત કરે છે. ।।૨/૪૪।।

ટીકા :-

व्याख्या—'दिक्खाविहे'त्यादि । दीक्षाविधानं=जिनदीक्षाविधिः एतदनन्तरोक्तम् 'भाविज्जंतं तु' त्ति भाव्यमानमपि पर्यालोच्यमानमपि, आस्तामासेव्यमानम् सकृद्बन्धकापुनर्बन्धकाभ्यामिति गम्यम् अथ भाव्यमानमेव नाभाव्यमानमपि तुशब्दोऽपि शब्दार्थः, एवकारार्थो वा तन्त्रनीत्यागमन्यायेन कयोरित्याह— सकृदेकदा न पुनरपि बन्धो मोहनीयकर्मोत्कृष्टस्थितिबन्धनं ययोस्तौ सकृदपुनर्बन्धकौ तयोः सकृद्बन्धक-स्यापुनर्बन्धकस्य चेत्यर्थः तत्र यो यथाप्रवृत्तकरणेन ग्रन्थिप्रदेशमागतोऽभिन्नग्रन्थिः सकृदेवोत्कृष्टां सागरोपमकोटीकोटीसप्ततिलक्षणां स्थितिं भन्त्स्यत्यसौ सकृद्बन्धक उच्यते यस्तु तां तथैव क्षपयन् ग्रन्थिप्रदेशमागतः पुनर्न तां भन्त्स्यति भेत्स्यति च ग्रन्थिं सोऽपुनर्बन्धक उच्यते । एतयोश्चाभिन्नग्रन्थित्वेन कुग्रहः संभवति, न पुनरविरतसम्यग्दृष्ट्यादीनां, मार्गाभिमुखमार्गपतितयोस्तु कुग्रहसंभवेऽपि तत्त्याग एव तद्भावनामात्रसाध्य इत्यत उक्तं सकृद्बन्धकापुनर्बन्धकयोरिति । एतयोश्च भावसम्यक्त्वाभावाद्दीक्षायां द्रव्यसम्यक्त्वमेवमारोप्यत इति । कुग्रहविरहमसदभिनिवेशविशेषवियोगं लघु शीघ्रं करोति विधत्ते । इह विरहशब्देन हरिभद्राचार्यकृतत्वं प्रकरणस्यास्यावेदितं विरहाङ्कत्वात्तस्येत्येवं सर्वत्र । इति गाथार्थः ।।२/४४।।

।। दीक्षाप्रकरणं द्वितीयं वृत्तितः समाप्तमिति ।।२।।

ટીકાર્થ :-

दीक्षाविधानं ..... गाथार्थः ।। 'दिक्खाविहेत्यादि' પ્રતીક છે. દીક્ષાનું વિધાન=જિનદીક્ષાની વિધિ, આ=અનંતરમાં કહેવાયેલી, ભાવન કરાતી પણ=પર્યાલોચન કરાતી પણ, આસેવન તો દૂર રહો. સકૃદ્બંધક, અપુનર્બંધક જીવોથી ભાવન કરાતી શીઘ્ર કુગ્રહનો નાશ કરે છે, એમ અન્વય છે. સકૃદ્બંધકથી અને અપુનર્બંધકથી એ ગાથામાં અધ્યાહાર છે. વળી, ભાવ્યમાન જ કુગ્રહનો વિરહ કરે છે, અભાવ્યમાન પણ નહીં. 'तु' શબ્દ 'अपि' શબ્દાર્થવાળો છે અથવા 'एवकार' અર્થવાળો છે, તેથી 'तु' શબ્દનો અર્થ એક વખત 'अपि' કરેલ છે અને બીજી વખત 'एवकार' કરેલ છે.

કઈ રીતે ભાવ્યમાન ? એથી કહે છે –

તંત્રનીતિથી=આગમન્યાયથી=શાસ્ત્રમાં દીક્ષાની જે વિધિ વર્ણન કરાઈ છે તેને અનુરૂપ, લેનાર અને આપનારના પરિણામોનું સૂક્ષ્મ આલોચન કરનાર કુગ્રહનો નાશ કરે છે, એમ અન્વય છે.

કયા બેના કુગ્રહનો નાશ કરે છે ? એથી કહે છે –

સકૃદ્=એક વખત વળી મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ, ફરી પણ નથી જેને તે સકૃદ્બંધક અને અપુનર્બંધક, તે બેના કુગ્રહનો વિરહ કરે છે, એમ અન્વય છે=સકૃદ્બંધકના અને અપુનર્બંધકના કુગ્રહનો નાશ કરે છે.

ત્યાં=સકૃદ્બંધક અને અપુનર્બંધકમાં, જે જીવ યથાપ્રવૃત્તકરણ દ્વારા ગ્રંથિ-પ્રદેશમાં આવેલો અભિન્ન ગ્રંથિવાળો એક વખત જ ઉત્કૃષ્ટ સિત્તેર કોટાકોટી સાગરોપમ સ્થિતિને બાંધશે, એવો સકૃદ્બંધક કહેવાય છે. વળી જે જીવ તેને=તે સ્થિતિને, તે પ્રમાણે ક્ષપણા કરતો ગ્રંથિપ્રદેશને આવેલો ફરી પણ તેને=ઉત્કૃષ્ટ સ્થિતિને, બાંધશે નહિ અને ગ્રંથિને ભેદશે, તે અપુનર્બંધક કહેવાય છે.

આ બન્નેને=સકૃદ્બંધક અને અપુનર્બંધકને, અભિન્નગ્રંથિપણાને કારણે કુગ્રહ સંભવે છે; પરંતુ અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિને કુગ્રહ સંભવતો નથી. માર્ગાભિમુખ, માર્ગપતિતને કુગ્રહનો સંભવ હોવા છતાં પણ તેનો ત્યાગ=કુગ્રહનો ત્યાગ, આ ભાવનામાત્ર અસાધ્ય છે. એથી સકૃદ્બંધક-અપુનર્બંધકને કહ્યું છે અને આમને=સકૃદ્બંધક અને અપુનર્બંધકને, ભાવસમ્યક્ત્વના અભાવને કારણે દીક્ષામાં દ્રવ્ય સમ્યક્ત્વ જ આરોપણ કરાય છે. કુગ્રહવિરહ=અસદ્ અભિનિવેશનો વિયોગ, લઘુ=શીઘ્ર, કરે છે. અહીં=પ્રસ્તુત ગાથામાં, વિરહ શબ્દથી પ્રકરણનું હરિભદ્રાચાર્યકૃતત્વ આવેદિત થાય છે; કેમ કે તેનું= હરિભદ્રાચાર્યકૃતનું, વિરહઅંકપણું છે, એ પ્રમાણે સર્વથા=અન્ય પંચાશકોમાં, જાણવું, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૨/૪૪॥

આ પ્રમાણે દીક્ષાપ્રકરણ નામનું બીજું પંચાશક વૃત્તિથી સમાપ્ત થયું. ॥૨॥

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં સમ્યક્ત્વ ઉચ્ચરાવવાની ક્રિયાનું જે વર્ણન કર્યું, તે દીક્ષાનું વર્ણન કોઈ સકૃદ્બંધક અને અપુનર્બંધક જીવ ભાવન કરે તો સમવસરણની રચના, બાર પર્ષદા આદિનું સ્મરણ થાય છે અને તેની સામે કષાયોના મુંડન અર્થે સમ્યક્ત્વ ગ્રહણ કરાય છે તેની ઉપસ્થિતિ થાય છે. વળી, સમ્યક્ત્વગ્રહણકાલે ગુણવાન ગુરુ શ્રોતાને તેની બુદ્ધિ અનુસાર દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ યથાર્થ સમજાવે છે તે અને તેવા ગુરુ પાસે વિધિપૂર્વક સમ્યક્ત્વ ઉચ્ચરાવાય છે, તે સર્વનું અત્યંત સ્મરણ થાય છે. આ બધું અત્યંત ભાવન કરવામાં આવે તો સકૃદ્બંધક અને અપુનર્બંધક જીવોને પણ અસદ્ અભિનિવેશ દૂર થાય છે અને સ્થિર નિર્ણય થાય છે કે આવા જ દેવ અને આવા જ ગુરુની ઉપાસના કરવી જોઈએ તથા આવો જ ધર્મ સર્વ કલ્યાણનું કારણ છે. તેથી પ્રસ્તુત દીક્ષાવિધાનનું પુનઃ પુનઃ ભાવન કરવાથી સમ્યક્ત્વ પ્રગટ ન થયું હોય તોપણ અલ્પકાળમાં પ્રગટ થાય છે અને પ્રગટ થયેલ હોય તો સ્થિર-સ્થિરતર થાય છે.

વળી આ દીક્ષાવિધાન સકૃદ્‌બંધક અને અપુનર્બંધકના કુગ્રહનો નાશ કરે છે, તેમ કહ્યું; પરંતુ અવિરત સમ્યગ્‌દૃષ્ટિ આદિના કુગ્રહનો નાશ કરે છે તેમ ન કહ્યું તેનું કારણ એ છે કે અવિરતસમ્યગ્‌દૃષ્ટિ આદિને કુગ્રહ નથી, પરંતુ દેવ, ગુરુ, ધર્મ વિષયક સ્થિર રુચિ છે; તોપણ પ્રસ્તુત દીક્ષાવિધાનના ભાવનથી તેઓમાં પ્રગટ થયેલું સમ્યક્ત્વ નિર્મળ-નિર્મળતર થાય છે.

વળી, માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવો સકૃદ્‌બંધકથી કાંઈક દૂરવર્તી છે, તેથી પ્રસ્તુત દીક્ષાવિધાનના ભાવનમાત્રથી તેઓનો કુગ્રહ નાશ પામતો નથી, પરંતુ વિશેષ પ્રકારના યત્નથી તેઓનો કુગ્રહ નાશ પામે છે માટે તેઓને અહીં ગ્રહણ કરેલ નથી. **॥૨/૪૪॥**

અનુસંધાન : પંચાશક પ્રકરણ ભાગ-૨ (પંચાશક-૩, ૪)

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ	૧૩ ✤
ચારિત્રાચાર	૩૬
પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા	૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ?	૫૮
Status of religion in modern Nation State theory	૬૪
અનેકાંતવાદ	૯
કર્મવાદ કર્ણિકા	૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)	૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય	૪૯
ગૃહજિનાલય મહામંગલકારી	૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ	૧૨
ચિત્તવૃત્તિ	૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)	૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?	૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)	૫૭
દર્શનાચાર	૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ–૧	૫૫
પ્રશ્નોત્તરી	૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)	૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય	૧૫
ભાવધર્મ ભાગ–૧ (પ્રણિધાન)	૨૧

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) ૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) ૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ ૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય ૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' ૩૩
શાસન સ્થાપના ૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) ૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો ૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) ૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા ૯૩
સદ્‌ગતિ તમારા હાથમાં ! ૬
સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) ૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

पाक्षिक अतिचार ४१

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન ૧૬૯

અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૨

અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭

અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૨૦

અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૨

અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૬

અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૭૮

અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૭૯

અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૧૪

અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૧૫

અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૧૬

અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન ૧૨૨

આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન ૧૨૪

આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન ૧૮

ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૪

ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૬

ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૭

ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૮

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૬

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૭

ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૨૮

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૧

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૨

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૩

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૮૦

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫	***૧૮૧***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	***૧૮૨***
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	***૧૮૩***
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦

પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૪ ૧૦૧
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૫ ૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૬ ૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૭ ૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧ (સૂત્ર ૧–૨) ૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨ (સૂત્ર ૩–૪–૫) ૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક–૧–૨) શબ્દશઃ વિવેચન ભાગ–૧ ***૧૮૪***
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧ ૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨ ૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન ૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૧ ૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૨ ૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૩ ૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૪ ૯૯
બત્રીશી–૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૩
બત્રીશી–૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૮
બત્રીશી–૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૭
બત્રીશી–૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૦
બત્રીશી–૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૯
બત્રીશી–૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૨
બત્રીશી–૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૪૬
બત્રીશી–૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૩૯
બત્રીશી–૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૧૩
બત્રીશી–૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૨
બત્રીશી–૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૭
બત્રીશી–૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૪
બત્રીશી–૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૩
બત્રીશી–૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૪
બત્રીશી–૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૧
બત્રીશી–૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૫
બત્રીશી–૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૧
બત્રીશી–૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૦

બત્રીશી–૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૧
બત્રીશી–૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૦
બત્રીશી–૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૪૪
બત્રીશી–૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૨
બત્રીશી–૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૩
બત્રીશી–૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૪
બત્રીશી–૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૬
બત્રીશી–૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૧
બત્રીશી–૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૩
બત્રીશી–૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૪
બત્રીશી–૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૭
બત્રીશી–૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૬
બત્રીશી–૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૦૬
બત્રીશી–૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ–૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ–૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ–૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ–૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬

વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન ૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૫૦
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) ૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન ૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન ૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન ૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન ૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

दिक्खा मुंडणमेत्थं तं पुण चित्तस्स होइ विण्णेयं ।
ण हि अप्पसत्तचित्तो धम्महिगारी जओ होइ ।।

❋

અહીં=જિનદીક્ષાના અધિકારમાં, મુંડન દીક્ષા છે.
તે વળી ચિત્તનું જાણવું=ચિત્તનું મુંડન જાણવું.
જે કારણથી અપ્રશાંત ચિત્તવાળો ધર્મનો અધિકારી નથી જ.

: પ્રકાશક :

'ગીતાર્થ ગંગા'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com